શ્રીગુરુલીલામૃત

(કર્મકાંડ)

॥ श्रीदत्तः प्रसन्नोऽस्तु ॥

ध्यानमूलं गुरोर्मूर्तिः पूजामूलं गुरोः पदम् ।
मन्त्रमूलं गुरोर्वाक्यं मोक्षमूलं गुरोः कृपा ॥
न वन्दनीयास्ते कष्टं दर्शनाद्भ्रान्तिकारकाः ।
वर्जयेत्तान् गुरून् दूरे धीरस्य तु समाश्रयेत् ॥
पाखण्डिनः पापरता नास्तिका भेदबुद्धयः ।
स्त्रीलंपटा दुराचाराः कृतघ्ना बकवृत्तयः ॥
कर्मभ्रष्टाः क्षमानष्टा निन्द्यतर्कैश्च वादिनः ।
कामिनः क्रोधिनश्चैव हिंसाचण्डाः शठास्तथा ॥
ज्ञानलुप्ता न कर्तव्या महापापास्तथा प्रिये
एभ्यो भिन्नो गुरु : सेव्य एकभक्त्या विचार्य च ॥

ગુરુગીતા

રંગ અવધૂત

પ્રકાશક : **શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ,**
નારેશ્વર (પોસ્ટ સાયર, વાયા અંકલેશ્વર-૩૯૩ ૧૦૭)
ફોન : (૦૨૬૬૬) ૨૫૩૨૯૩

(સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.)

પ્રથમ આવૃત્તિ	સં. ૧૯૯૧	૧૧૦૦ પ્રત
દ્વિતીય આવૃત્તિ	સં. ૨૦૦૬	૧૨૫૦ પ્રત
તૃતીય આવૃત્તિ	સં. ૨૦૧૧	૨૨૦૦ પ્રત
ચતુર્થ આવૃત્તિ	સં. ૨૦૧૯	૨૨૫૦ પ્રત
પાંચમી આવૃત્તિ	સં. ૨૦૨૭	૨૨૦૦ પ્રત
છઠ્ઠી આવૃત્તિ	સં. ૨૦૩૧	૨૭૦૦ પ્રત
સાતમી આવૃત્તિ	સં. ૨૦૩૮	૩૦૦૦ પ્રત
આઠમી આવૃત્તિ	સં. ૨૦૪૨	૫૦૦૦ પ્રત
નવમી આવૃત્તિ	સં. ૨૦૪૮	૫૦૦૦ પ્રત
દસમી આવૃત્તિ	સં. ૨૦૫૨	૫૦૦૦ પ્રત
અગિયારમી આવૃત્તિ	સં. ૨૦૫૪	૫૦૦૦ પ્રત
બારમી આવૃત્તિ	સં. ૨૦૫૯	૨૦૦૦ પ્રત
તેરમી આવૃત્તિ	સં. ૨૦૬૧	૨૦૦૦ પ્રત
ચૌદમી આવૃત્તિ	સં. ૨૦૬૩	૩૦૦૦ પ્રત

સન ૨૦૦૭

જ્ઞાનકાંડ	રૂા. ૨૮/-
કર્મકાંડ	રૂા. ૨૭/-
ઉપાસનાકાંડ	રૂા. ૨૦/-

મુદ્રક : હેમ પ્રિન્ટીંગ પ્રેસ
૪, લબ્ધી એસ્ટેટ, પ્રતાપનગર,
વડોદરા - ૩૯૦ ૦૦૪
ફોન. : ૨૫૮૦૨૪૪, ૨૫૮૦૨૩૩,
૬૫૪૧૬૧૩

નિવેદન

પહેલી આવૃત્તિનું

પ્રથમ ખંડ **જ્ઞાનકાંડ**માં દત્તપુરાણ, દત્તમાહાત્મ્ય, વગેરે વગેરે ગ્રંથાદિને આધારે પરંપરાને માન આપી યથાપ્રેરિત ભગવાન દત્તાત્રેયની મૂળ લીલાઓ વર્ણવી ફળભૂત જ્ઞાનનિષ્ઠાનું વર્ણન કર્યું. અને આ બીજા ખંડમાં પ્રાયઃ દત્તોપાસનાના કેન્દ્રભૂત મહારાષ્ટ્રના દત્તભક્તોમાં સર્વતોમુખે પંકાએલ પ્રસિદ્ધ **શ્રીગુરુચરિત્ર**ને આધારે, ઈ.સ. ના પંદરમા સૈકામાં થઈ ગએલ દત્તાવતાર **શ્રીપાદશ્રી વલ્લભ** અને **નૃસિંહસરસ્વતી**ની લીલાઓનું વર્ણન કરેલું છે. એ જમાનો કર્મકાંડનો હતો. હેમાદ્રિ વગેરે ધુરંધર કર્મકાંડીઓ એ અરસામાં જ થએલા, અને **શ્રી**એ પણ લોકોને શુષ્ક જ્ઞાનના ધોખાભરેલા પંથથી સદાચારને પંથે લાવવા પોતાના જીવનમાં કર્મપ્રધાન જ્ઞાનને મહત્ત્વ આપેલું, તેથી ગ્રંથ પર કર્મકાંડની છાયા જણાશે. એટલે આ વિભાગને **કર્મકાંડ** કહેવાનું ઉચિત ધાર્યું છે.

જે લોકોને કાંઇ કરવું નથી અને શુષ્ક પોપટપંચી કરી ચરી ખાવું છે તેઓ કર્મને દંભ અને ઉપાસનાને ઢોંગ માની લોકોને તેમ મનાવવાનો યત્ન કરી વાતોના તડાકા હાંકતા ભલે બેસી રહે, પણ મનના મળ વિક્ષેપ દોષો કર્મ ઉપાસના વગર કદાપિ દૂર થતા નથી. અને એ દૂર થયા વગર જ્ઞાનનિષ્ઠા સિદ્ધ થવી અસંભવિત છે, એવો કંઇ શાસ્ત્રોનો અભિપ્રાય અને મહાપુરુષોનો અનુભવ છે. વળી જેમ પત્રમાંથી ફૂલ અને ફૂલમાંથી ફળ સ્વાભાવિક રીતે જ પરિણમે છે, તેમજ કર્મમાંથી ઉપાસના અને ઉપાસનામાંથી જ્ઞાનની સ્વાભાવિક પરિણતિ થવી જોઈએ. કર્મ ઉપાસના ફેંકી દેવાનાં નથી, પણ અખંડ સાધના દ્વારા તેનું જ્ઞાનમાં રૂપાંતર કરવાનું છે - થાય છે; અને એજ શ્રેયસ્કર છે. લાકડાનું દેવતામાં રૂપાંતર થાય એટલે લાકડાં પોતાની મેળે જ નષ્ટ-અદૃશ્ય થાય છે. તેમ યથાક્રમે અવિરત સાધનને પરિણામે જ્ઞાનનિષ્ઠા સિદ્ધ થાય એટલે પત્રફૂલરૂપે રહેલાં કર્મોપાસના પણ જ્ઞાનફળમાં અદૃશ્ય થાય છે અને સર્વત્ર એક જ અદ્વૈતાનંદ પ્રસરે છે. બધી સાધનાનો સારાંશ આજ છે. મહાપુરુષો એજ રસ્તે ગયા છે.

(ઓંવી)

જે જે **દિ** સે તે તે દત્ત- ॥ સ્વરૂપ જાણ નિશ્ચિત ॥ બ્હાર અંદર પ્રતીત ॥ થાતાં ભીતિ કયાં રહે ॥૧॥
રેવા **ગં**ગા ગોદાવરી ॥ તત્ત્વરૂપે નિર્મલ વારિ ॥ નામરૂપ ખોખાં ખાલી ॥ બાળી નાંખી જો મહીં ॥૨॥
રૂપ **બ**હુ નામ બહુ ॥ નામભેદે લીલા બહુ ॥ વિધવિધ વર્ણવી સહુ ॥ બહુવિધ ગ્રંથોમાં ॥૩॥
જે નિ **રા** કાર તે સાકાર ॥ દત્તરૂપે અવતાર ॥ ધરી કરે લીલા અપાર ॥ જે તે પૂર્વે વર્ણવી ॥૪॥
આવ્યા **દિ** ન બહુ કઠણ ॥ થાતાં વ્યાપ્ત કલિ જાણ ॥ જાણી એહ સચ્ચિદ્‌ઘન ॥ પુનઃ ધરે અવતાર ॥૫॥
એ દિ **ગં** બર શ્રીદત્ત ॥ શ્રીપાદરૂપે પ્રગટ ॥ થયા વિપ્રસ્ત્રીના સુત ॥ વળી યતીશ નૃસિંહ ॥૬॥
કરી **બ**હુ લીલા તહીં ॥ મહારાષ્ટ્ર કર્ણાટક મહીં ॥ સારભૂત વર્ણવી અહીં ॥ કહી બધી કો શકે ॥૭॥
આપ્યું **રા** જ ધોબીડાને ॥ શું ન દે તે ભક્તોને ॥ ગાતાં લીલા એકાગ્ર મને ॥ ભવતરણે વાર શી ॥૮॥
પામે **શ્રી** મતિ કીર્તિ ॥ વિદ્યા આયુષ્ય સંતતિ ॥ અંતે કૈવલ્યપદ પ્રાપ્તિ ॥ જીવન્મુક્તિ જીવતાં ॥૯॥
સિદ્ધિ **પા** દદાસી તેની ॥ જેણે ઓળખ્યો એ ધણી ॥ શ્રીપાદરાજ ચિંતામણિ ॥ કલિતાર ન બીજો ॥૧૦॥
જે સ્વા **દ** લીલામૃતનો ॥ કોણ બાપડો ત્યાં સુધાનો ॥ સુધા સ્વર્ગે, આ ખજાનો ॥ મર્ત્યલોકનો મોંઘો રે ॥૧૧॥
જેમ **વ** લ્લકીથી નાદ ॥ થાય સુખે હસ્તગત ॥ સાકારે નિરાકાર તત ॥ સ્વાન્તે ભક્ત અનુભવે ॥૧૨॥
એ વ **લ્લ** ભ અંતર્યામી ॥ બ્હાર સદ્‌ગુરુરૂપે સ્વામી ॥ ખડો સંનિધ સ્મર્તૃગામી ॥ અત્મારામી દેખ રે ॥૧૩॥
એને **ભ** રોસે છોડી કાજ ॥ જીવતાં કરી લે રાજ ॥ લોક-કુલ-શાસ્ત્રલાજ ॥ છોડી જગે નાચ રે ॥૧૪॥
રાત **દિ** ન એ જ સ્મરણ ॥ થાતાં અન્ય વિસ્મરણ ॥ દેહ ગેહ જગ સંપૂર્ણ ॥ નંદનવન ભાસશે ॥૧૫॥
રે'શે **ગં** તવ્ય ના પછી ॥ જ્યાં અખંડ ધૂન મચી ॥ આપે આપ જોઈ રાચી ॥ વૃત્તિ પાછી ન ભંગે ॥૧૬॥
દિગં **બ** ર એક વેષ્ટી ॥ રે'તાં બધે આનંદવૃષ્ટિ ॥ ચિંતા ચેષ્ટા મિથ્યા સૃષ્ટિ ॥ તરંગગતિ અર્ણવે ॥૧૭॥
રંગ **રા** ગ બધા શમે ॥ જોઈ સ્વાત્મ સ્વાત્મે રમે ॥ દેવભક્તલીલાક્રમે ॥ આક્રમે અગમ્ય ॥૧૮॥

બીજો ભાગ લખી નાખતાં પૂજ્ય મહારાજશ્રીએ ઉપર પ્રમાણે લખી નાંખેલું. એજ અક્ષરશઃ નિવેદન માટે બસ ધારી ઉપર આપ્યું છે.

આ ભાગ પણ પ્રથમ ખંડની માફક સ્વતઃપૂર્ણ હોવાથી એનું પણ ખંડપારાયણ થઈ શકે તેમ હોવાથી પૂજ્ય મહારાજશ્રીને પૂછીને નીચે પ્રમાણે ક્રમ આપ્યો છે, જેની સાભાર નોંધ લઈ વિરમીએ છીએ.

પ્રથમ ખંડના નિવેદનમાં બતાવેલા સામાન્ય નિયમોનું યથાર્થ પાલન કરી,

પહેલે દિવસે : અધ્યાય **૫૭ થી ૬૨; બીજે** દિવસે : **૬૩ થી ૬૯; ત્રીજે** દિવસે : **૭૦ થી ૭૮; ચોથે** દિવસે : **૭૯ થી ૮૫; પાંચમે** દિવસે; **૮૬ થી ૯૦; છઠ્ઠે** દિવસે : **૯૧ થી ૯૭;** ને **સાતમે** દિવસે ૯૮ થી ૧૦૫ એ પ્રમાણે અધ્યાય વાંચવા ને પછી આઠમે દિવસે વિસર્જન પૂજનાદિ કરી બ્રાહ્મણસુવાસિનીને ભોજન આપી પારણાં કરવાં. **વિજયાદશમી** વિક્રમાર્ક ૧૯૯૧

નિવેદન

(ચૌદમી આવૃત્તિનું)

શ્રી ગુરુલીલામૃત વરદ ગ્રંથની આ આવૃત્તિ સમયે તેને લખાયાને ૭૫ વર્ષ પૂર્ણ થઈ તેનો અમૃત મહોત્સવ ગુજરાતમાં અને અન્ય સ્થળે દબદબાભેર ઉજવાઈ રહ્યો છે. ઠેર ઠેર પૂ.શ્રી.ના હસ્તાક્ષર ગ્રંથના સાન્નિધ્યમાં સામૂહિક પારાયણો યોજાઈ રહ્યાં છે. જેનો આંકડો દિવાળી ઉપર ૭૫૦૦ ની આસપાસ પહોંચશે એ અત્યંત આનંદની અને રોમાંચક ઘટના છે. કોઈ પણ વરદ ગ્રંથ તેના લેખકની હયાતિમાંજ આટલો પ્રસિદ્ધ થયો હોય તેવું જાણમાં નથી પૂ.શ્રી ના બ્રહ્મલીન થયા પછી પણ એ ગ્રંથની માગ એટલી જ નહીં, એથી ય વધુ રહી છે.

આજે આ નવી આવૃત્તિ બહાર પાડતી વખતે ન છૂટકે એની કિંમતમાં વધારો કરવાનો નિર્ણય લેવો પડ્યો છે. શ્રી ગુરુલીલામૃત ગ્રંથ આમ પણ ટ્રસ્ટને તો મોંઘો પડતો જ રહ્યો છે. પણ પૂ.શ્રી ના જન્મ શતાબ્દિ વર્ષથી જે કિંમત રાખેલી તેજ રાખીને આ ગ્રંથ પરિવારને કેમ સસ્તો પડે તે વિચારી કિંમતમાં વધારો કરતા ન હતા. પણ હવે કાગળની મોંઘવારીએ માઝા મૂકી છે તેથી કચવાતે દિલે કિંમતમાં વધારો કર્યો છે જે પરિવારના સદસ્યો સમજણપૂર્વક દરગુજર કરશે એવી આશા વધુ પડતી નથી.

આ વખતે ફરીથી પ્રુફો જોઈ ભૂલો સુધારી લેવાઈ છે. એમા ડૉ. દેવદત્ત જોષી, શ્રી નવનીતભાઈ પાઠક, શ્રી શૈલેષભાઈ પાઠક આદિની મદદ મળી છે. તે તે સદ્‌ભક્તોના આભાર સહ વાચકોને નિવેદન કે એમાં રહી ગયેલા મુદ્રણદોષો તરફ અમારું ધ્યાન દોરશો જેથી બીલકુલ શુદ્ધ રીતે ગ્રંથ છપાયા કરે.

આ વખતે પણ નારાયણ મુદ્રણાલયના મેનેજર શ્રી નિરંજન મો. પાઠક તથા અન્યનો કાગળ આદિ વ્યાજબી કિંમતે પ્રાપ્ત કરવામાં સહકાર રહ્યો છે તથા પ્રેસમાં તેને પહોંચતો કરવો, કોમ્પ્યુટર પર ભૂલો જોઈ લેવી વગેરે સેવા પણ તેમણે કરી છે તે તેમની ગુરુભક્તિને વંદન જ ઘટે !

ગ્રામોદ્ધાર મુદ્રણાલય, વલ્લભવિદ્યાનગરમાં આ બધું છપાતું હતું પણ નારેશ્વર - વડોદરાથી ત્યાં દોડવું કઠીન હોવાથી આ વર્ષે વડોદરા શ્રી રંગ ઓફસેટ સીસ્ટમમાં તે છાપવાનું નક્કી થતાં મૂળ ગ્રંથની સી.ડી. આપવા બદલ ગ્રામોદ્ધાર પ્રેસના મેનેજર શ્રી સૈરૈયાજીનો આભાર માનીએ છીએ. અને શ્રી રંગ ઓફસેટ પ્રેસના માલિક શ્રી રમેશભાઈ પવાર તથા તેમના આ કામના નિષ્ણાત સુપુત્ર શ્રી જીતુભાઈનો પણ આભાર માનીએ છીએ. તેમણે સમયસર કાર્ય કરવાનું બીડું ઝડપ્યું એજ મોટી વાત છે.

પૂ. શ્રી ગુરુ મહારાજશ્રીના ચરણોમાં અનેકાનેક પ્રણામ સહ જેતે દાતાઓનો ઋણ સ્વીકાર કરી નિવેદનને પૂર્ણ કરીએ.

દાતાઓની યાદી

સર્વશ્રી

૧)	રમાબેન રમણભાઈ પટેલ	આણંદ	૫૦૧/-
૨)	સ્વ. કમળાબેન છગનલાલ હસ્તે લલીતાબેન		૧૦૫૧/-
૩)	એક રંગ ભક્ત તરફથી		૫૦૦/-
૪)	કેશવભાઈ એમ. પટેલ		૫૦૧/-
૫)	સરયૂબેન જયંતભાઈ પટેલ	સૂરત	૫૦૧/-
૬)	કુલીનભાઈ જગદીશભાઈ ટંડેલ	સેલવાસ	૫૦૧/-
૭)	સ્વ. શાન્તાબેન તથા સ્વ. ગિરધરલાલ	ચાણસમા	૧૦૦૧/-
૮)	ડૉ. એચ. એમ. ઉપાધ્યાય,	મરોલી બજાર	૧૧૦૦/-
૯)	શ્રી જમી ફાઉન્ડેશ	મુંબઈ	૧૦૦૧/-
૧૦)	ભાવના આર. સોની	સૂરત	૧૦૦૦/-
૧૧)	એક રંગ ભક્ત તરફથી	વિદ્યાનગર	૧૦૦૦૦/-
૧૨)	એક રંગ ભક્ત તરફથી	વિદ્યાનગર	૫૦૦૦/-
૧૩)	રેવાબેન કાળીદાસ પરમાર	ભરૂચ	૨૦૦૦/-
૧૪)	દિલીપકુમાર બળવંતસિંહ ખેર	મોટી પા.	૫૦૧/-

-પ્રકાશક

ॐ

વંદના

ગુરુદેવ દત્ત દયાળ સ્વામી વંદના તુજને હજો;
વિક્ષેપ દૂર થઈ બધા અમ ચિત્ત સ્થિર તુજમાં થજો ! ૧

અજ છતાં અવતાર ભક્તો કારણે તેં આ ધર્યો;
સત્ત્વાંશ વિધિ હરિ હર તણા થઈ એકરૂપ જગે સ્ફુર્યો. ૨

કંઈ એકમુખ, કંઈ ત્રિમુખ તું, નિર્ગુણ છતાં સાકાર હા !
ધન્ય તપ મુનિ અત્રિનું શું મૂર્તિમંત ખડું અહા !! ૩

દ્વિભુજ કંઈ, કંઈ ચારભુજ, કંઈ દિવ્ય ષડ્‌ભુજ શોભતું,
વિવિધાયુધે અવધૂત હે તુજ રૂપ ચિદ્‌રસ રેડતું. ૪

લીલા તહારી કો લહે જ્યાં વેદ પણ મૂગા રહ્યા !
થઈ શ્વાન નિત પાસે ખડા આભા બની જોઈ રહ્યા !! ૫

કાષ્ઠવૃત્તિ પાવડી પર તું ખડો સ્થૂલે દિસે;
પ્રવત્તિ-નિવૃત્તિ પદો એ ભુક્તિમુક્તિમય લસે ! ૬

યોગભૂમિ સ્મશાન એ ભક્તો તણું નિજ ચિત્ત હા !
કામક્રોધ મડાં બળે, બેઠો દિગંબર તું તિહાં !! ૭

પંખીસ્વરૂપે શાસ્ત્રગણ કૂજન કરે તુજ તત્ત્વનું;
માખી-પુરાણો ગણગણે ગુણગુણ કરી નિર્ગુણ તણું. ૮

સાધના ગંગાનદી, સંતોષ કલ્પદ્રુમ તિહાં;
બેઠો જઈ ઔદુંબરે એ, ના તુને અણુએ ઈહા. ૯

જ્ઞાનાગ્નિની જ્વાળા સમી શોભે જટા શિર શંકરી;
સચ્ચિત્સુખાત્મક મુખ લસે આનંદમૂર્તિ એ નરી ! ૧૦

કનકગેરૂ સંયમે રંગી ધર્યાં ભગવાં અહો !
ઐશ્વર્યષડ્‌ ભુજષડ્‌ થઈ શોભે નિરાકારી અહો !! ૧૧

રુદ્રાક્ષમાળા કંઠમાં, બ્રહ્માંડમાળા શું ન એ !
વ્યાપી બધે અદકો રહ્યો, ઠાલું ન એકે ઠામ હે ! ૧૨

બાળી અહં ભભૂતિ એ ચોળી તને જગમાં ભમે;
કંઈ ગુપ્ત કંઈ થઈ પ્રગટ તું અવ્યક્તચિહ્ન સદા રમે. ૧૩

અનિકેત આત્મક્રીડ તું, જાણે વિરલ જ્ઞાની તને;
જોઈ રહે લક્ષ્યે સદા તુજ ધ્યાનમાં તુજ ચિંતને. ૧૪

અન્નપૂર્ણા ઝોળી એ શોભે ખભે વિશ્વંભરી;
પદ્મા કરે પદ્મે વસે, ગાયત્રી ગૌ પડખે ખડી. ૧૫

ગીરનારના **દા**તાર હે **ગો**રક્ષગર્વનિવારણા;
કલિતાર **નૃ**સિંહસરસ્વતી નિજભક્તમાનસરંજના ! ૧૬

ઢૂંઢું **કુ**રવપુરમાં તને **શ્રી**પાદવલ્લભરૂપ હે !
વા **વા**ડી ઔદુંબર વિષે વા **ગા**ણગાપુરમાં કહે. ૧૭

જાઉં **અક્ક**લકોટમાં શું **સ્વા**મિરાજ હશે તિહાં ?
માણિકપુરે **પ્ર**ભુ પાસ વા **મા**હૂરગઢે વા કે' કહાં ! ૧૮

યતિવર કને **ગ**રુડેશ્વરે વા જાઉં **વા**સુદેવની ?
વા અન્ય નૂતન વેષથી તું ક્યાં ફરે કે' હે મુનિ ! ૧૯

પણ શું લવું આ ? ક્યાં ન તું ? જ્યાં ત્યાં રહ્યો વિલસી બધે !
દેખે ન અંધો શું કરું શ્રદ્ધાવિહોણો **રંગ** એ !! ૨૦

જય દત્ત હે ! જય દત્ત હે ! જય દત્ત હે, તુજને નમું !
મૌને વિરામી વૈખરી જોઈ તને સઘળે રમું !! ૨૧

- રંગ અવધૂત

ॐ

जयलाभयशःप्राप्तिस्तोत्रम् ।

दत्तात्रेयं महात्मानं वरदं भक्तवत्सलम् ।
प्रपन्नार्तिहरं वन्दे स्मर्तृगामी स नोऽवतु ॥ १ ॥

दीनबंधुं कृपासिन्धुं सर्वकारणकारणम् ।
सर्वरक्षाकरं वन्दे स्मर्तृगामी स नोऽवतु ॥ २ ॥

शरणागतदीनार्त-परित्राणपरायणयम् ।
नारायणं विभुं वन्दे स्मर्तृगामी स नोऽवतु ॥ ३ ॥

सर्वानर्थहरं देवं सर्वमङ्गलमङ्गलम् ।
सर्वक्लेशहरं वन्दे स्मर्तृगामी स नोऽवतु ॥ ४ ॥

ॐ

अथ अघोरकष्टोद्धरणस्तोत्रम् ।

श्रीपादश्रीवल्लभ त्वं सदैव श्रीदत्तास्मान्पाहि देवाधिदेव ।
भावग्राह्य क्लेशहारिन्सुकीर्तेऽघोरात्कष्टादुद्धरास्मान्नमस्ते ॥ १ ॥

त्वं नो माता त्वं पिताऽऽप्तोऽधिपस्त्वं त्राता योगक्षेमकृत्सद्गुरुस्त्वम् ।
त्वं सर्वस्वं नोऽप्रभो विश्वमूर्तेऽघोरात्कष्टादुद्धरास्मान्नमस्ते ॥ २ ॥

पापं तापं व्याधिमधिं च दैन्यं भीतिं क्लेशं त्वं हराशु त्वदन्यम् ।
त्रातारं नो वीक्ष ईशास्तजूर्तेऽघोरात्कष्टादुद्धरास्मान्नमस्ते ॥ ३ ॥

नान्यस्त्राता नापि दाता न भर्ता त्वत्तो देव त्वं शरण्योऽकहर्ता ।
कुर्वात्रेयानुग्रहं पूर्णरातेऽघोरात्कष्टादुद्धरास्मान्नमस्ते ॥ ४ ॥

धर्मे प्रीतिं सन्मतिं देवभक्तिं सत्संगाप्तिं देहि भुक्तिं च मुक्तिम् ।
भावासक्तिं चाखिलानंदमूर्तेऽघोरात्कष्टादुद्धरास्मान्नमस्ते ॥ ५ ॥

श्लोकपञ्चकमेतद्यो लोकमङ्गलवर्धनम् ।
प्रपेठन्नियतो भक्त्या स श्रीदत्तप्रियो भवेत् ॥ ६ ॥

इति श्री. प. प. वासुदेवानंदसरस्वतीस्वामिमहाराजविरचितं
अघोरकष्टोद्धरणस्तोत्रं सम्पूर्णम् ।

ब्रह्मण्यं धर्मतत्त्वज्ञं भक्तकीर्तिविवर्धनम् ।
भक्ताभीष्टप्रदं वन्दे स्मर्तृगामी स नोऽवतु ॥ ५ ॥

शोषणं पापपङ्कस्य दीपनं ज्ञानतेजसः ।
तापप्रशमनं वन्दे स्मर्तृगामी स नोऽवतु ॥ ६ ॥

सर्वरोगप्रशमनं सर्वपीडानिवारणम् ।
आपदुद्धरणं वन्दे स्मर्तृगामी स नोऽवतु ॥ ७ ॥

जन्मसंसारबन्धघ्नं स्वस्वरूपानन्ददायकम् ।
निःश्रेयसप्रदं वन्दे स्मर्तृगामी स नोऽवतु ॥ ८ ॥

जयलाभयशःकाम-दातुर्दत्तस्य यः स्तवम् ।
भोगमोक्षप्रदस्येमं प्रपठेत्स कृती भवेत् ॥ ९ ॥

इति श्री. प. प. वासुदेवानंदसरस्वतीस्वामिमहाराजविरचितं
जयलाभयशःप्राप्तिस्तोत्रंसम्पूर्णम् ।

વિષયપ્રવેશ

અધ્યાય ૫૬ મો :- શ્રીગુરુસ્તવન; સુમતિને ઈશદર્શન ને વર-પ્રદાન; શ્રીપાદલ્લભનો જન્મ; બદરિકાશ્રમ તરફ ગમન. પૃષ્ઠ ૧ થી ૪

" ૫૭ મો : નારાયણનો તપઃપ્રભાવ; તપોભંગ અર્થે ઇંદ્રનો નિષ્ફળ પ્રયત્ન; અપ્સરાઓની નિર્લજ્જ ચેષ્ટાઓ; સૌદર્યમૂર્તિ ઉર્વશીનો ઉદ્‌ભવ; અપ્સરાઓનું ક્ષમાપન. ૫ થી ૭

" ૫૮ મો : જ્ઞાનીની અભેદ્ય સ્થિતિનું વર્ણન; વાસનામૂળક્ષય પછી જ બ્રહ્મપદપ્રાપ્તિનો સંભવ; અદ્વૈતામૃતપાનથી આવતી અભેદદૃષ્ટિ; ઇંદ્રને ઉર્વશીની ભેટ; વિશ્વરૂપદર્શન. ૮ થી ૧૦

" ૫૯ મો : અપ્સરાદિની ગલિતગર્વભાવે પ્રાર્થના; ઇંદ્રગર્વહરણ. ૧૧ થી ૧૩

" ૬૦ મો : ભૃગુપુત્રી લક્ષ્મીનું તપ ને નારાયણ સાથે લગ્ન; બદરિકાશ્રમમાહાત્મ્ય ૧૪ થી ૧૬

" ૬૧ મો : રાવણનું તપ; શિવની પ્રસન્નતા ને આત્મલિંગપ્રદાન; દેવોનો ગભરાટ; વિક્ષેપ અર્થે નારદ ને ગજાનનની યોજના; ગોકર્ણમહાબળેશ્વરની ઉત્પત્તિ. ૧૬ થી ૨૧

" ૬૨ મો : મિત્રસહનું આખ્યાન; તેનું બ્રહ્મરાક્ષસ થવું ને બ્રાહ્મણસ્ત્રીનું સૌભાગ્યહરણ; મિત્રસહને શાપ; તીર્થયાત્રામાં ગૌતમઋષિનો મેળાપ; ગોકર્ણમહિમાવર્ણન; અંત્યજ વૃદ્ધાનું ઉપાખ્યાન. ૨૧ થી ૨૮

" ૬૩ મો : શ્રીપાદશ્રીવલ્લભની કુરવપુરમાં લીલા; ધર્મશીલ દંપતીને મૂર્ખ પુત્રનું ઉપાખ્યાન; શનિપ્રદોષવ્રતની કથા ને મહિમા. ૨૮ થી ૩૨

" ૬૪ મો : ધોબીને રાજા થવાની ઇચ્છા; વરપ્રદાન; શ્રીની લીલાસમાપ્તિ. ૩૨ થી ૩૩

" ૬૫ મો : બ્રાહ્મણશેઠનું કુરવપુર જતાં તસ્કરોને હાથે ખૂન; શ્રીની સુધાદૃષ્ટિથી પુનર્જીવનપ્રાપ્તિ. ૩૪ થી ૩૫

" ૬૬ મો : નરસિંહસરસ્વતી જન્મ, બાળચેષ્ટાઓ ને મૌંજીબંધન; લોકાનુગ્રહકારણે ભિક્ષાટન માટે માતાની અનુજ્ઞા લેવી; પૂર્વજન્મસ્મૃતિ જગાડવી; ક્રમસંન્યાસ માટે માતાનો આગ્રહ ૩૫ થી ૩૯

" ૬૭ મો : જીવનની ક્ષણભંગુરતા; માતાને સંતોષી પ્રયાણ; સંન્યાસગ્રહણ; ગુરુપીઠિકાવર્ણન. ૩૯ થી ૪૩

" ૬૮ મો : સાત શિષ્યો સાથે કરંજપુરમાં આગમન; રત્નાનું ભાવિ; ત્ર્યંબક તરફ પ્રયાણ; ગોદાવરીની ઉત્પત્તિ; માધવારણ્યને ધ્યાનમાં દર્શન; મરણોન્મુખ શૂલગ્રસ્ત બ્રાહ્મણને ભાવતું ભોજન ને દુઃખમુક્તિ પ્રદાન. ૪૩ થી ૪૮

" ૬૯ મો : સાયંદેવનું સંકટમોચન; તીર્થયાત્રાની રીત; વૈદ્યનાથમાં ગુપ્ત થવું. ૪૯ થી ૫૩

" ૭૦ મો : ગુરુદ્રોહદોષનિરૂપણ; ગુરુસેવાનું ફળ; અરુણ, બૈદ ને ઉપમન્યુનાં ઉપાખ્યાનો; ગુરુદ્રોહી વિપ્રનો પશ્ચાતાપ; સદ્‌ગુરુ કૃપાવર્ષણ ને જ્ઞાનપ્રાપ્તિ. ૫૩ થી ૫૯

" ૭૧ મો : ગુરુરાજનનાં આચરણનું રહસ્ય; વિદ્યા-જ્ઞાનનું માહાત્મ્ય; મૂઢ વિપ્રનું જીહ્વાછેદન ને શિરચ્છેદની તૈયારી; ભવાનીનું સ્વપ્નમાં દર્શન; વિપ્રમસ્તકને ગુરુનો સ્પર્શ ને કૃતકૃત્યતા. ૫૯ થી ૬૧

" ૭૨ મો : બાર વર્ષ દક્ષિણકાશીમાં નિવાસ; તે સ્થાનનું માહાત્મ્ય; વાલોળવેલ ઉખાડી વિપ્રનું દારિદ્રયહરણ; સદ્‌ગુરુપૂજન. ૬૧ થી ૬૩

" ૭૩ મો : ઔદુંબરમાહાત્મ્ય; યોગિનીઓને ત્યાં ક્ષેત્રપાળ ગંગાનુજને અલૌકિક દર્શન; તેની કૃતકૃત્યતા; અમરેશ્વરમાહાત્મ્ય ને ત્યાંથી ગુપ્ત થવું. ૬૪ થી ૬૭

" ૭૪-૭૫ મો : ઋણશેષનો અનર્થ; શીરોળની વિપ્રસ્ત્રીનું રક્ષણ ને પ્રેતનો ઉદ્ધાર; ગુરુકૃપાથી પુત્રપ્રાપ્તિ; પુત્રનું અકાળ મૃત્યુ ને માતાની અગ્નિપ્રવેશ માટે તૈયારી; બ્રહ્મચારીનું આગમન ને જ્ઞાનગોષ્ઠી; ભજનની આવશ્યકતા; માથું ફોડવું ને સ્વપ્નમાં શ્રીનું દર્શન; પુત્રને જીવનપ્રાપ્તિ ને શ્રીનો જયજયકાર. ૬૭ થી ૭૪

" ૭૬-૭૭ મો : દરિદ્ર વિપ્રની વંધ્યા ભેંસ દો'વડાવી ભિક્ષા લેવી ને કૃતકૃત્ય કરવો; ગાણગાપુર પધારવા માટે રાજાની વિનંતિ; ભવ્ય સત્કાર; બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર. ૭૪ થી ૭૮

" ૭૮ મો : માનસપૂજનમાં ત્રિવિક્રમભારતીને શ્રીનું દર્શન; ગદ્‌ગદ્ કંઠે સ્તવન; આશિષ ને કૃતકૃત્યતા. ૭૮ થી ૮૦

" ૭૯ મો : બ્રહ્મદ્વેષી યવનરાજવીને ત્યાં બે ઉન્મત્ત વિપ્રોને જયપત્ર; ત્રિવિક્રમભારતીનું તે વિપ્રો સાથે ગાણગાપુરમાં આગમન; જયપત્ર માટે દુરાગ્રહ. ૮૦ થી ૮૩

અધ્યાય ૮૦ મો :- ચતુર્વેદશાખાદિવિવરણ; શ્રુતિવિક્રયથી મંત્રની પ્રભાવહીનતા; વિવાદ માટે દુરાગ્રહ. ૮૩ થી ૮૭

" ૮૧ મો : અંત્યજમુખે વેદોચ્ચાર ને વિવાદ; દ્વિજાધમોની હાર ને બાર વર્ષ રાક્ષસયોનિ ભોગવ્યા પછી ઉદ્ધાર. ૮૭ થી ૮૯

" ૮૨ મો : કર્મવિપાક અને પ્રાયશ્ચિતવિધાન; શુદ્ધ વિપ્રત્વપ્રાપ્તિ માટે દેહાંતરની આવશ્યકતા; વિભૂતિ ધોવાતાં જ્ઞાનવિસ્મૃતિ. ૮૯ થી ૯૪

" ૮૩ મો : વામદેવમુનિના સ્પર્શથી બ્રહ્મરાક્ષસને પૂર્વજન્મસ્મરણ; મરણોન્મુખ શુદ્રીરત વિપ્રનો ભસ્મસ્પર્શથી શિવલોકવાસ; ગિરિજાપતિનું વર્ણન; ભસ્મધારણવિધિ ને માહાત્મ્ય. ૯૪ થી ૧૦૧

" ૮૪ મો : માહૂરનિવાસી સતી યુવતીનું રોગગ્રસ્ત પતિ સાથે ગાણગાપુર પ્રતિ ગમન; પતિનું મરણ ને જટાધારી તાપસનું આકસ્મિક આગમન; સતીને સાંત્વન; મૃત્યુની અનિવાર્યતા. ૧૦૧ થી ૧૦૬

" ૮૫-૮૬ મો : પતિવ્રતાધર્મનિરૂપણ; પાતિવ્રત્યપ્રભાવ; વૈધવ્યધર્મનિરૂપણ; સહગમન માટે તત્પરતા; ગુરુસ્તવન; ગુરુદર્શન ને આશીર્વાદ; તીર્થાંબુપ્રોક્ષણ ને સુધાદૃષ્ટિથી શબને પુનર્જીવનપ્રાપ્તિ; ગુરુનો જયજયકાર; દંપતીનું સ્તવન; વિધિનિર્મિત સત્ય કે અસત્ય નો ખુલાસો. ૧૦૬ થી ૧૧૫

" ૮૭ મો : વેશ્યાનું વચનપાલન અર્થે સતી થવું ને રુદ્રાક્ષમાહાત્મ્યવર્ણન. ૧૧૬ થી ૧૧૯

" ૮૮ મો : રુદ્રાનુષ્ઠાનમાહાત્મ્યવર્ણન. ૧૧૯ થી ૧૨૩

" ૮૯ મો : સૌભાગ્યરક્ષણાર્થે સોમવારનું વ્રત; સીમંતિનીનું વૈધવ્ય ને સોમવ્રતપાલન; તત્પતિ ચંદ્રાંગદનું કાલિંદીમાં ડૂબવું ને પુનરાગમન; દંપતીમિલન ને મહોત્સવ. ૧૨૩ થી ૧૩૦

" ૯૦-૯૧ મો : પરાન્નદોષવિવરણ; દ્વિજાચારનું સવિસ્તર વર્ણન. ૧૩૧ થી ૧૪૫

" ૯૨ મો : દરિદ્ર વિપ્ર ભાસ્કરનું ઉપાખ્યાન; ત્રણની રસોઈમાંથી આખા ગામને ભોજન. ૧૪૫ થી ૧૪૮

" ૯૩ મો : અશ્વત્થમાહાત્મ્ય; સાઠ વરસની વંધ્યાને કન્યા અને પુત્રની પ્રાપ્તિ. ૧૪૮ થી ૧૫૨

" ૯૪ મો : એક કુષ્ઠીનું આખ્યાન; અનન્ય શ્રદ્ધાથી શુષ્ક કાષ્ઠને જલસિંચન; ભીલનું ચિતાભસ્મથી શિવપૂજન; ચિતાભસ્મ ન મળતાં સ્વસ્ત્રીને બાળવી; સ્ત્રીનું સજીવન થવું ને શિવદર્શન; કમંડલુમાંના જલપ્રોક્ષણથી-સુધાદૃષ્ટિથી ઠૂંઠાને પાંદડા ફૂટવાં ને કુષ્ઠનું વિલોપ થવું; ગદ્‌ગદ્ ભાવે સ્તવન. ૧૫૩ થી ૧૫૭

અધ્યાય ૯૫ મો : સાયંદેવનું ભાવભીનું સ્તવન; ગુરુસેવા અર્થે પાસે રહેવા દેવા વિનંતિ; આકરી કસોટી; વરસાદ વંટોળિયામાં દેવતા લઈ આવવાની આજ્ઞા; મોટા ફણીધર નાગનું પાછળ પાછળ દોડવું; ભય ને ગુરુપદચિંતન; ગુરુક્તિનું માહાત્મ્ય ને વિશ્વકર્માનું આખ્યાન; અવધૂતનું દર્શન; તેમની સાથે કાશીયાત્રાએ નીકળવું. ૧૫૭ થી ૧૬૧

" ૯૬ મો : કાશીયાત્રાથી વિશ્વનાથની પ્રસન્નતા; ગુરુ વગેરેએ મંગાવેલું બધું આપવું; ગુરુની કૃપા ને આશિષ; સાયંદેવનું સ્તવન; સહકુટુંબ પુનરાગમન. ૧૬૨ થી ૧૬૫

" ૯૭ મો : અનંતવ્રતની કથા ને કૌણ્ડિણ્યનું ઉપાખ્યાન. ૧૬૫ થી ૧૭૦

" ૯૮ મો : વણકર તંતુકને આંખ મીંચતા જ શ્રી શૈલનું દર્શન; શ્રીશૈલનો મહિમા; વિમર્ષણ રાજાનું ઉપાખ્યાન. ૧૭૦ થી ૧૭૩

" ૯૯ મો : શ્વેતકુષ્ઠી નંદિ વિપ્રની ઉગ્ર શક્તિઉપાસના; ગાણગાપુર જવાની આજ્ઞા; માણસને હાથે શું થશે એવો સંશયોદ્‌ભવ; ગુરુકૃપાથી સર્વાંગસુંદરતા; લેશ કુષ્ઠનો ભેદ; ભભૂતિસ્પર્શથી જ્ઞાનપ્રાપ્તિ ને ગુરુસ્તુતિ. ૧૭૪ થી ૧૭૭

" ૧૦૦ મો : કવીશ્વરને કલ્લેશ્વર ને ગુરુનાથમાં અભેદદર્શન. ૧૭૭ થી ૧૭૮

" ૧૦૧ મો : દિવાળી પર શ્રીનાં એક સાથે આઠ ઘર દર્શન ને ભિક્ષા. ૧૭૮ થી ૧૮૦

" ૧૦૨ મો : ગુરુવચન પર ખેડૂતે ખેતરનો અપક્વ પાક વાઢી નાંખવો; અકાળે વરસાદ ને સો ગણો પાક. ૧૮૦ થી ૧૮૨

" ૧૦૩ મો : ગાણગાપુરમાહાત્મ્યવર્ણન. ૧૮૨ થી ૧૮૫

" ૧૦૪ મો : પૂર્વજન્મના ધોબીનું મ્લેચ્છ રાજા થવું; ફોલ્લાની પીડા નિવારવા સાધુદર્શનનું સૂચન; વેશ્યારત વિપ્રની યોગિવર ઋષભની સેવા; જન્માંતરમાં રાજકુળે જન્મ; વિષવ્યાપ્ત રાણી ને પુત્રનો અરણ્યમાં ત્યાગ; પુત્રનું મરણ ને રાણીનું આક્રન્દન; ઋષભ યોગીનું આગમન ને આત્મબોધ; સુધાદૃષ્ટિથી પુત્રને પુનર્જીવનપ્રાપ્તિ; યવનરાજનું ગાણગાપુરગમન; સ્ફોટકનું અદૃશ્ય થવું ને બેદરમાં ધામધૂમથી પધરામણી. ૧૮૫ થી ૧૯૩

" ૧૦૫ મો : શ્રીનરસિંહસરસ્વતીનું ગાણગાપુરમાં અદૃશ્ય થવું; કર્મકાંડની સમાપ્તિને શ્રી વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજની અવતાર લીલાનું સૂચન ૧૯૩ થી ૧૯૫ આરતી ને ગ્રંથસમાપ્તિ ૧૯૬

॥ कलौ श्रीपादवल्लभः ॥

भगवान श्री श्रीपादवल्लभ (कुरवपुर)

॥ श्री नृसिंह सरस्वती स्वामी महाराज ॥

औदुंबरा तळवटी नरसिंह योगी । कृष्णातटी परम शांत सुखास भोगी ॥
ध्यानस्त होउनि समस्त चरित्र पाहे । अनन्य जो शरण इच्छित देत आहे ॥

પ. પૂ. શ્રી સદ્‌ગુરુ રંગ અવધૂત મહારાજ



કરતાં સ્નાન થયા મગ્ન ગુરુના પાદપદ્મમાં
ઠીકરું સ્થિર રહી જાતું વંદન રંગપાદમાં !

ॐ

॥ श्रीदत्तः प्रसन्नोऽस्तु ॥

શ્રીગુરુલીલામૃત

અધ્યાય ૫૬

અજ્ઞાનાંધ્ય નિવારીને જ્ઞાનાંજન સળી થકી,
ઊઘાડી આંખ જેણે તે નમું શ્રીગુરુદેવને.

જે તું ઓતપ્રોત આ, જગમાં સઘળે એમ;
ગાતાં ત્વદ્‌ગુણ ભાવથી; તરે પાપી પણ તેમ. ૧

પાણી કોતરનું મળે ગંગાને જઈ જાણ;
અશુદ્ધ તેને કો કહે ? આપે સુરનર માન ! ૨

તેમ ભક્ત ત્વદધીન જે, રહે અપવિત્ર કેમ ?
કોણ [1]અશુચિ એને કહે ? [2]પવિત્રતમ એ એમ. ૩

ના માને આ ગર્વથી, નકી અભાગી તેહ;
ડૂબે હાથે કૂપમાં, કેવળ દયાર્હ એહ ! ૪

દયાંબુધિ ત્વત્સમ નહીં, ભક્તોદ્ધારક એમ;
થયો સ્વયં ઋષિ બાળ હા, કેવળ પરાર્થ તેમ ! ૫

નાનરૂપે [3]ભૂ વિષે ફરે નિરંતર જાણ;
તારી પાવન ભક્તિથી, કરે સુપાવન માન. ૬

રૂપ રંગ જેને નહિ, નામ આકૃતિ તેમ;
થયો દેહધારી અહા, દયા કેટલી એમ ! ૭

સુલભ સર્વ સંસારમાં, મુક્તિ દુર્લભ એક;
કરી સુલભ તેં તે નકી, થઈ શરીરી છેક ! ૮

ત્વલ્લીલા સમ અન્ય ના [4]તારક અમને તેમ;
ગાતાં સૂણતાં ભાવથી, થાય શુદ્ધ મન એમ. ૯

બ્રહ્મ અગમ પણ એ થકી થાએ સુગમ સુજાણ,
ચંચલ મન નિશ્ચલ થઈ, રમે તદ્‌રૂપ માન. ૧૦

ઉપાસ્યોપાસક તણા કલ્પિત ભેદે એમ,
કરતાં ભક્તિ ભાવથી પામે અભેદ તેમ ! ૧૧

નિર્ગુણ તારું રૂપ જે, બુદ્ધ્યગમ્ય[5] એ જાણ;
સુખે સગુણ સઘળે દિસે, ભવતારક એ માન. ૧૨

ઉત્તમાધિકારી વિના, વ્યાપક નિર્ગુણ તેમ
ઠસે ન સહસા ચિત્તમાં; વદે વેદ પણ એમ. ૧૩

કરે શાસ્ત્રવ્યાખ્યાન જે, તે પણ મૂઢ સમાન
રમે તર્કવિતર્કમાં ધ્યાતાં નિર્ગુણ માન. ૧૪

નિરતિશય આનંદ જે, મળે તેહને કેમ ?
ગાતાં ધ્યાતાં સગુણ આ, મળે તેય પણ એમ ! ૧૫

નિર્ગુણ સગુણ તણો નહીં ભેદ નિશ્ચયે જાણ;
એક નિયામક તું બધે, તારક અનન્ય માન. ૧૬

૧. અપવિત્ર. ૨. સૌથી વધારે પવિત્ર. ૩. પૃથ્વી; જમીન. ૪. તારનારી. ૫. બુદ્ધિ ન પહોંચી શકે એવું.

વસ્ત્રો તંતુઓ યથા ત્વદ્રૂપે જગ તેમ,
ઓતપ્રોત ભર્યું અહા ! કહે ભિન્ન કો કેમ ? ૧૭

ભેદ ન મૂળે તોય હું તારો શ્રીગુરુ માન;
ના તું મારો નિશ્ચયે, સમુદ્રવીચિ[૧] સમાન ! ૧૮

વધો ભાવ આ માહરો, ગાઓ ત્વદ્‌ગુણ તેમ;
પ્રેમમૂર્તિ તુજને નમું, કેવળ અનન્ય એમ ! ૧૯

ચરિત્ર તારું આ નકી, તુંજ વદાવે જાણ;
આપી સ્ફૂર્તિ દયાનિધિ, થઈ ભાવવશ માન. ૨૦

અત્રિઅનસૂયાકારણે ધરી તેમ અવતાર.
તાર્યા ભક્ત અનેક જે પૂર્વયુગે નિર્ધાર; ૨૧

ત્વત્સ્ફૂર્તિથી તેમનાં રમ્ય કથાનક એહ
ગાતાં બીજું ના ગમે, ત્વલ્લીલા વિણ તેહ. ૨૨

ધર્યા અન્ય અવતાર તેં, કલિયુગમાં પણ તેમ;
તલ્લીલા ત્રયમૂર્તિ હે ! વદાવ આગળ એમ. ૨૩

ત્વચ્ચરિતામૃતપાનથી તરે શ્રોતૃજન જાણ;
કલ્પદ્રુમ સાક્ષાત્ એ, શંકાલેશ ન માન. ૨૪

સૂણી પ્રાર્થના એહવી, ભીંજ્યા શ્રીગુરુરાય;
આપી અખૂટ પ્રેરણા, પુનઃ વદાવે ત્યાંય. ૨૫

પૂર્વાધ્યાયે અલખ એ ભાવાવેશે એમ,
ગુરુસ્મરણથી કાષ્ઠવત્ થયા નિશ્ચેષ્ટ તેમ. ૨૬

જોઈ શિષ્ય સ્તબ્ધ એ, ઊભો સ્હામે જાણ;
કહેઃ હન્ત ! આ શું થયું ? થયું બંધ કાં ગાન ? ૨૭

ગર્જે જયજયકારથી, વંદે ફરીફરી તેમ;
ધીમે ધીમે આંખ ત્યાં ખોલે મુનિવર એમ. ૨૮

પ્રેમપૂર્ણ ગંભીર એ સુહાસ્ય મુદ્રા જાણ,
જોઈ પ્રમુદિત અંતરે, બોલે સુનમ્ર માનઃ- ૨૯

જય યોગીશ્વર જય નમું, ચાતક હું આ એમ;
ઊભો તૃષાર્ત બારણે, કરો ઉપેક્ષા કેમ ? ૩૦

ગુરુલીલામૃતપાનથી થઈ ન તૃપ્તિ નાથ !
કલિતારક શ્રીદત્ત એ ત્રયમૂર્તિ સાક્ષાત્ ! ૩૧

જોઈ વિપ્રસ્ત્રી તણો ભાવ ફરીથી એમ,
થયા અવતીર્ણ એ સૂણી, વધી પિપાસા તેમ. ૩૨

કરો તૃપ્ત ગુરુનાથ એ, લીલા વર્ણવી તેહ;
એમ કહી વંદન કરે પુનઃ સાષ્ટાંગ એહ. ૩૩

ઉઠાડી સ્નેહે તિહાં, બોલે અલખ સુજાણઃ-
ધન્ય બાળ મતિ તાહરી ! ત્વદ્યોગે આ માન ૩૪

થાએ અમૃતગાન આ, નિશ્ચય તારક તેમ;
સાંભળ આગળ એ કહું; આશ્ચર્યોત્તમ એમ. ૩૫

પૂર્વદેશ પીઠાપુરે બ્રાહ્મણ એક સુજાણ,
આપસ્તંબશાખી વસે, રાજા નામ પ્રમાણ. ૩૬

સદાચારરત સર્વદા, સદ્ધર્મી દ્વિજ એહ;
સંતોષે દિન નિર્ગમે, પરેશ્વરે [૨]ધૃતનેહ. ૩૭

તદ્‌ભાર્યા સુમતિ સતી, પતિપ્રાણ નિર્વાણ;
અભ્યાગતસેવા વિષે રાત્રંદિન રત જાણ. ૩૮

સદ્‌ગુણરાશિ સુંદરી સેવાધર્મ મહાન્
પાળે નિત્યે પ્રીતથી; દેવ ન જાણે આન. ૩૯

સંત દેખી દોડે મુદા, દંપતી બેઉ એહ;
પૂજે અતિથિદેવને આણી ઉરમાં નેહ. ૪૦

દર્શશ્રાદ્ધદિન એક ત્યાં આવ્યા દત્ત અજાણ;
અભ્યાગતરૂપે ઊભા, માગે ભિક્ષા જાણ. ૪૧

પિત્ર્ય વિપ્ર જમ્યા વિના, ભિક્ષા કેમ અપાય ?
શંકા નાણે ઉર વિષે, સુમતિ સ્હામી ધાય ! ૪૨

ગંધાક્ષત પ્રીતે કરી, અર્પી ભિક્ષા સાર;
પ્રસન્ન મૂળરૂપે ખડા, દત્ત દિગંબર દ્વાર ! ૪૩

જટાતાજ શિર પર ધર્યો, માળકમંડલ હસ્ત;
ભસ્મોદ્‌ધૂલિત [૩]વરતનુ, નિજાનંદમાં મસ્ત !! ૪૪

તારક ત્રિગુણ સ્વરૂપ એ, ભક્તિપ્રિય પ્રભુ જાણ;
પતિવ્રતા લળી લળી નમે, ગ્રહે ચરણ નિર્વાણ. ૪૫

દત્ત વદે : વદ સુંદરી વર ઈપ્સિત મન જેહ;
અસાધ્યસાધન દેવ હું, આપીશ નિઃસંદેહ. ૪૬

સૂણી વચન એ મીઠડાં સાધ્વી સુમતિ નાર,
વિનય થકી નીચી નમી, કરે સ્તવન નિર્ધારઃ- ૪૭

જય જય જગદીશ્વર નમું, ત્રિભુવનતારક નાથ !
તું દાતા હું દીન છું, અબળા રંક અનાથ !! ૪૮

અનંત સર્વાધાર તું, ભક્તકાજ ધૃતદેહ;
કૃપાદૃષ્ટિ તારી થતાં, વરસે અમૃતમેહ ! ૪૯

કો કીર્તિ વર્ણી શકે ? વેદ પુરાણ અવાક્;
પ્રસન્ન જો પ્રભુજી થયા, કરો પૂર્ણ નિજ વાક્[૪]. ૫૦

મિથ્યા વાક્ય ન તાહરું, મર્કટ આપ્યું રાજ !
અઢળ પદે ધ્રુવ થાપિયો, શિર અક્ષય ધૃતતાજ !! ૫૧

નારાયણ તુજને નમું, અનાથનો તું નાથ;
સોનાની લંકા દીધી ભક્તબિભીષણહાથ ! ૫૨

૧. તરંગ; મોજું. ૨. પરમાત્મામાં પ્રીતિવાળો. ૩. ઉત્તમ શરીર. ૪. વચન.

કૃપાનિધે ! કરુણા કરી, કરો પૂર્ણ મનકામ;
ફરી ફરી ચરણ ગ્રહું પ્રભો ! આપો અક્ષયધામ. ૫૩

કરુણ[૧] વચન એ સાંભળી, દ્રવ્યા દત્ત નિર્વાણ;
પ્રીત થકી કર સાહીને, બોલ્યા અમૃત વાણઃ- ૫૪

માતા મનમાં શું વસે, કહે નિઃશંક સુજાણ !
દુર્લભ ત્રિભુવનમાં નહીં, મદ્વરદાને જાણ. ૫૫

ભક્તિવશ હું માધવી, ભક્તાંતઃ મુજ ધામ;
પૂર્ણ કરી નતકામ[૨] હું, ભક્ત કરું નિષ્કામ ! ૫૬

વળતી વિપ્રસતી વદેઃ- જય જય જોગીરાજ !
માત કહી બોલાવી એ સાર્થ કરો પદ રાજ ! ૫૭

પુત્ર થયા મુજને બહુ, પહોંચ્યા સહુ યમધામ;
શેષ અંધપંગુ રહ્યા, બે જણ છેક નકામ. ૫૮

યોગ્ય પુત્ર ના મુજ કૂખે; મૂર્ખ સુતો શા કામ ?
ક્ષણ ક્ષણ દુઃખદ જન્મ હા સત્સુત વિણ હરામ ! ૫૯

આપસમો જગવંદ્ય જો પામું પુત્ર સુજાણ,
જ્ઞાનવાન્ દીર્ઘાયુષી, જન્મ સફળ છે જાણ, ૬૦

નહિ તો રૂડું મોત છે, શૂન્ય પુત્ર વિણ ધામ;
સફળ કરો એ કામના; આન ન મનમાં કામ[૩]. ૬૧

સૂણી વચન સાધ્વી તણાં ભક્તોદ્ધારણકામ;
વદે 'તથાસ્તુ' શ્રીહરિ સુરનરમુનિવિશ્રામ ! ૬૨

થશે પુત્ર માદશ શુભે, કુલતારક વિખ્યાત;
કલિમલહારક દૈન્યહા[૪], જ્ઞાનવાન્ શ્રુતિતાત. ૬૩

તદ્વચને અનુકૂલ જો થાશો, રહેશે એહ;
નહિ તો જાશે નિઃસ્પૃહી, નવ કરશો સંદેહ. ૬૪

એમ કહી અદૃશ્ય ત્યાં, થયા દત્ત પ્રભુ તેમ;
સ્મરી રૂપ એ ફૂટડું, વિસ્મિત સાધ્વી એમ. ૬૫

સાશ્ચર્ય પતિને કહે, ઘરમાં આવી [૫]વૃત્ત;
આનંદિત થઈ એ વદેઃ- પ્રિયે, નકી એ દત્ત ! ૬૬

મધ્યાહ્ને અતિથિ થઈ, બ્રાહ્મણગૃહ પ્રભુ જાય;
બહુરૂપી એ સુવ્રતે ! જોજે વિમુખ ન જાય. ૬૭

માહૂરગઢ [૬]કરવીર ને પાંચાલેશ્વર જાણ,
વસતિસ્થાનો પ્રભુ તણાં; સત્ય વચન મમ માન. ૬૮

નાના રૂપ ધરી ફરે, ભિક્ષુકરૂપે એહ;
માગે ભિક્ષા કોડથી, જગદુદ્ધારક જેહ. ૬૯

સર્વવ્યાપી સર્વાત્મ એ ! એને શાની ભીખ ?
વિશ્વંભર વિશ્વેશ એ, આપે જગને શીખ ! ૭૦

વણ પૂછ્યે દેવું પ્રિયે, અન્ન એહને જાણ;
હોય સુકૃત જો પૂર્વનાં, આવે ઘર પ્રભુ માન. ૭૧

સતી વદેઃ યાચું ક્ષમા; શ્રાદ્ધ ન થાતાં આજ,
આપ્યું અન્ન શ્રાદ્ધીય મેં, દયા કરો મહારાજ ! ૭૨

કહે વિપ્રઃ- સારું કર્યું, હર્ષ ન માએ મન;
સર્વાર્પણ જેને ઘટે, અર્પ્યું તેને અન્ન. ૭૩

કર્માન્તે અર્પણ કરે જે હરિચરણે કર્મ;
આવી સાક્ષાત્ એ હરે ભૈક્ષ્ય ! શું ન આ શર્મ ? ૭૪

થયા તૃપ્ત મુજ પિતૃઓ ધન્ય સદ્ગુણી નાર !
તાર્યા ઇકોતેર તેં ! ટાળ્યો જમનો માર !! ૭૫

ધન્ય માવડી તાહરી, ધન્ય તાત નિર્ધાર !
દત્તપ્રભુ રીઝવ્યો સતી, જે ત્રયમૂર્ત્યવતાર ! ૭૬

દુર્લભ વર લાધ્યો અહા ! નિશ્ચે ફળશે એહ;
થશે પુત્ર સદ્ગુણી તથા, ભગવદંશ વરદેહ. ૭૭

નિશ્ચિત મન દંપતી મુદા, ગાળે ભવને કાળ;
કંઈક કાળ વીતી જતાં, થઈ ગર્ભિણી નાર. ૭૮

બોલે જ્ઞાન સતી તદા, ઉત્તમ દોહદ થાય;
આનંદોદધિ વિપ્રના અંતરમાં ન સમાય. ૭૯

નવ માસ નવ દિન થયા પ્રસવે સુમતિ બાળ;
ભાદ્ર શુક્લ ચતુર્થીએ શુભ લગ્ને નિર્ધાર. ૮૦

વર્ષે સુમનો[૭] સ્વર્ગથી, વાગે દુંદુભિ ત્યાંય;
સ્નાન કરી બ્રાહ્મણ કરે જાતકર્મ વરકાય[૮]. ૮૧

નરનારી ટોળે મળ્યાં, ગાએ મંગલ ગીત;
વહેંચી સાકર ભાવથી ! વદે ગણક સુસ્મિતઃ- ૮૨

બાલ તપસ્વી આ થશે, લોકોત્તર વિખ્યાત;
દીક્ષાદાતા જગગુરુ, માન્ય દેવ સાક્ષાત્. ૮૩

મિષ્ટ વચન આ સાંભળી, વદે વિપ્ર ફળ એહ
નકી દત્તગુરુવર[૯] તણું, એમાં ના સંદેહ. ૮૪

વજ્રાંકુશકંજે[૧૦] કરી સુચિહ્નમુદ્રિત પાદ !!
દ્વાદશ દિન ઉત્સવ કરી, પાડ્યું નામ શ્રીપાદ ! ૮૫

વિદ્યા બુદ્ધિ ગુણ થકી, દિન દિન વધતો બાળ;
અષ્ટમાબ્દ[૧૧] વ્રતબંધનો સાધ્યો ઉત્તમ કાળ. ૮૬

બ્રહ્મચર્યવિધાનથી સાંગ વેદ ખટ શાસ્ત્ર,
શાસ્ત્રતાત બટુ અભ્યસે, વિસ્મય પામે છાત્ર ! ૮૭

પાઠશક્તિ અદ્ભુત અહા, ધારણશક્તિ દિવ્ય;
જોઈ વિસ્મિત થઈ વદે લોકઃ- ઈશ આ ભવ્ય ! ૮૮

૧. દયા આવે એવાં. ૨. ભક્તની ઇચ્છા. ૩. ઇચ્છા. ૪. દૈન્યનો નાશ કરનાર. ૫. ખબર; બનેલી હકીકત. ૬. કોલ્હાપુર. ૭. ફૂલ. ૮. સુંદર શરીર છે જેનું તે. ૯. વરદાન. ૧૦. વ્રજ, અંકુશ ને કમળ. ૧૧. આઠમું વરસ.

પ્રાયશ્ચિત્તાચાર ને કથે વ્યવહૃતિ સૂક્ષ્મ;
વેદભાષ્ય વેદાન્ત ને દૈવપ્રશ્ન [1]નિર્ધૂમ. ૮૯

લીલાધારી નરતનુ સર્વજ્ઞાનભંડાર
જોઈ માતપિતા કહે, કરો લગ્ન નિર્ધાર. ૯૦

માતૃપિતૃપ્રવૃત્તિ એ રોકી બોલે બાળ:-
વ્યર્થ શ્રમ કાં આદરો ? ન કરૂં સ્ત્રીસ્વીકાર ! ૯૧

મર્ત્ય પત્ની મન ના ગમે, [2]વિરતિ મારી નાર;
પરણું એ સમ તાત હે ! અન્ય માત નિર્ધાર !! ૯૨

યોગશ્રી મમ સુંદરી, કાન્તા સંમત જાણ;
અન્યછાંય સાહું નહિ, તાપસ હું નિર્વાણ. ૯૩

બ્રહ્મચારી સુખરૂપ હું, નહિ વિષયપરવાહ;
પરાધીન પ્રવૃત્તિ એ, શૂન્ય સાથ [3]ઉદ્વાહ ! ૯૪

યોગશ્રી વિણ સુંદરી સર્વે મારી માત;
સ્વપ્ને પણ ઈચ્છું નહીં અન્ય નાર હું તાત ! ૯૫

શ્રીવલ્લભશ્રીપાદ હું, પૂર્ણપણે નિષ્કામ;
નિવૃત્તિ સુંદરી વરી, જાઉં અક્ષય ધામ ! ૯૬

પુત્રવચન એ સાંભળી, સ્મર્યા દત્તનાં વેણ;
જાણી હાર્દ એ વચનનું, ભર્યા અશ્રુથી નેન ! ૯૭

વચનોલ્લંઘનથી થશે મહાવિઘ્ન અનિવાર;
પુત્ર નહીં આ આપણો ! સ્વયં દત્ત નિર્ધાર !! ૯૮

વચન પાળવા અવતર્યો, માનું એના બોલ;
અનુકૂળ થઈ ઓચરું દુ:ખ, પાળશે કોલ. ૯૯

થાય તોષ એને યથા કરવું એવું કામ;
નિશ્ચય એવો મન કરી, બોલે માતારામ :- ૧૦૦

કુલતારક સુત કાં કરે નિષ્ફળ મનની આશ ?
વ્યાકુળ થઈ સુમતિ રડે; ઉર ન સમાએ શ્વાસ ! ૧૦૧

વાતાહત કદલી[4] યથા, મૂર્છિત થઈ તતખેવ;
પુત્રસ્નેહે ટળવળે ! તાદૃશ દેખી દેવ, ૧૦૨

ઊઠાડી હાથ ગ્રહી, અશ્રુ પખાળે આપ;
પ્રેમે સંબોધી અહા, આશ્વાસે જગબાપ ! ૧૦૩

ચિંતા મા કર માત તું, પૂરીશ મનના કોડ;
ધીરજ ધારી ઉર વિષે, કહે મનમાં જે હોડ. ૧૦૪

સુમતિ બોલે મંદવાક્: ત્વદ્દર્શનથી દુ:ખ
ત્યજી દઈ સુખમાં ઠર્યા, આપીશ માની સુખ. ૧૦૫

દૈન્ય નિવારી અમ તણું, રક્ષીશ ઘડપણ માંહ્ય;
આશા એ ઊડી ગઈ, સ્વપ્ન સમી હા ક્યાંય ! ૧૦૬

તાત વૃદ્ધ તુજ વૃદ્ધ હું, અંધ પંગુ આ ભ્રાત;
તું જાતાં પુત્રક કહે, ત્રાતા કોણ સુજાત ! ૧૦૭

માતૃવચન એ સાંભળી, સુધાદૃષ્ટિથી એમ
જોતાં પ્રભુ શ્રીપાદ એ, થયા સાંગ બે તેમ. ૧૦૮

ચિંતામણિસ્પર્શે કરી લોહ સ્વર્ણ થઈ જાય;
પડતાં દૃષ્ટિ સંતની કાયા કંચન થાય. ૧૦૯

રોગ સમૂળ નાસી ગયો, થયા નીરોગ એહ;
આંખપગે સાજા અહા, ભાઈ બેઉ જણ તેહ ! ૧૧૦

વેદશાસ્ત્રસંપન્ન ને કલાભિજ્ઞ પ્રમાણ;
આવી બન્ને ચરણમાં પડ્યા પ્રભુના માન. ૧૧૧

આશ્વાસન આપી વદે શ્રીવલ્લભશ્રીપાદ:-
મદ્વરથી[5] ઈહપર સુખી થશો નકી હે ભ્રાત ! ૧૧૨

પુત્રપૌત્ર ધન સંપદા પામી આત્મારામ,
માત તાત સહ પામશો અંતે કેવલધામ. ૧૧૩

એમ કહી વળતી વદે:- સાંભળ મારી માત !
કરશે સેવા તાહરી ઉત્તમ આ બે ભ્રાત ! ૧૧૪

સો વરસ એ જીવશે; પુત્રપુત્રી તું જાણ
જોઈશ નેત્રે એમનાં, મા કર ચિંતા માન. ૧૧૫

લક્ષ્મી નવ કરશે કદિ, વંશ તણો આ ત્યાગ;
કીર્તિ ત્રણે લોકમાં, ધન ધન તારાં ભાગ ! ૧૧૬

વેદશાસ્ત્રવિદ્ સંતતિ, કુમાર્ગગામી ન કોય;
સમાધાન મન રાખ તું, મિથ્યા વચન ન હોય. ૧૧૭

મિથ્યા જીદ કરીશ મા, આપ અનુજ્ઞા માત;
દીક્ષા લેવા સાધુઓ જુએ વાટ દિનરાત ! ૧૧૮

કૃતાર્થ કરવા એમને, જાવું ઉત્તર દિશ !!
એમ કહી માતાપદે તુરત નમાવ્યું શીષ. ૧૧૯

આજ્ઞા આશિષ મા તણી, લઈ તત્ક્ષણે તેમ;
ભક્તસખા શ્રીપાદ એ થયા અદૃશ્ય એમ ! ૧૨૦

મનોજવે કાશી મહીં, આવ્યા ત્યાંથી જાણ;
લીલામાનુષ શ્રીહરિ થયા દૃશ્ય ત્યાં માન ! ૧૨૧

ત્યાંથી બદરિકાશ્રમે ગયા વેગથી એમ;
નરનારાયણને અહા ભેટ્યા હર્ષે તેમ. ૧૨૨

સૂણી નિરંજન એ વદે, જોડી બેઉ કર જાણ;
બદરિકાશ્રમ તીર્થ એ, થયું કેમ નિર્માણ ? ૧૨૩

કહો કૃપા કરી શ્રીગુરો ! દિવ્ય કથાનક એહ;
નરનારાયણ કોણ એ ? કરો દૂર સંદેહ. ૧૨૪

શિષ્યપ્રશ્ન એ સાંભળી, બોલે અલખ દયાળ;
આગળ અનુપમ **રંગ** એ, નિશ્ચય કલિમલહાર ! ૧૨૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
શ્રીપાદશ્રીવલ્લભાવતારો નામ ષટ્પંચાશત્તમોઽધ્યાય: સમાપ્ત: ॥ ૫૬ ॥ દોહરા ૧૨૫

૧. સ્પષ્ટ; અચૂક. ૨. વૈરાગ્ય. ૩. લગ્ન. ૪. કેળ. ૫. મારા વરદાનથી

અધ્યાય ૫૭

અલખ કહેઃ સૂણ બાળ હે ! કહું કથાનક એહ;
શ્રવણમાત્રથી જે હરે ભવભય નિઃસંદેહ. ૧

નારાયણ વિભુ જે નકી સર્વાધ્યક્ષ પ્રમાણ;
સંન્યાસી પણ જેહને વંદે અનન્ય માન; ૨

મૂળાચાર્યપ્રણાલિકા ચાલી જ્યાંથી તેમ,
સંપ્રદાય અદ્વૈતનો ફેલાયો આ એમ; ૩

દિવ્ય કથા આ તેમની, પાવન પરમ સુજાણ;
પાપી પણ યચ્છ્રવણથી, તરે ભવાંબુધિ માન. ૪

મૂળે નિર્ગુણ બ્રહ્મ જે, એક નિરામય એમ;
નિજ માયાશક્તિ થકી, થયું શબલ[1] એ તેમ. ૫

થયું દૃશ્ય જડજાત આ, એજ અવિદ્યા જાણ;
લહે પાર કો અનુભવી, નિશ્ચય મનમાં માન ! ૬

માયાવી એ બ્રહ્મથી, થયું અવ્યક્ત એહ;
અવ્યાકૃત કોઈ કહે, નામભેદથી તેહ. ૭

અવ્યક્તાભિમાની જે પરમેશ્વર તું જાણ
મહાદેવ તેને કહે, શંકર સુજ્ઞ પ્રમાણ. ૮

વ્યક્ત થતાં અવ્યક્ત એ, જાણ સ્વપ્નવત્ એમ;
હિરણ્યગર્ભ વદે અહા, જ્ઞાની તેને તેમ. ૯

તદભિમાની દૈવત નકી, વિષ્ણુ રમાપતિ જાણ;
નાભિકમલથી જેહના, થયા વિરિંચિ માન. ૧૦

થયું સ્થૂલ વિરાટ આ, તદભિમાની એ તેમ;
ચતુરાનન[2] બ્રહ્મા અહા, કમલાસન જે એમ. ૧૧

આવિર્ભૂત થયા સ્વયં, ત્રિગુણાત્મક એ જાણ;
દેવત્રય સૃષ્ટિ તણા સંચાલક તું માન. ૧૨

કરે સૃષ્ટિસંહાર જે, તે જ તમોગુણ તેમ;
તદભિમાની ઉમાપતિ, શિવ શંકર એ એમ. ૧૩

સત્ત્વગુણાધિષ્ઠિત હરિ, થતાં જગન્નિર્માણ,
યથાકર્મ જીવો તણી કરી વ્યવસ્થા જાણ, ૧૪

સંરક્ષે આ વિશ્વને વિષ્ણુ પાલક તેમ;
રજોગુણાધિષ્ઠિત થઈ સર્જે બ્રહ્મા એમ. ૧૫

કરી ત્રિગુણ ત્રિવૃત્ત એ, યથાયોગ્ય પ્રમાણ;
સર્જે બ્રહ્માંડોદરે જીવમાત્ર તું માન. ૧૬

કલ્પારંભે વિધિ તથા સૃષ્ટિ સર્જવા એમ,
નિર્મે નિજ સંકલ્પથી તપઃપ્રભાવે તેમ ૧૭

ધર્મરૂપ નર એક ત્યાં, અન્ય પ્રજાપતિ જાણ;
દક્ષ પ્રજાપતિ સર્વમાં શ્રેષ્ઠ ત્યાંય તું માન. ૧૮

દશ કન્યા તેને થઈ, પ્રથમ મરુત્વતી એમ;
બીજી વસુજ્ઞાના અને ત્રીજી લંબા તેમ. ૧૯

ભાનુમતી ચોથી તથા સતી પાંચમી જાણ;
સંકલ્પા છઠ્ઠી નકી, મુહૂર્તા પછી માન. ૨૦

સંધ્યા અષ્ટમ કન્યકા, નવમી સુરૂપ તેમ
વિશ્વાવતી, દશમી તથા ક્કુપ્ જાણ તું એમ. ૨૧

બ્રાહ્મવિવાહે સર્વ એ સુંદર કન્યા જાણ,
અર્પે દક્ષ પ્રજાપતિ ધર્મ પુરુષને માન. ૨૨

સંધ્યા અષ્ટમ જે તિહાં, પતિવ્રતોત્તમ તેમ;
ચાર પુત્ર તેને થયા, જતાં વખત ત્યાં એમ. ૨૩

કરે જાતકર્માદિ એ, હર્ષે ધર્મ સુજાણ,
પાડે નામ યથાવિધિ ધામધૂમથી માન. ૨૪

પહેલો નર, બીજો તથા નારાયણ એ તેમ;
ત્રીજો હરિ, ચોથો વળી કૃષ્ણ જાણ તું એમ. ૨૫

ચારે અંશો વિષ્ણુના, સર્વવંદ્ય એ જાણ;
થયા પૂજ્ય ઋષિગણ મહીં, તપઃપ્રભાવે માન. ૨૬

નર નારાયણ બેઉ એ ગંધમાદને એમ,
રમ્ય હિમાદ્રિશિખર પર કરે તપસ્યા તેમ. ૨૭

આત્માનાત્મવિચારમાં સુખે નિર્ગમે કાળ;
જાણી અદ્વૈતાત્મને સદા ધ્યાય નિર્ધાર. ૨૮

નિષ્કલંક તપ એમનું જોઈ સુરગણ તેમ,
વર્તે ભીતિથી અહા તત્સાંનિધ્યે એમ ! ૨૯

ત્યજી ઉગ્ર [3]રશ્મિ રવિ, વર્તે શાંત પ્રમાણ;
નારાયણને તાપ ના લાગે જેથી માન. ૩૦

વાયુ મંદ વહે સદા, થઈ ભયભીત તેમ;
નાના ફલપુષ્પો થકી ઋતુદેવતા એમ, ૩૧

રહે અનુકૂલ સર્વદા સેવામાં તું જાણ;
ભૂતમાત્ર ડરથી તથા વર્તે સાવધ માન. ૩૨

ખૂંચે કંકર ના પગે નારાયણના એમ,
થાય મૃદુ ધરતી સ્વયં, ત્યજી કઠિનતા તેમ ! ૩૩

ધૈર્ય શાંતિ ગાંભીર્ય એ નારાયણનું જાણ,
જોઈ સાગર સર્વથા ત્યજે ગર્વ તું માન ! ૩૪

દેખી મુખસૌંદર્ય એ પામી લજ્જા તેમ,
છુપાય વાદળમાં અહા ચંદ્ર કલાનિધિ એમ ! ૩૫

ધન્ય તપોબળ એ નકી, તે જ અલૌકિક જાણ;
જોઈ અગ્નિ પણ ત્યજે, સમૂળ નિજ અભિમાન ! ૩૬

૧. સગુણ ૨. ચતુર્મુખ ૩. કિરણ.

અંતઃકરણ વિશુદ્ધ એ જોઈ પ્રભુનું તેમ,
ત્યજે ગર્વ નિજ સ્વચ્છતા તણો વારિ પણ એમ ! ૩૭

ગર્વ મધુરતાનો ત્યજે અમૃત તે જ પ્રમાણ,
વાણી નારાયણ તણી સૂણી સુધાસમાન ! ૩૮

દેખી શક્તિબલ, ઇંદ્ર એ થયો સુલજ્જિત તેમ !
બોધાદ્વૈત વિલોકીને ઝંખવાણું નભ એમ !! ૩૯

સિંહાદિક પશુ ક્રૂર જે ત્યજે ક્રૂરતા જાણ;
વર્તે નિર્વૈરે સદા, આશ્રમ આગળ માન. ૪૦

સિંહ [1]હસ્તી ગો વ્યાઘ્ર ને [2]મૂષક બિલ્લી તેમ,
ક્રીડે નિર્ભય એકઠાં; ધન્ય તપોબળ એમ ! ૪૧

જોઈ સુરવર સ્વર્ગમાં થયા સર્વ ભયભીત;
કરે વિચાર મળી સહુ, કેવળ ચિંતાન્વિત ! ૪૨

કહે હન્ત ! દેવો હવે કરવું કેમ સુજાણ,
થતાં અલ્પ પણ ભૂલ એ દેશે શાપ પ્રમાણ. ૪૩

અથવા સ્થાનો આપણાં હરશે નિશ્ચય તેમ;
તપોભંગ માટે કરો હરેક યત્ને એમ. ૪૪

દેવો સહ દેવેન્દ્ર ત્યાં એમ વિચારી જાણ,
બોલાવે સત્વર અહા અપ્સરાગણ[3] માન. ૪૫

આપે આજ્ઞા તેમને જાવા સત્વર તેમ,
ગંધમાદન શિખર પર હિમાલયે એ એમ; ૪૬

નરનારાયણ જ્યાં કરે ઉગ્ર તપસ્યા તેહ,
જઈ તિહાં વેગે કરો ભંગ તપ તણો એહ. ૪૭

આપું કામ વસંત આ સાથે કરવા સ્હાય !
સૂણી વચન એ ઇંદ્રનાં સ્વર્વેશ્યાઓ ત્યાંય, ૪૮

મુખ્ય મુખ્ય લાવણ્યની લતિકા[4] કેવળ જેહ,
રંભા કુબ્જા મેનકા, પ્રલોચનાદિક તેહ; ૪૯

સુમ્લોચના મહોદ્ધતા, ઘૃતાચી સુભ્રા તેમ,
સૌરભેયી તિલોત્તમા, અલંબુષા પણ એમ; ૫૦

મિશ્રકેશી વરૂથિની, પુંડરિકાદિક જાણ,
દર્શનમાત્રે જે હરે ચિત્ત પલકમાં માન. ૫૧

મોટા મોટા તાપસી જોઈ જેને એમ,
થઈ કામવશ, સાધના ભૂલી તત્ક્ષણ તેમ, ૫૨

છોડી જપતપ તેમને થાએ સ્વાધીન જાણ;
એવી સુંદર અપ્સરા ચાલી ત્યાંથી માન. ૫૩

લઈ [5]મીનકેતન તથા વસંત સાથે તેમ,
આવી ગંધમાદન વિષે બદરિવનમાં એમ. ૫૪

કીધું કુસુમિત વન અહા, વસંત ઋતુએ જાણ;
વૃક્ષે નૂતન પલ્લવો ફૂટ્યા તત્ક્ષણ માન. ૫૫

ફૂલપુષ્પોથી તરુવરો વનસ્પતી સહુ તેમ,
ખીલી ઊઠ્યાં ક્ષણ મહીં, મ્હેંકે પરિમળ[6] એમ. ૫૬

જલઝરણાં ખળખળ કરે, વહે મંદ સમીર;
વનગંધર્વો વૃક્ષ પર ગાએ મંજુલ ધીર ! ૫૭

મેના પોપટ કોકિલા, મયૂર ચાતક તેમ,
હંસાદિક આનંદથી કરે મધુર રવ એમ. ૫૮

ખીલ્યાં કમળ અહા તિહાં, સરોવરે તું જાણ;
ગુંજારવથી ભ્રમર ત્યાં ખેંચે ચિતડું માન. ૫૯

વનમૃગલાં નિર્ભય ફરે, રમે કૌતુકે તેમ;
પશુપંખી આનંદથી ક્રીડે સઘળે એમ. ૬૦

ઉત્તેજક એવી સ્થિતિ બદરિકાશ્રમે જાણ
થતાં, એક આનંદ ત્યાં વર્ત્યો અનુપમ માન. ૬૧

યક્ષ નાગ કિન્નર સહુ દેવગણાદિક તેમ
થયા ચકિત આશ્ચર્યથી, જોઈ દૃશ્ય એ એમ. ૬૨

કહેઃ-જન્મમાં ના કદિ દીઠું આવું જાણ;
દૃશ્ય અલૌકિક એ નકી, કેવળ અપૂર્વ માન. ૬૩

[7]કુસુમાકર સમૃદ્ધિ એ જોઈ અનુપમ એમ,
વસ્ત્રાલંકારે થઈ સજ્જ અપ્સરા તેમ; ૬૪

નરનારાયણ વેષ્ટીને ગાય સુમંજુલ જાણ,
રાગરાગિણી સહ તિહાં, સાધી કાલપ્રમાણ. ૬૫

તાન તાલ ઠેકો અને સપ્ત સ્વર સહ તેમ,
હરે ચિત્ત ક્ષણમાં અહા જેથી અનંગ[8] એમ ! ૬૬

છોડે નેત્રકટાક્ષ ત્યાં, હાવભાવ સહ જાણ;
નાચે મત્ત થઈ મુદા, હાસ્યવિનોદે માન. ૬૭

તોએ હિંમત કામની, પ્રવેશ કરવા ત્યાંય,
નારાયણના ચિત્તમાં, ચાલે ના ત્યાં હાય ! ૬૮

બેઠા પ્હાડ સમા અહા ધન્ય મુનીશ્વર એહ !
જોઈ એવું શું કરે અપ્સરાગણ તેહ ? ૬૯

દર્શનમાત્રે જેહના થાએ વિકાર જાણ,
તેમ વસ્ત્ર છાતી તણું કરી દૂર તું માન. ૭૦

વક્ષઃસ્થળ ખુલ્લું કર્યું, કાઢી કંચુકી તેમ;
કરે નૃત્ય મુક્તસ્તને, દૃષ્ટી આગળ એમ. ૭૧

તોએ નારાયણહૃદે થાય ન કામવિકાર;
જોઈ સ્વર્વેશ્યા તિહાં ચમકે સહુ નિર્ધાર. ૭૨

પામી પાર વિદ્યા તણો, જ્ઞાનાર્ણવમાં એમ
થયું મગ્ન મન જેમનું ધન્ય સંત એ તેમ ! ૭૩

થયા નિવાતદીપવત્ સ્વસ્થ વૃત્તિ સહ જાણ,
બ્રહ્માનંદે લીન એ, આત્મજ્ઞાને માન. ૭૪

૧. હાથી ૨. ઉંદર ૩. સમૂહ. ૪. વેલી ૫. કામદેવ ૬. સુવાસ ૭. વસંત. ૮. કામ.

શુદ્ધ સત્ત્વમય એમનું ચિત્ત સર્વથા એમ,
વાસુદેવમય વિશ્વ આ દેખે સઘળું તેમ. ૭૫
થયો ભાવ દૃઢ એ જિહાં, રહ્યા ન રાગદ્વેષ;
બ્રહ્માનંદ વિના ન ત્યાં દૂજો વિકારલેશ. ૭૬
એક બ્રહ્મ વિણ અન્ય ના દેખે જ્ઞાની તેમ;
ક્યાંથી કામાદિક તિહાં મિથ્યા વિકાર એમ ? ૭૭
નારાયણચિત્તે તથા ઉપજે કામ ન જાણ;
જોઈ અપ્સરા જોરથી ફેંકે કટાક્ષબાણ. ૭૮
હાવભાવશૃંગારથી નાચે યત્ને તેમ;
ઊંચું વસ્ત્ર કરી અહા અર્ધનગ્નવત્ એમ ! ૭૯
તોએ ચિત્તે ના ઢળે, ધન્ય મુનીશ્વર એહ !
જ્ઞાનસૂર્ય પ્રગટ્યો જિહાં, શમ્યો દ્વૈતસંદેહ ! ૮૦
બાળે અગ્નિ અગ્નિને, ભીંજાવે જળ આપ.
આપે કામવિકાર એ તોજ જ્ઞાનીને તાપ. ૮૧
દેખે જ્ઞાની વિશ્વને સ્વસ્વરૂપ સુજાણ;
કોણ અન્ય ત્યાં જે કરે એને ચલાયમાન ? ૮૨
થયું દ્વૈત નિઃશેષ જ્યાં આત્મજ્ઞાને એમ,
સ્ત્રી-પુરુષ એ ભાવના રહી ન કિંચિત્ તેમ. ૮૩
નરનારાયણ અઢળ એ દેખી તેજ પ્રમાણ,
થાકી આખર અપ્સરા, થઈ નિર્લજ્જ માન ૮૪
કાઢી વસ્ત્રો સામટાં થઈ નગ્ન ત્યાં એમ;
ફેંકી નેત્રકટાક્ષ ત્યાં નાચે સુમત્ત તેમ. ૮૫
કરે કામચેષ્ટા [1]મિથઃ, હાવભાવ સહ જાણ;
કામગાયને ચિત્તને મથે ખેંચવા માન. ૮૬
વિચિત્ર લીલા એમની જોઈ સુસ્થિર એમ,
નારાયણ શું આચરે સાંભળ આગળ તેમ. ૮૭
નિજ [2]ઊરુથી કામિની અનુપમ એક સુજાણ,
ત્રિભુવનમોહક તત્ક્ષણે કરે ઉત્પન્ન માન. ૮૮
અપ્સરાગણ જેહના નખાગ્રની પણ તેમ
કરે ન બરાબરી અહા, કેવળ અપૂર્વ એમ. ૮૯
ચંદ્ર સૂર્ય પણ એહના તેજે ડૂબે જાણ;
મૂર્તિ જે સૌંદર્યની, અવર્ણ્ય કેવળ માન. ૯૦
જોઈ અલૌકિક રત્ન એ, કામાદિક ત્યાં તેમ
પામી લજ્જા અંતરે, ખડા દિઙ્મૂઢ જેમ. ૯૧
પ્હેરે વસ્ત્રો અપ્સરા, નીચે મોંઢે જાણ;
કર જોડી પ્રાર્થે સહુ નારાયણને માનઃ- ૯૨
હે કમલાપતિ ! નાથ હે ! ત્વન્માયાથી તેમ,
થઈ હન્ત મોહિત અમે ભૂલ્યાં તુજને એમ. ૯૩
સત્ય સ્વરૂપ ન તાહરૂં જાણ્યું દેવ સુજાણ;
પડ્યાં વ્યર્થ અભિમાનમાં, રૂપગર્વથી માન ! ૯૪
પ્રાણિમાત્રનું મૂળ જે બ્રહ્મ સનાતન એમ !
તે જ તમો અદ્વય અહા નરનારાયણ એમ ! ૯૫
નમીએ સાષ્ટાંગ પ્રભો, ચરણે વારંવાર;
કરો ક્ષમા અપરાધ એ કૃપામૂર્તિ ભગવાન, ૯૬
હિરણ્યગર્ભાધીશ જે શેષશાયી ભગવાન,
નરનારાયણ તે તમે એકમૂર્તિ પ્રમાણ ૯૭
શંખ ચક્ર ગદા અને પદ્માંકિત હરિ જેહ,
તે જ તમે નિશ્ચય હવે રહ્યો ન ઉર સંદેહ. ૯૮
નમીએ વારંવાર હે, કરો ક્ષમા અપરાધ;
વૈકુંઠાધિપ વિષ્ણુ જે, તે જ તમે સાક્ષાત્ ! ૯૯
વિદ્યાવારિધિ[3] દેવ હે અગ્નિસ્વરૂપ સુજાણ !
પાપતાપ બાળી સહુ, કરો વિમલ પ્રમાણ ! ૧૦૦
શાર્ઙ્ગધનુષ હાથે અહા, ભૃગુપદલાંછન તેમ
વિલસે દેહે જેહના, ભક્તવરદ જે એમ; ૧૦૧
પતિતોદ્ધારક શ્રીહરિ, દૃષ્ટિમાત્રથી જાણ,
હરે પાપ ભક્તો તણાં, આપી આત્મજ્ઞાન. ૧૦૨
યમનિયમાદિક સાધને પૂર્ણ સનાતન જેહ;
વિષ્ણુ અધોક્ષજ તે તમે, એમાં ના સંદેહ. ૧૦૩
ક્ષમારૂપ લક્ષ્મી વસે સદા જેહની પાસ,
ભક્તસખા એ એક તું નરનારાયણ ખાસ. ૧૦૪
સાષ્ટાંગ પ્રણતિ તને કરીએ વારંવાર;
કૃપાદાન પ્રભુ રંકને દે સત્વર નિર્ધાર. ૧૦૫
દેખાડી નિજ રૂપને, તાર દીનને એમ;
પડ્યાં અવિદ્યાગર્તમાં અમે મોહથી તેમ. ૧૦૬
કામેશ્વર નમીએ તને, તું સચ્ચિત્સુખ જાણ;
થઈ તુષ્ટ અમ રંક પર, કર ઉદ્ધાર સુજાણ ! ૧૦૭
નિર્મ્યું જે સ્ત્રીરત્ન આ, સ્વેચ્છાએ પ્રભુ તેમ;
ના દેખ્યું ના સાંભળ્યું, કેવળ અપૂર્વ એમ. ૧૦૮
મહામાયા સાક્ષાત્ અહા, જગદંબા એ જાણ;
અથવા માતા પાર્વતી ! કરીએ વંદન માન. ૧૦૯
દયાંબુધિ કરુણા કરી, હરી મોહ એ તેમ;
કૃપાદૃષ્ટિ અમ રંક પર, કર સત્વર પ્રભુ એમ. ૧૧૦
એમ કહી વંદન કરે ફરીફરીથી જાણ !
અલખ નિરંજનને કહે, નરનારાયણ માન. ૧૧૧
વિશ્વરૂપ દેખાડશે થઈ તુષ્ટ ત્યાં કેમ,
આગળ અનુપમ **રંગ** એ નકી જામશે તેમ. ૧૧૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
બદરિકાશ્રમાખ્યાને નરનારાયણસ્તવનં નામ સપ્તપંચાશત્તમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૫૭ ॥ દોહરા ૧૧૨

૧. પરસ્પર. ૨. સાથળ. ૩. સમુદ્ર.

અધ્યાય ૫૮

કામ અપ્સરા ઋતુ તથા કુસુમાકર એ એમ,
નરનારાયણને તિહાં સ્તવે ભાવથી તેમ. ૧

કહેઃ- બુદ્ધિ મન જેહનાં સદા પ્રસન્ન સુજાણ;
શાંત ધીર મુખ ફુલ્લ એ, કમલનેત્ર શાં માન ! ૨

યોગિજનોનો ઈશ તું, નમીએ તુજને તેમ;
હરી દુરિત હરિ કર હવે કૃપાદૃષ્ટિ તું એમ. ૩

છેદી માયાપડળ આ, દે સ્વસ્વરૂપજ્ઞાન;
કર અપરાધ ક્ષમા પ્રભો ! એ જ યાચના માન. ૪

થયું ગલિત અભિમાન ત્યાં, રડે તપ્ત થઈ તેહ;
ત્રાહિ ત્રાહિ વિભો ! કહે સ્વર્વેશ્યાદિક એહ. ૫

જોઈ સ્થિતિ એ એમની નારાયણ ત્યાં એમ
કહેઃ- કામ વસંત હે ! અપ્સરાગણ તેમ ! ૬

રાખી મહદભિમાન હા, કરવા તપનો ભંગ,
કીધો શ્રમ આ વ્યર્થ કાં ? જ્ઞાની સદા અસંગ !! ૭

બ્રહ્મનિષ્ઠ એ મોહમાં પડે ન કદીએ તેમ;
ફસાવવા તેને મથો, ધિક્ ધિક્ તમને એમ ! ૮

ફરો ગર્વથી જગતમાં રૂપોન્મત્ત સદાય,
પડી, અન્યને પાડવા, લહો વિવેક ન ત્યાંય. ૯

કથે શાસ્ત્ર, સ્ત્રી ગર્વથી પડે નિશ્ચયે જાણ;
થાય નષ્ટ તપ ક્રોધથી, શૂદ્રાન્ને દ્વિજ માન. ૧૦

દેતાં નિષિદ્ધ કર્મમાં દાન ગાયનું એમ,
થાય હીન એ નિશ્ચયે, દૂર પ્રચારે તેમ. ૧૧

હોય કપટ જો ચિત્તમાં હજીએ તે જ પ્રમાણ,
કરો પ્રયત્ન ફરી કસી, વિણ શંકાએ આન. ૧૨

વદો કામ વસંત હે અપ્સરાદિક એમ;
આવ્યાં શેં અહીંયા વૃથા, ત્યજી સ્વર્ગસુખ તેમ ? ૧૩

લહે ઈંદ્ર પણ શું ન એ આત્મજ્ઞાનપ્રભાવ ?
વાગે ગજ ના કોઈનો, વ્યર્થ હાવ ને ભાવ ! ૧૪

નૃત્યગીતથી એમ શું, થાએ તપનો ભંગ ?
અભેદ્ય જ્ઞાની અંતરે કેવળ એ નિઃસંગ ! ૧૫

જોઈ અંગચેષ્ટા તથા ડગે ન સ્વપ્રે તેમ;
વ્યર્થ નેત્રકટાક્ષ ત્યાં, જાણો નિશ્ચય એમ. ૧૬

કરી ઈંદ્રિયો વશ બધી યોગાનલથી જાણ,
જ્ઞાનબલે સ્વાત્મસ્થ જે, તેને શું આ ગાન ? ૧૭

છોડી સર્વ ગુણો તથા, થયો ગુણાતિગ જેહ;
જ્ઞાનપૂર્ણ વૈરાગ્યથી અચલ પ્હાડ સમ એહ. ૧૮

રાચે ના શુભ શબ્દથી, અપશબ્દોથી તેમ
ભેદાએ ના અંતરે, શુભાશુભાતિગ એમ. ૧૯

ગીતનૃત્યાદિક થકી હરખાએ શું આમ ?
પડે કામપંકે શું એ, જ્ઞાની આત્મારામ ? ૨૦

અરે કામ બલવાન તું, માયાનુંજ સ્વરૂપ;
માટે સાયક[1] મુખ્ય તું, એનું જાણ અરૂપ ! ૨૧

વીંધી પ્રાણીમાત્રને કરે સ્વવશ તું એમ;
રાગદ્વેષે વિશ્વને તુંજ નચાવે તેમ. ૨૨

કામ વાસનારૂપ તું વધતાં ચિત્તે જાણ,
સૂઝે ના બીજું કશું પ્રાણિમાત્રને માન. ૨૩

પ્રથમ વાસના ભૂમિની, પ્રગટે ચિત્તે તેમ,
વધે દ્રવ્યતૃષ્ણા પછી, કરે સુવિહ્વળ એમ. ૨૪

વધે પછી સ્ત્રીવાસના, ભોગલાલસા જાણ;
જેથી જગમાં થાય આ અનર્થ નાના માન. ૨૫

થાય કૃપા ગુરુદેવની, બચે તોજ નર તેમ;
પૃથ્વ્યાદિકની વાસના પ્રથમ નષ્ટ થઈ એમ, ૨૬

ધનતૃષ્ણા નાસે પછી, આખર તે જ પ્રમાણ
નષ્ટ થાય સ્ત્રીકામના, થાય ભક્ત નિર્માન. ૨૭

થતાં નષ્ટ ત્રણે તથા ધન્ય મુમુક્ષુ તેહ;
નાચે બ્રહ્મપદે અહા કેવળ નિરિચ્છ જેહ ! ૨૮

વાસનાક્ષય જ્યાં સુધી થયો ન મૂળે જાણ,
દૂર બ્રહ્મપદ ત્યાં સુધી નિશ્ચય મનમાં માન. ૨૯

જતાં વાસના મૂળથી, થાય બ્રહ્મવિદ્ તેહ;
સમદર્શી લોકત્રયે, એકાદ્વિતીય એહ. ૩૦

સર્વ વાસનામાં નકી સ્ત્રીતૃષ્ણા બળવાન;
પાડે અધવચ ધ્યેયથી મુમુક્ષુને તું જાણ. ૩૧

કામદેવતા પુરુષની માટે નારી તેમ;
જાણ સ્ત્રી તણી પુરુષ તું કામદેવતા એમ. ૩૨

માટે સ્વાભાવિક રહે પ્રેમ પરસ્પર જાણ;
જોઈ એકબીજા તણું, પીગળે અંતર માન. ૩૩

જાણી કામસ્વરૂપ એ, વર્તે સાધક તેમ;
રાખી જાગ્રત્ સર્વદા વિવેક ચિત્તે એમ. ૩૪

આત્માનાત્મવિચારથી યોગાભ્યાસે જાણ,
જેણે કામાદિક કર્યા સાધ્ય સર્વથા માન; ૩૫

તેની આગળ કોઈનું ના ચાલે જો એમ !
ભીડો હિંમત હોય તો પુનઃ મળી સહુ તેમ !! ૩૬

૧. બાણ.

હે કામાદિ વસંત હે, તેમ અપ્સરા સર્વ !
કહો જઈ દેવેન્દ્રને, વહે ન મિથ્યા ગર્વ. ૩૭

કરે યત્ન આવી સ્વયં, ફરી યથેષ્ટ પ્રમાણ;
ના વાંધો અમને કશો, સહીએ સર્વ સમાન. ૩૮

પાર સર્વથી સર્વમાં વ્યાપ્યો સઘળે જેહ;
સ્થાવરજંગમમાં બધે, એક પરાત્મા તેહ; ૩૯

જગન્નાટકી એ વિભુ, અંતર્યામી એક;
સ્વલીલાથી સર્વને આમ નચાવે છેક. ૪૦

સ્વાત્મરૂપ ભગવાનને જોયો જેણે એમ;
સમદર્શી એ સર્વથા, સ્વાત્મનિષ્ઠ નર તેમ. ૪૧

રાગદ્વેષ ન એહને, એ જ સર્વ નિર્ધાર;
દેખે સ્વાત્મામાં બધું, સ્વાત્મા સર્વમાં સાર. ૪૨

માટે કામ વસંત હે અપ્સરાદિક તેમ,
મત્સ્વરૂપ તમે બધાં ઇંદ્રાદિક પણ એમ ! ૪૩

માટે કોઈ પર નહીં, મુજને રાગદ્વેષ;
પ્રાણિમાત્ર નિજ રૂપ ત્યાં, આપે કોણ ક્લેશ ? ૪૪

ઇંદ્ર ચંદ્ર બ્રહ્મા અને મરુદ્ગણો પણ તેમ,
વિશ્વદેવ આદિત્ય ને સાધ્ય પિતૃગણ એમ; ૪૫

યક્ષ વસુ ગંધર્વ ને પિશાચ રાક્ષસ જાણ,
શિવ શક્તિ કિન્નરગણો નાગાદિક પણ માન; ૪૬

નદી સરોવર વન ગિરિ, નરનારી પણ તેમ,
પશુપંખી ભૂચર તથા ખેચર સર્વે એમ; ૪૭

જલચર થલચર સિંહ ગો મૂષક બિલ્લી જાણ,
ડાંસ કૃમી કીટક તથા મક્ષિકાદિક માન; ૪૮

લતાગુલ્મ વૃક્ષાદિ એ તૃણકાષ્ઠાદિક તેમ;
સ્થાવર જંગમ દૃશ્ય આ, એક વિભુથી એમ ૪૯

થયું જાણ ઉત્પન્ન તું, એ જ વિષ્ણુ હું જાણ !
માટે રાગદ્વેષ ના મુજને ક્યાંએ માન. ૫૦

'સર્વં વિષ્ણુમયં જગત્' અદ્વૈતામૃત એહ;
પીધું જેણે તે સ્વયં થયો વિષ્ણુ નર તેહ ! ૫૧

રાગદ્વેષ ન તેહને, અભિન્ન કેવળ એહ;
હું-તું-તે એ ભેદ ના, એને નિઃસંદેહ. ૫૨

પૂર્ણજ્ઞાને એમ એ સઘળે સમાન એમ;
દિસે ભિન્ન વ્યવહારમાં, લોકદૃષ્ટિથી તેમ. ૫૩

દેવા શિક્ષણ લોકને વર્તે એમ અલિપ્ત;
ભિન્નભાવ ના અંતરે, થાય ન કદિએ [1]ક્ષિપ્ત. ૫૪

દેહેન્દ્રિયમન ભૂતથી થયાં જાણ નિર્માણ;
ભૂતો માયાથી તથા, માયા ગુણમય માન. ૫૫

છાયા પરમાત્મા તણી, માયા અભિન્ન તેમ;
દિસે ભિન્નતા વિશ્વમાં માટે ક્યાંય ન એમ. ૫૬

વારિ મહાસાગર તણું મેઘરૂપ થઈ જાણ,
ભિન્ન ભિન્ન ભાસે અહા ! પુનઃ સમુદ્રે માન ૫૭

જતાં એક અભિન્ન એ; જાણ વિશ્વ આ તેમ
દેખાએ વિધવિધ તથા, તોએ અભિન્ન એમ. ૫૮

જોતાં યથાર્થ દૃષ્ટિથી, આત્મરૂપ એ જાણ;
અગ્નિકાષ્ઠવત્ ભિન્નતા ઉપાધિભેદે માન. ૫૯

[2]'સર્વં બ્રહ્મેદં ખલુ' બોલે વેદો એમ;
અનુભવદૃષ્ટિથી સ્વયં, જાણે જ્ઞાની તેમ. ૬૦

કહો જઈ દેવેંદ્રને અપ્સરાદિ સુજાણ,
જ્ઞાન પૂર્ણ જે આ કહ્યું તમને સૌખ્યનિધાન. ૬૧

વદો, કોપ જે આ કર્યો વૃથા મૂઢવત્ તેમ;
વિવેકજ્ઞાને તેહને કરે શાંત એ એમ. ૬૨

હે કામાદિ વસંત હે, અપ્સરાદિ સુજાણ !
સર્વ લોક આ મુજ મહીં વસે અલ્પ મહાન્. ૬૩

સુરાસુરો નદી પર્વતો, સ્વર્ગાદિક પણ તેમ,
વસે દેહમાં આ નકી; સ્વયં ઇંદ્ર પણ એમ ! ૬૪

તેમાંથી સ્ત્રીરત્ન આ દેખાડ્યું રજ એક.
તેમ સર્વ બ્રહ્માંડ આ, દેખાડું જો છેક. ૬૫

અપકારી પર પણ કરે જે ઉપકાર સદાય,
તે જ સાધુલક્ષણ નકી; શત્રુમિત્ર ના ત્યાંય. ૬૬

કહો જઈ દેવેંદ્રને, મરે દ્વેષથી કેમ ?
રહ્યું ઇંદ્રપદ કોઈનું ? રહેશે એનું તેમ ? ૬૭

જ્ઞાનાદ્વૈતે આ અમે રહીએ નિર્ભય જાણ;
જોઈ સ્ત્યાદિકને તથા, ના ડગીએ કદિ માન. ૬૮

રૂપકુરૂપે ના કદિ, પડીએ મોહે તેમ;
ભેદ ન અમને સર્વથા, રહીએ નિશ્ચલ એમ. ૬૯

ભેદદૃષ્ટિથી યુક્ત જે, ચળે તે જ તું જાણ;
વ્યર્થ શસ્ત્ર તારું અહીં, જ્ઞાની અભેદ્ય માન ! ૭૦

અપ્સરાદિક, લો સુખે સ્ત્રીરત્ન આ એમ;
પ્રગટ્યું જે મમ ઊરુથી, નામ ઉર્વશી તેમ. ૭૧

શ્રેષ્ઠ એ જ તમ સર્વમાં, રૂપગુણાદિક માંહ્ય;
અર્પો જઈ એ ઇન્દ્રને, ભેટ માહરી ત્યાંય. ૭૨

૧. અસ્વસ્થ ૨. ખરેખર આ સર્વ બ્રહ્મમય છે.

કહો જઈ એને સુખે, થા તત્સહ રમમાણ;
વિના તપે સ્ત્રીરત્ન આ પામ્યો અનુપમ માન. ૭૩

રહે મોજથી સ્વર્ગમાં, ભોગ ભોગવી એમ;
કૃપા કરી અમ પર હવે, મા ઉપાધિ કર તેમ. ૭૪

નહિ તો વ્યર્થ મરીશ રે, ત્વદ્દ્વેષે તું જાણ;
જગદુદ્ધારાર્થે નકી જન્મ અમારો માન ! ૭૫

ના ઇચ્છા સ્વર્ગાદિની; ડરે વ્યર્થ કાં એમ ?
રહે મગ્ન ભોગે સુખે, મા મર દ્વેષે તેમ !! ૭૬

નારાયણમુખથી તથા સૂણી વિશુદ્ધ જ્ઞાન;
અપ્સરાદિક સર્વ ત્યાં થયાં સુલજ્જિત માન. ૭૭

સાષ્ટાંગ પ્રણતિ કરી, જોડી બેઉ કર તેમ;
કહેઃ- ધન્ય ત્વદ્દર્શને થયાં સુપાવન એમ ! ૭૮

કોટિ જન્મનાં પાતકો થયાં ભસ્મ સહુ જાણ;
પતિતોદ્ધારક તું નકી, નમીએ અનન્ય માન. ૭૯

જ્ઞાનમૂર્તિ તવ બોધથી, માયાવેષ્ટિત એમ
અજ્ઞાની જન જે અમે થયાં કૃતકૃત્ય તેમ. ૮૦

ભવભંજન લક્ષ્મીપતે ! થઈ પ્રસન્ન સુજાણ,
દેખાડી આ ઉર્વશી સ્ત્રીરત્નોત્તમ જાણ. ૮૧

તેમ દાસજન પર કરી ફરી અનુગ્રહ એમ,
કૃપામૂર્તિ ત્વદ્દેહમાં રહ્યું સકળ જે તેમ ૮૨

વિશ્વરૂપ સુદિવ્ય એ દેખાડીને જાણ,
કર કૃતાર્થ હવે પ્રભો ! મા જો દોષપ્રમાણ !! ૮૩

અપરાધો બાળક કરે અનેક તોએ જેમ
કરે ક્રોધ માબાપ ના, કર ક્ષમા તું એમ. ૮૪

અબુદ્ધ અજ્ઞાની અમે, શુદ્ધ બુદ્ધ તું જાણ;
અપરાધી બાળક અમે, સમદર્શી તું માન ! ૮૫

જગત્પતે નમીએ તને, વિશ્વરૂપ તું તેમ;
દે દર્શન કરુણા કરી ! પ્રાર્થે ફરી ફરી એમ. ૮૬

બોલે નારાયણ તિહાં, સૂણી પ્રાર્થના એહ :-
હે કામાદિક અપ્સરા, થાઓ નિઃસંદેહ ! ૮૭

વિશ્વ સકલ મદ્રૂપમાં વસે નિશ્ચયે કેમ;
લોકાલોકો સહ અહા, જુઓ થઈ સ્થિર તેમ. ૮૮

જે જે ઇચ્છિત તે સુખે જુઓ સ્વસ્થ થઈ ત્યાંય;
આપું દૃષ્ટિ દિવ્ય આ, જેથી દર્શન થાય. ૮૯

એમ કહી નારાયણે વિશ્વરૂપ ત્યાં જાણ
કર્યું શીઘ્ર ધારણ અહા કેવળ અપૂર્વ માન ! ૯૦

અનંત બ્રહ્માંડો જિહાં, દેવદેવીઓ તેમ,
ચતુરાનન વિષ્ણુ અને ઇંદ્ર ઉમાપતિ એમ; ૯૧

એકાદશ રુદ્રો અહા દ્વાદશાદિત્ય જાણ,
અષ્ટ વસુ, સાધ્યાદિ એ સુરકિન્નર પણ માન; ૯૨

વેદપુરુષ સરસ્વતી નારદ તુંબર તેમ,
મહર્ષિઓ સર્વે અહા અશ્વિનીકુમાર એમ; ૯૩

વિશ્વદેવ યક્ષો તથા ગંધર્વાદિક જાણ,
પિશાચ દાનવ રાક્ષસો, અગ્નિ મરુદ્ગણ માન; ૯૪

અપ્સરાગણ પિતૃઓ વિદ્યાધર પણ તેમ,
મનુષ્ય પશુ પક્ષી બધાં વૃક્ષ લતાદિક એમ; ૯૫

સરોવરો નદીઓ તથા પર્વત દુર્ગો જાણ,
જીવજંતુ અપાર હા, કેવળ અવર્ણ્ય માન; ૯૬

સપ્ત દ્વીપ અરણ્ય ને નાગાદિક પણ એમ,
નગર પટ્ટનો ગિરિગુહા, રમ્યોદ્યાનો એમ; ૯૭

ગ્રામ ખેતરો કાનનો નક્ષત્રાદિક જાણ,
ગ્રહમંડલ તારા અહા, સૂર્ય ચંદ્ર સહ માન; ૯૮

દેવ ઇંદ્રિયોના તથા પંચભૂત પણ તેમ;
દૃશ્યાદૃશ્ય અનેકધા જીવ સૂક્ષ્મતર એમ; ૯૯

દેખાએ તદ્રૂપમાં અખિલ વિશ્વ નિર્ધાર;
દૃશ્યજાત[1] સઘળું ભર્યું, લાગે અંત ન પાર ! ૧૦૦

આદિ મધ્ય કે અંતનો છેડો ક્યાંય ન જાણ;
એક અનંત બધે ભર્યું, તેજોમય એ માન ! ૧૦૧

થાએ કુંઠિત દૃષ્ટિ ત્યાં રૂપાપ્રમેય એમ;
અનેક અદ્ભુત દૃશ્યથી પૂર્ણ સર્વથા તેમ ! ૧૦૨

જોઈ અપ્સરાદિક તિહાં, થઈ સુવિસ્મિત તેહ;
ગલિતગર્વ થઈ પ્રાર્થના કરે જોડી કર એહ. ૧૦૩

અલખ નિરંજનને કહે, સાંભળ આપી ધ્યાન;
આગળ અનુસંધાન એ કેવળ અનુપમ માન. ૧૦૪

ભર્યું સભર વિશ્વે અહા, વિશ્વરૂપ એ એમ !
જાણે વિરલા યોગીઓ, **રંગ** બ્રહ્મવિદ્ તેમ !! ૧૦૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
બદરિકાશ્રમાખ્યાને વિશ્વરૂપદર્શનં નામ અષ્ટપંચાશત્તમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૫૮ ॥ દોહરા ૧૦૫

૧. સમૂહ

અધ્યાય ૫૯

થઈ નમ્ર સદ્‌ભાવથી પ્રાર્થે સઘળાં તેમઃ
દેવાધીશ અનંત હે ! જય અચ્યુત હરિ એમ. ૧

વિશ્વરૂપ આ તાહરૂં જોતાં નજરે જાણ;
આદિઅંત ભાસે નહીં, અપાર કેવળ માન. ૨

હે જગદાત્મા હે વિભો ! [1]અસંભાવ્ય આ એમ
જોઈ સ્વરૂપ તાહરૂં, નમીએ શ્રીપતિ તેમ. ૩

પંચભૂત [2]તન્માત્ર તું, ઈશ પરાત્પર જાણ;
પૃથ્વ્યાદિક ભૂતો સહુ, ત્વદ્વિસ્તાર સુજાણ. ૪

ભેદાભેદો જે દિસે, તુંજ સર્વ તે તેમ;
અગાધ લીલા તાહરી, કોણ વર્ણવે એમ ? ૫

હૃષીકેશ નમીએ તને, તું સર્વાંતર જાણ;
ચક્ષુદ્વારે દૃશ્યને જુએ જનાર્દન માન. ૬

રહી કર્ણમાં શબ્દને તુંજ સાંભળે તેમ;
બીજરૂપમાં જગતને નિપજાવે તું એમ. ૭

તુંજ સુગંધ ગ્રહે નકી, રહી ઘ્રાણમાં જાણ;
ભક્ષે મુખમાં સર્વ તું, અતીન્દ્રિય તું માન ! ૮

ગમનાગમન કરે સુખે, રહી પગોમાં તેમ;
લે આપે હાથે તથા, પ્રાણિમાત્રમાં એમ. ૯

પ્રતિદેહે અશરીરી તું; રહી મન વિષે જાણ,
સંકલ્પાદિક તું કરે; તુંજ બુદ્ધિમાં માન ૧૦

કરે સુનિશ્ચય સર્વનો; અહંકારમાં તેમ,
'અહંઅહં' ની ગર્જના કરે તુંજ વિભુ એમ ! ૧૧

તેમ છતાં કોઈ તને ના જાણે પ્રભુ જાણ,
સુરનર પશ્વાદિક અહા સ્થાવર જંગમ માન ! ૧૨

રહ્યો પૂર્ણ સઘળે નકી; અંશરૂપથી એમ
ના જાણી અજ્ઞાનીઓ કરે કલ્પના તેમ ૧૩

અંશભૂત જીવાત્મની, નિજ નિજ બુદ્ધ્યનુસાર;
અંશ અંશી કલ્પી તિહાં, અનેકધા નિર્ધાર ! ૧૪

માયિક તારા રૂપને નમીએ માધવ એમ;
કૃપામૂર્તિ જગદીશ હે ! તું તો અખંડ તેમ !! ૧૫

બુદ્ધિ માંહે બ્રહ્મ તું, શાંતિમાં વિધુ જાણ;
બલમાં [3]વૃત્રારિ સ્વયં, ધૈર્યે સમુદ્ર માન. ૧૬

તેજે અગ્નિ, ક્ષમા મહીં પૃથ્વી અગાધ તેમ;
ગતિમાં વાત, વિવેકમાં સનકસુજાત તું એમ. ૧૭

મનુષ્યમાં નૃપનાથ તું, પિશાચ દાનવ માંહ્ય;
રસરૂપે જલમાં રહ્યો, ગંધ પૃથ્વીમાં ત્યાંય. ૧૮

અગ્નિ માંહે તેજ તું, સ્પર્શ વાયુમાં તેમ;
રહ્યો શબ્દરૂપે અહા વ્યાપી વ્યોમમાં એમ ! ૧૯

ત્વન્નાભિમાં દેવ હે ! બ્રહ્મદેવ સુજાણ;
ભ્રૂકુટિસ્થલમાં શિવ વસે, સંહારક જે માન. ૨૦

અંતઃકરણે તું સ્વયં નારાયણ વિભુ એમ;
કર્ણોમાં દિગ્દેવતા, નેત્રે રવિશશી તેમ. ૨૧

લોકપાલ બાહુ મહીં રહ્યા વ્યાપીને જાણ;
અશ્વિનીકુમાર ઘ્રાણમાં ભિષગ્રાજ[4] એ માન. ૨૨

સરસ્વતી જિહ્વા મહીં, હૃદયે વાયુ તેમ;
પદકંજે પૃથ્વી અહા, ક્ષમામૂર્તિ જે એમ ! ૨૩

લોક ચતુર્દશ ઉદરમાં, પિશાચ પદતલ માંહ્ય;
યક્ષ નાગ ગુહ્યક અહા સિદ્ધાદિક સહુ ત્યાંય ! ૨૪

યજ્ઞ સર્વ મુખમાં વસે, દંતે ભગણ[5] પ્રકાશ;
રોમ મહીં સહુ દેવતા, પુરુષ ઓષ્ઠમાં ખાસ. ૨૫

પાદાદિકરેખા મહીં વિદ્યાધર તું જાણ;
વેદો બાહુસંધિમાં, શાસ્ત્ર શ્વાસમાં માન. ૨૬

વરાહરૂપે પૃથ્વીને ધારે તુંજ અનંત;
નૃસિંહરૂપે દૈત્યને તુંજ વિદારે હંત ! ૨૭

કરાલદંષ્ટ્રા તાહરી દેખી ભીષણ તેમ,
કંપે ગાત્રો કાળનાં ! કોણ અમે ત્યાં એમ ? ૨૮

વ્યાપ્યો દ્યાવાપૃથ્વીમાં થઈ ત્રિવિક્રમ જાણ;
નમીએ તે તુજને પ્રભો, રૂપે અરૂપ માન !! ૨૯

સપ્તદ્વીપવતી મહી, સમુદ્ર પર્વત તેમ,
ગંગારેવાદિક બધી મહાનદી પણ એમ; ૩૦

દેખાએ તુજમાં પ્રભો, અરણ્ય શ્વાપદ જાણ;
વનસ્પતિ ગિરિગહ્વરો, કાષ્ઠ પાષાણ માન. ૩૧

સ્વર્ગાદિક લોકો બધા, દેવતાગણ તેમ,
પાતાલાદિક દૈત્ય એ, નાગાદિક પણ એમ; ૩૨

સિદ્ધ ઋષિ સુર કિન્નરો દિસે દેહમાં જાણ;
કરે સ્તવન તારૂં વિભો, પ્રેમપુરસ્સર માન. ૩૩

દૈત્યાદિક ભયભીત એ જોઈ તુજને એમ,
દોડે દશ દિશા મહીં; ચોર ભૂપને જેમ. ૩૪

ઋષિમુનિઓ યજ્ઞાદિથી સ્તવે નિરંતર જાણ;
તે તુજ વ્યાપક રૂપને, નમીએ કૃપાનિધાન ! ૩૫

વ્યાપ્યો સઘળે એક તું, સ્થૂલસૂક્ષ્મમાં એમ;
નિરાકાર સાકાર તું, પાર સર્વથી તેમ !! ૩૬

૧. કલ્પનામાં ન ઉતરે એવું. ૨. ભૂતોના સૂક્ષ્મ ગુણ. ૩. વૃત્રશત્રુ; ઈંદ્ર. ૪. વૈદ્યરાજ. ૫. નક્ષત્રાદિ સમૂહ.

રજ્જુઆધારે યથા અધિષ્ઠાન અહિવત્;
હે ઈશ્વર તુજમાં બધું ભાસે આ તદ્વત્ ! ૩૭

આત્મા એક અખંડ તું પ્રાણિમાત્રમાં જાણ;
ત્વન્માયામોહિત અમે પામર જીવ અજાણ. ૩૮

કરી અપરાધ ક્ષમા સહુ, થા તું પ્રસન્ન તેમ;
તારી શરણાગત વિભો, લે શરણે તું એમ. ૩૯

યંત્રકાર સ્વેચ્છા થકી જેમ નચાવે જાણ,
યંત્રકળાથી પૂતળાં નાચે તે જ પ્રમાણ !! ૪૦

જગદ્યંત્રચાલક પ્રભો, બુદ્ધિગુફામાં તેમ
રહી સ્વયં જગયંત્રને તુંજ નચાવે એમ !! ૪૧

કર્યું અમે એ બોલવું માટે વ્યર્થ પ્રમાણ;
તેંજ કરાવ્યું આ બધું, લીલા તારી જાણ. ૪૨

દેહયંત્રનો આ નકી, ચાલક ભાસક તેમ
તુંજ વિશ્વવ્યાપી પ્રભો કર કરુણા વિભુ એમ. ૪૩

ત્વન્માયામોહિત થઈ કર્યા અપરાધ જેહ;
કરી ક્ષમા તેની હવે, વાર સર્વ સંદેહ. ૪૪

માયાપડળ નિવારીને, હર ભ્રાંતિ નિઃસાર;
જ્ઞાનજ્યોતિ અમ હૃદયમાં કરી પ્રગટ નિર્ધાર. ૪૫

દુસ્તર માયા તાહરી, ત્વત્કૃપા વિણ તેમ
થાએ દૂર ન સર્વથા; માટે પ્રભુજી એમ ૪૬

કરી અનુગ્રહ દીન પર, વિશ્વમૂર્તિ તું જાણ
માયા દુર્જય શ્વાનવત્, સંહર[1] કૃપાનિધાન ! ૪૭

'છૂ' કહેતાં તત્ક્ષણેં ભસે સ્વામ્યાજ્ઞાથી જેમ,
'હં' કહેતાં પાછું વળે શ્વાન શાન્ત થઈ જેમ; ૪૮

માયા તારી આ નકી, તેમ ત્વદધીન જાણ;
થાય કૃપા જો તાહરી, ખસે તોજ એ માન. ૪૯

મોટા મોટા દેવ પણ બ્રહ્મેન્દ્રાદિક તેમ,
થઈ ભ્રાંત માયા થકી પડ્યા મોહમાં એમ. ૫૦

કોણ અમે પામર તિહાં, કેવળ મૂઢ હરામ ?
નમીએ તુજને ભાવથી, સ્મરીએ પાવન નામ ! ૫૧

હે માધવ ! ગોવિંદ હે ! હે દામોદર નાથ !
હે પુરુષોત્તમ નરહરે ! પરબ્રહ્મ સાક્ષાત્ !! ૫૨

સ્મરતાં ભાવે એમ એ થાય ભ્રાંતિ સહુ દૂર;
થઈ ભસ્મ પાતક બધાં, નાસે મોહ સમૂળ. ૫૩

પતિતોદ્ધારક દેવ હે ! હે વિશ્વેશ અનંત !
વિશ્વરૂપ તુજ સ્તવનથી, પાપ હમારાં હંત ૫૪

કેમ જાય ના ઈશ હે ? હૃષીકેશ મહેશ !
ત્વન્નામસ્મરણે રહે કેમ શેષ એ કલેશ ? ૫૫

નારાયણ નરસિંહ હે ! અજ અક્ષય તું જાણ;
સ્મરતાં તુજને ભાવથી, રહે ન પાપનિશાન ! ૫૬

માયાપડળ નિવારીને, કર સત્વર ભવપાર;
કૃપા કરી ગોવિંદ હે ! હર ભીતિ નિઃસાર. ૫૭

વાસુદેવ અનંત હે ! શેષશાયી ભગવાન !
હે લક્ષ્મીવર ! ચરણમાં કરીએ વંદન માન. ૫૮

સર્જે સ્વેચ્છાથી બધું, થઈ ત્રિગુણાત્મક તેમ;
રક્ષે સંહારે અહા, તોએ અલિપ્ત એમ !! ૫૯

વિશ્વરૂપ આ તાહરૂં જોવા શક્તિ ન જાણ;
અનંત પ્રલયાનલ સમું, ભાસે પ્રદીપ્ત માન. ૬૦

વ્યાપી પૃથ્વીગગનમાં રહ્યો પૂર્ણ તું એમ;
મૂળ રૂપ ક્યાં તાહરૂં, દિસે ન ક્યાંએ તેમ ! ૬૧

અલ્પ મહાન બધું નકી ભાસે તુજમાં જાણ,
જૂદું ત્વદ્વિણ ના દિસે, એકાપ્રમેય[2] માન ! ૬૨

શી રીતે વર્ણન મુખે કરવું તારૂં એમ,
થાક્યા વેદ અનંત[3] જ્યાં, સરસ્વતી પણ તેમ ? ૬૩

ચાલે જીભ ન સર્વથા, ઠરે ન દૃષ્ટિ જાણ;
માટે વિશ્વપતે હવે વિશ્વરૂપ આ માન ૬૪

ફરી સમાવી સ્વાત્મમાં, મૂળ રૂપ જે તેમ
દેખાડી અમને કરો શાન્ત શ્રીપતિ એમ. ૬૫

નમીએ પદકંજે હરિ, તારો દીન અનાથ !
એમ કહી વંદે તિહાં, ભાવે સઘળાં સાથ. ૬૬

વિશ્વરૂપદર્શન થકી, થયું નષ્ટ અજ્ઞાન
અપ્સરાદિકનું અહા, પ્રગટ્યું શુદ્ધ જ્ઞાન ! ૬૭

પ્રાણિમાત્રમાં સ્વાત્મને જોઈ વિશ્વે તેમ,
થયાં લીન એ રૂપમાં અનન્યભાવે એમ. ૬૮

જોઈ સ્થિતિ એ એમની, નારાયણ પણ જાણ
વિશ્વરૂપ સમાવીને ફરી પૂર્વવત્ માન ૬૯

થયા સૌમ્ય ઋષિરૂપ એ; જોઈ સર્વ એ તેમ,
અપ્સરાદિક ભાન પર આવી બોલે એમઃ ૭૦

ઈશ્વર પોતે આ નકી, દિશા કાળ ગિરિ જાણ;
સાગર ભૂમિ વ્યોમ ને જલ વાતાનલ માન. ૭૧

સ્થાવરજંગમમાં બધે વ્યાપ્યો સઘળે એમ;
સર્વાંતર્યામી નકી એક પરિપૂર્ણ તેમ. ૭૨

૧. પાછી ખેંચ. ૨. જેનું માપ કાઢી ના શકાય તેવું. ૩. શેષનારાણ.

સચ્ચિદ્રૂપે સર્વમાં રહ્યો પ્રકાશી જાણ;
આનંદાત્મા એ અહા, એકાદ્વિતીય માન. ૭૩

દેવાસુર કિન્નર તથા યક્ષ ઉરગ[1] પણ તેમ,
દાનવ રાક્ષસ સર્વથા વિદ્યાધરાદિ એમ; ૭૪

મનુષ્ય પશુપક્ષી અને કીટ પતંગ પ્રમાણ,
જલચર ખેચર ભૂચરો પ્રાણિમાત્ર સહુ જાણ; ૭૫

રહે યદાશ્રયથી નકી, અજ અવ્યય જે ઈશ,
નરનારાયણ તેજ આ સર્વાધ્યક્ષ ત્રયીશ ! ૭૬

એમ કહી વંદન કરે અપ્સરાદિક એહ;
થઈ પ્રસન્ન વદે તિહાં, નારાયણ વિભુ તેહઃ- ૭૭

હે વસંત ! કામાદિ હે ! અપ્સરાદિક તેમ !
સ્ત્રીરત્ન આ ઉર્વશી લઈ જાઓ સપ્રેમ. ૭૮

અર્પી જઈ દેવેન્દ્રને સુખભોગાર્થે એહ;
કથ્યું જ્ઞાન જે મેં અહીં રાખી સ્મરણે તેહ, ૭૯

વર્તો એ માર્ગે સદા, થાશો કૃતાર્થ તેમ;
ભૂતમાત્ર મમ અંશ આ જાણી ચિત્તે એમ. ૮૦

અંશશબ્દ કલ્પિત નકી વ્યોમઅંશવત્ તેહ;
અંશઅંશિભાવ ના મુજમાં યથાર્થ તેહ. ૮૧

કરવા અજ્ઞાની તણું સમાધાન એ તેમ
યોજે મુજમાં, સર્વથા અખંડ હું તો એમ. ૮૨

પ્રાણિમાત્રમાં માહરી વ્યાપ્તિ પૂર્ણ અભંગ;
વાસુદેવ મુજને કહે, તેથી જ્ઞાની અસંગ ! ૮૩

વસી સર્વમાં સર્વને કરું પ્રકાશિત તેમ;
જાણે વિરલા યોગીઓ, અનુભવજ્ઞાને એમ. ૮૪

આત્મરૂપથી આ કંઈ બીજું પર ના જાણ;
એક જ સઘળે વિસ્તર્યું, અનાદ્યનંત પ્રમાણ. ૮૫

રાખી નિષ્ઠા એહમાં, ધ્યાય નિરંતર જેહ;
તરે ભવાર્ણવ શીઘ્ર એ, એમાં ના સંદેહ. ૮૬

પ્રાણિમાત્ર આ વિશ્વમાં; સુર કિન્નર નરનાર;
વ્યક્તાવ્યક્ત બધાં થયાં, એજ દેવથી સાર. ૮૭

વાસુદેવ ભગવાન એ વ્યાપક સઘળે એમ;
જાણી સ્વરૂપ માહરું, અનન્ય ભાવે તેમ ૮૮

ભજતાં ભ્રાંતિ ક્યાં રહે ? ટળે મૂળ અજ્ઞાન;
ભેદ ખેદ નાસે સહુ, પામે નર નિર્વાણ. ૮૯

નારાયણનાં વેણ એ, સૂણી સુધાસમ એમ;
સાષ્ટાંગ પ્રણતિ કરે અપ્સરાદિક તેમ. ૯૦

આજ્ઞા લઈ આનંદથી ઉર્વશી સહ એહ;
આવ્યાં ઇંદ્રસભા મહીં, ત્યાંથી તત્ક્ષણ તેહ. ૯૧

અર્પી અપૂર્વ રત્ન એ, કામાદિક ત્યાં એમ
કથે વૃત્ત સાદ્યંત[2] એ [3]શચીકાંતને તેમ. ૯૨

દેવો સહ દેવેન્દ્ર ત્યાં સૂણી વૃત્ત એ જાણ;
જોઈ ઉર્વશી એ તથા; થયા સુલજ્જિત માન. ૯૩

કૃતાપરાધે અંતરે થયા ખિન્ન સહુ તેમ;
પશ્ચાત્તાપે સ્તુતિ કરે નારાયણની એમઃ- ૯૪

હે પુરુષોત્તમ હે વિભો ! કરો ક્ષમા અપરાધ;
વંદન તુજને ભાવથી કરીએ જગના તાત ! ૯૫

ભક્તચિત્તવિશ્રામ હે ! યોગિજનોના ઈશ !
પુનઃ પુનઃ ત્વચ્ચરણમાં નમીએ ભાવે ત્રીશ !! ૯૬

એમ કહી વંદન કરે, વદે ઇંદ્ર ત્યાં જાણ :-
પ્રાણિમાત્રના હૃદયમાં હૃષીકેશ જે માન, ૯૭

સર્વનિયામક અંતરે વસે તેહને તેમ
ચિંતી ભાવે સર્વ જણ, થઈએ સુમુક્ત એમ. ૯૮

પ્રાણિમાત્રમાં એક એ અખંડ દેવ સુજાણ;
દેખે તેને અન્યના દિસે ન દોષો માન. ૯૯

આત્મરૂપ સઘળું અહા જોતાં જ્ઞાને તેમ,
માયાભ્રમમાં શેં પડે લોભમોહથી એમ ? ૧૦૦

એક હરિ વિણ ક્યાંય ના વસ્તુ બીજી જાણ;
વેરભાવ કોથી કદિ રાખે કેમ સુજાણ ? ૧૦૧

વાસુદેવમય સર્વ આ, નારાયણ પણ એજ !
ઠાલું ઠામ ન એ વિના, દુર્ધર એનું તેજ !! ૧૦૨

વિશ્વરૂપ એ શ્રીપતિ, એકાનેક પ્રમાણ;
રહ્યો સ્વયં વ્યાપી બધે, જગન્નાટકી માન. ૧૦૩

ઇંદ્રવચન એ સાંભળી, દેવો વ્યાકુળ એહ;
વિશ્વરૂપ જોવા મથે, નારાયણનું તેહ. ૧૦૪

આગળ અનુસંધાન એ સાંભળ શિષ્ય સુજાણ;
અલખ નિરંજનને કહે ટળે, **રંગ** અજ્ઞાન ! ૧૦૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
બદરિકાશ્રમાખ્યાને ઇંદ્રગર્વહરણં નામ એકોનષષ્ટિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૫૯ ॥ દોહરા ૧૦૫

૧. નાગ. ૨. શરુથી અંત સુધી. ૩. ઇંદ્રને.

અધ્યાય ૬૦

દુસ્તર સંસારાંબુધિ તરવા માટે જાણ;
વિષ્ણુરૂપ જહાજ આ; એ વિણ અન્ય ન માન ! ૧

ઇંદ્રવચન એ સાંભળી, દેવગણો સહુ તેમ;
નારાયણને ભાવથી વંદે ઉરમાં એમ. ૨

વિશ્વરૂપ એ હરિ તણું, જોવા માટે જાણ;
તલસે રાત્રંદિન અહા, સાંભળ શિષ્ય સુજાણ. ૩

નારાયણરૂપે થયા [1]તીર્ણ શ્રીહરિ તેમ;
મહામાયા જે ચિત્કલા, કરે એ પછી કેમ ? ૪

પુણ્યરૂપ રેવાતટે ભૃગુક્ષેત્રમાં જાણ,
પશ્ચિમસાગરનિકટ એ ધરે અવતાર માન. ૫

મહાતપસ્વી ભૃગુઋષિ તત્સદને એ તેમ,
લક્ષ્મી નામે અવતરે જાણ ચિત્કલા એમ. ૬

ધ્યાય વિષ્ણુપદ હૃદયમાં, સદા નિરંતર એહ;
જતાં કાળ કંઈ એમ ત્યાં, સૂણે એકદા તેહ. ૭

ગંધમાદનાચલ વિષે, બદરિકાશ્રમે એમ;
શ્રીમન્નારાયણ હરિ અપ્સરાદિને તેમ ૮

વિશ્વરૂપ બતાવીને, બોલે યથાર્થ જ્ઞાન !
સૂણી વૃત્ત સાદ્યંત એ, ચિંતે લક્ષ્મી માનઃ- ૯

ક્યારે પગ શ્રીહરિ તણા જોઈશ નજરે એમ ?
મળશે નારાયણ અહા, ક્યારે મુજને તેમ ? ૧૦

[2]દિવાયામિની એમ એ ચિંતા કરે સુજાણ;
પડે ચેન ના ચિત્તમાં, ઝૂરે મનમાં માન. ૧૧

અન્નપાન સેવે નહીં, થયું શુષ્ક શરીર;
કરે ખેદ મનમાં અતિ, ગમે ન [3]ભૂષા ચીર ! ૧૨

લાગી લગની હરિ તણી, ફરે બાવરી તેમ;
જોઈ જગજ્જનની તથા આદ્યશક્તિ ત્યાં એમ, ૧૩

થઈ પ્રગટ ગૌરી સ્વયં, આદિમાત એ જાણ;
કહે : ખેદ કાં આ કરે ? સાંભળ મારૂં માન. ૧૪

નારાયણ વર પામવા, તપશ્ચરણ કર તેમ;
થશે કાર્યસિદ્ધિ નકી, તારી તેથી એમ. ૧૫

ઇચ્છિત વર માટે કર્યું, મેં પણ તપ તું જાણ;
પામી વર એ ધૂર્જટિ[4], શિવ શંકર પ્રિય માન. ૧૬

સાવિત્રીએ તપ કરી, બ્રહ્મદેવને તેમ
કર્યા પ્રાપ્ત પતિ ઇષ્ટ એ; મા શંકા કર એમ. ૧૭

સાધ્વી સ્ત્રી જગમાં બધી, કેવળ તપથી જાણ
પામી ઇચ્છિત ધવ[5] તથા; માટે તું પણ માન ૧૮

કરી તપસ્યા ખંતથી, પામ ઇષ્ટ વર તેમ;
વિના તપસ્યા ના કંઈ, દીઠી સિદ્ધિ એમ. ૧૯

કરી બોધ એવો તિહાં, આદ્યભવાની જાણ
ગઇ સ્વસ્થળે તોષથી ! લક્ષ્મી તત્ક્ષણ માન ૨૦

આરંભે તપ ઉગ્ર ત્યાં રેવાતીરે તેમ;
સહસ્રાબ્દ[6] વીતી ગયાં, તપતાં તપતાં એમ ! ૨૧

હાડચામ બાકી રહ્યાં, થયો શુષ્ક સહુ દેહ;
જોઇ તપપ્રભાવ એ ચિંતે સુરવર તેહ. ૨૨

તપોનિમિત્તે આ નકી થાશે દર્શન જાણ
નારાયણનું નિશ્ચયે, યોગ્ય હેતુ આ માન. ૨૩

એમ વિચારી દેવ એ ઇંદ્ર સહિત સહુ તેમ;
ગંધમાદને તત્ક્ષણે આવ્યા દોડી એમ. ૨૪

કૃતાપરાધે શરમથી નીચે મોઢે જાણ;
આવી દેવો સહ તિહાં પ્રાર્થે શક્ર[7] સુજાણ. ૨૫

મૂકી માથું ચરણમાં, જોડી બંને હાથ;
બોલે ગદ્‌ગદ્ કંઠથીઃ- હે વિશ્વંભર નાથ ! ૨૬

નારાયણ કરુણા કરી, કરો ક્ષમા અપરાધ;
શંખ ચક્ર ગદા અને પદ્માંકિત સાક્ષાત્ ૨૭

હે પુરુષોત્તમ નરહરે, મેઘશ્યામ મુકુંદ !
સર્જે પાળે સંહરે, તું સચ્ચિત્સુખકંદ. ૨૮

લીલા તારી આ નકી, તોએ કૃપાનિધાન !
ભૃગુઋષિની [8]આત્મજા જગન્માત જે જાણ, ૨૯

જન્મી જગવિખ્યાત એ ખ્યાતિ ઉદરે તેમ;
ગુણસરિતા લક્ષ્મી અહા, પુણ્યનામ એ એમ. ૩૦

થાવા પ્રાપ્તિ તાહરી, કરે તપસ્યા જાણ;
સહસ્રાબ્દ વીતી ગયાં તપતાં એમ સુજાણ. ૩૧

હાડચામ બાકી રહ્યાં, થયો ક્ષીણ સહુ દેહ;
ધ્યાતાં તુજને શ્રીહરે ! થઈ શ્રમિત બહુ એહ. ૩૨

માટે કૃપા કરી પ્રભો, ભૃગુક્ષેત્ર જઈ એમ,
આપી દર્શન એહને, કર કૃતાર્થ વિભુ તેમ; ૩૩

એજ પ્રાર્થના ચરણમાં ! એમ કહીને જાણ,
દેવો સહ દેવેન્દ્ર ત્યાં કરે ફરી પ્રણામ. ૩૪

નારાયણ એ સાંભળી, રેવાતીરે તેમ
આવ્યા દેવો સહ તિહાં, ભૃગુક્ષેત્રમાં એમ. ૩૫

આપી દર્શન લક્ષ્મીને બોલે શ્રીપતિ જાણઃ
જોઈ તારૂં તપ સતી, થયો તુષ્ટ હું માન. ૩૬

૧. અવતીર્ણ. ૨. રાતદિવસ ૩. અલંકાર. ૪. મહાદેવ. ૫. પતિ ૬. વરસ. ૭. ઇંદ્ર. ૮. કન્યા.

માગ યથેપ્સિત વર સુખે, આપું નિશ્ચિત એમ !
સૂણી વચન લક્ષ્મી વદે, વંદી ભાવે તેમ; ૩૭

હે પરમેશ્વર દેવ હે, ગંધમાદને જાણ
દેખાડ્યું નિજ રૂપ તેં અપ્સરાદિને માન. ૩૮

વિશ્વરૂપ તે હે વિભો ! દેખાડીને તેમ,
વરી મુને વિશ્વેશ હે, કર કૃતાર્થ તું એમ. ૩૯

સૂણી વચન એ શ્રીહરિ, વિશ્વસ્વરૂપે જાણ
થયા સ્વયં ક્ષણમાં અહા ! દેખે સુરવર માન. ૪૦

વંદે લક્ષ્મી ભાવથી ફરીફરીને એહ;
જોઈ રૂપ એ ફૂટડું, થઈ તલ્લીન તેહ. ૪૧

દેખી વિરાટ્ સ્વરૂપ એ, થયા સુલજ્જિત દેવ;
માગે ક્ષમા પુનઃ પુનઃ બની નમ્ર તતખેવ. ૪૨

દેખાડીને એમ ત્યાં વિશ્વરૂપ એ જાણ;
નારાયણ નિજરૂપથી ખડા પુનઃ તું માન. ૪૩

સૌમ્ય મૂર્તિ એ જોઈને લક્ષ્મીમાતા તેમ,
દેવો સહ દેવેન્દ્ર પણ પૂજે ભાવે એમ. ૪૪

અર્ઘ્યપાદ્યવિધિવત્ તિહાં થતાં સુપૂજન જાણ,
કરે દંડવત્ ભાવથી, લક્ષ્મી દેવ સહ માન. ૪૫

જોઈ અનન્ય ભાવ એ, બોલે શ્રીપતિ તેમ :-
વિશ્વરૂપનું માહરા નિષ્ઠા રાખી એમ, ૪૬

પૂજન જે કોઈ કરે, તેને નિશ્ચય જાણ
આપી સઘળું સૌખ્ય હું તારૂં અંતે માન. ૪૭

સર્વ ધર્મનું મૂળ જે બ્રહ્મચર્ય તપ તેમ;
પાળ્યું યથાર્થ મેં નકી, વિમલ હું સદા એમ. ૪૮

મૂળ બ્રહ્મ હું શ્રીપતિ, બ્રાહ્મી શ્રી આ જાણ;
લક્ષ્મીનામે અવતરી, કરે તપસ્યા માન ૪૯

બ્રહ્મચર્ય પાળી સદા; માટે એને એમ
જે કોઈ પૂજે તથા ધ્યાય હૃદયમાં તેમ, ૫૦

હરી પાપ તેનાં સહુ લક્ષ્મી પોતે એહ
અંતે મત્સાયુજ્યની પ્રાપ્તિ કરાવે તેહ. ૫૧

સૂણી વચન લક્ષ્મી તિહાં, વિનવે જોડી હાથઃ
વિશ્વમૂર્તિ વરદાન જે આપ્યું તેં સાક્ષાત્, ૫૨

કરી લગ્ન મુજ સહ હરે ! કર સાર્થક તે એમ;
એમ કહી વંદન કરે !! વદે શ્રીહરિ તેમઃ- ૫૩

દેવી તેં તપ આચરી, મુજને અહીંયા જાણ
બોલાવ્યો તેથી નકી નામ તાહરૂં માન ૫૪

દેવી નારાયણગિરા થાશે પ્રસિદ્ધ એમ;
મારૂં પણ ત્વત્સહ તથા નારાયણગિરિ તેમ. ૫૫

સ્મરશે જે કો ભાવથી, તેનું ગિરિસમ પાપ
કરી દગ્ધ હું તેહને કરીશ નિઃસંતાપ ! ૫૬

સર્વ પદાર્થો ગિરિ તણા રહે આશ્રયે જેમ,
તેમ અખિલ બ્રહ્માંડ આ મદાશ્રયે રે' એમ. ૫૭

શ્રીનારાયણગિરિ તથા નામ માહરૂં જાણ,
હે લક્ષ્મી તુજ સહ નકી વરદ સર્વથા માન. ૫૮

બાળી પાતક ગિરિ સમાં આપું ઇપ્સિત એમ !
એમ કહી આનંદથી નારાયણ એ તેમ. ૫૯

વરે યથાવિધિ લક્ષ્મીને મહોત્સવે ત્યાં જાણ;
આપે કન્યાદાન એ ભૃગુઋષિ તું માન. ૬૦

ત્યાંથી નારાયણ ફરી લક્ષ્મી સાથે એમ,
ગંધમાદને આવીને બદરિકાશ્રમે તેમ ૬૧

રહ્યા ચિરસ્થાયી અહા, પતિતોદ્ધારક જાણ;
થયું સ્થાન નિર્માણ એ, એમ ભૂતલે માન. ૬૨

સંપ્રદાય અદ્વૈત જે, મૂળ તેહનું એમ
નરનારાયણ આ નકી; મુખ્ય આચાર્ય તેમ. ૬૩

શ્રેષ્ઠ સ્થાન ભૂમંડલે, એ વિણ અન્ય ન જાણ;
ઉષ્ણ તીર્થ વસે જિહાં, કપાલતીર્થ સુજાણ ! ૬૪

સ્વર્ગંગા મંદાકિની લોકપાવની જેહ,
વહે સદા નિર્મલ તિહાં બદરિકાશ્રમે એહ. ૬૫

સ્નાન દાન શ્રાદ્ધાદિથી, પામે અનંત લાભ;
થાય સાધના સિદ્ધ ને દેખે ફરી ન ગાભ ! ૬૬

નરનારી જે ભાવથી સૂણે પઢે વા તેમ
કથા બદરિકાશ્રમ તણી પાવન અતિશે એમ, ૬૭

[1]ચતુર્વર્ગ પામી સુખે, થાશે મુક્ત સુજાણ;
તીર્થાદ્વિતીય એ નકી, મા શંકા કર આન. ૬૮

શ્રીપાદશ્રીવલ્લભ આવ્યા માટે એમ;
નરનારાયણને મુદા ભેટી ત્યાંથી તેમ ૬૯

દેવા દીક્ષા ભક્તને, કરવા દુર્જનદંડ,
મનોગતિ[2] ફરતા પ્રભુ ચૌદ લોક ઉદંડ, ૭૦

આવ્યા ગોકર્ણે અહા, ક્ષેત્રોત્તમ નિર્ધાર;
મહાબળેશ્વર કાનને કરતા મુનિ સંચાર ! ૭૧

સૂણી વચન અમૃતસમાં વદે નિરંજન જાણ
વંદન કરી પ્રીતેઃ ગુરો ! કર્યું બંધ કાં ગાન ? ૭૨

૧. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ. ૨. **(i)** મનના જેવી ગતિથી **(ii)** જ્યાં મનની પણ ગતિ નથી એવા; મનને અગમ્ય.

થાએ તૃપ્તિ ન ચિત્તમાં, કહો કથાનક તેમ;
અજ્ઞાનાંધ્ય[1] નિવારીને જ્ઞાનાંજનથી એમ. ૭૩

મૂળ પીઠ શ્રીગુરુ તણું, કહ્યું સવિસ્તર નાથ !
શ્રીપાદશ્રીવલ્લભ ત્રિમૂર્તિ જે સાક્ષાત્, ૭૪

ફરે કેમ પૃથ્વી વિષે, તીર્થો માંહે એમ ?
વિશેષતઃ ગોકર્ણમાં, આવ્યા પોતે કેમ ? ૭૫

તીર્થો અનેક ભૂતલે; છોડી સઘળાં એહ,
આવ્યા શેં ગોકર્ણમાં, કહો કૃપા કરી તેહ. ૭૬

ગુરુલીલા વિસ્તારથી વદો યોગિવર એમ !
એમ કહી ચરણે નમે, શિષ્ય નિરંજન તેમ. ૭૭

શિષ્યપ્રશ્ન એ સાંભળી, બોલે અલખ સુજાણ;
આગળ વર્ણન એ નકી, કેવળ સુધાસમાન. ૭૮

બદરિકાશ્રમતીર્થનો મહિમા ઉત્તમ જેહ;
કીધો અહીંયાં એ નકી, પાવન નિઃસંદેહ. ૭૯

રંગ અલૌકિક જામશે, આગળ નિશ્ચય એમ;
રાચે સંતો સાંભળી, ખીજે દુર્જન તેમ !! ૮૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
બદરિકાશ્રમમાહાત્મ્યવર્ણનં નામ ષષ્ટિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૬૦ ॥ દોહરા ૮૦

અધ્યાય ૬૧

રંગ કહે, સૂણી તિહાં શિષ્યપ્રાર્થના તેમ,
વદે અલખ યોગીશ એ સંતોષે ત્યાં એમ :- ૧

સાંભળ શિષ્ય સુજાણ હે, ગુરુલીલામૃત સાર;
રમ્ય શ્રીગુરુચરિત આ, કલિતારક નિર્ધાર. ૨

થાય હર્ષ મુજ ચિત્તમાં, વર્ણવતાં એ એમ;
લાભ મને પણ નિશ્ચયે, જાગે સ્ફૂર્તિ તેમ. ૩

તીર્થરૂપ શ્રીદત્ત એ ફરે ભૂતલે જાણ
ભક્તોદ્ધારણકારણે; અન્ય કામ ના માન. ૪

મૂર્તિત્રિતયસ્વરૂપ એ ગોકર્ણે પણ તેમ
આવ્યા ફરતા મોજથી, ઉદ્ધરતા જન એમ. ૫

પોતે શંકરરૂપ એ, સ્વસ્થાને તું જાણ
આવ્યા કરવા લોકમાં ક્ષેત્ર પ્રસિદ્ધ સુજાણ. ૬

મહિમા અનુપમ એહનો લોકે નિશ્ચય તેમ;
સાંભળ સાવધ શિષ્ય હે કહું સવિસ્તર એમ. ૭

ક્ષેત્ર અલૌકિક એ નકી, નિઃસંશય તું માન;
યત્સેવનથી ભક્તજન પામ્યા બહુ વરદાન. ૮

વસે સદાશિવ જ્યાં સ્વયં, સદા પ્રત્યક્ષ તેમ;
મહાબળેશ્વર લિંગ એ, જાણ સ્વયંભૂ એમ. ૯

વિષ્ણ્વાજ્ઞાથી ગજાનને સ્થાપ્યું એહ સુજાણ;
પ્રાણલિંગ મહાદેવનું, શિવ સાક્ષાત્ એ માન. ૧૦

સૂણી વચન ફરી વદે, શિષ્ય નિરંજન એહઃ
કહો ગુરો મુજને બધું દિવ્ય કથાનક તેહ. ૧૧

સ્થાપે લિંગ ગણેશ એ વિષ્ણ્વાજ્ઞાથી કેમ ?
કહે અલખ સૂણ બાળ હે ! કહું સવિસ્તર તેમ :- ૧૨

રાવણમાતા કૈકસી સાધ્વી પરમ સુજાણ,
શિવપૂજનતત્પર સદા ભક્તિ કરે નિર્માન. ૧૩

શિવલિંગાર્ચન વિણ કદિ, અન્ન ગ્રહે ન એમ;
પ્રાણાન્તે પણ નિયમનો, સહે ભંગ ના તેમ. ૧૪

એક દિને દૈવે કરી, ન મળ્યું પૂજનલિંગ;
મૃન્મય[2] પૂજે પ્રીતથી ! કેમ કરે વ્રતભંગ ? ૧૫

અર્ધોન્મીલિત નેન શાં ! ગદ્‌ગદ્ વેણ સુહાસ !
ઐકાગ્ર્યે પૂજે સતી; આવ્યો રાવણ પાસ. ૧૬

લોકભયંકર રાજવી ક્રૂરશિરોમણિ દૈત્ય !
આવ્યો માતાદર્શને મનમાં ધારી પ્રીત્ય !! ૧૭

નમન કરી પૂછે દશાનન, માતા શું થાય ?
મૃન્મય પૂજન કાં કરે ? નામ માહરું જાય ! ૧૮

લોકોત્તર તુજ પુત્ર હું, ચૌદ લોકનો નાથ;
સિદ્ધિ દાસી માહરી, ઊભી જોડી હાથ ! ૧૯

નામ માહરું સાંભળી, થરથર કંપે દેવ;
સુરનર મુનિ કિન્નર સહુ કરતા નિશદિન સેવ ! ૨૦

વાયુ વાસીદું કરે, વરુણ ભરે જલ સાર;
અગ્નિ બલ્લવ માહરો, કુબેર કરે કોઠાર ! ૨૧

દ્વારપાળ યમધર્મ છે, નમન કરે સુરરાજ !
શી [3]કમતરતા તાહરે ? પૂજે માટી આજ !! ૨૨

મૃન્મયલિંગપૂજન થકી, ફલપ્રાપ્તિ શી થાય ?
કહે જનની નિઃશંક તો શલ્ય[4] માહરું જાય. ૨૩

રડે હૃદય મારું અતિ, દેખી તુજ આ કૃત્ય !
માત કહેઃ કૈલાસપદ એથી થાતાં મૃત્ય. ૨૪

૧. આંધળાપણું. ૨. માટીનું. ૩. કમીપણું. ઉણપ ૪. બાણના ભાલોડાની માફક ખૂંચે એવું દુઃખ.

રાવણ કહેઃ શ્રમ કાં કરે ? જીવતાં આણું સામ્બ,
સહ કૈલાસ ક્ષણ મહીં; પૂજ યથારુચિ [1]અમ્બ ! ૨૫

લંકાપુરમાં શિવપુરી સહ ગૌરીહર માત,
આણી વસાવું અબઘડી; પૂજન કર દિનરાત ! ૨૬

છોડ મૃત્તિકાખેલ આ ! એમ કહી તતખેવ,
ઊઠ્યો રજનીચર[2] મનોવેગે રાખી [3]હેવ. ૨૭

રજતગિરિ કૈલાસ જે, આવ્યો ક્ષણમાં ત્યાંય;
વીશ ભૂજા દશ મસ્તકે, ઊંચો કરવા ધ્યાય ! ૨૮

ખૂણે મસ્તક ટેકવી, મધ્યે મૂકી હાથ;
હલાવીયો પર્વત તદા ! લીલા દેખે નાથ. ૨૯

ખળભળિયાં પાતાળ ને શેષ ધ્રુજાવે અંગ;
કૂર્મ પીઠ જુએ ફરી; થયો સ્વાસ્થ્યનો ભંગ ! ૩૦

અમરાપુર ડોલી ઊઠ્યું, ચૌદ લોક સુભ્રાન્ત;
પૃથ્વી પર્વત વન નદી, પ્રસર્યું ભીતિધ્વાન્ત[4] ! ૩૧

પ્રલયકાળ શું આવીયો ? લોક વિચારે મન;
દેવો બીધા અંતરે, કેમ રહેશે તન ! ૩૨

કૈલાસે શિવગણ સહુ થયા ભીતિથી ત્રસ્ત;
હિમનગદુહિતા પાર્વતી, થયો મુખેન્દુ અસ્ત ! ૩૩

શિવકોટે વળગી પડી, વદે પાર્વતી :- નાથ !
શું થાવા બેઠું હરે ? કાં ન ઉઠાવો હાથ ? ૩૪

ચૌદ લોકમાં વર્તિયો એક જ હાહાકાર !
ભોળા નિર્ભે શેં થયા ? કાં ન કરો પ્રતિકાર ? ૩૫

કંપે ગિરિવરસાનુ[5] આ ! જાશે શું પાતાળ ?
દેહ ગેહ ડોલી ઊઠ્યાં ! કાં ન કરો પ્રતિપાળ ? ૩૬

નિર્વિકાર બેઠા પ્રભો ! ભીતિ ન મળે લેશ !
તમ વિણ તારક કોણ છે ? રક્ષા કરો મહેશ !! ૩૭

શંકર કહેઃ- સૂણ પાર્વતી ! મૂક વૃથા આ શોક;
રાવણ ભક્ત જે માહરો, પૂર્ણ કરે નિજ શોખ ! ૩૮

ક્રીડા દિતિજ[6] તણી પ્રિયે ! ગેલ કરે દશશીષ;
ચિંતા મનમાં કાં કરે ? કાં પાડે ભયચીસ ? ૩૯

સૂણી વચન સર્વેશનાં, વદે સતીઃ- હે નાથ !
રક્ષો બાળક આપનાં અનાથના હે નાથ ! ૪૦

બ્રહ્માંડો ડોલી ઊઠ્યાં, સુરગણ વ્યાકુળપ્રાણ;
પ્રાણનાથ રક્ષા કરો, આપો અભયપ્રદાન. ૪૧

સૂણી વચન ગિરિજા તણાં, શૂલપાણિ સુરનાથ;
દાબે રાવણ ગિરિ તળે, પર્વત મૂકી હાથ. ૪૨

દૈત દબાયો ગિરિ તળે, મુખમાં આવ્યું ફીણ;
હાથ જોડી શિવ શિવ કહે, બન્યો અતિશે દીન ! ૪૩

શિવ શંકર શરણાગત રાવણ હું તુજ બાળ;
જગન્નાથ રક્ષા કરો, શરણાગતપ્રતિપાળ ! ૪૪

શરણ શરણ શતવાર હું, કાં મારે જગતાત ?
આર્તસ્વર એ સાંભળી, કીધો ઢીલો હાથ. ૪૫

શરણાગતવત્સલ પ્રભુ, ભોળા શંભુ દેવ;
કરુણા આણી ઉર, કરે દૈત મુક્ત તતખેવ ! ૪૬

છૂટ્યો રાવણ સ્તુતિ કરે, મસ્તકવીણા હાથ;
નસતંતુ ગાયન કરે, રાગરાગિણી સાથ ! ૪૭

સપ્ત સ્વર સુસ્વર ગિરા, તાલ તાન નહિ ખંડ;
લંકેશ્વર ગાયન કરે, દિવસરાત અખંડ ! ૪૮

દૈતભક્તિ એ દેખીને, રીઝ્યા ભોળાનાથ;
નિજરૂપે સંમુખ ખડા, પંચવદન દશહાથ ! ૪૯

નાગબંધ કટિસૂત્ર છે, ભસ્મવિલેપન અંગ;
શૂલ ડમરુ કરમાં ધર્યા, શિર પર સોહે ગંગ ! ૫૦

'વરં બ્રૂહિ' કહે રાવણા, પ્રસન્ન હું તુજ દાસ;
ભક્તિ દેખી દોડિયો, પૂરીશ મનની આશ. ૫૧

રાવણ કહેઃ- શું માગવું ? લક્ષ્મી દાસી જાણ;
રિદ્ધિસિદ્ધિ અક્ષય ઊભી, આપે સુરવર માન. ૫૨

જોષ જુએ બ્રહ્મા ઘરે, જમ માને મુજ ધાક;
તેત્રીસ કોટિ દેવતા કરે સેવ બની રાંક ! ૫૩

કુંભકર્ણસમ ભ્રાત છે, ઇંદ્રજિત સુત જાણ,
કામધેનુ મુજ મંદિરે; અગમ્ય સાગરસ્થાન ! ૫૪

છ કોટિ સમ[9] આયુ છે; મત્સમ કો જગ માંહ્ય ?
લઈ જાઉં કૈલાસને, નહિ તો પાડું કાય ! ૫૫

જનનીવ્રત પૂરું કરું, આપ [7]રૌપ્યગિરિ દાન;
પૂર મનોરથ સામ્બ હે ! મા બન દેવ અજાણ !! ૫૬

ઘટઘટની જાણે પ્રભુ; માતા આગળ હોડ
કીધી, પૂર કૃપાનિધે ! ભીડ પડી છે દોડ !! ૫૭

ઈશ્વર કહેઃ- કૈલાસથી શું થાશે [8]નિષ્પન્ન ?
આત્મલિંગ આપું તુને, મા થા મનમાં ખિન્ન ! ૫૮

પ્રાણલિંગપૂજન થકી, મનમાં જે જે કામ,
પૂર્ણ થશે તત્કાળ ને પામીશ અક્ષય ધામ. ૫૯

રુદ્રાભિષેક કરી જપે ભાવે [10]ષડર્ણ મંત્ર
અષ્ટોત્તર શત દક્ષ જે, ના દુષ્કર કો તંત્ર. ૬૦

૧. હે માતા. ૨. રાક્ષસ ૩. હોડ. ૪. અંધકાર. ૫. શિખર. ૬. દૈત્ય. ૭. વર્ષ ૮. કૈલાસ. ૯. પ્રાપ્ત. ૧૦. ષડક્ષર.

પૂજે ત્રિકાલ પ્રેમથી, વર્ષત્રિતય પ્રમાણ;
પૂર્ણકામ થઈ અંતમાં, મત્સ્વરૂપ નિર્વાણ. ૬૧

મોત ન આવે પાસમાં, દર્શનથી દુઃખ જાય;
જેની પાસે લિંગ આ, તે ધારે તે થાય. ૬૨

લંકામાં પહોંચ્યા વિના, રખે ભૂમિ પર સ્થાપ;
ત્રિવર્ષપૂજનથી નકી થઈશ દેવનો બાપ ! ૬૩

ઈશ્વર તું સાક્ષાત્ ને લંકપુરી કૈલાસ;
આમકામ થઈ અન્યની પૂરીશ પોતે આશ. ૬૪

વર એવો પામી મુદા પ્રણમી શિવ સાષ્ટાંગ,
ઊઠ્યો રાવણ ત્યાંહથી, ચાલ્યો રક્તાપાંગ.[૧] ૬૫

દેવમુનિ નારદ તથા જાણી સહુ આ મન.
'હર હર' કરતા આવીયા સ્વર્ગભુવન તત્ક્ષણ. ૬૬

કહેઃ-ઈંદ્ર શા સુખ થકી સૂતો તાણી સોડ ?
ગયું દેવપદ તાહરૂં, દૈત થયા નિર્દોર ! ૬૭

લંકેશ્વર ચાલ્યો ગ્રહી આત્મલિંગ શિવપ્રાણ;
ભોળા શંભુએ અહા આપ્યું શું વરદાન ! ૬૮

ત્રણ વર્ષ પૂજન થકી, થઈશ મદ્રૂપ જાણ;
લંકપુરી કૈલાસ એ; મોતભીતિ નવ માન. ૬૯

શિવવરદાને હા હવે રાવણ થયો અભેદ,
દૈત ચિરાયુ; કો કરે રણમાં એનો ભેદ ? ૭૦

કારાગારે બદ્ધ જે, દેવ છૂટશે કેમ ?
કલ્પ લગી સેવા કરો, જઈ લંકા નિતનેમ ! ૭૧

રંભા ઉર્વશી મેનકા, ભજો દૈત દિનરાત;
પેટ માટ [૨]અઘ આચરી, થાઓ એના ભાટ ! ૭૨

મુનિવચન એ સાંભળી, ચોંકી ઊઠ્યા સર્વ;
ગભરાયો સુરરાજ ને થયા દેવ સહુ [૩]ખર્વ ! ૭૩

વંદન કરી મુનિચરણમાં, પૂછે સુરપતિ [૪]વર્મ;
શું કરવું નારદ હવે ? શેં થાશે અમ શર્મ ? ૭૪

નારદ કહે : બ્રહ્મા વિના કોઈ ન તારણહાર;
સકલલોકસ્રષ્ટા પ્રભુ, વદશે વેદાધાર. ૭૫

બ્રહ્મલોક સહુ આવીયા, ત્યાંથી નારદ સાથ;
સકલ વૃત્ત નિવuદીયું ઈંદ્રે જોડી હાથ ૭૬

ચતુરાનન વળતી વદેઃ વૈકુંઠે હરિ સુપ્ત;
દૈત્યશત્રુ વદશે નકી, તરણોપાય સુગુપ્ત. ૭૭

ટોળે મળી સહુ ચાલીયા, આવ્યા વિષ્ણુ પાસ;
ચતુરાનન કહે :- મુરરિપુ ! તોડો દાનવપાશ. ૭૮

દિનદિન વૃદ્ધિંગત થતો, રાવણ બળિયો જેહ;
પ્રાણલિંગ હરી ચાલીયો, તુષ્ટ કરી શિવ તેહ. ૭૯

થાશે ઈશ્વરરૂપ એ ! કો કરશે સંહાર ?
દુષ્ટદલન[૫] દુર્ઘટ થશે, જબ ધરશો અવતાર ! ૮૦

દાનવાન્તક પ્રભુ તમે, કરો શીઘ્ર પ્રતિકાર;
નહિ તો આગે કઠણ છે, દૈત્ય તણો સંહાર. ૮૧

બ્રહ્મવચન એ સાંભળી, ક્રોધે દોડે શ્વાસ !
હન્ત હન્ત કહી વેગથી, આવ્યા હરિ કૈલાસ ! ૮૨

કહેઃ- શંભુ આ શું કર્યું ? આપ્યું ભળતું દાન !
રાવણ કેર કરે અતિ; કાં ન રહ્યું એ ભાન ? ૮૩

ક્રૂર દશાનન કારમો, વર્તાવે જે કેર;
દેવો નાંખ્યા જેલમાં ! તે પર આ શી મ્હેર ? ૮૪

દૂધ પીવાડ્યું સાપને, આપ્યું ભૂતને દાન !
અમર થતાં એ સુરરિપુ, રહેશે શું સન્માન ? ૮૫

શંકર કહેઃ- શું કરૂં હરિ ? ભક્ત તણો હું દાસ;
ભક્તિવશ આપું સુખે ભક્તમને જે આશ. ૮૬

મસ્તકવીણા કર ધરી, કર્યું રાવણે ગાન;
સામગાન સુસ્વર સૂણી, રહ્યું મને ના ભાન. ૮૭

મુગ્ધ થઈ આપ્યું મુદા પ્રાણલિંગ વરદાન;
આપત ગિરજા પણ નકી, માગત જો એ દાન. ૮૮

વિષ્ણુ કહે :- ભોળા પ્રભો ! આપ રહો છો દૂર
ભોગવવું મારે પડે ! શું કહેવું [૬]સિતનૂર ? ૮૯

કરી ઉપાધિ વર થકી, દો છો કાને હાથ !
અવતરવું મારે ઘટે, કરવા દુષ્ટો મ્હાત ! ૯૦

દુર્લભ વરદાને કરી, થાય દૈત્ય ઉન્મત્ત;
દેવદ્વિજ પીડે અતિ, પાપ કરે અત્યંત. ૯૧

અસ્તુ, લિંગ આપ્યું કદા ? થયો કેટલો કાળ ?
પંચનાડી[૭] ઈશ્વર કહે, ગયો દૈત્ય તે કાળ. ૯૨

સૂણી વચન શંભુ તણાં, વદે ક્ષીરનિધિવાસ :-
નારદ માનસવેગથી, જાઓ રાવણ પાસ. ૯૩

દૈત્ય ગયો ના પુર વિષે, જ્યાં લગ લંકા દુષ્ટ;
કરો વિલંબ ગમને, કરી મિષ્ટ વચનથી તુષ્ટ. ૯૪

પ્રેરૂં ચક્ર, થશે તદા સૂરજનો પણ અસ્ત;
રોકાશે દશગ્રીવ એ, સંધ્યાકારણ મસ્ત. ૯૫

વિઘ્ન થશે એ અવધિમાં, ઊઠો નારદ શીઘ્ર;
બીજું સહુ હું ગોઠવું, રોકો દૈત્ય સુશીઘ્ર. ૯૬

૧. જેની આંખના ખૂણા લાલ છે તે. ૨. પાપ ૩. ઠીંગણાં; નીચા (દુઃખભયથી). ૪. રક્ષણ (નો ઉપાય). ૫. હનન; વધ. ૬. શ્વેતકાન્તિ. ૭. ઘડી (૨૪ મિનિટનો સમય વિભાગ).

ઊઠ્યા નારદ ત્યાંહથી, આવ્યા રાવણ પાસ;
વિષ્ણુ વિચારે મન વિષે, પ્રેરૂં ગણપતિ ખાસ. ૯૭

વિઘ્નરાજ વિણ કો કરે વિઘ્ન દૈત્યપથ માંહ્ય ?
એમ વિચારી નોતર્યા વક્રતુંડ મહાકાય ! ૯૮

વિષ્ણુ કહે :- સૂણ ગણપતિ, રિદ્ધિસિદ્ધિના નાથ !
તુજ પૂજનથી સુરનરો થાતા સબળ સનાથ. ૯૯

વંદન તુજને સહુ કરે, પાદાંબુજ ગ્રહી એહ;
વિઘ્નો બાધે પ્રતિપદે, કરે ઉપેક્ષા જેહ. ૧૦૦

રાવણ આજે હરી ગયો, મોહી તાત મહેશ;
પ્રાણલિંગ પૂછ્યા વિના તુજને, દેખ ગણેશ ! ૧૦૧

અવગણના તુજની કરી, કેમ જીવશે દુષ્ટ ?
વિવંચના[1] [2]વ્યાજે કરી, કર સુરવર સહુ તુષ્ટ ! ૧૦૨

બાળવેષ અદકો ધરી, વિઘ્ન કરો ગણરાજ;
નારદ પ્રેર્યો ક્યારથી, કરશે અડધું કાજ ! ૧૦૩

અસ્ત થતાં સૂરજ તણો, સંધ્યાવંદનકાજ
મુનિવર રોકી રાખશે, અર્ધપથે દશતાજ. ૧૦૪

શંભ્વાજ્ઞા એવી નકી, ભોંય ન મૂકે લિંગ;
મૂત્રોત્સર્ગાદિક વિષે, કેમ સાહશે સંગ ? ૧૦૫

બાલબટુકવેષે કરી, ખ્હોંચ એહની પાસ;
રાખી ઉર વિશ્વાસ એ, લિંગ આપશે ખાસ. ૧૦૬

સંધ્યાકાલે ત્વત્કરે; વંચન કરી ગણેશ.
સ્થાપ લિંગ ભૂમિ વિષે ! રહેશે અઢળ મહેશ !! ૧૦૭

કેડ કસી ગણપતિ ઊભા, માગે ભાતું સાર;
લડ્ડુક મોદક પય દધિ, ગૂડ અને [3]અભિઘાર, ૧૦૮

ચણા ધાણી તલ કોપરૂં, મિશ્ર શર્કરા, નાથ !
આપો તો કારજ કરૂં, નહિ તો જોડું હાથ !! ૧૦૯

હાસ્ય કરી આપે હરિ, તે તે ખાદ્ય રમેશ;
ખાતા ખાતા ચાલીયા બ્રહ્મચારી વરવેષ ! ૧૧૦

નારદ જે આગળ ગયા, રોકી રાવણપંથ,
વદે નમ્ર :- કહો રાજવી, ક્યાંથી આવ્યા કંથ ! ૧૧૧

રાવણ કહે :- કૈલાસથી લઈ આવ્યો શિવપ્રાણ-
લિંગ રીઝવી સામ્બને; કંઈ કંઈ વળી વરદાન. ૧૧૨

નારદ કહે :- લંકેશ હે ! ખુલ્યું દૈવ તુજ આજ;
મળ્યું મૃત્યુહર લિંગ હા, સાધ્યું ઉત્તમ કાજ. ૧૧૩

જાણું હું સહુ આદિથી, વૃત્ત મનોહર જેહ;
જોવા દે વળતી કહું, લિંગ સવિસ્તર એહ. ૧૧૪

લિંગપરીક્ષા વિણ કદિ, સત્ય ન માનું વાત;
કો જાણે મિથ્યા હશે, કરશે સ્હામો ઘાત ! ૧૧૫

મુનિવચન એ સાંભળી, રાવણશંકિતમન
લિંગ બતાવે દૂરથી, પૂછે તલ્લક્ષણ. ૧૧૬

જોઈ સુરમુનિ બોલીયાઃ બેસ લંકપતિ ક્ષણ;
લિંગમહિમા કહું તને, સાંભળ સાદર મન. ૧૧૭

કાળાગ્નિસમ હરિણ કો, ફરે વને નિઃશંક;
વન્ય પશુ મારી સુખે ખાય રાવ ને રંક. ૧૧૮

બ્રહ્મા વિષ્ણુ શિવ ગયા મૃગયાખેલે વન;
મારી મૃગ ભક્ષણ કર્યું મેદ તિહાં તત્ક્ષણ. ૧૧૯

ત્રણ શૃંગ એ હરિણને [4]તદધઃ ત્રિલિંગ જાણ;
પ્રાણલિંગ ત્રણેય એ ગ્રહે સત્ય તું માન. ૧૨૦

લિંગમહિમા એહવોઃ પૂજે ત્રિવર્ષ જેહ,
વરદેશ્વર પોતે બને; એમાં નહિ સંદેહ. ૧૨૧

જ્યાં આગળ આ લિંગ છે, રૌપ્યગિરિ એ જાણ;
બ્રહ્મા વિષ્ણુ શિવ તણો મહિમા લિંગ પ્રમાણ. ૧૨૨

વળતી અન્ય કહું, સુખે સાંભળ રાવણ સાગ્ર !
રાવણ કહે :- ના સાંભળું; જાવું લંકા શીઘ્ર. ૧૨૩

એમ કહી વેગે તદા, ચાલ્યો લંકાનાથ;
નારદ કહે :- સંધ્યા વિના કાં જાઓ છો નાથ ? ૧૨૪

સંધ્યાવંદનકાલ આ મંગલ બ્રાહ્મણ માટ;
અંધારૂં માર્ગે થતાં, કર્મલોપ સમ્રાટ્ ! ૧૨૫

ચતુર્વેદવિદ્ આપ છો, જાણો શાસ્ત્રાધાર;
શીખ દઉં હું આપને, ના એ મુજ અધિકાર ! ૧૨૬

કરૂં સંધ્યા હું તો ઈહાં, એમ કહી તતખેવ
આવ્યા નારદ સાગરે; ખેલ વિલોકે દેવ. ૧૨૭

એ અવધિમાં ગણપતિ, બ્રહ્મચારી ધરી વેષ;
યજ્ઞસમિધ તોડતા, ઊભા સંનિધદેશ. ૧૨૮

જોઈ મન રાવણ વદે :- શંકા મનમાં થાય;
સંધ્યાવંદન ચૂકતાં, વ્રત માહરૂં જાય ! ૧૨૯

કર્મકાળે ન રાખવું, લિંગ કદાપિ હસ્ત;
ભૂમિ પર નવ સ્થાપવું ! આપું કોને દસ્ત[5] ? ૧૩૦

બ્રહ્મચારી સુંદર દિસે બાળક સિંધુતીર;
જઈ પૂછું જો હા કહે, સાધું એને ધીર ! ૧૩૧

મૂછ ન ફૂટી મુખ વિષે, નહિ કરશે એ ઘાત;
બાલવેષ નિર્દોષ એ, આપું લિંગ એ હાથ ! ૧૩૨

૧. છેતરવું તે. ૨. કપટથી ૩. ઘી. ૪. એની નીચે. ૫. હાથ.

કરું સંધ્યા હું શાંતિથી; એમ વિચારી મન,
આવ્યો રાવણ વેગથી બટુક પાસ તત્ક્ષણ. ૧૩૩

લંબોદર દશગ્રીવને દેખી દોડે દૂર;
રાવણ કહેઃ- મા ડર બટો, ના એવો હું ક્રૂર ! ૧૩૪

અભયદાન આપી તદા, ગયો પાસ તત્કાળ;
બોલે મંજુલ અતિ ગિરા, કોણ કહે તું બાળ ! ૧૩૫

માતપિતા કો તાહરાં, નામ ગોત્ર વદ, તાત !
બ્રહ્મચારી કહેઃ- એ બધી તારે શી પંચાત ? ૧૩૬

શું માગે તું અમ કને, પૂછે નામાધાર ?
માતપિતા શું બાપના તારા દેવાદાર ? ૧૩૭

હાસ્યવદન કર ઝાલીને, કહે બોલ લંકેશ;
સ્નેહભાવથી પૂછું હું, મા કર બાળક ક્લેશ ! ૧૩૮

બ્રહ્મચારી બોલે તદાઃ ભસ્માંકિતતનુ જેહ,
જટાજૂટ શિર પર ધરે, સાંબ પિતા મમ એહ. ૧૩૯

સર્પવલય[1] અક્ષસ્રજૂ,[2] શૂલ ડમરુ લઈ હાથ;
ભિક્ષા માગે દિનનિશિ, શિવશંકર સાક્ષાત્ ! ૧૪૦

માતા પાર્વતી વિશ્રુતા; શું તારે છે કામ ?
બીક લાગે તુજની મને, છોડ જાઉં મુજ ધામ ! ૧૪૧

બાળવચન એ સાંભળી, માની એ દ્વિજસુત,
બોલે રાવણ પ્રીતથીઃ- રંક પિતા તુજ પૂત. ૧૪૨

સુખવાર્તા ક્યાંથી તુને ? ખાવા ન મળે અન્ન !
સ્વર્ણપુરી છે માહરી રત્નમણિસંપન્ન !! ૧૪૩

રત્નકાંચનગૃહ તિહાં, ચાલ માહરી સાથ;
દેવપૂજા મમ કરી, કર મોજ દિનરાત. ૧૪૪

જે જે માગીશ તું સુખે, આપીશ હું નિર્ધાર;
ખાનપાનતોટો નહીં, નોકરચાકર દાર ! ૧૪૫

બોલે બાળક કૌતુકેઃ- નાવું લંકાદેશ;
નરભક્ષક રાક્ષસ તિહાં ખાય મુને નિઃશેષ ! ૧૪૬

રત્નજડિત ઘર તાહરાં, રહેવા દે તુજ પાસ;
જાવા દે મુજને હવે, માતપિતાની પાસ. ૧૪૭

લંકા નહિ આવું કદિ, છોડ જવા દે હાથ;
ભૂખ લાગી મુજને અતિ, ખાઉં દહીં ને ભાત ! ૧૪૮

વળતી રાવણ બોલીયો, પંપાળી કર મુખઃ-
કરૂં સંધ્યા હું જ્યાં લગી, રોક તાહરી ભૂખ. ૧૪૯

લિંગ પકડ ક્ષણભર કરે, આવીશ હું તત્કાળ;
આપીશ મોદક દહીંવડા; માન આટલું બાળ ! ૧૫૦

બાળક બોલેઃ- નહિ બને, ભારે તારું લિંગ;
કેમ ધરું હસ્તે કહે, પડતાં થાશે ભંગ. ૧૫૧

બ્રહ્મચારી હું બાળ છું, મા દે મુજને દુઃખ;
હોમકાળ વીતી જતાં ગુરુજી વઢશે મૂક. ૧૫૨

લિંગભાર કયમ સાહું હું ? છોડ જવા દે વેર;
પુણ્ય લાગશે દશશિરા, કર આટલી મ્હેર ! ૧૫૩

બાળક જ્યમ જ્યમ ના કહે, ત્યમ ત્યમ ઉર વિશ્વાસ
આણી આપ્યું લિંગ એ, દેવ ગજાનન પાસ. ૧૫૪

સંધ્યાવંદન આરભ્યું, જઈ સાગરને તીર;
બ્રહ્મચારી બોલે ગિરાઃ- સાંભળ રાવણ ધીર ! ૧૫૫

બનશે ત્યાં સુધી સહીશ હું લિંગભાર આ હસ્ત;
આવ શીઘ્ર સંધ્યા કરી, નહિ તો દુખશે દસ્ત. ૧૫૬

ભાર અતિશે લાગતાં, બોલાવીશ ત્રણ વાર;
નહિ આવું તો લિંગ હું મૂકીશ નીચે સાર. ૧૫૭

એમ કહી ગણપતિ ઊભા, ગ્રહી લિંગ કર માંહ્ય;
દેવ વિમાને દેખતા કૌતુક દૈવીકાય ! ૧૫૮

અર્ઘ્યદાનકાલે વદે, ઉચ્ચસ્વર ગણનાથ;
આવ શીઘ્ર લે લિંગ આ, સ્હાહી ન શકે હાથ. ૧૫૯

ન્યાસપૂર્વક અર્ઘ્ય દે, સૂણે શબ્દ એ દૈત્ય;
સંકેતે કહે, આવું છું ! ક્ષણભર થોભ સુરીત્ય. ૧૬૦

વળતી ક્ષણ થોભી વદે 'આવ' ગણેશ્વર ધીર;
ભાર ઉપાડી ના શકું, આવ આવ હે વીર ! ૧૬૧

ત્રણ બૂમે ના આવીયો જ્યારે લંકાનાથ;
શેષશાયી મનમાં સ્મરી, રાખી સાક્ષ્ય સુરનાથ, ૧૬૨

સ્થાપે લિંગ ભૂતલ વિષે બ્રહ્મચારી ગણનાથ !
પુષ્પવૃષ્ટિ સુરવર કરે, ગાય કિન્નરીસાથ !! ૧૬૩

આપી અર્ઘ્ય લંકાપતિ, વેગે આવ્યો પાસ;
દેખી લિંગ સ્થાપિત તદા, ક્રોધે છોડે શ્વાસ ! ૧૬૪

વદેઃ- મૂર્ખ દાંભિક અરે, કપટવેષ નાદાન !
કર્યો વિશ્વાસઘાત શેં જાણીજોઈ તેં જાણ ? ૧૬૫

શી શિક્ષા કરવી તને, હરામખોર ગદ્ધા ?
એમ કહી માર્યા શિરે, પાંચસાત ગુદ્દા ! ૧૬૬

અંદર હાસ્ય કરે ગણાધીશ રડે તત્કાળ !
કાં મારે મુજને ? વદેઃ નિરપરાધી હું બાળ !! ૧૬૭

શું ખાધું તુજ બાપનું, પીડે નાહક રંક ?
કહીશ તાતને, જો પછી ફૂંકીશ કેવો શંખ ! ૧૬૮

૧. કડાં ૨. રુદ્રાક્ષની માળા

એમ કહી દોડે મૃષા[1] રિદ્ધિસિદ્ધિગણનાથ;
રાવણ આવી લિંગને ખેંચે વિંશતિહાથ. ૧૬૯

ખૂબ ઉઠાવે જોરથી, નવ હાલે તલમાત્ર;
શિર અફાળે રીસથી, કંપે થરથર ગાત્ર ! ૧૭૦

ડોલે ધરણી પર્વતો, નવ હાલે તલ લિંગ !
અચરજ પામ્યો અંતરે, થયો દશાનન દિંગ ! ૧૭૧

ક્ષીણ થયું બલ દૈત્યનું, થયું લિંગ મહાબલ;
મહાબલેશ્વર નામથી, જાણે સહુ ભૂતલ. ૧૭૨

બળાત્કારથી ઊચકતાં, મચડાયું તે વાર;
થયું ગાયના કર્ણ સમ; નામ ગોકર્ણ સાર ! ૧૭૩

લંકપતિ તપ આચરી, પામ્યો ત્યાં વરદાન;
પ્રસિદ્ધ તે દિનથી થયું, ક્ષેત્ર ગોકર્ણ જાણ. ૧૭૪

તે દિનથી સહુ દેવતા, આવી વસીયા ત્યાંય;
મહિમા અદ્‌ભુત વર્ણવ્યો, સ્કંદપુરાણની માંય. ૧૭૫

સૂણી વચન એ અલખનાં, વદે નિરંજન તેહ;
આગળ અનુસંધાન એ, **રંગ** અલૌકિક એહ ! ૧૭૬

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
ગોકર્ણમહાબલેશ્વરોત્પત્તિકથનં નામ એકષષ્ટિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૬૧ ॥ દોહરા ૧૭૬

અધ્યાય ૬૨

શિષ્ય કહેઃ ગુરુજી કહો, કથા સવિસ્તર આજ;
મહિમા ક્ષેત્રગોકર્ણનો, જેથી સુધરે કાજ. ૧

સકળ ક્ષેત્ર છોડી જિહાં, રહ્યા ગુરુ શ્રીપાદ;
રમ્ય પુરાતન એ કથા, કહો ક્ષેત્રની તાત ! ૨

કોણ કોણ તપ આચરી પામ્યા ત્યાં વરદાન ?
મહિમા તીર્થ તણો કહો, કાંઇ ન માગું આન. ૩

સદ્‌ગુરુલીલાશ્રવણની મનમાં અતિશે પ્રીત;
કૃપામૂર્તિ આગળ કહો, અમૃતસમ એ ગીત. ૪

અલખ કહેઃ- સૂણ વત્સ હે એકચિત્ત, મહિમા
કહું ક્ષેત્રગોકર્ણનો; થા સાવધ મનમાં. ૫

ઇક્ષ્વાકુવંશે થયો ભૂપ મિત્રસહ નામ;
શૂર પ્રતાપી ધર્મરત, ક્ષત્રિયકુળનું નામ ! ૬

બલશાલી [2]શ્રુતિપર સદા, ધન્ય વિવેકી એહ;
દયાનિધિ કુલદીવડો, પુણ્યશ્લોક વરદેહ ! ૭

એક દિને મૃગયા મિષે, ગયો અરણ્ય મોઝાર;
નિર્માનુષ, મહાક્રૂર જ્યાં વ્યાઘ્ર સિંહ નિર્ધાર ! ૮

શિકાર ખેલે મોજથી, કરત ક્રૂર સંહાર;
ફરે વને નિર્ભય થઇ ધનુષબાણ કર સાર. ૯

ઓચિંતો ત્યાં દેખીયો, દૈત્ય ભયાનક એક;
મુખ ફાડી સ્હામો ધસે, જ્વલનાકાર[3] સુરેખ. ૧૦

ક્રોધે રાતો રાજવી કરે ધનુષટંકાર;
વર્ષાવે શર તીક્ષ્ણ ને પડે દૈત્ય તત્કાળ. ૧૧

અંગ અંગ વીંધાઇને પામ્યો મૂર્છા તેમ;
ખેંચાયાં બે નેન ને ગયો જીવ ત્યાં એમ ! ૧૨

મરતાં મરતાં બોલીયો, બોલાવી નિજ ભ્રાતઃ
મા દુઃખી થા બાંધવા, કર ભૂપતિનો ઘાત. ૧૩

જો ભાઇ તું માહરો, સખા સહોદર જાણ;
વેર વાળજે યત્નથી, લેજે વેરીપ્રાણ. ૧૪

એમ કહી વિરમે તદા; માયાવી એ ભ્રાત
ધારી માનુષરૂપ ત્યાં બન્યો ભૃત્ય સુજાત. ૧૫

નમ્ર બની સેવા કરે, કપટભાવથી નિત્ય;
રાજમનોગત જાણીને, વર્તે ધારી પ્રીત્ય, ૧૬

દુષ્ટ જીવ મારી તિહાં, હણી હિંસ્ર પશુ વન્ય;
આવ્યો રાજા નગરમાં સેવક સાથે ધન્ય ! ૧૭

દૈત્યભૃત્ય એ ત્યાં રહ્યો, જુએ લાગ દિનરાત,
એમ થતાં ત્યાં આવીયું પિતૃશ્રાદ્ધ સાક્ષાત્ ! ૧૮

વસિષ્ઠ આદિ મુનિવરો, ભૂપ નોતરે એહ;
સ્વયં પાકસ્થાને મૂક્યો કપટી સેવક તેહ. ૧૯

કપટભાવ જાણે નહીં ! રાજા બોલેઃ- ભૃત્ય !
બલ્લવ માગે જેહ જે, આપ કરી સુરીત્ય. ૨૦

પાકસિદ્ધિમાં ખામી હું નહીં સહું તલમાત્ર,
વિતુષ્ટ થાતાં દ્વિજવરો, રહેશે નહિ તુજ ગાત્ર ! ૨૧

માથે લીધું રાક્ષસે આપ્યું છાનું માંસ;
માણસનું જાણ્યું નહીં, રાંધ્યું વિપ્રે ખાસ ! ૨૨

ષડ્રસ ભોજન એ બન્યું, પીરસે બલ્લવ ધીર;
જ્ઞાનદૃષ્ટિથી જાણીને કોપ્યા વસિષ્ઠ ગભીર ! ૨૩

શાપ ઓચરે મુનિ તદાઃ ભો રાજન્ ધિક્કાર !
પીરસતાં નરમાંસ આ, કર્યો ન કેમ વિચાર ? ૨૪

૧. અમથો. ૨. વેદાધ્યયન કરનાર. ૩. અગ્નિ જેવો.

માંસ અસ્પૃશ્ય ન એ ખપે; પાપ કર્યું અનિવાર;
થા બ્રહ્મરાક્ષસ [1]જવે ! થાશે શેં ભલીવાર ? ૨૫

શાપવચન એ સાંભળી, ક્રુદ્ધ થયો ભૂપાળ;
બોલેઃ- કાં શાપે મુને ? શાપીશ હું તત્કાળ ! ૨૬

માંસપાક આ ના લહું, ના અંદર મમ હાથ;
વૃથા શાપ આપ્યો હવે, કેમ ન શાપું નાથ ? ૨૭

એમ કહીં [2]અંજલિ મહીં, લીધું જળ તત્કાળ;
શાપોન્મુખ[3] પતિ દેખીને, દોડે રાજ્ઞી બાળ ! ૨૮

મદયંતી બોલે સતીઃ- સાહસ ન કરો નાથ;
ગુરુ શાપ્યે રૌરવ જશો, જોડો બંને હાથ ! ૨૯

'ગુરું હુંકૃત્ય તુંકૃત્ય'[4] કાં ભૂલો એ ગાથ ?
પાંવ પડો લાંબા થઈ, એથી તરશો નાથ ! ૩૦

સતીવચન એ સાંભળી, થયો શાન્ત ત્યાં ભૂપ;
નાંખ્યું પાણી પદ પડ્યું, બન્યો દૈત્ય કદ્રૂપ ! ૩૧

[5]કલ્મષનીર પગ પર પડ્યું, કલ્માષપાદ અભિધાન;
બ્રહ્મરાક્ષસ રાજવી દોડે રાનોરાન. ૩૨

મદયંતી ઋષિચરણમાં પડે, સાશ્રુ છે નેન;
બોલેઃ કૃપા કરો પ્રભો ! કાઢો આશિષવેણ. ૩૩

ધ્યાને સઘળું જાણીયું, થયા શાંત વસિષ્ઠ;
બોલ્યાઃ- વર્ષો બાર એ થાશે નૃપતિ ક્લિષ્ટ. ૩૪

પછી પૂર્વવત્ રાજવી દેહ પામશે સાંગ;
મળશે પુનઃ તુને નકી, શોભવશે વામાંગ ! ૩૫

એમ કહી સ્વાશ્રમ ગયા મુનિવસિષ્ઠ તત્કાળ;
બ્રહ્મરાક્ષસ થઈ વને ભમે ભૂપ વિકાળ. ૩૬

કર્મવશે [6]કાંતારમાં નિર્જન દોડે દૈત્ય;
માણસપશુહિંસા કરે, ગણે ન [7]ઉષ્મા [8]શૈત્ય. ૩૭

દિવસ કેંક વીતી જતાં, બ્રહ્મદંપતી એક
દૈવે જાતાં દેખીને, દોડ્યો દૈત કુભેખ ! ૩૮

વ્યાઘ્ર પછાડે ધેનુને ગ્રહ્યો તેમ દ્વિજ ત્યાંય;
દોડે પાછળ બ્રાહ્મણી, કંપે થરથર કાય. ૩૯

છાતીફાટ રડે સતી ! બોલેઃ- તાત સુજાણ !
છોડ પતિ મુજ પ્રાણ એ, આપ સૌભાગ્યદાન !! ૪૦

મા મારીશ મુજ કંથને, પ્રાણ થકી પ્રિય એહ;
ભક્ષણ કર વા માહરું, મા દે રાક્ષસ છેહ ! ૪૧

શશી વિના જ્યમ[9]શર્વરી, પતિ વિના ત્યમ નાર;
જન્મ વૃથા પથ્થર સમો, અબળા વણભરથાર ! ૪૨

રૂપે મદન સમો પતિ, યુવા શાસ્ત્રવિદ્ એહ;
રક્ષા કર નહિ તો સુખે ભક્ષ પ્રથમ મમ દેહ. ૪૩

રક્ષણ કર એનું, થશે જગ રક્ષ્યાનું પુણ્ય;
કન્યા માગું આટલું, થા વરદાને ધન્ય ! ૪૪

પુત્ર થશે તો તાહરૂં ગાઈશ નિશદિન નામ;
છોડ તાત પ્રિય પ્રાણ મમ, જાવા દે નિજ ગામ. ૪૫

શોક કરે અતિશે સતી, માગે ફરી ફરી દાન;
ના પલળે મન દુષ્ટનું; લીધા બ્રાહ્મણપ્રાણ. ૪૬

ભક્ષણ કીધું કોડથી, બોલે કરકર દાંત
દેખી દ્વિજબાળા વદે શાપવચન [10]સુદાન્તઃ- ૪૭

સાંભળ પાપી શાપ હે, સૂર્યવંશી તું ભૂપ;
શાપ થકી રાક્ષસ થયો, પડ્યો અનીતિકૂપ. ૪૮

બાર વરસ પૂરાં થતાં, દૈવે રાજા જાણ
થાતાં, રમીશ પત્નીથી થશે મોત તો માન. ૪૯

અનાથદ્વિજહિંસા કરી, જોયું ન પાછું લેશ;
રમીશ [11]મહિષી સાથ જો, પામીશ મૃત્યુક્લેશ. ૫૦

શાપોચ્ચાર કરી ક્રુધા, લીધાં પતિનાં અસ્થ;
પ્રગટાવી અગ્નિ યથાવિધિ સતી થઈ સ્વસ્થ. ૫૧

ગહન વને રાજા રહ્યો, બાર વર્ષ પ્રમાણ;
શાપકાલ પૂરો થતાં, ધરી નરતનુ જાણ, ૫૨

પૂર્વરૂપ પાછો ફર્યો રાજમ્હેલમાં ભૂપ;
સ્મરાતુરા[12] દોડી સતી મદયંતી રતિરૂપ ! ૫૩

આલિંગન આપે તિહાં, રાજા બોલેઃ શાપ
દ્વિજાંગનાનો રે થયો; દૂર દેહ નિજ થાપ. ૫૪

શાપવચન એ સાંભળી, રાજ્ઞી કરે વિલાપ;
પ્રાણત્યાગતત્પર થઈ ! કેમ સહે સ્મરતાપ ? ૫૫

દીન થઈ બોલે સતીઃ- વરસ થયાં હા બાર;
અંત ન આવ્યો કષ્ટનો, નહીં સંતતિદ્વાર ! ૫૬

અશ્રુ ઢાળે નેનથી !! જોઈ નૃપ કહેઃ- હાય !
ફૂટ્યું કરમ જ માહરૂં, દૈવ કરે તે થાય !! ૫૭

તરણાનો ડુંગર કરે, કરે પ્હાડ તૃણપ્રાયઃ
મનુષ્યયત્ન ચાલે નહીં, ધાર્યું હરિનું થાય ! ૫૮

---

૧. તરતજ. ૨. ખોબો. ૩. શાપ આપવાને તૈયાર થયેલો. ૪. ગુરુને હુંકારો ટુંકારો કરી નરકમાં જાય. જુઓ શ્લોક :-

गुरुं हुंकृत्य तुंकृत्य ज्ञानतोऽज्ञानतोऽपि वा । अरण्ये निर्जले देशे ब्रह्मरक्षो भविष्यति ॥

૫. પાપી. ૬. જંગલમાં. ૭. ગરમી. ૮. ઠંડી. ૯. રાત. ૧૦. સંયમી. ૧૧. રાણી. ૧૨. કામાતુર.

વળતી તેડ્યા મંત્રીઓ, વૃદ્ધ પુરોહિત જેહ;
સકળ વૃત્ત સંભળાવીયું, બ્રહ્મહત્યાદિક એહ. ૫૯

વિપ્રવૃંદ સહુ બોલીયું, થઈ એકવિચાર :
તીર્થયાત્રાથી નકી, થશે પાપઉદ્ધાર. ૬૦

તીરથ કર સહ પત્ની તું, ધોવાશે સહુ પાપ !
વચન વધાવી નીસર્યો, સહે શીત ને તાપ. ૬૧

યથાવિધિ તીરથ કરે, સ્નાન દાન ને ધર્મ;
વિપ્રસંતર્પણ મુદા, યજ્ઞયાગ લહી મર્મ. ૬૨

પ્રતિતીર્થ ગોદાન ને અન્નવસ્ત્રની લૂંટ
ભૂપ કરાવે તોય એ, ન મૂકે હત્યા પૂંઠ. ૬૩

દૈવે ફરતાં આવીયો, કષ્ટે મિથિલાપુર;
પામી મન નિર્વેદ એ બેઠો ચિંતાતુર. ૬૪

નગર બ્હાર વટવૃક્ષની શીતળ ઘાડી છાંય;
બેઠો પત્ની સહ તિહાં, ખિન્નવદન કૃશકાય. ૬૫

ઈશ્વરકરણી, તે સમે આવ્યા ઋષિવર સાથ
ગૌતમઋષિ શિવસામ્બ શું સાથે ગણસંઘાત ! ૬૬

જોઈ મુનિવર, રાજવી નમન કરે સાષ્ટાંગ;
ભક્તિનમ્ર પખાળીયા [1]આનંદાશ્રે ટાંગ ! ૬૭

આશ્વાસન આપી પૂછે, કુશલવૃત્ત મુનિનાથઃ-
મ્લાનવદન કાં ભૂપતે ? માથે કાં દે હાથ ? ૬૮

પરાભૂત કોણે કર્યો ? જાગ્યો શત્રુ કૂણ ?
હર્યું રાજ્ય શું કોઇએ, કીધું હરામ લૂણ ? ૬૯

અરણ્યવાસ કાં આદર્યો ? કાં વ્યાકુળ છે મન ?
બોલ સુખે ભૂપતિ ! વૃથા કાં કષ્ટાવે તન ? ૭૦

નૃપ કહેઃ- મુનિ સાંભળો ! નહીં દુઃખનો પાર;
લાગ્યો બ્રાહ્મણશાપ ને બ્રહ્મહત્યા અનિવાર. ૭૧

પ્રાયશ્ચિત્તાવ્રતાદિથી શાન્ત થયો ના દોષ;
તીર્થયજ્ઞદાનાદિકે ન ટળ્યો મારો શોષ. ૭૨

દારુણ હત્યા વિપ્રની ન મૂકે મારો અંત;
શું કરવું સૂઝે નહીં, દયા કરો ભગવંત ! ૭૩

ધન્ય દિવસ આ આજનો, દેખ્યા ચરણ પુનીત;
કષ્ટ રહેશે ના હવે, મ્હેર થતાં સમપ્રીત ! ૭૪

કરુણાકર ગૌતમઋષિ, દ્રવ્યા સૂણતાં વેણ;
કહેઃ- ભૂપ 'મા ભી'[2] હૃદે રક્ષનાર ત્રણનેન ! ૭૫

મૃત્યુંજય મહાદેવ છે અભયદાન દેનાર;
ક્ષેત્રગોકર્ણે વસે ત્રાતા તારણહાર ! ૭૬

મહાપાપહર તીર્થ એ ગોકર્ણાખ્ય પવિત્ર;
સ્મરણમાત્રથી નાસશે બ્રહ્મહત્યાદિ વિચિત્ર; ૭૭

સદા સંનિહિત જ્યાં વસે, શિવશંકર સાક્ષાત્ !
ભૂકૈલાસ ગોકર્ણ એ, રક્ષે ભક્ત દિનરાત !! ૭૮

રાત્રિધ્વાન્ત નસાડવા નહીં વહ્નિ [3]વિધુ તાર;
સમરથ સૂર્યોદય વિના લય સંપૂર્ણ ન થાય. ૭૯

તેમ અન્યતીર્થાદિકે સર્વ પાપ નવ જાય;
ગોકર્ણે લવ ના રહે, સમૂળ વિનષ્ટ થાય. ૮૦

ગોકર્ણસ્મરણે કરી, દર્શનથી અઘ જાય;
કોટિ બ્રહ્મહત્યા ટળે, પાપી પાવન થાય. ૮૧

બ્રહ્મા વિષ્ણુ શચીપતિ[4] સુર કિન્નર મુનિ જ્યાંય
વસે નિરંતર તપ કરી, શું કહેવો મહિમાય ? ૮૨

કૈંક સિદ્ધિ પામી ગયા, કૈંક થયા ભગવંત;
પ્રભાવ એવો ક્ષેત્રનો, અમર થયા કંઈ સંત ! ૮૩

ભક્તિભાવ મનમાં ધરી, કરે તપાદિક પુણ્ય
ક્ષેત્રગોકર્ણે જઈ, થાય લક્ષગુણ ધન્ય ! ૮૪

વાસમાત્રથી જ્યાં થયા બ્રહ્માદિક સુર સિદ્ધ;
કો વર્ણે એ તીર્થને ? શું ન કરે એ સિદ્ધ ? ૮૫

વિષ્ણવાજ્ઞા શિર પર ધરી, સ્થાપે બાળગણેશ;
કૈલાસ જાણ ગોકર્ણ એ, મહાબળેશ્વર [5]શેશ ! ૮૬

સુરવર સઘળા જ્યાં વસે, કરે નિરંતર સેવ;
બ્રહ્મ ઇંદ્ર વિષ્ણુ મરુત્, સાધ્યો વિશ્વેદેવ, ૮૭

સૂર્ય ચંદ્ર આઠે વસુ પૂર્વદ્વારે દેવ,
મહાબળેશ્વરલિંગની કરે ભાવથી સેવ. ૮૮

ચિત્રગુપ્ત યમ અગ્નિ ને રુદ્ર પિતૃગણ જેહ,
દક્ષિણદ્વાર રહી કરે ઉપાસના સસ્નેહ. ૮૯

વરુણાદિક મંગલ વસે પશ્ચિમમાં સુરજૂથ;
પૂજે ભક્તિભાવથી શિરગંગાધર ધૂત.[6] ૯૦

ભદ્રકાલી વરદા વસે સપ્તમાતૃકા સાથ,
કુબેર ઉત્તરદ્વારમાં; સેવે શિવ દિનરાત. ૯૧

ચિત્રસેન આદિ કરી વિશ્વાવસુ ગંધર્વ,
ગાયન પ્રીતે જ્યાં કરે નિત રીઝવવા શર્વ. ૯૨

કણ્વાદિક નિર્મલ મુનિ, અત્રિ અંગિરા સાથ;
વસિષ્ઠ કશ્યપ તપ કરી, પૂજે ગૌરીકાન્ત. ૯૩

ગોકર્ણે સુરસુંદરી તિલોત્તમાદિક જેહ,
ઉર્વશી રંભા મેનકા નૃત્ય કરે [7]તનુદેહ. ૯૪

૧. આનંદાશ્રૂથી ૨. મા ડર. ૩. ચંદ્ર. ૪. ઈંદ્ર. ૫. શંકર. ૬. પવિત્ર. ૭. નાજુક દેહવાળી.

રાગ નૃત્ય ને ગીતની, મચે અહર્નિશ ધૂન;
આનંદાશ્રુ વહે સદા, ગાતાં હરિના ગુણ ! ૯૫

વિશ્વામિત્ર જાબાલિ ને ભરદ્વાજ ઋષિ જેહ,
જૈમિન્યાદિક કૃતયુગે પામ્યા સિદ્ધિ તેહ. ૯૬

સનકાદિક નૈષ્ઠિક જિહાં સુરમુનિ નારદ સાથ,
સામગાન પ્રીતે કરે; ગાય બ્રહ્મ વેદાંત. ૯૭

સિદ્ધ સાધ્ય મુનિ દંડી ને બ્રહ્મચારી પણ જ્યાંય,
[1]અજિનધારી વલ્કલગ્રહી પૂજે શિવ સિતકાય. ૯૮

હાડચામદેહે ભજે તપસી જ્ઞાની નિત્ય
શશિશેખર દિનરાત જ્યાં, મનમાં ધારી પ્રીત્ય. ૯૯

વિદ્યાધર વસુ કિન્નરો, ગણ ગંધર્વો જેહ,
આવે ફરી ફરી તિહાં પાવન કરવા દેહ. ૧૦૦

કિંપુરુષો ને ગુહ્યકો, તક્ષક ને વળી શેષ,
ભૂત પ્રેત વેતાળ ને આવે સત્ત્વ અશેષ. ૧૦૧

જોગણ બેરાગણ અને ડાકણ શાકણ સાથ,
મહાબળેશ્વરલિંગને જોડે નિત નિત હાથ. ૧૦૨

દિવ્યાભૂષણથી થઈ ભૂષિત દેવી દેવ,
સૂર્યકાન્ત [2]સ્વર્યાનથી આવી કરતા સેવ. ૧૦૩

ગાયન કો પ્રીતે કરે, કરે નૃત્ય કો ભક્ત;
સ્તવન પૂજન કો કરે, કોઈ દર્શનસક્ત ! ૧૦૪

જે જે વાંછિત મન વિષે, તે તે પૂરિત થાય;
ક્ષેત્ર ન બીજું આ સમું, પાતકહોળી થાય. ૧૦૫

અગસ્ત્યાદિક મુનિવરો, કંદર્પાદિક દેવ;
પ્રિયવ્રતાદિક ભૂપતિ, પામ્યા વર કરી સેવ. ૧૦૬

ભદ્રકાલી શિશુમાર પણ ત્રિકાલ પૂજે લિંગ;
ગરુડાદિક [3]અહિ ના વધે, થાય વેરનો ભંગ. ૧૦૭

લંકપતિ રાવણ ઈહાં, પામ્યો વર વરદાન;
બિભીષણાદિક રાક્ષસો પૂજે મૂકી માન. ૧૦૮

દેવાસુર મુનિ કિન્નરો, પામ્યા સહુ નિજ કામ;
ગોકર્ણે પૂજી શિવ શંકર સુખનું ધામ. ૧૦૯

સ્વનામાંકિત કો ઈહાં, સ્થાપે લિંગ પવિત્ર;
ચતુર્વિધ પુરુષાર્થ ને પામે વર વિચિત્ર. ૧૧૦

બ્રહ્માવિષ્ણુ ષડાનન[4] સ્થાપે લિંગ ગણેશ
સ્વનામાન્વિત, દેવ ને દેવી પૂજે મહેશ. ૧૧૧

ડગલે ડગલે લિંગ ને પગલે પગલે તીર્થ
અસંખ્યાત ગોકર્ણમાં, એકરૂપ સુકીર્ત. ૧૧૨

ઉદકમાત્ર સહુ તીર્થ ત્યાં, પથ્થર લિંગ પ્રમાણ;
નામ ન રહેશે પાપનું, ક્ષેત્રોત્તમ એ જાણ. ૧૧૩

મહાબળેશ્વર લિંગ જે મુખ્ય હતું એ શ્વેત
કૃતે, રક્ત ત્રેતા વિષે, દ્વાપર પીત સંકેત. ૧૧૪

કૃષ્ણવર્ણ કલિમાં થયું, સૂક્ષ્મ મૃદુતર જાણ;
સપ્તપાતાલ ભેદી રહ્યું, મૂળ મહોન્નત[5] માન. ૧૧૫

પશ્ચિમસાગરતટ વિષે, ક્ષેત્ર રમ્ય ગોકર્ણ;
દિવ્ય અલૌકિક એ રહ્યું, થાય પાપનું મર્ણ. ૧૧૬

બ્રહ્મહત્યાદિ પંચ જે મહાપાતક કહેવાય.
દર્શનમાત્રે પલકમાં સકલ ભસ્મ ત્યાં થાય. ૧૧૭

સકલ કામના મન તણી પૂર્ણ થઈને અંત
મુક્તિ પામી માનવી, થાય આપ ભગવંત ! ૧૧૮

પુણ્યદિને પૂજન કરે ભક્તિભાવથી જેહ,
રુદ્રલોક પામે નકી; એમાં નહિ સંદેહ. ૧૧૯

દૈવગતિ ગોકર્ણમાં આવી દેવ મહેશ
પૂજે ભાવે, જાય તે બ્રહ્મલોક અક્લેશ. ૧૨૦

સૂર્યચંદ્રબુધવાસરે, પૌર્ણિમાદિક પર્વ;
[6]અમાસ્નાન સાગર કરી, મૂકી મનનો ગર્વ; ૧૨૧

દાન ધર્મ જપ હોમ ને કરે વિપ્રતર્પણ,
શિવપૂજન કિંચિત્ ઈહાં, પામે [7]કોટિગણ. ૧૨૨

વ્યતિપાત રવિસંક્રમ, પુણ્યયોગ પ્રદોષ,
શિવરાત્રીપૂજન થકી પામે શિવ સંતોષ. ૧૨૩

અનંત પુણ્ય આ ક્ષેત્રમાં, કરે કોણ વર્ણન ?
અનેક વર પામી ગયા, થયા દેવ પ્રસન્ન. ૧૨૪

પુષ્પમાત્રથી રીઝતા, ભોળા શંભુ એહ;
ભજ ભૂપતિ ભાવે થશે કાર્ય, ન ત્યાં સંદેહ. ૧૨૫

કૃષ્ણપક્ષ મહામાસમાં શિવરાત્રી મધરાત,
ગોકર્ણે આ આવીને, પૂજે ભોળાનાથ. ૧૨૬

એક બિલ્વપત્રાર્પણે, દુર્લભ ત્રણે લોક;
પામે ઉત્તમ ફળ અને જાય જન્મનો શોક. ૧૨૭

આવું નિરુપમ ક્ષેત્ર આ; જાય નહીં નર જેહ,
દુર્ભાગી ધિક્ એહને ! વૃથા ધર્યો કાં દેહ ? ૧૨૮

મૂરખ માહાત્મ્ય ન સૂણે, બધિર જાણ એ જન;
દુર્લભ શ્રવણ દર્શન અતિ, દુર્લભતર પૂજન. ૧૨૯

કરે ઉપોષણ જાગરણ જે જન શિવજી પાસ,
સ્વર્ગમાર્ગસોપાન[8] એ લઈ જાય કૈલાસ. ૧૩૦

૧. મૃગચર્મ. ૨. વિમાન. ૩. સાપ. ૪. કાર્તિકસ્વામી ૫. અતિ ઉંચું ૬. અમાસ. ૭. કરોડગણું ૮. સીડી.

ચતુર્વર્ગ પુરુષાર્થ જે, પામે જન સહુ ત્યાંય;
દુર્લભ વર પામી થયા કંઈ કંઈ અમૃતકાય ! ૧૩૧

ભક્તિનમ્ર થઈ માનવી, કરે તીર્થમાં સ્નાન;
પૂજન કરે શિવલિંગનું, પાપમુક્ત એ જાણ. ૧૩૨

સૂણી ગોકર્ણમહિમા [1]હવો ગૌતમમુખથી રાજ;
મિત્રસહ પૂછે નમાવી પ્રેમે શિરતાજ. ૧૩૩

મુનિવર મહિમા જે કહ્યો અનુપમ કરી વિસ્તાર
દઈ દૃષ્ટાંત પૂરો કરો, અનાથના આધાર ! ૧૩૪

મહાપાપથી કો અહીં થયો ઋષે સુમુક્ત ?
કૃપા કરી ગૌતમ કહો કથા સ્વાનુભવયુક્ત. ૧૩૫

એમ કહી પગ ઝાલીયા ! ફરી ફરી વંદે ભૂપ;
ગૌતમ કહેઃ સાંભળ કહું સાવધાન થઈ નૃપ ! ૧૩૬

એક નહીં અનેક જ્યાં, પાપી પામ્યા શર્મ;
ક્ષેત્રમહિમા કો કહે ? વિરલો જાણે મર્મ ! ૧૩૭

શિવરાત્રીદિન એક હું ગયો ક્ષેત્રગોકર્ણ;
માઘમાસ યાત્રિક બહુ, આવ્યા નાનાવર્ણ. ૧૩૮

અન્ય દિને મધ્યાહ્નમાં, બેઠો તરુતલછાંય;
આવત દેખી દૂર ત્યાં, જરઠા[2] અંત્યજકાય. ૧૩૯

જીર્ણ અતિશે દુઃખથી, ભૂખે વ્યાકુળપ્રાણ;
વૃદ્ધ અંધ બાહુક સમી, દુર્ગંધિની ખાણ ! ૧૪૦

રોગ થકી પીડિત અતિ, શુષ્કમુખી વ્રણછન્ન
પૂય[3] વહે કૃમિ સળવળે, દંતહીન ને [4]સન્ન ! ૧૪૧

ગંડમાલગદવ્યાપ્ત છે, ગાગર ઉદર પ્રમાણ;
કંઠ રૂંધાયો કફ થકી, રડે આખડે જાણ ! ૧૪૨

વસ્ત્રહીન દિગંબરા વિધવા વિહ્વલ એહ;
કેશહીન ગલદ્‌ગુદા, કંપે થરથર દેહ ! ૧૪૩

મરણોન્મુખ ચાંડાલી એ, રોમ રોમ દુખખાણ;
સૂર્યકિરણ તનુ સ્પર્શતાં, લાગે જાશે પ્રાણ ! ૧૪૪

ડગલે ડગલે આખડે, રડે દુઃખથી દીન;
શ્વાસ શ્વાસ આયુ ઘટે, થઈ જીવિકા ક્ષીણ ! ૧૪૫

જેમ તેમ આવી તિહાં, ઢળી પડી ત્યાં પાસ;
થઈ લંબી તરુવર તળે, ગયો પલકમાં શ્વાસ ! ૧૪૬

પાસે હું દગ્ દેખતો, ગયો દુઃખથી પ્રાણ !
કૈલાસેથી આવીયું અકસ્માત વિમાન !! ૧૪૭

કોટિ સૂર્યસમ ઝળહળે રત્નાંકિત એ યાન;
શિવદૂતો સ્કંધે વહે, શૂલખટ્વાંગનિશાન. ૧૪૮

અર્ધચંદ્ર શિર પર ધર્યો સોહે શંકરરૂપ;
કિરીટકુંડલધર બધા, ચારે દિવ્યસ્વરૂપ. ૧૪૯

રત્નજડિત સ્વર્યાન એ, ચંદ્રકાન્તિ એ દૂત !
દેખી વિસ્મિત હું થયો, લાગ્યું અતિ અદ્‌ભુત !! ૧૫૦

દેખી આભો હું બન્યો, પૂછ્યું જોડી હાથઃ
કિમર્થ આવ્યા હે ભટો ? કોને લેશો સાથ ? ૧૫૧

બોલે શિવદૂતો તિહાંઃ- સાંભળ મુનિવર તેમ;
આવ્યા શિવઆજ્ઞા થકી, લેવા આને એમ. ૧૫૨

લઈ જાશું ચાંડાલીને શિવ પાસે કૈલાસ !
સૂણી અચરજ મારૂં વધ્યું, પૂછ્યું જઈને પાસ; ૧૫૩

ક્યાં ચાંડાલી પાપિણી ? ક્યાં દિવ્ય આ યાન ?
કો બેસાડે કૂતરી સિંહાસન પર સ્થાન ? ૧૫૪

કીધું સુકૃત એક ના, કેવળ પાપસ્વરૂપ !
શેં જાશે કૈલાસ એ, પુણ્યલોક કદરૂપ ? ૧૫૫

મદ્યમાંસપુષ્ટા તનુ, પીડ્યા જીવ અનેક !
શિવલોકે શું રાચશે, દુષ્ટા પાપી છેક ? ૧૫૬

દયા દાન તપ શૌચનું, ન મળે સ્વપ્રે નામ;
સત્ય મળે ના ઉર વિષે ! શેં જાશે શિવધામ ? ૧૫૭

શિવપૂજન કીધું નહીં, નહીં જ્ઞાનનો લેશ !
પંચાક્ષરજપ ના કર્યો; શેં રીઝ્યો પરમેશ ? ૧૫૮

શિવસ્મરણ સ્વપ્રે નહીં, ન મળે વ્રત કે દાન;
ઉપોષણાદિક ના કર્યું; શાથી આવ્યું [5]યાન ? ૧૫૯

તીર્થસ્નાન જાણે નહીં, નહીં પર્વ નહિ શીલ !
શિવસાંનિધ્યે શેં જશે પુણ્યહીન દુઃશીલ ? ૧૬૦

દુર્ગંધે તનુ વ્યાપી આ, વહે પૂય શોણિત;[6]
ચાંડાલી દુર્વૃત્ત આ, માની કેમ પુનીત ? ૧૬૧

પૂર્વપાપ જાવા દિયો; જુઓ અદ્ય જો મુખ,
જીવ પડ્યા સર્વાંગમાં ! કેમ લાધશે સુખ ? ૧૬૨

દુરાચારી પાપી અતિ, નિંદ્ય ચરાચર માંહ્ય;
જાશો કૈલાસે લઈ, દેખી અચરજ થાય ! ૧૬૩

શિવમંદિરલાયક નહીં, ચાંડાલી અતિનિંદ્ય;
લેવા આવ્યા શેં કહો; કાં માની મન વંદ્ય ? ૧૬૪

સૂણી વચન મારાં વદે, હૃષ્ટસ્વાંત શિવદૂત;
પૂર્વવૃત્ત ચાંડાલીનું, સાંભળ ગૌતમ તુર્તઃ- ૧૬૫

પૂર્વજન્મમાં આ હતી બ્રાહ્મણકન્યા જાણ;
ચંદ્રમુખી લાવણ્યની, નામ સૌમિની ખાણ. ૧૬૬

૧. એવો. ૨. બુઢ્ઢી. ૩. પરૂં. ૪. (i) ખિન્ન; (ii) થાકી ગયેલી. ૫. વિમાન. ૬. લોહી.

બાળા તન્વી[૧] સુંદરી, ન મળે પતિ અનુરૂપ;
કરે જનક ચિંતા અતિ, માતા મ્લાનસ્વરૂપ ! ૧૬૭

લગ્નકાળ વીતી જતાં, થશે અનર્થ મહાન્;
માની તાત ત્વરા કરે, આપે કન્યાદાન. ૧૬૮

સાધારણ દ્વિજ ખોળીને, કર્યો વિવાહ સુશીઘ્ર;
[૨]ગૃહ્યોક્તે અર્પી સુતા; ગઈ પતિ-ઘર શીઘ્ર. ૧૬૯

રહી નવોઢા[૩] સાસરે, કિંચિત્ કાલ સુતુષ્ટ;
જોયું ના પતિસુખ તિહાં, થયું દૈવ હા રુષ્ટ ! ૧૭૦

એકાએક થયો અહા, પતિ તણો દેહાંત;
રંડાઈ બાળા હરે ! થયો ઘોર [૪]આક્રાંત !! ૧૭૧

પતિહીન એ કામિની, દુઃખે અતિશે દીન;
માતપિતા લાવ્યાં ગૃહે, કામાર્તા સુખહીન ! ૧૭૨

ષોડશવર્ષા સુંદરી, ક્ષણ ક્ષણ વ્યાપે કામ;
તરુણ પુરુષ જોઈ દ્રવે, દોડે મન ઉદ્દામ ! ૧૭૩

જારકર્મ છાનું કરે; કેમ રહે એ ગુપ્ત ?
ધરતી પાતક ઓચરે, કરો પ્રગટ કે ગુપ્ત ! ૧૭૪

[૫]ચપલ નેન છીપે નહીં, કરો કરોડો યત્ન;
પાપ આપ બોલી ઊઠે, મિથ્યા થાય પ્રયત્ન ! ૧૭૫

ગુપ્ત વાત પ્રગટી બધે, થયાં જ્ઞાતિલાં ક્ષુબ્ધ;
માતપિતા સાથે કીધી બહિષ્કૃત અબુદ્ધ ! ૧૭૬

પિત્રાદિક સર્વે થયાં ત્યજી સુતા એ લુબ્ધ,
તત્સાંસર્ગિક દોષથી પ્રાયશ્ચિત્તે શુદ્ધ ! ૧૭૭

પૂર્વે ભીતિ જે હતી ગઈ, બની નિઃશંક;
માની મોદ રમે તિહાં, નગર વિષે સ્મરપંક. ૧૭૮

કર્દમ ચૂંથે કોડથી, ખુલ્લો ખેલે ખેલ;
તરુણ વૈશ્ય સહ એક ત્યાં, કરે અહર્નિશ ગેલ ! ૧૭૯

સુસ્વરૂપ જોઈ બની મુગ્ધા એ પર સક્ત;
થઈ ગેહિની ઘર વિષે રહી એહના રક્ત ! ૧૮૦

ઈકોતેર ડૂબાડીયાં, બની સ્વૈરિણી મત્ત;
રમે અહર્નિશ વૈશ્યથી, ખણે આપ નિજ [૬]ગર્ત ! ૧૮૧

નારી ડૂબે કામથી, નીચસેવથી વિપ્ર;
રાજા બ્રહ્મદંડે, યતિ ભોગસંગ્રહે ક્ષિપ્ર. ૧૮૨

વૈશ્યગૃહે સંતતિ થઈ, થઈ બુદ્ધિ અતિ હીન;
ભય લજ્જા મૂકી રમે, ન જુએ રાત કે દિન ! ૧૮૩

મદ્યમાંસ સેવે સદા, મત્ત બની બિનમાપ;
કાલકમણ કરે મુદા, પૂર્ણ ભરાયું માપ ! ૧૮૪

એક દિને અંધી બની, થયો નશો હા [૭]મસ;
[૮]મેષભ્રમે વિદારીયું ખાવા ધેનુવત્સ ! ૧૮૫

ભાન રહ્યું ના ઘેનમાં, રાંધી ખાધું માંસ;
મસ્તક શીંકે મૂકીયું, ખાવા બીજે વાસ[૯] ! ૧૮૬

મદ્યપાન ઉપર કર્યું, દુર્જર માંસાશન;
ઘેન ભરાયું આંખમાં, સૂઈ ગઈ તત્ક્ષણ. ૧૮૭

ગાઢ નિંદ સેવી સ્હવારે ઊઠે જ્યાં જાણ.
દોડી દોણી હાથમાં શેડ કાઢવા માન. ૧૮૮

વત્સસ્થાને દેખીને મેષશિશુ, ઘર માંહ્ય
ભ્રાંત થઈ દોડી તિહાં, શીંકે ગોશિર હાય ! ૧૮૯

દેખી બીધી અંતરે, શિવ શિવ કે' હા હાય !
ચંદ્રમૌલિ મેં શું કર્યું ! પાપ કેવડું હાય !! ૧૯૦

તમસ્વાંત રડે અતિ, કર્યું કારમું કૃત્ય;
જાણ થતાં પતિ કોપશે, થાશે નિશ્ચે મૃત્ય ! ૧૯૧

એમ વિચારી દુષ્ટધી, અસ્થિ ચર્મ સહ શીષ
દાટે ખાડો ખોદીને; પાડે મિથ્યા ચીસ ! ૧૯૨

પાડોશીઘર જઈ રડે, કરે વૃથા કલ્પાંત;
વ્યાઘ્રે વાછરડું હર્યું ! હાય કરું શું, કાન્ત ? ૧૯૩

આશ્વાસન આપે પતિ; ફરી એહનું એહ !
કંઈક પાપ એવાં કરી, અંતે મૂકી દેહ !! ૧૯૪

વૈશ્યગૃહે પૂરું થતાં મરે દુષ્ટ પ્રારબ્ધ;
યમદૂતો ખેંચી ગયા, કરી પાશથી બદ્ધ ! ૧૯૫

રૌરવાદિ નરકે તિહાં, નાંખી પિતૃઓ સાથ;
દુસ્તર દુઃખો ભોગવી, થઈ અન્ત્ય કુજાત ! ૧૯૬

ગોવધથી ચાંડાલિની, અભાનથી વળી અંધ !
જારકર્મથી કુષ્ઠિની, સહ્યું દુઃખ બેહદ !! ૧૯૭

ઉચ્છિષ્ટાન્નદાનાદિથી પાળે સ્નેહે માત;
ગ્રાસાદિ મુખ અર્પીને, બાળપણામાં તાત. ૧૯૮

દેહ સાથ દુઃખો વધે, વધે વ્રણાદિક તેમ;
બાળપણે મૂવાં મૂકી, માતપિતાદિક એમ. ૧૯૯

અનાથ ભાઈભાંડુ ત્યજે ગલત્કુષ્ઠિની એહ;
ભીખી પેટ ભરે અને રક્ષે ગંદી દેહ ! ૨૦૦

ભીખે ભૂખ શમે નહીં, પીવા ન મળે નીર;
ક્ષુધાતૃષાપીડિત ભમે, ન મળે વસ્ત્ર શરીર. ૨૦૧

પૂર્વકર્મ દારુણ અતિ, કુષ્ઠે વ્યાપી દેહ;
વ્રણ દુઃખી વૃદ્ધા ભમે, માગે ગેહેગેહ ! ૨૦૨

૧. નાજુક. ૨. ગૃહ્યસૂત્રમાં કહ્યા પ્રમાણે. ૩. નૂતન પરિણીત સ્ત્રી. ૪. હાહાકાર. ૫. ચંચલ. ૬. ખાડો. ૭. ઘણો. ૮. બકરું ૯. દિવસ.

રાજમાર્ગમાં આથડે, માગે મૂઠી અન્ન;
પાપયોગથી ના મળ્યું અન્ન, ક્ષુધાથી સન્ન ! ૨૦૩

ગલત્કુષ્ઠ વ્યાપ્યું બધે, વ્યાધિગ્રસ્ત શરીર;
પૂયશોણિત પીમળે, કોઈ ન ધીરે નીર ! ૨૦૪

કર્મ ન છોડે કોઈને, હોય રાય કે રંક;
ઓચિંતુ આવી ગ્રહે, વત્સ ધેનુ નિઃશંક ! ૨૦૫

રોગે ક્ષીણ થયું વપુ, રોમરોમ કૃમિ ધાય;
સ્વકર્મગર્હિત[૧] અંત્યજા, અન્ન અન્ન કરી ધાય ! ૨૦૬

કાળક્ષેપ કરે તથા, આવ્યો માઘ સુમાસ;
ગોકર્ણે ચાલ્યા તિહાં, લોકો ચારે પાસ. ૨૦૭

શિવરાત્રી શિવદર્શને, નાના દેશથી લોક
હર્ષે ચાલ્યા યાત્રિકો; ગૃહે રહ્યું'શે કોક. ૨૦૮

સ્ત્રીપુત્રાદિક સહ બધા, બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય
શૂદ્રાતિશૂદ્ર દોડ્યા બધા; એક અલૌકિક દશ્ય ! ૨૦૯

વસ્ત્રાલંકૃત નીસર્યા, વૃદ્ધ બાળ ને પ્રૌઢ;
હાથી ઘોડા રથ [૨]પદાતિની ચાલી દોડ ! ૨૧૦

રાયરંક ચાલ્યા સહુ, જોવા મહાબળેશ;
જાત્રા જામી, માર્ગમાં જગ્યા ન મળે લેશ. ૨૧૧

હસતા હસતા ચાલીયા, કો ગાતા શિવનામ;
દોડત નાચત કો ચલે મહાબળેશ્વરધામ. ૨૧૨

એમ કરત કલ્લોલ સહુ જાતા દેખી જન,
ભીખારૂ સાથે ગઈ ચાંડાલી આ પણ. ૨૧૩

પૂર્વજન્મ ઉચ્ચારીયું શિવ શિવ નામ સુપુણ્ય;
તત્પુણ્યે ગોકર્ણમાં આવી, અફળ ના પુણ્ય. ૨૧૪

હાથ પ્રસારી માગતી, માર્ગે માર્ગે અન્ન;
બૂમો પાડે દુઃખથી, ખાવા ન મળે કણ. ૨૧૫

રડે દુઃખથી બાપડી, બોલે દીન વચનઃ-
પૂર્વજન્મ ના આપીયું ! ક્યાંથી પામું કણ ? ૨૧૬

દયા કરો યાત્રિકજનો, ખાવા આપો ધાન;
હાય હાય ચાલ્યા અરે ભૂખે મારા પ્રાણ ! ૨૧૭

પૂર્વજન્મ કીધાં હશે, કો જાણે શાં પાપ !
અંગ અંગ તૂટે [૩]ગદે દયા કરો માબાપ !! ૨૧૮

ગલત્કુષ્ઠ પીડે અતિ, તન પર ન મળે ચીર;
અંધી ભૂખી આથડું, ઠંડે ઠરે શરીર ! ૨૧૯

ધર્મ કરો મહાજન અરે ! જાય ભૂખથી પ્રાણ;
કંઈક દિવસથી ના મળ્યું ખાવા હરિજન ધાન ! ૨૨૦

મોત ન આવે હાય રે, લગી પેટમાં લ્હાય !
કોઈ સ્હામું નવ જુએ, હાય હાય રે હાય !! ૨૨૧

આળોટે દુઃખથી અતિ, માગે માર્ગે અન્ન;
શિવરાત્રીવ્રત એ દિને, આપે કોઈ ન કણ. ૨૨૨

[૪]નાદત્તં ઉપતિષ્ઠતે અટલ કાયદો કર્મ;
કીધું ભોગવવું રહ્યું ! ક્યાંથી પામે શર્મ ? ૨૨૩

ટોળાં ચાલ્યાં દર્શને, માગે ઢેડી અન્ન;
આક્રંદે દુઃખથી અતિ, કરે મશકરી જન ! ૨૨૪

પાછું જોઈ એક ત્યાં, કહેઃ નામ ના બાળ
આજ ઉપોષણ અન્નનું ! લે આપું આ ઝાલ !! ૨૨૫

બિલ્વપત્ર આપ્યું હસી, એમ કહીને એક !
સૂંઘી નાખ્યું ક્રોધથી, અભક્ષ્ય માની છેક. ૨૨૬

નાંખે ઢેડી ક્રોધથી, પડે જઈ શિવલિંગ !
દૈવગતિ ન્યારી, તિહાં મતિ ન ચાલે દિંગ !! ૨૨૭

મધરાતે દૈવે કરી, થયું શિવપૂજન;
અન્ન વિના ઉપવાસ ને વળી થયું જાગરણ ! ૨૨૮

શિવરાત્રીવ્રત એ થયું, યથાસાંગ વિણ યત્ન;
રીઝ્યા ભોળાનાથ ને તારી ચાંડાલણ ! ૨૨૯

પુણ્યવ્રતફળ એ મળ્યું; આવી ભિક્ષા માટ
આજે અહીંયા આંધળી, કુષ્ઠી અંત્યજજાત ! ૨૩૦

રોગે પીડિત આંધળી, અન્ન વિના વ્યાકુળ;
માર્ગે ન સૂઝે, જાય ક્યાં ? આવી ચાટત ધૂળ ! ૨૩૧

એક કદમ નવ ચલનની શક્તિ, ચાલે મંદ;
[૫]ઘર્મે દુઃખી હાંફથી, પીડે અતિશે જંત ! ૨૩૨

પૂર્વકર્મફળ કારમાં ભોગવતી અનુરૂપ,
આવી છાયામાં અહીં; ત્યજે પ્રાણ કદરૂપ ! ૨૩૩

શંકરઆજ્ઞાથી અમે આવ્યા લઈ વિમાન;
અનંત ફળ વ્રતનું, થયું પાપ સર્વ નિષ્પ્રાણ. ૨૩૪

શિવરાત્રી ઉપવાસથી, જાગરણે વળી પુણ્ય,
શિવબિલ્વાર્પણપૂજને, થઈ ચમારણ ધન્ય ! ૨૩૫

શતજન્માર્જિત પાપનો, થયો સ્હેજમાં નાશ;
પ્રીતિપાત્ર શિવની બની; લઈ જાશું કૈલાસ. ૨૩૬

એમ કહી સિંચ્યું શરીરે અમૃત ત્યાં જાણ;
દિવ્યદેહ ઢેડી બની, તેજ સૂર્યસમાન. ૨૩૭

બેસાડી સુરયાનમાં, લઈ ગયા શિવદૂત;
નજરે દેખ્યું ભૂપ મેં થઈ ચાંડાલી પૂત ! ૨૩૮

અજાણતાં ભવ ઊતરી, સ્હેજે પામી શર્મ;
ગોકર્ણમહિમા એહવો, સાંભળ ભૂપ સુવર્મ ! ૨૩૯

૧. નિંદિત ૨. પગપાળા. ૩. રોગથી. ૪. ન આપેલું મળતું નથી ૫. તાપથી.

નિઃસંશય જા ભૂપતે ! થઈશ પાપથી મુક્ત
ગમનમાત્રથી, અંતમાં પામીશ મુક્તિતત્ત્વ !! ૨૪૦

ગૌતમમુખથી સાંભળી મહિમા પુણ્ય સુયુક્ત;
રાજા ગોકર્ણે ગયો, થયો શીઘ્ર સુમુક્ત. ૨૪૧

આવું પાવન ક્ષેત્ર આ, પુણ્ય ગોકર્ણ સુતીર્થ;
શ્રીપાદપ્રભુ ત્યાં રહ્યાં, તેથી જાણ સુકીર્ત. ૨૪૨

અજાણતાં પણ પાપીઓ તરી ગયા જો આમ;
જાણી જ્ઞાની જો ભજે, થાય ન વદ શાં કામ ! ૨૪૩

અલખવચન એ સાંભળી, પૂછે શિષ્ય સુજાણ;
આગળ અનુસંધાન એ, રસમય અતિશય માન. ૨૪૪

મહિમા આ ગોકર્ણનો કીધો અહીંયા એમ;
રંગ કહે આગળ હવે લીલા અપૂર્વ તેમ. ૨૪૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
ગોકર્ણમાહાત્મ્યવર્ણનં નામ દ્વિષષ્ટિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૬૨ ॥ દોહરા ૨૪૫(ખંડ પારાયણ પહેલો દિવસ સપ્તાહ પારાયણ ત્રીજો દિવસ)

અધ્યાય ૬૩

શિષ્ય કહેઃ ગોકર્ણનો સૂણ્યો મહિમા અદ્‌ભુત;
કહો ગુરો ક્યાં લગ રહ્યા, ત્યાં શ્રીપદ અવધૂત ! ૧

કૃપાસિંધુ લાગી રહી લગની ત્યાંજ અખંડ;
હર્ષ ન માએ ઉર વિષે, ટળે પાપ ઉદંડ. ૨

અલખ કહેઃ- સૂણ વત્સ હે ! કહું ચરિત અદ્‌ભુત;
સાવધાન થા, જે થકી થાશે નંદ[૧] અભૂત. ૩

લોકાનુગ્રહકારણે ગોકર્ણે ત્રણ સાલ
રહી ગયા શ્રીપર્વતે, ભક્ત તણા પ્રતિપાળ. ૪

યત્પદદર્શનમાત્રથી સર્વતીર્થફળલાભ,
'ચરણં પવિત્રં' શ્રુતિ કહે, લીલા કરે વરાભ.[૨] ૫

સંત ફરે લોકાર્થ એ, કરે તીર્થ પવિત્ર;
વૃદ્ધિંગત મહિમા કરે, લીલા કરી વિચિત્ર. ૬

ચાર માસ રહી પર્વતે, કંઈક ઉદ્ધર્યા જન;
દર્શન આપી ભક્તને, કીધું જ્ઞાનાંજન. ૭

નિવૃત્તિસંગમ વિષે કરી સ્નાન પવિત્ર,
આવ્યા કુરવપુરે પ્રભુ, ક્ષેત્ર આરણ્યક ચિત્ર. ૮

કૃષ્ણાવેણી જ્યાં વહે ચારોં પાસ અખંડ;
અપાર મહિમા કો કહે ? દુર્લભ નવે ખંડ ! ૯

કૃષ્ણા વિષ્ણુરૂપ એ, વેણી શિવસ્વરૂપ;
દર્શનમાત્રે મોક્ષ દે, શોષી લે ભવકૂપ. ૧૦

મહિમા વર્ણન જો કરૂં, વધે ગ્રંથ બેહદ;
કહું સ્વલ્પ સૂણ વત્સ હે ! પાવન બંને નદ. ૧૧

આવ્યા પ્રભુ શ્રીપાદ ત્યાં, મહિમા વધ્યો અપાર;
રહ્યા ભક્તજનકારણે, કલિમલતારણહાર ! ૧૨

જે જન ભક્તિથી ભજે, પામે મનવાંછિત
ધી લક્ષ્મી વર સંતતિ; નાસે સકલ અહિત. ૧૩

કૃતયુગતારણ જે જનાર્દન, કલિમાં શ્રીપાદ-
શ્રીવલ્લભપ્રભુ; ભાવથી ગ્રહો એહના પાદ. ૧૪

વેદો શ્વાન થઈ સદા, ચાટે ચરણ પવિત્ર !
મહિમા વર્ણન કો કરે ? કહું અલ્પ ચરિત્ર. ૧૫

લીન થયા કાલાંતરે, યતિવર ત્યાંને ત્યાંય;
ધર્યો અન્ય અવતાર ને કર્યા અલૌકિક કાર્ય. ૧૬

કુરવપુરે હજીયે વસે, ગુરુવર ગુપ્તસ્વરૂપ;
દર્શન પામે ભક્ત ને તરે સંસૃતિકૂપ. ૧૭

સૂણ શિષ્ય તુજને કહું, ધર્યો અન્ય કાં દેહ;
એ ગ્રામે બ્રાહ્મણ વસે એક ધર્મરત જેહ. ૧૮

વૈદિક નીતિશીલ એ; સતી અંબિકા નામ
ભાર્યા તેની પતિવ્રતા, ભજે પતિ નિષ્કામ. ૧૯

સદાચારસંપન્ન બે; ગહન કર્મનો યોગ
પુત્ર થઈ મરતા સહુ, ટાળ્યો ટળે ન ભોગ !! ૨૦

કર્યા અનેક તીર્થવ્રતો, સેવ્યા સંત મહંત;
દૈવે જીવ્યો એક સુત, થયો મંદમતિ હંત ! ૨૧

સ્નેહે પોષે અંબિકા, મોહે મૂરખ પુત્ર;
યથાવિધિ [૩]મૌંજી કરી, [૪]જનક પઢાવે સૂત્ર. ૨૨

અજ્ઞ મંદમતિ એક પણ મંત્ર ન ગ્રહે એહ;
ચિંતા કરે પિતા અતિ, મૂઢ ભાંગશે [૫]ગેહ ! ૨૩

ખિન્ન થયો નિજ અંતરે; કહેઃ- કષ્ટથી એક
દૈવે જીવ્યો પુત્ર પણ મૂરખ બાહુક છેક !! ૨૪

ડૂબ્યું કુળ મારૂં હરે ! કર્મ ગહન પ્રાચીન;
મિથ્યા કોણ કરે કહી, બન્યો દુઃખથી દીન. ૨૫

યુક્તિયુક્તિથી શીખવે, કોઉ ન ચાલે યત્ન;
આખર મારે ક્રોધથી, બની હતપ્રયત્ન. ૨૬

૧. આનંદ ૨. સુંદર કાંતિવાળા. ૩. જનોઈ દઈ. ૪. પિતા. ૫. ઘર.

રડે પુત્ર ના આવડે; માર્યે શું રંધાય ?
માર્યે બુદ્ધિ જો ખીલે, તો મૂરખ કવિ થાય ! ૨૭

રોજે એની એ કથા, માત કરે કલ્પાન્ત;
વારી, કર જોડી કહેઃ મા મારો હે નાથ ! ૨૮

મહાકષ્ટથી આ મળ્યો, દૈવે જીવ્યો એક;
ચિરંજીવી થાઓ સુખે, ભલે મૂઢ હો છેક ! ૨૯

વિદ્યા નહીં નસીબમાં; શું માર્યેથી થાય ?
કરુણાકર કરુણા કરો; ધાર્યું હરિનું થાય ! ૩૦

પૂર્વકર્મ કો ફેરવે ? ભલે રહ્યો દુર્મુખ;
મા મારો, નહિ તો હવે ત્યજીશ પ્રાણ સંમુખ ! ૩૧

પત્નીવેણ વાગ્યાં હૃદે, દીધો મસ્તકે હાથ;
'પ્રારબ્ધ' કહી મૂગો રહ્યો, થયો વિપ્ર એ શાન્ત ! ૩૨

મૂકી દીધું મારવું, દીધો પુત્ર સ્ત્રીહાથ;
સંતોષે દિન નિર્ગમે, ત્યાં તો આવ્યો ઘાત ! ૩૩

કાળ જતાં માંદો પડ્યો, બ્રાહ્મણ વૈદિક એહ;
રોગે ક્ષીણ તનુ થઈ, દૈવે મૂકી દેહ !! ૩૪

મૂર્ખ પુત્ર વિધવા સતી, દુઃખી દીન ગરીબ;
માગણવૃત્તિથી કરે પોષણ, રક્ષે જીવ. ૩૫

માગે માતા ભીખ ને ભરે પુત્રનું પેટ !
લોક સહુ નિંદા કરે; કહેઃ- જીવતાં પ્રેત !! ૩૬

યોગ્ય થયો વિવાહને, ન મળે કન્યા ક્યાંય;
ધિક્ ધિક્ મોઢે સહુ કહે, કરે માત મન હાય ! ૩૭

લોક કહેઃ- લે ઘટ શિરે, ભર પાણી ઘરઘર;
ચાર ઢોર, ધો લૂગડાં, મૂરખ માનુષખર ! ૩૮

પથ્થર પણ તુજથી અતિ, સારો મૂઢ ગમાર;
વ્યર્થ જન્મ દ્વિજકુળ ધર્યો, લાંછનરૂપ ચમાર ! ૩૯

પિતા શાસ્ત્રવિદ્ તાહરો, શ્રોત્રિય પુણ્યનિધાન;
ગાજે ચારે કોણમાં, ઉજ્જ્વલકીર્તિ સુજાણ. ૪૦

નામ ડૂબાડ્યું એહનું, હર્યું માતૃયૌવન !
લાજ ન આવે ધિક્ તને ! કાં ન સિધાવે વન ? ૪૧

માતૃભીખ ભક્ષી સુખે, થયો આખલો મસ્ત !
પિતર અધઃ પડશે, મને થાતો ધિક્ ના ત્રસ્ત ! ૪૨

કુલાંગર, કાં ના મરે ? વહે વ્યર્થ જીવન !
ડૂબી મર ગંગાજળે, દુર્મતિ દુર્જીવન !! ૪૩

લોકવાદ દિનદિન સૂણી, થયો મૂઢ દુઃખિત;
કહેઃ માત હદ થઈ હવે, ત્યજીશ પ્રાણ નિશ્ચિત ! ૪૪

સર્વે નિંદા જો કરે ! વૃથા કરૂં શું દેહ ?
પોષણમાં શ્રમ અતિ પડે તુજને નિઃસંદેહ. ૪૫

આણું અંત એ સર્વનો, જાઉં [1]નિબિડ અરણ્ય;
ગંગાપ્રવેશ કરૂં હવે, વરૂં મોત સુધન્ય ! ૪૬

માતા શોક કરે અતિ, સૂણી પુત્રવચન;
ચિંતાવિષ્ટ રડે સતી; કહેઃ- આવું હું પણ ! ૪૭

ત્યાંથી બંને નીસર્યાં, આવ્યાં કૃષ્ણાતીર;
દુઃખ કરે ત્યાં આવીયા ગુરુ શ્રીપાદ ધીર. ૪૮

સ્નાનાર્થે ચાલ્યા મુદા, મુનિવર તારણહાર;
દુઃખાંતક દેખી, ગ્રહે પાદ પુત્ર સહ નાર. ૪૯

કંઠ રૂંધાયો દુઃખથી, વહે આંસુ ચોધાર;
કહેઃ- પ્રાણ ત્યજવા જળે, આપો આજ્ઞા સાર. ૫૦

આત્મહત્યા પાપ આ, દુસ્તર કહે સુલોક;
પ્રાર્થું, આપો સંમતિ; જાશે સઘળો શોક. ૫૧

આપવચનથી સદ્ગતિ, શ્રદ્ધા અમ મુનિરાય !
સૂણી દયાનિધિ ઓચર્યા; પ્રાણ ત્યજે શું થાય ? ૫૨

શું સંકટ એવું પડ્યું, ત્યજો પ્રાણ દુર્લભ ?
વિપ્રસ્ત્રી જોડી કહે હાથ, દુઃખ સ્વ સબ. ૫૩

ભક્તવત્સલ ભો ગુરો ! સંકટ દુઃસહ જાણ
પુત્રમિષે પડીયું, થયાં ત્યજવા તત્પર પ્રાણ. ૫૪

પુત્રકારણે આ કર્યા, કંઈક વ્રતો કંઈ તીર્થ;
સેવ્યાં દેવદેવી ઘણાં, સંતમહંત સુકીર્ત. ૫૫

જન્મ્યો પુત્ર આ દુર્મતિ, થયો અતિ મતિમંદ;
નિંદા લોકો સહુ કરે; મળે ક્યાંથી આનંદ ? ૫૬

વેદશાસ્ત્રવિદ્ મમ પતિ, બ્રાહ્મણ શ્રેષ્ઠ સુજાણ;
તત્સુત મૂઢ કુધી, ગતિ ગહન કર્મની જાણ ! ૫૭

દયા કરો મહારાજ હે ! પુત્ર ન થાઓ મંદ
આવો અન્ય જન્મે કદિ; પૂરો આટલો [2]છંદ. ૫૮

સત્પુત્રાપ્તિ જે થકી, જન્માંતરમાં થાય;
કથો કંઈક સદુપાય ભો ! લાગું ફરી ફરી પાય. ૫૯

કૃપાનિધે તું દીનનો નાથ દૈન્યહર દેવ;
ભાગ્યે ચરણ દગે પડ્યા; કહો કરૂં શી સેવ ! ૬૦

જન્મી સંસારે પ્રભો, સ્વપ્રે લહ્યું ન સુખ;
નાના કષ્ટ સહ્યાં ગુરો, સહ્યું નિરંતર દુઃખ. ૬૧

સત્પુત્રો તે સહુ ગયા, રહ્યો એક આ મૂર્ખ;
[3]અજાકંઠસ્તન સમ વૃથા કષ્ટદ, લજવી કૂખ ! ૬૨

૧. ઘોર. ૨. કોડ. ૩. બકરીને ગળે લટકતાં સ્તન.

નષ્ટ થયું સૌભાગ્ય ને રહી કરમમાં ભીખ;
દયા કરો શ્રીપાદ હે ! આપો સત્સુત ભીખ !! ૬૩

સફળ કરો યાંચા[૧] પ્રભો ! અગ્રજન્મમાં દાન
આપો પૂજ્ય સુપુત્રનું, જગમાં આપ સમાન. ૬૪

નમન કરે સહુ જેહને, ગાય મુખે યદ્‌ગાન;
એવો સુત પામું, કહો ઉપાય કોઈ મહાન. ૬૫

જન્મ તણો ફેરો મટે, થાઉં જેથી ધન્ય;
પિતર સહુ શાશ્વત રહે સ્વર્ગે જેને પુણ્ય. ૬૬

પૂર્વવયે સમ આપ જે, સર્વપૂજ્ય સંમત;
બ્રહ્મજ્ઞાની સુત લહું, કૃપા કરો મહંત ! ૬૭

જ્ઞાની અજ્ઞાની સહુ વંદે યત્પદપદ્મ;
શાન્તિશર્મસુખનું સદા ભક્તજનોના સદ્મ[૨]. ૬૮

એમ કહી પદદ્વંદ્વમાં વળી નમાવે શિર;
વિપ્રસ્ત્રીવાણી સૂણી, વળ્યા સદ્‌ગુરુ ધીર. ૬૯

કરુણાકર વાણી વદેઃ- ભાવ થકી ભજ શર્વ;
ઈશારાધનથી થશે, પુત્ર યથા માધવ. ૭૦

ઈશાર્ચનવ્રતદર્શને ગોપી થઈ સુધન્ય;
ગોપગૃહે પ્રભુ અવતર્યા બાળકૃષ્ણ સુપુણ્ય ! ૭૧

કર આરાધન પ્રેમથી, તું પણ શિવનું જાણ;
થશે પુત્ર જ્ઞાની સુધી, અગ્રજન્મમાં માન. ૭૨

વદે બ્રાહ્મણીઃ- હે ગુરો ! ગોપી કોણ સુપુણ્ય ?
શિવપૂજનવ્રતદર્શને શી રીતે થઈ ધન્ય ? ૭૩

હું પણ એ વિધ આચરું, ચંદ્રમૌલિવ્રત સાંગ;
એમ કહી પદમાં પડી ! બોલે [૩]કરુણાપાંગ. ૭૪

કહે સદ્‌ગુરુઃ- સદ્‌વ્રતે પૂજ પ્રદોષે ઈશ
શનિપ્રદોષે ભાવથી; થશે તુષ્ટ ગિરીશ. ૭૫

સગુણેશવ્રત એ કથા, કથી સ્કંદપુરાણ;
ગોપી દર્શનમાત્રથી પામી પુત્ર જગપ્રાણ. ૭૬

વળતી વિધવા ઓચરે, હર્ષ ન માએ મનઃ
વારી નાંખું સદ્‌ગુરો, ચરણ પરે આ તન. ૭૭

ચિત્ર રમ્ય મધુરી કથા; સૂણી સ્વામીમુખ આજ;
ગોપગૃહે હરિ અવતર્યા, ધર્યો બલ્લવી[૪] સાજ ! ૭૮

શી રીતે વ્રત આચર્યું, કથો સકળ વિસ્તાર;
પ્રદોષપૂજન હું કરું, પામું તત્ફળ સાર. ૭૯

શ્રીપાદ કહેઃ- સાધ્વી કહું, સાંભળ કથા પુરાણ;
નગર એક સુંદર અતિ, ઉજ્જયિની અભિધાન. ૮૦

અચરજ એક તિહાં થયું; ચંદ્રસેન નૃપ એક
ધર્મશીલ દાની હતો, પ્રજાભક્ત સુટેક. ૮૧

મિત્ર એક તેનો હતો, પ્રાણપ્રિય મણિભદ્ર;
પરમ ભક્ત શિવપૂજને રહે મગ્ન અતંદ્ર.[૫] ૮૨

નિષ્ઠાપૂજન એહનું દેખી રીઝ્યા ઈશ;
આપ્યો ચિંતામણિ મુદા, તેજ ન માએ દિશ. ૮૩

કોટિસૂર્ય સમ ઝગમગે, મણિ અમૂલખ એહ;
કંઠે ધરે મણિભદ્ર એ રાત્રંદિન સુસ્નેહ. ૮૪

ચિંતામણિ શું તેજના સ્પર્શમાત્રથી લોહ
થાય હેમ; માગ્યું મળે; કોણ ન રાખે મોહ ? ૮૫

જે જે મન ચિંતે મળે, મણિસ્મરણપ્રભાવ
એવો લોકશ્રુત થયો; દોડ્યા અગણિત રાવ ! ૮૬

કો માગે સ્નેહે કરી, કૌતુકથી વળી કોઈ;
કો માગે મૂલ્યે કરી, બળાત્કારથી કોઈ ! ૮૭

કોઈ પ્રકારે દે મણિ, નહિ તો થા તૈયાર
લડવા કહીને મોકલ્યા એમ દૂત નિર્ધાર. ૮૮

કેમે કરી નાપે મણિ ! મળ્યા ભૂપતિ સાથ;
ઘેરો ઘાલ્યો રાષ્ટ્રને, 'મણિ' 'મણિ' મુખ ગાત. ૮૯

ત્રયોદશી શનિવાર એ, પ્રદોષપૂજામગ્ન
મણિભદ્ર સહ રાજવી ચંદ્રસેન શિવલગ્ન. ૯૦

મહાકાલેશ્વરલિંગની પૂજા કરે સહર્ષ;
ગોપપુત્ર જોવા મળ્યા, શિવાલયે આદર્શ. ૯૧

યથાવિધિ પૂજન કરે, રાજ મંત્રી બે સાથ;
જોઈ બલ્લવબાળ એ, હર્ષ ઉરે ઉભરાત. ૯૨

આપણે પણ પૂજીએ, કરીએ ઉત્સવ આજ;
એમ કહી સ્વાંગણ મહીં, કર્યો એકઠો સાજ. ૯૩

પથ્થર મૂકી અવનવા, કર્યું શિવાલય રમ્ય;
લિંગ કરી પાષાણનું, પૂજે બાળ અગમ્ય. ૯૪

દેખ્યું જેમ દૃષ્ટિ થકી, પૂજે આણી ઉમંગ;
કલ્પિત ઉપચારે કરી, માનસ ને બહિરંગ. ૯૫

પત્ર પુષ્પ અર્પે મુદા, યથાલબ્ધ ઉપચાર;
પૂજન કૌતુકથી કરે, મળ્યા બલ્લવી બાળ ! ૯૬

અર્ઘ્યું જળ નૈવેદ્યમાં, મુખે કરે જયઘોષ;
નાચે કૂદે હર્ષથી ! માને શિવ સંતોષ !! ૯૭

ભોજનની વેળા થઈ, માતા પાડે બૂમ;
ખાનપાન ભૂલ્યા સહુ, મચી ભજનની ધૂમ ! ૯૮

૧. યાચના. ૨. ઘર. ૩. દયાદૃષ્ટિ. ૪. ગોવાળિયાનો. ૫. આળસરહિત.

ગોપી આવી લઈ ગઈ, ધમકાવી સહુ બાળ;
એક તોક[૧] મંડ્યો રહ્યો, ન ગયો ઘેર સકાળ. ૯૯

માતા આવી ભાંડતી, મુખ મારી લપડાક;
કહેઃ- વંઠેલા વાંદરા ! તને ન રહી ધાક !! ૧૦૦

રાત અંધારી ઘોર આ, ગયા બાળ સહુ ઘેર;
એકાકી તું શું કરે ! ઊઠ ચાલ ઘર મેર ! ૧૦૧

ભોજનની વેળા થઈ, તાત જુએ ઘર, વાટ;
ઊઠ, કેમ ઊઠે નહીં ? મૂકું બીજી લાત ? ૧૦૨

લાગી લગની ના ઊઠે, થયો બાળ શિવમગ્ન !
માતા ફેંકે લિંગને, કર્યું શિવાલય ભગ્ન !! ૧૦૩

પૂજા ભાંગી ક્રોધથી, ગઈ છણછણતી ઘેર;
ગબડ્યા પથ્થર, જાગીયો બાળક, દેખ્યો ઢેર[૨] ! ૧૦૪

દેવવિડંબન દેખી એ, ખંડિત પૂજા હાય !
ગોપબાળ વિલપે અતિ, ક્ષણ ક્ષણ મૂર્છિત થાય !! ૧૦૫

લિંગ ધ્યાન ચિત્તે ધરી, કર્યા પ્રાણ એકાગ્ર;
મરણોન્મુખ દેખી દ્રવ્યા શૂલપાણિ વૃષાગ્ર[૩]. ૧૦૬

શિવમંદિર આંગણ થયું, રત્નલિંગ પાષાણ;
જોઈ બાળક જાગીયો, જાણે ઉદિયો ભાણ ! ૧૦૭

ખડા થયા શિવ સામ્બ ત્યાં, નિજસ્વરૂપે દક્ષ;
તોક[૪] ઊઠાડે નિજ કરે, પંપાળે પ્રત્યક્ષ ! ૧૦૮

કહેઃ- ઊઠ વર માગ હે ! મૂક વૃથા આ શોક;
મનવાંછિત આપું તને, માગ સુખે નિઃશોક. ૧૦૯

બાળ કહેઃ- શંભો ! કરો ક્ષમા માતૃઅપરાધ;
પૂજા ખંડિત જે કરી, કરો કોપ ના તાત ! ૧૧૦

બાળવચન એ સાંભળી, થયા સામ્બ પ્રસન્ન;
દયાનિધિ વળતી વદ્યાઃ- મા થા બાળક સન્ન. ૧૧૧

પ્રદોષપૂજા જોઈ જે, થઈ માત પુનીત;
દેવમાત જન્માંતરે થશે માન નિશ્ચિત. ૧૧૨

નારાયણ હરિ એહના થશે પુત્ર શ્રીકૃષ્ણ;
સત્ય વચન મારૂં, કહે શું આપું [૫]યતશિશ્ન ! ૧૧૩

મદ્વરદાને તાહરી થશે કામના પૂર્ણ;
ધન્ય વંશ તુજનો થશે, ભોગવ સૌખ્ય સુપૂર્ણ. ૧૧૪

પ્રસન્ન શિવ આપી થયા વર એવો ત્યાં લીન
લિંગ વિષે; પ્રણતિ કરે બાળક આભો દીન ! ૧૧૫

રત્નાંકિત શિવલિંગ એ, કોટિસૂર્ય સમ તેજ;
શિવમંદિર રાજે અતિ ! લોક કહે, શું તેજ ? ૧૧૬

માને સૂર્યોદય થયો, થયા ભૂપ શંકિત;
મૂકી યુદ્ધ કહે મને, કરો દર્શને હિત. ૧૧૭

પુણ્યવાન રાજા અતિ; કોણ આચરે દ્વેષ ?
ઊગ્યો નગર વિષે જુઓ, રાતે સૂર્ય દિનેશ ! ૧૧૮

એમ કહી ત્યાં મોકલ્યા દૂત; કહેઃ દર્શન-
કાંક્ષા રાખી આવીયા, કરો રાજ પાવન ! ૧૧૯

રાજા સ્હામો હર્ષથી, લેવા ધાય પવિત્ર;
ભેટી અન્યોન્ય સ્નેહથી કહે : અરે શું ચિત્ર ! ૧૨૦

અંધારી આ રાત ને તેજ ન વ્યોમ સમાય;
રાતે સૂર્યોદયકથા, દીઠી સૂણી ન ક્યાંય ! ૧૨૧

ચંદ્રસેન સહ કૌતુકે ચાલ્યો ભૂપસમાજ;
રત્નખચિત[૬] દેખે તિહાં, દિવ્ય શિવાલય રાજ. ૧૨૨

રત્નલિંગદર્શન કર્યું, સૂણ્યો સકળ વૃત્તાંત
બાળકમુખથી; સહુ કહે, ધન્ય ધન્ય સુજાત ! ૧૨૩

રાજા હર્ષિત અતિ થયો, આપે સંપદ્ દાન;
આપ્યું ગોપાધિપત્ય ત્યાં; ગયા સકળ સ્વસ્થાન. ૧૨૪

રાજા અભય થયો, થયા વેરી મિત્ર ! ફળ એહ
શનિપ્રદોષપૂજા તણું, બ્રાહ્મણી નિઃસંદેહ. ૧૨૫

ગોપબાળ ગૃહ આવીને કહેઃ માત સૂણ ધન્ય !
ભવાન્તરે વિષ્ણુ થશે પુત્ર ત્વદુદરે પુણ્ય ! ૧૨૬

એવો વર આપ્યો મને, થઈ શિવે સંતુષ્ટ;
પ્રદોષપૂજન જોયું તેં, થયો ઈશ્વર સંતુષ્ટ. ૧૨૭

તવ અપરાધ ક્ષમા કરી, આપ્યું સદ્વરદાન;
ભોળા શંભુ ભાવથી રીઝ્યા માની [૭]સાન. ૧૨૮

ગોપસુતે જઈ માતને, કહ્યું એમ સુવૃત્ત;
બન્યું એમ ! શું નવ મળે થતાં ઈશ સંતૃપ્ત ? ૧૨૯

પૂજાદર્શનમાત્રથી રીઝ્યા એમ મહેશ;
વિપ્રસ્ત્રી ! ભજ ભક્તિથી, જશે ક્લેશ નિઃશેષ. ૧૩૦

સત્સુતકાંક્ષા જો હૃદે, પૂજ પ્રદોષે શિવ;
થશે પુત્ર મત્સમ નકી, જ્ઞાની પૂજ્ય અતીવ. ૧૩૧

એમ કહી વિરમ્યા પ્રભુ, રડે વિધવા મન માંહ્ય;
દુઃખ સહ્યું જાએ નહીં, શોક બ્હાર ઉભરાય. ૧૩૨

ભાવ પિછાની ચિત્તનો, કૃપા કરે મુનિરાય;
બોલાવી તત્સુત, શિરે થાપે હસ્ત સુકાય. ૧૩૩

વેદશાસ્ત્રવિદ્ એ થયો, પરમ જ્ઞાની તત્કાળ;
ભાષ્યતર્કવેતા સુધી, વિદ્યાવૃદ્ધ સુબાળ ! ૧૩૪

વેદપઠન શુદ્ધ સ્વરે કરે કાવ્ય સુશુદ્ધ;
જોઈ વિસ્મિત વિપ્રસ્ત્રી, કહે : ઈશ આ બુદ્ધ ! ૧૩૫

૧. છોકરો. ૨. ઢગલો. ૩. જેની આગળ પોઠિયો છે તે. ૪. બાળક. ૫. સંયમી; બ્રહ્મચારી. ૬. જડિત. ૭. નાનો (બાળ).

કાર્યકારણે અવતર્યો માનુષવેષ સુપુણ્ય;
પૂર્વાર્જિત પુણ્યે થયાં દર્શન સદ્‌ગુરુ ધન્ય ! ૧૩૬

સ્વગત એમ નિશ્ચય કરી, ક્ષણ ક્ષણ નમે સુપાદ;
કહેઃ- ઈશ કો દૂસરો ! તુંજ એક શ્રુતિતાત ! ૧૩૭

પ્રદોષપૂજન તુજ કરું, થશે પુત્ર ત્વત્સમ;
મિથ્યાવાક્ય ન તુજ પ્રભો, ગાય અગમ નિગમ !! ૧૩૮

નિશ્ચય એવો ત્યાં કરી, કર્યું માનસ પૂજન;
પ્રદોષપૂજનમાં રહે જઈ ઘેર નિમગ્ન. ૧૩૯

સદ્‌ગુરુઅનુગ્રહે કરી, થયો સુધી સુત એહ;
જ્ઞાની નમ્ર વૈદિક ગુણી, પૂજ્ય પરમ વરદેહ. ૧૪૦

કૃતોદ્વાહ[1] આનંદથી, રહ્યો બાપને ગામ;
વંશોદ્ધાર કરી સુખે, પહોંચ્યો અક્ષયધામ ! ૧૪૧

ગુરુકૃપાફળ એહવું, દુર્લભ ત્રણે લોક;
ગુરુકૃપા થાતાં મળે દુર્લભ ત્રણે લોક !! ૧૪૨

કૃપાસિંધુ ગુરુ રીઝતાં, તર્યો મૂઢધી એમ;
અપાર લીલા એહની, કોણ વર્ણવે તેમ ? ૧૪૩

કલ્પદ્રુમ સાક્ષાત્ એ, શ્રીપાદપ્રભુ જાણ;
ભક્તોદ્ધારક કુરુપુરે વસે પ્રત્યક્ષ માન. ૧૪૪

અલખવચન એ સાંભળી, બોલે શિષ્ય સુધીર;
આગળ **રંગ** અપૂર્વ એ, સૂણો સંત ગભીર ! ૧૪૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
શનિપ્રદોષમાહાત્મ્યં નામ ત્રિષષ્ટિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૬૩ ॥ દોહરા ૧૪૫

અધ્યાય ૬૪

વદે નિરંજન બાળ એ, શિષ્યોત્તમ મતિમાન;
બદ્ધાંજલિ નત ભક્તિથી, ઉત્સુક સૂણવા કાનઃ- ૧

કહો કથા આગળ પ્રભો, ભવતારક જે એમ;
શ્રીપાદ કુરવપુરે રહ્યા, પછી બન્યું શું તેમ. ૨

શિષ્યપ્રાર્થના સાંભળી, જાણી હૃદ્‌ગતભાવ;
વદે અલખ અત્યાદરે, ગુરુલીલા ભવનાવ ! ૩

સૂણ વત્સ કૌતુક કહું, સુધાપૂર્ણ ચરિત્ર;
રજક[2] એક તે ગામમાં, હતો પુણ્ય પવિત્ર. ૪

શ્રીગુરુસેવક એ થયો, નમન કરે નતકાય;
દિનદિન ન્હાવા જાય ત્યાં શ્રીપાદ યતિરાય. ૫

સ્નાનમિષે કૃષ્ણાતટે જાય પ્રતિદિન એહ,
યથાવિધિ યતિવર મુદા લોકસંગ્રહે તેહ. ૬

ગંગાસ્નાન થકી વધુ યદ્‌દર્શનથી પુણ્ય;
સ્વયં સ્નાન એ આચરે, લોકશિક્ષણે ધન્ય ! ૭

નિત્યશુદ્ધને સ્નાન શું ? કૃતાર્થને શું કામ ?
લોકાનુગ્રહકારણે કરે સંત જન આમ ! ૮

કૃષ્ણાજળમાં નિત જઈ, કરે સ્નાન ત્રિકાળ;
શ્રીપાદ શ્રીવલ્લભ ધન્ય ભક્તપ્રતિપાળ ! ૯

ધુએ રજક વસ્ત્રો તિહાં, દૂર ઘાટ પર નિત્ય;
આવી લાંબો થઈ નમે, ત્રિકાળ, ધારી પ્રીત્ય. ૧૦

કાયા વાચા મન થકી, ભક્તિનમ્ર વંદન
કરે નિત્ય નેમે કરી, નિશ્ચલ નેત્ર સુમન ! ૧૧

એમ કંઈક દિનો ગયા, નમે રજક નિતનિત;
એક દિને ગુરુવર કહેઃ કેમ, વસે શું ચિત્ત ? ૧૨

રજક કેમ દંડે તનુ ? નમે નિત્ય શેં કાજ ?
તુષ્ટ થયો હું તુજ પરે, આપીશ તુજને રાજ ! ૧૩

બાંધે ગ્રંથી પલ્લવે[3], રજક સૂણી એ વાક્;
બદ્ધાંજલિ કહેઃ સત્યસંકલ્પ પ્રભુ તું પાક ! ૧૪

છોડી ભવચિંતા બધી, સેવક થયો સુરક્ત;
જતાં આવતાં નિત નમે, દેખી ગુરુવર ભક્ત, ૧૫

વાળી સિંચી વારિથી, રાખે yktગણ સાફ;
પડ્યો બોલ ઝીલે સદા, જપે નામનો જાપ ! ૧૬

દિવસ ગયા થાકે નહીં, કરે હર્ષથી સેવ;
મનસા વાચા કર્મથી, માની સદ્‌ગુરુ દેવ ! ૧૭

વસંત ઋતુ આવી તિહાં, પુણ્ય વૈશાખ માસ;
યવનરાજ ક્રીડાર્થ ત્યાં, આવ્યો સ્ત્રી સહ ખાસ. ૧૮

વસ્ત્રાલંકૃત નાવમાં કરે વિહાર સુજાણ;
સાથે સુરૂપ સુંદરી, મત્ત યૌવને માન. ૧૯

હાથી ઘોડા પાયદળ, ચાલે તટે સંગાત;
વસ્ત્રાભૂષિત સેવકો અમિત[4] હર્ષથી ગાત. ૨૦

નાનાવિધ વાજીંત્ર ત્યાં વાગે કર્ણમધુર;
સ્ત્રીજન સાથે રમે મુદા ભૂપતિ કૃષ્ણાપૂર; ૨૧

ગુરુચિંતન ભૂલી ગયો, થયો રજક વિસ્મિત;
દેખી અનુપમ દશ્ય એ, સૂણી વાદ્ય સંગીત ! ૨૨

કહે સ્વગતઃ ધિક્ જન્મીને જો દેખ્યું નહિ સુખ
વૈભવ ઈદૃક્[5], તો વૃથા જન્મ પશુ સમ [6]ફૂક ! ૨૩

ધન્ય રાજ ! હા શી સ્ત્રીઓ ! વૈભવ અમિત અપાર
જો કેવો ખેલે હસે ! નહીં દુઃખ તલભાર !! ૨૪

૧. લગ્ન કરીને. ૨. ધોબી ૩. લૂગડાને છેડે ગાંઠવાળી. ૪. અત્યંત. ૫. આવો. ૬. ફોક.

ઈશભક્ત શું એ હશે ? કર્યાં પુણ્ય શાં પૂર્વ ?
ગુરુવર કો આવી મળ્યો ? થયો તુષ્ટ શું શર્વ ? ૨૫

અહા ! ધન્ય નૃપ શેં થયો ? રજક વિચારે મન;
આવ્યા દેખી સદ્‌ગુરુ, કરે દંડવત્ તન ! ૨૬

વંદન કરી ઊભો રહ્યો, કળી ગયા શ્રીપાદ
હૃદ્‌ગત એની વાસના, દયાનિધિ શ્રુતિતાત ! ૨૭

ભક્તવત્સલ શ્રીપ્રભુ જાણી ભક્તમાનસ,
બોલાવી પૂછે મુદાઃ- શું ચિંતે રે ભસ ! ૨૮

રજક કહેઃ- ભો ગુરુવરા ! દેખ્યો રાજવૈભવ;
તુષ્ટ થયો; લાગ્યું મને ધન્ય એહનો ભવ. ૨૯

એકનિષ્ઠ કીધી હશે પુરા સ્વામિપદસેવ;
પૂર્વતપ સંચિત હશે, રીઝ્યા હશે કો દેવ ! ૩૦

મનમાં સ્હેજ આવ્યું અને કંઈ કંઈ દોડે ચિત્ત;
કૃપાસિંધુ નાના ઊઠે મનમાં કામ અતીત. ૩૧

મૂઢ અવિદ્યાવશ ઊડે ચિત્ત પ્રમાથી[૧], નાથ !
વિષયચિંતને શું વૃથા ? ત્વત્પદ સુખકર તાત ! ૩૨

હાસ્યવદન શ્રીગુરુ કહેઃ રજક જન્મથી દુઃખ
સેવ્યું, કષ્ટ સહ્યાં કંઈ; ભોગવ રાજ્યનું સુખ. ૩૩

થઈ તૃપ્ત ના ઇંદ્રિયો, રહે ચિત્ત ના સ્થિર;
[૨]શિષ્ટ વાસના કષ્ટ દે; જન્માંતરે સુચિર. ૩૪

મિષ્ટ વચન એ સાંભળી, કહે રજક નતશીષઃ
કરો ઉપેક્ષા ના પ્રભો, સફળ કરો આશિષ. ૩૫

કહે ગુરુઃ- મન ઝંખતું રાજ્યસૌખ્ય તુજ પૂર્ણ;
ઇંદ્રિયતૃપ્તિ જા થશે, મ્લેચ્છજન્મ ધર તૂર્ણ. ૩૬

રજક કહે કર જોડીનેઃ- પદવિયોગ હા હાય
ના સ્હેવાશે ! આપજો ફરી દર્શન, ગુરુરાય !! ૩૭

રહેજો સ્મરણ સદા હૃદે, થજો અનુગ્રહ ત્યાંય;
મા ભૂલશો [૩]વત્સને, ફરીફરી લાગું પાય ! ૩૮

વૈદૂર્ય નગરે જન્મ જા, કહે શ્રીગુરુ ફેર;
અંતકાલ દર્શન થશે મારૂં આનંદભેર. ૩૯

મમ દર્શનમાત્રે થશે જ્ઞાન સત્ય જા ત્યાંય;
ચિંતા મા કર, વાક્ય આ સત્ય માન મન માંહ્ય. ૪૦

પુનઃ પ્રયોજનવશ ધરા તળે થઈશ અવતીર્ણ;
નામ નરસિંહસરસ્વતી યતિવર મારૂં પૂર્ણ. ૪૧

મ્લેચ્છયોનિમાં જન્મ તું, ભોગ રાજ્યસુખ સત્ય !
પાદકંજ પ્રણમે પુનઃ, રજક દંડવત્ ભૃત્ય[૪]. ૪૨

બોલાવી પાસે પૂછે, કૃપામૂર્તિ ગુરુરાય;
આ જન્મે વા પર વિષે ભોગેચ્છા કહે ક્યાંય. ૪૩

રજક કહેઃ ઘરડો થયો ! જરાજીર્ણ શરીર;
પરજન્મે ભોગીશ સુખે યૌવન રાજ્ય સુચિર. ૪૪

સૂણી સદ્‌ગુરુ ઓચરેઃ- [૫]વ્રજ જન્માંતર ભૃત્ય;
રાજ્ય અકંટક ભોગવી, લહે અંતમાં સત્ય. ૪૫

શ્રીગુરુઆજ્ઞા શિર ધરી, ત્યજે પ્રાણ તત્કાળ;
વૈદૂર્યપુરે મ્લેચ્છકુળ જન્મે થઈ નૃપબાળ. ૪૬

કથા ચિત્ર એ રજકની, આગળ કહીશ રસાળ;
રહ્યા પ્રભુ [૬]કતિ કાળ ને મહિમા વધ્યો અપાર. ૪૭

તદ્વર્ણન કો કરી શકે ? ગ્રંથાર્ણવ અગાધ;
સંક્ષેપે વર્ણું અહા, ચૌદ લોક યશ ગાત ! ૪૮

અમૃતદૃષ્ટિ શ્રીપ્રભુ, મહિમા અપરંપાર;
સ્થાનમાહાત્મ્ય સુદિવ્ય એ, લાગે અંત ન પાર. ૪૯

વર્ણન સઘળું કો કરે ? કુરવપુર પ્રસિદ્ધ;
મનઃકામના ભક્તની થાય [૭]આશુ જ્યાં સિદ્ધ. ૫૦

રહ્યા તિહાં કંઈ કાળ એ ભક્તસખા શ્રીપાદ;
લૌકિક દૃષ્ટિએ થયા, અદૃશ્ય પોતે બાદ. ૫૧

આશ્વિન કૃષ્ણદ્વાદશી, હસ્ત ઋક્ષ[૮] તે દિન;
અદૃશ્ય કૃષ્ણાજળ વિષે, થયા [૯]મિથઃ પ્રભુ લીન ! ૫૨

ગુરુદ્વાદશી નામથી આજે પણ સહુ લોક,
સ્મરે ઉત્સવાદિક થકી એને પુણ્યશ્લોક !! ૫૩

શ્રીપાદશ્રીવલ્લભ રહે નિત્ય અદૃશ્ય;
જ્ઞાની દેખે દૃષ્ટિથી, થાય ભાવથી દૃશ્ય. ૫૪

પ્રસિદ્ધ કુરુપુર ક્ષેત્ર એ, કુરુમગડા[૧૦] સાંપ્રત;
રહે યતીશ્વર નિત્ય જ્યાં શ્રીપાદ જાગ્રત્ ! ૫૫

શ્રદ્ધાભક્તિ મન ધરી જાય જે જનો ત્યાંય,
દેખે નેત્રે આજ પણ; પુનીત દર્શન થાય !! ૫૬

ધરે અન્ય અવતાર એ કાર્યકારણે જાણ;
રહી અદૃશ્ય કુરુપુરે, ભક્ત ઉદ્ધરે માન ! ૫૭

રંગ કહે એ સાંભળી, વદે નિરંજન ત્યાંય;
આગળ અનુપમ એ કથા, શ્રવણે પાતક જાય !! ૫૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
રજકવરપ્રદાનં નામ ચતુઃષષ્ટિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૬૪ ॥ દોહરા ૫૮

૧. વિહ્વળ કરી નાંખનાર. ૨. બાકી રહેલી. ૩. બાળકને. ૪. સેવક. ૫. જા. ૬. કેટલોક. ૭. તુરત. ૮. નક્ષત્ર ૯. મિથ્યા; તાત્ત્વિક દૃષ્ટિએ નહીં. ૧૦. કુરુગડી.

અધ્યાય ૬૫

અલખવચન એવાં સૂણી, પ્રણમે શિષ્ય સુજાણ;
સદ્‌ગુરુલીલા સૂણવા, ઉત્સુક બંને કાન. ૧

બોલેઃ- પ્રભુ ! સમજાય ના; ધર્યો અવતાર અન્ય,
રહ્યા તોય શ્રીપાદ ત્યાં ! કહો અગમ એ ધન્ય !! ૨

હાસ્યવદન બોલે અલખ; અગમ્ય લીલા ચિત્ર;
નાનારૂપ ધરે હરિ, વિશ્વવ્યાપી વિચિત્ર ! ૩

એક અજન્મા વિશ્વસૂક્, દેવ પરાત્પર એહ;
કાર્યકારણે અવતર્યો અન્યત્રા નિર્ગુણદેહ. ૪

રહ્યો ગુપ્ત રૂપે વળી ત્યાંનો ત્યાં પણ એહ;
ભક્તવરદ શ્રીપાદ એ, જાણ નિઃસંદેહ. ૫

પરશુરામ ચિરજીવી જો, જીવે અવ્યક્ત આજ !
ધર્યા અન્ય અવતાર ને કર્યાં કંઈક [1]નતકાજ !! ૬

આદિદેવ નારાયણ કરે સર્ગસ્થિતિભંગ;
બ્રહ્મવિષ્ણુશિવરૂપથી ધરે અનેરા રંગ. ૭

સ્વીકારી મુનિશાપ જો ધર્યા અવતાર વિચિત્ર;
ધર્મરક્ષણકારણે કર્યાં કૃત્ય કંઈ ચિત્ર. ૮

આદિ અંત કે મધ્યમાં, નહીં એહનો ભંગ;
કોણ પાર પામી શકે ? ત્રિમૂર્તિ એ નિઃસંગ ! ૯

ધન્ય કુરવપુર તીર્થ એ, રહ્યા શ્રીગુરુ જ્યાંય;
ધર્યા અન્ય અવતાર પણ, સદા પ્રત્યક્ષ ત્યાંય ! ૧૦

ક્ષેત્રાદર્શનમાત્રથી થાય કામના સિદ્ધ;
મનવાંછિત સત્વર ફળે, મળે મોક્ષ પ્રસિદ્ધ. ૧૧

શ્રીપાદવસતિસ્થાન એ, મહિમા અપરંપાર;
વર્ણન પૂરૂં કો કરે ? કહું સાર લગાર ! ૧૨

શ્રીગુરુવાસો જ્યાં તિહાં કામધેનુ પ્રત્યક્ષ;
સર્વ નિધિ તીર્થો સુરો, ભક્ત નિહાળે અક્ષ ! ૧૩

દૃઢ ભક્તિ જો ઉર વિષે, તરે ભવાંબુધિ સજ્ઞ;
જાગ્રત્ શ્રીગુરુ ત્યાં વસે, પરચો દેખે ભક્ત. ૧૪

ભક્તમાર્ગ જોઈ રહ્યો, કદિ નોપેક્ષે દેવ;
કહું નિદર્શન[2] ભક્ત રે ! કર નિરંતર સેવ. ૧૫

પુરાવૃત્ત તુજને કહું, સાંભળ શિષ્ય સુજાણ !
વિપ્ર એક ધાર્મિક હતો, વલ્લભેશ અભિધાન. ૧૬

સદાચારસંપન્ન એ, કાશ્યપગોત્રી દ્વિજ;
વાણિજ્યવૃત્તિથી કરે કુટુંબપોષણ નિજ. ૧૭

પ્રતિવર્ષે શ્રીપાદના દર્શન માટે જાય,
કુરવપુરે આનંદથી; ગુરુલીલામૃત ગાય. ૧૮

કર્યો સંકલ્પ એકદા, આરંભ્યો વેપાર;
લાભ થશે જો અતિ ઘણો, કરીશ ધર્મ અપાર. ૧૯

ઇચ્છાભોજન વિપ્રને ચતુઃસહસ્ર નિર્ધાર
આપીશ, સ્હાય કરો પ્રભો ! શ્રીપાદ ગુરુરાય ! ૨૦

નિશ્ચય એવો મન કરી, સ્મરી હૃદે ગુરુપાદ;
વાણિજ્યાર્થ ગયો મુદા, મુખે ગુરુનામ ગાત. ૨૧

જે જે સ્થાન વિષે ગયો, થયો લાભ શતગુણ;
સંકલ્પામિત ધન મળ્યું, ગાય મુખે ગુરુગુણ. ૨૨

શ્રીપાદપદકંજ એ ધ્યાય નિરંતર ચિત્ત;
અગણિત વિત્ત મળ્યું અહા, આવ્યો ઘેર સુચિત્ત. ૨૩

સંકલ્પિત દ્વિજભોજને થયો સમુદ્યત ક્ષિપ્ર;
જવા કુરવપુર નીસર્યો શીઘ્ર વિત્ત[3] લઈ વિપ્ર. ૨૪

જાણી એ પૂંઠે પડ્યા, તસ્કર બે ત્રણ ત્યાંય;
કપટભાવ હૃદયે ધરી, થયા મિત્ર [4]હતકાય ! ૨૫

દ્રવ્યલાલસા ઉર ધરી, થયા સાથ ખળ એહ;
બે ત્રણ દિન સાથે રહ્યા, ધરી કૂડથી નેહ. ૨૬

વિજન માર્ગ મહારણ્ય એ, વસતિ ન મળે ક્યાંય;
દેખી તસ્કર કહેઃ ભલા ! વિપ્ર ક્યાંય તું જાય ? ૨૭

સત્ય કહ્યું વિપ્રે બધું ! વળતી બોલે ચોરઃ
ગુરુબંધુ સહુ આપણે, મળી ધન્ય સુજોડ !! ૨૮

જાણ અમે પણ કુરુપુરે, [5]પ્રત્યબ્દે જઈ ત્યાંય;
શ્રીપાદપ્રભુદર્શને કરીએ પાવન કાય. ૨૯

માને વિપ્ર યથાર્થ એ, કર્યો મને વિશ્વાસ;
ચાલ્યો ભીતિ સહુ ત્યજી, વિજનસજન ઉદાસ ! ૩૦

લાગ જોઈ ખળ ઊછળ્યા, કરી નગ્ન તરવાર;
કાપી મસ્તક દ્વિજ તણું હર્યું દ્રવ્ય નિર્ધાર. ૩૧

મરતાં મરતાં દ્વિજ સ્મરે ભક્તવત્સલ શ્રીપાદ;
જટાધારી આવી ખડો, ભસ્મલિપ્ત ઘનનાદ ! ૩૨

શૂલખડ્‌ગધર ક્રોધથી ભાસે નેત્રા સુરક્ત;
દોડ્યો સ્મરતાં વારમાં, સ્મર્તૃગામી પ્રિયભક્ત ! ૩૩

તિગ્મધાર ત્રિશૂલથી, હણ્યા ચોર સહુ ત્યાંય;
એક શરણ આવી રડે કરુણ, નમે નતકાય :- ૩૪

જગન્નાથ પાયે પડું, નિરપરાધી હું રંક;
ચોરભાવ ના મુજ મને, લાગ્યો સંગતિપંક[6]. ૩૫

અજ્ઞાને સાથે થયો, સર્વસાક્ષી તું દેવ;
ઘટઘટનું જાણે બધું ! કરીશ નિરંતર સેવ. ૩૬

૧. ભક્તોનાં કામ. ૨. દૃષ્ટાંત. ૩. દ્રવ્ય. ૪. નિંદિત દેહવાળા. ૫. દર વર્ષે ૬. સંગદોષ.

પ્રાણદાન દે શરણ હું, સંગદોષ આ જાણ;
દયાનિધે ! શું કહું વધુ ? રક્ષ બાળ આ [1]સાન. ૩૭

સ્તેનવચન એ સાંભળી, આપે અભય શ્રીપાદ !
કહેઃ- ભસ્મ લે નાંખ આ વિપ્રદેહ પર તાત ! ૩૮

જોડ શીર્ષ ભસ્મે કરી; ઊઠ થાય છે વાર !
ઊઠ્યો ચોર, પ્રણમી કર્યું; શીર્ષસંધાન સુસાર. ૩૯

કબંધ[2] ભસ્માંકિત કર્યું; શ્રીપાદ નેત્ર સુસ્થિર
ફેંકે અમૃતદૃષ્ટિ ત્યાં, ઊઠ્યો વિપ્ર સુધીર ! ૪૦

સૂર્યોદય ત્યાં તો થયો, ગઈ અંધારી રાત;
અદૃશ્ય શ્રીગુરુવર થયા, ચોર વિલોકે ભ્રાંત !! ૪૧

ઊંઘી ઊઠે તેમ એ, ઊઠ્યો વિપ્ર સુજાત;
પૂછેઃ- પેલા ચોરનો કોણે કીધો ઘાત ? ૪૨

કાં કારણ પકડ્યો મને ? લીધો ખોળે ભ્રાત ?
માર્યા કોણે આમને ? શી છે સઘળી વાત ? ૪૩

તસ્કર કહેઃ દ્વિજ શું કહું ? સઘળી વાત વિચિત્ર;
ચોરો આ તુજ ઘાતકો, મર્યા કર્મથી મિત્ર ! ૪૪

જટાધારી કો તાપસી શૂલહસ્ત સુદેહ;
માર્યા એણે આ બધા, જીવાડી તુજ દેહ. ૪૫

મંત્રભસ્મથી તું ઊઠ્યો, છિન્નશીર્ષ પણ જાણ;
રક્ષાર્થે સોંપ્યો મુને, આપી અભયપ્રદાન. ૪૬

આ હતો, હવડે થયો અદૃશ્ય તાપસ એહ;
સહસા ગુપ્ત થયો અહીં, કો જાણે ક્યાં તેહ ! ૪૭

કોણ મુનિ એ ક્યાં ગયો ભસ્મવિભૂષિતદેહ,
પ્રાણરક્ષણ તુજ કરી; નવ જાણું હું એહ. ૪૮

હશે માનું ત્રિપુરારિ એ, શર્વ સદાશિવ જેહ;
તું ભક્ત દૃઢ એહનો, માટે રાખે નેહ. ૪૯

સૂણી વિપ્ર મનમાં થયો ખિન્ન અતિશે ત્યાંય;
દર્શન આપ્યા વિણ થયા ગુપ્ત શ્રીગુરુ હાય ! ૫૦

લઈ વિત્ત વિશ્વાસથી, ગયો કુરવપુર ધીર;
સમ્યક્ શ્રીપાદપાદુકા પૂજી કૃષ્ણાતીર, ૫૧

ઇચ્છાભોજન વિપ્રને આપ્યું, ચતુઃસહસ્ર;
શ્રદ્ધાયુત પૂજન કરી, ઉત્સવ કર્યો [3]ત્રિઘસ્ર ! ૫૨

આમ કંઈક તરી ગયા, સિદ્ધમનોરથ ભક્ત;
માહાત્મ્ય શ્રીગુરુપાદનું એવું જાણ સુભક્ત. ૫૩

શ્રીપાદશ્રીવલ્લભ વસે અદૃશ્ય જ્યાંય;
મહિમા કુરુપુરનો વધ્યો, ભાવિક નિત નિત જાય. ૫૪

ધર્યો અન્ય અવતાર ને લોકદૃષ્ટિથી ગુપ્ત.
થયા, તોય શ્રીપાદ ત્યાં જાગ્રત્ વસે સુગુપ્ત. ૫૫

અનેક અવતાર ધરે મુદા, તોય આપ નિર્લેપ
નારાયણ અજ સર્વદા; અજ્ઞદૃષ્ટિમાં લેપ ! ૫૬

સર્વવ્યાપી શ્રીપાદ એ, ધરે અન્ય અવતાર;
નામ નરસિંહસરસ્વતી, લીલા અપરંપાર !! ૫૭

આગળ અનુસંધાન એ, સૂણો સંત ગભીર;
જીવાડ્યો મૃત વિપ્ર એ **રંગ** અત્ર રસ ધીર ! ૫૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
મૃતશ્રેષ્ઠ્યુદ્ધરણં નામ પંચષષ્ટિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૬૫ ॥ દોહરા ૫૮

અધ્યાય ૬૬

વદે નિરંજનઃ- અલખ હે ! કહો પ્રણમું અનન્ય;
ધરે અન્ય અવતાર ક્યાં શ્રીપાદપ્રભુ ધન્ય ? ૧

લીલા ત્યાં શી શી કરે, કહો સવિસ્તર તેહ;
ગુરુલીલામૃતપાન આ, તારક નિઃસંદેહ. ૨

શિષ્યવિનતિ એ સાંભળી, કહે અલખઃ- તું ધન્ય !
ધન્ય શિષ્ય ગુરુભક્ત તું, માતપિતા તુજ ધન્ય ! ૩

પૂર્વે વર જે અર્પાયો, પૂરણ કરવા તેહ;
શ્રીપાદપ્રભુ દ્વિજગૃહે જન્મે સલીલ એહ. ૪

ગુરૂપદેશે અંબિકા પૂજી શિવ નિર્માન
શનિપ્રદોષે નિયમથી પામી પંચત્વ[4] માન. ૫

ઉદગ્‌દેશ[5] દ્વિજવંશમાં કરંજનગરે એહ,
વાજસનેયી બ્રહ્મઘર જન્મી રમ્ય સુદેહ. ૬

જાતકર્મ પિતા કરે, યથાવિધિ સંપૂર્ણ;
નામ અંબા રાખીયું; વધવા લાગી તૂર્ણ. ૭

પ્રેમકલા [6]ઉપવર થઈ; માતપિતા સચિંત
ખોળે વર, અનુરૂપ ત્યાં મળ્યો વિપ્ર નિશ્ચિંત. ૮

માધવ નામે વિપ્રને એજ ગામમાં જાણ,
સુશીલ શિવરત દેખીને, અર્પે તાત સુજાણ. ૯

કરી મહોત્સવ હર્ષથી આપ્યું કન્યાદાન
ગૃહ્યોક્તવિધિથી; સાસરે ગઈ કન્યકા જાણ. ૧૦

૧. નાનું. ૨. માથા વગરનું ધડ. ૩. ત્રણ દિવસ. ૪. મરણ. ૫. ઉત્તરદેશ (વરાડ) ૬. પરણાવવા યોગ્ય.

પતિગૃહે સાધ્વી રહી, સુશીલ ધાર્મિક એહ;
પ્રાક્‌સંસ્કારે નિયમથી પૂજે શિવ સસ્નેહ. ૧૧

પતિપત્ની બન્ને કરે પ્રદોષવ્રતપૂજન;
શનિપ્રદોષે ભાવથી પૂજે શિવ સંલગ્ન. ૧૨

શ્રદ્ધાભક્તિ દેખીને થયા પ્રસન્ન મહેશ;
ષોડશવર્ષે ગર્ભિણી, અંબા થઈ સુકેશ. ૧૩

ત્રીજે માસે દ્વિજ કરે પુંસવનસંસ્કાર;
અનવલોભન પ્રીતથી, ગર્ભરક્ષક સાર. ૧૪

નિર્મલ દોહદ ઊઠતા, કથે જ્ઞાન વિધવિધ;
સંતોષે દ્વિજવર અતિ, દેખી લક્ષણ સિદ્ધ. ૧૫

ખોળો આઠ માસે ભર્યો, આપ્યાં વાયનદાન;
નીરાજન સ્ત્રીજન કરે, ગાએ મંગલ ગાન. ૧૬

નવ માસ પૂરા થયા, પુણ્યકાળ શુભ દિન
અંબા પ્રસવે પુત્રને; પિતા હર્ષતલ્લીન ! ૧૭

પોષ શુક્‌લ બીજે શનિવાર પુણ્ય એ જાણ;
ધરે અન્ય અવતાર ત્યાં, સ્વયં ત્રિમૂર્તિ માન ! ૧૮

જણાવવા અવતાર એ, રટે બાળ ઓંકાર
જન્મતાં જ સુસ્વર ગિરા; સૂણી ચકિત નરનાર. ૧૯

જાતકર્મ પિતા કરે, આપે દ્વિજને દાન;
ધાન્ય હિરણ્ય આનંદથી, વસ્ત્રો ઉત્તમ જાણ. ૨૦

જન્મલગ્ન જોઈ કહે ગણકઃ- ધન્ય સુધન્ય
પુત્ર માધવ એ થશે, નહિ કો એ સમ અન્ય. ૨૧

સદ્‌ગુરુ દેશિકશ્રેષ્ઠ આ દયાનિધિ વરગીત;
થતાં અનુગ્રહ એહનો, થશે મૂક પંડિત. ૨૨

વિશ્વવંદ્ય થશે નકી લોકોત્તર એ જાણ;
વાક્ય વેદસમ એહનું, પગ ચિંતામણિ માન. ૨૩

આઠ સિદ્ધિ નવે નિધિ બદ્ધાંજલિ સદૈવ;
આજ્ઞા પ્રતીક્ષા નિત કરે, ધાક વહે મન દૈવ. ૨૪

સ્ત્રીપાણિગ્રહ ના કદિ કરશે એહ સુજાણ;
પુત્ર થશે ના એહને, સર્વપૂજ્ય એ માન. ૨૫

દૃષ્ટિમાત્રથી પતિતને પાવન કરશે એહ;
ઈશ્વરાવતાર એ નકી, એમાં નહિ સંદેહ. ૨૬

એમ કહી વંદન કરે ! કહેઃ- વિપ્ર તું ધન્ય;
પુત્ર ન આ ઈશ સ્વયં, હરશે દૈન્ય [1]વદાન્ય. ૨૭

મનમાં જે જે કામના, થશે સિદ્ધ અયત્ન;
થતાં અનુગ્રહ એહનો, ચલે ન કાળપ્રયત્ન. ૨૮

સમ્યગ્‌રક્ષા એહની, કરો અહર્નિશ દક્ષ;
દૈવવશે ગૃહ આવીયો, નિધિ જાણ પ્રત્યક્ષ ! ૨૯

એમ કહી વિરમ્યા સહુ જોષી સુહૃષ્ટચિત્ત;
માતપિતા અર્પે મુદા વસ્ત્રાભૂષણ વિત્ત. ૩૦

આનંદિત થઈ દ્વિજવરો આપી આશીર્વાદ,
ગયા ઘેર; માતા કરે રક્ષાબંધન હાથ. ૩૧

જાતમાત્ર શિશુ ઉચ્ચરે પ્રણવગીત મધુર;
વાર્તા ફેલાઈ બધે, જોવા ઊલટ્યું પૂર ! ૩૨

નરનારી ટોળે મળ્યાં, જોવા ધાયાં ચિત્ર;
સંતાડે મા બાળને, માયામોહ વિચિત્ર ! ૩૩

દૃગ્‌ભીતિ માની [2]મુધા, કરે ભસ્મ લલાટ;
બાંધે હાથે મંતરી કૃષ્ણસૂત્ર સુતાત ! ૩૪

દૃષ્ટિદોષ ક્યાં સંચરે, સ્વયં ઈશ જ્યાં બાળ ?
લૌકિકદૃષ્ટિથી કરે માતપિતા આચાર ! ૩૫

યથાવિધિ માધવ કરે દ્વાદશદિવસે જાણ,
સ્વસ્તિવાચનપૂર્વક અહા નામકરણ પ્રમાણ. ૩૬

થશે બાળ હરિસમ [3]ભુવિ, પાપતાપ હરનાર;
નામ દૈન્યહર નરહરિ રાખ્યું તારણહાર. ૩૭

માતા રક્ષે વ્હાલથી, કરે ચિંત દિનરાત;
દૂધ પૂરતું નવ સ્તને, હેતે હાલાં ગાત ! ૩૮

કહેઃ- નાથ ! શુષ્કસ્તને ન મળે મારા દૂધ;
બાળક ભૂખે ટળવળે, શમે ન એની [4]ક્ષુધ. ૩૯

અજા સુસ્તની ધાત્રી[5] વા સ્નિગ્ધપયોધર પૂર્ણ
શોધો, બાળક જંપશે મળતાં [6]પય પરિપૂર્ણ ! ૪૦

સૂણી બાળ રડતો હસે, સ્પર્શે તત્કુચ[7] જાણ;
સ્તન્ય[8] સ્રવે અમૃતસમું, બત્રીસધાર પ્રમાણ, ૪૧

ભીંજાઈ તનકંચકી, પડી ભૂમિ પર ધાર;
દેખી આનંદિત થઈ માતા વિસ્મિત સાર. ૪૨

દૃગ્‌ભીતિથી ના કહ્યું, રાખી ગુપ્ત સુવાત;
નમન કરી ચુંબન કર્યું, લાલન કરે દિનરાત. ૪૩

નાંખી પર્યંકે[9] મુદા, ગાય હર્ષથી ગીત;
ખેલે બાળક ભોંય પર, ન ગમે ઘોડી ગીત ! ૪૪

છૂટું ખેલે સર્વદા, કરે મૂક કલ્લોલ;
એકાક્ષર ઓંકૃતિ વિના, વદે ન બીજો બોલ. ૪૫

દેખી માતપિતા કરે ખેદ નિરંતર ચિત્ત;
માતા શીખવે વ્હાલથી, બાળ વદે ૐ ગીત ! ૪૬

૧. ઉદાર. ૨. અમથી. ૩. જગતમાં. ૪. ભૂખ. ૫. ધાવ. ૬. દૂધ; ધાવણ ૭. સ્તન. ૮. ધાવણ. ૯. પારણામાં.

સૂણી વધે ચિંતા અતિ માતપિતાની જાણ;
બાળક મૂક થયો અહા ! ભાવિ પ્રબળ પ્રમાણ. ૪૭

ગણક ગુરુ તેડાવીયા, પૂછે માત સુનીત;
મૂકત્વકારણ શું હશે ? કહો વિપ્ર પુનીત. ૪૮

વાચા ઊઘડે બાળની, થાય દોષપરિહાર;
સૂપાય ગુરુજી કહો, કરીએ શાસ્ત્રાધાર. ૪૯

કહે જ્યોતિષીઃ ધર્મથી થાય પાપનો નાશ;
કુલદેવીઅર્ચન કરો થશે દોષવિનાશ. ૫૦

[1]સૌર્યવાર અશ્વત્થનું પૂજન કરી વિશેષ;
તત્પત્રાન્નસેવન થકી, જશે દોષ નિઃશેષ. ૫૧

કોઈ કહેઃ- યુક્તિ થકી બોલાવવા લઘુ બોલ;
ધીમે ધીમે બોલશે, સૂણતાં એ જ સુબોલ. ૫૨

કોઈ પંપાળી કહેઃ- બોલ બાળ આ બોલ;
સૂણી હસે બાળક અતિ, બોલે ૐ અણમોલ ! ૫૩

સ્પષ્ટોચ્ચાર ઓંકારનો સૂણી સકળ વિસ્મિત;
કોઈ કહેઃ- શું ચિત્ર આ ? નહીં બધિર નિશ્ચિત ! ૫૪

સૂણી વદે ૐૐ મુદા, જાણી ન વદે અન્ય;
કારણ એનું એ લહે, કળી ન શકે અન્ય ! ૫૫

કોઈ પ્રકારે ના વદે, થયાં સાત વરસ !
માતપિતા ચિંતા કરે, લાગે ભવ નીરસ !! ૫૬

કહેઃ દૈવ બલી ! મૂક હા, થયો વ્રતબંધયોગ !
શું કરવું સૂઝે નહીં; થશે વિધિ શેં યોગ્ય ? ૫૭

તેડાવી કુળગોરને વદેઃ- મૂકસંસ્કાર
શી રીતે કરવો હવે ! કહો પુરોહિત સાર. ૫૮

બ્રહ્મકુળે જન્મ્યો કહે બાળ પુરોહિત એહ;
દેવું જનોઈ આઠમે વર્ષે નિઃસંદેહ. ૫૯

સકળશાસ્ત્ર એવું કહે, ના કરવો અતિકાળ;
સૂણી પિતર ચિંતા કરે, અશ્રુક્લિન્ન સુગાલ ! ૬૦

દૈવ વક્ર હા ! શી થશે ગતિ હરિહર હાય ?
મંત્રોપદેશ શેં થશે ? કરશે કોણ સહાય ? ૬૧

શિવગૌરીશ્વરવ્રત કર્યું, પ્રદોષપૂજન નિત્ય;
વ્યર્થ જશે શું એ બધું ? ભાવિ અટળ અચિંત્ય ! ૬૨

મ્હેર કરી પ્રભુએ, થયો પુત્ર સુલક્ષણ હાય
મૂગો ! બોલે કાં નહીં ? કહેશે કોણ ઉપાય ? ૬૩

પુત્ર એક આ, સ્વપ્નમાં નહીં અન્યદર્શન;
બૂઢાપામાં પાળશે, કરશે કેમ જતન ? ૬૪

પુત્ર થયો આ ના થયો, થયા ના કામ સફળ;
શનિપ્રદોષફળ હન્ત આ, થયું કેમ અફળ ? ૬૫

ઈશઘેર શી ખોટ કે આપ્યો આવો પુત્ર ?
એમ વિલાપ કરે સતી, દોડે પાસ સુપુત્ર. ૬૬

કરસંકેતે સાંત્વના કરે બાળ સપ્રેમ;
તેમ તેમ માતા રડે, લહે ન કિંચિત્ ક્ષેમ ! ૬૭

દેખી બાળક હળહળે, ગ્રહે હાથમાં લોહ;
સ્પર્શ થકી સોનું કરે, દેખે માત સમોહ. ૬૮

બોલાવી નિજ કાંતને, આપે કનક સુસ્મિત,
વાત કહે સઘળી સતી, થયો પતિ વિસ્મિત. ૬૯

છાનું રાખી એ ગૃહે, દે અન્ય અય[2] ત્યાંય;
સ્પર્શનમાત્રે એ બધું, કરે હેમ સુતરાય ! ૭૦

ઘરમાં લોઢું જે હતું, થયું સર્વ સુવર્ણ;
બાળક દૃષ્ટિ નાંખતાં, ફર્યો મૂળનો વર્ણ. ૭૧

દેખી સમૃદ્ધિ બધી, થયાં પિત્રા[3] વિશ્વસ્ત;
આલિંગન આપી કહે વૃથાઃ પુત્ર કાં ત્રસ્ત ? ૭૨

કુલદીપક તું દીકરો, તારક નિઃસંદેહ;
તુંથી પામ્યા સર્વ સુખ, પડે મૌનસંદેહ ! ૭૩

માયાવિષ્ટ ન જાણીએ મહિમા તારો દેવ;
અભદ્ર ભાષણ કાઢીએ, કર ક્ષમા તતખેવ. ૭૪

કર પૂરી મનવાસના, બોલ બોબડા બોલ !
અમૃતવાણી સૂણવા, થયાં અધીર અમોલ !! ૭૫

હસી બાળ સંજ્ઞા કરે, કહે જનોઈ આપ;
મૌંજીબંધન કર સુખે, બોલીશ નિઃસંતાપ. ૭૬

[4]ઉપવીતોર્ધ્વ વદીશ હું, કહે કરી સંકેત;
આનંદિત થઈ તાત ત્યાં, કરે વિચાર સમેત. ૭૭

જ્યોતિષીઓ બોલાવીયા કર્યો મુહૂર્તનિશ્ચય;
સગાંસંબંધી આવીયાં, રચ્યો મંડપ સુવ્યય[5]. ૭૮

ચતુર્વેદવિદ્ દ્વિજજનો, સ્વશાખીય સગોત્ર;
આપ્ત ઇષ્ટ મિત્રો સહુ, આવ્યાં, સસ્ત્રીપુત્ર. ૭૯

શણગારે મંડપ મુદા રત્નજડિત સહુ ક્ષિપ્ર;
ખર્ચે દ્રવ્ય અપાર ત્યાં, હર્ષે માધવ વિપ્ર. ૮૦

ગામલોક દેખી કહેઃ મૂરખ સુત, શો અર્થ !
ભ્રાંત પિતા પણ વેડફે સંચિત વસુ કાં વ્યર્થ. ૮૧

દ્રવ્ય આટલું વાપરી, શેં કરશે વ્રતબંધ ?
ગાયત્રી ઉપદેશ શેં ? શેં આચારપ્રબંધ ? ૮૨

૧. રવિ. ૨. લોઢું. ૩. માતાપિતા. ૪. જનોઈ પછી. ૫. સારું ખરચ કરી.

અન્ય કહેઃ- શું આપણું ગયું ? વ્યર્થ શો વાદ ?
મળશે લાડુ દક્ષિણા ! મૂક મંત્રની વાત !! ૮૩

તર્કવિતર્ક કરે જનો, એવાં નિત નૂતન;
માની દેવસ્વરૂપ સુત, માતપિતા પ્રસન્ન. ૮૪

અભ્યંગસ્નાન કરી કર્યું પુણ્યાહવાચન પૂર્વ;
ચૌલકર્મ યથાવિધિ, ગૃહ્યોક્તવિધિથી સર્વ. ૮૫

પૂર્વાંગ એમ યથાવિધિ કરી, માતની સાથ
સહભોજન પ્રીતે કરી, તાત પાસ બટુ જાત.[૧] ૮૬

શુભ મુહૂર્ત સાધી કરે ધારણ યજ્ઞોપવીત !
મંત્રોપદેશ પિતા કરે યથાવિધિ [૨]પ્રતીત ! ૮૭

બાંધી મૌંજી કંમરે, ગળે અજિન પવિત્ર;
મનમાં મંત્ર જપે બટુ, વ્યક્ત ન બોલે ચિત્ર !! ૮૮

ઊભી શ્રવણોત્સુક અહા, પુત્રાલાપ મધુર;
આશીર્વાદ આપી મુદા, માતા સ્નિગ્ધચિકુર[૩] ! ૮૯

આપી પ્રથમ ભિક્ષા અને વદે બટુક ઋગ્વેદ !
અગ્નિમીળે સાંભળી, સકળ વિસ્મરે ખેદ ! ૯૦

બીજી ભિક્ષા માત દે, યજુર્વેદ બટુ ગાય;
ઇષેત્વેત્તિ સૂણતાં, મૂકત્વભ્રાંતિ જાય ! ૯૧

તૃતીય ભિક્ષા અર્પતાં, બ્રહ્મચારી તત્કાળ
સામ ગાય અગ્ન આયાહીતિ સહ તાલ ! ૯૨

સૂણી સભા વિસ્મિત થઈ, વદેઃ- કોણ કહે મૂક ?
મૂગો બોલે વેદ શું ? ધન્ય દીપાવી કૂખ ! ૯૩

વેદતાત પરપુરુષ એ, ધન્ય ધન્ય કહે સર્વ;
દેવાવતાર એ નર નહિ; નકી જગદ્‌ગુરુ શર્વ ! ૯૪

એમ કહી સોત્સુક જનો, નમન કરે નતશીષ;
માતપિતા આનંદથી, ડોલાવે ત્યાં શીર્ષ ! ૯૫

બ્રહ્મચારી પટુ[૪] માતને શીઘ્ર નમાવી શીર્ષ
કહેઃ- માત! ભિક્ષાટને જાવું; દે આશિષ. ૯૬

આપી શિક્ષા ભીખની, મિથ્યા નહીં તુજ બોલ;
ભિક્ષાશી ભિક્ષુક[૫] થઈ, ફરું તીર્થ અલોલ[૬]. ૯૭

લોકાનુગ્રહકારણે ફરવું ઘર ઘર માત;
બ્રહ્મચર્યયુત સર્વદા, માગી ભિક્ષા હાથ ! ૯૮

વેદાંતરત નિર્મલ સદા, કંથાકૌપીનભેર
તીર્થાટનમિષ સંચરું; કરો માવડી મ્હેર ! ૯૯

પુત્રવચન એ સાંભળી, માતા દુઃખિત હાય;
અશ્રુપૂર વહે દૃગે, ક્ષણ ક્ષણ મૂર્છિત થાય ! ૧૦૦

મૃતપ્રાય ક્ષણમાં થઈ, ક્ષણમાં સાવધ થાય;
શોકાર્તા વિલપે અતિ; કહેઃ- પુત્ર હા હાય ! ૧૦૧

વૃદ્ધ થતાં રક્ષક થશે, થઈ આશ એ નષ્ટ;
સુખકલિકા કાં ખીલતાં થઈ નષ્ટ ? હા કષ્ટ !! ૧૦૨

મૌન ધર્યું શૈશવ[૭] વિષે, વદ્યો શબ્દ ના એક;
મિષ્ટ વચન ના સાંભળ્યાં, રહ્યાં અભાગી છેક. ૧૦૩

અમૃતવાણી આજ હા, દૈવે સૂણી પવિત્ર;
સફળ ઈશપૂજન થયું, વળી વદે કાં ચિત્ર ? ૧૦૪

એમ વિલાપ કરે અતિ, અંબા પરમ હતાશ;
આશ્વાસન આપી કહે, સદ્‌ગુરુ પરમપ્રકાશ ! ૧૦૫

મા જનની કર ખેદ તું, વિવેક ઉરમાં ધાર;
ધર્મરક્ષાકારણે ધર્યો જાણ અવતાર. ૧૦૬

ઘરમાં બેસી શું કરું ? લોક જુએ છે વાટ !
જાવા દે જનની, તનુ છેવટ ખાશે કાટ !! ૧૦૭

ચાર પુત્ર તુજને થશે, ચતુર સુલક્ષણ સાર;
સેવા કરશે તાહરી, શંકા નહીં લગાર. ૧૦૮

પુરા પુરારિ ઈશ તેં અર્ચ્યા શિવશંકર
સદ્‌ભક્તિથી, એમ કહી શિર પર મૂક્યો કર. ૧૦૯

પૂર્વસ્મરણ થયું બધું, થતાં હસ્તસંસ્પર્શ;
શ્રીપાદશ્રીવલ્લભ સુત જાણી પામી હર્ષ. ૧૧૦

વંદન કીધું ભાવથી, ધર્યાં ચરણસુકંજ;
પ્રેમાશ્રુપ્લુત સુપ્રસૂ[૮], ગયો ચિત્તનો [૯]રંજ ! ૧૧૧

આલિંગન આપી તિહાં, ઊઠાડે ગુરુનાથ;
કહેઃ- પ્રગટ મા કર કશું, ગુમ રાખ સહુ માત ! ૧૧૨

સંસારે લેપાઉં ના, સંન્યાસી હું જાણ;
આજ્ઞા આશુ[૧૦] આપ મા, ફરું તીર્થ નિર્વાણ. ૧૧૩

કાર્યકારણે અવતર્યો, મા કર મન સંદેહ;
એમ કહી વિરમ્યા પ્રભુ ! બોલે માત સનેહઃ- ૧૧૪

ત્યાગ કરી મારો જતાં, નહીં રહે જીવન;
અન્ય પુત્ર ના, ધર્મ ના બાલ્યે જાવું વન. ૧૧૫

ધાવણ મુખ સૂકાયું ના ! કેવો વનસંચાર ?
બાલ્યે તપ ના દેખીયું, આશ્રમધર્મ વિચાર. ૧૧૬

બ્રહ્મચર્ય પ્રથમે કહ્યું, દ્વાદશ વર્ષ પ્રમાણ;
ગુરુકુલવાસ કરી સુખે, થવું ગૃહસ્થ સુજાણ. ૧૧૭

પુણ્ય નાનાવિધ કરી, થતાં [૧૧]એષણાત્યાગ.
વાનપ્રસ્થ થઈ પછી, કરવો ધારણ ત્યાગ. ૧૧૮

વેદાભ્યાસ કરી થતાં બ્રહ્મચર્યથી શુદ્ધ;
[૧૨]આર્ષઋણમુક્તિ થશે, થતાં ચિત્ત પ્રબુદ્ધ. ૧૧૯

૧. જાય છે. ૨. હૃષ્ટ. ૩. વાળ. ૪. તીક્ષ્ણ બુદ્ધિવાળો. ૫. સંન્યાસી. ૬. અચંચલ. સ્થિર ૭. બાળપણ ૮. માતા. ૯. ખેદ. ૧૦. સત્વર. ૧૧. ઇચ્છાઓ-પુત્રૈષણા, વિત્તૈષણા, લોકૈષણા. ૧૨. ઋષિઓનું.

દેવપિત્રાર્ણથી[1] પછી થાવું ઘટે સુમુક્ત;
[2]ઉદ્વાહ્ય સદર્શી પત્નીં.....કહે શાસ્ત્ર સુયુક્ત. ૧૨૦

સત્પુત્રોત્પત્તિ કરી કરવું વંશરક્ષણ
યજ્ઞયાગાદિક કરી કરે ઈશતર્પણ. ૧૨૧

વાનપ્રસ્થ થઇ પછી કરવું દેહદંડન;
શુદ્ધ થતાં ક્રમથી કરે પછી કહ્યું મુંડન. ૧૨૨

એમ ક્રમસંન્યાસથી મુક્તિ કરતલ જાણ;
એ વિણ બાલ્યે પતન છે; ક્રમ મુખ્ય પ્રમાણ. ૧૨૩

પ્રબલેન્દ્રિયતૃપ્તિ કરી, કરી વાસના શાન્ત;
ક્રમે તપશ્ચર્યા કરી, થવું સંન્યાસી દાન્ત. ૧૨૪

માતૃવચન એ સાંભળી, શ્રીગુરુ તત્ત્વજ્ઞાન
કથે હાસ્ય કરી, **રંગ** એ આગળ અનુપમ માન ! ૧૨૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
નરસિંહસરસ્વત્યતારો નામ ષટ્ષષ્ટિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૬૬ ॥ દોહરા ૧૨૫

અધ્યાય ૬૭

શ્રીગુરુ કહેઃ સૂણ અંબ હે ! દેહ અનિત્ય પ્રમાણ;
પંચભૂતઘટ જડ નકી, જાતાં વાર ન જાણ. ૧

જીવન ક્ષણભંગુર અતિ; કોણ કરે વિશ્વાસ ?
દે આજ્ઞા જનની હવે, ક્ષણિક ભોગવિલાસ ! ૨

ક્ષણવિધ્વંસી દેહ આ, વૈભવ અસ્થિર જાણ;
નિત્ય સંનિહિત મોત છે, કરવો ધર્મ પ્રમાણ. ૩

જે કો ચિરજીવી હશે, ભલે રમે જગ માંહ્ય;
તેને રૂડી શીખ આ ! પ્રાજ્ઞ કેમ ઠગાય ? ૪

દો દિન દેહ ટકે નહીં, કરતાં ક્રોડ ઉપાય;
કર્દમ ચૂંથ્યે કાળથી જનની કેમ બચાય ? ૫

જ્યાં લગ સ્વસ્થ દૃઢ આ વપુ, કરવું પુણ્ય અમાપ;
ભજન કરી ભગવાનનું, થાવું નિઃસંતાપ. ૬

મૃત્યુ જીતે તે ભલે માને નિત્ય શરીર,
અગ્રે ધર્મ કરે ગ્રહી ત્વદુપદેશ સુધીર ! ૭

ક્ષણ ક્ષણ આયુ જાય આ; પલ પલ કાળ સમીપ;
[3]સદ્યઃ પૂર્વવયે સદા કરવો ધર્મ સમીપ; ૮

અલ્પજળે જ્યમ માછલાં, દુઃખી દીન અનાથ;
અલ્પાયુષ્યે જન સહુ, ઘસતા આખર હાથ. ૯

નિમિષમાત્રમાં સૂર્યરથ કાપે બહુ યોજન,
બાવીસહસ્ર ગામો ફરે; તદ્વત્ ચલ જીવન. ૧૦

પીપળપત્રજલ ક્ષણ મહીં, [4]ક્ષરે પૃથ્વી પર જેમ;
તદ્વત્ દેહ અસ્થિર અતિ, પડે કાળમુખ તેમ. ૧૧

વૃદ્ધ યુવા કે બાળ આ, નવ દેખે એ કાળ;
શીઘ્ર કલેવર સંહરે ! ધર્મ કરો તત્કાળ. ૧૨

નશ્વર આ વપુ; કો કરે એનો પલ વિશ્વાસ ?
મૃત્યુ અહર્નિશ સાથ છે, કરો ન શ્વસ્તન[5] આશ ! ૧૩

કાલે કરવું જે ઘટે, કરવું આજ સુમાત;
ઘડી પછીનું આ ક્ષણે; જુએ મોત ના વાટ ! ૧૪

પકવ પર્ણ જ્યમ વૃક્ષથી, પડે અલક્ષ અકાળ;
દેહ કદા પડશે નકી, લહે ન દક્ષ કુકાળ. ૧૫

ઋણ આપી ગણતી કરે, ધનિક અહર્નિશ દિન;
તેમ મૃત્યુ આયુષ્ ગણે, છૂટ ન મૂકે દિન ! ૧૬

ગયાં નીર નવ સાંપડે, આયુષ્ નાવે ફેર;
ગયા દિવસ નાવે ફરી, મા કર અંબે દેર ! ૧૭

વર્ષાપૂર સમું બધું, જીવિત ધન જોબન;
ધર્મ કરે ના નરપશુ, વૃથા વહે ખર તન !! ૧૮

જે દિન પુણ્ય થયું નહીં, વૃથા દિવસ તે જાણ;
કરુણા યમઉરમાં નહીં; કરો ધર્મ પ્રમાણ. ૧૯

દારા ધન પશુ દેહ આ, સુત પરિવાર અસાર;
શાશ્વત માની જે રમે, નરપશુ તેહ ગમાર ! ૨૦

ગ્રહે નક્ર[6] દંષ્ટ્રા વિષે, તેમ [7]જરા દુસ્તર;
આવી ઓચિંતી ગ્રહે, ભવાબ્ધિમાં સત્વર. ૨૧

જાણી તારુણ્યે કરે જ્ઞાની પુણ્ય સુરૂપ;
કાલભરોસે જડમતિ પચ્યો રહે ભવકૂપ ! ૨૨

૧. દેવ અને પિતૃઓના ઋણમાંથી ૨. उद्वाह्य सदृशीं पत्नीं पुत्रानुत्पाद्य तन्तवे । यज्ञैरिष्ट्वेश्वरं शुद्धो मतिमान्सन्यसेत्ततः ॥ યોગ્ય પત્નીની સાથે લગ્ન કરી પ્રજાતંતુના રક્ષણ માટે પુત્રોત્પાદન કરી, યજ્ઞોથી ઈશ્વરનું ભજન કરી પછી બુદ્ધિમાને સંન્યાસ લેવો. ૩. એકદમ. ૪. ખરી પડે. ૫. આવતી કાલની. ૬. મગર. ૭. ઘડપણ.

અમર દેહ જેનો ભલે કરે દુરાગ્રહ એહ,
આગે ધર્મ કરીશ હું; વૃથા શરીરે નેહ. ૨૩

ઈષ્ટમિત્ર વા યમ તણો, શઠવરાગ્રણી જાણ,
તેને શીખ આ કામની ! મા કર મા રોકાણ. ૨૪

[૧]જાતિપુષ્પસમો બધો અસ્થિર આ સંસાર;
બગડી જાતાં વાર શી માયિક સ્વપ્નબજાર ? ૨૫

જોતાં જોતાં ના દિસે, ચપળા[૨] ચપળ અસાર;
ચાર દિવસ ભવચાંદની, દેહરોશની સાર ! ૨૬

સંતવૃંદ સૂણતાં બધું, કથે જ્ઞાન બટુ એમ;
ધન્ય ધન્ય પરિષદ્ કહે, વદે મૂક જો કેમ ! ૨૭

માત કહેઃ- સહુ સાંભળ્યું; વચનામૃત તુજ સત્ય;
મન ઘેલું માને નહીં, થાશે અપર અપત્ય[૩] ! ૨૮

કુલદૈવત સુત તેં કહ્યું, થશે અન્ય સુત ચાર;
દેખું એક દગે ઈહાં, ત્યાં લગ રે' દિન ચાર. ૨૯

એક પુત્ર થયા પછી, આપીશ આજ્ઞા સાર;
રહે ગૃહ વિશે ત્યાં લગી, વિનતિ અલ્પ સ્વીકાર. ૩૦

વચનોલ્લંઘન જો કરી, જઈશ ગેહની બહાર;
પુત્ર પ્રાણ નહીં રહે, નિશ્ચય એ [૪]અવધાર. ૩૧

પુત્ર નહીં તું કુળ તણો તારક દેવ પ્રમાણ;
વચન સત્ય કર જે કહ્યું, સભા બીચ સુજાણ. ૩૨

હાસ્યવદન શ્રીગુરુ કહેઃ સત્ય વચન મમ માત !
તુંએ પાળ પોતાતણું વચન યથાર્થ સુજાત !! ૩૩

જા, બે પુત્ર થયા પછી દે આજ્ઞા સંતુષ્ટ;
નહીં રહું ઘરમાં પછી; મા થાજે તું રુષ્ટ. ૩૪

જનની વર્ષ રહીશ હું એક ઘેર તુજ પૂર્ણ;
દેજે આજ્ઞા તે પછી, થતાં વાસના પૂર્ણ. ૩૫

એમ તદા નિશ્ચય કરી, રહ્યા શ્રીગુરુ ઘેર;
સાંગ પઢાવે વેદ સુશિષ્યોને કરી મ્હેર. ૩૬

નગરલોક વિસ્મય કરેઃ અહો બુદ્ધિનૈપુણ્ય !
સાંગ પઢાવે વેદ શું ! બટુ ધન્ય સુધન્ય !! ૩૭

ચાર વેદ ષટ્ શાસ્ત્રમાં નિપુણ પંડિતો ખાસ,
તે પણ વિદ્યાર્થી થઈ, પઢે શ્રીગુરુ પાસ. ૩૮

એમ શિષ્ય પઢાવતા રહ્યા પિતૃગૃહ વર્ષ;
માત સગર્ભા ત્યાં થઈ; પૂજે બાળ સહર્ષ ! ૩૯

નિધિ અચાનક લાભતાં, જેમ હર્ષ ઉભરાય;
દેખી તેમ સુપુત્રને માતા ઘેલી થાય ! ૪૦

દેવભાવ રાખી મને વંદે નિત્ય સુપ્રીત્ય;
પુત્રાયુગ્મ[૫] થયું થતાં નવ માસ અતીત. ૪૧

વિદ્યુન્નિભ[૬] સુંદર અહા દેખી સુતદ્વય એહ,
માતપિતા હરખે અતિ ચુંબન કરે સનેહ. ૪૨

સદ્ગુરુ આશીર્વાદ જે વૃથા કેમ તે થાય ?
નિષ્ઠા જેવી અંતરે, ફળ તેવું જ પમાય ! ૪૩

એમ વર્ષ રહી દગે દેખી માત સુપુણ્ય,
લાલન કરતી પુત્રદ્વય ત્રણ માસ સુધન્ય; ૪૪

હાસ્યવક્ત્ર[૭] ઊભા જઈ પાસે જોડી હાથ !
કહેઃ- સૂણ મનકામના પૂર્ણ થઈ તુજ, માત !! ૪૫

બે પુત્રો પૂર્ણાયુ આ થયા, થશે વળી અન્ય
પુત્રદ્વય કન્યા પછી, પરમ સુલક્ષણ ધન્ય ! ૪૬

પૂર્ણ થઈ તુજ વાસના, સુખે થઈ નિશ્ચિંત;
પાળ્યું વચન મેં દે રજા, માત [૮]ચિત્તપ્રતીત !! ૪૭

સંતોષે પ્રણમી તદા માતપિતા કહેઃ- ધન્ય
કુલદૈવત તું સ્વામી હે ! શું કહીએ [૯]વરેણ્ય ? ૪૮

ત્વન્માયામોહિત હરે, નવ લહીએ તવ રૂપ !
જ્ઞાનમાહાત્મ્ય ન જાણીએ, સળ્યાં કરીએ ભવકૂપ !! ૪૯

કહે માતઃ હા મોહથી માની તને નિજ પુત્ર,
નિષ્ઠુર શબ્દ કહ્યા કંઈ; કર ક્ષમા, સત્પુત્ર ! ૫૦

ગોંધી ઘરમાં હા તને, દીધું દુઃખ અપાર;
ખાનપાન મનખૂંચતું આપી સબળાત્કાર ! ૫૧

લીધો ના કેડે કદિ નવ કીધું લાલન;
કર ક્ષમા સ્વામી બધું, રડે દુઃખથી મન ! ૫૨

વંશોદ્ધારક તાત હે થયો અવતીર્ણ શર્વ;
પ્રદોષપૂજાફળ અહા, અસંદેહ એ સર્વ ! ૫૩

ગતિ અમારી શી હવે, કહે સ્વામી સુપુણ્ય;
જન્મમરણદુઃખ ટાળીને, કૃપામૂર્તિ કર ધન્ય ! ૫૪

જેમ સગર પર જાહ્નવી ગંગા વળી પવિત્ર;
મમ કૂખે જન્મી કર્યું અંગ સકુલ પવિત્ર ! ૫૫

દુસ્તર આ ભવસાગરે મૂકી અમને હાય,
જાતાં ત્વદ્દર્શન વિના કેમ જીવીશું ત્યાંય ? ૫૬

માતૃવચન એ સાંભળી, મુદિત વદે ગુરુનાથ :
દર્શનઈચ્છા મન થતાં, ત્વરિત સ્મરણ કર માત. ૫૭

સ્મરણમાત્રથી હું ક્ષણે આવીશ માત સમીપ;
ચિંતા મા કર, વચન લે ! લાવ હાથ સમીપ. ૫૮

૧. જાઈ. ૨. વીજળી. ૩. સંતાન. ૪. સમજ. ૫. જોડ. ૬. જેવા. ૭. મોહું. ૮. પ્રસન્નચિત્તે ૯. શ્રેષ્ઠ.

થાશે કન્યા પુત્ર બે, દૈન્ય નાસશે દૂર;
લક્ષ્મી નિત્ય ગૃહે રહી રેલવશે સુખપૂર. ૫૯

પુરા પુરારિવ્રત કર્યું, તન્મહિમા આ જાણ;
વંશે લક્ષ્મી નિત વસે, ના શંકા ઉર આણ. ૬૦

આ જન્મે સુખ ભોગવી અંતે પરમ સુલોક;
[1]પિનાકિપૂજનથી નહીં પુનર્જન્મ, નહિ શોક ! ૬૧

શિવઆરાધન તેં કરી, કર્યો મને અવતીર્ણ;
પૂર્ણકામ તું દે હવે આજ્ઞા જવા સુતીર્ણ. ૬૨

ત્રીસ વરસ પછી થશે પુનર્ માત દર્શન;
જાવું દર્શનકારણે શીઘ્ર બદરિકાવન. ૬૩

એમ કહી ઉદ્યત થયા, જવા શ્રીગુરુ ત્યાંય;
માતપિતા આજ્ઞા લઈ, નીસર્યા બહાર સુકાય. ૬૪

માતપિતા સહ નગરનાં સ્ત્રીપુરુષ ને બાળ,
ચાલ્યાં સાથ વળાવવા; કહેઃ ધન્ય આ બાળ ! ૬૫

બ્રહ્મચારી તપકારણે ચાલ્યો વનમાં ધન્ય;
ભાસે માનુષ તોય એ પુરાણ પુરુષ સુધન્ય ! ૬૬

એક કહેઃ- અચરજ અરે ! દેખ્યું સૂણ્યું ક્યાંય ?
બાળ જાય વને મુદા તાત વળાવે માય ! ૬૭

પથ્થર સમ નિર્દય અતિ, ચિત્ત એમનું જાણ;
કઠણ કાળજું જે કરી, પુત્ર વળાવે માન. ૬૮

અન્ય કહેઃ-શું ચિત્ર રે ? આદિપુરુષ એ જાણ;
અજ અવ્યય કો કારણે થયો અવતીર્ણ માન. ૬૯

અનુમાનનું કામ ના, કેવળ સત્ય પ્રમાણ;
સાત વર્ષનો બાળ શું બોલે વેદ અજાણ ? ૭૦

અશેષ શાખા વેદની પઢે સુસ્વરે ધન્ય !
કોણ મનુષ્ય કહે ? નકી પુરાણ પુરુષ ન અન્ય !! ૭૧

એમ કહી સંતો કરે સાષ્ટાંગ પ્રણિપાત;
નાનાવિધ સ્તોત્રો થકી, તદ્‌ગુણકીર્તિ ગાત. ૭૨

સાથે ચાલ્યા એમ જન, વારે સદ્‌ગુરુનાથ;
નમન કરી પાછા ફર્યા; માતપિતા નવ જાત. ૭૩

દૃષ્ટિબહાર જન સહુ થતાં, માતપિતાને રૂપ
ત્રિમૂર્ત્યાત્મક નિજ પ્રભુ દેખાડે સ્વનુરૂપ ! ૭૪

શ્રીપાદશ્રીવલ્લભ દત્તાત્રેય સ્વરૂપ
માતપિતા એ દેખીને, વંદન કરે સુરૂપ !! ૭૫

કર જોડી પ્રણતિ કરે; કહેઃ-ત્રિમૂર્તે ધન્ય !
જગદ્‌ગુરો જય દેખીયા પુણ્યપાદ સુધન્ય !! ૭૬

વિશ્વોદ્ધારક, ભવ થકી તાર્યા અમને ધન્ય !
પુનર્દર્શન આપીને, કરજે પુનઃ સુધન્ય !! ૭૭

એમ કહી વળતી નમે, મૂકે પગ પર શીષ;
ઊઠાડે સદ્‌ગુરુ મુદા, આપે શુભ આશિષ્ ! ૭૮

આલિંગન આપી કહેઃ નિશ્ચય રાખો મન;
આશ્વાસી પ્રીતે વદેઃ આપીશ ફરી દર્શન. ૭૯

પાછાં વાળે હાથથી; માતપિતા ક્ષણ ક્ષણ
પાછળ જોતાં ઘર ભણી વળ્યાં સંતુષ્ટમન. ૮૦

વરદમૂર્તિ શ્રીગુરુ ગયા જતાં બદરિકાવન,
વારાણસી સુક્ષેત્રમાં પુણ્યાનંદકાનન. ૮૧

વિશ્વેશ્વર પોતે વસે, જિહાં ત્રિલોકે ધન્ય;
અવિમુક્તપુરી નિરુપમ કાશી એહ સુધન્ય ! ૮૨

રહી તિહાં નિત નિયમથી, કરે ત્રિકાળ સ્નાન;
અનુષ્ઠાન પ્રીતે કરે, આત્મારામ સુજાણ ! ૮૩

વિશ્વનાથદર્શન કરી, યમનિયમાદિક તેમ
સાધી યોગાભ્યાસમાં રહે પ્રવૃત્ત એમ. ૮૪

અષ્ટાંગયોગસાધન કરે, તપે નિર્ગમે કાળ;
એકાકી યતવાક્ ગુરુ, એમ ગયો કંઈ કાળ. ૮૫

અન્ય તપસ્વી યતિવરો મુનિ અવધૂતો જેહ,
વ્રતી જપી દેખી કરે કૌતુક સઘળા તેહ. ૮૬

કહેઃ [2]વર્ણી સુધન્ય આ, ગુરુ ધુરંધર એક;
સર્વશ્રેષ્ઠસદ્‌ગુરુ કરે યોગાભ્યાસવિવેક. ૮૭

અહો તપશ્ચર્યા કરે દુશ્ચર [3]પેલવદેહ !
ધન્ય વિરાગ, ન લેપનું નામ, મુક્ત સદેહ !! ૮૮

શરીરસ્વાર્થ સ્વપ્ને નહિ, શીતસ્નાન ત્રિકાળ
મણિકર્ણિકાઘાટે કરે; [4]સંન્યાસાર્હ એ બાળ ! ૮૯

એમ પરસ્પર એ વદે; મહામતિ ત્યાં એક
વૃદ્ધ તપસ્વીશ્રેષ્ઠ જે, જ્ઞાની પરમવિવેક; ૯૦

નામ કૃષ્ણસરસ્વતી બ્રહ્મજ્ઞાની પુનીત,
દેખી ગુરુવર દૃષ્ટિએ, પ્રીતે કહે સુનીતઃ- ૯૧

યતીશ્વરો ના બ્રહ્મચારી માનુષ આ સત્ય;
વિશ્વવંદ્ય પરપુરુષ એ, વંદન કરો સુપ્રીત્ય. ૯૨

બાળવેષ વય લઘુ તથા, વંદ્ય તોય એ એક;
નમસ્કાર ભક્તિ થકી, કરો રાખી વિવેક. ૯૩

જ્યેષ્ઠવંદ્ય કનિષ્ઠ ના, દૂષણદૃષ્ટિ એહ;
વસે મૂર્ખમાં, ના કદિ જ્ઞાનીને સંદેહ ! ૯૪

૧. શિવ. ૨. બ્રહ્મચારી ૩. નાજુક. ૪. સંન્યાસ માટે યોગ્ય.

ત્રિભુવનખ્યાત ત્રિમૂર્તિ એ, વંદો નિશ્ચય તેમ;
થાઓ કૃતાર્થ યતિવરો; ત્યજી અભિમાન એમ. ૯૫

જ્ઞાની સદ્‌ગુણને નમે, માને જ્ઞાન પ્રમાણ;
વૃદ્ધ તાડ તુલસી લઘુ, કોને આપો માન ? ૯૬

માટે સંપ્રાર્થી સહુ, દઈએ સંન્યાસદીખ
પરાર્થકારણ એહને; જેથી લહીએ શીખ. ૯૭

સ્થિર ભક્તિ રહે આપણી, થાય જગત્કલ્યાણ;
પ્રાર્થો યતિવર સહુ જઈ, આપો વંદી માન ! ૯૮

સમર્થ લોકાનુગ્રહે, સર્વલોકગુરુ એહ;
યદ્‌દર્શનમાત્રે કરી, પતિત થાય શુચિદેહ. ૯૯

માટે બાળ ભલે રહ્યો, જઈએ એની પાસ;
પ્રાર્થી ત્યાગ[1] ગ્રહાવીએ, થઈએ કૃતાર્થ ખાસ. ૧૦૦

એવો નિશ્ચય સહુ કરી, ગયા મુનીશ્વર પાસ;
બદ્ધાંજલિ વિનતિ કરેઃ ગુરો ! અમે તવ દાસ. ૧૦૧

સર્વશ્રેષ્ઠ ! સૂણ પ્રાર્થનાઃ- કર સંન્યાસ ગ્રહણ
લોકાનુગ્રહકારણે ઉદ્ધરવા [2]નતજન. ૧૦૨

કલિયુગમાં આ જન સહુ નિંદે જો સંન્યાસ;
તત્સ્થાપનક્ષમ[3] નવ દિસે, પૃથ્વી પર ચોપાસ. ૧૦૩

એકદેશી વચનો ગ્રહી, નિષેધ કરે દુર્જન
વેદસિદ્ધ સંન્યાસનો, લોકશ્રુત પાવન. ૧૦૪

કર ઉદ્ધાર આશ્રમ તણો, વેદસિદ્ધ પાવન;
પરોપકાર થશે પ્રભો, મૂક થશે દુર્જન. ૧૦૫

કૃપાનિધિ સદ્‌ગુરુ સૂણી વચન, ગ્રહે સંન્યાસ;
વૃદ્ધ કૃષ્ણસરસ્વતી આપે દીક્ષા ખાસ. ૧૦૬

અલખવચન એવાં સૂણી પૂછે શિષ્ય સંદિગ્ધઃ
શંકા ઊઠી એક ભો ! કરો દૂર એ [4]સ્નિગ્ધ !! ૧૦૭

જગદ્‌ગુરુ શ્રીગુરુ કરે અન્ય ગુરુ એ શું ?
ત્રિમૂર્ત્યવતારને વળી ગુરુપ્રયોજન શું ? ૧૦૮

અલખ કહેઃ- સૂણ વત્સ હે ! પુરા રામ અવતાર
સદ્‌ગુરુ વસિષ્ઠ યથા કર્યા સ્વયં ભગવતે સાર; ૧૦૯

શ્રીકૃષ્ણે પણ સાંદિપની કર્યા સદ્‌ગુરુ જાણ;
મનુજાવતાર સમ તથા, વર્તે શ્રીહરિ માન. ૧૧૦

લોકશીખ દેવા કરે, સિદ્ધ સ્વયં વર્તન;
ગુરુ વિણ જ્ઞાન નહીં કદા, સદ્‌ગુરુ જ્ઞાનાંજન ! ૧૧૧

જાણ શ્રીગુરુ ગુરુ કરે કૃષ્ણસરસ્વતી તેમ,
જ્ઞાનવૃદ્ધ યતિગુરુ વયોવૃદ્ધ જાણીને એમ. ૧૧૨

પ્રણત શિષ્ય પૂછે ફરીઃ- કહો ગુરુ કિંકાર્ય,
વૃદ્ધ કૃષ્ણસરસ્વતી પસંદ કીધા આર્ય. ૧૧૩

સર્વ યતિમંડળ મહીં, દીધું બહુ સંમાન;
કૃષ્ણસરસ્વતી કોણ એ, કહો સર્વ સુજાણ ! ૧૧૪

મૂલ સદ્‌ગુરુપીઠિકા કહો સકલ વિસ્તાર;
સાંભળવા ઉત્સુક અતિ મન મારૂં અઘહાર ! ૧૧૫

કૃપા કરી સઘળું કહો, જેથી થાય સંતોષ !!
સૂણી નિરંજનવેણ એ, વદે અલખ સતોષઃ- ૧૧૬

મૂલપીઠ આદિગુરુ સર્વલોકશંકર;
શિવ કૈલાસે જે વસે, તચ્છિષ્ય [5]અરિધર. ૧૧૭

વિષ્ણુથી બ્રહ્મા થયા, તચ્છિષ્ય વસિષ્ઠ;
ત્યાંથી શક્તિ તે પછી શિષ્ય પરાશર શિષ્ટ. ૧૧૮

તેના શિષ્ય થયા સ્વયં, વ્યાસ નારાયણ આપ;
શુ£ાચાર્ય ત્યાંથી પછી ગૌડપાદ નિષ્પાપ. ૧૧૯

ગોવિંદપાદ તચ્છિષ્ય જો; ત્યાંથી સ્વયં મહેશ
શંકરાચાર્ય પોતે થયા, પછી વિશ્વરૂપેશ. ૧૨૦

બોધજ્ઞાનગિરિ તે પછી સિંહગિરિ પશ્ચાત્;
ઈશ્વરતીર્થ થયા પછી, તચ્છિષ્ય સૂણ તાત ! ૧૨૧

નૃસિંહતીર્થ, જેના થયા શિષ્ય વિદ્યારણ્ય;
સર્વવિદ્યાતીર્થ જે શાસ્ત્રવિશારદ ધન્ય ! ૧૨૨

ત્યાંથી મલયાનંદ જો, દેવતીર્થ પશ્ચાત્;
યાદવેન્દ્રસરસ્વતી તચ્છિષ્ય શ્રુતિતાત. ૧૨૩

યાદવેન્દ્રમુનિ તણા કૃષ્ણસરસ્વતી જાણ;
શિષ્ય પુરાતન આ યતિ, માટે આપ્યું માન. ૧૨૪

થયા શિષ્ય શ્રીગુરુ તથા, નૃસિંહસરસ્વતી નામ;
સંન્યાસમાર્ગ સંસ્થાપવા, લોકાનુગ્રહકામ ! ૧૨૫

[6]તુર્યાશ્રમ ધારણ કર્યો, કરે વેદવ્યાખ્યાન;
અલ્પવયી પણ સહુ નમે, પૂજે તેથી જાણ. ૧૨૬

ખ્યાતિ થઈ લોકમાં, પૂજે પંડિત જન;
યતિવર સેવા સહુ કરે, કાશી ક્ષેત્ર પાવન ! ૧૨૭

કિંચિત્ કાળ રહી તિહાં બહુ શિષ્ય સંગાત,
ત્યાંથી બદરિવન ગયા; લોક સકળ યશ ગાત. ૧૨૮

લોકોપકાર કારણે ફરે સકલ સુતીર્થ;
મેરૂપ્રદક્ષિણા કરી નવે ખંડ સુકીર્ત ! ૧૨૯

ભૂતલતીર્થો સહુ કરી યતિવર શિષ્યસમેત,
આવ્યા ગંગાસાગરે બોધ અલૌકિક દેત. ૧૩૦

૧. સંન્યાસ. ૨. ભક્તજન. ૩. સમર્થ. ૪. સ્નેહાળ. ૫. ચક્રધર; વિષ્ણુ. ૬. ચતુર્થાશ્રમ.

લોકોદ્ધારક જે કર્યા કર્મ અનંત સુશર્મ;
જાણી કોણ શકે સહુ ? વર્ણે કો એ [૧]મર્મ ? ૧૩૧

અશેષ લીલા કો કથે ? થાય ગ્રંથવિસ્તાર;
કિંચિત્ સાર કહું મુદા, અલ્પમતિ અનુસાર. ૧૩૨

ગંગાસાગરતીર્થથી ફરતા ફરતા એહ.
તીર્થરાજ પ્રયાગ જે આવ્યા ત્યાં વરદેહ. ૧૩૩

આવ્યા જાણી શ્રીગુરુ, દોડ્યા જોવા જન;
દર્શનઉત્સુક સ્ત્રીપુમાન્, વૃદ્ધ યુવા શિશુજન. ૧૩૪

માધવ નામે એક ત્યાં શ્રેષ્ઠ વિપ્ર સુજાણ,
અધિકારી દેખી કરે શિષ્ય સદ્‌ગુરુ માન. ૧૩૫

તુર્યાશ્રમ આપી મુદા, આપ્યું બ્રહ્મજ્ઞાન;
ધન્ય માધવસરસ્વતી, હર્યું દ્વૈત અજ્ઞાન ! ૧૩૬

અનેક શિષ્ય સદ્‌ગુરુ તણા, સર્વ શ્રેષ્ઠ સુજાણ;
પ્રીતિપાત્ર સુધન્ય એ તેમાં માધવ માન ! ૧૩૭

સાથે લઈ સહુ સંચરે, ત્યાંથી આગળ દેવ;
શિષ્યમંડળ સહુ કરે તનમનથી અતિ સેવ !! ૧૩૮

સૂણી નિરંજન એ પૂછે, આગળ પ્રશ્ન સુજાણ;
અનુપમ વર્ણન એ નકી, કથે અલખ મતિમાન. ૧૩૯

કામધેનુ ગુરુચરિત આ, એમાં ના સંદેહ;
શ્રદ્ધાભક્તિ હોય તો, તારે **રંગ** સદેહ !! ૧૪૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
ગુરુપીઠિકાવર્ણનં નામ સપ્તષષ્ટિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૬૭ ॥ દોહરા ૧૪૦

અધ્યાય ૬૮

શિષ્ય નિરંજન એ સુધી નમી અલખપદદ્વંદ્વ,
કર જોડી વિનતિ કરેઃ- સદ્‌ગુરુ [૨]વારો દ્વંદ્વ. ૧

જય યોગીશ્વર, જય નમું ભવાંબુધિતારક !
વિસ્તારી શ્રીગુરુકથા, થયું નષ્ટ સહુ [૩]અક. ૨

સત્કથામૃતપાનથી થઈ ન તૃષ્ણા શાન્ત;
ક્ષણ ક્ષણ વૃદ્ધિંગત થતી, કરો શાન્ત ગુરુ દાન્ત ! ૩

કામધેનુ સમ આ કથા, કરી પ્રગટ પ્રભુ ધન્ય;
હજીએ મન સંતુષ્ટ ના, ઇચ્છા વધે અગણ્ય. ૪

ક્ષુત્પીડિત ગૌ તૃણ બહુ પામી શાદ્વલ[૪] જેમ,
ત્યાંથી બીજે નવ ખસે, થયું મારૂં પણ તેમ. ૫

સ્વપ્રે પણ દુર્લભ અતિ તક જેહને તેહ,
પામી પયોનિધિ ખસે, બીજે કેમ જ એહ ? ૬

તેમ મૂઢ હું નવ લહું, ગુરુકીર્તન અગમ્ય;
માયાવેષ્ટિત ભ્રષ્ટ, ત્યાં મળ્યો સ્વામી તું ધન્ય ! ૭

અજ્ઞાનધ્વાંતે તથા પડ્યો હતો હું દીન;
શ્રીગુરુરૂપજ્યોતિ તેં આ દેખાડી અભિન્ન. ૮

ધન્ય સાધુ ઉપકાર તેં કર્યો પરમ પવિત્ર;
પ્રત્યુપકાર ન જાણું હું, જોડું હાથ, [૫]ન ચિત્ર ! ૯

કલ્પદ્રુમ દેનારને શું દેવું પ્રતિરૂપ ?
ક્ષીરાબ્ધિપ્રતિદાનમાં શોભે કેમ કુકૂપ ? ૧૦

ચિંતામણિ લઈ, કાચથી કેમ થાય ઉત્તીર્ણ ?
બદલો તવ ઉપકારનો વળે ન ક્યાંય સુતીર્ણ ! ૧૧

વંશવંશ સેવા કરૂં, તોએ ન વળે ગુણ !
ભવાગ્નિતાપશામક પ્રભો, અર્પું દેહ સગુણ !! ૧૨

કથ્યો ધર્મ, શાન્તિ થઈ; ઠર્યું ચિત્ત પદ માંહ્ય;
ગુરુભક્તિની જ્યોત હા, જાગી શી ઉર માંહ્ય ! ૧૩

પ્રયાગ આવ્યા શ્રીગુરુ, કીધો માધવ ધન્ય
દીક્ષા આપી; તે પછી કથા બની શી પુણ્ય ? ૧૪

કૃપા કરી આગળ કહો ગુરુલીલામૃતસાર !
શિષ્યવચન એ સાંભળી વદે અલખ ગુણસાર. ૧૫

માથે કર મૂકી કહે, આશ્વાસી સૂણ બાળ;
ધન્ય ધન્ય સદ્‌ગુણગિરિ, તને ન બાધે કાળ ! ૧૬

ગુરુપદ પામ્યો તું હવે, સુખે જઈશ ભવપાર;
ગુરુભક્તિરત જો પૂછે, કહું છું આગળ સારઃ- ૧૭

કિંચિત્ કાળ સુખે રહ્યા, લોકતાર ગુરુ ત્યાંય;
શિષ્ય અનેક થયા ગુણી, માધવ સુમુખ્ય ત્યાંય, ૧૮

સકળ શિષ્ય ગણાવતાં, થાય ગ્રંથવિસ્તાર;
સપ્ત શિષ્ય પ્રખ્યાત જે, કહું નામ સૂણ સાર. ૧૯

આદ્ય બાળસરસ્વતી, કૃષ્ણસરસ્વતી અન્ય;
માધવ સરસ્વતી અહા, સદાનંદ સુધન્ય ! ૨૦

જ્ઞાનજ્યોતિઃસરસ્વતી, ઉપેન્દ્ર ષષ્ઠ સુજાણ;
સિદ્ધ સાતમો, એકથી અધિક અન્ય તું માન. ૨૧

સાથે લઈ સહુ શ્રીગુરુ. આવ્યા દક્ષિણ દેશ;
કૈંક ક્ષેત્ર પાવન કર્યા; યતિવર પુણ્ય સુવેષ ! ૨૨

૧. રહસ્ય. ૨. નિવારણ કરો. ૩. દુઃખ. ૪. બીડ. ૫. નવાઈ નથી.

કરંજપુર આવી રહ્યા; મળ્યાં માત ને તાત;
બંધુ ભગિની આપ્ત જન, વંદે સકળ સુપાદ. ૨૩

નગરલોક દેખી સહુ, દોડ્યા દર્શનકાજ.
વૃદ્ધ બાળ નારી નરો, છોડી બીજાં કાજ. ૨૪

હર્ષભેર વંદન કરે, પૂજન કરે પ્રફુલ્લ;
વિપ્રજનો સહુ નોતરે, ભિક્ષાકાજ [1]પ્રચુર ! ૨૫

ઘેરઘેર ભિક્ષા કરી ધરી રૂપ અનેક,
સંતોષ્યા લોકો કરી લીલા અગમ્ય છેક ! ૨૬

જોઈ વિસ્મય સહુ કરે; કહેઃ- વિષ્ણુ આ આપ;
યતિવેષધર પણ નકી પરમ પુરુષ જગબાપ ! ૨૭

જે કો એને નર કહે, જશે નરક કુરૂપ;
કાર્યાર્થે એ અવતર્યો બ્રહ્માહરિહરરૂપ ! ૨૮

લોક એમ નાના વદે, પૂજે પિતર સંતુષ્ટ;
માતા દેખી, અંતરે થઈ અત્યંત હૃષ્ટ. ૨૯

પૂર્વસ્મરણ કરાવવા, ધરે શ્રીપાદરૂપ
યતિવર આનંદે તિહાં; દેખી માત સ્વરૂપ, ૩૦

મૂકી મસ્તક પાદ પર કહેઃ ધન્ય તું દેવ !
ના વિસારે ભક્તને, રીઝે દેખી સેવ ! ૩૧

પ્રદોષપૂજા આ ફળી, સત્યસંકલ્પ શિવ જાણ;
પૂર્વચરિત્ર સ્મરી કહે પતિને અંબા માનઃ ૩૨

વિશ્વવંદ્ય સુત પામવા પૂર્વજન્મમાં દેવ,
શ્રીપાદપૂજન મેં કર્યું, થઈ સફળ મમ સેવ. ૩૩

પોતે જન્મ ધરી કર્યું સત્ય વચન પ્રસન્ન !
જાણી નમન કરે પતિ, કરે ઉભય સ્તવન. ૩૪

કંઠ રૂંધાયો અશ્રુથી; કહેઃ- યતીશ્વર નાથ !
તાર ભવાર્ણવથી પ્રભો, દયાબ્ધિ દીનાનાથ ! ૩૫

શ્રીગુરુ કહેઃ જે કુળ વિષે થાય સંન્યાસી ધન્ય,
બેંતાળીસ કુળ ઉદ્ધરે એ નિઃશંક સુપુણ્ય ! ૩૬

બ્રહ્મલોક શાશ્વત તણી પ્રાપ્તિ વંશને થાય;
[2]કુલજ બ્રહ્મપદ સ્થિર લભે, પતન કદી નવ થાય. ૩૭

ભીતિ યમથી પણ નહીં, લહે ન સંતતિ દુઃખ;
નરકમગ્ન પણ બ્રહ્મલોકે જાશે અચૂક ! ૩૮

તમ કુળમાં મત્સમ યતિ દૈવે થયો સુધન્ય;
ભાગ્ય તમારૂં શું કહું ? કોણ વર્ણવે પુણ્ય ? ૩૯

યમશંકા પણ ના હવે, સત્ય બ્રહ્મપદ સ્થિર;
માતપિતા આશ્વાસીને, કહે સદ્‌ગુરુ ધીર :- ૪૦

શતાયુષી આ સુત થશે અષ્ટૈશ્વર્યસંપન્ન;
અચલ લક્ષ્મી દેખી દગે પુત્રપૌત્ર [3]આસન્ન, ૪૧

અંતકાળ કાશી વિષે થશે વાસ સશર્મ;
વેદાદિશ્રુત કાશી એ, પરમ મોક્ષનું વર્મ ! ૪૨

ચિંતા બીજી મા કરો, રાખો મનવિશ્વાસ !!
સૂણી શ્રીગુરુપદ નમે, છોડી સઘળી આશ. ૪૩

રત્ના ભગિની પૂર્વની, કરે વિનત વંદન;
કહે, સ્વામી કર પાર હે ! મને ભવાબ્ધિમગ્ન. ૪૪

ભવાવર્ત સપડાઈ હું, ખેંચે માયાજાળ;
ત્રિતાપદાવાનળ દહે, કર રક્ષણ પ્રતિપાળ. ૪૫

કામાદિક નકાદિથી ડરૂં અહર્નિશ દીન;
ચિંતા [4]ઘડીયાળે ગળી, ચેન ન રાત્રંદિન. ૪૬

કર નિર્લેપ દયા કરી, કરીશ સુખે હું તપ;
બીજી ઇચ્છા નવ ઉરે, કરૂં નિરંતર જપ. ૪૭

સૂણી વચન ગુરુ સ્મિત કરે કહેઃ સ્ત્રીઓને તપ
પતિસેવા વિણ ના કંઈ; એજ પરમ છે જપ. ૪૮

પતિસેવા ગતિદા મતા, જેથી રીઝે ઈશ;
આપે પર પદ મોક્ષ જે, પતિ જ કેવળ ત્રીશ. ૪૯

પાતિવ્રત્ય થકી નહીં દુર્લભ કાંઇ ત્રિલોક;
ભવતારક પતિ વિણ નહીં સ્ત્રીને ત્રણે લોક. ૫૦

તેથી મન સુસ્થિર કરી, માની દેવસમ કાંત,
સેવા કર ભગિની ! થશે મુક્તિ વેદ સહુ ગાત. ૫૧

દુઃખી મા થા મન વિષે, વચન માન પ્રમાણ;
સત્ય સત્ય ભગિની ! નહીં તારક સ્ત્રીને આન ! ૫૨

ગુરુવચન એ સાંભળી, રત્ના વદે વિનીત;
ગુરુમૂર્તે વંદન કરૂં, તુંજ બ્રહ્મવિદ્ ઈષ્ટ. ૫૩

ભૂત ભવિષ્ય લહે બધું; કહે ભાવિ મમ સાર;
અગ્રે મારી શી ગતિ, કહે સકળ વિસ્તાર. ૫૪

શ્રીગુરુ કહેઃ-રત્ના અરે ! છે સંચિત અતિ પાપ;
દુષ્ટ વાસના ઉર વસે, સ્હેવો પડશે તાપ. ૫૫

ભોગે લય પ્રારબ્ધનો, ગતિ અન્ય નહીં જાણ;
કર્યું કારવ્યું ભોગવ્યે થાય છૂટકો માન. ૫૬

પૂર્વજન્મમાં [5]સુભ્રુ તેં મારી ગાયને લાત;
કલહ કરાવ્યો કપટથી દંપતીમાં સાક્ષાત્. ૫૭

દોષદ્વય મોટા થયા દારુણ કર્મવિપાક;
લત્તાપ્રહારથી થશે દેહે કુષ્ઠ અપાર ! ૫૮

૧. ઘણાં. ૨. કુળમાં જન્મેલા. ૩. પાસે; નજીક. ૪. જળચરવિશેષ ૫. સુંદર ભવાંવાળી.

ઘર ભાંગ્યું પાડોશીનું, કર્યા દંપતી ભિન્ન;
એ દોષે તુજ પર થશે, પતિ જાણ તુજ ખિન્ન. ૫૯

યતિ થઈ કરશે નકી સત્વર તારો ત્યાગ;
પૂર્વદોષફળ કોઈનો કાંઈ ન ચલે લાગ ! ૬૦

સૂણી સદ્‌ગુરુવેણ એ, થઈ [1]સ્વસા અતિ ખિન્ન;
આળોટી પગ પર કહેઃ તાર તાર ગુરુ દીન. ૬૧

શ્રીગુરુ કહેઃ- સુખમાં રહે કિંચિત્ કાળ સુદેહ;
વાર્ધક્યે પતિ યતિ થશે, ત્યજશે ત્વત્સહ ગેહ. ૬૨

કોઢ શરીરે વ્યાપશે, થશે દુઃખ મહાન્;
પાપ ભોગવી, તે પછી થશે સદ્‌ગતિ જાણ. ૬૩

કુષ્ઠ શરીરે નીકળતાં, થશે મારૂં દર્શન;
ચિંતા મા કર હે સ્વસા, છે પ્રારબ્ધ ગહન ! ૬૪

ભીમાડમરજાસંગમે દક્ષિણદેશે જાણ,
પાપવિનાશી તીર્થ છે પવિત્ર પુણ્ય પુરાણ. ૬૫

ગાણગાપુર ક્ષેત્ર જે ભૂમંડલવિખ્યાત,
રોગોદ્‌ભવ થાતાં જજે; થઈશ પાવન માત ! ૬૬

દર્શન થાશે માહરૂં, રહે મને નિશ્ચિંત !!
એમ કહી ગુરુ ચાલીયા, શિષ્યો સહ સસ્મિત. ૬૭

દક્ષિણદેશે ત્र્યંબકક્ષેત્રે આવ્યા જાણ;
જ્યાંથી ગૌતમી નીસરી, ગંગા ધન્ય પુરાણ ! ૬૮

ત્યાંથી નાશિકક્ષેત્રમાં આવ્યા યતિવર એહ;
શિષ્યસંઘ સાથે ફરે, ત્રિમૂર્તિ માનવદેહ !! ૬૯

અમિત તીર્થમહિમા કહ્યો, સકળ પુરાણે રમ્ય;
કથા સકળ વિસ્તારતાં, થાય ગ્રંથ અગણ્ય. ૭૦

સાર કહું સૂણ શિષ્ય હે ! મહિમા અપરંપાર
ગોદાવરીગંગા તણો; લોકદુર્લભ ધાર ! ૭૧

અમિત તીર્થ તટદ્વય વિષે, ગંગા વૃદ્ધ પુરાણ !
કીધા કંઈક ઉપાય ને મળ્યા ઋષીશ્વર જાણ; ૭૨

સર્વેશ્વરજટા વિષે ફરે મોદથી મસ્ત,
આણી દુર્લભ ત્રિભુવને, નિમિત્ત ગૌતમહસ્ત ! ૭૩

બ્રહ્મઋષિ ગૌતમ વસે, તપસ્વી વૃદ્ધ, પુરાણ;
ડાંગર વાવી નિત નવી, બેસે તપમાં જાણ. ૭૪

નિત્યકર્મ પૂરું થતાં, થાય ભાત તૈયાર;
મંત્રમાહાત્મ્ય એવું નકી,લે ફળ મુનિ તત્કાળ ! ૭૫

એક દિવસ ઋષિમુનિ સહુ, કરે એકત્ર વિચાર;
ધન્ય ભક્ત આ શિવ તણો, ગૌતમ સર્વાધાર. ૭૬

યત્ન કરી જો લાવીએ સંકટ એ પર ઘોર;
નકી ગંગ એ લાવશે, પ્રસન્ન કરી [2]અઘોર ! ૭૭

ગંગાસ્નાન ફળ અવનવું; થશે અયત્ન હંમેશ;
માટે યત્ન કરો સહુ, પ્રસન્ન થશે મહેશ. ૭૮

એમ વિચાર કરી રચે માયામય ગો ચિત્ર;
ગૌતમવ્રીહિ[3] ભક્ષવા, પ્રેરે સર્વ વિચિત્ર. ૭૯

અનુષ્ઠાનરત મુનિ તદા, ચાલ્યો [4]સસ્યસંહાર;
દેખી વારે હસ્તથી, ફેંકે દર્ભ સુસાર. ૮૦

થયું શસ્ત્ર અનિવાર એ, લાગ્યું ધેનુશરીર
વજ્રધારવત્ શીઘ્ર હા ! છોડે ગાય શરીર !! ૮૧

ગોહત્યા દુસ્તર થઈ, જોડે ગૌતમ હાથ;
પ્રાયશ્ચિત્ત ઋષિઓ વદે, કરી મસલત સહુ સાથઃ- ૮૨

ગંગા ભૂ પર લાવતાં, થઈશ શુદ્ધ ગૌતમ;
એ વિણ અન્ય ગતિ નહીં, રીઝવ સામ્બ અગમ. ૮૩

અંગીકાર્યું ગૌતમે, થયા ઋષિ સહુ હૃષ્ટ;
સહસ્રાબ્દ તપ આચરે, સહે તાપ ને કષ્ટ. ૮૪

દુશ્ચર તપ દેખી થયા [5]વ્યોમકેશ પ્રસન્ન;
કહેઃ- ઈષ્ટ વર માગ, ભો મુનિવર ! મા થા [6]સન્ન. ૮૫

ગૌતમ કહેઃ- હે નાથ ! જો પ્રસન્ન કર તો મ્હેર;
દે ગંગા ભૂ પર, થશે લોક સર્વ પર મ્હેર ! ૮૬

લોકોદ્ધાર થશે પ્રભો, આપ ગંગ ગણતાત !
સૂણી વચન આપે તથા ગંગા ગિરિજાનાથ ! ૮૭

આવી ભૂમંડલ વિષે, ક્ષાલન કરતી પાપ;
નામ ગોદા ગૌતમી, કરે શાન્ત સહુ તાપ. ૮૮

ભાગીરથી ગંગા યથા, તથૈવ આ પણ પુણ્ય;
મહિમા વર્ણન કો કરે ? આવ્યા ગુરુવર ધન્ય ! ૮૯

યોગયુક્તની જે ગતિ, ઊર્ધ્વરેતની જાણ;
ગૌતમીતટવાસીની ગતિ તે જ તું માન. ૯૦

ઊર્ધ્વરેત મુનિઓ તપી ક્રોડ વર્ષ ફળ જેહ
પામે, તે લોકો અહીં સ્નાને નિઃસંદેહ. ૯૧

માટે તટયાત્રામિષે કરે લોકસંગ્રહ;
ફરી તટાકે શ્રીગુરુ, નટવત્ ધૃતવિગ્રહ[7] ! ૯૨

મંજરીકે માધવારણ્ય વસે મુનિ એક;
આવ્યા શ્રીગુરુ ત્યાં મુદા, ભેટ્યા મુનિ વરભેખ ! ૯૩

નરસિંહાર્ચનરત મુનિ માનસપૂજનસક્ત;
દેખે શ્રીગુરુ ધ્યાનમાં, હરખે ચિત્તે ભક્ત. ૯૪

૧. બહેન. ૨. મહાદેવ. ૩. ડાંગર. ૪. ધાન્ય. ૫. મહાદેવ. ૬. ખિન્ન. ૭. શરીર.

ધ્યાનમૂર્તિ શ્રીગુરુ દગે દેખી બહાર પરમ,
વિસ્મિત થઈ અતિ ભક્તિથી કરે સ્તવન અશ્રમ. ૯૫

ધ્યાને દેખી જે છબી તે જ મનોહર રૂપ;
દેખી નત વંદન કરે, કરે સ્તોત્ર સદ્રૂપ :- ૯૬

દિવ્ય ચરણસુકંજ જે વસે લક્ષ્મી સહ નિત્ય,
દેખી ધન્ય થયો પ્રભો ! કરો દયા ધરી પ્રીત્ય. ૯૭

એમ કહી વંદન કરે મુનિવર માધવઅરણ્ય;
દૃષ્ટાંતઃ શ્રીગુરુ કહેઃ- ધન્ય મુનિ તું ધન્ય ! ૯૮

સેવાભક્તિ તેં કરી, શુષ્ક થયો ભવકૂપ !
નિશ્ચલ ચિત્તે જો હવે દિવ્ય માહરૂં રૂપ !! ૯૯

એમ કહી નિજ રૂપ જે રમ્ય અનુત્તમ તેહ,
દેખાડે ગુરુવર મુદા; દેખી હરખે એહ. ૧૦૦

દેખી શ્રીગુરુરૂપ એ, થાય મુનિ સંતુષ્ટ;
વિનયનમ્ર સ્તુતિ આચરે; કરે સ્તોત્ર સુહૃષ્ટ :- ૧૦૧

જય જય જગદ્‌ગુરો પ્રભો ! જય લીલાનરદેહ !
ત્રયમૂર્તિ અવતાર તું, જ્યોતિ પરમ સુદેહ ! ૧૦૨

તારક વિશ્વે એક તું, ધર્યો ધન્ય અવતાર;
કર્યા કૃતાર્થ આપી પ્રભો દર્શન દુઃખકુઠાર. ૧૦૩

લોકદૃષ્ટિથી નરવપુ, કેવળ પરમ પુરુષ;
કર અપરાધ ક્ષમા પ્રભો, મા ધર મનમાં રુષ્[1]. ૧૦૪

એમ સ્તોત્ર કરે મુદા, હર્ષ ચિત્ત ના માય;
આશ્વાસી સદ્‌ગુરુ કહેઃ ધન્ય મુને તુજ કાય ! ૧૦૫

મંત્રસિદ્ધિ તેં મેળવી, માધવ ધન્ય સુજાત;
ગતિ પ્રાપ્ત થઈ અંતમાં પામીશ બ્રહ્મ અજાત. ૧૦૬

નૃસિંહમૂર્તિ માહરૂં કર્યું નિત્ય પૂજન;
તે પુણ્યે પ્રત્યક્ષ આ, થયું દેખ દર્શન. ૧૦૭

એમ કહી ગંગાતટે ચાલ્યા ગુરુવર એહ;
સાથે શિષ્યો સંચરે, સેવા કરે સનેહ. ૧૦૮

વાસરબ્રહ્મેશ્વર કરી ક્ષેત્ર પરમ પુનીત;
આવ્યા સ્નાનમિષે તિહાં પુણ્યપાપઅતીત ! ૧૦૯

મરણોન્મુખ દ્વિજ એક ત્યાં દેખ્યો તટ પર દીન;
દુઃખે લેટે ધૂળમાં, શૂળ વ્યાપ્ત કુલીન. ૧૧૦

પીડા દુઃસહ શૂળની, કેમ કરી ન સહાય,
પ્રાણત્યાગ કરવા થયો, દ્વિજ પ્રવૃત્ત કુકાય. ૧૧૧

ભોજન કરતાં વારમાં, થાય દુઃખ અસહ્ય;
ઊઠે શૂળ [2]મૃતિતુલ્ય હા, નિત્ય પેટમાં [3]ગર્હ્ય ! ૧૧૨

પરિણામશૂળે કરી, નિત્ય પીડિત એહ;
નિરાહાર દ્વિજ સર્વદા, કષ્ટે ધારે દેહ. ૧૧૩

અન્ન વેરી થયું હરે ! થાએ વ્યાકુળ પ્રાણ;
માસે [4]પક્ષે વા જમે, તોએ ન પચે જાણ. ૧૧૪

ઊઠે શૂળ, લાગે જશે ક્ષણમાં પ્રાણ દિગંત;
કંઈક દિવસથી એમ એ પામે પીડા હન્ત ! ૧૧૫

મહાનવમી ઉત્સવ હતો; પૂર્વદિને દ્વિજ એહ,
માસે ભોજન ત્યાં કરે; દંડે દુઃસહ દેહ ! ૧૧૬

મિષ્ટાન્ન સેવ્યાં પ્રીતથી, ઊઠ્યું શૂળ મહાન્;
પેટપીડા દુઃસહ અતિ, થાએ વ્યાકુળ પ્રાણ. ૧૧૭

આળોટે ગંગાતટે, દુઃખે પાડે ચીસ;
પ્રાણત્યાગ કરવા મથે, રડે ચઢાવી રીસ ! ૧૧૮

દુઃખ અપાર કરી કહેઃ [5]અલં હવે સંસાર
અસાર દુઃખમય; લે હવે ઝડપી પાપી કાળ ! ૧૧૯

પાપરૂપ હું ધિક્ મને, ન પચે અન્નગ્રાસ;
અન્ન પ્રાણ તે ધિક્ થયું વેરી, આપે ત્રાસ ! ૧૨૦

અન્ન જીવન પ્રાણીનું; એ વિણ જીવે કોણ ?
દૈવે વેરી એ થતાં, શરણ મરણ વિણ કોણ ? ૧૨૧

નિશ્ચય એમ કરી ધસે કરવા [6]અંબુપ્રવેશ;
કંઠે બાંધી દૃઢ શિલા ! હાંફે છૂટા કેશ !! ૧૨૨

સ્મરણ ઈશ્વરનું કરી કહેઃ- હન્ત ભૂભાર
નરકીટક હું શેં થયો ! થયો ન કંઈ ઉપકાર. ૧૨૩

અન્નદાન કદિ ના કર્યું, પુરા અદ્ય વા જન્મ;
પુણ્યફળ ક્યાંથી મળે ? સહ્યું કષ્ટ, [7]આજન્મ ! ૧૨૪

વિપ્રગ્રાસ વા ધેનુનો હશે હર્યો મુખગ્રાસ;
કર્યો વિશ્વાસઘાત વા, પામું તેથી ત્રાસ. ૧૨૫

ઈશ્વરપૂજન ના કર્યું, નિંદ્યા સદ્‌ગુરુ સંત;
વડીલઅવજ્ઞા વા કરી, થાઉં કષ્ટી હન્ત ! ૧૨૬

પૂર્વજન્મ ગૃહ આવતાં કર્યો વિપ્ર ધિક્કાર;
અતિથિસેવા ના કીધી, તેથી દુઃખ અપાર ! ૧૨૭

દંપતીભંગ કર્યો હશે, કર્યું હશે વન દગ્ધ;
પિતૃત્યાગ કીધો હશે, પીડે ઉદર સુદગ્ધ ! ૧૨૮

માતપિતા ત્યાગી સુખે રહ્યો હઈશ સ્ત્રીસહ;
ભોગે રોગ એ ઉદ્‌ભવ્યો, નિશ્ચય આ દુઃસહ ! ૧૨૯

પૂર્વાર્જિત આવું દિસે, પામું જેથી કષ્ટ;
સ્મરણ કરી નિજ પાપનું, કહેઃ- દૈવ જ્યાં રુષ્ટ. ૧૩૦

૧. રોષ; ગુસ્સો ૨. મરણ ૩. નિંદ્ય ૪. પખવાડીએ. ૫. બસ. ૬. પાણી. ૭. જન્મથી માંડીને.

કોણ કરે કરુણા ? કહી, ધાય ગૌતમીનીર !
શ્રીગુરુ શિષ્યોને કહે, બેઠા જોઈ તીરઃ- ૧૩૧

દોડો દોડો શિષ્ય હે ! વારો જઈ તત્કાળ;
દુસ્તર આત્મહત્યા અતિ ! કોણ વધાવે કાળ ? ૧૩૨

લાવો પૂછું કોણ એ, કેમ કરે [1]અસુત્યાગ;
આજ્ઞા શ્રીગુરુની થતાં દોડ્યા શિષ્ય અથાગ ! ૧૩૩

જલપ્રવાહે ત્યાં જઈ, ખેંચી કાઢ્યો બ્હાર;
ગુરુસંમુખ લાવ્યા ગ્રહી હસ્ત વિપ્ર તત્કાળ. ૧૩૪

અનાથકલ્પદ્રુમ પ્રભુ, દુખિયાનો માબાપ;
નતજનશંકર સદ્‌ગુરુ, પૂછે નિઃસંતાપઃ- ૧૩૫

બ્રહ્મન્ કાં પોતે કરે જાણી દેહનો અન્ત ?
આત્મહત્યા દોષદા, કહે શાસ્ત્ર ને સન્ત. ૧૩૬

વિપ્ર કહેઃ- હે યતિવરા ! શું પૂછીને વ્યર્થ ?
ધિક્ જન્મ ભૂભાર હું ! કાં જીવું કહે વ્યર્થ. ૧૩૭

માસે પક્ષે વા કદિ લઉં અન્નનો ગ્રાસ !
ચઢે પેટ ને થાય હા ગુરુવર દુઃસહ ત્રાસ. ૧૩૮

કષ્ટ સહી ના એ શકું, ત્યાગું તેથી પ્રાણ;
દેહ અન્નમય, એ થતાં વેરી અન્ન સુજાણ. ૧૩૯

વિના અન્ન ગુરુનાથ હે ! કેમ ટકે જીવન ?
ત્રાસી પ્રાણ ત્યજું સુખે; છોડ જવા દે વન[2] ! ૧૪૦

શ્રીગુરુ કહેઃ નિશ્ચય ગયો સમૂળ વ્યાધિ જાણ;
થોભ બેસ ક્ષણ એક ભો ! કહું ઔષધિ માન. ૧૪૧

મા ડર, શંકા મન વિષે લાવીશ ના તલમાત્ર;
કર નિશ્ચય વ્યાધિ ગયો, થશે નીરોગ ગાત્ર. ૧૪૨

જા કર મનવાંછિત હવે, નિત્ય સ્વાદુ ભોજન;
પીડા લેશ થશે નહીં, માન સત્ય વચન. ૧૪૩

શ્રીગુરુવચન સૂણી નમે, વિપ્ર સમાહિત મન;
મસ્તક મૂકી ચરણમાં, કરે દંડવંદન. ૧૪૪

અધિકારી ત્યાં ગામનો કરવા ગંગાસ્નાન,
તે જ ક્ષણે કો આવીયો ભાવિક વિપ્ર સુજાણ. ૧૪૫

દેખી સદ્‌ગુરુ એ કરે ભક્તિનમ્રવંદન;
સદ્‌ગુરુચરણે અર્પીને કાયા, વાચા મન ! ૧૪૬

આશ્વાસી પૂછે ગુરુઃ- વિપ્ર કહે, ક્યાં વાસ ?
નામ ગામ કહે તાહરું, મારે કારણ ખાસ. ૧૪૭

વિપ્ર કહેઃ- કાંચીપુરી નિવાસસ્થાન સુરમ્ય;
સાયંદેવ [3]અભિધા ગુરો, ગોત્ર જાણ કૌણ્ડિય. ૧૪૮

ઉદરપૂર્ત્યર્થ[4] અહીંયાં વસું, છોડી માનામાન;
આપસ્તંબશાખીય હું દ્વિજ પરદેશી જાણ. ૧૪૯

યવનરાજસેવા કરું, થયું વર્ષ આ ગામ;
ધન્ય દિવસ આ આજનો દેખ્યા પૂરણકામ ! ૧૫૦

દર્શન આપી દાસને, કર્યો કૃતાર્થ આ દીન;
ધન્ય અદ્ય હું ધન્યતર ! ઊગ્યો સુવર્ણદિન !! ૧૫૧

વિશ્વતારક તું નકી, આપ્યું પુણ્યદર્શન;
દોષો જન્મોજન્મના ગયા, થયો પાવન. ૧૫૨

થતાં અનુગ્રહ તાહરો, થાય સુખે ભવપાર;
ચિંતા દુઃખ મટે સહુ; જય જય તારણહાર ! ૧૫૩

કંઈક જન્મ તપ જો કરે, સ્વપ્ને થાય દર્શન;
તે પદ આજે દેખીયા, વિના સ્વામી પ્રયત્ન. ૧૫૪

ગંગા પાપ હરે શશી તાપ, કલ્પતરુ દૈન્ય;
ગુરુદર્શન ક્ષણમાં હરે પાપ તાપ ને દૈન્ય. ૧૫૫

સ્નાન થકી ગંગા હરે પાપ,ચંદ્ર, [5]નિશિ તાપ;
કલ્પવૃક્ષ જો આંગણે, હરે દૈન્ય માબાપ ! ૧૫૬

ત્વદ્દર્શન એવું નહીં; હરે પલકમાં સર્વ;
ચતુર્વર્ગફલપ્રદ પ્રભો, પાવન પદ તુજ શર્વ !! ૧૫૭

એમ કહી વંદન કરે, ગ્રહે ચરણસુકંજ;
આશ્વાસી ગુરુ પાસમાં બેસાડે ભવભંજ ! ૧૫૮

કહેઃ- વચન સૂણ માહરું, શૂલગ્રસ્ત આ વિપ્ર;
જઠરવ્યથાથી જો ત્યજે, ભૂખે પ્રાણ સુક્ષિપ્ર. ૧૫૯

વ્યાધિશામક હું કહું, દિવ્ય ઔષધિ જાણ;
તેડી સ્વમંદિર વિષે, જમાડ તું પકવાન્ન. ૧૬૦

મિષ્ટ અન્નભોજન થકી, જશે પીડ નિઃશેષ;
તેડી જા જલદી ગૃહે, નહીં રહે ગદ[6] શેષ. ૧૬૧

ક્ષુધાકાંત આ દીન જો, મા કર વિપ્ર વિલંબ !
સૂણી ગુરૂક્તિ વિનયથી, કહે વિપ્ર નમી લંબ. ૧૬૨

સાયંદેવ કહેઃ ગુરો ! ભોજન કરતાં વાર
પ્રાણ ત્યાગશે એ નકી; નહીં લાગશે વાર. ૧૬૩

માસે કાલ જમ્યો દહીંથરાં વડાં એ મિષ્ટ;
તેથી વ્યાકુળ જો ત્યજે પ્રાણ દુઃખથી ઈષ્ટ. ૧૬૪

બ્રહ્મહત્યા લાગશે કરતાં અન્નપ્રદાન;
અંગીકાર કરું ભલે, ગુર્વાજ્ઞા પ્રમાણ ! ૧૬૫

ગુરુ કહેઃ- કહું ઔષધી; એ જ વડાં દૂધપાક,
દહીંથરાં પૂરી ભલે આપ ભાવતું શાક. ૧૬૬

૧. પ્રાણ. ૨. (i) જંગલ (ii) પાણી. ૩. નામ. ૪. ભરણપોષણ અર્થે. ૫. રાત્રે. ૬. રોગ.

નિઃસંશય એથી થશે વ્યાધિ નષ્ટ પ્રમાણ;
શીઘ્ર લઈ જા એહને, જમાડ ગૃહ પકવાન્ન. ૧૬૭

અંગીકાર કરી કરે વિપ્ર વિનંતિ એહઃ-
શિષ્યો સહ સ્વામી પધારો આપ પણ ગેહ. ૧૬૮

આવી ભિક્ષાર્થે પ્રભો ! કરો ગેહ પાવન;
શ્રીગુરુ ઓમ્ કહે મુદા, હૃષ્ટ થાય દ્વિજ મન. ૧૬૯

લઈ સંગાતે શિષ્યજન, રોગી દ્વિજની સાથ,
ભિક્ષા કરવા મોદથી શ્રીગુરુ તદ્ગૃહ જાત. ૧૭૦

પતિવ્રતા દ્વિજસ્ત્રી અહા, થઈ હૃષ્ટ અત્યન્ત;
ઘેર પધાર્યા શ્રીગુરુ, સાથે શિષ્ય મહન્ત. ૧૭૧

પૂજે બંને હોંશથી, વર્ત્યો આનંદ એક;
ષોડશ ઉપચારે અહા, પૂજે ધરી વિવેક ! ૧૭૨

પ્રથમ શ્રીગુરુ પૂજીને, કર્યું અન્યપૂજન;
ગુરુપૂજાવિધાન એ સાંભળ ચિત્ર ગહનઃ- ૧૭૩

રંગવલ્લીથી કર્યું પૃથક્ પૃથક્ મંડલ;
પંચરંગી વળી કંઈ રચ્યાં [1]કંજ અષ્ટસુદલ ! ૧૭૪

ચિત્રો કાઢી અવનવાં કર્યું સુશોભિત સ્થાન;
બાજ ગોઠવી બેસવા વિધિપુરઃસર જાણ. ૧૭૫

સંકલ્પ કીધો પ્રેમથી, કર્યું સાષ્ટાંગ નમનઃ
વિનયનમ્ર ફરી ફરી નમે, ભાવે કરે વંદન. ૧૭૬

શ્રીગુરુ ચિત્રાસન પરે બેસાડ્યા પછી અન્ય;
પૃથક્ પૃથક્ પૂજન કરે, યથાક્રમે દ્વિજ ધન્ય ! ૧૭૭

અર્ઘ્યપાદ્યાદિક કરી ગંધ અક્ષતા જાણ,
રુદ્રસૂક્તપંચામૃતે અભિષેકક્રમ માન. ૧૭૮

[2]માલ્યાંબર [3]વર ચંદને પૂજે સદ્ગુરુ વિપ્ર,
પાદતીર્થ પૂજે ધરી પાત્રાંતરે સુક્ષિપ્ર. ૧૭૯

નીરાજન પ્રીતે કરી કર્યો વેદનો ઘોષ,
ગીતવાદ્યાદિક થકી; પામ્યા સદ્ગુરુ તોષ. ૧૮૦

શ્રદ્ધાભક્તિથી કર્યું અન્યયતિપૂજન;
સમંત્ર પુષ્પાંજલિ પછી કરે સ્તોત્રવંદન. ૧૮૧

પતિપત્ની બંને મુદા, અર્ચે ગુરુવર એહ;
હરખ ન માયે અંતરે, ધરી ચરણ પર દેહ ! ૧૮૨

શ્રીગુરુપૂજન એહવું કરી સાયંદેવ,
ભાવે પૂજે અન્યને; કરે ખંતથી સેવ. ૧૮૩

પરમ તોષ પામ્યા ગુરુ, આપ્યું વર વરદાનઃ-
સંતતિ વૃદ્ધિ પામશે, મદ્ભક્તિ પણ જાણ. ૧૮૪

રહેશે કુળમાં તવ સદા ગુરુભક્તિ અખંડ;
ગુરુમહિમા તેં પારખ્યો, નહિ પીડે ભવબંડ. ૧૮૫

ગોત્રાવિવૃદ્ધિ જા થશે; પુત્રાપૌત્ર સુધન્ય
ગુરુભક્તિરત સર્વદા, કીર્તિમાન સુપુણ્ય ! ૧૮૬

આશ્વાસન આપ્યું મુદા; હર્યું દૈન્ય તત્કાળ;
વંદે સાયંદેવ એ, ચરણે મૂકે ભાલ.[4] ૧૮૭

મંડલપૂજા તે પછી કરી યથાવિધિ જાણ;
પાત્ર મૂકી પીરસ્યાં પાયસાન્ન પકવાન્ન. ૧૮૮

ભક્ષ્યભોજ્યાદિક સહુ [5]વ્યંજન શાક અનેક
યથાસ્નાન સહુ પીરસી વિપ્ર ધરી વિવેક. ૧૮૯

અત્યાગ્રહ કરી આદરે સર્વ જમાડે એહ;
કૃપાદૃષ્ટિ ગુરુની થતાં, થયો શૂલી[6] સુદેહ. ૧૯૦

બહુ દિનનો ઉપવાસી એ, જમ્યો ખૂબ મિષ્ટાન્ન;
શમી પીડ તત્ક્ષણ ગયું રોગનામનિશાન ! ૧૯૧

ચિંતામણિના સ્પર્શથી થાય લોહનું હેમ;
સદ્ગુરુકૃપા થતાં થયો વિપ્ર સુદેહ તેમ. ૧૯૨

સૂર્યોદય થાતાં શમે અંધકાર જ્યમ ગાઢ;
નાસે થાતાં ગુરુકૃપા દૈન્ય પાડીને રાડ. ૧૯૩

એમ ગુરુનાથે કર્યું શિષ્ય સાથ ભોજન;
આનંદિત દ્વિજ એ થયો, કરે વિસ્મય સહુ જન ! ૧૯૪

અહો ચિત્ર ! શત્રુ હતું, થયું અન્ન તે મિત્ર;
રામબાણ ઔષધ અહા ! ગયો રોગ હા ચિત્ર !! ૧૯૫

કહું નિરંજન શું તને ? શ્રીગુરુકૃપા અગમ્ય;
વ્યાધિમાત્રની શી કથા ? નાસે દોષ અદમ્ય ! ૧૯૬

જન્મજન્મનાં પાપ જે, પળે પલકમાં એહ;
કૃપા સદ્ગુરુની થતાં, થાય પુણ્ય કુદેહ ! ૧૯૭

કામધેનૂપમ નકી શ્રીગુરુચરિત્ર જાણ;
તાપદૈન્યહર ભક્તિ જો, માન મોક્ષની ખાણ. ૧૯૮

ભક્તિનમ્ર જે કો પઢે, સૂણે કથાનક ચિત્ર,
રોગભીતિ ના તદ્ગૃહે; થશે શત્રુ પણ મિત્ર ! ૧૯૯

સૌખ્ય અખંડિત લાભશે, માન મને નિઃશંક;
સદ્ગુરુ વિણ તારક નહીં **રંગ** રાય કે રંક !! ૨૦૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
વિપ્રશૂલહરણં નામ અષ્ટષષ્ટિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૬૮ ॥ દોહરા ૨૦૦

૧. કમળ. ૨. પુષ્પવસ્ત્ર. ૩. ઉત્તમ. ૪. કપાળ; માથું. ૫. ચટણીકચુંબરાદિ. ૬. જેને શૂળ આવતું હતું તે.

અધ્યાય ૬૯

શિષ્ય કહેઃ કૌતુક અતિ, કહો અલખ ગુરુરાય !
પ્રીતે પૂછું દીન હું, લાગું લળી લળી પાય. ૧

જય યોગેશ્વર જયગુરો, જ્ઞાનસાગર પુણ્ય !
કૃપા કરી આગળ કહો કથા દયાબ્ધે ધન્ય !! ૨

પ્રસન્ન થઈ દ્વિજશૂળ એ હર્યું કષ્ટપ્રદ ધન્ય !
ધન્ય લીલા ગુરુ તણી, આગળ કહો સુપુણ્ય. ૩

શિષ્ય વચન એ સાંભળી, અલખ મને સંતુષ્ટ;
કામધેનુ શ્રીગુરુકથા કહે પરમ સુહૃષ્ટ ! ૪

શિષ્યરત્ન સૂણઃ- જે ગૃહે કીધી ભિક્ષા સાર,
પરમ તુષ્ટ શ્રીગુરુ થયા પ્રસન્ન વરદાતાર. ૫

સાયંદેવ ગુરુભક્ત એ, કીધી પૂજા ચિત્ર;
જ્ઞાની દક્ષ દેખી ગુરુ થયા પરમ સુમિત્ર. ૬

આનંદાપ્લુત શ્રીગુરુ કહેઃ- વિપ્ર સંતુષ્ટ
તુજ પર હું અતિ થયો, પ્રીતિ દેખી હૃષ્ટ. ૭

પ્રેમપાત્ર તું માહરૂં, ભક્તશિરોમણિ જાણ;
ત્વદ્વંશજ પણ માહરા ભક્ત થશે નિર્વાણ. ૮

સદ્‌ગુરુવેણ સૂણી નમે, મૂકે પગ પર શિર;
વિનયનમ્ર દ્વિજ ઓચરે, ભાવગમ્ય ગભીરઃ- ૯

જય જય શ્રીસદ્‌ગુરુ નમું, અજ્ઞદૃષ્ટિ નિવાર;
માયાથી નર દિસતો, ધન્ય ત્રિમૂર્ત્યવતાર ! ૧૦

કો જાણે તવ પાર, જ્યાં સ્વયં વેદ પણ મૂક ?
મુનિ સનકાદિક નિત રટે, શમી ન તોએ ભૂખ ! ૧૧

વિશ્વવ્યાપક શ્રીગુરુ બ્રહ્માહરિહર એક;
ભક્તોદ્ધારમિષે ધર્યો યતિવર માનુષભેખ ! ૧૨

મહિમા વર્ણન કો કરે ? શક્તિ નહીં મુજ લેશ;
યાંચા[૧] એક ઉરે વસે, સાંભળ ભો પરમેશ ! ૧૩

મદ્વંશે જે જાય તે થજો ભક્ત તુજ ઈશ;
પુત્રપૌત્ર સુખ ભોગવી, અંતે સુમુક્ત ત્રીશ ! ૧૪

કરી પ્રાર્થના વળી નમે, કહે વિનત સુધીર;
યવનઘેર કરૂં ચાકરી, અતિ ક્રૂર એ મીર. ૧૫

દૈત્ય પ્રભો એથી ભલો ! કરે કારમો કેર;
પ્રતિવર્ષ બ્રાહ્મણ હણે, નાણે ઉરમાં મ્હેર. ૧૬

આજે બોલાવ્યો મુને સત્વર વધવા કાજ;
પ્રાણ નહિ રહે ત્યાં જતાં, દયા કરો ગુરુરાજ ! ૧૭

ચરણકંજ તુજ દેખીયા, નકી ટળ્યું [૨]અરિષ્ટ;
કો મારે મુજને હવે ? હાથ જોડશે [૩]દિષ્ટ ! ૧૮

સૂણી વચન સદ્‌ગુરુ કહે, મૂકી અભય શિર હાથઃ
મા ભી, ચિંતા ત્યજ બધી, મા કર શોક, સનાથ ! ૧૯

ભલે ક્રૂર એ યવન, જા ત્યજી બીક એ પાસ;
તુષ્ટ થઈ પ્રીતે ફરી મોકલશે મુજ પાસ. ૨૦

જ્યાં લગ તું આવીશ નહિ, રહીશ અત્ર હું સ્થિર;
તું આવ્યે જાવું હશે જઈશ આગળ ધીર. ૨૧

ભક્ત પૂર્ણ તું માહરો, વંશ ભક્ત નિર્ધાર;
પૂર્ણ મનોરથ જા થશે, વધશે સંતતિધાર. ૨૨

પુત્રપૌત્ર સુખ માણશે, રહેશે લક્ષ્મી અખંડ;
રોગનામ સ્વપ્ને નહીં, દીર્ઘાયુષ્ય અખંડ. ૨૩

એવો વર પામી તદા, સાયંદેવ સુધીર
યવનરાજદરબારમાં ગયો સુસત્વર વીર. ૨૪

કાલાંતક સમ દુષ્ટ એ દેખે જ્યાં દૃગ્ વિપ્ર,
સળગી ઊઠ્યો ક્રોધથી; ગયો વિમુખ પણ ક્ષિપ્ર. ૨૫

ઊઠ્યો દાહ શરીરમાં, પ્રાણાંતક મહાન્;
ઘેર જઈ ઊંઘી ગયો ! બીધો વિપ્ર અજાણ !! ૨૬

ચકિત થઈ સદ્‌ગુરુ સ્મરે; કહેઃ દયાબ્ધે તાર !
કાળયવન કોપ્યો અતિ, શરણાગત હું બાળ. ૨૭

[૪]વમ્રી કોપે જો કદિ, કેમ બાળશે અગ્ન ?
સદ્‌ગુરુકૃપા થતાં કરે ક્રૂર યવન શું નગ્ન ? ૨૮

ગરુડપોત[૫] શું સ્પર્શશે, ભલે ક્રુદ્ધ ભુજંગ ?
જે ઉપર સદ્‌ગુરુકૃપા, કોણ યવનપતંગ ! ૨૯

ઐરાવત શું ગ્રાસશે કદિ કેસરિબાળ[૬] ?
જે ઉપર સદ્‌ગુરુકૃપા, શું કરશે ત્યાં કાળ ? ૩૦

ગુરુસ્મરણ જો ચિત્તમાં, કોણ બાપડી બીક ?
કાલમૃત્યુ બાધે નહીં ! ક્યાં અપમૃત્યુ ધિક્ ? ૩૧

જમડાં જોઈ થરથરે સદ્‌ગુરુભક્ત સુગાત્ર !
ભીતિ મૃત્યુની નહીં, યવનબીક કૂણ માત્ર ? ૩૨

બીધો એમ દ્વિજ દેખીને, ગયો યવન ગૃહ એહ
ભ્રાન્ત ઘેન વ્યાપ્યું [૭]તને; રહ્યું ભાન ના દેહ ! ૩૩

સૂતો અંતઃપુર જઈ, પડે કેમ ના ચેન;
તમહૃદય ઝબકી ઊઠે, થાય વ્યથા જીવલેણ ૩૪

દાહ ન છોડે સર્વથા, થાએ કષ્ટ પરમ;
વ્યાકુળ લેટે ભોંય પર, તોએ ન પડે ગમ. ૩૫

સ્મૃતિવિસ્મૃતિયુત યવન એ કહેઃ- વિપ્ર હા હાય !
છેદે તનુ તીક્ષ્ણાસ્ત્રથી, તૂટે તલતલ કાય !! ૩૬

૧. યાચના; વિનંતિ ૨. દુર્દૈવ. ૩. દૈવ. ૪. ઉધઈ. ૫. ગરુડનાં બચ્ચાં. ૬. સિંહનું બાળક. ૭. શરીરે.

સ્મરણ થયું દ્વિજનું અને દોડ્યો સત્વર પાસ;
આળોટી પગ પર કહેઃ- સ્વામી તું હું દાસ ! ૩૭

બોલાવ્યો કોણે તને ? જા સત્વર ગૃહ મિત્ર !
એમ કહી અર્પે તદા, વસ્ત્રાભૂષણ ચિત્ર !! ૩૮

પાછો ભેજ્યો આદરે, થયો વિપ્ર સંતુષ્ટ;
આવી ગામ ગંગાતટે, નમે સદ્‌ગુરુ હૃષ્ટ. ૩૯

વંદન કીધું પ્રેમથી, કરી સ્તોત્ર અનેક;
સકળ વૃત્ત નિવેદીયું ! કહે તુષ્ટ ગુરુઃ- દેખ ! ૪૦

જાશું દક્ષિણ દેશમાં, રમ્ય પરમ પવિત્ર;
સ્થાને સ્થાને તીર્થ જ્યાં, વસે કંઈક વિચિત્ર. ૪૧

ગુરુવચન એ સાંભળી, બોલે સાયંદેવ
બદ્ધાંજલિઃ- ભો ગુરુવરા ! કરીશ હું પણ સેવ. ૪૨

ભવહર ચરણ ત્યજી હવે, જીવીશ ક્યમ હું દેવ ?
સાથે લો મુજને પ્રભો ! કરીશ પાદની સેવ !! ૪૩

સગરોદ્ધારમિષે કરી આવી ગંગા જેમ,
દર્શન દેવા દાસને આવ્યા સદ્‌ગુરુ તેમ. ૪૪

ભક્તવત્સલ કો ગતિ લહે તારી અગમ્ય ?
મા ત્યજ આ નિજ દાસને, ચરણ પખાળીશ રમ્ય. ૪૫

આવીશ સાથે હું પ્રભો, મા કર સ્વામી નિરાશ;
એમ કહી વળતી નમે, ગ્રહે ચરણસુવાસ ! ૪૬

વિનયનમ્ર એ પ્રાર્થના સૂણી સદ્‌ગુરુ હૃષ્ટ
કહેઃ-રહે અહીંયા જ તું; આપીશ દર્શન તુષ્ટ. ૪૭

કાર્યકારણે [1]દક્ષ દિક્ જાશું સત્વર દેખ;
તીર્થ નિર્મલ જ્યાં ઘણાં, ગુપ્ત પ્રગટ અનેક. ૪૮

પંદર વરસે જા ફરી થાશે દર્શન નિત્ય;
વાસ કરીશ તુજ ગ્રામની નિકટ નિયત સુરીત્ય. ૪૯

કલત્ર પુત્ર સહ ત્યાં સદા કરજે દર્શન, ભક્ત !
ગયું અરિષ્ટ, મા કર હવે ચિંતા દુઃખ સુરક્ત. ૫૦

સુખે રહે ગૃહ સર્વદા ! એમ કહી કર શીષ
મૂકે, આપે મોદથી આશ્વાસન આશિષ્. ૫૧

પાછો વાળી એહને, લઈ શિષ્ય સહુ સાથ;
વૈદ્યનાથ સુક્ષેત્રમાં, આવ્યા સદ્‌ગુરુનાથ. ૫૨

આરોગ્યભવાની જ્યાં વસે, સદા જાગતી જ્યોત;
તીર્થો જોતા ત્યાં મુદા આવ્યા ભવજલપોત[2]. ૫૩

ગુપ્ત થયા ક્ષણમાં તિહાં, થયા શિષ્ય દિઙ્મૂઢ;
સૂણી વૃત્ત સચ્છિષ્ય એ પૂછે સદ્‌ગુરુ ગૂઢઃ- ૫૪

લીલા અપરંપાર એ કહો અલખ રસાળ;
ગુપ્ત કેમ સદ્‌ગુરુ થયા ? ગયા શિષ્ય ક્યાં સાર ? ૫૫

સૂણી વચન નતિગર્ભ એ, વદે અલખ ગુણખાણઃ-
ધન્ય ધન્ય તવ વાણી હે, સાંભળ શિષ્ય સુજાણ. ૫૬

દૃઢભક્તિ તારી નકી, ગુરુપદમાં તું લીન;
પ્રશ્ન સાંભળી તાહરો, થાય તોષ કુલીન ! ૫૭

અંતર્ધાન ગુરુ થયા, કારણ કહું સાંભળ;
ફેલાયો મહિમા અતિ, થઈ કીર્તિ અચળ. ૫૮

દૂરદૂરથી કામના ધરી દોડતા લોક;
દર્શનાર્થ આવે ઘણા, પારમાર્થિક કોક ! ૫૯

દુસ્તર આ કલિમાં બધા, સાધુ અસાધુ ધૂર્ત
સદ્‌ગુરુશિષ્ય થવા ધસે; માગે કંઈ કંઈ તૂર્ત !! ૬૦

સકળ મહી નિઃક્ષત્ર જો કરી ભાર્ગવરામ,
આપે દાન દ્વિજને બધી; મળે ન ક્ષણ આરામ ! ૬૧

પશ્ચિમાબ્ધિતટ તપ કરે, ગયા ત્યાંય પણ વિપ્ર;
આપ્યું દાન ક્યમ ભોગવે ? કહે, છોડ આ ક્ષિપ્ર !! ૬૨

વળતી કોંકણદેશ જે ઉપજાવી ક્ષણ માંહ્ય
સાગરમાંથી ત્યાં તપે; પ્હોંચ્યા દ્વિજે જઈ ત્યાંય ! ૬૩

માગે એ પણ દાનમાં ! આપે રામ પવિત્ર !
ગુપ્ત થયા [3]જલધિ વિષે !! યાચક જાત વિચિત્ર !! ૬૪

પાર ન આવે માગણે, કરે ઉપાધિ નિત્ય;
કંટાળી છેવટ થયા રામ ગુપ્ત એ રીત્ય ! ૬૫

સંસારાર્ણવતારણે થયા ગુરુ અવતીર્ણ;
વિધવિધ વર માગે સહુ, શુદ્ધ અને [4]સંકીર્ણ. ૬૬

ત્યાગમોક્ષની વાત ના પૂછે કોઈ લગીર;
વિષયભોગ માગે સહુ, કંટાળ્યા ગુરુ ધીર ! ૬૭

ઈશ [5]અનીશ ન એ નકી, આપે ધાર્યું ઈષ્ટ;
નશ્વર વરથી ના કદિ થાય કોઈનું મિષ્ટ. ૬૮

પાત્રાપાત્ર વિચારીને આપે તે તે દાન;
ગુપ્ત થયા હતમાય એ, ઉપાધિકારણ જાણ. ૬૯

ગુપ્ત થવા ઈચ્છ્યું મને, બોલાવ્યા સહુ શિષ્ય;
કહે સકળ તીર્થો કરો, આવ્યો દુસ્તર [6]તિષ્ય. ૭૦

શ્રીશૈલે દર્શન થશે, પુનઃ અમારું ત્યાંય;
સૂણી ગુરૂક્તિ સહુ નમે ચરણકંજ નતકાય. ૭૧

કર જોડી કહેઃ-શ્રીગુરો ! કેમ ઉપેક્ષો હાય ?
સકળ તીર્થ તુજ દર્શને; તીર્થરાજ તુજ પાય ! ૭૨

૧. દક્ષિણ દિશા. ૨. હોડી. ૩. સમુદ્ર. ૪. મિશ્ર; અશુદ્ધ. ૫. અસમર્થ. ૬. કલિયુગ.

ત્વદ્દર્શનથી પામીએ સકળ તીર્થનું ફળ;
ક્યાં જઈએ ત્યજીને પ્રભો, ચરણ રમ્ય વિમળ ! ૭૩

સકળ તીર્થ ગુરુપાદમાં, કહે સકળ શ્રુતિ એહ;
શાસ્ત્ર સકળ પણ ઓચરે એજ નિઃસંદેહ. ૭૪

પાસ ખજાનો, કો ફરે દૂર વિકટ [1]કાનન ?
સંનિધ કલ્પદ્રુમ ત્યજી બાવળ ઢૂંઢે વન ? ૭૫

શ્રીગુરુ કહેઃ- ત્યાગી તમે, વર સંન્યાસીભેખ;
પાંચ રાત્રિથી ના વધુ રહેવું સ્થાને એક. ૭૬

સેવી તીર્થો અવનવાં, થાતાં નિશ્ચલ મન;
એકવાસ કરવો પછી, કરી દેહદમન. ૭૭

આજ્ઞા મમ માની સહુ, સેવો આશ્રમધર્મ;
સ્નાન કરો સહુ તીર્થમાં, [2]બહૂદક યતિધર્મ. ૭૮

વળતી આવો મુજ કને; શ્રીશૈલે દર્શન
બહુધાન્યસંવત્સરે થશે પરમ પાવન. ૭૯

શ્રીગુર્વાજ્ઞા એ સૂણી, નમે શિષ્ય ફરી એહ;
પાદકંજ સુદૃઢ ગ્રહી, વદે દીન નતદેહ :- ૮૦

પ્રમાણ આજ્ઞા આપની, સંમત સદ્‌ગુરુ શર્વ;
ફરીએ તીર્થો ભૂતલે, નિશ્ચિત મનથી સર્વ. ૮૧

સદ્‌ગુરુ વાક્ય ન જે કરે શિરસા માન્ય અધન્ય,
અનંત વર્ષ રૌરવ પડે, યમપુરવાસ અગણ્ય. ૮૨

ક્યા તીર્થમાં ક્યાં જવું, કહો ગુરુત્તમ એહ;
જાણી સુદૃઢ હૃદયમાં કરીએ પાવન દેહ. ૮૩

જેવી આજ્ઞા જ્યાં પ્રભો, કરીએ સત્વર તેમ;
સર્વસિદ્ધિદાયક વિભો, વાક્ય તાહરૂં હેમ. ૮૪

પ્રસન્ન સદ્‌ગુરુ ઓચરે તીર્થયાત્રારીત;
શિષ્યમંડળ સાંભળે, રાખી ચિત્તે પ્રીતઃ- ૮૫

બ્રહ્માંડે સહુ ખ્યાત જે, તીર્થરાજ પ્રયાગ;
કાશીતલ ગંગા વહે, સેવો સહુ બડભાગ. ૮૬

ભાગીરથીયાત્રા કહી પવિત્ર ષષ્ટિયોજન;
ષષ્ટિકૃચ્છ્રફળ; દ્વિગુણ [3]ગંગાદ્વારે નતજન ! ૮૭

યમુનાતટયાત્રા તથા વિંશતિયોજન પુણ્ય;
[4]તાવત્કૃચ્છ્રફળ, સહુ કરો શિષ્યો પરમ સુધન્ય. ૮૮

સરસ્વતી કુમારિકા ચોવીસયોજન માન;
ચોવીસ કૃચ્છ્રફળ એ નકી; સઘળે એજ પ્રમાણ. ૮૯

પિતૃતૃપ્તિ ફળ યજ્ઞનું; બ્રહ્મલોક શાશ્વત;
મહાનદીયાત્રા તણું પાવન ફળ સંમત. ૯૦

વિપાશકા વરુણા નદી, કુશાવર્તા જાણ;
રમ્યા શરાવતી વિતસ્તા શતદ્રુ માન. ૯૧

અસિકની મરુદ્વૃધા નદી, શુભા મધુમતી તેમ;
નદી ઘૃતવતીતીરની યાત્રા કરવી એમ. ૯૨

ભૂમંડલવિખ્યાત જે દેવનદી પવિત્ર,
યોજન પંદર ફળ તથા; યાત્રા કરવી ચિત્ર. ૯૩

સ્નાનમાત્રથી શુદ્ધિ જ્યાં, બ્રહ્મહત્યાદિ જાય;
ચંદ્રભાગા રેવતી, શરયૂ ગોમતી ન્હાય. ૯૪

વેદિકા કૌશિકી નદી, મન્દાકિની સુપુણ્ય;
પૂર્ણા પુણ્યનદીજલે થાય માનવી ધન્ય. ૯૫

બાહુદા અરુણા નદી, ક્ષિપ્રા બહુફળ જેહ;
સંગમસ્થાને ફળ બહુ, સ્નાનત્રિવેણી એહ. ૯૬

વૈરોચની પુષ્કર તથા કુરુક્ષેત્ર જે રમ્ય;
ગયાક્ષેત્રા ફલ્ગુ નદી મહાપુણ્ય સુધન્ય. ૯૭

બદરિનારાયણ અલકનંદા અનંત;
શ્રીશૈલયાત્રા કરો, રામેશ્વર સહુ સંત. ૯૮

સેતુબંધ શ્રીરંગ જે, પદ્મનાભ પવિત્ર;
નૈમિષારણ્યે કરો શ્રીહરિદર્શન ચિત્ર. ૯૯

કેદાર કોટિરુદ્ર જે, રેવા વૃદ્ધ પુરાણ;
માતૃકેશ કોકામુખી, કુબ્જતીર્થ પ્રમાણ. ૧૦૦

વિજય પ્રસાદતીર્થ જે ચંદ્રતીર્થ ગોકર્ણ,
શંખકર્ણ પવિત્ર જે, સપ્તપુરી સુવર્ણ. ૧૦૧

અયોધ્યા મથુરા દ્વારકાં, કાંચી શાલગ્રામ;
કાશી અવંતિકા વળી માયા શંબલગ્રામ. ૧૦૨

મુક્તિપ્રદ ગોદાવરી ષડ્‌યોજનસંમત;
[5]વાજપેયફલપ્રદ સહુ, અનંત ગાએ સંત. ૧૦૩

ગોદાતટયાત્રા કરે, સવ્ય પ્રદક્ષિણ જેહ;
મહાપાપથી મુક્ત એ, જ્ઞાની નિઃસંદેહ. ૧૦૪

પ્રયાગસમ બે તીર્થ છે, ધન્ય પરમ પાવન;
ભીમેશ્વર વંજરાસંગમ [6]શંસે સહુ જન. ૧૦૫

કૃશતર્પણ જે તીર્થ છે, દ્વાદશયોજન જાણ;
ગોદાબ્ધિસંગમ કહ્યો ષટ્‌ત્રિંશત્ ફળ માન. ૧૦૬

પૂર્ણાતટયાત્રા કહી યોજન ચાર સુપુણ્ય;
કૃષ્ણાવેણી પંચદશ, તારક કલિમાં ધન્ય. ૧૦૭

તુંગભદ્રા વિંશતિકૃચ્છ્રફલદા જાણ;
પંપાસર મહિમા અતિ, અનંત પાવન માન. ૧૦૮

૧. જંગલ. ૨. અજાણી જગામાં ભિક્ષા લાવી વિચરનાર યતિ. ૩. હરિદ્વારે. ૪. તેટલાં જ કૃચ્છ્રતપનું ફળ. ૫. વાજપેય યજ્ઞનું ફળ આપનાર. ૬. વખાણે.

સર્વપાપહર હરિહરક્ષેત્ર રમ્ય પુરાણ;
ભીમાતટયાત્રા દશકૃચ્છ્રફલપ્રદ માન. ૧૦૯

પાંડુરંગ પંઢરપુરે, માતુલિંગ પવિત્ર;
ગાણગાપુર પુણ્ય જે અનેક ફલપ્રદ ચિત્ર. ૧૧૦

ભીમાઅમરજાસંગમે કોટિતીર્થ પાવન;
કલ્પવૃક્ષ સમ કામપ્રદ, સોહે અશ્વત્થ ઘન. ૧૧૧

નૃસિંહતીર્થ ત્યાં શ્રુત બધે, તદુત્તરે કાશી;
સર્વપાપહર પૂર્વમાં તીર્થ પાપનાશી. ૧૧૨

રુદ્રપાદ સુતીર્થ છે સકલપાપહર તેમ;
ચક્રતીર્થ કેશવ જિહાં હરે ભક્તઅઘ એમ. ૧૧૩

કોટિતીર્થ વળી આગળું, મન્મથતીર્થ સુપુણ્ય;
કલ્લેશ્વર જ્યાં ત્યાં વસે સાક્ષાત્ ગોકર્ણ ધન્ય. ૧૧૪

સિદ્ધભૂમિ [1]ગંધર્વપૂર, અનુપમ જગવિખ્યાત;
અનુષ્ઠાન દ્રુત[2] જ્યાં ફળે, સકળ સંત યશ ગાત. ૧૧૫

કલ્પવૃક્ષ પ્રત્યક્ષ જ્યાં, શું શું ન કરે એહ ?
સાધો ઈપ્સિત શિષ્ય હે ! તારો મનખાદેહ !! ૧૧૬

અનંતપુણ્યફલ કાકિણીસંગમ બીજો તેમ;
પ્રયાગસમ ફલપ્રદ કહ્યો, ના સંશય ત્યાં એમ. ૧૧૭

તુંગભદ્રા વરનદી, સંગમ પાવન ધન્ય;
મલાપહાસંગમ હરે શતજન્મઅઘ પુણ્ય. ૧૧૮

નિવૃત્તિસંગમ કહ્યો બ્રહ્મહત્યાહર એહ;
જાઓ પ્રેમે શિષ્ય હે ! જશે પાપસંદેહ. ૧૧૯

સિંહલગ્ન બૃહસ્પતિ, વર્ષ પુણ્ય પ્રમાણ;
ગંગાયુત ગોદાવરી, અનંત મહિમા જાણ. ૧૨૦

કન્યાગતે[3] કૃષ્ણા વિષે; તુંગભદ્રામાં તેમ
તુલાગતે ગંગા વસે, પરમ પાવન એમ. ૧૨૧

કર્કટસ્થ ગુરુમાં મલાપહા ગંગાયુત તેહ;
સ્નાનમાત્રથી બ્રહ્મહત્યાદિ સંહરે એહ. ૧૨૨

ભીમાકૃષ્ણાસંગમે સ્નાનમાત્રથી શુદ્ધ;
સાઠ જન્મ સત્કુળ વિષે જન્મે વિપ્ર પ્રબુદ્ધ. ૧૨૩

ત્રિગુણ પુણ્યપ્રદ તુંગભદ્રાસંગમ સુપુણ્ય;
નિવૃત્તિસંગમ ચતુર્ગુણ ફલપ્રદ ધન્ય ! ૧૨૪

પાતાલગંગાસ્નાન જે મલ્લિકાર્જુનદર્શન;
ષડ્‌ગુણ પુણ્ય કહ્યું, કરે નષ્ટ જન્મમરણ; ૧૨૫

યુગાલયે ફલ દ્વિગુણ છે, કાવેરીસંગમ;
સ્નાન પંચદશગુણ કહ્યું; કૃષ્ણા અમિત્તોત્તમ ! ૧૨૬

તામ્રપર્ણી અઘહરા, કૃતમાલા પણ તેમ;
મહાપુણ્યપ્રદ શ્રેષ્ઠ જે પાવન અતિશે એમ. ૧૨૭

પયસ્વિની ભવનાશિની, સમુદ્ર સ્કંદદર્શન;
શેષાદ્રિ અનંત તે તિરુવન્નામલય પણ. ૧૨૮

કન્યાકુમારિકા વળી મત્સ્યતીર્થ પાવન;
કુંભકોણ તારક કહ્યું, પક્ષિતીર્થ ગહન. ૧૨૯

ધનુષ્કોટિ રામેશ ને રંગનાથ સન્નિધ
તીર્થ કાવેરી વળી પાવન, સેવે સિદ્ધ. ૧૩૦

ચક્રકુંડ અઘહર વળી, મહાલક્ષ્મીપુર જાણ
કોલ્હાપુર દક્ષિણકાશી વિખ્યાત પ્રમાણ. ૧૩૧

કૃષ્ણોદ્‌ગમ જ્યાં શ્રેષ્ઠ ત્યાં મહાબળેશ્વર પુણ્ય;
રામેશ્વર કૃષ્ણાતટે, પરમ પાવન ધન્ય. ૧૩૨

પુણ્ય કોલાગ્રામ, જ્યાં નૃસિંહદેવ પ્રત્યક્ષ;
સદાશિવ ભોળા વસે, જાણો શંભુ [4]ત્ર્યક્ષ. ૧૩૩

ભિલ્લવડી કૃષ્ણાતટે ભુવનેશ્વરી ત્યાં જાણ;
કરે તપસ્યા પ્રેમથી, થાય ઈશ સમાન. ૧૩૪

વરુણાસંગમ પાપહર, સ્નાનમાત્રથી જ્યાંય;
માર્કંડેય સમાન હા પાપી પણ જો થાય ! ૧૩૫

અત્યુત્તમ કૃષ્ણાતટે ઋષ્યાશ્રમો અનેક;
સ્નાને જ્ઞાની થાય જ્યાં, પાપી હોય જે છેક. ૧૩૬

કૃષ્ણાવેણીપંચગંગાસંગમ જ્યાં પુણ્ય;
માઘસ્નાને અમરપુર, પ્રયાગાધિક પુણ્ય; ૧૩૭

કરી તપસ્યા મુનિવરો, પામ્યા સિદ્ધિ જ્યાંય,
ક્ષેત્ર નિરુપમ જગ વિષે; સકલ સુતીર્થો ત્યાંય. ૧૩૮

ત્રણ દિવસ સુસ્નાન જો કરે માનવી ત્યાંય,
પામે સકલાભીષ્ટ ને અંતે સુમુક્ત થાય. ૧૩૯

દર્શનમાત્રે મુક્તિ જ્યાં, રમ્ય યુગાલય તીર્થ;
શૂર્પાલય પાવન અતિ, જગવિખ્યાત સુકીર્ત. ૧૪૦

વિશ્વામિત્રમુનિ તણું, સ્થાન પરમ પવિત્ર
છાયાભગવતી, કરો દર્શન શિષ્યો ચિત્ર. ૧૪૧

કૃષ્ણામલપ્રભા તણો સંગમ નિર્મલ જ્યાંય
સર્વદોષહર, સ્નાનથી પાવન મનખો ત્યાંય ૧૪૨

વિષ્ણુમૂર્તિ પ્રત્યક્ષ જે, કપિલ ઋષિ મહાન્;
આશ્રમ એ મુનિવર તણો, મહાતીર્થ પ્રમાણ. ૧૪૩

ઉત્તરવાહિની તિહાં, કૃષ્ણા પાવન રમ્ય;
એકવાર [5]મનુજાપથી, કોટિજાપફળ ધન્ય ! ૧૪૪

૧. ગાણગાપુર. ૨. સત્વર. ૩. કન્યારાશિમાં બૃહસ્પતિ આવે ત્યારે. ૪. ત્રિનેત્ર. ૫. મંત્ર.

વળતી કેદારેશ છે, પશ્ચાત્ પીઠાપુર;
દત્તાત્રેય જિહાં વસે નિત્ય સનાતન નૂર !! ૧૪૫

મહાતીર્થ વિખ્યાત જે, પર્વત મણિગિરિ જ્યાંય;
બહુકાળ તપ આચર્યું સમઋષિએ ત્યાંય. ૧૪૬

ઋષભાદ્રિ મહાફલદ જે મુક્તિપ્રદ કલ્યાણ,
ક્ષેત્રસેવને જે ફરી જન્મ ન ધરે જાણ. ૧૪૭

અહો ધન્ય બલદર્શને સાઠયજ્ઞફળ પુણ્ય,
શ્રીરંગદર્શનથી ટળે પુનર્જન્મઅરણ્ય ! ૧૪૮

અગણિત તીર્થો એહવાં; કોણ કથે વિસ્તાર ?
દર્શનસ્નાન કરો મુદા, યથાવિધિ નિર્ધાર. ૧૪૯

યદા રજસ્વલા નદી, સ્નાને દોષ મહાન્;
કર્કસંક્રાંતિ પછી માસદ્વય પ્રમાણ. ૧૫૦

નદીતીરનિવાસીને ન સ્પર્શે આ દોષ;
શિષ્ય સકળ નત સાંભળે, કહે ગુરુ ધરી તોષ. ૧૫૧

ચોમાસામાં સહુ નદી રજસ્વલા કહી ખાસ;
રજોદોષ ત્રણ દિન લગી, વર્જ્ય સ્નાન પણ ખાસ. ૧૫૨

ગંગા સિંધુ ગૌતમી, ચંદ્રભાગા જાણ;
નર્મદા શરયૂ વળી, અસ્પૃશ્ય ત્રિદિન માન. ૧૫૩

વર્ષાકાળે સહુ નદી રજસ્વલા દશ દિન;
વાપીકૂપાદિક સહુ અહોરાત્ર મલિન. ૧૫૪

પાણી નૂતન જે દિને ચઢે નદીમાં જાણ,
રજસ્વલા તે દિવસથી ત્રાણ દિવસ પ્રમાણ. ૧૫૫

યથાકથિત નિયમે કરો વર્જ્ય સ્નાનાદિક;
તટવાસી વિણ અન્યને, દોષ સ્પર્શાદિક. ૧૫૬

સાધારણ વિધિ આ કહ્યો તીર્થસેવને પુણ્ય;
સ્નાનક્ષૌરાદિક સહુ કરો યથાવિધિ ધન્ય. ૧૫૭

સૂણી સદ્‌ગુરુવેણ એ કર્યો ચિત્ત નિશ્ચય;
કામધેનુસમ ગુરુગિરા માની નિઃસંશય. ૧૫૮

નમન કરી સહુ નીસર્યા, કરવા તીર્થાટન.
હર્ષ ન માયે ઉર વિષે, પ્રફુલ્લ અંતઃકરણ. ૧૫૯

અલખવચન એ સાંભળી, વદે નિરંજન એહ;
આગળ અનુસંધાન એ, હરે **રંગ** સંદેહ. ૧૬૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે સાયંદેવારિષ્ટહરણં નામ એકોનસપ્તતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૬૯ ॥ દોહરા ૧૬૦ (ખંડ પારાયણ બીજો દિવસ)

અધ્યાય ૭૦

કર જોડી વિનતિ કરે, શિષ્ય નિરંજન એહઃ
કહો અલખ યોગીશ હે ! આગળ લીલા તેહ. ૧

ગયા શિષ્ય યાત્રાર્થ ત્યાં, બન્યું તે પછી કેમ ?
ચરિતામૃત પાઇ કરો તૃપ્ત પિપાસા એમ. ૨

શિષ્યવચન એ સાંભળી, થયા અલખ સુહૃષ્ટ;
કહેઃ- ધન્ય ગુરુભક્ત તું, સાંભળ કથા સુતુષ્ટ. ૩

ગુરુગાથા પૂછનાર ના, થયું ચિત્ત પ્રસુપ્ત;
જાગ્યું પ્રશ્ને તાહરા, થયું આજ સુતૃપ્ત. ૪

પ્રાણસખા તું માહરો, ધન્ય શિષ્ય સુજાણ;
ત્વદ્યોગે[૧] જાગી સ્મૃતિ, થયું સૌખ્ય અજાણ. ૫

શેકાયો સંસૃતિ[૨] મહીં, થયાં ગાત્ર શિથિલ;
રવડી થાકયો ચોદિશે, ક્યાંય ન ગોઠે [૩]તિલ. ૬

ભલો કર્યો ઉપકાર તેં થયું સ્વસ્થ [૪]અજ [૫]સ્વાન્ત;
ફેંકી કથામૃતસાગરે, કર્યો મુને તેં શાન્ત. ૭

તુષ્ટ થયું મન માહરું; શું આપું વરદાન !
પુત્રપૌત્રસુખ તવ કુળે, રહો નિરંતર જાણ. ૮

[૬]દૈન્ય નહીં તવ બારણે, થઈશ બાળ જગમાન્ય;
ગુર્વનુગ્રહપાત્ર તું, સચ્છિષ્ય વદાન્ય. ૯

શંકા મા કર મન વિષે, લે આ વરદ સુહસ્ત;
સર્વભૂતિયુક્[૭] તું નકી, રહે નિરંતર મસ્ત. ૧૦

કામધેનુસમ ગુરુકથા ચરિત રમ્ય નિર્ધાર;
ભવભયહારક શ્રવણ કર, કથું સકળ વિસ્તાર. ૧૧

વૈદ્યનાથસમીપમાં રહ્યા ગુપ્ત ગુરુરાય;
તીર્થાટનાર્થ સંચર્યો સકળ શિષ્યસમુદાય. ૧૨

આરોગ્યભવાની માત જ્યાં, સ્થાન મનોહર એહ;
રહ્યા ગુપ્ત શ્રીગુરુ તિહાં, વરસ એક ધરી નેહ. ૧૩

રહેતા'તા સદ્‌ગુરુ તિહાં, આવ્યો દ્વિજવર એક;
ભક્તિનમ્ર શિરસા નમી, કર્યા સ્તોત્ર અનેક. ૧૪

મૂકી પગ પર શિર કહેઃ-તાર તાર ગુરુનાથ;
ડૂબ્યો અજ્ઞાનાબ્ધિમાં, ઝાલ ઝાલ ગુરુ હાથ ! ૧૫

તપ દુસ્તર બહુ આચર્યો, થયું ચિત્ત નવ સ્થિર;
સત્પંથ ના સાંપડ્યો, જાણ્યું ના તત્ત્વ લગીર. ૧૬

૧. તારા યોગથી. ૨. સંસાર ૩. જરાપણ ૪. આજ. ૫. હૃદય. ૬. દીનતા; ગરીબાઈ. ૭. ઐશ્વર્યયુક્ત.

જ્ઞાન વિના તપ કષ્ટ છે, વ્યર્થ દેહદમન;
ત્વદર્શનથી ગુરુવરા, થયું હૃષ્ટ મમ મન. ૧૭

મનઅસ્થિરતા કાં રહી ? કારણ કંઈ ન કળાય;
ગુરુસેવા બહુકાળ ના, કરી પ્રભો મેં હાય ! ૧૮

તેનું ફળ શું આ હશે ? ઠરે ન ચિત્ત લગીર;
વિશ્વતારક દેવ તું, કર ઉપદેશ સુધીર ! ૧૯

તવ ઉપદેશ થકી નકી, થશે જ્ઞાન સત્વર;
સદ્‌ગુરુ શરણે લે મુને, કર શાસન મુનિવર !! ૨૦

વિપ્રવચન એ સાંભળી, પૂછે ગુરુ સ્મિતવક્ત્રઃ-
ગુરુ વિણ તપ કાં આચર્યું ? કહે વિપ્ર હે અત્ર. ૨૧

સૂણી વેણ સદ્‌ગુરુ તણાં, કરે દુઃખ અતિ વિપ્ર;
આંસુ ઢાળે નેત્રથી; કહેઃ- સૂણો ગુરુ ક્ષિપ્ર. ૨૨

ગુરુ એક મારો અતિ ક્રોધી નિષ્ઠુર જાણ;
કોપ કરે મુજ પર વૃથા, મારે [1]પાદત્રાણ ! ૨૩

દુઃખ અતિશે દે મુને, કહે દુષ્કર ગૃહકામ;
સેવા કરતાંએ ન કદિ વદે જ્ઞાનનું નામ. ૨૪

વેદશાસ્ત્રતર્કાદિનો વદે ન અક્ષર એક;
ભાષ્યાદિનું નામ ક્યાં ? કહે, મૂરખ તું છેક ! ૨૫

મન તારૂં ચંચળ અતિ, થયું ન હજી એ સ્થિર;
રોજ રોજ એવું કહે, મારે વાણીતીર ! ૨૬

ફરી ફરી સેવા કહે, કંટાળ્યો હું દેવ !
ક્રૂર વચન એ સાંભળી, નાઠો છોડી સેવ !! ૨૭

ના માન્યું ગુરુવાક્ય મેં, ક્રુદ્ધ થયા ગુરુનાથ;
ત્યાગી આવ્યો હું ઈહાં; કષ્ટ નિવારો તાત ! ૨૮

સૂણી વચન સદ્‌ગુરુ કહેઃ- અહા વિપ્ર અધમ !
આત્મઘાતકી કાં થયો, ગુરુદ્રોહી ખર સમ ? ૨૯

જેમ કોઈ મંદિર મહીં, કરે મલોત્સૃતિ મૂઢ;
દૈવત કોપે તો કહે, અદૃષ્ટ મારૂં કૂડ ! ૩૦

સ્વનાસાકર્ણે છરી મૂકી અપશુકન
પરને કરવા તું મથે ! શેં થાશે સ્થિર મન ? ૩૧

અંતર દોષે નિજ ભર્યું, કાઢે પરની ભૂલ;
સુખી થાય ના એ કદિ, બોળે બંને કુળ ! ૩૨

સ્વદોષ જાણ્યા વિના, કેમ થાય મન શુદ્ધ ?
મનઃશુદ્ધિ વિણ જ્ઞાન ના, કાં ભૂલે દુર્બુદ્ધ ? ૩૩

ગુરુદ્રોહી તું ધિક્ તને ! નિંદે ગુરુ પરમેશ ?
કેમ સ્થૈર્ય મળે તને ? કેમ જ્ઞાનનો લેશ ? ૩૪

નિધાન [2]સંનિધાનમાં, કાં ખોળે કાન્તાર ?
કામધેનુ ગુરુ પરહરી; ક્યાં દોડે તું ગમાર ? ૩૫

ગુરુનિંદા મુખથી કરે ! કાં ન ગળે તુજ જીભ ?
અંધો આપે થાય કાં, મૂઢ [3]ઉલૂકસંનિભ ? ૩૬

મનઃસ્થૈર્ય ક્યાંથી મળે, કેમ જ્ઞાનનો લેશ ?
ગુરુદ્રોહી હા ધિક્ તુને ! રૂઠ્યો તુજ પરમેશ !! ૩૭

સુખ સ્વપ્ને લાભે નહીં, ગુરુદ્રોહી નર જેહ;
અજ્ઞાને આવૃત સદા, ન ટળે ભવસંદેહ. ૩૮

ગુરુસેવાપદ્ધતિ લહે, તે જાણે સહુ વેદ;
મંત્રતંત્ર કિંકર સહુ, ન રહે કાંઈ ખેદ. ૩૯

તુષ્ટ થતાં ગુરુ સ્હેજમાં થાય નર સર્વજ્ઞ;
અષ્ટ સિદ્ધિ વશ ક્ષણ મહીં, થાય સર્વશાસ્ત્રજ્ઞ. ૪૦

ગુરુદૃષ્ટિ પડતાં થયું અશુભ સકળ સુદગ્ધ;
નમ્ર થયો દ્વિજબાળ એ, કરે પ્રણતિ [4]વિદગ્ધ. ૪૧

જયજયકાર કરે મુદા, લાગે ફરી ફરી પાય;
કહેઃ-જ્ઞાનાબ્ધિ હે પ્રભો, તાર મુને ગુરુરાય ! ૪૨

નિર્ગુણ નિર્વિકાર તું, લીલા તારી અગમ્ય;
કૃપાદૃષ્ટિ તારી થતાં, થાય મૂઢ પણ ધન્ય ! ૪૩

માયાજાલવેષ્ટિત પ્રભો, જાણું સ્વરૂપ ન લેશ;
કૃપા થશે જો તાહરી, થાશે જ્ઞાન મહેશ ! ૪૪

પ્રથમ ગુરુ શેં જાણવો ? કથો સ્વરૂપ અગમ્ય;
શી રીતે સેવા કરી; થાવું જગમાં ધન્ય ? ૪૫

વિશ્વવંદ્ય સદ્‌ગુરુ કહો, કરી સકળ વિસ્તાર;
થાય ચિત્ત સ્થિર માહરૂં, જાણું ગુરુગતિ સાર. ૪૬

કર ઉપકૃતિ[5], પ્રભુ આટલી, કથ ગુરુમહિમા સાર;
એમ કહી પગમાં પડ્યો, [6]વાર પ્રભુ અંધકાર ! ૪૭

દયાજનક વાણી સૂણી, દ્રવ્યા શ્રીગુરુ ત્યાંય;
ગુરુમહિમા સેવાવિધિ કથે સકળ વરકાયઃ- ૪૮

સાંભળ મુનિ ! જનની ગુરુ, જનક દ્વિતીય સુજાણ;
હિતકર્તા ઉપકારી જે, ભયત્રાતા વળી માન. ૪૯

વિદ્યાદાતા પણ ગુરુ; બ્રહ્મવિદ્યાપ્રદ જેહ,
પરમ ગુરુ એ જાણવો; સેવો ધરી સુનેહ. ૫૦

ગુરુ બ્રહ્મા હરિહર નકી, ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ;
ગુરુકૃપા વિણ કો કદિ, તરે ન માયાભ્રમ. ૫૧

ગુરુસેવામહિમા કહ્યો, આદિપર્વ ભારત;
સાવધાન મનથી સૂણી, થા દ્વિજ સેવારત. ૫૨

૧. પગરખું. ૨. પાસે. ૩. ઘુવડની માફક. ૪. ચતુર. ૫. ઉપકાર. ૬. નિવારણ કર.

દ્વાપરયુગમાં થઈ ગયા, બ્રહ્મર્ષિ મુનિ ધૌમ્ય;
મહાબુદ્ધિ વિદ્યાનિધિ, પરમ ધાર્મિક સૌમ્ય. ૫૩

વેદાભ્યાસ કરે તિહાં, ત્રણ શિષ્ય મહાનૂ;
આદ્ય અરુણ પાંચાલ, બૈદ બીજો પરમ સુજાણ. ૫૪

ઉપમન્યુ ત્રીજો કરે સેવા તોડી પ્રાણ,
ગુરુહરિહરમાં ના ગણે ભેદ અલ્પ પ્રમાણ ! ૫૫

પૂર્વે ગુરુની રીત એ : સેવામિષે તપાસ
કરી કસોટી શિષ્યની, દેતા વિદ્યા ખાસ. ૫૬

મનઃશુદ્ધિ સમ્યક્ તપાસી નિષ્ઠા વળી તેમ,
મનવાંછિત અર્પી કરે કૃપા કલ્પદ્રુમ જેમ. ૫૭

તેવા મુનિવર ધૌમ્ય એ એક દિવસ એકાંત,
સ્વસેવારત અરુણ જે શિષ્ય પરમ સુદાંત, ૫૮

બોલાવી તેને કહેઃ- વત્સ ત્વરા કર દોડ;
ડાંગરક્યારા જળ વિના સૂકાયા જો દોડ ! ૫૯

તલાવમાંથી પાધરૂં પાણી ક્ષેત્રમાં આણ;
ભર ક્યારા જલદી નહીં તો મરશે જો ધાન. ૬૦

કર યત્ને કરી આટલું, મા કર વત્સ વિલંબ !
ગુર્વાજ્ઞા સૂણી શિષ્ય એ, દોડ્યો વિના વિલંબ. ૬૧

ખેતરમાં જલદી જઈ; કરી પનાળ [1]ગભીર;
તડાગપાણી વાળીને, ઊભો પરમ સુધીર; ૬૨

ખેતર ઊંચું એ જરી, ન ચઢે પાણીપ્રવાહ;
જલધારા ગર્જે અતિ, વહે અન્યથા રાહ ! ૬૩

શિષ્ય વિચારે મન વિષે; [2]ઉદક જાય અન્યત્ર;
શું કરવું ? ગુરુ કોપશે ! તારક કોઈ ન અત્ર. ૬૪

એમ કહી વળતી કર્યા પથ્થર બહુ એકત્ર;
બાંધ્યો બંધ જળ વાળવા મહાપ્રયત્ને તત્ર. ૬૫

તોએ ન ચઢયું વારિ એ; તાણી નાખ્યા દૂર
પથ્થર; ચાલ્યું જોસમાં બીજે પાણીપૂર ! ૬૬

નાન યત્ન કર્યા તથાપિ ન ચઢે એ લેશ
પાણી ક્ષેત્રભૂમિ વિષે; કરે શિષ્ય અતિ ક્લેશઃ- ૬૭

દોડ પ્રભુ વ્હારે હવે, કેમ કરું હું બાળ ?
જો ન ચઢે પાણી હવે, ત્યજીશ પ્રાણ તત્કાળ ! ૬૮

પાણી ન ચઢે ક્ષેત્રમાં, ગુરુધાન્ય સૂકાય;
શું કરવું જીવતર ? ત્યજું ગુરુકાજ આ કાય ! ૬૯

મનથી નિશ્ચય એહવો કરી, સદ્‌ગુરુધ્યાન
કરે શિષ્ય નિજ અંતરે; કહેઃ- યત્ન હું આન ૭૦

ફાવે તેવો આદરી, વાળીશ [3]અંબુ ત્યાંય;
પથ્થર ન ટકે ધારમાં, થાપું મારી કાય ! ૭૧

આડો રાખું દેહ જો, ચઢશે પાણી તૂર્ત;
નિશ્ચય એવો મન કરી, ધ્યાય ગુરુની મૂર્ત ! ૭૨

જલમધ્યે આડું તિહાં રાખ્યું ઘટ્ટ શરીર !
પ્રાણ પાથરતાં વળ્યું ક્ષેત્રે અડધું નીર !! ૭૩

વેગે પાણી સંચર્યું અર્ધ ક્ષેત્રની માંહ્ય;
અડધું બીજી ગમ વહે; વચ્ચે શિષ્યની કાય ! ૭૪

ગુરુકાર્યાર્થે એહવું સાહસ કર્યું મહાનૂ,
ડૂબ્યો શિષ્ય પાણી વિષે, વળ્યું અર્ધજળ જાણ. ૭૫

ક્ષેત્ર ભરાયું પલકમાં, દોડ્યા ધૌમ્ય સુધીર;
દેખી ક્યારા જલભર્યા, વદે તુષ્ટ ગભીરઃ- ૭૬

દહાડો આથમવા ઊભો, શિષ્ય ન કાં દેખાય ?
ખેદ કરે મનમાં અતિ; અહા શિષ્ય ક્યાં હાય ! ૭૭

શોધ કર્યો ચોદિશ તિહાં, લાગી ક્યાંય ન ભાળ,
કહેઃ- થાકયો અતિશે નકી, તેથી ન વદે બાળ ! ૭૮

પાણી કાજે થાકીયો, રીસાયો શું એહ ?
ભક્ષ્યો શું વ્યાઘ્રાદિએ ? થયો પ્રાણસંદેહ. ૭૯

એમ કહી વિહ્વળ થયા, પ્રેમે પાડે બૂમઃ
હે વત્સ હે શિષ્ય હે બોલ ! થયો ક્યાં ગૂમ ? ૮૦

ઉચ્ચ કરુણ આહ્વાનના શબ્દ કર્ણની માંહ્ય
પડતાં શિષ્ય યત્ને કરી ઊઠ્યો અરુણ સુકાય. ૮૧

ધીરે ધીરે ઊઠીયો, આવ્યો જળની બ્હાર;
ભક્તિનમ્ર વંદન કરે શ્રીગુરુપદમાં બાળ ! ૮૨

વૃત્ત[4] સકળ નિવેદીયું, સૂણી ધૌમ્ય સુધીર,
આલિંગન આપી વદે પરમ હૃષ્ટ ગભીર. ૮૩

વર આપી કહેઃ- વત્સ હે શિષ્યશિરોમણિ ધન્ય !
વેદશાસ્ત્રવ્યાકરણવિદ્ થા સર્વજ્ઞ સુધન્ય ! ૮૪

ગુરુવાણીથી તૂર્ત એ થયો જ્ઞાનયુત બાળ;
દોડી લાગ્યો ચરણમાં, ભાવ થકી તત્કાળ. ૮૫

તુષ્ટ થયા મુનિ ધૌમ્ય એ વદ્યા કૃપાનિધિઃ- ઘેર
જા ! લાયક ભાર્યા વરી, કર ગૃહસ્થાશ્રમ લ્હેર !! ૮૬

ધર્મમાર્ગે સંચરી, દેવાતિથિપૂજન-
પિતૃકાર્યરત થા કૃતી;[5] કર સજ્જનરંજન. ૮૭

આજ્ઞા વંદ્ય કરી ગયો અરુણ ઘેર તત્કાળ;
સુખી થયો ગુર્વાશિષે ! રહ્યા શિષ્ય બે બાળ. ૮૮

૧. ઊંડી. ૨. પાણી. ૩. પાણી. ૪. હકીકત. ૫. પુણ્યવાન.

ગુરુસેવારત શિષ્ય જે, બીજો બૈદ સુજાણ;
તેનું મન જોવા કહે ધૌમ્ય એકદા જાણઃ- ૮૯

વત્સ સીમમાં જા સુધી, કર રક્ષા નિશદિન;
પાક થતાં તૈયાર સહુ, લાવ ઘેર કુલીન ! ૯૦

આનંદિત થઈ એ ગયો, બૈદ ક્ષેત્રમાં જાણ;
અહોરાત્ર મહેનત કરે, રક્ષે ધાન્ય સુજાણ. ૯૧

પક્વ થતાં વાઢ્યું બધું, કર્યો રાશિ[1] મહાન્;
આવ્યો ગુરુસાંનિધ્યમાં, માગે આજ્ઞા જાણ. ૯૨

કહેઃ-ડાંગર પાકી બધી, કર્યો ખેતમાં [1]ઢેર;
દો આજ્ઞા લાવું બધી વહી શીઘ્ર ગુરુ ઘેર. ૯૩

ધૌમ્ય કહેઃ- શાબાશ હે, શિષ્યશિખામણિ વીર !
મહાકષ્ટ ઉઠાવી તેં કર્યું કાર્ય સુધીર. ૯૪

મા વિલંબ કર જા હવે, ઘેર લાવ વહી ધાન્ય !
એમ કહી આપે ગુરુ, ગાડું જીર્ણ વદાન્ય. ૯૫

એક [2]મહિષ આપી કહેઃ- જા શીઘ્ર જો બાળ;
ગાડું ભરી ગૃહ લાવ તું, ધાન્ય સર્વ તત્કાળ. ૯૬

આજ્ઞા માથા પર ધરી, જોડ્યો પાડો એક;
બીજી ગમ પોતે ગ્રહી, ખેંચે ગાડું છેક ! ૯૭

કષ્ટે ખેંચી આણીયું ગાડું ક્ષેત્રની માંહ્ય;
ચાળીસ મણ ડાંગર બધી ભરી એકલે ત્યાંય. ૯૮

એક બાજુ પાડો વહે, બીજે શિષ્ય સુધન્ય
ખેંચે પોતે પૂર્વવત્ ! બૈદ ધન્ય સુધન્ય !! ૯૯

ખેંચે પાડો વેગથી, અશક્ત શિષ્ય સુજાણ;
સાથે ચાલી નવ શકે; કરે કાર્ય શું માન. ૧૦૦

કંઠે બાંધી ધૂંસરી, ચાલે મહિષસંગાત;
જેમ તેમ ખેંચે તિહાં; આવ્યું વિઘ્ન સુજાત ! ૧૦૧

દુસ્તર ખાડો માર્ગમાં, [3]પંકપૂર્ણ મહાન્ !
પાડો ગળક્યો કાદવે, રડે શિષ્ય અજાણ ! ૧૦૨

કરે બૈદ ચિંતા અતિ, ખેંચે કરી સુજોર;
ગાડું હાલે ના જરી, પીડે પાશવત્ દોર ! ૧૦૩

પાડો છોડી એકલો, ખેંચે [4]શકટ મહાન્ !
બળાત્કારથી ખેંચતાં, પામે મૂર્છા જાણ ! ૧૦૪

કંઠે ફાંસો હા પડ્યો, વહે વદનથી ફીણ !
વ્યાકુળ પ્રાણ થયા તિહાં,આવ્યા ધૌમ્ય પ્રવીણ. ૧૦૫

શિષ્યસ્થિતિ એ દેખીને, દ્રવ્યા અતિશય ધૌમ્ય;
કષ્ટમુક્ત કરી એહને, પંપાળે મુનિ સૌમ્ય ! ૧૦૬

આલિંગન આપી કહે દયાપૂર્ણ મુનિરાજ;
પ્રસન્ન સેવા દેખીને, થયો વત્સ હું આજ. ૧૦૭

વર આપું થા વેદવિદ્ શાસ્ત્રપારંગત પૂર્ણ;
વરમાત્રે સર્વજ્ઞ એ થયો શિષ્યવર તૂર્ણ. ૧૦૮

આજ્ઞા આપી મોકલ્યો ઘેર, થયો વિખ્યાત;
ગુરુકૃપાદુર્લભ કહું નહીં જગતમાં તાત ! ૧૦૯

ત્રીજો શિષ્ય ઉપમન્યુ જે, ગુરુપદસેવક બાળ;
શુશ્રૂષા નિતનિત કરે, ગયો એમ કંઈ કાળ. ૧૧૦

ખાવામાં ચિત્ત એહનું, કરે આહાર અતીવ;
વિદ્યાભ્યાસે સ્થિર કદા ન રહે, ભટકે જીવ. ૧૧૧

એવું દેખી ધૌમ્યગુરુ કરે વિચાર પવિત્ર;
બોલાવી ઉપમન્યુને કરે આજ્ઞા ચિત્રઃ- ૧૧૨

સુતૃણ જોઈ અરણ્યમાં, લઈ જા ગાયો શિષ્ય;
ચાર તૃપ્તિ પર્યંત ભો, રાખી મનમાં પ્રીત્ય ! ૧૧૩

ગુર્વાજ્ઞા એ સાંભળી, નમી ચરણમાં બાળ
ગાયો હાંકી વન ગયો; ચારે લાંબો કાળ. ૧૧૪

ક્ષુધાકાંત સત્વર થતાં, વાળી પાછી ઘેર;
દેખી કોપ કરે ગુરુ; કહેઃ-ટળ્યો કાં ફેર ? ૧૧૫

જલદી પાછો કાં ફરે ? અર્ધ ભરાયું ન પેટ;
દહાડો આથમતાં લગી ચાર, મા કર વેઠ ! ૧૧૬

આજ્ઞા માથા પર ધરી, ગયો અન્ય દિન બાળ
ગાયો લઈ વનમાં મુદા; થયો મધ્યાહ્ન કાળ. ૧૧૭

ભૂખ ભભૂકે પેટમાં, થયા વ્યાકુળ પ્રાણ;
સ્મરણ કરી ગુરુનું, કરે સ્નાન નદીમાં જાણ. ૧૧૮

સંધ્યાવંદન જ્યાં કરે, દેખે દ્વિજગૃહ ત્યાંય;
રોકી ગાયો તૃણ વિષે ભિક્ષોદ્યત ત્યાં જાય. ૧૧૯

માગી માધુકરી સાત ઘર, ભૂખ શાન્ત કરી ફેર
ગાયો ચારી ખંતથી, જાય સ્હાંજરે ઘેર. ૧૨૦

કંઈક દિવસ એવા ગયા, થયું પુષ્ટ શરીર;
એક દિવસ બોલાવીને, પૂછે ગુરુવર ધીર. ૧૨૧

કહેઃ-શિષ્ય ઉપવાસી તું, ઘેર ન મળે અન્ન;
વનવાસી ગોકારણે નિત્ય; પુષ્ટ શેં તન ? ૧૨૨

કર જોડી કહે શિષ્યઃ- હે ગુરો ! નિત્ય દ્વિજઘેર
ભક્ષણ કરી ભિક્ષાન્ન હું, ફરું વને મુદભેર. ૧૨૩

ચારી દિનભર સ્હાંજરે લાવું ગૃહ ગોધન !
ગુરુ કહેઃ- મૂકી મને કેમ ખાય રે અન્ન ? ૧૨૪

૧. ઢગલો. ૨. પાડો. ૩. કીચડ. ૪. ગાડું

ભિક્ષા લાવી નિત્ય તું કર મુજને અર્પણ;
પાછો જઈને ધેનમાં ચાર સ્હાંજ લગ વન. ૧૨૫

'આજ્ઞા પ્રમાણ ગુરુ' કહી, [1]અન્યેદ્યુ વન બાળ
ગાયો ચારી મોદથી, થાતાં મધ્યાહ્ન કાળ, ૧૨૬

માગી મધુકરી કોડથી, લાવી ઘર તત્કાળ,
અરપી ગુરુચરણે મુદા, ભૂખ્યો ગયો વન બાળ. ૧૨૭

ઘેર કદાપિ પૂર્ણ ના ભોજન તેનું થાય;
માગી ફેર ભિક્ષા, કરી ભોજન રક્ષે ગાય. ૧૨૮

બે વખત માગી કરે ભિક્ષા પ્રથમ અર્પણ
ગુરુચરણે, બીજી સ્વયં ભક્ષે શિષ્યરતન; ૧૨૯

નિત્ય કાળક્રમ એહવો ! રક્ષે ગોધન સાર;
કંઈક કાળ જતાં તનુ દેખી સ્થૂળ દયાળ, ૧૩૦

ધૌમ્યગુરુ ત્યાં એકદા પૂછેઃ- કારણ બોલ;
પુષ્ટ દેહ આ શેં થઈ ? ભેદ શિષ્ય એ ખોલ. ૧૩૧

ઘેર ન મળે અન્ન ને ભિક્ષા મુને અર્પણ
નિત્ય કરે; શું ખાય રે ? લાવે ક્યાંથી અન્ન ? ૧૩૨

કહે શિષ્ય કર જોડીનેઃ- માગું દ્વિવાર અન્ન;
પહેલું અરપી આપને, બીજે કરું ભોજન. ૧૩૩

એ રીતે શાન્તિ કરી ક્ષુધા તણી, ગોધન
ચારું નિત્યે પ્રીતથી, લીલું શોધી તૃણ. ૧૩૪

સૂણી ક્રોધ કૃત્રિમ[2] કરી, વદે ધૌમ્ય મુનિ જાણઃ-
બંને વાર ભિક્ષા ગ્રહી, લાવ અહીં નાદાન. ૧૩૫

ગુર્વાજ્ઞા વિણ અન્ન એ લેવું જાણ હરામ;
'આજ્ઞા માથે ગુરુ' કહી, કરે શિષ્ય ગૃહકામ. ૧૩૬

બીજે દિવસથી કરે બેઉ વખત અર્પણ
ભિક્ષા ગુરુપદમાં મુદા; ક્લેશ ન માને મન. ૧૩૭

ગાયો ચારે વન વિશે, ક્ષુધાક્રાંત એ ધીર;
વત્સો પીતાં ભૂ વિશે દેખે પડતું ક્ષીર. ૧૩૮

શિષ્ય વિચારે મન મહીંઃ- એંઠું દૂધ આ વ્યર્થ
જાય નકામું જમીનમાં; સાધું એહથી અર્થ. ૧૩૯

ભૂખ નિવારું એહથી ! એમ વિચારી બાળ
ખોબો સુદૃઢ ધરી તિહાં દોડ્યો એ તત્કાળ. ૧૪૦

ઝીલી પીધું પ્રેમથી, ક્ષીર એહ ઉચ્છિષ્ટ;
ગાયો ચારે મોદથી, એમ રોજ [3]અક્લિષ્ટ. ૧૪૧

બે વાર ભિક્ષા ગ્રહી, અર્પે ગુરુઘર નિત્ય;
વત્સોચ્છિષ્ટે પેટડી ભરે રાખીને પ્રીત્ય. ૧૪૨

લેશ ન ત્રાસે મન વિષે, ઘટે ન ભક્તિ લગીર;
દૃઢાનુરક્તિ[4] ગુરુપદે, ધન્ય ઉપમન્યુ ધીર ! ૧૪૩

કંઈક દિવસ એવા ગયા, વધ્યું અધિક શરીર;
દેખી એક દિવસ ત્યાં, પૂછે ધૌમ્ય સુધીરઃ- ૧૪૪

શિષ્ય, પુષ્ટ શેં આ તનુ ? ન મળે તુજને અન્ન !
કર જોડી કહે બાળ એ સર્વ પુષ્ટિકારણ. ૧૪૫

સૂણી ધૌમ્ય વદે તિહાંઃ- અરે મૂર્ખ નાદાન !
ઉચ્છિષ્ટે દોષો બહુ, મા કર એ પયપાન. ૧૪૬

બગડે બુદ્ધિ એ થકી, થાય મલિન નિજ સ્વાન્ત;
એંઠું ખાવું ના કદિ, થાય ભલે પ્રાણાન્ત. ૧૪૭

બીજું, વત્સ ભૂખ્યાં રહે આણી દયા મન માંહ્ય;
પાડે દૂધ વૃથા બહુ; મહાદોષ એ થાય. ૧૪૮

ગોશ્રાપ લાગે તુને; થાય ન કદિ કલ્યાણ,
[5]વૃત્તિ ચોર્યે વત્સની; નિશ્ચય મનમાં જાણ. ૧૪૯

ગુરુવચન એ સાંભળી, નિરાહાર દિન અન્ય;
ક્ષુધાક્રાંત અરણ્યમાં ચારે ગોધન ધન્ય ! ૧૫૦

માથા પર સૂરજ તપે, ભૂખે વ્યાકુળ પ્રાણ;
શિષ્ય વિચારે મન વિષેઃ આજ મોત છે જાણ. ૧૫૧

ગુર્વાજ્ઞા પય ના પીવું; થશે કેમ ક્ષુધ શાન્ત ?
શું કરવું સૂઝે નહીં, ફરે ચિંતાક્રાન્ત ! ૧૫૨

ફરતાં દૈવવશે તિહાં, [6]અર્કવૃક્ષથી ક્ષીર
દેખે પડતું ભૂ વિષે; શિષ્ય વિચારે સ્થિર. ૧૫૩

આનંદિત કહેઃ- દૂધ આ ના ઉચ્છિષ્ટ લગીર;
વૃત્તિચ્છેદ ન કોઈનો; અહા દૈવ ગભીર ! ૧૫૪

યત્ને ઝીલી પર્ણમાં, પીઉં રોજ યથેષ્ટ;
ચારું ગાયો વન વિષે; જય જય ગુરુવર ઈષ્ટ ! ૧૫૫

એમ કહી દોડ્યો તિહાં, તોડ્યાં પાન બે ચાર;
ઝીલી દૂધ પડિયા મહીં પીએ મૂઢ જ્યાં ધાર, ૧૫૬

ઊડી ટીપાં નયનમાં પડ્યાં; થયો હા અંધ !
રસ્તો લવ[7] સૂઝે નહીં, ગયો સર્વ આનંદ !! ૧૫૭

ગાયો ક્યાં દેખાય ના, ગઈ રાનમાં દૂર;
મૂકી ડાંગ જડે નહીં, ભટકે ચિંતાતુર ! ૧૫૮

ગાયો શોધે આંધળો, અથડાએ વન માંહ્ય;
આમતેમ ભટકતાં, પડ્યો કૂપમાં હાય ! ૧૫૯

ચિંતા મનમાં અતિ કરે; કહેઃ- થશે શું આજ ?
ગાયો ઘેર ગઈ નકી, વઢશે ગુરુવરરાજ ! ૧૬૦

૧. બીજે દિવસે. ૨. બનાવટી. ૩. ખેદરહિત. ૪. પ્રેમ;ભાવ. ૫. આજીવિકા ચોરવાથી. ૬. આકડો. ૭. જરાએ.

સૂરજ પણ ત્યાં આથમ્યો; નાવ્યો શિષ્ય કાં ઘેર ?
ધૌમ્ય ય્હણે ચિંતા કરે; થઈ હશે કાં દેર ? ૧૬૧

ઉપર નીચે થાય ને ન પડે મનમાં ચેન;
દોડી પહોંચ્યા વન વિષે, દેખ્યું દૂરથી ધેન. ૧૬૨

દેખી ગાયો એકલી, શિષ્ય ન ક્યાંય દેખાય;
પાડે બૂમ ઉચ્ચ સ્વરે; કહેઃ- થયું શું હાય ! ૧૬૩

ઉચ્ચ સ્વર સદ્‌ગુરુ તણો સૂણી શિષ્ય હરખાય;
પ્રત્યુત્તર આપે સૂણી; ધૌમ્ય કૂપગમ ધાય. ૧૬૪

દેખી દશ્ય દંગે; સૂણી દુઃખદ એ વૃત્તાંત;
કહેઃ-વત્સ ઉપમન્યુ હે ! સ્મર અશ્વિની તાત. ૧૬૫

ગુર્વાજ્ઞાથી બાળ જ્યાં સ્મરે અશ્વિનીદેવ,
દૃષ્ટિ આવી ક્ષણ મહીં ! કહેઃ- જય ગુરુદેવ !! ૧૬૬

ઉપર આવ્યો પલકમાં, લાગ્યો ગુરુને પાય;
ભક્તિનમ્ર સ્તુતિ બહુ કરે; કહેઃ- ધન્ય ગુરુરાય ! ૧૬૭

થયા તુષ્ટ મુનિ ધૌમ્ય એ, આપે આલિંગન;
કહેઃ- શિષ્યશિરોમણિ ! દેખી ભક્તિ પ્રસન્ન. ૧૬૮

તુષ્ટ થયો [1]સૌશિલ્યથી; એમ કહી વરહસ્ત
મૂકે મસ્તક પર તિહાં, થયો શિષ્ય એ મસ્ત. ૧૬૯

વેદશાસ્ત્રવિદ્ ક્ષણ મહીં થયો બાળ ગુરુભક્ત !
કહે ગુરુઃ- ઉપમન્યુ હે ! જઈ ઘેર સુરક્ત, ૧૭૦

સદંશ[2] ભાર્યા વર સુખે, ઘણું સહ્યું તેં કષ્ટ;
કર આનંદ હવે જઈ, થયું દૂર અદૃષ્ટ ! ૧૭૧

કીર્તિ ફેલાશે અતિ દૂર દૂર તુજ ભક્ત;
શિષ્યો બહુ થશે વળી, ત્વાદંશ[3] એ પણ રક્ત. ૧૭૨

તેમાં પણ ઉત્તંક જે ભૂમંડલ વિખ્યાત,
શિષ્ય તાહરો જીતીને શેષ થશે પ્રખ્યાત. ૧૭૩

જીતી શેષ કુંડલ હરી શેષલોકથી એહ,
ગુરુદક્ષિણામાં આપશે તુજને રાખી નેહ. ૧૭૪

જનમેજય રાજા તણા સર્પસત્રમાં જાણ,
સર્પહોમ કરાવીને થાશે સુકીર્તિમાન. ૧૭૫

એમ કહી વળાવીયો, આપી આશિષ એહ;
નમન કરી ઉપમન્યુ એ, ગયો સ્નેહથી ગેહ. ૧૭૬

તચ્છિષ્ય ઉત્તંક જે, ત્રિલોકમાં વિખ્યાત
સર્પસત્ર કરાવીને થયો; લોકજશ ગાત. ૧૭૭

ગુરુકૃપાસામર્થ્યથી ઇંદ્ર સાથ તક્ષક
ખેંચ્યો મંત્રબળે; કહે સકળઃ- ધન્ય ઉત્તંક ! ૧૭૮

ગુરુદ્રોહી નરને નહીં, સુખ સ્વપ્ને પણ ક્યાંય;
ઈહ પરત્ર દુઃખ ભોગવી, કુંભીપાકમાં જાય. ૧૭૯

ગુરુસંતોષે શું નહીં ? થાય સકળ સુસિદ્ધ;
ગુરુ સંતુષ્ટ થતાં ક્ષણે સકળ શાસ્ત્ર સુસિદ્ધ ! ૧૮૦

ગુરુમહિમા ના જાણીને, વૃથા ભમે તું વિપ્ર;
જા મૂરખ નિજ ગુરુ કને, એ જ તારશે ક્ષિપ્ર. ૧૮૧

તુષ્ટ થતાં એ જાણ તું, થશે મંત્ર સહુ સિદ્ધ;
ત્વરિત જઈ ગ્રહ ચરણ ભો, મા થા પામર સિદ્ધ ! ૧૮૨

શ્રીગુરુબોધ સૂણી થયો વિપ્ર વિવેકી એહ;
પગ પર માથું મૂકીને, બોલે વિનત સનેહઃ- ૧૮૩

પરદુઃખભંજન જય ગુરો ! વંદું વારંવાર;
કૃપા કરી બોધ્યું મને શુદ્ધ જ્ઞાન આ સાર. ૧૮૪

સત્ય સત્ય ગુરુદ્રોહી હું, અનંત મમ અપરાધ;
થયું ભિન્ન ગુરુચિત્ત જે, કેમ થશે હા [4]રાદ્ધ ? ૧૮૫

સોનું ચાંદી ધાતુઓ ભિન્ન પૂર્વવત્ થાય;
ભાંગ્યું મોતી હા ફરી શી રીતે સંધાય ? ૧૮૬

તેમ માહરૂં ગુરુ તણું અંતઃકરણ સુભિન્ન;
એક થાશે ના ફરી કદિ ! કેમ કરૂં હું ખિન્ન ? ૧૮૭

વૃથા જીવવું માહરૂં શો એનો ઉપયોગ ?
તથા[5] નહીં જીવન તણી, સાધુ મોતથી યોગ ! ૧૮૮

ગુરુદ્રોહી તનુ આ નકી, કરૂં એહનો નાશ;
ત્યજું પ્રાણ ગુરુકારણે, નહિ જીવનની આશ ! ૧૮૯

એમ શ્રીગુરુને કહી, નમન કરે મુનિ એહ;
તપ્તસ્વાંત[6] વિરક્ત એ, જાય ત્યાગવા દેહ ! ૧૯૦

પશ્ચાત્તાપે પાપ સહુ થયું દગ્ધ ક્ષણ માંહ્ય;
અગ્નિસ્પર્શે તૃણ યથા ભસ્મ સકળ થઈ જાય. ૧૯૧

નામ ન રહે કપૂરનું, અગ્નિસ્પર્શથી જેમ;
અનુતાપાગ્નિથી થયું ભસ્મ દોષવન તેમ ! ૧૯૨

પશ્ચાત્તાપે પાપનું ન રહે નામનિશાન;
ઉદિત થાય નિર્વેદ ને થાય સત્યનું ભાન. ૧૯૩

એ રીતે નિર્વિણ્ણ એ દ્વિજ ત્યજવા નિજ દેહ
થયો ઉદ્યુક્ત જાણી, વદે જગદ્‌ગુરુ સસ્નેહ. ૧૯૪

બોલાવી દ્વિજને કહે શ્રીગુરુઃ- મા કર ખેદ;
ચિંતા ત્યાગ, ગયું સહુ દુરિત, થયો નિર્વેદ. ૧૯૫

વિરાગ તુજને ઉપજ્યો, થયું દગ્ધ દુષ્કૃત;
સાવધાન થઈ હૃદયમાં, સ્મર સ્વગુરુ પૂત. ૧૯૬

૧. સુશીલતા; સારો સ્વભાવ. ૨. યોગ્ય. ૩. તારા જેવા. ૪. સંતુષ્ટ, હૃષ્ટ. ૫. પરવા; દરકાર. ૬. (પશ્ચાતાપથી) તપેલું છે જેનું અંતઃકરણ એવો.

સૂણી વચન વંદન કરે શ્રીગુરુપદમાં એહ;
કહેઃ- ત્રિમૂર્ત્યવતાર તું, તારક નિઃસંદેહ. ૧૯૭

જગદ્‌ગુરો ! તુજની થતાં કૃપા, રહે ક્યાં પાપ ?
અંધકાર ક્યાં રહે પ્રભો, થતાં ઉદિત દિનબાપ ? ૧૯૮

એ રીતે શ્રીગુરુ તણું, સ્તવન કરે દ્વિજ એહ;
કંઠ રૂંધાયો પ્રેમથી, ઉર ન સમાએ નેહ ! ૧૯૯

અશ્રુપૂર્ણ દગ્‌ હા, થયાં ખડાં સકળ તનુરોમ;
શબ્દ ન નીસરે મુખ થકી; વદેઃ જય ગુરુ ઓમ્‌. ૨૦૦

નિર્મલમન વંદન કરે શ્રીગુરુપદમાં વિપ્ર;
વિનત કરુણ કહેઃ- પ્રભો ! તાર તાર ભો ક્ષિપ્ર !! ૨૦૧

મન નિર્વિણ્ણ થયું અતિ, મૂકે ફરી પદ શિર;
તત્ક્ષણ જ્ઞાન થયું, થયો સકલવિશારદ ધીર ! ૨૦૨

પ્રસન્ન સાક્ષાત્‌ ગુરુ જિહાં, શું દુર્લભ જગ માંહ્ય ?
અમૃત પોતે રીઝતાં, રહે રોગ ક્યાં કાય ! ૨૦૩

પારસસ્પર્શે લોહનું થાય સ્વર્ણ ઉત્તમ;
ગુરુપદસ્પર્શે જ્ઞાની એ થયો વિપ્રસત્તમ[1] ! ૨૦૪

આનંદિત દ્વિજ એ થયો; વદે શ્રીગુરુઃ- વિપ્ર !
મારૂં માની જા હવે નિજ ગુરુ સંનિધ ક્ષિપ્ર. ૨૦૫

ગમનમાત્રથી રીઝશે, વંદન થકી વિશેષ;
એજ હું મન માન તું, મા કર શંકા લેશ. ૨૦૬

અમ બંનેમાં ભેદ ના; જા કહ્યું કર વિપ્ર !
સૂણી વચન ગુરુમૂર્તિનાં, ગયો વિપ્ર એ ક્ષિપ્ર. ૨૦૭

નિજ ગુરુને જઈને મળ્યો, થયો મુક્ત ક્ષણ માંહ્ય !
લીલા સદ્‌ગુરુનાથની કેમ વર્ણવી જાય ? ૨૦૮

ત્યાંથી **શ્રી**ગુરુ નીસર્યા, વિચરે કૃષ્ણાતીર;
ભિલ્લવડી ગ્રામે ગયા, જ્યાં ભુવનેશ્વરી ધીર ! ૨૦૯

કૃષ્ણાવેણીપશ્ચિમતટે વસે ઉદુંબર જ્યાંય,
તે નીચે ગુરુવર રહ્યા; સર્વ સિદ્ધિ પણ ત્યાંય ! ૨૧૦

યન્માહાત્મ્યશ્રવણથી થાય શ્રેય ક્ષણ માંહ્ય;
ધન્ય ઉદુંબર એ નકી, રહ્યા શ્રીગુરુ જ્યાંય ! ૨૧૧

સૂણી વચન એ અલખનાં, વદે નિરંજન કેમ;
આગળ અનુસંધાન એ, કથે **રંગ** સપ્રેમ !! ૨૧૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
ગુરુમાહાત્મ્યવર્ણનં નામ સપ્તતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૭૦ ॥ દોહરા ૨૧૨

અધ્યાય ૭૧

બોલે શિષ્ય નમી ફરીઃ- કહો યોગીવર એહ
આગળ લીલા ગુરુ તણી, પાવન નિઃસંદેહ. ૧

કહે અલખઃ- ગુરુભક્ત તું શ્રેષ્ઠ નિરંજન જાણ;
ભક્તિ દૃઢ તારી અહા, ગુરુપદમાં નિર્વાણ. ૨

પર્જન્યાગમ[2] પ્રાગ્‌[3] યથા, તત્સૂચક વા વાય;
ઊઠે પ્રથમ કથારુચિ, પછી ગુરુકૃપા થાય. ૩

કામધેનુસમ ચરિત આ, સૂણ વિસ્તાર સકળ;
સાવધાન થઈ શિષ્ય હે ! થાય ચિત્ત નિર્મળ. ૪

કૃષ્ણાતટ પશ્ચિમદિશા ભુવનેશ્વરીસંનિધ,
ઔદુંબરમૂલે રહ્યા શ્રીગુરુ પરમ પુનીત. ૫

ચાતુર્માસ્ય કર્યું તિહાં, અનુષ્ઠાન અખંડ;
ગુપ્ત પ્રગટ પોતે રહ્યા, તપોરાશિ ઉદંડ. ૬

પાવન સિદ્ધસ્થાન એ, રહ્યા શ્રીગુરુ ત્યાંય;
મહિમા સ્થાન તણો વધ્યો, સિદ્ધ કામના થાય. ૭

શિષ્ય નિરંજન એ સૂણી, વદે વિનત શરીરઃ-
પરાત્પર ગુરુરાજ શેં રહ્યા ગુપ્ત ત્યાં ધીર ? ૮

આપ્તકામ પોતે સદાતૃપ્ત ઈશના ઈશ;
અનુષ્ઠાન તપ શેં કરે, માગે ભિક્ષા ધીશ ? ૯

અલખ કહેઃ- સૂણ વત્સ હે ! કરે તપસ્યા નિત્ય
દત્તાત્રેય, ભિક્ષા સદા માગે સામ્બ સુપ્રીત. ૧૦

ત્રિગુણાત્મક ત્રયમૂર્તિ એ ભિક્ષુરૂપ ગુરુરાજ,
ભક્તાનુગ્રહકારણે ધરે તપસ્વીસાજ. ૧૧

તપ યાત્રા ભિક્ષા સહે સર્વ લોકકારણ;
શિક્ષા દેવા અજ્ઞને કરે સ્વયં ગુરુજન. ૧૨

અનુપમ તીર્થો ભૂ વિષે, થયા કાળવશ ગુપ્ત;
ભક્તાનુગ્રહકારણે કરે પ્રગટ સુતૃપ્ત. ૧૩

તીર્થરૂપ સ્વયં ફરે તીર્થ આપણે કાજ;
ખલયાચકઉપાધિથી રહ્યા ગુપ્ત ગુરુરાજ ! ૧૪

તેજોરાશિ સૂર્ય જે, રહે ગુપ્ત શી રીત ?
ઢાંકો કસ્તૂરી ભલે, ગાય વાસ તદ્‌ગીત ! ૧૫

ભલે ન જાણે કોઈએ, હરે દૈન્ય સુગુપ્ત;
કલ્પદ્રુમ અજ્ઞાત પણ કરે કામના તૃપ્ત ! ૧૬

૧. શ્રેષ્ઠ; ઉત્તમ. ૨. વરસાદનું આવવું. ૩. પૂર્વે; પહેલાં.

તેમ ભલે અજ્ઞાત એ, રહ્યા શ્રીગુરુ ત્યાંય
વૃત્ત ચિત્ર બન્યું, વધ્યો મહિમા અતિ જગ માંહ્ય. ૧૭

કરવીરક્ષેત્રે દ્વિજ વસે વેદશાસ્ત્રવિદ્ એક;
કણ્વશાખી વિદ્વન્મણિ, વાંચે પુરાણલેખ. ૧૮

તર્કાધ્યાપક શ્રેષ્ઠ ને વ્યાકરણાદિપંડિત;
આહ્નિકનિરત સદા કરે બ્રહ્મકર્મ સુરીત. ૧૯

[1]શુકપેટે સૂડો યથા, પુત્ર એક મતિમંદ;
થયો વિપ્રને; મૃત થયો પિતા દૈવ બલવંત ! ૨૦

મંદમતિ મોટો થયો, થયાં સપ્ત વત્સર;[2]
વ્રતબંધ દ્વિજમંડળ કરે; ન પઢે એકાક્ષર !! ૨૧

મૂર્ખ પશુ એ ના લહે સ્નાનસંધ્યાવંદન;
ગાયત્રીનું નામ ના ! ક્યાંથી વેદપઠન ? ૨૨

અન્ય છાત્ર[3] સાથે પઢે, કરે યત્ન અતિ મંદ;
ક્ષણ માંહી ભૂલે સહુ, કરે બુધજનો[4] નિંદ. ૨૩

વિદ્વજ્જન કહેઃ ધિક્ તુને ! ક્યાં તુજ વંશ પવિત્ર ?
વિદ્વત્કુળમાં મૂર્ખ તું; દૈવગતિ હા ચિત્ર !! ૨૪

વેદશાસ્ત્રપુરાણવિદ્ પિતા જ્ઞાની તવ હન્ત;
તદુદરે પથ્થર સમો, કુધી પુત્ર તું જંત ! ૨૫

બોળ્યું નામ પિતા તણું ધિક્ જીવન તુજ ધિક્ !
બાંધી પથ્થર કંઠમાં, પડ કૂવામાં ધિક્ !! ૨૬

મનુષ્યયોનિમાં વૃથા જન્મ્યો તું ખરસમ;
ભ્રષ્ટાધમ, યમપુરી વિષે થાશે હાડ નરમ ! ૨૭

સર્વ મનુષ્યોમાં અહીં શ્રેષ્ઠ વિદ્વજ્જન;
સદ્વિદ્યા સમ નિધિ નહીં [5]સ્વાયત્ત કોઈ [6]અન. ૨૮

સદ્વિદ્યા જેને વરી, વરે સકલ સંપત્;
થાય યશસ્વી લોકમાં, પૂજે હીન મહત્. ૨૯

મૂરખને કો ના પૂછે, ભલે હોય વય વૃદ્ધ;
અલ્પવયી વિદ્વાનને પૂજે કિશોર[7] વૃદ્ધ ! ૩૦

જેને સોદર[8] ના ગૃહે, વિદ્યા ભ્રાત સમાન;
વિદ્યાભાસ થકી બધે, પામે નર સન્માન. ૩૧

વિદેશે એકલો જ્ઞાની, વેદવિદ્યાબળે કરી;
પામે સ્વજનવત્ પૂજા; વિદ્યા ભોગકરી નરી. ૩૨

જે જાણે વિદ્યા સહુ, થાય જ્ઞાની પણ તેહ;
જ્ઞાને મુક્તિ કરતલે, તૂટે સહુ સંદેહ. ૩૩

જ્ઞાનીને દેહે વસે દેવ સર્વ એકત્ર;
સર્વપૂજાયોગ્ય એ જ્ઞાની અત્ર પરત્ર. ૩૪

સકલ લોક જે ભૂપને વંદે કરી નમન;
તે રાજા પણ હર્ષથી પૂજે વિદ્વજ્જન. ૩૫

વિદ્યા અક્ષય ધન કહ્યું; વિદ્યા સુહૃદ્ મહાન્
વિદ્યાહીન પશુ નકી, થાવું વિદ્યાવાન્. ૩૬

વિપ્રવચન એવાં સૂણી, કહે મૂઢ દ્વિજ એહ
નમન કરીઃ સાચું કહો આપ નહિ સંદેહ. ૩૭

વિદ્યાભ્યાસગરવો નકી, નહિ વિદ્યાસમ [9]આપ્ત;
ના આપ્યું જન્માન્તરે, ક્યાંથી થાએ પ્રાપ્ત ? ૩૮

વિદ્યાદાન ન મેં કર્યું પૂર્વજન્મમાં ક્યાંય;
મંદમતિ ઉપન્યો અતિ, વિદ્યાપ્રાપ્તિ ન થાય. ૩૯

કિં કર્તવ્યમતઃ[10] કહો, દોષપૂર્ણ હું મહાન્;
કરો ઉદ્ધાર કૃપા કરી, કહો ઉપાય સુજાણ. ૪૦

વિદ્યાપ્રાપ્તિનો યદિ હોય કાંઇ ઉપાય;
કરું યત્ન કષ્ટે કરી, કહો લાગું હું પાય. ૪૧

સૂણી બ્રાહ્મણો સહુ હસે; કહેઃ-વિદ્યાનો લેશ;
આ જન્મે તુજને નહિ, ભલે જાય સહુ કેશ ! ૪૨

જન્માન્તરમાં કષ્ટથી થશે કદાપિ લાભ;
આ જન્મે ના નરપશુ, ભલે તોડ તું આભ !! ૪૩

મનુષ્ય ના, તું ખર નકી ! ક્યાં વિદ્યાનું નામ ?
ભીખી સ્વોદર ભર, લજાવ્યું કુળનું તેં નામ ! ૪૪

કુલનાશક ધિક્ ધિક્ તુને ! એમ કરે ધિક્કાર,
સૂણી ખિન્ન થયો અતિ, કરે મૂઢ વિચાર. ૪૫

થયો વૈરાગ્ય મન વિષે, ગયો વન વિષે એહ;
કહેઃ- પ્રાણ ત્યજું હવે; શું કરવો આ દેહ ? ૪૬

સકળ લોક નિંદે, કરે બાળ વૃદ્ધ ધિક્કાર;
પશુપ્રાય જીવન વહું, નિંદ્ય વ્યર્થ ગમાર. ૪૭

ધન્ય જીવન એ શ્વાનનું શ્રેષ્ઠ નિમકહલાલ,
શું કરવું જીવી હવે ? કરે એમ વિચાર, ૪૮

એમ તમ વૈરાગ્યથી, ચાલ્યો ત્યાગી ગેહ;
આવ્યો ભિલ્લવડી, કરી નિશ્ચય ત્યજવા દેહ. ૪૯

કૃષ્ણાપૂર્વતટે જિહાં ભુવનેશ્વરી વિખ્યાત;
ભુવનેશ્વરીદર્શન કરી, કરે સ્તોત્ર દિનરાત. ૫૦

બેઠો બેઠક મારીને, દેવી સંમુખ એહ;
[11]અશનપાનવર્જીત કહેઃ- અર્પું તુજને દેહ. ૫૧

ત્યજી સ્નાનસંધ્યા સહુ, ઠાડો દ્વારે વિપ્ર;
અખંડ ઉપવાસે ગયા, ત્રણ દિવસ ત્યાં ક્ષિપ્ર. ૫૨

૧. પોપટ ૨. વરસ. ૩. વિદ્યાર્થી. ૪. વિદ્વાન. ૫. સ્વાધીન. ૬. અન્ય; બીજો. ૭. બાળ. ૮. ભાઈ. ૯. પોતીકું; સગું. ૧૦. હવે શું કરવું. ? ૧૧. ખાધા પીધા વિના.

મન નિર્વેદે અતિ ભર્યું, દુખિત કરે પુકાર;
ખાનપાન છોડી કહેઃ- હવે માર કે તાર ! ૫૩

રીઝ રીઝ મા, ના હવે જોઈશ અંત, [1]પ્રસીદ !
એમ દુઃખ રડે તથાપિ ના માત [2]પ્રતીત. ૫૪

સ્વપ્ને પણ દેખો ન દે; ક્યાં પ્રસાદની વાત ?
થાક્યો વિપ્ર રડી રડી, ત્રણ દિવસ ને રાત ! ૫૫

ક્રુદ્ધ થઈ કહેઃ-અંબ, હે દેવી ભવાની માત !
કેમ ઉપેક્ષે બાળને ? જાણ તારી તું વાત !! ૫૬

કરી આક્રોશ શસ્ત્ર ત્યાં ગ્રહ્યું તીક્ષ્ણ કર માંહ્ય;
જિહ્વા દેવીપદ વિષે, છેદી અર્પે ત્યાંય ! ૫૭

છેદી જીભ કહેઃ- હવે જો ના થઈશ પ્રસન્ન;
હે અંબે ! શિર આ નકી, અર્પીશ કરીને [3]છિન્ન ! ૫૮

તમસ્વાન્ત નિહાળી એ શિરચ્છેદનોદ્યત;
માત ભવાની [4]સાન્દ્ર એ, સ્વપ્ને થાય પ્રગટ. ૫૯

રાતે સ્વપ્નામાં કહે :- સાંભળ સાદર બાળ;
કાં ક્રોધ મુજ પર કરે ? ઊઠ ઊઠ તત્કાળ. ૬૦

પરતીરે ઔદુંબરે વસે તપસ્વી જેહ,
શિવસ્વરૂપી જાણ તું યતિ દયાળુ એહ. ૬૧

જા શરણે એને નકી, થઈશ બાળ કૃતાર્થ;
મા કષ્ટી થા જા તિહાં, કહું છું માન યથાર્થ. ૬૨

એમ કહી સ્વપ્ને થયાં ભુવનેશ્વરી સુગુપ્ત;
જાગ્યો દ્વિજ દોડ્યો મુદા સત્વર ત્યાંથી ગુપ્ત. ૬૩

ઊતર્યો કૃષ્ણાનીર ને આવ્યો પશ્ચિમ તીર;
દેખ્યા બેઠેલા તિહાં, સદ્‌ગુરુનાથ સુધીર. ૬૪

અનાથનાથ દેખી કર્યું ભાવે પદવંદન;
સ્તુતિ કરી મનથી અતિ, થયા ગુરુ પ્રસન્ન. ૬૫

સંતોષે કર થાપીયો, દ્વિજમસ્તક પર ત્યાંય,
છિન્ન જીભ વધી ફરી ! નમે વિપ્ર નતકાય !! ૬૬

જ્ઞાન પ્રકાશ્યું અંતરે, થયો વેદશાસ્ત્રજ્ઞ;
તર્કપુરાણપંડિત થયો, ન્યાયમીમાંસાસુજ્ઞ ! ૬૭

સકલશાસ્ત્રવિદ્ પૂજ્ય એ થયો ત્રિલોક માંહ્ય;
ગુરુકૃપાદૃષ્ટિ થતાં, જગમાં શું નવ થાય ? ૬૮

માનસસર જઈ કાગડો, રાજહંસ જ્યમ થાય;
શ્રીગુરુસંસ્પર્શે કરી, મંદ સુધી ત્યમ થાય. ૬૯

ચિંતામણિસ્પર્શે કરી, થાય લોહનું હેમ;
જંબુનદ માટી પડી, થાય જાંબુનદ[5] જેમ. ૭૦

તેમ વિપ્ર ગુરુહસ્તનો થાતાં સ્પર્શ લગાર,
[6]કૃત્તજિહ્વ જ્ઞાની થયો સુજિહ્વ ત્યમ નિર્ધાર ! ૭૧

સૂણી વચન આગળ વદે શિષ્ય નિરંજન જેહ,
રંગ અલૌકિક એ નકી ટાળે ભવસંદેહ !! ૭૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે મૂઢવિપ્રોદ્ધરણં નામ એકસપ્તતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૭૧ ॥ દોહરા ૭૨

અધ્યાય ૭૨

જય જય અલખ નમું તુને; તારક તું જગ માંહ્ય;
ગુરુકથામૃતપાનથી શ્રવણ[7] તૃપ્ત નવ થાય. ૧

કામધેનુસમ ચરિત આ, જેમ જેમ સંભળાય;
તેમ તેમ પીવા તણી ઇચ્છા વધતી જાય. ૨

ભવરોગી હું જુગ તણો, પડ્યો મોતને દ્વાર;
કથામૃતસંજીવની રેડી, કરો ભવપાર ! ૩

એમ કહી ચરણે નમે, ધન્ય નિરંજન એહ;
ઊઠાડી કહે અલખઃ- હે સાંભળ ગતસંદેહ. ૪

ધન્ય ધન્ય તુજની ગિરા, શિષ્યશિરોમણિ ધન્ય !
ભક્તિલીન ગુરુચરણમાં, શ્રદ્ધા તારી અનન્ય !! ૫

ત્વત્પ્રશ્ને ગુરુચરણ હા, ખડા થયા સ્મૃતિ માંહ્ય;
લાભ થયો અમને અતિ, કેમે કહ્યો ન જાય ! ૬

ભિલ્લવડીમહિમા કહ્યો, ઔદુંબર અનુપમ;
સાંભળ આગળ કહું કથા શિષ્ય ઉત્તમોત્તમઃ- ૭

અલ્પકાળ તત્સ્થાનમાં, રહ્યા [8]ગૂઢ ગુરુરાજ;
થાતાં પ્રસિદ્ધ નીસર્યા, ભક્ત તારવા કાજ. ૮

લોકાનુગ્રહકારણે ફરે યતીશ્વર એહ;
વરુણાસંગમ જોઈને રહ્યા ત્યાંય વરદેહ. ૯

ત્યાંથી દક્ષિણમાં ગયા, પાવન કરતા તીર્થ;
કૃષ્ણાતટતીર્થો ફરે ધન્ય ધન્ય સુકીર્ત. ૧૦

કૃષ્ણાપંચનદી તણો સંગમ પરમ પવિત્ર;
બાર વરસ તત્સ્થાનમાં રહ્યા શ્રીગુરુ ચિત્ર. ૧૧

અનુપમ કાશીસમ નકી ક્ષેત્ર મનોહર જેહ;
સંગમ પ્રયાગવત્; રહ્યા ધન્ય પરાત્પર એહ. ૧૨

૧.પ્રસન્ન થા. ૨. પ્રત્યક્ષ. ૩. કાપીને. ૪. દયાળુ ૫. સોનું ૬. છિન્ન. ૭. કાન. ૮. ગુપ્ત.

દક્ષિણકાશી સહુ કહે, સ્થાન પરમ પાવન;
કુરુક્ષેત્રાધિક કહ્યું પુણ્ય, વખાણે જન. ૧૩

અમિત તીર્થ અહીંયાં વસે, શ્રીગુરુવસતિ જ્યાંય;
પુરાણપ્રસિદ્ધ સ્થાન એ સકલ લોક યશ ગાય. ૧૪

પંચગંગા સંગમ કહ્યો, સાંભળ નામ પવિત્ર;
શિવા ભદ્રા ભોગાવતી કુંભી સરસ્વતી ચિત્ર. ૧૫

પુરાણાન્તરશ્રુત સહુ પંચગંગ વિખ્યાત;
મહાપાતકનાશિની હરે પાપસંઘાત. ૧૬

તત્સ્થાને સંગત સહુ કૃષ્ણાવેણીની સાથ;
પ્રયાગથી પણ અધિક એ સંગમ સદ્વિખ્યાત. ૧૭

હરે પાપ જુગજુગ તણાં કરે પ્રકટ ગુરુરાય;
સકળ કામના મન તણી, જતાં પૂર્ણ ત્યાં થાય. ૧૮

અમરાપુર પૂર્વે વસ્યું, ગ્રામ નિરુપમ જેહ;
દક્ષિણપ્રયાગ સંગમ નકી, એમાં નહિ સંદેહ. ૧૯

મધ્યે ઔદુંબર વસે, કલ્પદ્રુમ વિખ્યાત;
પાસે અમરેશ્વર પ્રભુ, વિશ્વનાથ સાક્ષાત્ ૨૦

કાશીમાં ગંગા યથા ભાગીરથી સુચિત્ર;
પંચનદીયુત ત્યાં વહે કૃષ્ણાવેણી પવિત્ર. ૨૧

ચતુઃષષ્ટિ યોગિની વસે અમરેશ્વર સંનિધ;
શક્તિતીર્થ પાવન અતિ, વસે સકળ જ્યાં સિદ્ધ. ૨૨

અમરલિંગ સુંદર અહા વિશ્વનાથ સાક્ષાત્
પરબ્રહ્મ યત્સેવને થાય અમર નરજાત. ૨૩

માઘસ્નાને પુણ્ય જે કહ્યું પ્રયાગે જાણ;
એક સ્નાને આ સ્થળે શતગુણ એથી માન. ૨૪

આડેદહાડે પણ ઈહાં, સ્નાને પુણ્ય અગણ્ય;
પ્રયાગાધિક ક્ષેત્ર આ, થાએ પામર ધન્ય ! ૨૫

પરબ્રહ્મસ્વરૂપ છે અમરેશ્વર સાક્ષાત્;
કોટિતીર્થ ત્યાં જાણ તું, રહ્યા યત્ર ગુરુનાથ. ૨૬

કૃષ્ણાવેણી જ્યાં અહા વહે દક્ષિણે ધન્ય;
અમિતતીર્થ ત્યાં કો કહે મહિમા, સ્થાન અગમ્ય ! ૨૭

વિસ્તરભીતિથી કહું માત્ર અષ્ટ સુતીર્થ;
કૃષ્ણાવેણી તટ વિષે, ખ્યાત તિહાં સુકીર્ત. ૨૮

કૃષ્ણા પશ્ચિમવાહિની જિહાં ઉત્તરે ત્યાંય;
બ્રહ્મહત્યાદિકપાપહૃત્ શુક્લતીર્થ સુહાય. ૨૯

ઔદુંબર સાન્નિધ્યમાં ત્રણ તીર્થ છે રમ્ય,
[1]ધનુરંતર એકેકથી; મહિમા સુણ અગમ્યઃ ૩૦

પહેલું પાપવિનાશ છે, કામ્યતીર્થ દ્વિતીય;
અમરેશ્વરસામીપ્યમાં વરદતીર્થ તૃતીય. ૩૧

સંગમસ્થાને પણ વસે તીર્થ પ્રયાગ તું જાણ;
શક્તિ કોટિ અમરેશ ને બીજાં અમિત પ્રમાણ. ૩૨

ગ્રંથવિસ્તૃતિ થાય જો કહું સકળ વિસ્તાર,
બાર વરસ શ્રીગુરુ રહ્યા, મહિમા અપરંપાર. ૩૩

કૃષ્ણાવેણી સહ જિહાં પંચનદી સંગત,
મહિમા શ્રેષ્ઠ સ્થાનનો કથે કોણ સુગત ? ૩૪

સ્નાનમાત્રથી અઘ સહુ નાસે દશે દિશ;
સકલાભીષ્ટદ લોકમાં સ્થાન દક્ષિણ દિશ. ૩૫

મહિમા અલૌકિક નકી, ઉપમા કહી ન જાય;
દર્શનમાત્રે કામના સિદ્ધ સકલ જ્યાં થાય. ૩૬

સ્નાનમહિમા કો કથે ? થાય વૈખરી શ્રાન્ત;
સાક્ષાત્ કલ્પદ્રુમ જિહાં, દુર્લભ ત્યાં શી વાત ? ૩૭

કલિમાં કાલવશે કરી, થયું ગુપ્ત આ તીર્થ;
પ્રગટ કર્યું શ્રીગુરુવરે, રહી દ્વાદશાબ્દ મિત. ૩૮

રહી આ સ્થળે શ્રીગુરુ, ભિક્ષા કરવા જાય;
નિત અમરાપુર ગ્રામમાં આનંદે યતિરાય. ૩૯

વિપ્ર એક એ ગામમાં, ભાવિક અતિશે એહ;
વૈદિક સાત્ત્વિક અતિ ઘણો, પરમ સુધાર્મિક જેહ. ૪૦

પતિવ્રતા એની સતી માને પતિને દેવ;
અભ્યાગત અતિથિ તણી કરે ખંતથી સેવ. ૪૧

ભિક્ષાવૃત્તિ દ્વિજ કરે, દીન અતિશે એહ;
સદાચારરત સર્વદા લોકવંદ્ય બંનેહ. ૪૨

વાડામાં એ દ્વિજ તણા હતી વાલોળવેલ;
શીંગોની ત્યાં સર્વદા થાએ રેલંરેલ. ૪૩

દૈવવશે કો દિન કદિ, ન મળે ભિક્ષા કણ;
સંતોષે દ્વિજ એ કરે શીંગોથી પોષણ. ૪૪

વિપ્ર દરિદ્રી પણ કરે નિત્ય પંચમહાયજ્ઞ;
શુષ્ક ભિક્ષા માગીને પૂજે અતિથિ સુજ્ઞ. ૪૫

એમ નિર્ગમે દિન તિહાં એક દિવસ એ ઘેર;
ભિક્ષા માટે શ્રીગુરુ, આવ્યા કરીને મ્હેર. ૪૬

આવ્યા દેખી શ્રીગુરુ, ઊઠી દોડ્યો વિપ્ર;
લાવી ઉપચારે કરી પૂજે ષોડશ ક્ષિપ્ર. ૪૭

ન મળે બીજું કંઈ કને; ધર્યું એકલું શાક
ભિક્ષામાં પ્રીતે કરી, વિપ્રે એ ત્યાં [2]દ્રાક્. ૪૮

૧. ચાર હાથ. ૨. તરત જ.

શાકાહાર થકી થયા તુષ્ટ યતીશ્વર એહ;
આશ્વાસી દ્વિજને કહેઃ તૃપ્ત થયો મુજ દેહ. ૪૯

દૈન્ય ગયું તુજનું નકી ! એમ કહી તતખેવ,
જાતાં દેખે આંગણે, વેલો એ ગુરુદેવ ૫૦

ફેલાયો ચોદિશ અતિ, શોભે [૧]શંબાગુચ્છ;
ઊખેડી સ્વકર થકી જેમ તૃષ્ણા તુચ્છ. ૫૧

ફેંકી દૂર જવે ગયા સ્વાશ્રમ સંગમસ્થાન;
દેખી સપુત્ર બ્રાહ્મણી કરે દુઃખ એ જાણ. ૫૨

કહેઃ- કરમ ફૂટ્યું અરે ! થયું દૈવ કાં રુષ્ટ;
ના આપ્યું કદિએ કંઈ અમે કોઈને કષ્ટ. ૫૩

ના દીધો યતિને કંઈ અમે લેશ પણ ત્રાસ;
શેં સૂઝ્યું આ એહને ? હર્યો અમારો ગ્રાસ. ૫૪

કરુણ રુદન એ સાંભળી, કહે પતિ એ બુદ્ધઃ-
દૈવ પ્રતિકૂળ આપણું મા થા શાણી ક્રુદ્ધ. ૫૫

જાણી દૈવ, ઓસડ થકી જેમ હરે બુધ રોગ;
રોષ દૂર કર કામિની, ન ટળે પ્રારબ્ધભોગ ! ૫૬

ઈશ્વરેચ્છાધીન છે જગત્ સર્વ આ જાણ;
હોનેહાર બને ટળે તદિચ્છાથી જ માન. ૫૭

ન્યારો સરજનહાર છે, કદિએ ના લેપાય;
ગુણકાર્યવિભાગથી રચે સકળ જગ માંહ્ય. ૫૮

અનાસક્ત રહી સર્વદા, આપે સહુને અન્ન;
હસ્ત્યાહાર [૨]મૃગેંદ્રને, દે કીડીને કણ ! ૫૯

[૩]આયુરન્નં પ્રયચ્છતિ કરે શ્રુતિસ્મૃતિ ઘોષ;
કર વિવેક ભામિની અને રાખ ચિત્તમાં તોષ. ૬૦

પ્રથમ નિર્મી આહાર ને પછી રચ્યો સંસાર;
લખ ચોરાસી યોનિઓ, સ્થૂલ સૂક્ષ્મ અપાર. ૬૧

સમાન પોષે સર્વને હોય રંક કે રાય;
સમદૃષ્ટિ પરમેશ એ; કર્મ થકી સહુ થાય. ૬૨

પૂર્વાર્જિત આવી મળે, સુકૃત કે દુષ્કૃત;
સ્વકૃત ભોગવવું રહ્યું ! કોણ ભોગવે ઉત[૪] ? ૬૩

વાવ્યું તે લણવું રહ્યું, હોય સ્વર્ણ કે રાખ;
સૂરજને કાં દોષ દે ? પડી આંખમાં ઝાંખ ! ૬૪

મૂરખ હતભાગી કરે દોષારોપ અન્યત્ર;
સુખદુઃખો આવી મળે કર્યાં અત્રા પરત્રા. ૬૫

કેમ યતિને દોષ દે ? તારૂં કર્મ તપાસ !
અવિદ્યાવેષ્ટિત કહે, 'હર્યો યતીશે ગ્રાસ' !! ૬૬

ત્રિભુવનતારક બારણે આવ્યા યતિ એ આજ;
હર્યું દૈન્ય, સઘળાં સર્યાં જન્મોજન્મનાં કાજ ! ૬૭

હું - મારૂં એ મોહ છે; થશે એહનો નાશ,
થતાં યતીશ્વરની કૃપા; એ જ માહરી આશ ! ૬૮

સ્ત્રીને બોધ થકી કરી શાન્ત, વિપ્ર તત્કાળ
મૂળ સર્વ ઊખેડીને ખોદે [૫]આલવાલ. ૬૯

સોજ્જું કરવા એ બધું, જ્યાં ખોદે તલમાત્ર,
શ્રીગુરુકૃપા થકી તિહાં, દેખે ધનપૂર્ણ પાત્ર. ૭૦

સોનામહોરોથી ભર્યો દેખી ચરૂ એ વિપ્ર,
પરમાનંદિત થઈ ગયો ઘરમાં લઈ એ ક્ષિપ્ર. ૭૧

કહેઃ-પ્રિયે જો આ થયો યતીશ્વરપ્રસાદ;
ખોદી નાંખી વેલને, કર્યો દૈન્યનો ઘાત ! ૭૨

યોગીશ્વર મહાદેવ એ દૈન્યહારક જાણ;
કાપી વેલ દીધો ચરૂ ! ના એને નર માન. ૭૩

ઉમાપતિ સાક્ષાત્ એ, ચાલ દર્શને એમ !
એમ કહી દ્વિજ નીસર્યો, સહર્ષ સ્ત્રીસહ તેમ. ૭૪

સ્ત્રી સાથે જઈ પૂજ્યા હર્ષભેર ગુરુનાથ;
કહી સકળ કર જોડીને, ધનલાભાદિક વાત. ૭૫

શ્રીગુરુ કહેઃ- ના કરીશ આ વાત કદાપિ પ્રગટ;
નહિ તો ઘરમાં નહિ રહે લક્ષ્મી, નાસશે ઝટ. ૭૬

જા અખંડ સુખી રહે ધનધાન્યસંપન્ન,
પુત્રપૌત્રાદિક થકી વંશ સદા સંપન્ન. ૭૭

જા વર મારો નહિ વૃથા, રાખ વાત આ ગુપ્ત !
આજ્ઞા લઈ દ્વિજ ગૃહ ગયો, સ્ત્રી સાથ સંતૃપ્ત. ૭૮

દૈન્યહારિણી ગુરુકૃપા, કલ્પવૃક્ષ સાક્ષાત્ !
થાતાં અમૃતહેલી, ક્યાં રહે મોતની વાત ? ૭૯

હતભાગી પણ જો નકી સેવે ગુરુચરણ;
થાય પૂજ્ય સહુ લોકમાં, પામે [૬]પરમાયતન. ૮૦

જે કો શ્રીગુરુને ભજે, વરે સકલ સંપદ્;
પાય પડે સિદ્ધિ સહુ, ન રહે નામ વિપદ્ ! ૮૧

વદે શિષ્ય એ સાંભળી, આગળ તદ્વર્ણન,
કામધેનુ ગુરુપદ નકી, સેવે **રંગ** ચરણ !! ૮૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
વિપ્રદૈન્યહરણં નામ દ્વિસપ્તતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૭૨ ॥ દોહરા ૮૨

૧. શીંગોની લૂમ. ૨. સિંહને. ૩. (ઈશ્વર) આયુષ્ય અને અન્ન આપે છે. ૪. અથવા (બીજું) ૫. ખામણું, ક્યારો. ૬. સ્થાન.

અધ્યાય ૭૩

અલખચરણ પ્રણમી કહે, શિષ્ય નિરંજન એમ :-
જય યોગીશ્વર ધન્ય તું, ધન્ય વાણી તુજ તેમ. ૧

ભવસાગરતારક પ્રભુ જ્યોતિરૂપ તું એક;
મોહધ્વાંત મટાડીને, ઉદિત કર્યો વિવેક. ૨

અજ્ઞાને મૂર્છિત પડ્યું, મનડું છેક અજાણ;
ગુરુલીલામૃત છાંટીને કર્યું ધન્ય સુજાણ; ૩

જ્ઞાનરવિ અજી ઉદિયો, થયું ચિત્ત પ્રબુદ્ધ;
દયા કરી મુજ પર અતિ, કરી બોધ વિશુદ્ધ. ૪

કૃપા કરી આગળ કહો સદ્‌ગુરુકથા રસાળ !
એમ કહી ચરણે નમે, ફરી નિરંજન બાળ. ૫

શિષ્યવિનતિ એ સાંભળી બોલે અલખ પ્રસન્નઃ-
અનુપમ મહિમા ગુરુ તણો સાંભળ શિષ્યરતન. ૬

ઔદુંબરતરુતલ રહ્યા પ્રીતે શ્રીગુરુ જાણ;
લીલામાનુષદેહ ને કરણી દેવપ્રમાણ. ૭

સૂણી શિષ્ય પૂછે ફરી, જોડી કરદ્વય એહઃ-
અલ્પમતિ પૂછું, ગુરો ! કરો દૂર સંદેહ. ૮

પુણ્યવૃક્ષ છોડી, કરી ઉદુંબરે કાં પ્રીત ?
શ્રેષ્ઠ કહ્યો અશ્વત્થ જો વેદપુરાણ સુગીત ! ૯

એ છોડી ઔદુંબરે કેમ વસે ગુરુરાય ?
પ્રતિકારણ શું હશે, શંકા એ ઉર થાય. ૧૦

કહે અલખઃ- સૂણ બાળ હે ! કહું વૃત્ત પુરાણ,
હિરણ્યકશિપુ મારવા થયા નૃસિંહ જાણ. ૧૧

ક્રોધમૂર્તિ નરસિંહ એ, નખે વિદાર્યો દૈત્ય;
[1]અંત્રમાળ કંઠે ધરી, ભક્તો પર કરી પ્રીત્ય. ૧૨

હતું દૈત્યના પેટમાં કાલકૂટ સમ ઝેર;
ચોંટ્યું અસહ્ય નખ વિષે વડવાનલની પેર. ૧૩

વ્યાપ્યું વિષ નખમાં અતિ, તીવ્ર વેદના થાય;
દુઃસહ દુઃખ કેમે કરી શાન્ત શિષ્ય ના થાય. ૧૪

ઔદુંબરફળ માત ત્યાં અર્પે લક્ષ્મી શીત;
તત્સ્પર્શે ક્ષણવારમાં, થયો વિષાગ્નિ શીત. ૧૫

શાન્ત થયું વિષ ને થયા ઉગ્ર નરસિંહ શાન્ત;
આલિંગન આપે મુદા મહાલક્ષ્મીને કાન્ત. ૧૬

વિષશાન્તિકારણ લહી, થયાં ઉભય પ્રસન્ન;
આપ્યો વર તરુને, કરી સાંભળ સાવધ મન. ૧૭

હૃષીકેશ બોલ્યા તિહાંઃ- ધન્ય ઉદુંબર જાણ !
કલ્પવૃક્ષ તું અવનીમાં, સદા ફલાઢ્ય[2] માન. ૧૮

ભાવે જે ભજશે તને, ભલે સકામી જન;
સિદ્ધ થશે તત્કામના, નહીં લાગશે ક્ષણ. ૧૯

ત્વદ્‌દર્શનમાત્રે કરી થશે ઉગ્ર વિષ શાન્ત;
સર્વપાપક્ષય પલકમાં થશે સ્વૈરી જન દાન્ત. ૨૦

જે જન તુજને સેવશે, થશે સુખી જગ માંહ્ય;
મનવાંછા પૂરી થશે; અમૃતસમ તુજ છાંય. ૨૧

વંધ્યા પુત્રવતી થશે ત્વત્સેવનથી જાણ;
દીન દરિદ્ર શ્રીમંત ને મૂરખ ચતુર સુજાણ. ૨૨

ત્વચ્છાયા નીચે કરે જે જન ભાવે સ્નાન,
પુણ્ય જાહ્નવીસ્નાનનું નકી પામશે માન. ૨૩

તારી નીચે બેસીને કરે જપાદિક જેહ
અનંત ફળ એ લાભશે; એમાં નહિ સંદેહ. ૨૪

ત્વત્સેવક વ્યાધિ થકી થશે મુક્ત પલ માંહ્ય;
બ્રહ્મહત્યાદિક સહુ દોષ અર્ચને જાય. ૨૫

મનમાં જે જે કામના, થશે સકળ એ સિદ્ધ;
ત્વદ્‌ભજને ભાવિક તણી થશે સાધના સિદ્ધ. ૨૬

સર્વ દેવ તુજમાં વસે, હું પણ લક્ષ્મી સાથ
નિત્ય વસું ! વર એહવો આપે નૃસિંહ તાત. ૨૭

યત્ફળસેવનથી થયા ઉગ્ર નૃસિંહ શાન્ત,
ઔદુંબર એ કલિ વિષે કલ્પવૃક્ષ સાક્ષાત્ ! ૨૮

જેણે ઉગ્ર વિષની કરી પલમાં શાન્તિ જાણ,
જેને વર અર્પ્યો પુરા પોતે મુદા સુજાણ; ૨૯

તે નીચે તેથી વસે નૃસિંહસરસ્વતી એહ
ઇષ્ટપ્રદ ઔદુંબરે; મા કર મન સંદેહ. ૩૦

સુલભ ઉદુંબર એ અતિ, કલ્પવૃક્ષ કામદ;
વિશેષ શ્રીગુરુ ત્યાં રહ્યા; થયો સર્વફલપ્રદ. ૩૧

ભક્ત તારવા શ્રીગુરુ, કરવા પાવન તીર્થ;
ગુપ્તરૂપે તરુતળે રહ્યા જાણ સુકીર્ત. ૩૨

બ્રહ્માહરિહર એ નકી, ધર્યો માનવી દેહ
ભક્તોદ્ધારણકારણે; એમાં નહિ સંદેહ. ૩૩

મધ્યાહ્ને દરરોજ ત્યાં થાય દિવ્ય ઉત્સવ;
લીલા વર્ણી નવ શકે દેવ ! કોણ માનવ ? ૩૪

અમરેશ્વરશિવલિંગથી નીકળે ચોસઠ જાણ;
યોગિનીઓ શ્રીગુરુપદે કરે ભક્તિપ્રણામ. ૩૫

ભાવે પ્રાર્થી શ્રીગુરુ, નિજ આશ્રમ લઈ જાય;
ગંધાક્ષતપૂજન કરી, લાગે ફરી ફરી પાય. ૩૬

૧. આંતરડાં. ૨. ફળથી પૂર્ણ.

નિત્ય ભિક્ષા શ્રીગુરુ કરે ત્યાં જ સપ્રેમ;
વળતી ઔદુંબરતળે રહે આવીને તેમ. ૩૭

નવ જાણે દ્વિજ કોઈ આ, ચેષ્ટા અગમ્ય જાણ;
વિસ્મય પામી મન વિષે, કહે મિથઃ[૧] પ્રમાણઃ- ૩૮

જાુઓ યતીશ્વર આ કદિ, ના વસ્તીમાં જાય;
નવ માગે ભિક્ષા અહા ! રહે કેમ તત્કાય ? ૩૯

અરણ્યમાં ભોજન વિના, રહે કેમ એ નિત્ય ?
ગુપ્ત રહી વિલોકીએ, ચેષ્ટા એની સુરીત્ય ! ૪૦

ક્યાંથી ભિક્ષા એ હરે ? કાળ નિર્ગમે કેમ ?
ગુપ્ત રહી વિલોકવા, કરી યોજના એમ. ૪૧

મૂક્યો માણસ એક ત્યાં, ગયા સહુ નિજ ઘેર;
સંતાઈ એ ત્યાં રહ્યો, થઈ મધ્યાહ્ન વેળ. ૪૨

બીધો અંતરમાં અતિ, મૂકી એણે દોટ;
ગયો નિજગૃહે હાંફતો, હતભાગી એ ભોટ ! ૪૩

અંત જોવા ગુરુનો કરે મનમાં પ્રયત્ન જેહ,
નરકગામી નર તે નકી; એમાં શો સંદેહ ? ૪૪

અસ્તુ, ગયો એ નિજ ઘરે થતાં મધ્યાહ્નકાળ;
તટ પર તે સમયે હતો ભાવિક ક્ષેત્રપાલ. ૪૫

ગંગાનુજ નામે તિહાં, કરે ક્ષેત્રરક્ષણ;
તેણે જોઈ આવતાં યોગિનીઓ તત્ક્ષણ ૪૬

પૂજન માટે ગુરુ તણા, ગંગામાંથી જાણ;
જલમાં મારગ જોઈને, કહેઃ માન ના માન ! ૪૭

જોવા જેવું આ કંઈ !! કોણ યતીશ્વર એહ ?
જલમધ્યે મારગ પડ્યો, ચાલે ધન્ય સુદેહ ! ૪૮

દ્વિભાગ વારિ શેં થયું ? કોણ દિવ્ય આ નાર ?
એમ વિચારે મન વિષે, દેખે લીલા સાર. ૪૯

યોગિનીએ પૂજા કરી જમાડ્યા ગુરુનાથ;
પાછા આવી નિજ સ્થળે, બેઠા જગના તાત ! ૫૦

પૂર્વવદખંડ એ વહે, નિર્મલ કૃષ્ણાનીર;
સર્વ ઠાઠ નિહાળીને વદે [૨]કૃષિક સુધીર. ૫૧

વિસ્મિત મનમાં એ કહેઃ નકી ઈશઅવતાર;
પૂજે દેવકન્યા સહુ દિવ્યરૂપ નિર્ધાર ! ૫૨

અન્ય દિને પણ તીર પર ખડો વિલોકે એહ,
મહોત્સવ દેખે દગે; યોગિનીઓ વરદેહ ૫૩

શ્રીગુરુની આરતી કરે નમનપૂજનસાથ;
જલમધ્યે થઈ જાય એ સાથે સદ્‌ગુરુનાથ ! ૫૪

જોઈ પોતે પણ ગયો એ માર્ગે થઈ એહ,
પાછળ પાછળ મોદથી; ધન્ય [૨]કૃષીવલદેહ ! ૫૫

દુર્ભંગ વારિ તીરથી, મધ્યે નગર વિચિત્ર;
રત્નાંચિત ગોપુર[૩] અહા, કોટકાંગરા ચિત્ર ! ૫૬

અમરાવતી સમ નગર એ, પરમ રમ્ય ગભીર;
[૪]દિનકરસમ ઓપે અતિ રત્નખચિત મંદિર ! ૫૭

શ્રીગુરુને લેવા સહુ આવ્યા પૌર સુજન,
પૃથક્ પૃથક્ નરનારીઓ કરતી નીરાજન. ૫૮

રત્નજડિત સિંહાસને બેસાડી ગુરુનાથ,
ષોડશોપચારે કરે પૂજન યોગિની સાથ. ૫૯

વિધવિધ વાનીઓ કરી, ષડ્રસ બહુ મિષ્ટાન્ન;
ભાવે શ્રીગુરુ જમાડીયા; દેખે કૃષિક સુજાણ. ૬૦

ભોજનોત્તર શ્રીગુરુ દેખી નરને એહ,
કહેઃ કોણ ક્યમ આવીયો ? વદે કૃષિક નતદેહઃ ૬૧

આવ્યો દર્શનકારણે, લાગું તુજને પાય !
એમ કહી શિર નામીને, મૂર્તિ અંતર ધ્યાય. ૬૨

કર જોડી સ્તુતિ આદરે, કહે કૃષીવલ એહ;
વહે પ્રેમજલ નયનથી, રોમાંચિત નતદેહ ! ૬૩

ભો ગિરિજાપતિ, સ્વામિ હે ! ત્રિમૂર્તિ તું કેવળ;
નવ જાણું તવ રૂપ હું, અંતર વાધ્યો મળ. ૬૪

કૃપાનિધે કરુણા કરી, કર મુજનો ઉદ્ધાર;
ડૂબ્યો હું ભવસાગરે, માયાવેષ્ટિત બાળ. ૬૫

જગદુદ્ધારક તું પ્રભો, થયો ભૂ વિષે તીર્ણ;
અજ્ઞાનાંધ જગત્ બધું, જ્યોતિરૂપ તું કીર્ણ ! ૬૬

જે કો ત્વદ્‌દર્શન લભે, લભે સર્વ અભીષ્ટ;
ઐહિકામુષ્મિક સહુ પામે ક્ષણમાં ઈષ્ટ. ૬૭

એવી રીતે ભાવથી કરે સ્તુતિ પવિત્ર,
ગંગાનુજ એ ગુરુ તણી; થયા તુષ્ટ ગુરુ ચિત્ર ! ૬૮

આશ્વાસન આપી કહે ગુરુનાયકઃ- તું ધન્ય !
દૈન્ય ગયું તારૂં બધું; શતધા[૫] તુજને ધન્ય !! ૬૯

જે જે મનમાં ચાહના, થશે શીઘ્ર સહુ પૂર્ણ;
થશે સદ્‌ગતિ તાહરી, જા હવે ગૃહ તૂર્ણ. ૭૦

જે જોયું તેં ચિત્ર આ, મા કર ક્યાંય પ્રગટ,
જ્યાં લગ હું અહીયાં રહું; જા મોજ કર ઝટ ! ૭૧

એમ કહી ઔદુંબરે આવ્યા શ્રીગુરુરાય;
પાછળ આવી કૃષિક એ લાગે ફરી ફરી પાય. ૭૨

૧. એકબીજાને. ૨. ખેડૂત. ૩. ઘરોનાં-મંદિરોનાં ઊંચાં શિખરો. ૪. સૂર્ય. ૫. સો રીતે (વાર).

શ્રીગુર્વાજ્ઞા લઈ મુદા, ગયો ખેતરે એહ;
ગુરુપ્રસાદે ખોદતાં પામ્યો નિધાન તેહ ! ૭૩

જ્ઞાનવાન ક્ષણમાં થયો ગુરુસેવાતત્પર;
આનંદે સુતપૌત્રયુત થયો ગુર્વનુચર[1]. ૭૪

નિત્ય ભાવથી આવીને પ્રણમે શ્રીગુરુપાદ;
એકનિષ્ઠ ભાવિક સદા ભજે કલત્રસંગાત. ૭૫

માઘપૂર્ણિમા એક દિન, આવ્યો એહ સુજાણ;
વિનય થકી પ્રણમી કહેઃ- કહો ગુરુ પ્રમાણ. ૭૬

દ્વિજમુખથી મેં સાંભળ્યું માઘસ્નાન સુજાણ !
ક્ષેત્રાપ્રયાગે ફળ બહુ, તેમ કાશી મહાન. ૭૭

કીદૃક્[2] કાશી વદ પ્રભો, વારાણસી સુરમ્ય;
પ્રયાગમહિમા નવ લહું જાતિહીન અધન્ય ! ૭૮

કૃપા કરી ગુરુજી કહો, નવ કરશો ધિક્કાર !
કહે શ્રીગુરુઃ- વત્સ હે ! સાંભળ પુરાણસાર. ૭૯

પંચગંગાયુત સદા કૃષ્ણા પ્રયાગ જાણ;
યુગાલય[3] કાશી, ગયા કોલ્હાપુર પ્રમાણ. ૮૦

દક્ષિણમાં આ ત્રિસ્થલી, રમ્ય વિબુધસંમત;
ઇચ્છા હોય બતાવું જો ચાલ તત્ર સંમત. ૮૧

વ્યાઘ્રાજિન પર શ્રીગુરુ બેઠા કહે સુધીરઃ-
પકડ પાદુકા દૃઢ અરે, મીંચ નેત્ર સુવીર ! ૮૨

એમ કહી પ્રાતઃસમે, આવ્યા પ્રયાગ ઉભય;
સ્નાન કરી મધ્યાહ્નમાં ગયા કાશીમાં દ્વય. ૮૩

વિશ્વનાથદર્શન કરી મનોગતિથી આમ,
ગયા બતાડી સ્હાંજરે આવ્યા નિજ વિશ્રામ. ૮૪

નિમેષમાત્રે ત્રિસ્થલી જોઈ વળ્યા ઉભય;
ગંગાનુજ દંગ્ દેખી એ થયો ચકિત અભય. ૮૫

વિશ્વનાટકી શ્રીગુરુ, થઈ કીર્તિ પ્રગટ;
જાણી ગુપ્ત થવા કરે વિચાર મનમાં ઝટ. ૮૬

મહિમા સ્થાન તણો કરી પ્રગટ ગુરુ દયાળ,
અમરેશ્વરને વંદીને કહેઃ- જાશું કૃપાળ ! ૮૭

એમ કહી જાવા થતાં શ્રીગુરુ તત્પર જાણ,
ચતુઃષષ્ટિ યોગિની કહેઃ- પ્રભો દયા ઉર આણ. ૮૮

કિલન્નનેત્ર પ્રણમી કહેઃ- શો પ્રભો ! અમ અપરાધ ?
કરી ઉપેક્ષા કેમ હે ચાલ્યા અનંતપાદ ? ૮૯

ત્વદ્દર્શનમાત્રે કરી થાય તાપત્રય નષ્ટ;
નિત્ય મહોત્સવ થાય ને પળે દૈન્ય ને કષ્ટ. ૯૦

નિકટ અન્નપૂર્ણા સદા વસે જોડીને કર !
કોણ સહે વિયોગ આ ? પ્રભો ! ક્રોધ મા કર !! ૯૧

દીનવચન યોગિની તણાં, સુણી એમ દયાળ;
ભક્તવત્સલ તુષ્ટ એ આપે વર કૃપાળ. ૯૨

ઔદુંબર કહે શ્રીગુરુઃ- દિવ્ય માહરૂં સ્થાન;
નિત્ય ગુપ્ત અહીંયા રહી, કરૂં ભક્તજનત્રાણ. ૯૩

અત્ર રમ્ય કલ્પદ્રુમે રહો તમે પણ સાથ;
પ્રીતે સ્થાપું અન્નપૂર્ણા પણ આ સાક્ષાત્. ૯૪

રહો મોદથી સહુ તમે ઔદુંબરે સંતૃપ્ત,
અમરપુરે અહીં પશ્ચિમે, સ્થાન માહરૂં ગુપ્ત. ૯૫

નિશ્ચય રાખો મન વિષે, થશે સ્થાન વિખ્યાત,
નરનારી સહુ પૂજશે તમને પણ સાક્ષાત્. ૯૬

જે કો પૂજે ભાવથી, કરો પૂર્ણ તત્કામ;
રહેશે અહીંયા પાદુકા મારી પણ આ ધામ. ૯૭

જે જન તમને પૂજશે, ઔદુંબરને આમ,
રમ્ય પાદુકા માહરી, થશે પૂર્ણ તત્કામ. ૯૮

અન્નપૂર્ણા પણ સદા, રહેશે અહીંયા એમ;
નિત્યદ્વિજારાધન તથા આપ્તકામ જન તેમ. ૯૯

સાત દિવસ સ્નાને કરી સિદ્ધતીર્થમાં તેમ,
ઔદુંબર સહ તમ તણા અભિષેકે સપ્રેમ, ૧૦૦

બ્રહ્મહત્યાદિક સહુ ટળશે પાપ અમાપ;
પુત્ર ચિરાયુ પામશે વંધ્યા જર્જર બાપ ! ૧૦૧

ઉત્તરાયણ પર્વમાં ગ્રહણ વિષે પણ તેમ,
અશ્વમેધફળ સ્નાનથી અત્ર સત્ય સનેમ. ૧૦૨

સોમવતી અમા[4] વ્યતીપાત પર્વમાં જાણ,
જે કો શ્રદ્ધાથી કરે અહીંયા એક જ સ્નાન; ૧૦૩

ગંગાદ્વારે ધેનુઓ સ્વર્ણશૃંગી હજાર,
કપિલા રૌપ્યખુરા વળી આપે સાલંકાર ૧૦૪

વિપ્રોત્તમને, તેહથી થાય પુણ્ય જે જાણ
તદધિક કરતાં ભક્તિથી અહીંયા એક જ સ્નાન. ૧૦૫

એક વિપ્રભોજન થકી કોટિભોજનફળ;
એક મંત્રજપ હોમથી અનંત ફળ નિશ્ચલ. ૧૦૬

એકાદશીદિને વળી રુદ્રાભિષેક જાણ,
પાદુકાપૂજન કરે, અતિરુદ્રફળ માન. ૧૦૭

શ્રદ્ધાભક્તિ જેહની જેવી, મન નિર્મળ;
તેવું ફળ પામે નકી, હોય ચિત્ત નિશ્ચલ. ૧૦૮

૧. સેવક. ૨. કેવી ૩. નૃસિંહવાડીથી ચારે ગાઉ દૂર કૃષ્ણાતટે જુગુળ નામે એક ગામ છે તે (આ સ્થળ નિર્ણય અને રાવણનું આયુષ્ય હજાર કરોડ નહિ પણ છ કરોડ વરસનું - એ સંશોધન માટે શ્રી રા. કૃ. કામત મહોદયના સંશોધિત મરાઠી ગુરુચરિત્રના ઋણી છીએ.) ૪. અમાવાસ્યા.

ઔદુંબરપ્રદક્ષિણા મંદગતિથી જેહ
કરે, વાજપેયકતુફળ પામશે તેહ. ૧૦૯

નમનપુણ્ય પણ તેહવું; પ્રદક્ષિણોત્તર જેહ
દ્વિવાર વંદન ભાવથી કરે, નિરાગસ[1] તેહ. ૧૧૦

મહારોગી કુષ્ઠી ભલે અંગહીન પણ ત્યાંય,
લક્ષપ્રદક્ષિણા થકી તૂર્ણ દિવ્યતનુ થાય. ૧૧૧

સ્થાન દિવ્ય આ જ્યાં વસે કલ્પદ્રુમ સાક્ષાત્ !
નિત્ય ગુપ્ત વસું અહીં લોકદૃષ્ટિથી માત !! ૧૧૨

એમ કહી પોતે પ્રભુ થયા ગુપ્ત તત્ક્ષણ;
રહ્યા ગૂઢ, દેખે હજી હોય સુભાવિક જન. ૧૧૩

અમરાપુરસુસ્થાન એ આજે પ્રસિદ્ધ જાણ
[2]નૃસિંહવાટિકા નામથી; તેમ ઉદુંબર માન. ૧૧૪

બંને સ્થાને શ્રીગુરુ વસે નિત્ય પ્રત્યક્ષ;
જગન્નાથ અવ્યય વિભુ, દેખે શ્રદ્ધાદક્ષ. ૧૧૫

લોકદૃષ્ટિથી એમ એ થઈ સુગુપ્ત ત્યાંય,
ભીમાઅમરજાસંગમે ગાણગાપુર માંહ્ય ૧૧૬

થયા પ્રગટ પોતે પ્રભુ કાર્યકારણે એહ;
વિશ્વરૂપ સર્વત્ર એ, લીલા એની તેહ ! ૧૧૭

સૂણી વચન આગળ વદે શિષ્ય નિરંજન કેમ;
આગળ અનુસંધાન એ, કથે **રંગ** સપ્રેમ !! ૧૧૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
ઔદુંબરાદિમાહાત્મ્યવર્ણનં નામ ત્રિસપ્તતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૭૩ ॥ દોહરા ૧૧૮

અધ્યાય ૭૪

અલખપદે શિર મૂકીને જોડી કરદ્વય એહ;
વંદન ભક્તિથી કરે શિષ્યરાજ નતદેહ. ૧

જય જય યોગીશ્વર નમું, કરો કૃપા દયાળ;
ગુરુકથા આગળ કહો જે પીયૂષરસાળ. ૨

ગાણગાપુર ગુરુ ગયા પ્રગટદૃષ્ટિથી એહ;
અમરાપુરે રહ્યા વળી, ઉદુંબરે પણ તેહ. ૩

યોગિનીઓને આપીને વર રહ્યા સુગુપ્ત;
વળી કહો બીજે ગયા ! કરો કર્ણ આ તૃપ્ત. ૪

ઔદુંબર આ કલ્પદ્રુમ, ગુરુસ્થાન પવિત્ર;
કોણ વર પામ્યું ઈહાં, કહો વૃત્ત એ ચિત્ર. ૫

શિષ્યવચન એ સાંભળી, થયા તુષ્ટ મુનિ એહ;
કહેઃ- નિરંજન બાળ હે ! સૂણ મૂકી સંદેહ. ૬

કૃષ્ણાતટ ઔદુંબરે લીલા કરી અપાર;
વર્ણન કરવા શક્તિ ના, કહું સૂણ તું સાર. ૭

કલ્પવૃક્ષ જે કલિ વિષે, શું નવ આપે એહ ?
વાસ નિત્ય જ્યાં ગુરુ તણો, થાએ ઇચ્છિત જેહ. ૮

શક્તિ ન મુજમાં, સ્થાનનો મહિમા વર્ણું કેમ ?
એક નિદર્શન કહું સુખે, સાંભળ તું સપ્રેમ. ૯

શિરોળ નામે ગામમાં, વિપ્ર એક મતિમાન;
ગંગાધર નામે કરી, હતો પ્રસિદ્ધ સુજાણ. ૧૦

વેદશાસ્ત્રરત એ સદા, શાન્ત એહની નાર;
ધર્મરત સુશીલ એ, પતિવ્રતા કુલતાર. ૧૧

પાંચ પુત્ર એને થયા, ગયા સકળ યમધામ;
દુઃખિત એ એથી બહુ, સૂઝે કાંઈ ન કામ. ૧૨

આરાધ્યા સહુ દેવને કર્યાં વ્રતોપવાસ;
દુઃખ શમ્યું ના એહનું, ગહન કર્મવિલાસ ! ૧૩

બાધાઓ રાખી ઘણી, કર્યાં કષ્ટ અનેક;
દૈવ બળી, પુત્રો સહુ ગયા, રહ્યો ન એક ! ૧૪

પૂછે નારી દુઃખથી થઈ કાયર અતિ એહ,
કર્મવિપાકવિદ્ કને જઈ પુત્રસંદેહઃ- ૧૫

પૂર્વ કર્મ શું માહરું, થાય સંતતિનાશ ?
દોષનિવારણ શેં થશે ? કરો દેવ પ્રકાશ. ૧૬

કહે વિપ્રઃ- સૂણ ભામિની પૂર્વકર્મવૃત્તાંત;
પુત્રક્ષયકારણ કહું શાસ્ત્રસંમત કાન્ત. ૧૭

ગર્ભપાત જે કો કરે અધમ તામસી જન,
તદ્દોષે મૃતપુત્ર એ જન્માંતરે અધન ! ૧૮

અશ્વગોહિંસક તથા થાય વંધ્ય તું જાણ;
પરદ્રવ્યહર્તા વળી મૃતસંતતિ તું માન. ૧૯

પૂર્વજન્મકૃત્ દોષ જે તારો સાંભળ તેહ;
ભાસે તેવું ભાખીએ, મા કર મન સંદેહ. ૨૦

શૌનકગોત્રીય દ્વિજ તણું પૂર્વજન્મમાં જાણ,
હર્યું દ્રવ્ય શત ભીરુ તેં; થયો દોષ મહાન. ૨૧

અનેકધા માગ્યું છતાં, ના આપ્યું તેં એહ;
દ્રવ્યલોભથી એ ત્યજે, તુજ કારણ ભો દેહ. ૨૨

૧. નિષ્પાપ. ૨. નરસોબાની વાડી.

આત્મહત્યાદોષથી થયો ભૂત એ જાણ;
ગર્ભપાત તુજનો કરે, હણે ભ્રૂણ[૧] પણ માન. ૨૩

પ્રાક્કર્મ એવું અહા, દારુણ તુજનું બ્હેન !
ભોગ થકી ક્ષય એહનો, નહીં અન્યથા ચેન. ૨૪

વિપ્રવચન એવાં સૂણી, થઈ ખિન્ન એ નાર;
અનુતાપે સંતપ્ત હા, ગ્રહે બ્રહ્મપદ સાર. ૨૫

જોડી કરદ્વય સતી રડે, કહે વિનત શરીર;
મસ્તક મૂકી પાદ પર, પૂછે કરુણ ગભીરઃ- ૨૬

મહાપાપિણી હું નકી, ચાંડાલિની સુજાત;
ભક્ષ્યું વિષ દારુણ અહા હાથે કર્યો સ્વઘાત ! ૨૭

શાન્ત થશે એ કેમ ભો ? કહો ઔષધી સાર;
કરું પ્રાર્થના કરગરી, કરો દુઃખથી પાર. ૨૮

વિપ્ર કહેઃ- સૂણ બ્રાહ્મણી ! કર્યો બ્રહ્મવધ તેંહ;
થયો વિપ્ર મૃત ભૂત એ, મા કર મન સંદેહ, ૨૯

વંશ ન એનો ના થઈ મરણક્રિયા પણ જાણ;
હર્યું વિત્ત તેં એહનું, કર ઉદ્ધાર સુજાણ. ૩૦

કરી અંત્યસંસ્કાર તું, ખોળી કાઢ સુવિપ્ર
તદ્ગોત્રીયને આપ ભો શતદ્રવ્ય સુક્ષિપ્ર. ૩૧

એથી શુદ્ધિ તાહરી થાશે નિશ્ચય માન;
થઈશ કૃતાર્થ કૃષ્ણાતટે માસોપવાસે જાણ. ૩૨

પંચગંગાસંગમે કરી યથાવિધિ સ્નાન,
ઔદુંબરઆરાધના કર ભક્તિથી જાણ. ૩૩

કલ્પદ્રુમ એ પૂરશે સઘળા મનના કોડ;
મા કર ભીરુ જા હવે બીજે દોડાદોડ. ૩૪

પાપનાશતીર્થે કરી સપ્તવાર સુસ્નાન,
ઔદુંબરસિંચન કરી ફરી યથાવિધિ જાણ; ૩૫

કામ્યતીર્થમાં ન્હાઈને, કર ભાવે સેચન
ગુરુપાદુકાનું સતી; માસ એક પૂજન. ૩૬

નૃસિંહસરસ્વતીસ્થાન એ, પાવન જગમાં જાણ;
દોષ નષ્ટ થઈ થશે પુત્ર ચિરાયુ માન. ૩૭

માસ એક સેવા કરી એવી ભાવે ત્યાંય,
શૌનકગોત્રીય વિપ્રને લાગી પ્રેમે પાય, ૩૮

પ્રેતનામથી આપ ભો સો મ્હોરો તું તૂર્ણ;
ઔર્ધ્વદેહિક કર સહુ, થશે કામના પૂર્ણ. ૩૯

સફળ કષ્ટ તારું થજો, રક્ષો શ્રીગુરુનાથ;
ગુરુસ્મરણ કરી ભાવથી, પૂજ પાદુકા માત ! ૪૦

પાપ નષ્ટ તારું થશે, થશે વિપ્રઉદ્ધાર;
દ્વિજવચન એ સાંભળી, કરે સતી વિચાર. ૪૧

ચિંતાવિષ્ટ કહેઃ- અહા ! પાસે દ્રવ્ય ન લેશ;
શતદ્રવ્ય મળે નહીં, કદિ તોડું જો કેશ ! ૪૨

કરું કષ્ટ દેહે તથા, પૂજનોપવાસ તેમ;
ગુરુસેવા નિષ્ઠા થકી, એક માસ સપ્રેમ. ૪૩

એવો નિજ નિશ્ચય કહે, વિપ્રસતી એ સાર;
શ્રીગુરુપ્રેરિત દ્વિજ વદેઃ- ભલો કર્યો વિચાર. ૪૪

દ્રવ્ય નહીં પાસે યદિ, મા કર ચિંતા માત,
ગુરુપાદાર્ચન દૃઢ મને કર દિવસ ને રાત. ૪૫

કરશે શ્રીગુરુ પાપનો નકી માત સંહાર;
ઔદુંબરસંનિધ વસે સદા જાણ કલિતાર. ૪૬

દોષનિવારણ એ નકી કરશે તુજનું જાણ;
ગુર્વાજ્ઞાથી દ્રવ્યવ્યય યથાશક્તિ કર માન. ૪૭

વિપ્રવચન એવાં સૂણી, થઈ તુષ્ટ એ નાર;
ગુરુસ્થાનમાં જઈ કરે [૨]યથાજ્ઞપ્ત પ્રકાર. ૪૮

પાપવિનાશી તીર્થમાં કરી સંગમે સ્નાન,
યથાવિધિ સિંચન કરી સપ્તવાર પ્રમાણ; ૪૯

ઔદુંબરપ્રદક્ષિણા કરી, પુનઃ સુસ્નાન
કામ્યતીર્થમાં કરી, કરે ભાવે પૂજન જાણ. ૫૦

ગુરુપાદુકા પૂજીને કરે નમન સપ્રેમ,
પ્રદક્ષિણા નિષ્ઠા થકી સોપવાસ સનેમ. ૫૧

એવી સેવા નિત કરે, થયા દિવસ ત્રણ જાણ;
આવી સ્વપ્ને ભૂત એ, માગે દ્રવ્ય પ્રમાણ. ૫૨

બ્હીવડાવવી સતીને કહેઃ- આપ માહરું ધન;
નહિ તો વધીશ તને નકી; કરીશ વંશહનન. ૫૩

વ્યર્થ કષ્ટ આ તાહરાં, નહીં જીવશે પુત્ર;
વંશ નહિ રહે તાહરો, આપીશ ત્રાસ [૩]અમુત્ર. ૫૪

એમ કહી ક્રોધે કરી, દોડ્યો હણવા એહ;
વિપ્રસ્ત્રી બેબાકળી બીધી, કંપે દેહ; ૫૫

દોડી ઔદુંબર કને દેખ્યા શ્રીગુરુનાથ;
સંતાઈ પાછળ જઈ, જોડી બંને હાથ. ૫૬

આપી અભય ત્યાં નારને, કરી પિશાચ સુદૂર,
પૂછે શ્રીગુરુઃ- કેમ રે હણે એહને ક્રૂર ? ૫૭

કહે ભૂતઃ- જન્માન્તરે મારું શતધન જાણ
હર્યું બાઈએ આ પ્રભો, ત્યજ્યા તેથી મેં પ્રાણ. ૫૮

૧. ગર્ભમાનાં કાચાં બાળક. ૨. આજ્ઞા પ્રમાણે. ૩. પરલોકમાં.

સ્વામી કૃપાળુ તું યતિ, તુજને સરખા સર્વ;
પક્ષાશ્રય શોભે નહીં, મચ્છત્રુ એ શર્વ ! ૫૯

પિશાચવેણ સૂણી કહે કુપિત શ્રીગુરુઃ- દૂર !
પીડીશ જો મદ્‌ભક્તને, કરીશ શિક્ષા ક્રૂર !! ૬૦

હિત કહું જો સાંભળે, થશે સદ્‌ગતિ જાણ;
પિશાચત્વપરિહાર[1] પણ નહીં અન્યથા માન. ૬૧

વિપ્રસ્ત્રી આ જે કંઈ આપે તે સ્વીકાર;
નહિ તો દુર્ગતિ તાહરી ટળશે નહીં ગમાર. ૬૨

જો તુજને આ કબૂલ ના, થા દૂર સત્વર;
રક્ષીશ હું નિજ ભક્તને, થશે વંશ વિસ્તર. ૬૩

જો ફરી આવીશ તું, કરીશ શિક્ષા તૂર્ણ !
સૂણી ભૂત નમી કહેઃ- ગુરુ કૃપાળુ પૂર્ણ ! ૬૪

સ્વામી ત્વત્પદ દેખીયા, કર મારો ઉદ્ધાર;
કર ક્ષમા મુજને પ્રભો ! ન લહું હિતવિચાર. ૬૫

જેથી સદ્‌ગતિ માહરી, કર તેવું પ્રભુ જાણ;
સ્વીકારીશ હું તથા, આજ્ઞા ગુરુ પ્રમાણ. ૬૬

ગુરુ કહેઃ- આ ભાવથી કરાવશે તુજ કર્મ,
દાશાહિકી ક્રિયા બધી; પામીશ તેથી શર્મ. ૬૭

જા સદ્‌ગતિ તારી થશે, નિશ્ચય મનમાં માન !
એમ કહી શ્રીગુરુ કહે વિપ્રસ્ત્રીને જાણઃ- ૬૮

યથાશક્તિ વ્યય દ્રવ્યનો કરી, ક્રિયા હે નાર !
પ્રેતનામથી કર બધી; થશે વંશવિસ્તાર. ૬૯

બ્રહ્મહત્યાદોષનો થાશે સત્વર નાશ;
દીર્ઘજીવી સંતતિ થશે, થશે પૂર્ણ તુજ આશ. ૭૦

કરી સ્નાન તન્નામથી અષ્ટ તીર્થમાં જાણ,
ઔદુંબરસિંચન તથા સપ્ત દિવસ પ્રમાણ. ૭૧

કર ક્રિયા, હે ભામિની ! જા ઊઠ સત્વર;
નિષ્ઠા સાચી જો હશે, થાશે કષ્ટ સફળ. ૭૨

સ્વપ્રે એવું દેખીને, ઝબકી ઊઠી નાર;
ચકિત થઇ ફરી ફરી કરે સ્વપ્નમૂર્તિવિચાર. ૭૩

શ્રીગુરુમૂર્તિ જોઇ જે, ચિંતી ચિત્તે એહ;
યથોક્ત સઘળી આચરે ક્રિયા નષ્ટસંદેહ. ૭૪

બ્રહ્મહત્યાદિક સહુ થયાં પલકમાં નષ્ટ;
મુક્ત થયો પિશાચ ને થયાં સફળ સહુ કષ્ટ. ૭૫

બીજે દહાડે સ્વપ્નમાં આપી શ્રીગુરુ જાણ
નારિકેલફળ બે મુદા, કહેઃ- વ્રત પ્રમાણ ૭૬

કરી પૂર્ણ કર પારણાં, પછી ફળભક્ષણ
કર ભામિની જા સુખે; થશે પ્રજાવર્ધન. ૭૭

દેખી સ્વપ્ન જાગી સતી, થઇ હૃષ્ટ મન માંહ્ય;
સર્વ નિવેદે પતિ કને, કહેઃ- ધન્ય ગુરુપાય ! ૭૮

દંપતી બેઉ મોદથી, કરે સર્વ યથોક્ત;
ગુરુપ્રસાદે વિપ્રસ્ત્રી, થઇ પાપથી મુક્ત. ૭૯

ચિંતામણિસ્પર્શે કરી થાય લોહ કાંચન,
ગુરુપ્રસાદે તેમ એ થઇ શુદ્ધ તત્ક્ષણ. ૮૦

કાળે ગુરુકૃપા થકી, થઇ ગર્ભિણી જાણ;
થયા પુત્ર બે; વિપ્ર એ કરે મોદથી દાન. ૮૧

મૌંજીબંધન જ્યેષ્ઠનું, ચૌલ અન્યનું તેમ,
કરવા પિતર મુદા કરે સમારંભ સપ્રેમ. ૮૨

તૈયારી સઘળી થઇ, થયો કાર્યઆરંભ;
પૂર્વદિને કુમારને થયો રોગ અભંગ. ૮૩

અંત નહિ વ્યાધિ તણો, તીવ્ર એકથી એક;
ધનુર્વાત તેમાં થયો, અસાધ્ય મારક છેક. ૮૪

વાંકાં અંગ થયાં સહુ, દિસે ભીષણ બાળ;
કષ્ટ ન દેખ્યાં જાય એ, થયો અતિ બેહાલ. ૮૫

ત્રણ દિવસ પીડા સહી, જ્યેષ્ઠપુત્ર હા એમ
રાતે કાળમુખે પડ્યો ! ભાવિ ટળે ન કેમ !! ૮૬

મહાશોક જનની કરે; દુઃખવેગ દારુણ,
કેમ સહે મૃદુ ઉર અરે ? તપ્તલોહ [2]અરુણ ! ૮૭

શીષ અફાળે ભૂ પરે, રડે દુઃખથી હાય !
ફૂટે છાતી શોકથી, શિલા સાથ ભટકાય !! ૮૮

વારંવાર સ્મરી રડે પુત્ર ગુણો મૃદુકાય;
ઢળી પડે ધરણી વિષે, મૃત પ્રાય ક્ષણ માંહ્ય ! ૮૯

આંસુ ચોધારાં વહે, આલિંગે મૃતદેહ;
પુત્રશરીરે પડી રડે, માયાવેષ્ટિત એહ ! ૯૦

કહેઃ- તાત ! આધાર તું મુજનો જગમાં એક;
છોડી અધવચ જાય ક્યાં ? થયો ક્રૂર કાં છેક ? ૯૧

સ્રવે દૂધ સ્તનથી વૃથા, દોડ દોડ હે બાળ !
ગયો ખેલવા બ્હાર ક્યાં ? દોડ પ્રાણપ્રતિપાળ !! ૯૨

પુત્ર કેમ ભૂલાય રે, ગુણો શ્રેષ્ઠ તુજ ? બોલ;
નિધાન[3] મુજ ગરીબનું, કેવળ તુંજ અમોલ. ૯૩

કાલું તારૂં બોલવું, કેમ વિસારૂં બાળ ?
રૂપ ફૂટડું તુજ સમું,, કદિ ન દેખીશ લાલ ! ૯૪

૧. પિશાચયોનિમાંથી મુક્તિ. ૨. રાતું. ૩. નિધિ; ખજાનો.

સ્વપ્રનિધિ જ્યમ જાગતાં ઉપજાવે ભ્રમ તેમ,
ગયો હાથથી સત્ય શું ? રહ્યો આજ લગ કેમ ? ૯૫

પંચ પુત્ર થયા મુને તેમાં તું જ નિધાન;
ગર્ભ થકી મુદ આપીને, તોષ્યો જીવ સુજાણ. ૯૬

દોહદ શ્રેષ્ઠ થયા, થયું ન કદિ ચિત્ત સચિંત;
આનંદિત મન જાણીને થશે પુત્ર નિશ્ચિત. ૯૭

શ્રીગુરુએ વર આપીઓ, થશે સત્પુત્ર એમ;
તેથી નિશ્ચય મુજ મને, વરદપિંડ આ તેમ. ૯૮

આપ્યું સુખ તેં જન્મથી, નવ જાણ્યું દુખ કુત્ર;
પ્રાણપ્રિય જાણી કર્યું રક્ષણ મેં તુજ પુત્ર ! ૯૯

ઘડપણમાં આ પાળશે, હતો એમ વિશ્વાસ;
જાવું પુત્ર ન ઉચિત હે, કરી ભંગ સહુ આશ. ૧૦૦

દુઃખ સહ્યું પૂર્વે બહુ, થયું નષ્ટ સહુ એહ
જોતાં વાર તુને અહા ! મા દે પુત્રક છેહ !! ૧૦૧

એમ દુઃખ કરે સતી, વારે સકળ સ્વજન;
આશ્વાસન આપી કહેઃ મા કર માત રુદન. ૧૦૨

જે જાયું તે જાય મા, ફૂલ્યું તે કરમાય;
લિખિત લલાટે ના કદિ, કોથી મિથ્યા થાય. ૧૦૩

ભાવિઆધીન જગ સહુ દેવ ઋષિ કિન્નર;
રામાદિક અવતાર પણ ગયા ! કોણ અમર ? ૧૦૪

માટીના સહુ માનવી, ક્ષણમાં માટી થાય,
કોણ અચલ અવની મહીં ? કાળ સર્વને ખાય ! ૧૦૫

એમ બોધ કરે સહુ, રડે દુઃખથી નાર;
કહેઃ- સદ્‌ગુરુબાળને હરે કેમ એ કાળ ? ૧૦૬

મહાખ્યાત ભૂમંડળે નૃસિંહસરસ્વતી જેહ,
વસે સદા ઔદુંબરે; હરે ભક્તસંદેહ. ૧૦૭

તત્સેવાફળ આ નકી ! કેમ થાય વર ફોલ ?
કાળ મશક એ આગળે; મિથ્યા થશે ન કોલ. ૧૦૮

મારી હત્યા લાગશે એને, હું પણ પ્રાણ
પુત્ર સાથ ત્યજું હવે ! શું કરવી આ જાન ? ૧૦૯

એમ કહી હૃદયે સ્મરે શ્રીગુરુમૂર્તિ એહ,
કહેઃ પ્રભો ! કાં અંતમાં દીધો મુજને છેહ ? ૧૧૦

નામ સાંભળી દોડી હું સત્યવાક્ તું દેવ;
સત્યસંકલ્પ માનીને કીધી મનથી સેવ. ૧૧૧

ત્વદ્વાક્યે વિશ્વસ્ત હું; કેમ કર્યો આ ઘાત ?
કેમ વિશ્વાસઘાતકી કાઢું મુખથી વાત ! ૧૧૨

ત્રયમૂર્તિ અવતાર તું, નૃસિંહસરસ્વતી નામ;
ધ્રુવબિભીષણને કહે આપ્યું અક્ષય ધામ. ૧૧૩

કોણ વાત એ માનશે ? કર્યો વિશ્વાસઘાત,
આજે મુને ઉપેક્ષીને; દોડ દોડ જગતાત ! ૧૧૪

બાનાની પત રાખ ભો, રાખ માહરી લાજ !
પ્રાણત્યાગનિશ્ચય કર્યો, ત્વત્કારણ મેં આજ !! ૧૧૫

આવે સેવક દૂરથી, સૂણી તાહરું નામ;
પ્રદક્ષિણા ભાવે કરે, ભોળા ભક્ત સકામ. ૧૧૬

ઔદુંબરઅર્ચન અને પુરશ્ચરણ સપ્રેમ,
કરે તપશ્ચર્યા; કર્યું અમે સર્વ સનેમ. ૧૧૭

ફળ તેનું આ નીપજ્યું ! કોણ કરે વિશ્વાસ ?
પ્રાણ ત્યજ્યું ત્વત્સ્થાનમાં ! કરી ભંગ હા આશ !! ૧૧૮

કીર્તિ ફેલાઓ પ્રભો, તારી જગમાં આમ !
ઘાત કર્યો વિશ્વાસનો ! થયા પૂર્ણ સહુકામ !! ૧૧૯

આગળ જે ભજશે તને, કરે કેમ વિશ્વાસ ?
બ્રહ્મહત્યાપીડિત થઈ હું તુજ પદની દાસ. ૧૨૦

અંગીકાર કરી ત્યજે ! કેવો તારો ધર્મ ?
તારી લીલા જાણ તું ! લહે કોણ એ મર્મ ? ૧૨૧

વ્યાઘ્રભીતિથી યવનને જાય ગાય શરણ,
પંપાળીને એ વધે ! બન્યું તેવું આ ક્ષણ. ૧૨૨

દેવદર્શને મંદિરે જાતાં ઉપર જેમ
ઓચિંતું મંદિર પડે, થયું મારું પણ તેમ ! ૧૨૩

શું કહેવું તુજને કંઈ સૂઝે નહિ અજ્ઞાન;
રક્ષ રક્ષ ગુરો કરી દયા પુત્રના પ્રાણ. ૧૨૪

રાત ગઈ ઊગ્યો રવિ, થયું બધે પ્રભાત;
છાતીફાટ રડે સતિ, સૂણે ન કાંઈ વાત ૧૨૫

દ્વિજગણ સહુ ટોળે મળ્યા કહેઃ- માત કાં વ્યર્થ,
શોક કરે આ ? એહથી સરે ન કાંઈ અર્થ. ૧૨૬

મૂરખતા આ તાહરી, ભાવિ ટળે ન જાણ;
બ્રહ્મા કર જોડે તિહાં કોણ અન્ય પ્રમાણ ? ૧૨૭

આપ હવે શવ, જાઈને કરીએ સહુ સંસ્કાર
નદીતટે સ્મશાનમાં; થયો વિલંબ અપાર. ૧૨૮

સૂણી વચન રડતી કહે સતીઃ- મુને પણ સાથ
દો દેન જો તોજ શવ આપું, છોડો વાત ! ૧૨૯

સુત સાથે હું પણ કરું દારુણ અગ્નિપ્રવેશ;
એમ કહી શવ છાતીએ બાંધ્યું, મૂકે ન લેશ !! ૧૩૦

લોક કહેઃ- આ કર્કશા નવ સમજે ઉર લેશ;
પુત્ર સાથ બળી મરે, કરે અગ્નિપ્રવેશ ! ૧૩૧

આવો ધર્મ ન સાંભળ્યો, નવ દીઠો પણ ક્યાંય;
આત્મહત્યા સમ નહીં મહાદોષ પણ હાય ! ૧૩૨

કહીએ તો ના સાંભળે, બોલે ભળતું એહ;
એમ કહે લોકો સહુ, પણ નાપે એ દેહ !! ૧૩૩

કહેઃ- નિશ્ચય પ્રાણ હું ત્યજીશ પુત્રની સાથ;
સૂણી ન સ્પર્શે એહને કોઈ વિચિત્ર વાત. ૧૩૪

બપોર વીત્યા એમ પણ નવ આપે એ શવ;
નવ જાએ ગંગાતટે, ખસે ન આધી લવ ! ૧૩૫

હાહાકાર થયો બધે, થયું એકત્ર ગામ;
ઓચિંતો ત્યાં આવીયો બ્રહ્મચારી સદ્ધામ ! ૧૩૬

બોધે આત્મજ્ઞાન એ મધુર શબ્દથી જાણ;
ચકિત થઈ સતી સાંભળે, ટળે જેથી અજ્ઞાન. ૧૩૭

અલખ નિરંજનને કહે, આગળ વર્ણન એહ;
સૂણે **રંગ** જો ભક્તિથી, ટળે જન્મસંદેહ !! ૧૩૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
પુત્રશોકવર્ણનં નામ ચતુઃસપ્તતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૭૪ ॥ દોહરા ૧૩૮

અધ્યાય ૭૫

અલખ કહેઃ- એ તાપસી બ્રહ્મચારી સુજાણ
પ્રેતનિકટ આવી કથે ખિન્ન સ્ત્રીને જ્ઞાન. ૧

કહે બટુકઃ- સાંભળ સતી ! મા વ્યર્થ કર દુઃખ;
ક્ષણભંગુર સંસાર આ; કો પામે ચિર સુખ ? ૨

ચિરંજીવી કોઉ નહીં; મરવું સહુને માત !
જન્મમરણ માયિક સહુ, કહેવા માતર વાત. ૩

જલબુદ્‌બુદવત્ વસ્તુઓ દૃશ્યમાન સહુ જાણ;
એકે એમાં સ્થિર નહીં, સત્ય વાત આ માન. ૪

કર્મકારણે ભૂતનો થતાં પંચ સંયોગ,
વ્યક્ત દેહ દેખાય આ; કર્મક્ષયે વિયોગ. ૫

માયાવેષ્ટિત સહુ રડે, કહે પુત્ર આ મિત્ર;
પંચભૂતશરીરને માન મારૂં, ચિત્ર ! ૬

ત્રિગુણમયી માયા થકી થાય ચિત્તમાં ભ્રમ;
અહંમમત્વાદિક વધે, સંસૃતિ કેરો ક્રમ. ૭

સત્ત્વવૃદ્ધિથી દેવતા, રજથી મનુષ્ય જાણ;
તમોવૃદ્ધિથી અધમતા, કર્માધાર પ્રમાણ. ૮

સારૂં વા નરસું કરે જે જે જેવું કર્મ,
તેવું ફળ તેને મળે; જાણ કર્મનો મર્મ. ૯

વાવે તે પામે સહુ, નહીં કોઈનો દોષ;
કર્માધીન જગત્ બધું જાણી રાખ સંતોષ. ૧૦

જેવી જેની વાસના, વર્તે ઇન્દ્રિય તેમ;
ગુણાધીન કર્મો કરે, ફળ ઉપજે વળી એમ. ૧૧

અક્રિય આત્મા ના લહે માયામોહિત જન;
સુખદુઃખે લેપાય ને હસે રડે ક્ષણ ક્ષણ ! ૧૨

સ્વકર્મોદ્‌ભવ જીવ સહુ, સ્વકૃત ભોગવે જાણ;
અસંગ આત્મા, એહને એથી કાંઇ ન હાન. ૧૩

કલ્પકોટિ આયુષ્ વહે દેવ ઋષિ કિન્નર;
કર્મ પછાડે તેમને ! કોણ બાપડા નર ? ૧૪

પ્રાણી દેહાધીન સહુ, દેહ કાળઆધીન;
નાના ગુણકર્મે કરી, ચેષ્ટા કરે સુદીન. ૧૫

દેહધારીઓ સહુ ષડ્‌વિકારઅધીન;
જન્મે રહે વધે અને થાય પલકમાં ક્ષીણ. ૧૬

પોતાનો જે દેહ તે પણ રહે ના સ્થિર;
સંબંધીની કા કથા ? શોક ન કરે ધીર ! ૧૭

હર્ષ કરે ના જન્મનો, મોત તણો ના ખેદ;
જ્ઞાની અચળ સદા રહે, જાણી મનમાં [1]ભેદ. ૧૮

અવ્યક્ત પ્રાણી ગર્ભમાં થાય જન્મથી વ્યક્ત;
ક્ષણિક વહી જીવન અહા, થાય ફરી અવ્યક્ત. ૧૯

વાતાંદોલિત બુદ્‌બુદો જલમાં ઊઠે જેમ,
શમે પલકમાં; દેહ પણ જાણ કર્મથી તેમ. ૨૦

આદિઅંતમાં જે નહીં વચમાં તે પણ તેમ,
અનુભવ દૃષ્ટિથી લહે; શોક કરે સતી કેમ ? ૨૧

જ્યારે ગર્ભે દેહ આ, ત્યારે પણ અસ્થિર;
ખૂટે કર્મ તિહાં લગી, ખાય ઘેંશ કે ખીર ! ૨૨

જેનું જે લેણું ઘટે, ભોગે ત્યાં લગ તેહ;
કોઈ બાળપણે મરે, ત્યજે તરુણ કો દેહ. ૨૩

કોઈ જરઠ[2] થતાં લગી, વહે બોજ શરીર;
નાંખી એક બીજું ગ્રહે, જેમ ફાટતાં ચીર. ૨૪

માયાવેષ્ટિત સહુ જનો, માને મારો દેહ;
માતપિતાસુતઆદિમાં ધરે મમત્વ સનેહ. ૨૫

અહો મૂર્ખતા કેવડી ! અહં એજ અજ્ઞાન !
ક્યાંથી મારૂં લાવવું ? કોણ ઉઘાડે કાન ? ૨૬

૧. રહસ્ય. ૨. વૃદ્ધ.

ઉપરથી નિર્મલ અહા કેવો ભાસે દેહ !
રક્તરેત માંહે ભર્યું માંસાસ્થિ મલ [1]મેહ !! ૨૭

કોણ શુચિ એને કહે, વિના મૂઢ અજ્ઞાન ?
ક્ષણભંગુર વળી ! કો કરે પ્રીતિ એ પર આન ? ૨૮

વિધિ લલાટે લેખ જે લખે કર્મ અનુસાર,
જન્મ સાથ પ્રાણી તણા; ટળે ન તેહ લગાર. ૨૯

કોઈ જીતી નવ શકે કાળકર્મને જાણ;
નિત્ય દેહ ન કોઈનો, જેવું સ્વપ્રનિધાન. ૩૦

જાગૃતિ માંહી સ્વપ્રનો કરે કોણ વિશ્વાસ ?
ઇંદ્રજાળફળ સ્થિર કો માને જ્ઞાની ખાસ ? ૩૧

સંબંધી જો નિત્ય તો, કહે પૂર્વજનિ[2] માંહ્ય
કોણ હતી તું ? મનુજ વા અન્યજાતીય માય ? ૩૨

ક્રોડ જન્મે વહી ગયા; બોલ કોણ તું માત,
તે તે જન્મ જો લહે ! કહે માનું હું વાત. ૩૩

જો પૂર્વે મનુષ્ય તું, બોલ કોણની માત;
ભાર્યા વા કોની કહે; બોલ તાહરી જાત ! ૩૪

આગળ કોની કોણ તું થઈશ ભામિની બોલ;
માતપિતા કો તાહરાં, ભેદ સર્વ એ ખોલ. ૩૫

વૃથા શોક આ કાં કરે, થયો પુત્ર મૃત એમ ?
પંચભૂતનો દેહ આ, કહે તાહરો કેમ ! ૩૬

ચર્મ માંસ અસ્થિ તણું ખોખું અતિ મલિન;
મમત્વ રાખી તેહનું, રડે વ્યર્થ હા દીન ! ૩૭

કોણ પુત્ર ? શું મોત વા ? ભ્રાન્તિ સઘળી એહ;
શાસ્ત્રલૌકિકરીતથી આપ બાળવા દેહ !! ૩૮

બ્રહ્મચારિમુખથી સૂણી એવું તત્ત્વજ્ઞાન,
વિનયનમ્ર કહે સતીઃ- માફ કરો અજ્ઞાન. ૩૯

દયા કરી સ્વામી અતિ, કર્યો પરમ ઉપદેશ;
તારક, પણ મન માહરૂં સ્થિર ન એથી લેશ. ૪૦

જો પ્રારબ્ધ ટળે નહીં, કરવું કેમ ભજન ?
[3]સ્પર્શસ્પર્શે લોહ શું, થાય ન તત્ક્ષણ સ્વર્ણ ? ૪૧

દૈવહીન હું પૂર્વની, તેથી ધર્યા ચરણ
ઈશ તણા શ્રદ્ધા થકી; થયું પ્રસન્ન મન. ૪૨

આપી અભય પછી હવે કેમ ઉપેક્ષે એહ ?
રાખી શું કરવો અહા ? ત્યાગું નિશ્ચય દેહ ! ૪૩

જ્વરપીડિત કો દોડતો જાય વૈદ્યને ઘેર;
ઓસડ આપી રોગનો કરે નાશ, ના દેર. ૪૪

વિપદ્‌ગ્રસ્ત શ્રીમંતને જાય શરણ જો જાણ,
વિપદ્ દૂર કરી કરે સંપન્ન એ શ્રીમાન્. ૪૫

તે રીતે ત્રિમૂર્તિ જે નૃસિંહસરસ્વતી દેવ,
શરણ ગઈ હું તેહને; કરી ભાવથી સેવ. ૪૬

વર આપ્યો એણે મુને; કેમ થાય વિફળ ?
નિશ્ચય રાખ્યો મેં મને, માની વચન અચળ. ૪૭

વિશ્વાસે હું સ્થિર રહી, કર્યો એહણે ઘાત
આપી નિજ વિશ્વાસનો; અહો મૌર્ખ્ય મુજ ભ્રાત ! ૪૮

કથો આપ પણ આ બધું વ્યર્થ તત્ત્વજ્ઞાન;
ત્યજું સર્વથા એહની આગળ મારા પ્રાણ ! ૪૯

અર્પું કાયા, એહની વધો કીર્તિ જગ માંહ્ય,
અખંડ શ્રીગુરુદેવની ! લાગું તમને પાય !! ૫૦

સૂણી વચન, દૃઢ ભાવના જાણી એની એહ;
બ્રહ્મચારી દ્વિજનારને કહે સૂપાય તેહઃ- ૫૧

જો નિષ્ઠા શ્રીગુરુપદે અચળ તાહરી જાણ,
પુત્ર શતાયુ આ નકી; હરે કોણ તત્પ્રાણ ? ૫૨

દૈવે મૃત જો એ થયો, જા શ્રીગુરુસંનિધ
લઈ એહને જ્યાં તને મળ્યો વર પ્રસિદ્ધ. ૫૩

કૃષ્ણાપંચનદી તણો સંગમ પરમ પવિત્ર.
ઔદુંબરહેઠળ જઈ, અર્પ કલેવર ચિત્ર ! ૫૪

બટુકવચન એવાં સૂણી કરી એમ નિશ્ચય,
શવ છાતીએ બાંધીને, આવી [4]ગુર્વાલય. ૫૫

ઔદુંબરસામીપ્યમાં પાદુકા પર જાણ,
શીર્ષ અફાળે ક્રોધથી; ભર્યું રક્તથી સ્થાન. ૫૬

પાદુકા પર રક્તનો થયો અહા અભિષેક !
કહેઃ- તુષ્ટ થા શ્રીગુરો ! મા થા નિર્દય છેક !! ૫૭

પુત્રશોક સહુ શોકથી અધિક કારમો જાણ;
માતપિતાક્ષયકારી હા [5]રાજ્યક્ષ્મા માન. ૫૮

સૂર્ય આથમ્યો પણ અહા, ન આપે શવ એહ !
કહે વિપ્રઃ- બહુ થયું ! આપ બાળવા દેહ. ૫૯

નિર્જન આ અરણ્યમાં, નહીં મનુજસંચાર;
રાતે રહેવું એકલું શી રીતે, કથ સાર ! ૬૦

આપ કર્કશા શવ અરે, મા કર હવે વિલંબ;
કહે એમ કરગરી સહુ વિપ્ર પડીને લંબ ! ૬૧

કેમે કરી આપે નહીં, રડે ઉચ્ચસ્વર એહ;
દૃઢ બાંધી શવ ગુરુપદે અર્પે નિજની દેહ !! ૬૨

૧. મૂત્ર. ૨. જન્મ. ૩. પારસ ૪. ગુરુનું સ્થાનક. ૫. ક્ષયરોગ.

કહે વિપ્ર અન્યોન્ય એઃ- રહેવું અહીં ન રાત;
ચોર જનાવર અહીં વસે, ચાલો ઘર સંગાત. ૬૩

સ્નાન કરી [1]ઉપોષણે કરો રાત પસાર;
ચાલો, પ્રાતઃકાલમાં થશે પ્રેતસંસ્કાર. ૬૪

ગંધ મારતાં પ્રેતને રાતે નિશ્ચય એહ,
છોડી હાથે આપશે શવને, નહિ સંદેહ. ૬૫

એમ કહી સહુ ગામમાં ગયા ડાઘુઓ ત્યાંય;
માતપિતા રહ્યાં તિહાં; કરે શોક, હા હાય ! ૬૬

રાત પડી, ઉજાગરો બે દિવસ અખંડ;
થાકી દ્વિજનારી વળી, કરી શોક પ્રચંડ ! ૬૭

યામત્રાય વીતી જતાં, થઈ સુનિદ્રિત એહ;
સ્વપ્ને દેખે એક ત્યાં ભસ્મવિભૂષિત દેહ. ૬૮

જટાજૂટ શિર પર અહા, તેજઃપુંજ શરીર;
વ્યાઘ્રાંબર ઓઢ્યું મુદા, અક્ષમાલધર ધીર ! ૬૯

યોગદંડ કરે ગ્રહ્યો, બીજે હાથ ત્રિશૂલ;
કહેઃ- કેમ આક્રોશ આ, મુજ પર ચંડી ક્રૂર ? ૭૦

બોલ થયું શું પુત્રને, કરૂં ચિકિત્સા જાણ;
એમ અભય આપી વદે, શ્રીગુરુ ભક્તપ્રાણ ! ૭૧

ભસ્મ નાંખી શવ પર કહેઃ ઉઘાડ એનું મુખ;
જીવાડું હું પ્રેતને ફરી મારીને ફૂંક ! ૭૨

પ્રાણનામ આ વાયુ જે ગયો હતો તનુબ્હાર;
મૂક્યો મેં જો પૂર્વવત્, ત્યાગ શોક હે નાર ! ૭૩

જોઈ એવું સ્વપ્નમાં, ઝબકી ઊઠી એહ;
થઈ બીકથી ગાભરી ! કહેઃ- [2]કુતઃ સંદેહ ? ૭૪

ભ્રાંતિ કેવળ આ નકી; ક્યાંથી જીવે પ્રેત ?
વસે ચિત્તમાં તે દગે દેખે ગાંડું હેત ! ૭૫

ચિંતે જે જાગ્રત્ મહીં, સ્વપ્ન વિષે દેખાય;
ભ્રાંતિ કેવી આ વૃથા ! ક્યાં હું ? ક્યાં ગુરુરાય ? ૭૬

દૈવ ન્યૂન જ્યાં આપણું, કરે દેવ શું કોઈ !
દોષ દઉં ગુરુને વૃથા, હોનારી સો હોઈ !! ૭૭

એમ વિચારી શીઘ્ર એ મૂકે શબને દૂર;
થયું ઉષ્ણ સર્વાંગ ને વ્યાપ્યું ચૈતન્ય નૂર ! ૭૮

કહેઃ- ભૂતપ્રવેશ શું થયો પ્રેતની માંહ્ય ?
એમ કહી બીકે મૂકે દૂર શબ મા ત્યાંય ! ૭૯

વ્યાપ્યું ચેતન અંગમાં, ઊઠી કહે કુમારઃ-
ભૂખ લાગી દે અન્ન મા મુજને, મા કર વાર. ૮૦

એમ કહી રડતો ધસે, બાળ માતની પાસ;
સ્તનથી બત્રીસધાર ત્યાં સ્રવે ક્ષીર ઉજાસ ! ૮૧

આપે મુખમાં સ્તન સતી, મોદ ન અંતરે માય;
શંકા પૂર્વ ટળી, મુદા ગુરુદેવ જય ગાય !! ૮૨

કેડે બાળ લઈ ગઈ પતિ પાસ સનેહ;
શીઘ્ર જગાડી એહને, કહે વૃત્ત સહુ એહ. ૮૩

કહે વિપ્ર હર્ષિત થઈઃ- ધન્ય શ્રીગુરુ ધન્ય !
મહિમા કો જાણી શકે એનો પ્રાણી અધન્ય ? ૮૪

પ્રદક્ષિણા દંપતી તદા કરે હર્ષથી એહ
ઔદુંબરની ભક્તિથી, નમી સાષ્ટાંગ દેહ. ૮૫

પ્રણતકાય કરે સ્તુતિ, જયજયકાર સુધન્ય !
કહેઃ-ગુરો કો તુજ લહે મહિમા નિગમઅગમ્ય ? ૮૬

વિધિહરિહરમૂર્તિ અહા શોભે મનુજાકાર !
પ્રણતતાપ સહુ સંહરી, કરે ભક્ત ભવપાર. ૮૭

ભાવગમ્ય ભગવાન તું, વિશ્વતારક દેવ;
અખંડ કીર્તિ તાહરી, કરે ત્રિલોક સેવ. ૮૮

કરી પરીક્ષા ભાવની, આપે તત્સમ ફળ;
કર ક્ષમા અમને પ્રભો ! લીલા તારી અકળ !! ૮૯

બાળક ક્રોધે માતને કહે ક્રૂર વચન;
ત્વન્માયાહતધી[3] અમે બોલ્યાં અનુચિત વણ[4] ! ૯૦

સર્વ ક્ષમા કરી શરણમાં લે અમને ભો ત્રીશ !
સૂઝે નહિ શું બોલવું; જાણે તું સહુ ધીશ !! ૯૧

એમ કરુણ વચને કરી સ્તુતિ વિધવિધ ત્યાં જાણ,
વંદન કરી ભાવે ગયાં દંપતી કરવા સ્નાન. ૯૨

કાળમુખેથી છૂટીયું લઈ બાળ સંગાત,
સ્નાન કરી સંગમજળે મુદા માત ને તાત; ૯૩

રક્તપૂર્ણ એ પાદુકા ધોઈ જળથી શુદ્ધ,
કલ્પવૃક્ષ ઔદુંબરે સિંચન કરે પ્રબુદ્ધ. ૯૪

દીપમાળ પ્રજાળીને ભક્તિયુક્ત પૂજન
મંત્રપૂર્વક ઈશનું કર્યું યથાવિધિ ધન ! ૯૫

શમીપત્ર નવકુસુમથી પૂજ્યા સદ્‌ગુરુનાથ;
ગીતવાદ્યનીરાજને શુદ્ધ ભાવની સાથ ! ૯૬

ત્યાં તો રાત ગઈ, થયું પૂર્વે રમ્ય પ્રભાત;
કરવા શવસંસ્કાર એ, આવ્યા ડાઘુ સાથ ! ૯૭

સજીવ સુત દેખી કરે વિસ્મય સહુ મન માંહ્ય;
વર્ત્યો અત્યાનંદ ત્યાં, ગુરુજશ મુખથી ગાય ! ૯૮

૧. ઉપવાસ. ૨. ક્યાંથી ૩. તારી માયાથી મરી ગઈ છે બુદ્ધિ જેમની તે. ૪. વેણ.

આનંદે ભોજન કરી, ગયા સર્વ નિજ ઘેર;
શું દુર્લભ જગમાં થતાં શ્રીસદ્‌ગુરુની મ્હેર ? ૯૯

શ્રીગુરુસ્થાન તણો અહા મહિમા આવો જાણ;
સર્વ વર્ણન કો કરે ? કથ્યો અલ્પપ્રમાણ ! ૧૦૦

ઔદુંબરમૂલે રહે સર્વકાળ ગુરુ ત્યાંય;
ભક્‌ત્યારાધનથી સહુ સિદ્ધ કામના થાય. ૧૦૧

વંધ્યા પામે પુત્ર ને દરિદ્ર લક્ષ્મી જાણ;
થાય રોગી નીરોગ ને મૂરખ વિદ્યાવાન. ૧૦૨

અપમૃત્યુ બાધે નહીં; હોય ભાવ નિર્મળ,
શીઘ્ર કામસિદ્ધિ સહુ; કરે કુશંકા ખળ ! ૧૦૩

અંગહીન કુષ્ઠી યદિ કરે પાદુકાર્ચન,
થાય સ્વર્ણદેહી ક્ષણે; મા શંકા કર મન. ૧૦૪

હચ્છૂલાદિક રોગ જે ગંડમાલ દારુણ,
અપસ્મારાદિક સહુ, થાય નષ્ટ એ તૂર્ણ. ૧૦૫

મંદમતિ મૂગા વળી, અંધ બધિર ને વ્યંગ,
ઔદુંબર અર્ચન થકી થાય શુદ્ધ સુસ્વંગ. ૧૦૬

શ્રીગુરુ સાક્ષાત્ જ્યાં વસે ઉદુંબરે વિખ્યાત,
થાય સિદ્ધ પુરુષાર્થ સહુ; મહિમા ભક્તો ગાત. ૧૦૭

ઔદુંબર કલિકાલમાં કલ્પવૃક્ષ તું જાણ;
સત્વર પૂરે કામના શું કહેવું વદ આન ! ૧૦૮

બ્રહ્માહરિહરમૂર્તિ એ નૃસિંહસરસ્વતી જાણ;
મહિમા વર્ણન શો કરું ? નહીં શક્ત મુજ વાણ ! ૧૦૯

કામધેનુ તચ્ચરિત આ, એમાં નહિ સંદેહ;
ભાવે પઢતાં સૂણતાં **રંગ** પુનર્ ના દેહ. ૧૧૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
મૃતપુત્રસંજીવનં નામ પંચસપ્તતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૭૫ ॥ દોહરા ૧૧૦

અધ્યાય ૭૬

અલખપાદ પ્રણમી કહે શિષ્ય નિરંજન એહ,
વિનયનમ્ર કર જોડીનેઃ- ભલો હર્યો સંદેહ. ૧

જય યોગીશ્વર અલખ તું, ભવભયહારક દેવ;
તમોધ્વાંતજ્યોતિ નમું, કરું અહર્નિશ સેવ. ૨

તુજ ચરણસ્પર્શે કરી, થયું જ્ઞાન અદ્‌ભુત;
પરમાર્થોદય મુજ હૃદે ટળ્યું સંસૃતિભૂત ! ૩

તારક કેવળ તું પ્રભુ, પરમ પુરુષ એક;
જ્ઞાનદીપ પ્રગટાવીને, કર્યો ઉદિત વિવેક. ૪

કામધેનુ સમ ગુરુકથા કથ્યો સકળ વિસ્તાર;
તોએ મન આ તૃપ્ત ના, ઇચ્છે અધિક વિચાર. ૫

ગાણગાપુર ગુરુ ગયા, કહ્યું પૂર્વ ગુરુનાથ;
આગળ વૃત્ત કહો પ્રભો, જોડું ફરી ફરી હાથ. ૬

શિષ્યવચન એવાં સૂણી, કહે અલખઃ- સૂણ બાળ !
ધન્ય ધન્ય મન તાહરું, જીવિત ધન્ય રસાળ. ૭

ગુરુકૃપા બાળક ગુણી, ધન્ય નિરંજન ધન્ય !
પાવન ત્રિભુવનમાં અહા, બડભાગી તું ધન્ય !! ૮

તવ પ્રશ્ને મન માહરું થયું તુષ્ટ અતિ જાણ;
ચરિત્રકથને મુજ મને થાય મોદ અમાન. ૯

ગાણગાપુરમાં રહ્યા શ્રીગુરુ ગુપ્તસ્વરૂપ
ભીમાઅમરજાસંગમે, વધી કીર્તિ અનુરૂપ. ૧૦

[1]ઉદગ્ વહે ભીમા જિહાં, મળી અમરજા ત્યાંય;
સંગમ સોહે વરદ હા, સિદ્ધ કામના થાય. ૧૧

કામધુગ્[2] અશ્વત્થ ત્યાં, મહાતીર્થ એ જાણ;
અષ્ટ તીર્થ અહીયાં વસે, પ્રયાગસમ એ માન; ૧૨

અપાર મહિમા તીર્થનો, કહીશ આગળ સાર;
ભીમાઽમરજાસંગતિ પાવન એ કલિતાર. ૧૩

ભક્તોદ્ધારક શ્રીગુરુ કરવા તીર્થ પ્રગટ,
રહ્યા ગુપ્ત ત્યાં પ્રેમથી કાળે થયા પ્રગટ. ૧૪

સકળ તીર્થ ગુરુચરણમાં, ફરે તીર્થ એ કેમ ?
ભક્ત તારવા કારણે, કરે શ્રેષ્ઠ સહુ એમ. ૧૫

તેમ રમ્ય સંગમસ્થળે રહ્યા શ્રીગુરુ ગુપ્ત;
ત્રયીમૂર્તિ અવતાર જે, રહે કેમ સુગુપ્ત ? ૧૬

ક્રમે પ્રગટ થયા અહા, મહિમા વધ્યો અપાર;
સાંભળ કથા કહું ક્રમે, કારણ સઘળું સાર. ૧૭

સહસ્રરશ્મિ[3] સૂર્ય જે, રહે કેમ એ ગુપ્ત ?
કો ઢાંકે કસ્તૂરિકા ? કેમ રહે ગુરુ ગુપ્ત ? ૧૮

સ્વયંપ્રકાશ સદ્‌ગુરુગુણો કરે દૂતત્વ જાણ;
ભક્તો પદપદ્મે અહા દોડે ભૃંગસમાન ! ૧૯

વસે સંગમે વન વિષે, ભિક્ષા માટે જાય
નિત્ય બપોરે ગાણગાગ્રામ મહીં યતિરાય. ૨૦

૧. ઉત્તર. ૨. ઇચ્છિત ફળ આપનાર. ૩. કિરણ.

હતાં વેદવિદ્ દ્વિજ તણાં સો ઘર ગ્રામે એહ,
રાજદત્ત જમીન પર કરે ગુજારો જેહ. ૨૧

ક્ષીણવૃત્તિ દ્વિજ એક ત્યાં, હતો દરિદ્રી છેક;
પતિવ્રતા તત્સ્ત્રી અહા, જેનો ધન્ય વિવેક ! ૨૨

ભેંસ એક અતિવૃદ્ધ ને દંતહીન સુવંધ્ય
હતી ઘેર એ દ્વિજ તણા, ભારવાહિની નિંદ્ય. ૨૩

નાથ નાકમાં જેહના, કેવળ જર્જર એમ;
ખાતર માટી લાવવા, કૃષિક વાપરે તેમ. ૨૪

આપી ભાડું વિપ્રને, લઈ જાય દરરોજ;
કામ કરાવે ખેતમાં, લાદી યથેચ્છ બોજ. ૨૫

કરે ગુજારો એ ધને, બ્રાહ્મણ એહ દરિદ્ર,
આવ્યા ભિક્ષાર્થે તિહાં, પ્રેમે ગુરુ યતીંદ્ર. ૨૬

દેખી દ્વિજજન અન્ય જે, નિંદા કરે અધન્ય !
કહેઃ- ભર્યું શું ત્યાં તથા, જાય યતિ આ વન્ય ? ૨૭

શ્રોત્રિય બ્રાહ્મણ આ અમે સર્વસંપન્ન જેહ
છોડી, ઘેર ભિખારીના જાએ કિમર્થ તેહ ? ૨૮

ષડ્રસ ભોજન નિત્ય જ્યાં, શાકપાન અમ ઘેર;
ત્યજી યતીશ્વર કેમ આ, કરે હીન પર મ્હેર ? ૨૯

નિંદા વિધવિધ એમ એ, કરે દ્વિજજનો ત્યાંય;
ભક્તવત્સલ શ્રીગુરુ પ્રપંચમુક્ત સદાય ! ૩૦

સમાન સઘળા એહને, ના જાણે અટકાવ;
કરવા પાવન ભક્તને, આવ્યા જોઈ ભાવ. ૩૧

પ્રેમે વણ તેડ્યે ગયા વિદુરઘેર જ્યમ કૃષ્ણ,
દુર્યોધનમેવા ત્યજી; શ્રીગુરુ તેમ વિતૃષ્ણ, ૩૨

જોઈ સાત્ત્વિક ભાવને કરે કૃપા તતખેવ;
આપી સૌખ્ય અહીં, ગતિ પરત્ર [1]નતને દેવ. ૩૩

ભક્તકૃપાળુ શ્રીગુરુ; કોણ શ્રીમત્ત ત્યાંય ?
થતાં યત્કૃપા ક્ષણ મહીં, થાય રંકનો રાય ! ૩૪

કોપે જો કો પર કદિ, થાય ભસ્મ એ તેમ;
આપી વર ભિખારીને, કરે પૃથ્વીપતિ એમ. ૩૫

દુષ્ટાક્ષર પણ વિધિ તણા થાય શુભાક્ષર તેહ
શ્રીગુરુચરણસ્પર્શથી, એમાં ના સંદેહ ! ૩૬

ગુરુમહિમા એ ક્યાં અહા ? ક્યાં પામર હું મંદ ?
વર્ણન કોણ કરી શકે, સ્વયં મૂક જ્યાં [2]છંદ ? ૩૭

અહો પુણ્ય એ દ્વિજ તણું, ગયા શ્રીગુરુ જ્યાંય !
દર્શનમાત્રે જેહના પાપી પાવન થાય. ૩૮

હતી ભેંસ તે દિન ગૃહે, લઈ ના ગયું કોઈ;
મધ્યાહ્ને વૈશાખમાં આવ્યા શ્રીગુરુ સોઈ. ૩૯

તપે તાપ શિર પર અહા, થાય અતિ ઉકળાટ;
કૃપામૂર્તિ યતિવર તિહાં આવ્યા ભિક્ષા માટ. ૪૦

[3]યાયાવરવૃત્યર્થ એ ગયો હતો દ્વિજ બ્હાર;
હતી ગૃહે સ્ત્રી એકલી; સૂણ્યો શબ્દ રસાળ ! ૪૧

'ભિક્ષાં દેહિ' સાંભળી, દોડી પ્રમુદિત તેહ;
જોઈ શ્રીગુરુ બારણે, નમે દંડવત્ એહ. ૪૨

વદે હાથ જોડીઃ- પ્રભુ ! વૃત્ત્યર્થે પતિ બ્હાર
ગયા; પધારો, આવશે લઈ ધાન્યાદિક સાર. ૪૩

વાર નહીં લાગે બહુ, બેસો સ્વામી સ્વસ્થ !
એમ કહી આસન તિહાં અર્પે [4]સ્વાન્તે હૃષ્ટ. ૪૪

બેસી આસન પર મુદા, હાસ્યવદન ગુરુ ત્યાંય
કહેઃ-દૂધ ભિક્ષાર્થ કાં ના અર્પે હે માય ? ૪૫

લઈ ધાન્ય પતિ આવશે; કેમ વદે તું એમ ?
બાંધી મહિષી બારણે ! કેમ ન દે [5]પય તેમ ? ૪૬

ગુરુવચન એ સાંભળી, વદે વિનયનત એહઃ-
વંધ્યા મહિષી એ પ્રભો, વૃદ્ધ [6]સુકુત્સિતદેહ. ૪૭

જન્મ ધરી ના એ કદિ, થઈ જાભણી હંત !
થઈ વૃદ્ધ ઉછરી અહીં, પડી ગયા સહુ દંત !! ૪૮

પાડાસમ પાળી અમે, ઘાલી નાકે નાથ;
જાણે લોકો એ સહુ, જન્મવંધ્ય એ તાત ! ૪૯

વહેવા ખાતર મૃત્તિકા લઈ જાય સહુ તેમ
આપી ભાડું, જે થકી ચાલે [7]યોગક્ષેમ. ૫૦

વદે શ્રીગુરુઃ- બોલ મા મિથ્યા આવું છેક;
દોહી સત્વર ભેંસ દે પય ભિક્ષાર્થે નેક. ૫૧

સૂણી વચન એ મન વિષે રાખી દૃઢ વિશ્વાસ,
કાષ્ઠપાત્ર લઈ વિપ્રસ્ત્રી ગઈ ભેંસની પાસ. ૫૨

ગુરુવચન એ કામધુક્ માની, આંચળ જ્યાંય
પકડી દોહે ત્યાં અહા, કૌતુક અપૂર્વ થાય ! ૫૩

ઘડા ભરાયા બે તિહાં દૂધ થકી ક્ષણ માંહ્ય;
દૂઝે વંધ્યા પણ અહા ! ધન્ય ધન્ય ગુરુરાય !! ૫૪

જોઈ વિપ્રસ્ત્રી મને થઈ સુવિસ્મિત એહ;
કહેઃ- ઈશ આ નિશ્ચયે; એમાં ના સંદેહ. ૫૫

યદ્વાકયે વસ્તુસ્થિતિ ફરે આમ અદ્ભુત,
બ્રહ્માહરિહર એ નકી ! એમ કહીને તૂર્ત, ૫૬

૧. ભક્તને. ૨. વેદ. ૩. સૂકી ભિક્ષા માંગવા. ૪. અંતઃકરણમાં. ૫. દૂધ. ૬. અતિનિંદ્ય. ૭. ગુજરાન.

જઈ ગૃહ મહીં દૂધને અન્ય પાત્રમાં જાણ
કરે ગરમ; ત્યાં શ્રીગુરુ બોલેઃ- સતી સુજાણ ! ૫૭

આપ ક્ષીરભિક્ષા મને, મા કર વિલંબ નાર;
જાવું સંગમસ્થાનમાં; કેમ લગાડે વાર ? ૫૮

સૂણી વચન શ્રીગુરુ તણાં, દોડી દ્વિજસ્ત્રી ત્યાંય;
આપે પય આનંદથી, થયા તુષ્ટ ગુરુરાય. ૫૯

પ્રાશન કરી સંતોષથી, બોલે યતિવર ધન્યઃ-
થયો તુષ્ટ હું હે સતી ! લે વરદાન અનન્ય. ૬૦

લક્ષ્મી અખંડ ત્વદ્‌ગૃહે રહેશે નિશ્ચય જાણ;
રહો નિશ્ચિંત સર્વદા પુત્રપૌત્રાયુત માન. ૬૧

એમ કહી સંગમ વિષે ગયા એહ તત્કાળ;
આવ્યો બ્રાહ્મણ ઘેર ત્યાં, સૂણે વૃત્ત એ સાર. ૬૨

ગુરુમહિમા એ સાંભળી, કહે સાશ્ચર્ય એહઃ-
નકી ઈશ અવતાર આ, એમાં ના સંદેહ ! ૬૩

સ્થૂલ દૃષ્ટિએ નર સમો દેખાએ પણ જાણ,
પરમ પુરુષ એ નિશ્ચયે થયો અવતીર્ણ માન !! ૬૪

એમ કહી સ્ત્રીને કહેઃ- આવ્યા શ્રીગુરુ ગેહ,
થયું નષ્ટ દારિદ્ર્ય ને ટળ્યો પાપસંદેહ. ૬૫

સર્વાભીષ્ટદ શ્રીગુરુ, થઈ એહની મ્હેર;
ચાલ દર્શનાર્થે તથા, મા કર સાધ્વી દેર. ૬૬

એમ કહી સ્ત્રી સહ મુદા આવ્યો સત્વર જાણ;
પૂજનસામગ્રી લઈ દ્વિજવર એહ સુજાણ. ૬૭

સંગમસ્થાને આવીને ભક્તિનમ્ર બંનેય,
પૂજનનીરાજન[૧] કરી, કરે સ્તવન અમેય. ૬૮

કરે દંડવત્ પ્રાર્થના વારંવાર સુહૃષ્ટ;
જોઈ વિશુદ્ધ ભાવ એ થયા શ્રીગુરુ તુષ્ટ. ૬૯

આપે આશિષ પ્રેમથી, ફરી વરદાન તેમ;
ગયો વિપ્ર વંદન કરી ઘેર પત્ની સહ એમ. ૭૦

થયો ચિરાયુ એ સુધી, પામ્યો કન્યાપુત્ર;
ધનધાન્યાદિક સંપદા, સૌખ્ય અત્ર પરત્ર ! ૭૧

એમ કૃપા ગુરુની થતાં, રહે દૈન્ય ક્યાં દુષ્ટ ?
અષ્ટૈશ્વર્યો આંગણે ખડાં, **રંગ** જો હૃષ્ટ !! ૭૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે વંધ્યામહિષીદોહનં નામ ષટ્‌સપ્તતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૭૬ ॥ દોહરા ૭૨

અધ્યાય ૭૭

પ્રણમી શિષ્ય વદે ફરી, ધન્ય નિરંજન એહ;
આગળ લીલા ગુરુ તણી, કહો યોગિવર તેહ. ૧

વદે અલખઃ- સૂણ બાળ હે વંધ્યા મહિષી એમ.
કરી દૂઝણી ગુરુવરે; થયા પ્રગટ પ્રભુ તેમ ! ૨

ભાડે લેવા અન્ય દિન આવ્યા ખેડૂત જ્યાંય
ભાર વહેવા ખેતમાં આપી ધન, દ્વિજ ત્યાંય ૩

કહેઃ- દૂઝણી ભેંસ આ, ના આપું હું તેમ,
દોહી હમણાં આ જુઓ પયઃપૂર્ણ ઘટ એમ. ૪

જોઈ ઘટદ્વય દૂધના થયા સુવિસ્મિત એહ;
કહેઃ- અહો આશ્ચર્ય આ ! ભેંસ સુજર્જર તેહ. ૫

મ્હોમાં દાંત મળે નહીં, હતી નાકમાં નાથ;
કાલે લઈ ગયા અમે; આ તો અપૂર્વ વાત ! ૬

થઈ જાભણી ના કદિ, વીયાઈ ના તેમ;
આપે દૂધ આશ્ચર્ય આ ! વદે પરસ્પર એમ. ૭

ફેલાઈ વાર્તા બધે, પ્હોંચી રાજદ્વાર;
થઈ સુવિસ્મિત ભૂપ ત્યાં આવ્યો એ તત્કાળ. ૮

નમન કરી દ્વિજને તિહાં, પૂછે સહુ વૃત્તાન્ત;
વદે વિપ્રઃ- યતિરાજ જે વસે સંગમે દાન્ત, ૯

તેની લીલા આ બધી; લાગે ઈશ્વર એહ,
કાર્યકારણે અવતર્યો; ના મુજને સંદેહ. ૧૦

ભિક્ષા માટે ઘેર એ આવે નિત્ય સુજાણ;
કાલે મહિષી દેખીને, માગ્યું દુગ્ધ પ્રમાણ. ૧૧

કહ્યું પત્નીએ વંધ્ય એ, દંતહીન અતિ વૃદ્ધ;
સૂણી વૃત્ત એ એકદમ થયા યતીશ્વર ક્રુદ્ધ. ૧૨

કહેઃ- કાઢ પય જોઉં હું, કેવી વંધ્યા ભેંસ !
જૂઠું કાં બોલે વૃથા ? થાય પુણ્યવિશ્લેષ[૨]. ૧૩

માની કામધુક્ વેણ એ દોહ્યું જ્યારે ક્ષીર,
ઘડા ભરાયા બે અહા; નકી ઈશ યતિ ધીર ! ૧૪

સૂણી વચન એ વિપ્રનાં રાજા સત્વર જાણ
લઈ સૈન્ય ચતુરંગ ત્યાં પુત્રસ્ત્રી સહ માન, ૧૫

વિનયનમ્ર ભક્તિ થકી, ગયો શ્રીગુરુ પાસ;
જોઈ અનન્ય ભાવથી નમે દંડવત્ ખાસ. ૧૬

૧. આરતી ૨. વિયોગ

જયજયકાર કરે તિહાં, જોડી બંને હાથ;
કહેઃ- જગદ્‌ગુરુ તું પ્રભો, તારક ત્રિલોકનાથ ! ૧૭

બ્રહ્માહરિહરરૂપ તું, ત્રિગુણાતીત મહેશ;
મહિમા અપાર તાહરો, વર્ણી શકું ન લેશ ! ૧૮

માયાવેષ્ટિત મંદધી, પામર હું અજ્ઞાન;
જગજ્જ્યોતિ ના ઓળખું તુજને મૂઢ અજાણ. ૧૯

સંસારાર્ણવમાં પડ્યો, ગહન અવિદ્યા માંહ્ય;
કામાદિક નક્રે ગ્રસ્યો, તાર તાર યતિરાય ! ૨૦

તુંજ વિશ્વકર્તા પ્રભો, ગ્રહ્યા ચરણ તુજ તેમ;
મા ઉપેક્ષા કર વિભો, અજ્ઞ બાળ હું એમ. ૨૧

ઇચ્છામાત્રો સર્જીને, પાળે વિશ્વ સકળ;
સંહારે લીલા થકી, અજ અક્ષય તું હર. ૨૨

અજ્ઞદૃષ્ટિએ નર દિસે, નારાયણ તું તાત !
મહિમા તારો મૂઢ હું, કેમ વર્ણવું નાથ ? ૨૩

વ્યોમકેશ ચિન્માત્ર તું, જગદ્‌ગુરુ સાક્ષાત્;
વંદું તુજને ભાવથી, પુનઃ પુનઃ હે તાત ! ૨૪

સ્તવન એમ ભક્તિ થકી કરી, કરે પ્રણામ;
આશ્વાસી એને વદે તુષ્ટ શ્રીગુરુ આમઃ- ૨૫

યતિ તાપસી હું અહીં રહું નિત્ય સંતુષ્ટ;
અરણ્યવાસી એકલો, સદા સ્વાત્મથી હૃષ્ટ. ૨૬

કેમ કુતૂહલથી અહીં આવ્યો ભૂપતિ બોલ,
આમ સૈન્ય સહ દોડતો, પુત્ર સ્ત્રી સહ ફોલ ! ૨૭

કર જોડી પાર્થિવ વદે વિનયનમ્ર હે નાથ !
શો વનવાસ તને વિભો ? જગતારક તું તાત ! ૨૮

નારાયણ નરસિંહ તું, ભક્ત તારવા આમ
થયો અવતીર્ણ હરે અહીં, સદા [1]પર્યાપ્તકામ ! ૨૯

ભક્તેચ્છા સમ વર્તીને, કરે ભક્ત સંતુષ્ટ;
વેદ પુરાણો ભાટ થઈ, ગાય કીર્તિ તુજ હૃષ્ટ. ૩૦

ભક્તવત્સલ હે પ્રભો ! કીર્તિ તારી અગાધ;
એક વિનંતિ માહરી કર માન્ય જગતાત ! ૩૧

ગાણગાપુર સ્થાન આ, કર પાવન યતિરાય;
અનુષ્ઠાન કર ત્યાં સુખે, રહી ગામની માંહ્ય. ૩૨

મઠ બાંધી આપું તને, ઉદ્ધર અમને દેવ !
એમ કહી ગુરુપદ મહીં, પડ્યો ભૂપ તતખેવ. ૩૩

સ્વગત વિચારે શ્રીગુરુઃ પર ઇચ્છાથી આમ
થાવું પ્રગટ હવે અહા ! જોઉં આનું ગામ. ૩૪

કિંચિત્કાલ વસું અહીં, ભક્તાર્થે હું તેમ;
કરું તુષ્ટ નૃપને તથા ! વદે વિચારી એમઃ ૩૫

જેવી ભક્તિ નૃપ મને, કર એવું સત્વર;
સૂણી વચન શ્રીગુરુ તણાં થયો હૃષ્ટ નૃપવર. ૩૬

સુખાસને બેસાડીને પ્રેમે ગુરુને ત્યાંય,
ગીતવાદ્ય સહ મોદથી લઈ જાય પુર માંહ્ય. ૩૭

મૃદંગતાસાંશંખનો થાય મનોહર નાદ;
મંગલગીતો સ્ત્રીજનો મધુર કંઠથી ગાત. ૩૮

આગળ ઘોડા હાથીઓ, નિશાન ડંકો તેમ;
વચ્ચે ગુરુની પાલખી, છત્રવિભૂષિત એમ. ૩૯

ચાલે સાથે રાજવી, ઢોળે ચમર સુકાય;
સ્ત્રીપુત્રાદિક સહ અહા, મોદ ન ઉરમાં માય !! ૪૦

વેદઘોષ દ્વિજવર કરે, ગાય બંદિજન હૃષ્ટ
બિરુદાવલી ત્રિમૂર્તિની; છડી પુકારે તુષ્ટ. ૪૧

એમ વાજતે ગાજતે લઈ જાય નૃપ એહ,
શ્રીગુરુને આનંદથી નિજ નગરીમાં તેહ. ૪૨

લઈ આરતી પૌરજન આવ્યા સ્હામા ત્યાંય;
પૂજનનીરાજન[2] કરી મુક્તકંઠ યશ ગાય. ૪૩

પેઠા શ્રીગુરુ ગામમાં, મહોત્સવે એ તેમ;
વંદે નરનારી સહુ, પૂજી ભાવે એમ. ૪૪

પશ્ચિમ ભાગે ગામના હતો અશ્વત્થ એક,
વસે બ્રહ્મરાક્ષસ જિહાં, ક્રૂર ભયંકર છેક. ૪૫

પીડે પ્રાણિમાત્રને, કરે મનુષ્યાહાર;
બીકે એની ગૃહ તિહાં પડ્યાં શૂન્ય નિર્ધાર ! ૪૬

આવ્યા શ્રીગુરુ [3]દ્રુમતળે; દેખી રાક્ષસ એહ,
અશ્વત્થેથી ઊતરી કરે નમન નતદેહ !! ૪૭

પડી ચરણમાં, પ્રાર્થના કરે જોડીને હાથ;
કર ઉદ્ધાર કૃપાલુ હે, પાપી હું, તું નાથ ! ૪૮

અંધકારમાં ઘોર આ, ડૂબું હું દુસ્તર;
કરી કૃપા મુજ દીન પર, કાઢ બ્હાર ગુરુવર ! ૪૯

દર્શનમાત્રો તાહરા, થયા દોષ સહુ નષ્ટ;
કૃપા થતાં તારી હવે, રે'શે કાંઇ ન કષ્ટ. ૫૦

સૂણી પ્રાર્થના નમ્ર એ, થયા તુષ્ટ ગુરુરાય;
મૂકે કર તન્મસ્તકે, થાય રક્ષ[4] નર ત્યાંય ! ૫૧

કરે દંડવત્ પ્રેમથી મનુષ્યરૂપે એમ;
કહે શ્રીગુરુઃ- જા હવે સંગમસ્થાને તેમ. ૫૨

૧. જેની સર્વ કામનાઓ પરિપૂર્ણ જ છે એવો. ૨. આરતી. ૩. ઝાડ. ૪. રાક્ષસ.

સ્નાનમાત્રથી ત્યાં નકી થઈશ શીઘ્ર સુમુક્ત !
સૂણી વચન એ ગુરુ તણાં, દોડ્યો રાક્ષસ યુક્ત. ૫૩

કર્યું સ્નાન શ્રદ્ધા થકી, થયો જ્ઞાની સુધન્ય;
ત્યજી કલેવર તત્ક્ષણે થયો મુક્ત અનન્ય ! ૫૪

જોઈ કૌતુક એ થયા વિસ્મિત લોક સકળ;
કહેઃ- ત્રિમૂર્ત્યવતાર આ ! નકી ન લૌકિક નર. ૫૫

તે જ સ્થળે ગુરુવાક્યથી નિર્મ્યો મઠ તત્કાળ;
રહ્યા શ્રીગુરુ ત્યાં મુદા, ભાવે ભજે નૃપાળ. ૫૬

નાના ઉપચારે કરે નિત્ય સુપૂજન તેમ;
ગીતવાદ્યઆર્તિક્યથી મંગલદ્રવ્યે એમ. ૫૭

જાય સંગમે શ્રીગુરુ, અનુષ્ઠાનાર્થ નિત્ય;
રાજા પણ સહ સૈન્ય ત્યાં સાથે જાય સુપ્રીત્ય ! ૫૮

મધ્યાહ્ને જ્યાં મઠ વિષે આવે શ્રીગુરુ તેમ,
સેના સહ સંમુખ જઈ, વંદે ભાવે એમ. ૫૯

બેસાડી શિબિકા[1] મહીં પ્રીતે ગુરુને જાણ,
કોઈ દિન વનાન્તરે લઈ જાય સૈન્ય સહ માન. ૬૦

ભક્તવત્સલ શ્રીગુરુ, વર્તે ભક્તાધીન,
થાય તોષ નૃપને યથા; સદા સ્વાત્મસંલીન ! ૬૧

ફેલાયો મહિમા બધે ગામેગામ અપાર;
આવે ટોળાં દર્શને દૂરદૂરથી સાર !! ૬૨

બ્રાહ્મણભોજન નિત્ય ત્યાં, ઉત્સવ કીર્તન તેમ,
થાએ જાણી ઉલટ્યા, ભાવિક ભક્તો એમ. ૬૩

થઈ પ્રસિદ્ધિ ચોદિશે; ત્યાંથી કિંચિત્ દૂર,
કુમસી નામે ગ્રામમાં વસે એક [2]ભૂસુર. ૬૪

નામ ત્રિવિક્રમભારતી, ત્રિવેદજ્ઞ યતિ એહ;
માનસપૂજનરત સદા, નૃસિંહપૂજક તેહ. ૬૫

સૂણી નામ શ્રીગુરુ તણું, ચરિત અલૌકિક વંદ્ય;
કહેઃ- કોણ યતિ આ વળી નૃસિંહસરસ્વતી નિંદ્ય ? ૬૬

વેષધારી દામ્ભિક અતિ, ચેષ્ટા આવી તેમ
તુર્યાશ્રમમાં[3] આચરે, શાસ્ત્રગર્હ્ય[4] જે એમ ! ૬૭

'ભોગાચ્ચ્યવતિ યતિઃ'[5] કહ્યું, ફરે સ્વૈર આ ધિક્ !
નિંદા વિધવિધ એમ એ કરે ત્રિવિક્રમ [6]અલીક !! ૬૮

જાણે સઘળું એ ગુરુ, સર્વસાક્ષી વિભુ તેમ;
બન્યું આગળ અપૂર્વ જે, સાંભળ સાવધ એમ. ૬૯

સર્વાભીષ્ટદ એ નકી, શ્રીગુરુલીલા ધન્ય !
પામે પાર ન સુરવરો, કોણ **રંગ** અધન્ય !! ૭૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
બ્રહ્મરાક્ષસોદ્ધારો નામ સપ્તસપ્તતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૭૭ ॥ દોહરા ૭૦

અધ્યાય ૭૮

સૂણી વચન અપૂર્વ એ, વદે નિરંજન બાળઃ-
ધન્ય યોગિવર અલખ હે ! કહો વૃત્ત રસાળ. ૧

બન્યું આગળ શું પછી ? થાએ અચરજ નાથ;
વદે અલખઃ- સુધન્ય તું ! સાંભળ સર્વ સુજાત. ૨

કલિતારક શ્રીગુરુકથા, અભિનવ નિઃસંદેહ;
સાંભળ વત્સ સુધી સુખે, રહે ન ભવસંદેહ. ૩

યતિ ત્રિવિક્રમભારતી કુમસીગ્રામે તેમ,
કરે નિત્ય નિંદા અતિ, દામ્ભિક શ્રીગુરુ એમ. ૪

જાણે શ્રીગુરુ એ બધું, વિશ્વસાક્ષી વિભુ જાણ;
કહે એક દિન ભૂપને નિંદાવૃત્ત પ્રમાણ. ૫

વદે શ્રીગુરુઃ- ભૂપ હે ! જાવું કુમસીગ્રામ;
મન્નિંદક ભિક્ષુ જિહાં વસે ત્રિવિક્રમનામ. ૬

થયો હૃષ્ટ નૃપ એ સૂણી, કરી સ્વારી તૈયાર;
હસ્ત્યશ્વ રથ પાયદળ, નાના વાદ્ય અપાર. ૭

શણગારી ગુરુને તદા, રમ્ય પાલખી માંહ્ય,
બેસાડી આનંદથી, ગીત વાદ્ય સહ ત્યાંય, ૮

મહોત્સાહથી એમ એ, કુમસીગ્રામે જાણ
લઈ જાય નૃપ ભાવથી; થયું આશ્ચર્ય મહાન. ૯

બેઠો નૃસિંહપૂજને ભિક્ષુ ત્રિવિક્રમ એહ,
નિત્યનિયમવત્ એ સમે માનસાર્ચને તેહ. ૧૦

પૂજે [7]નરહરિ ભાવથી, ધરે ચિત્તમાં ધ્યાન
પુનઃ પુનઃ પ્રયત્નથી; તોએ તે દિન માન ૧૧

ઠરે ચિત્ત ના ધ્યેયમાં, દોડે ચંચલ એહ;
મૂર્તિ નાવે મન વિષે, થયો ખિન્ન યતિ તેહ, ૧૨

કહેઃ- દોડ નરસિંહ હે ! કેમ ઉપેક્ષે બાળ ?
ગયું વૃથા તપ સર્વ શું ? કેમ ન લે સંભાળ ? ૧૩

કીધું લાંબો કાળ મેં તારું આરાધન;
વૃથા ગયું શું સર્વ એ ? મા ઉપેક્ષ સ્વજન. ૧૪

૧. પાલખી. ૨. બ્રાહ્મણ. ૩. ચતુર્થાશ્રમમાં. ૪. નિંદિત. ૫. યતિ ભોગથી પડે છે. ૬. અસત્ય. ૭. નરસિંહ.

કેમ કરું ? જાઉં કહાં ? કરે એમ ચિંતન,
પુનઃ પુનઃ મન ઠારવા; ત્યાં તો સચ્ચિદ્‌ઘન ૧૫

દેખ્યા શ્રીગુરુ આવતા માનસપૂજા માંહ્ય;
નદીતીરથી ધન્ય હા, સકલ સૈન્ય સહ રાય ! ૧૬

બેઠો નિજ ગૃહમાં યતિ, અર્ધોન્મીલિત નેન;
દેખી દશ્ય અપૂર્વ એ, કહેઃ- દિવસ કે રૈન ? ૧૭

દંડધારી સેના બધી જે તે યતિસ્વરૂપ !
દેખી માનસપૂજને, થયો ત્રિવિક્રમ ચૂપ !! ૧૮

થઈ દિઙ્‌મૂઢ વિસ્મયે, દોડ્યો ત્યાંથી તેમ;
સાષ્ટાંગ પ્રણતિ કરે આવી ગાભરો એમ. ૧૯

દંડધારી જોઈ સહુ, મનુષ્ય પ્રાણી સર્વ
યતિસ્વરૂપી દેખીને, થયો ત્રિવિક્રમ ખર્વ. ૨૦

કો જ્યેષ્ઠ કનિષ્ઠ કો, જાણી ન શકે હન્ત !
થયો ભ્રાંત યતિ અંતરે, સૂઝે કાંઈ ન પંથ. ૨૧

થયું નષ્ટ અભિમાન ને વહે અશ્રુની ધાર;
વિનયનમ્ર ગદ્‌ગદ્‌ગિરા વદેઃ- ત્રિમૂર્તે તાર ! ૨૨

બ્રહ્માહરિહરરૂપ તું, જગદ્‌ગુરુ સાક્ષાત્;
માયાવેષ્ટિત જંતુ હું, કેમ ઓળખું તાત ? ૨૩

ના જાણું તુજ રૂપ હું; કરી કૃપા ગુરુ એમ
દેખાડી નિજ રૂપને, કર કૃતાર્થ વિભુ તેમ. ૨૪

ચર્મચક્ષુ આ શું લહે, તારું અદ્‌ભુત રૂપ ?
કર કરુણા કરુણાનિધે ! શોષ ભ્રાંતિનો કૂપ. ૨૫

કર ક્ષમા ગુરુનાથ હે ! હું અપરાધી બાળ;
જાણ્યું મેં નિશ્ચિત હવે, ના તુજ વિણ આધાર. ૨૬

નૃસિંહમૂર્તિ તું સ્વયં, વ્યાપક સઘળે નાથ;
થયો યતીશ્વર ભક્તને કાજે તું શ્રુતિતાત. ૨૭

નૃસિંહસરસ્વતી ધન્ય તું, સર્વે આ યતિરૂપ
દેખાડ્યા; કોને નમું ? કેમ વિલોકે ચૂપ ? ૨૮

કોને મુખ દેખાડું આ ? તુંજ માત તું તાત;
તુંજ ત્રિમૂર્તિ અન્ય ના, દે દર્શન સાક્ષાત્. ૨૯

કીધું તપ બહુ દિવસ મેં, માનસાર્ચને તેમ
પૂજ્યા દેવ નૃસિંહ જે, ફળ્યું આજ આ એમ. ૩૦

દેખી મૂર્તિ તાહરી, વિશ્વતાર સાક્ષાત્;
થયો અવતીર્ણ ભૂતલે યતિવર તું વિખ્યાત ૩૧

અમને ઉદ્ધરવા વિભો, એમાં ના સંદેહ;
ચિન્મય મુખ તારું પ્રભો કર પ્રગટ નરદેહ. ૩૨

એમ ત્રિવિક્રમભારતી થઈ ગળગળો એહ,
કરી સ્તુતિ પ્રણમે ફરી ભક્તિનમ્ર નતદેહ. ૩૩

થયા તુષ્ટ ગુરુ સાંભળી, દ્રવ્યા ચિત્તમાં ત્યાંય;
નિજ સ્વરૂપે પલકમાં થયા પ્રગટ [1]વરકાય. ૩૪

સૈન્ય ચતુર્વિધ વ્યક્ત ત્યાં ઊભું પૃથક્ સુરમ્ય;
ભક્તવરદ વચ્ચે ગુરુ શોભે [2]અતીવ [3]કમ્ય. ૩૫

જોઈ ત્રિવિક્રમ વિસ્મયે ઊભો આભો એહ !
પૂછે ગુરુવર એહનેઃ- કરે કેમ સંદેહ ? ૩૬

દાંભિક આ કહી નિત્ય તું નિંદે જેને જાણ,
તે જ સંમુખ હું ખડો; આવ્યો પૂછવા માન. ૩૭

નૃસિંહપૂજક તું અરે માનસપૂજનસક્ત
ખ્યાત[4] લોકમાં સત્ય જો યતિવર અનન્ય ભક્ત, ૩૮

શી દાંભિકતા માહરી બોલ સવિસ્તર અઘ;
વસે શ્રીહરિ ઉર વિષે, વદાવશે એ સત્ય. ૩૯

ગુરુવચન એ સાંભળી, વદે ત્રિવિક્રમ એહ;
નમન દંડવત્ આચરી, થઈ ગળગળો તેહઃ- ૪૦

ભો જગદીશ્વર, શું કહું ? પામર હું અજ્ઞાન;
ડૂબું અવિદ્યાપંકમાં, યાચું માફીદાન. ૪૧

વિશ્વતારક તું વિભો, નકી ત્રિમૂર્ત્યવતાર;
માયાયંત્રે જગ બધું તુંજ નચાવે, તાર. ૪૨

ડૂબું માયાર્ણવ મહીં, અજ્ઞાનાવૃત દીન;
મોહાન્ધ્યે વ્યાપૃત[5] અહા, [6]દિવાભીતવત્ હીન ! ૪૩

પારમાર્થિક રૂપ જે તારું તેજઃપુંજ,
ના જાણી રવડું બધે, માની [7]કોટર કુંજ ! ૪૪

પૂર્વ પુણ્યથી આજ તું મળ્યો જ્યોતિઃસ્વરૂપ,
અજ્ઞાનાન્ધ્ય નિવારીને કર પ્રકાશ સુખરૂપ. ૪૫

કર અપરાધ ક્ષમા પ્રભો, લે ઉદ્ધારી દાસ;
દેવરાજ પ્રણમું તુને, હર દુસ્તર ભવત્રાસ. ૪૬

પડ્યો અવિદ્યાર્ણવ મહીં, ભમું અહર્નિશ ત્યાંય
પૂર્વકર્મમોજાં થકી; દિસે [8]પાર ના ક્યાંય. ૪૭

થાગ ન લાગે જળ તણો, ના આલંબ સહાય
ત્વદ્વિણ, સ્વામિન્ કર કૃપા; અર્પી ચરણે કાય ! ૪૮

જ્ઞાનનાવમાં નિજ કરે બેસાડી, પર પાર
જા લઈ નિજસ્થાનમાં, પ્રેરી [9]કૃપાનિલ સાર. ૪૯

વર્ષે જેના પર અહા તારી કૃપા અગાધ,
દુઃખ દોષ ક્યાંથી નડે તેને એ કમજાત ? ૫૦

૧. સુંદર દેહવાળા. ૨. અતિશય. ૩. મોહક. ૪. પ્રખ્યાત. ૫. વ્યાપ્ત. ૬. ઘુવડની માફક. ૭. ઝાડની બખોલ. ૮. કાંઠો. ૯. કૃપાવાયુ.

જીતી એ કલિકાલને થાય સ્વયં ત્વદ્રૂપ;
જન્મમરણ એને નહીં, એ તો અમર અરૂપ. ૫૧

કૃષ્ણે અર્જુનને પુરા વિશ્વરૂપ સુધન્ય
દેખાડ્યું, ત્યમ આજ તેં મુજને દેવ અનન્ય ૫૨

દેખાડી નિજ રૂપ આ કીધો કૃતાર્થ નાથ;
ભક્તવત્સલ શ્રીગુરો ! પ્રણમું જોડી હાથ. ૫૩

મહિમા કો તારો લહે ? નેતિ નેતિ શ્રુતિ ગાય !
જય જય જગદ્‌ગુરો નમું, સ્મરણે ભવભય જાય. ૫૪

બ્રહ્માહરિહરરૂપ તું નૃસિંહસરસ્વતી દેવ;
ત્વત્પદદર્શનથી થયો કૃતાર્થ હું તતખેવ. ૫૫

અનાયાસથી ભેદહર ચિંતામણિ સમ ધન્ય,
મળ્યો શ્રીગુરો તું મુને; લાગું પાય અનન્ય. ૫૬

વિદુરગેહ શ્રીહરિ ગયા વિણ બોલાવ્યે જેમ,
ભક્તવત્સલ તું ગુરો આવ્યો મદ્‌ગૃહ તેમ. ૫૭

રીઝ્યા સેવા વિણ અહા ! શું બોલું ગુરુનાથ ?
અનન્ત મહિમા તાહરો, કેમ વર્ણવું તાત ? ૫૮

અનેક સ્તોત્રે એમ એ સ્તવે[૧] ગળગળો જાણ;
થયા તુષ્ટ શ્રીગુરુ અહા, આપે વર વરદાન. ૫૯

કહે શ્રીગુરુઃ- [૨]ભારતી ! થયો તુષ્ટ હું આજ
ત્વદ્‌ભક્તિથી, ધન્ય તું; થયાં પૂર્ણ તુજ કાજ. ૬૦

થાશે સદ્‌ગતિ તાહરી, પુનરાવૃત્તિ ન જેમ;
પામ્યો તું પરમાર્થ ને રહે યથાસુખ તેમ. ૬૧

પામીશ પરમાત્મૈક્ય તું, જીવન્મુક્તિ સુજાણ;
મા શંકા કર મન વિષે ! એમ કહીને માન. ૬૨

સ્થાપી ત્રિવિક્રમભારતી કુમસીગ્રામે એહ,
ગયા શ્રીગુરુ સૈન્ય સહ ગાણગાપુર તેહ. ૬૩

મહિમા અપરંપાર એ શ્રીગુરુનો વિખ્યાત;
વર્તે નરદેહે અહા, ત્રિમૂર્તિ જે સાક્ષાત્ ! ૬૪

પરમ પુરુષ શ્રીગુરુ નકી; વદે ના તથા જેહ,
સાત જનમ યમલોકમાં વસે પાપી હતદેહ. ૬૫

ગુરુ બ્રહ્મા ગુરુ શ્રીહરિ, ગુરુ ગિરજાપતિ જાણ;
વેદશાસ્ત્રપુરાણમાં મહિમા પ્રસિદ્ધ માન. ૬૬

માટે ત્રિમૂર્તિ શ્રીગુરુ નૃસિંહસરસ્વતી એહ;
ભજો ભક્તજન ભાવથી, મા કરશો સંદેહ. ૬૭

બેસાડી અમૃત તણી પરબ તૃષાહર રમ્ય;
પીઈ કથામૃત સુલભ આ, થાઓ સંત સુધન્ય ! ૬૮

થાએ વનસ્પતિ હરી[૩] વર્ષાઋતુમાં અન્ય;
શુષ્ક જવાસો ! દુર્જનો તેમ અત્ર અધન્ય !! ૬૯

અલખવચન એ સાંભળી વદે નિરંજન જેહ,
આગળ અનુસંધાન એ, હરે **રંગ** સંદેહ. ૭૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે ત્રિવિક્રમોદ્ધરણં નામ અષ્ટસપ્તતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૭૮ ॥ દોહરા ૭૦ (ખંડ પારાયણ ૩જો દિવસ)

અધ્યાય ૭૯

કહે નિરંજનઃ- જય ગુરો ! અલખ યોગિવર ધન્ય;
થયો સુનિશ્ચય અંતરે, ત્વત્સમ કોઈ ન અન્ય. ૧

ગુરુશિરોમણિ તું નકી, જ્ઞાનદ પરમ પવિત્ર;
કીધો પાવન દાસને કહી કથાનક ચિત્ર. ૨

સર્વેશ્વર સદ્‌ગુરુ અહા, કૃપાબ્ધિ સાક્ષાત્;
થયો અવતીર્ણ ભૂતલે, કાર્યકારણે તાત. ૩

બીજાને નરવત્ દિસે, જ્ઞાનીને પ્રત્યક્ષ;
નિંદે પામર મૂઢધી, જાય શરણ જે દક્ષ. ૪

યતિ ત્રિવિક્રમને અહા દેખાડ્યું નિજ રૂપ;
વર્ત્યું આગળ શું કહો, થાય શુષ્ક ભવકૂપ. ૫

અલખ કહેઃ- અગમ્ય એ લીલા સઘળી બાળ;
કહું સ્મરી સંક્ષેપથી; ગયો કેટલો કાળ ! ૬

સમસ્ત મહિમા જો કહું, થાય ગ્રંથનો પ્હાડ;
માટે કિંચિત્ સાર જે સાંભળ કહું રસાળ. ૭

હતો [૪]વૈદૂર્યનગરમાં યવન રાજવી એક;
બન્યું વૃત્ત અપૂર્વ ત્યાં, શિષ્ય નિરંજન છેક. ૮

બ્રહ્મદ્વેષી ભૂપ એ મહાઘાતકી જાણ;
જીવહિંસારત સદા, દુર્ગુણની જે ખાણ. ૯

બલાત્કારથી વિપ્રને બોલાવીને એહ,
નિજ સભામાં વેદનું પઠન કરાવે તેહ. ૧૦

કહે યવનઃ- વિપ્રો અરે ! હોય જેહ વિદ્વાન,
કરે [૫]સાર્થ વેદો તણું અત્ર નિત્ય તે ગાન. ૧૧

આપીશ બહુ ધન તેમને, કરીશ અન્ય સન્માન;
કે'શે જે વેદાર્થ તે માનીશ મારા પ્રાણ. ૧૨

૧. સ્તુતિ કરે. ૨. ત્રિવિક્રમભારતી. ૩. લીલી. ૪. બેડર. (વિજાપુર). ૫. અર્થ સાથે.

વિશેષ પૂજીશ તેમને, ધનવસ્ત્રાદિક તેમ
આપીશ મનમાન્યાં નકી; પઢો વેદ દ્વિજ એમ. ૧૩

સૂણી વદે જ્ઞાની સહુઃ- અમે મંદમતિ છેક;
એકાક્ષર પણ વેદનો ના લહીએ નૃપ નેક. ૧૪

અન્ય મૂઢ ગમાર જે દ્રવ્યલોભથી તેહ,
જઈ મ્લેચ્છ આગળ પઢે વેદશાસ્ત્રાદિ એહ. ૧૫

યજ્ઞકાંડાર્થ સાંભળી દુર્બુદ્ધિ નૃપ તેમ
કહે યાજ્ઞિક વિપ્ર હે ! અમને નિંદો કેમ ? ૧૬

યજ્ઞનામથી પશુ હણી નિંદે યવન કુજાત,
ધિક્ ધિક્ શતધા તેમને ! વદે વેદ યથાર્થ. ૧૭

ના હિંસા જો યજ્ઞમાં, ક્યાંથી અમને પાપ ?
પશુઘ્ન કહી નિંદો વૃથા ! કરે એમ પ્રલાપ. ૧૮

નિંદી દ્વિજને એમ એ, આપે દ્રવ્ય અપાર
વેદપાઠક વિપ્રને; યવનરાજ પશુમાર. ૧૯

કહે પ્રગટ વેદાર્થ જે સત્કારે બહુ તેમ,
સૂણી દ્રવ્યલોભે બહુ દોડ્યા ભૂસુર એમ. ૨૦

વેદ સૂણાવે યવનને દ્રવ્યલોભથી હન્ત !
વેદશાસ્ત્રાર્થનિપુણ જે, ભૂલ્યા તે પણ પંથ !! ૨૧

ગહન ગતિ કલિકાલની, વિપ્ર મૂઢ ઉદ્દામ;
દુરાચારરત સર્વથા દોડે જોઈ દામ. ૨૨

પઢે વેદ [1]સાર્થાંગ હા, જઈ યવનગૃહ એહ;
હાથે યમપુર નોતરે, એમાં ના સંદેહ. ૨૩

જતાં દિવસ, દિન એક ત્યાં, વેદશાસ્ત્રવિદ્ વિપ્ર
મંદભાગ્ય ઉન્મત્ત બે બોલે આવી ક્ષિપ્ર ૨૪

યવનરાજદરબારમાંઃ- અમે ત્રિવેદી જાણ,
સાર્થ વેદ ત્રય અને લહીએ શાસ્ત્રપુરાણ. ૨૫

એમ મ્લેચ્છ આગળ કહે સ્વયં સ્વકીર્તિ તેહ;
કહેઃ- ભૂપ ! અમ સમ નહીં ભૂતલમાં દ્વિજ એહ. ૨૬

આવ્યા ચારે રાષ્ટ્રમાં ફરતા અહીંયાં જાણ;
કોઈ સ્હામો નવ ટકે વેદવાદમાં માન. ૨૭

હોય વિપ્ર [2]વાદાર્હ જો ત્વદ્રાષ્ટ્રે બોલાવ;
સમક્ષ તારી એહ સહ કરીએ વિવાદ, રાવ ! ૨૮

પડ્યો ભૂપ અભિમાનમાં સૂણી વચન એ ધૃષ્ટ;
બોલાવી સ્વપુર તણા બ્રાહ્મણ સમસ્ત હૃષ્ટ ૨૯

કહેઃ- વાદમાં આમને વિપ્ર જીતશે જેહ,
આપીશ ધન તેને બહુ, માન ખિતાબ સનેહ. ૩૦

વદે વિપ્રઃ- ના યોગ્યતા એવી અમમાં જાણ;
ભૂપ ! પરાભવ એમનો અશક્ય કેવળ માન. ૩૧

શ્રેષ્ઠ બેઉ એ અમ મહીં, કરી પ્રગટ સન્માન,
આપ યોગ્ય બક્ષીસ સુખે; એજ અતુલ વિદ્વાન. ૩૨

સૂણી વચન સહુ વિપ્રનાં એવાં ભૂપતિ એહ,
વસ્ત્રાભૂષણ આપીને પૂજે બ્રાહ્મણ તેહ. ૩૩

આપી અપૂર્વ માન ત્યાં કરી અલંકૃત જાણ,
બેસાડી ગજ પર મુદા વાદ્યઘોષથી માન. ૩૪

સ્વયં ફેરવે નગરમાં બેઉ જણને એહ;
કાઢી વરઘોડો બધે, સાદ પડાવે તેહઃ- ૩૫

રાજા આ બ્રાહ્મણ તણા હું યવનોનો જેમ !
સૂણી વિપ્ર એ તામસી મલકાએ ઉર એમ. ૩૬

મ્લેચ્છાગ્રે શ્રુતિ ઓચરે, ભૂલી વિવેક સર્વ;
માની રાજા આત્મને, વ્યર્થ વધારે ગર્વ. ૩૭

નિંદે બીજા વિપ્રને તમોવ્યાપ્ત એ જાણ;
ભમે યવનરાષ્ટ્રે બધે મદાંધ ગજવત્ માન. ૩૮

મદવિહ્વલ જઈ એકદા વદે મ્લેચ્છને ઘંટઃ-
અહા યોગ્યતા કેટલી, ભૂપ અમારી હન્ત ! ૩૯

થયું નામ ચોદિશ બધે, ડરે ધાકથી લોક;
વાદી શોધ્યો નવ જડે, લાગે વિદ્યા ફોક. ૪૦

લાગે વિદ્યાભ્યાસનો કર્યો વૃથા પ્રયાસ !
વિના વાદ ચમકે નહિ વિદ્યા ભૂપતિ ખાસ. ૪૧

વસે મહેચ્છા ઉર વિષે, વિદ્વજ્જનની સાથ
કરીએ વાદ જઈ કંઈ, જો આજ્ઞાપે[3] તાત. ૪૨

ફરીએ ભૂતલમાં બધે, અન્ય રાષ્ટ્રમાં તેમ;
મળે કદાચિત્ વાદી તો કરીએ વિવાદ એમ. ૪૩

હરાવીએ એને નકી, કરીએ નામ અમર;
વિજયપત્ર લઈએ, ન જો કરે વાદ એ નર. ૪૪

કહે મ્લેચ્છઃ- જાઓ સુખે ! કરો કાર્ય એ ધન્ય;
ફરી અન્ય રાષ્ટ્રો મહીં, વરો વિજય અનન્ય !! ૪૫

રાજાજ્ઞા એવી લઈ તામસ વિપ્રો એહ,
સ્વયંમન્ય ધરણી વિષે ફરે વાદાર્થ તેહ. ૪૬

એક ગામથી અન્યમાં વિચરે એમ [4]જઘન્ય,
લેતા જયપત્રો બધે, મદોન્મત્ત અધન્ય ! ૪૭

ઊભી કોઈ નવ શકે કરવા સ્હામે વાદ;
ફરતા એમ અજેય એ નગર ગામ વિખ્યાત, ૪૮

૧. શિક્ષા વ્યાકરણાદિ અંગો અને અર્થ સહિત. ૨. વાદ માટે યોગ્ય. ૩. આજ્ઞા આપે; ફરમાવે. ૪. નીચ.

આવ્યા દક્ષિણદેશમાં, સૂણ્યું ત્રિવિક્રમનામ;
ત્રિવેદજ્ઞ ગુરુભક્ત જે યતિવર કુમસીગ્રામ. ૪૯

વસે શાન્ત મહામુનિ, શાસ્ત્રનિપુણ વિખ્યાત;
કીર્તિ એની લોકથી સૂણી વિપ્ર કુજાત. ૫૦

મદોન્મત્ત ગર્વિષ્ઠ એ આવ્યા મુનિની પાસ;
બોલે ઉદ્ધતઃ- હે યતે ! શો તારો અભ્યાસ ? ૫૧

ત્રિવેદજ્ઞ જો તું નકી, કર અમ સહ તું વાદ;
નહિ તો સીધું આપી દે વિજયપત્ર વિણ વાત. ૫૨

વિપ્રવચન એ સાંભળી, વદે ત્રિવિક્રમ એમઃ-
ત્રણ વેદ ક્યાંથી લહું ? જાણું એક ન તેમ ! ૫૩

હોય વેદશાસ્ત્રજ્ઞતા, સેવું અરણ્ય કેમ ?
રાજપૂજ્ય વેદજ્ઞ તો નકી આપ સમ એમ ૫૪

ભોગ ભોગવે અવનવા; હું તો ભિક્ષુક હન્ત !
અરણ્યવાસી તાપસી, ના જાણું એ પંથ ! ૫૫

ના વિદ્વત્તા મુજ મહીં, સંન્યાસી હું દીન;
આપ સમાન નહીં કદિ; કરું વાદ શું હીન ? ૫૬

થયું નષ્ટ અભિમાન હા, મારું સમસ્ત આમ;
જય પરાજય શો મને, ના મારું એ કામ. ૫૭

પ્રખર પંડિતો આપ તો; શો મારાથી વાદ ?
શોધો સુભટ ન અન્ય કાં ? કરો અસ્થળે વાત ! ૫૮

મુનિવચન એ સાંભળી, બોલે વિપ્ર પ્રધૃષ્ટઃ-
કો અમને જીતે, ભલે હોય હીન ઉત્કૃષ્ટ ? ૫૯

ના દીઠો ના સાંભળ્યો, જીતે અમને જેહ
વાદે આ અવનીતળે; રાખ દૂર સંદેહ. ૬૦

ફર્યા સકલ રાષ્ટ્રે અમે, સમાન પણ ના એક
દીઠો; જો જયપત્ર આ અસંખ્યાત, યતિભેખ ! ૬૧

તું પણ એવું વિજયખત આપ ત્વરાથી જાણ;
નહિ તો વિવાદ કર સુખે હોય વિદ્યાભિમાન. ૬૨

સૂણી વચન એ વિપ્રનાં, અનેક રીતે એહ
બોધે યતિવર એમને; માને તોય ન તેહ. ૬૩

કહેઃ- આપ જયપત્ર તું, કર વિવાદ વા તેમ !
કરે ત્રિવિક્રમભારતી આખર વિચાર એમઃ- ૬૪

શિક્ષા કરવા આમને ગાણગાપુર માંહ્ય
લઈ જાઉં ગુરુ પાસ હું, ઉત્તમ એજ ઉપાય. ૬૫

મદાંધ વિપ્રો આ નકી, થાય ન સીધા એમ;
ધિક્કાર્યા દ્વિજ એમણે કરું પાંશરા તેમ. ૬૬

એમ વિચારી અંતરે, કહે પ્રગટઃ- હે વિપ્ર !
ચાલો મુજ સાથે તમે ગાણગાપુર ક્ષિપ્ર. ૬૭

આપીશ હું જયપત્ર ત્યાં, કહો સવિસ્તર તેમ;
વસે અમારા ગુરુ તિહાં, આજ્ઞાપે એ જેમ. ૬૮

તત્સંમુખ આપીશ હું વિજયપત્ર નિર્ધાર;
અથવા ઇચ્છા આપની થશે પૂર્ણ તત્કાળ. ૬૯

એમ કહી એ નીસર્યો મહામુનીશ્વર ધન્ય;
સાથે પેલા વિપ્ર બે અધમ મત્ત અધન્ય ! ૭૦

આગળ પગપાળો મુનિ, પાછળ પાલખી માંહ્ય
બ્રાહ્મણનિંદક મૂઢ એ હસતા હસતા જાય ! ૭૧

ખૂટ્યું આયુષ્ એમનું બ્રહ્મદ્વેષથી હન્ત !
બેઠા શું નરયાનમાં ? ચાલે યતિવર પંથ !! ૭૨

રમ્ય ગાણગાપુર અહા શ્રીગુરુસ્થાન પવિત્ર;
ભીમાતીરે જ્યાં વસે નૃસિંહસરસ્વતી ચિત્ર. ૭૩

આવી સત્વર ત્યાં નમે ભક્તિભાવથી એહ
ધન્ય ત્રિવિક્રમભારતી, શ્રીગુરુપદમાં તેહ ! ૭૪

કહેઃ- કૃપાલો ! તું નકી વ્યોમકેશ સાક્ષાત્;
આદિપુરુષ ! જય જય ગુરો ! ભક્તવરદ હે તાત !! ૭૫

ભવાબ્ધિતારક ઈશ તું મૃત્યુંજય વિશ્વેશ;
ના જાણે તે નિશ્ચયે પડે [1]અધોધઃ [2]કેશ ! ૭૬

સ્તવન કરી એવું સુધી ગુરુપદમાં તત્કાળ
મૂકે માથું; નેનથી વહે અશ્રુની ધાર. ૭૭

રોમાંચિત તનુ થરથરે રુદ્ધકંઠ અવાક્;
ઊઠાડી ગુરુ પ્રેમથી દે આલિંગન [3]દ્રાક્. ૭૮

[4]કૃપેક્ષણે પૂછે સહુ વૃત્ત આદિથી તેમ;
કહેઃ- યતે ! કાં આવવું થયું અચાનક એમ ? ૭૯

કામ માહરૂં શું પડ્યું ? કહે સવિસ્તર તેહ;
બોલે મુનિવરઃ- ભો ગુરો ! જો વિપ્રદ્વય એહ. ૮૦

આવ્યા વિવાદકારણે મદોન્મત્ત એ જાણ;
વેદશાસ્ત્રાદિક સહુ કહે જાણીએ માન. ૮૧

ચતુર્વેદવેત્તા અમે, કરે એમ પ્રલાપ;
કરે વાદ ના કોઈ જો, લે જયપત્ર સતાપ. ૮૨

બોધ્યા મેં બહુ એમને, ના માને એ ખળ;
આણ્યા તે માટે અહીં, કરો યોગ્ય ગુરુવર. ૮૩

૧. નીચે ને નીચે. ૨. બ્રહ્મસ્વરૂપ. ૩. સત્વર. ૪. કૃપાદૃષ્ટિથી.

સર્વ ગુરુનો તું ગુરુ; ત્વદ્વાક્યે ગિરિવર
ચઢે પાંગળો; મૂક પણ વદે વેદ અકળ. ૮૪

પ્રમાણ આજ્ઞા તાહરી ! સૂણી વચન એ નમ્ર,
બોલે સહાસ્ય શ્રીગુરુ વચનરત્ન [1]સુકમ્ર. ૮૫

જોઈ વિપ્રદ્વય ભણી, પૂછે સ્વયં સુજાણઃ-
આવ્યા કિમર્થ વિપ્ર હે ? કાં માંડો મોકાણ ? ૮૬

શું તમને ફળ વાદથી ? કરો દુરાગ્રહ કેમ ?
કરી પરાભવ વિપ્રનો, લાભ કયો વા તેમ ? ૮૭

જય પરાજય બેઉએ, અમને એક સમાન;
યતિ તાપસી વન મહીં રહીએ આ નિર્માન. ૮૮

સંન્યાસીને જીતીને તમને શો પુરુષાર્થ
થશે પ્રાપ્ત ? દ્વિજ કાં વૃથા આમ ગુમાવો સ્વાર્થ ? ૮૯

સૂણી વચન શ્રીગુરુ તણાં, વદે વિપ્ર એ મત્તઃ-
ફર્યા અમે અવની વિષે, વાદે કોઈ ન શક્ત ૯૦

મળ્યો યતે અમને કંઈ; ભીડે કોઈ ન બાથ;
જીત્યા સમસ્ત પંડિતો, કરે કોઈ ન વાદ. ૯૧

આપ્યાં જયપત્રો જુઓ વાદવિમુખ થઈ એમ;
શી અડચણ તમને કહો દેતાં જયખત તેમ. ૯૨

કરી કોપ ત્રિવિક્રમે આણ્યા અમને આમ
ત્વત્સંનિધ; બંનેયમાં હોય કાંઈ જો રામ, ૯૩

અભિમાન પાંડિત્યનું કરો બેઉએ વાદ
વેદશાસ્ત્રાદિક મહીં; કરો ન આડી વાત. ૯૪

ચતુર્વેદવેત્તા અમે, અમ સમ કયાંય ન તેમ;
વેદપારગ[2] શું તમે ? કહો ભિક્ષુદ્વય એમ. ૯૫

કહે વિપ્રને શ્રીગુરુઃ- કરો ગર્વ ના હન્ત !
દૈત્ય રાક્ષસો ગર્વથી ગયા મોતને પંથ. ૯૬

ગર્વે બલિનું શું થયું ? બાણાસુરનું તેમ ?
પડ્યો દશાનન ગર્વથી; ના જાણો શું એમ ? ૯૭

લહે અંત કો વેદનો, જ્યાં બ્રહ્માદિ અજાણ ?
અનંત વેદો નિશ્ચયે; વૃથા કરો અભિમાન. ૯૮

હોય હિતેચ્છા તો ત્યજો ગર્વ સર્વથા તેમ;
અનંત વેદો તો તમે ચતુર્વેદવિદ્ કેમ ? ૯૯

અનેક રીતે એમને બોધે શ્રીગુરુ એમ;
તોય ન માને એ કુધી વદે ગર્વિષ્ઠ તેમઃ- ૧૦૦

અમે ચતુર્વેદજ્ઞ ભો ! જાણે સઘળા લોક;
લહીએ સાંગાર્થ વેદને; બોલ તમારા ફોક. ૧૦૧

કરો વાદ, જયપત્ર વા આપી દો સત્વર !
અભિમાનોક્તિ એ સૂણી કરે કેમ ગુરુવર; ૧૦૨

વેદચતુષ્ટયની વદે શાખા વિભક્ત કેમ,
આગળ રસમય એ કથા, કથે **રંગ** સપ્રેમ. ૧૦૩

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
વાદાર્થે મદોન્મત્તવિપ્રદ્વયાગમનં નામ એકોનાશીતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૭૯ ॥ દોહરા ૧૦૩

અધ્યાય ૮૦

શ્રીગુરુ વિપ્રોને કહેઃ- તર્કયુક્તિથી એમ
પડો ન ભ્રમમાં; કો લહે વેદો અનંત તેમ ? ૧

પામે બ્રહ્મા અંત ના; કોણ માનવી હન્ત ?
ત્યજો વૃથા અભિમાન આ; મા શોધો યમપંથ ! ૨

નારાયણ ભૂતલ વિષે થયા સ્વયં અવતીર્ણ;
કર્યા સવિસ્તર વેદને વ્યાસે વ્યક્ત પ્રકીર્ણ. ૩

વેદવ્યાસનામે થયા તેથી પ્રસિદ્ધ તેહ;
વદ્યા તેય પણ પૂર્ણ ના વદ્યા સામાન્ય એહ. ૪

પ્રસિદ્ધ શિષ્યો તેમના ચાર જગદ્વિખ્યાત;
પ્રથમ પૈલ બીજો કહ્યો વૈશંપાયન તાત. ૫

ત્રીજો જૈમિનિ નામથી, ચોથો સુમંતુ તેમ;
વેદાભ્યાસાર્થે રહ્યા વ્યાસસંનિધે એમ. ૬

એક એક પણ વેદનો કલ્પાન્તેયે પાર
પામે કોઈ ના અરે ! વેદ અનંત અપાર. ૭

ચારે વેદ પઢ્યા તમે ક્યાંથી, ક્યારે, કેમ ?
આદ્ય ઋષિઓ પણ અહા, પામ્યા પાર ન એમ ! ૮

ભરદ્વાજ ઋષિ પરમ જે પૂર્વે એ તૈયાર
વેદાભ્યાસાર્થે થયા, બ્રહ્મચર્યથી સાર. ૯

બ્રહ્મકલ્પત્રય અહા જેનું આયુષ્ તેમ;
અંત પામવા વેદનો કરે યત્ન એ એમ. ૧૦

અસંખ્ય વર્ષો એમ એ કરે કષ્ટ મહાન્;
જાણે લેશ શ્રુતિ તણો ! કરો કેમ અભિમાન ? ૧૧

ફરી તપસ્યા આચરે ભરદ્વાજ એ એમ;
તુષ્ટ થઈ વિધિ ઓચરે; ઇચ્છે શું સુત તેમ ? ૧૨

૧. અત્યંત મોહક. ૨. વેદમાં પારંગત

ભરદ્વાજ વદેઃ- વિભો ! પ્રસન્ન જો પ્રભુ આપ,
સાદ્યંત શ્રુતિ દાસને આપ પઢાવો બાપ ! ૧૩

દેખાડો સહુ વેદને, મને પઢાવો તેમ;
એજ એક વર યાચું હું ! ગ્રહે પાદ કહી એમ. ૧૪

બ્રહ્મદેવ વળતી વદેઃ- ભરદ્વાજ ! મા બોલ;
અમિત[૧] વેદ, ગ્રહીશ શેં ? ઇચ્છા તારી ફોલ. ૧૫

હું પણ સઘળા ના લહું ! જાણીશ સઘળા કેમ ?
સાવધાન થઈ જો અરે, વેદરાશિ[૨] આ એમ. ૧૬

હોય શક્તિ તો સર્વ એ કર પઠન ભરદ્વાજ !
એમ કહી ઋષિને તદા દેખાડે વિધિરાજ. ૧૭

ઊંચા ગિરિસમ વેદના ત્રણ રાશિ[૩] એ જાણ;
અનંત જ્યોતિર્મય અહા કોટિસૂર્યસમ માન. ૧૮

જોતાં દૃષ્ટિ નવ ઠરે, ઢળે ધૈર્યનો [૩]ચય;
કહે ઋષિઃ- શ્રુતિડુંગરો કેમ ચઢું આ ત્રય ? ૧૯

બ્રહ્મચર્યાશ્રમ મહીં ગયા કલ્પત્રય હન્ત,
ઓળંગ્યો ના વેદનો તોય અલ્પ મેં પંથ ! ૨૦

ક્યારે સઘળા આ લહું, થયો એમ ભયભીત;
પડી વિરિંચિપદ મહીં, વદે વેણ પુલકિત[૪]ઃ- ૨૧

માગું માફી હે પ્રભો ! જોઈ શકું ન અંત,
તેમ મૂળ પણ વેદનું; પહું સર્વ શેં હન્ત ? ૨૨

જગન્નાથ તું પ્રીતથી આપે જે સાક્ષાત્
પહું યથાશક્તિ, વિધે ! ચાલે બુદ્ધિ ન તાત. ૨૩

પઢવા અપાર વેદ આ આવ્યો અહીંયાં જાણ;
થયો દિઙ્મૂઢ જોઈને રાશિત્રય આ માન. ૨૪

આવ્યો શરણે તાહરા, તું તારક જગદીશ;
યથાયોગ્ય કર સ્વામી હે ! લઈશ જે આપીશ. ૨૫

ઋષિવચન એ સાંભળી, થયા તુષ્ટ વિધિ તેમ;
આપે અભ્યાસાર્થ ત્યાં વેદ મુષ્ટિત્રય એમ. ૨૬

મંત્રજાલ ત્રણ વેદની કરી પૃથક્ મુનિ એહ,
દીર્ઘજીવી યથામતિ અભ્યાસે શ્રુતિ તેહ. ૨૭

પાર ન પામ્યો એહનો અદ્યાપિ પણ એહ
ભરદ્વાજ; થાક્યા અમે ! કરે કોણ સંદેહ ? ૨૮

ચતુર્વાણીમય વેદ એ અનંત નિઃસંશય;
પૂરો પઢતાં એક પણ પડે કષ્ટ અતિશય. ૨૯

માટે પૃથક્ કરી કહું શાખા સ્વલ્પ પ્રમાણ;
પઢો ક્રમે શિષ્યો સુધી ! ચાલે યત્ન ન આન. ૩૦

વ્યાસવચન એવાં સૂણી, વદે શિષ્યઃ- હે નાથ !
કરીએ ગ્રહણ યથામતિ, વદો એકેક તાત. ૩૧

અભિવાદન પ્રીતે કરી, વદે શિષ્ય સહુ એહઃ-
ઉપદેશો ગુરુ આદિથી વેદ વિગતસંદેહ. ૩૨

કૃપા કરી અમ શિષ્ય પર કથો સવિસ્તર સાર !
કરુણ વચન એ સાંભળી થયા તુષ્ટ મુનિતાર. ૩૩

બોલાવીને પૈલને, પ્રથમ શિષ્ય જે ધન્ય,
ઉપદેશે ઋગ્વેદ જે મૂળ વેદ અનન્યઃ- ૩૪

સાંભળ પૈલ શિષ્યાગ્ર[૫] હે, ઋગ્મહિમા અતિ [૬]પૂત;
નિત્ય પાઠ કર નિયમથી ધ્યાનપુરઃસર તૂર્ત. ૩૫

કહે પૈલઃ- ગુરુ વ્યાસ હે ! કથો સવિસ્તર એમ
લક્ષણ એ ઋગ્વેદનું, ધ્યાન ભેદ પણ તેમ. ૩૬

શ્રદ્ધાભક્તિથી પછી કરું નિત્ય હું પાઠ;
કામધેનુ ગુરુ આપ તો કૃપાંબુધિ સાક્ષાત્ ! ૩૭

કહે વ્યાસઃ- સૂણ શિષ્ય હે ! કહું ઋગ્વેદધ્યાન.
વર્ણ આકૃતિ રૂપ ને શાખા ભેદ પ્રમાણ. ૩૮

આયુર્વેદ ઋગ્વેદનો જાણ ઉપવેદ ધન્ય;
બ્રહ્મા દૈવત, પૈલ હે ! ગોત્ર અત્રિ સુધન્ય. ૩૯

છંદ ગાયત્રી નકી, રક્ત વર્ણ સુહાય;
પદ્મપત્ર સમ નેત્ર ને કંઠ વિભક્ત સુકાય. ૪૦

દ્વ્યરત્નિમિત અંગ છે; શ્મશ્રૂકેશ કુંચિત;
રૂપ એહ ઋગ્વેદનું ધ્યાય સમાહિતચિત્ત. ૪૧

ભેદો ચર્ચા શ્રાવક ચર્ચક તેજ પ્રમાણ;
શ્રવણીયપાર ક્રમપાર ને જટા રથક્રમ માન; ૪૨

દંડક્રમ અંતિમ કહ્યું પારાયણ એ પુણ્ય !
શાખા પંચ કહું વળી સાંભળ શિષ્ય સુધન્યઃ- ૪૩

આશ્વલાયની પ્રથમ ને સાંખ્યાયની તેમ;
શાકલા ને બાષ્કલા માંડૂકેયી એમ. ૪૪

શ્રીગુરુ વિપ્રોને કહે, એમ પૈલને વ્યાસ
કહે વિધાન ઋગ્વેદનું; લહે કોણ એ ખાસ ? ૪૫

ચતુર્વેદ આ કલિ મહીં કહો પઢ્યા શેં એમ;
સર્વાધ્યયને યોગ્યતા આવી તમમાં કેમ ? ૪૬

અષ્ટવિકૃતિ સહ અહા શાખા એક જ માત્ર
લહે સાંગ કો ભૂતલે, કહો વ્યક્ત દ્વિજગાત્ર. ૪૭

એક શ્રીહરિ વ્યાસ વિણ લહે સવિસ્તર એહ,
કોણ અન્ય અવની વિષે ? કોણ પઢાવે તેહ ? ૪૮

૧. અનંત. ૨. ઢગલા. ૩. ઢગલો. ૪. રૂવાંડાં ઊભાં થાય તેમ. ૫. શિષ્યશ્રેષ્ઠ. ૬. પવિત્ર.

એમ સવિસ્તર પૈલને વ્યાસે કહ્યો વિચાર
ઋક્‌શાખાનો; તેહનો કહ્યો અલ્પ આ સાર. ૪૯

યજુર્વેદ વિસ્તારથી વૈશંપાયન એમ
સૂણી વ્યાસમુખે અહા, અભ્યાસે એ તેમ. ૫૦

કહે વ્યાસઃ- સાંભળ અરે વૈશંપાયન સ્વસ્થ !
ધનુર્વેદ ઉપવેદ છે યજુર્વેદનો મસ્ત ! ૫૧

ગોત્ર ભારદ્વાજ ને દૈવત રુદ્ર સુજાણ;
ત્રિષ્ટુપ્ છંદ વળી કહ્યો, રમ્ય અતિશય માન. ૫૨

કૃશદીર્ઘ શરીર છે, હાથે ખપ્પર તેમ;
નયનમનોહર કંજસમ સુવર્ણાક્ષ પણ એમ. ૫૩

[1]પંચારત્નિમિત આકૃતિ, તામ્ર વર્ણ સુહાય;
યજુર્વેદનું ધ્યાન એ, વૈશંપાયન ગાય. ૫૪

છાશી ભેદો એહના, ચરક દશવિધ જાણ;
ચરક આહ્વરક કઠ અને પ્રાચ્યકઠ પ્રમાણ. ૫૫

શારાયણીય કપિષ્ઠલા વારાયણીય તેમ,
વાર્તાન્તવેય આઠમી નવમ શ્વેતતર એમ. ૫૬

મૈત્રાયણીય દશમ છે, ભેદ જેહના સાત;
માનવ દુંદુભ ઐકેય ને ચોથો વારાહ તાત; ૫૭

હારિદ્રવેય પાંચમો શ્યામ ષષ્ઠ છે તેમ;
શ્યામાયણીય સાતમો, સપ્ત ભેદ એ એમ. ૫૮

વાજસનેયોના વળી ભેદો અઢાર જાણ;
કહે વ્યાસ નિજ શિષ્યને, શ્રીગુરુ દ્વિજને માન. ૫૯

આદૌ વાજસનેય ને દ્વિતીય જાબાલ તેમ;
તૃતીય બૌધેય ને વળી કાણ્વ તે પછી એમ. ૬૦

માધ્યંદિન શાપેય ને તાપનીય પણ જાણ,
સપ્તમ, કાપાલ ને વળી પૌણ્ડ્રવત્સ પણ માન. ૬૧

પછી આવટિક પરમાવટિક પારાશર્ય સુધન્ય;
વૈનેય ને વૈધેય હા, સાંભળ શિષ્ય વદાન્ય. ૬૨

તદનંતર ઔધેય છે, ગાલવ તે પછી જાણ;
બૈજવ કાત્યાયન પછી; અષ્ટાદશ એ માન. ૬૩

વાજસનેયોના કહ્યા ભેદ યથાક્રમ એમ;
તૈત્તિરીયોના વળી સૂણ ભેદદ્વય એમ. ૬૪

ઔખ્ય પ્રથમ બીજો વળી કાણ્ડિકેય તું જાણ;
પાંચ ભેદ પૃથક્ કહ્યા કાણ્ડિકેયના માન. ૬૫

પ્રથમ આપસ્તંબ છે, અતિ મનોહર એહ;
યજ્ઞાદિવિસ્તાર જ્યાં કહ્યો યથાવિધિ તેહ. ૬૬

આપસ્તંબ પછી કહી બૌધાયન તું જાણ;
સત્યાષાઢી તે પછી હિરણ્યકેશી માન. ૬૭

ઔખેયા પંચમ કહી જાણ યથાક્રમ તેમ;
ઉપાંગો પણ તેમનાં કહું સવિસ્તર એમ. ૬૮

પ્રતિપદ્ અનુપદ્ છંદ ને ભાષા ધર્મ મહાન્;
મીમાંસા ને તે પછી ન્યાય તર્ક પ્રમાણ. ૬૯

જાણ ઉપાંગો ક્રમ થકી આઠ શિષ્ય તું એહ;
મૂળ ષડંગો વેદનાં કહું સવિસ્તર તેહ. ૭૦

શિક્ષા કલ્પ અને વળી વ્યાકરણ પણ તેમ;
નિરુક્ત છંદ અને પછી જયોતિષ છઠ્ઠું એમ. ૭૧

અષ્ટાદશ બીજાં વળી શિષ્ટ અંગ તું જાણ,
કોણ વર્ણવે એ બધાં ? વેદરાશિ મહાન ! ૭૨

પૂર્વે રાશિ એ બધા પઢી શકે ના કોઈ;
માટે થઈ અવતીર્ણ મેં કીધા વિભાગ સોઈ. ૭૩

મંદબુદ્ધિ પણ જે થકી શાખાભેદે એમ,
યથાશક્તિ યથારુચિ ગ્રહી શકે સહુ તેમ. ૭૪

વ્યાસવચન એ સાંભળી, કરી સાષ્ટાંગ પ્રણામ,
વૈશંપાયન શિષ્ય એ વદે વેણ નત આમઃ- ૭૫

કૃપા કરી ગુરુવર કહ્યો યજુર્વેદવિસ્તાર,
શાખાભેદક્રમે અહા પૃથક્ પૃથક્ આ સાર. ૭૬

શંકા એક ઊઠે હૃદે, સ્વામી નિવારો એહ;
કઈ મૂળ શાખા ગુરો ? કથો સવિસ્તર તેહ. ૭૭

વ્યાસ કહેઃ- શાબાશ હે શિષ્ય ! ધન્ય આ પ્રશ્ન;
યજુર્વેદનું મૂળ જે કહું સૂણ એ કૃત્સ્ન. ૭૮

મંત્રબ્રાહ્મણસંહિતા યજુર્મૂલ તું જાણ;
ઋષિસંમત સઘળું કહું, મા શંકા કર આન. ૭૯

યજુર્વેદનું મૂલ એ મંત્રબ્રાહ્મણ જાણ;
બ્રાહ્મણકાણ્ડાન્તર્ગત આરણ્યક તું માન. ૮૦

યજ્ઞાદિક કર્મો મહીં મૂલ ઉપયુક્ત એહ;
કર યત્ને અભ્યાસ તું યજુર્વેદનો તેહ. ૮૧

વૈશંપાયન એ વદેઃ- મૂળ થકી ત્રણ ગ્રંથ
વદો વ્યાસ વરિષ્ઠ હે, થાઉં હું નિર્ગ્રંથ ! ૮૨

શિષ્યવચન એ સાંભળી, ગ્રંથત્રયવિસ્તાર
વદે વ્યાસ સર્વજ્ઞ એ સ્પષ્ટ યથાસ્થિત સાર. ૮૩

શ્રીગુરુ વિપ્રોને કહે, જૈમિનિને પણ તેમ
સામવેદ બોલાવીને વદે વ્યાસ સપ્રેમઃ- ૮૪

૧. અરત્નિ-કોણીથી કનિષ્ઠિકાના છેડા સુધી લાંબુ માપ.

ગંધર્વ નામે સામનો છે ઉપવેદ સુજાણ;
વિષ્ણુ દેવ જગતી વળી છંદ તેહનો માન. ૮૫

કાશ્યપ ગોત્ર કહ્યું અહા ! [1]સ્રગ્વી નિત્ય પુનિત.
શુદ્ધ વસ્ત્ર શુચિ [2]પ્રાવરણ ક્ષમાવાન સુનીત. ૮૬

શાન્ત દાન્ત ને કોટમાં ધર્યું ચર્મ કર દંડ;
કાંચનાક્ષ શોભે અહા શ્વેત વર્ણ અખંડ ! ૮૭

ષડરત્નિમિત અંગ છે સામવેદ એ જાણ;
જાણી અંતરમાં સદા ધર શિષ્યોત્તમ ધ્યાન. ૮૮

શાખા સહસ્ર એહની, કથ્યો અમિત વિસ્તાર;
એક હરિ વિણ કોણ એ જાણે સર્વ વિચાર ? ૮૯

કહે વ્યાસઃ- જૈમિનિ અરે ! સાંભળ આપી ધ્યાન
સાત ભેદ તોએ કહું, શિષ્ય ! મુખ્ય સુજાણ. ૯૦

આસુરાયણીય તે પછી વાર્તાન્તવેય તેમ;
વાસુરાયણીય ને વળી પ્રાંજલિ ઋગ્વિધ એમ; ૯૧

પ્રાચીનયોગ્ય તે પછી જ્ઞાનયોગ્ય અંતિમ
રાણાયનીય નવવિધ શાખા જાણ પ્રમિત. ૯૨

રાણાયનીયની કહી શાટ્યાયનીય તેમ;
શાટ્ય મુદ્ગલ ક્રમ થકી, ચોથી ખલ્વલ એમ; ૯૩

મહાખલ્વલ તે પછી લાંગલ ષષ્ઠ સુજાણ;
જાણ કૌથમી સાતમી, અષ્ટમ ગૌતમી માન; ૯૪

જૈમિનીય નવમી કહી, કથે વ્યાસ વિસ્તાર;
શ્રીગુરુ વિપ્રોને કહેઃ- લહે કોણ તત્પાર ? ૯૫

સામવેદ સાદ્યંત એ લહે ભૂતલે કોણ ?
શેં ઉન્મત્ત થયા અરે ? ના જાણો [3]શ્રુતિકોણ ? ૯૬

હશે! તોયે આગળ કહું; બોલાવીને વ્યાસ
શિષ્ય સુમંતુને કહે અથર્વવેદ ત્યાં ખાસઃ- ૯૭

અસ્ત્રવેદ ઉપવેદ છે અથર્વવેદનો જાણ;
ગોત્ર ચિત્ર બૈજાન ત્યાં, ઇંદ્ર દેવતા માન. ૯૮

અનુષ્ટુપ્ છંદ કહ્યો વળી; ચંડ તીક્ષ્ણ એ એમ,
કૃષ્ણ વર્ણ મુનિઓ વદે, કામરૂપી પણ તેમ. ૯૯

ક્ષુદ્રકર્મા એ નકી સ્વસ્ત્રીતુષ્ટ સદાય;
સમારત્નિમિત અહા અથર્વવેદ સુહાય ! ૧૦૦

નવ ભેદ તેના કહ્યા; પૈપ્પલ પ્રથમ સુજાણ,
દાન્ત પ્રદાન્ત અને વળી તૌત તે જ પ્રમાણ; ૧૦૧

ઔત તે પછી જાણ તું બ્રહ્મદાવલ એમ;
શૌનકીય ક્રમે પછી વેદદર્શી પણ તેમ; ૧૦૨

ચારણવિદ્યા અંતિમા શિષ્ય સુમંતુ જાણ !
પાંચ કલ્પ વળી એહના, પ્રથમ કલ્પ વિધાન. ૧૦૩

દ્વિતીય નક્ષત્રકલ્પ ને પછી સંહિતાકલ્પ;
શાન્તિકલ્પ પછી જાણવો વિધિવિધાનકલ્પ. ૧૦૪

કલ્પપંચ વ્યાસે કહ્યા વિધવિધ એમ સુજાણ;
ભરતખંડમાં વેદની શાખા તે જ પ્રમાણ. ૧૦૫

પૂર્વે ભારતવર્ષમાં પુણ્યશાલી બહુ લોક
વર્ણાશ્રમ ધર્મે રહે; તેથી પુણ્યશ્લોક ૧૦૬

હતા પ્રતિષ્ઠિત વેદ એ, કલિયુગમાં આ હન્ત
ત્યજી કર્મ નિજ બ્રાહ્મણો ચાલે અવળે પંથ ! ૧૦૭

તેથી લુપ્તપ્રાય એ થયા ભૂતલે વેદ;
હીનપ્રતિષ્ઠ બ્રાહ્મણો પામે સઘળે ખેદ. ૧૦૮

કર્મભ્રષ્ટ થઈ દ્વિજગણો મ્લેચ્છાગ્રે શ્રુતિ એમ
પઢે મંદમતિ; મંત્રનું ગયું સત્ત્વ આ તેમ. ૧૦૯

પૂર્વે બ્રાહ્મણનું બધે હતું મહત્ત્વ ને માન;
પૂજ્ય દેવવત્ દ્વિજવરો, ભૂસુર[4] એ અભિધાન. ૧૧૦

રાજાઓ પણ વિપ્રને પૂજે પૂર્વે એમ;
આપે સર્વસ્વ અહા ! ના લે તે પણ તેમ !! ૧૧૧

એવા નિઃસ્પૃહ ભૂસુરો, દાન્ત અકિંચન ધન્ય !
સ્વાચારે રત સર્વદા, સ્વાત્મતુષ્ટ સુધન્ય !! ૧૧૨

વેદમંત્રબળે અહા ત્રિમૂર્તિ પણ સ્વાધીન;
વર્તે ઇંદ્રાદિક સુરો સદા નમીને દીન. ૧૧૩

વિપ્રવચન સુરધેનુસમ, કલ્પદ્રુમ સાક્ષાત્;
કર્યો અદ્રિ[5] તૃણ યત્તપે, તૃણ પર્વતવત્ તાત ! ૧૧૪

વેદવિભૂષિત વિપ્રને વિષ્ણુ પોતે એમ
પૂજે વેદપ્રભાવથી ગણી સ્વદૈવત તેમ. ૧૧૫

[6]દેવાધીન જગત્ બધું, દૈવત મંત્રાધીન;
મંત્રો વિપ્રાધીન એ, વિપ્ર દેવ મમ [7]ક્લિન્ન. ૧૧૬

કહે વિષ્ણુ એવું સ્વયં ! માટે વિપ્ર મહાન
હતા પુરા; શ્રુતિમાર્ગ એ ત્યજી હવે સેતાન ૧૧૭

કુમાર્ગગામી એ થયા, સત્ત્વહીન પણ તેમ;
હીનજાતિસેવક થઈ વેચે વિદ્યા એમ. ૧૧૮

ભરે પેટ શ્રુતિવિક્રયે દ્રવ્યલોભથી હન્ત,
વેચે વિશ્વંભર અહા વિત્તાર્થે [8]ભવજંત ! ૧૧૯

હીનાગ્રે શ્રુતિ ઓચરે વિપ્રાધમ જે એમ,
ના જોવું તન્મુખ કદિ; અધમાધમ એ તેમ. ૧૨૦

૧. માળા ધારણ કરેલો. ૨. ઓઢવાનું; ખેસ ૩. વેદનો ખૂણો. ૪. પૃથ્વી પર દેવ. ૫. પર્વત. ૬. देवाधीनं जगत्सर्वं मन्त्राधीनं च दैवतम् । ते मंत्रा ब्राह्मणाधीना ब्राह्मणो मम दैवतम् ॥ ૭. દયાર્દ્ર. ૮. સંસારના કીડા.

થાય બ્રહ્મરાક્ષસ નકી, ના કરશો સંદેહ
કહું કેટલું ? કાં વૃથા પોષો આ હતદેહ ? ૧૨૧

ચતુર્વેદશાખા તણો કીધો જે વિસ્તાર,
કોણ લહે એ ક્ષિતિતળે ? લુપ્તપ્રાય શ્રુતિ તાર. ૧૨૨

ચતુર્વેદવેત્તા અમે, કહો લોકમાં એમ;
બહુ ભેદો વેદો તણા, જાણો સહુ એ કેમ ? ૧૨૩

દુર્બુદ્ધિથી વિપ્રને ક્ષોભાવીને આમ,
લાભ કયો તમને કહો; છોડો ગર્વ તમામ. ૧૨૪

કર્યો હન્ત દુર્બોધ આ કોણે તમને એમ ?
જાઓ અહીંથી શીઘ્ર હે ! નહિ તો રોશો તેમ. ૧૨૫

સ્વયં સ્વસ્તુતિ આચરી, દેખાડી જયપત્ર,
માગો યતિવર પાસ કાં હન્ત એમ કુપત્ર ? ૧૨૬

વચન માહરૂં સાંભળી, ત્યજો દુરાગ્રહ એમ;
વ્યર્થ ભ્રાંતિથી મા ખુઓ પ્રાણ હાથથી તેમ. ૧૨૭

દયાર્દ્ર એ શ્રીગુરુ તણાં હિતકર વેણ રસાળ
ના સૂણી દ્વિજ મત્ત એ માગે પત્ર ગમાર ! ૧૨૮

કહે વિપ્રઃ- જો થાય ના અહીંયાં વાદવિવાદ,
મળે તેમ જયપત્ર ના, થશે હારની વાત. ૧૨૯

કહેશે લોકો ભૂપને, રહેશે માન ન તેમ;
કરો વાદ, જયપત્ર વા આપો માટે એમ. ૧૩૦

અલખ કહેઃ-દ્વિજ એમ એ મદોન્મત્ત બે જાણ
લહે ન હિત, માટે નકી પાસે મોત પ્રમાણ. ૧૩૧

આગળ અપૂર્વ એ કથા, ગાય ભાવથી **રંગ**;
બાલવાક્યવત્ સાંભળો, મૂકી સંત તરંગ ! ૧૩૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
વેદશાખાદિવિવરણં નામ અશીતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૮૦ ॥ દોહરા ૧૩૨

અધ્યાય ૮૧

અલખપાદ પ્રણમી વદે શિષ્ય નિરંજન એહ,
જોડી કરદ્વય ભાવથી, વિનયનમ્ર વરદેહઃ- ૧

જય યોગીશ્વર અલખ હે, તું તારક અમ નાથ !
પ્રજ્વાળ્યો પદદર્શને જ્ઞાનદીપ સાક્ષાત્ !! ૨

ચતુર્વેદ વિસ્તારથી કહ્યા ગુરુવરે એમ;
બન્યું તે પછી શું કહે પ્રભો સવિસ્તર તેમ. ૩

શિષ્યવચન એ સાંભળી વદે અલખ સંતુષ્ટઃ-
અનુપમ મહિમા ગુરુ તણો, સાંભળ બાળ સુહૃષ્ટ. ૪

અનેક રીતે વિપ્રને બોધે શ્રીગુરુ એમ,
તોય ન માને એ કુધી; કહેઃ- વાદ કર તેમ. ૫

આપ સુખે જયપત્ર વા; ના ચાલે લટપટ !
સૂણી કુપિત થઈ શ્રીગુરુ વદે 'તથાસ્તુ' ઝટ. ૬

ઇચ્છા જેવી તમ હૃદે, થશે સિદ્ધ એ તેમ;
મા ગભરાશો અંતરે, બેસો સાવધ એમ. ૭

ઇચ્છે મૂષક સર્પને યથા કરડવા જાણ,
ધસે ભક્ષવા દીપને પતંગ વા જ્યમ માન; ૮

તેમ વિપ્ર ઉન્મત્ત આ ના જાણી ગુરુ ઈશ,
મરવા માટે હાથથી થયા [1]ઉદ્યુક્ત [2]કીશ ! ૯

સ્વાત્મઘાતકી એ નકી થાય દેખતાં અંધ;
કોણ ઉગારે એમને, દોડે જે યમપંથ ? ૧૦

ત્યાં તો શ્રીગુરુ દૂરથી જોઈ મનુષ્ય એક
માર્ગે થઈને આવતો, કહે શિષ્યને, દેખ ! ૧૧

પાડ બૂમ એને અરે, લાવ અહીં સત્વર;
ગુરુવચન એ સાંભળી, ગયો શિષ્ય સદ્વર. ૧૨

તેડી લાવ્યો એહને સત્વર શ્રીગુરુ પાસ;
પૂછે શ્રીગુરુઃ- કોણ તું ? કોણ જાતિ કુલ ખાસ ? ૧૩

રહેવું ક્યાં ? ક્યાં જાય તું ? કહે સકલ વૃત્તાંત;
સૂણી વચન શ્રીગુરુ તણાં, બોલે એઃ- હે તાત ! ૧૪

હીનજાતીય હું નકી [3]માતંગ નીચ અધન્ય;
ગામ બહાર રહું સદા, કરૂં મજૂરી [4]જઘન્ય. ૧૫

સમદૃષ્ટિ તારી પ્રભો ! માટે પૂછે આમ;
થયો ઉદ્ધાર માહરો ! ! કરે એમ પ્રણામ ૧૬

લાંબો થઈને દંડવત્; સુધાદૃષ્ટિ ગુરુ એમ
કૃપાંબુધિ પરપુરુષ એ કરે નજર ત્યાં તેમ. ૧૭

પારસસ્પર્શે લોહનું થાય સુવર્ણ વિશુદ્ધ,
કૃપાદૃષ્ટિથી ગુરુ તણી થયો તેમ એ શુદ્ધ. ૧૮

આપી શિષ્યકરે પછી દંડ, ભૂ વિષે ત્યાંય
[5]રેખા સપ્ત કઢાવીને, બોલે શ્રીગુરુરાયઃ- ૧૯

એક એક રેખા અરે ઓળંગ આ માતંગ !
સૂણી એહ અનુક્રમે કરે તેમ અભંગ. ૨૦

૧. તૈયાર. ૨. વાંદરા. ૩. ભંગી. ૪. હલકી. ૫. લીટી.

ઓળંગે જ્યાં પ્રથમ ત્યાં પૂછે ગુરુ નિસ્પંદ;
થયો જન્મ ક્યાં તાહરો ? વદે એહઃ- હું મૈંદ[1]. ૨૧

ઓળંગી બીજી તથા કહેઃ- દેવ ! કિરાત[2]
હું વનરાખો નિશ્ચયે, રાખું વન દિનરાત. ૨૨

ઓળંગે ત્રીજી જિહાં, થઈ પૂર્વસ્મૃતિ ત્યાંય;
કહે નદીતટવાસી[3] હું ગંગાપુત્ર સુકાય. ૨૩

ચોથી રેખા જ્યાં ટપે, કહેઃ- શૂદ્ર હું, નાથ !
જતાં મજૂરીએ પ્રભો બોલાવ્યો તેં તાત !! ૨૪

આવ્યો તે માટે અહીં, નમે એમ કહી એહ;
ઓળંગે પંચમ પછી; કહેઃ- વૈશ્ય હું તેહ. ૨૫

જન્મ્યો વૈશ્યકુલે નકી, સોમદત્ત છે નામ;
છઠ્ઠી ઓળંગે જિહાં, કહેઃ- ક્ષત્ર હું આમ. ૨૬

નામ માહરૂં હે પ્રભો, ગોદાવરી વિખ્યાત;
ટપે સાતમી જ્યાં, કહેઃ- બ્રાહ્મણ હું સાક્ષાત્ ! ૨૭

વેદશાસ્ત્રાદિક સહુ જાણું યથાર્થ નાથ;
ગુરુજી નામે સકલ જન મને ઓળખે, તાત ! ૨૮

કહે શ્રીગુરુઃ- જો લહું વેદશાસ્ત્ર સહુ એમ,
વાદાર્થે આવ્યા દ્વિજો, જીત વાદ કરી તેમ. ૨૯

એમ કહી તદ્દેહ પર ભસ્મ મંતરી જાણ
નાંખે શ્રીગુરુ, જ્ઞાન ત્યાં પ્રગટ્યું ઝળહળ માન ૩૦

ક્ષણાન્તરે તત્સ્વાન્તમાં, અપૂર્વ નિઃસંદેહ !
જયજયકાર કરે મુખે, વંદે ફરી ફરી તેહ !! ૩૧

માનસસર જઈ કાગડો રાજહંસ જ્યમ થાય,
ગુરુદૃષ્ટિથી હીન પણ થયો જ્ઞાની એ ત્યાંય. ૩૨

થયા અવતીર્ણ ભૂતલે સ્વયં ત્રિમૂર્તિ એહ,
નૃસિંહસરસ્વતી જાણ તું; મા કર ઉર સંદેહ. ૩૩

નરદૃષ્ટિથી એહને દેખે જે હતકાય,
થાય અધોગતિ તેહની; નિશ્ચય નરકે જાય. ૩૪

એમ પતિત પણ એ થયો વેદશાસ્ત્રવિત્ જાણ;
સૂણે વિદ્વજ્જન સહુ, પઢે સાંગ શ્રુતિ માન. ૩૫

આવ્યા જે વાદાર્થ ત્યાં મત્ત વિપ્રદ્વય એહ,
થયા ગાભરા સાંભળી; કંપે ધાકે તેહ. ૩૬

ઊઠ્યો ગોળો પેટમાં, થયું બંધ મુખ હન્ત !
થયા બધિર અવાક્ અહા ! સૂઝે કાંઇ ન પંથ !! ૩૭

કંપે થરથર બીકથી, પડ્યા ગુરુપદે તેમ;
કહેઃ- ત્રાહિ ! શી ગતિ હવે સ્વામી અમારી એમ ? ૩૮

ગુરુદ્રોહ કીધો અહા, ધિક્કાર્યા બ્રાહ્મણ !
કર ક્ષમા, અવતીર્ણ તું થયો ગૌરીરમણ !! ૩૯

માયાવેષ્ટિત તામસી અમે પાપી હરામ,
પ્રગટ રૂપ પણ તાહરૂં ના જાણ્યું હા આમ ! ૪૦

લીલાથી તું તણખલું કરે અદ્રિ સમાન;
ક્રોધદૃષ્ટિથી તાહરી થાય ભસ્મ ગિરિ જાણ. ૪૧

રજોગુણે સૃષ્ટિ રચે, પાળે સત્ત્વે તેમ;
સંહારે તમથી ગુરો ! તુંજ ત્રિમૂર્તિ એમ. ૪૨

તવ મહિમાવર્ણન વિષે ચાલે બુદ્ધિ ન તાત;
શરણાગતવરપ્રદ વિભો ! ઉદ્ધર અમને નાથ ! ૪૩

સ્તવે એમ દ્વિજ એ તિહાં, સૂણી વદે ગુરુનાથઃ-
કર્યો ક્ષુબ્ધ યતિવર તમે હન્ત ત્રિવિક્રમ તાત ! ૪૪

અગણિત દોષો અન્ય પણ કીધા તે જ પ્રમાણ;
નિંદ્યા દ્વિજ, તેથી થશો રાક્ષસ બેઉ મહાન. ૪૫

સ્વાર્જિત ભોગવવું રહ્યું પુણ્ય પાપ વા તેમ;
વિના ભોગવ્યે ના છૂટે કર્મ, ના ગતિ એમ. ૪૬

શ્રીગુરુવાણી સાંભળી પડે એહ પદ માંહ્ય;
પૂછેઃ- દુઃખાર્ણવથી આ કદા કેમ છૂટાય ? ૪૭

કૃપાનિધિ ગુરુ ઓચરેઃ- સૂણો વિપ્ર સુચિત્ત
બાર વરસ રાક્ષસ થઈ વને ભટકશો ક્લિષ્ટ. ૪૮

પશ્ચાત્તાપ થયો હૃદે તમને, તેથી ત્યાંય
શાંતરૂપ થશો તમે, ભલે દૈત્યની કાય. ૪૯

થતાં પાપશુદ્ધિ તિહાં નારાયણઅનુવાક
પઢતો બ્રાહ્મણ આવશે એક વન વિષે દ્રાક્. ૫૦

અગ્રવાક્યઉચ્ચારણે થશે સદ્ગતિ તેમ;
થયો વખત, જાઓ હવે ગંગાતટ પર એમ. ૫૧

તમને યોગ્ય સ્થાન એ ! ગુરુવચન એ જાણ.
સૂણી ગામ બહાર એ ગયા દ્વિજાધમ માન. ૫૨

ત્યાં તો ઊઠ્યું શૂળ હા જતાં નદી પર હન્ત,
વિપ્રદ્વય એ ક્ષણ મહીં ગયા મોતને પંથ ! ૫૩

કૃતકર્મોનું અન્ય કો કેમ ભોગવે ફળ ?
શ્રીગુરુવેણ અસત્ય ના ! અધમ એહ દ્વિજવર ૫૪

આત્મઘાતકી રાક્ષસો થયા બાર વરસ;
પામ્યા સદ્ગતિ તે પછી, ખૂટ્યું કર્મ [4]નૃશંસ !! ૫૫

વિપ્રદ્વયને મોકલે નદીતટે ગુરુરાય
બને તે પછી શું અહીં, સાંભળ શિષ્ય સુકાય. ૫૬

૧. વાઘરી. ૨. ભીલ. ૩. માછી. ૪. દુષ્ટ.

પતિત એહ જ્ઞાની થઈ, પૂર્વ જન્મ જે સાત
સ્મરી, વિપ્ર હું એમ એ કરે સુનિશ્ચય તાત ! ૫૭

પ્રણમી ગુરુપદ ભાવથી, બોલે વિનયગભીરઃ
માયાધ્વાન્તે શ્રીગુરો જ્યોતિરૂપ તું ધીર ! ૫૮

હતો વિપ્ર હું હે ગુરો, પૂર્વે પરમ પવિત્ર;
પડ્યો કેમ ? થયો પછી જાતિહીન શેં ચિત્ર ? ૫૯

ત્રિકાલજ્ઞ તું સ્વામી હે, કહે સકલ વિસ્તાર;
ઈશ્વર પોતે તું નકી, નૃસિંહસરસ્વતી તાર. ૬૦

જન્માન્તરમાં હે પ્રભો, દુષ્ટબુદ્ધિથી હન્ત
શા કીધા મેં દોષ હા, જેથી ચૂક્યો પંથ ? ૬૧

સુણી વચન એ પતિતનાં, વદે કેમ ભગવાન;
આગળ અનુસંધાન એ **રંગ** સુધામય માન. ૬૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
મત્તવિપ્રદંડનં નામ એકાશીતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૮૧ ॥ દોહરા ૬૨

અધ્યાય ૮૨

શ્રીગુરુ બોલેઃ- પતિત હે ! પૂછ્યું તેં પ્રાક્કર્મ,
થયો ચંડાલ જે થકી, સૂણ સવિસ્તર મર્મ. ૧

પુણ્યપાપની એ ગતિ ઊર્ધ્વાધઃ જે જાણ,
કર્મવિપાકે સર્વ એ કહી સુસ્પષ્ટ માન. ૨

બ્રહ્મક્ષત્રવિટ્શૂદ્ર જે દુરાચારરત દુષ્ટ,
મરણ પછી ચંડાલ તે થાય જાણ નિકૃષ્ટ. ૩

શૂદ્રસંગથી બ્રાહ્મણી પ્રસવે જેહ કુમાર,
જારજાત ચંડાલ એ ષોડશ[૧] જાતિ ગમાર. ૪

મૂળ ચંડાલ જાતિ એ, તત્પ્રાપક જે દોષ
કહું સવિસ્તર સૂણ તે, પાપ તણો જે કોષ. ૫

દુરાચારરત વિપ્ર જે, થાય એહ ચંડાલ;
માત પિતા ગુરુ કુલસતી ત્યજે જેહ નિર્ધાર. ૬

ત્યાગ કરી કુલદેવનો પૂજે દૈવત અન્ય,
વદે વિપ્ર અસત્ય જે, થાય ચંડાલ અધન્ય. ૭

જીવહિંસક દ્વિજ તથા કન્યાવિક્રયી તેમ;
જુવાખોર[૨] હયવિક્રયી થાય ચંડાલ એમ. ૮

શૂદ્રહસ્તનું અન્ન જે ખાએ વિપ્ર અધન્ય,
રહે શૂદ્ર સહ સર્વદા, થાય ચંડાલ જઘન્ય. ૯

શૂદ્રસ્ત્રી સાથે રમે, થાય દાસીરત તેમ;
દૈવપિત્ર્યકર્મે ક્રુધા[૩] ભાણ્ડ[૪] અફાળે એમ; ૧૦

થાએ દ્વિજ ચંડાલ એ બાળે વનને જેહ;
ગાયવાછડાનો કરે વિયોગ તે પણ તેહ. ૧૧

રહે મા ત્યજી, જે કરે માતા-છોરૂ વિભક્ત,
થાય ચંડાલ એ નકી, [૫]વૃષારોહી જે મસ્ત. ૧૨

ખાય દ્વિજ શૂદ્રાન્ન જે, કરે ન તીર્થશ્રાદ્ધ;
કરે પ્રતિગ્રહ તીર્થમાં, થાય ચંડાલ [૬]અરાદ્ધ. ૧૩

સ્વધર્મહીણો દેવને વિના સમર્પ્યે જેહ
પીએ કપિલા ગાયનું દૂધ, ચંડાલ તેહ. ૧૪

છેદી તુલસી શૂદ્ર જે અર્ચે શાલગ્રામ,
પીડે માતપિતા કુધી, અંત્યજ એહ હરામ. ૧૫

સાત જન્મ અથવા કૃમિ થાય એહ દ્વિજ એમ;
પરણી બીજી પૂર્વ સ્ત્રી ત્યજે જેહ ખલ તેમ. ૧૬

શ્રાન્ત અતિથિ આવતો જોઈ જે બ્રાહ્મણ,
વેદ પઢાવી દેરથી આપે એને અન્ન; ૧૭

થાએ અંત્યજ એ નકી, નિંદે બ્રાહ્મણ યોગ્ય,
હરે જીવિકા અન્યની, પૂજે તેમ અયોગ્ય. ૧૮

વાપીકૂપતડાગનો કરે જેહ વિનાશ,
ભાંગે લિંગાર્ચન કુધી, દેવવિપ્રગૃહ ખાસ; ૧૯

કરે ઘાત વિશ્વાસનો, થાય ચંડાલ એમ;
રમે સ્વામિગુરુમિત્રસ્ત્રી [૭]દ્વિષત્પત્ની સહ તેમ. ૨૦

ભેદભાવ બે પત્નીમાં રાખે તે ચંડાલ
થાય, અન્ન ના અતિથિને આપે જે તત્કાળ; ૨૧

સંધ્યાકાળે ખાય જે, કરે વચનનો ભંગ;
ઊંઘે સંધ્યાકાળમાં, અંત્યજ થાય કુસંગ. ૨૨

આપી ભૂમિ ગાય વા બ્રાહ્મણને જે રાય
લે પાછી તે નિશ્ચયે અંત્યજ થાય કુકાય. ૨૩

વૈશ્વદેવકાલે વદે દુષ્ટોત્તર જે એમ
અભ્યાગતને, તે નકી થાય ચંડાલ તેમ. ૨૪

આપે દુરુક્તિથી તથા અન્ન અતિથિને જેહ,
નિંદે ગંગાતીર્થને થાય ચંડાલ તેહ. ૨૫

એકાદશીએ જે જમે, ત્યજે સ્વામી રણમાંહ્ય;
શૂદ્રાગ્રે શ્રુતિ ઓચરે, તેહ ચંડાલ થાય. ૨૬

૧. સોળમી. ૨. જુગારી. ૩. ક્રોધથી. ૪. વાસણો. ૫. બળદ પર બેસનાર. ૬. દરિદ્રી. ૭. શત્રુની સ્ત્રી.

વ્રતે દિવા[૧] પર્વે તથા કરે જેહ સ્ત્રીસંગ,
થાએ અંત્યજ તે નકી, કરે ન શ્રાદ્ધ કુસંગ. ૨૭

કથે પુણ્ય પોતા તણું, તોડે રસ્તો જેહ,
ભાંગે પરબો યત્નથી, થાય ચંડાલ તેહ. ૨૮

નાડીજ્ઞાન વિના કરે ઊંટવૈદું જે એમ;
વિના ચિકિત્સા દે દવા, થાય ચંડાલ તેમ. ૨૯

વેદમાર્ગ ત્યજે કુધી, જારણ મારણ ફંદ
મોહનાદિક આચરે, થાય ચંડાલ હન્ત. ૩૦

માને ગુરુને માનવી; પૂજી દૈવત અન્ય
નિંદે હરિહરને તથા, થાય ચંડાલ અધન્ય. ૩૧

ત્યજી કર્મ નિજ જે રહે પરકર્મે આસક્ત;
દે ભોજન ગાળો દઈ, અંત્યજ થાય અભક્ત. ૩૨

શ્વાનચર્મમાં [૨]જાહ્નવીક્ષીરોપમ જે તેમ
ગ્રહે મંત્ર દ્વિજ શૂદ્રથી, થાએ અંત્યજ એમ. ૩૩

મૂકે પિંડ ન શ્રાદ્ધમાં; વિધવાસ્ત્રીરત જેહ,
માતૃપિતૃગુરુદ્વેષી જે, થાય ચંડાલ તેહ. ૩૪

ગુરુનિંદા સૂણી હસે, પીડે વિપ્ર [૩]નૃશંસ;
કરે વેદચર્ચા કુધી, થાય બ્રહ્મરાક્ષસ. ૩૫

એક દેવગુરુભક્ત જે નિંદે દૈવત અન્ય,
થાય દરિદ્રી એ નકી અપસ્મારાર્ત અધન્ય. ૩૬

માત પિતા ગુરુને ત્યજી રહે સુખાર્થે દૂર,
મહારોગી થઈ અવતરે બુરડયોનિમાં[૪] ક્રૂર. ૩૭

અપમાને જે વિપ્રને, નિંદે શ્રુતિને તેમ,
કર્મભ્રષ્ટ પીડાય એ મૂત્રકૃચ્છ્રથી એમ. ૩૮

મર્મભેદી બોલે સદા, કરે પ્રગટ પરપાપ,
હૃદ્રોગી થઈ પરભવે પામે એ અતિ તાપ. ૩૯

ગર્ભપાત સ્ત્રીઓ કરે થાએ વંધ્યા તેહ,
મૃતવંધ્યા[૫] વા પરભવે; એમાં ના સંદેહ. ૪૦

દોષદૃષ્ટિથી ના સૂણે ધર્મશાસ્ત્ર જે જાણ,
નિંદે બહુ ખાનારને, થાય બધિરાંધ માન. ૪૧

કરે મિત્રતા પતિતની, થાએ ગર્દભ એહ;
સેવે ઓસડ નીચનું, જન્મે મૃગ થઈ તેહ. ૪૨

કરે બ્રહ્મહત્યા કુધી, ક્ષયરોગી એ જાણ;
થાય મદ્યપી નિશ્ચયે [૬]શાવદંત તું માન. ૪૩

સુવર્ણહર્તા દુષ્ટધી [૭]કુનખી તે જ પ્રમાણ;
ગુરુતલ્પગ[૮] કુષ્ઠી નકી જન્માંતરમાં માન. ૪૪

અશ્વગોહન્તા તથા થાએ અપુત્ર તેમ;
થાય અનુતાપ જેહને દોષહીન તે એમ. ૪૫

પાપ ભોગવી નરકમાં પૂર્વે પાપી જાણ,
થાય ભવાંતરમાં અહા રોગી દુર્ધર માન. ૪૬

કરે ઘાત વિશ્વાસનો, અન્નવેરી એ તેમ
પીડાએ વાન્તિ થકી; જાણ નિશ્ચયે એમ. ૪૭

પરસેવક યત્ને ભગાડી રાખે જે આપ;
પડી બંધનાલય મહીં, ઘોર ભોગવે તાપ. ૪૮

હરે પરસ્ત્રી દુષ્ટ જે, દારુણ નરકે જાય;
થઈ મતિહીન અવતરે; ક્લેશ ભોગવે ત્યાંય. ૪૯

સર્પયોનિમાં [૯]સર્પહા જાય નિશ્ચયે તેમ;
દોષો એમ અનેક એ ! કહું ચૌર્ય પણ એમ. ૫૦

સ્વર્ણચોર પ્રમેહથી પીડાએ તું જાણ;
પુસ્તકચોરી જે કરે, થાય જન્માંધ માન. ૫૧

વસ્ત્રહર્તા પતિત તે [૧૦]શ્વિત્રી નિશ્ચય તેમ;
સંઘદ્રવ્યહર્તા તથા ગંડમાલાર્દિત એમ. ૫૨

શ્વાસરોગીનું વિત્ત જે હરે તેમ પામર,
થાય બદ્ધ કારાગૃહે; કહે એમ સદ્વર. ૫૩

પરદ્રવ્ય પરન્યાસ[૧૧] વા હરે કપટથી તેમ,
પરદ્વેષી જન્માંતરે થાએ અપુત્ર એમ. ૫૪

અન્નહર્તા નર તથા થાએ ગુલ્મી[૧૨] જાણ;
ધાન્યહારક નિશ્ચયે રક્તપિત્તી તું માન. ૫૫

કરે તૈલચોરી તથા થાય દુર્ગંધી તેહ;
હરે બ્રહ્મસ્વ[૧૩] પરસતી, બ્રહ્મરાક્ષસ એહ. ૫૬

રત્ન મોતી માણેક વા હરે જવાહીર જેહ,
થાય નરાધમ પતિત એ હીનજાતિ કુદેહ. ૫૭

પત્રફલાદિક જે હરે થાય [૧૪]ખર્જૂપીડિત;
રક્તમાંસાહારી તથા થાય જીઓ નિશ્ચિત. ૫૮

કાંસ્ય[૧૫] કાર્પાસ[૧૬] લોહ વા ચોર્યે નરકે જાય;
થાય શ્વેતકુષ્ઠી પછી; કરવો વિચાર ત્યાંય. ૫૯

દેવકાર્યઘાતી તથા દેવદ્રવ્યહર તેમ,
અભક્ષ્યભક્ષક પાંડુરોગે પીડાએ એમ. ૬૦

૧. દિવસે. ૨. ગંગાજળ કે દૂધની માફક. ૩. દુષ્ટ. ૪. એ નામની વાઘરી જેવી એક હલકી વર્ણમાં. ૫. છોકરાં થઈને મરી જાય તે. ૬. દંતરોગી. ૭. નખરોગી. ૮. ગુરુસ્ત્રી સાથે ગમન કરનાર. ૯. સર્પ મારનાર. ૧૦. કુષ્ઠરોગી; કોઢિયો. ૧૧. પારકી થાપણ. ૧૨. ગોળાના રોગવાળો. ૧૩. બ્રાહ્મણનું દ્રવ્ય. ૧૪. ખસ કે ખરજવું ૧૫. કાંસું ૧૬. કપાસ.

પરન્યાસહર્તા વળી પામે સઘળે શોક;
સાંભળ જન્માંતર કહું, જાણે વિરલો કોક. ૬૧

જન્મે ધનહૃત્ ઊંટ થઈ, ફલહૃત્ વનચર દ્રાક્ષ;
જલહર્તા ચાતક [1]ગૃહોપકરણહૃત્ તે કાક. ૬૨

મધુહૃત્ થાએ મક્ષિકા, કુષ્ઠી ગોરસચોર;
દોષો અનંત એ નકી જન્માંતરપ્રદ ઘોર. ૬૩

કહું શાન્તિપર્વોક્ત જે, સાંભળ વ્યભિચારફલઃ-
જાય ફરી ફરી નરકમાં, વ્યભિચારી જે ખળ. ૬૪

આલિંગે પરનાર જે, થાય શત જન્મ શ્વાન;
સર્પજન્મ પામી પછી પામે દુઃખ મહાન. ૬૫

દેખે કુદૃષ્ટિએ કુધી પરસ્ત્રીયોનિ જેહ,
થાય અંધ તે નિશ્ચયે; એમાં ના સંદેહ. ૬૬

બંધુસ્ત્રી સાથે રમે, થાએ ગર્દભ તેમ;
સર્પ થઈ જન્મે ફરી જારકર્મકૃત્ એમ. ૬૭

મિત્રસ્ત્રીભુક્ નિશ્ચયે થાય શ્વાન તું જાણ;
માતુલસ્ત્રી સાથે રમે થાય અશ્વ તે માન. ૬૮

દુર્બુદ્ધિથી જે જુએ પરનારીનું મુખ,
થાય નેત્રરોગી અહા પામે અપાર દુઃખ. ૬૯

વિપ્રસ્ત્રીથી જે રમે શૂદ્ર તે જ પ્રમાણ,
મહાપાપી બંને નકી થાએ કીટક માન. ૭૦

રમે શૂદ્રથી જે, સદા થાય દુર્ભગા તેહ
જારકર્મથી કૂતરી; એમાં ના સંદેહ. ૭૧

વદે જાણ શ્રીગુરુ તથા પતિતપ્રશ્નથી આમ;
સૂણી ત્રિવિક્રમભારતી, પૂછે કરી પ્રણામઃ- ૭૨

કર્યા પ્રગટ સુધર્મ આ, સૂણ્યા સ્વામી તેમ;
થાય કદાચિત્ પાપ જો, શમે એ પ્રભો કેમ ? ૭૩

કહે ત્રિવિક્રમને ગુરુઃ- સાંભળ પ્રાયશ્ચિત્ત;
પશ્ચાત્તાપે પાપનો થાય નાશ નિશ્ચિત. ૭૪

મહાપાપ જે જે કર્યું, ચોટ્યું હૃદયે તેહ;
પ્રાયશ્ચિત્ત કહું તિહાં કર્મવિપાકે જેહ. ૭૫

બહુવિધ પ્રાયશ્ચિત્તનાં મુનિપ્રણીત વિધાન;
તેમાં મત મારો કહું, સાંભળ આપી ધ્યાન. ૭૬

બ્રહ્મદંડ સભા મહીં મૂકી ગોવૃષ[2] જાણ,
મૂલ્ય તેહનું વા તથા; પછી આચરે માન ૭૭

યથાશક્તિ અબ્દાદિ ત્યાં, કહે જેમ પરિષદ્;
અર્પે ધેનુ [3]નિષ્ક વા તદભાવે તદર્ધ; ૭૮

યથાશક્તિ પા મ્હોર વા વિત્તશાઠ્ય વિણ એમ;
કૃચ્છ્રાદિક પાપાનુરૂપ પછી આચરે તેમ. ૭૯

અજ્ઞાને અઘ[4] જે કર્યું, પશ્ચાત્તાપે તેહ
થાય નષ્ટ; ગુરુ વા હરે ગુરુસેવાથી એહ. ૮૦

સૌમ્યપાપનાશાર્થ ત્યાં યોજનદ્વયપ્રમાણ
કરવું તીર્થાટન તથા [5]ગુંજાસ્વર્ણપ્રદાન. ૮૧

પતિપત્નીમાં એક જણ કરે પાપ જો તેમ,
લેપાએ બંને જણ; કરે પ્રાયશ્ચિત્ત એમ. ૮૨

સામાન્યાઘ નસાડવા મુનિઓ અન્ય પ્રકાર
વદે જાપ ગાયત્રીનો [6]અયુત એક નિર્ધાર. ૮૩

કહ્યું ગાયત્રીકૃચ્છ્ર એ, સર્વશ્રેષ્ઠ તું જાણ;
પઢે સ્વશાખા વેદની, તોય સિદ્ધ એ માન. ૮૪

ગાયત્રીમંત્રે કરે હોમ અગ્નિમાં તેમ
સહસ્ર આહુતી ઘી તણી આપી, તોય ફળ એમ. ૮૫

કહી કૃચ્છ્રસંખ્યા જિહાં ત્યાં ત્યાં પ્રાજાપત્ય
લેવું ત્રિવિક્રમ ભાવથી; કહું શાસ્ત્રોક્ત સત્ય. ૮૬

ત્રિદિન એકભોક્તા રહી, ત્રિદિન [7]નક્તભુક્ જાણ;
ત્રિદિન અયાચિત, દિવસ ત્રણ કરે ઉપોષણ[8] માન. ૮૭

બાર દિવસનું એક એ પ્રાજાપત્ય સુજાણ;
શ્રીગુરુસ્મરણે પણ ટળે પાપ સામાન્ય માન. ૮૮

કૃચ્છ્રાતિકૃચ્છ્ર આચર્યે અજ્ઞાતાઘવિનાશ
થાય નિશ્ચયે, હે મુને ! સાંભળ બીજું ખાસ. ૮૯

દિવા પંચદશ ગ્રાસ ને રાતે દ્વાદશ જાણ;
અથવા અયાચિતાન્નના ખાય અષ્ટાષ્ટ માન. ૯૦

માસમાત્ર એવું કર્યે થાય સૌમ્ય અઘ નષ્ટ;
લે અંજલિ[9] ભરી રોજ વા અન્ન તદર્થ સુસ્પષ્ટ. ૯૧

ત્રણ દિવસ ઉપવાસ વા કરવો તે જ પ્રમાણ;
પીવું ઘી ચોથે દિને, થાય નષ્ટ અઘ જાણ. ૯૨

ત્રિદિન ઘી, પય[10] ત્રિદિન ને ભક્ષે વાયુ ત્રિદિન;
પીએ દૂધ દિન એકવીસ, થાય પાપ સહુ ક્ષીણ. ૯૩

હોય પાપી અશક્ત જો કરે તિલાશન તેહ;
ખાય [11]ભ્રષ્ટયવ વા તથા એનો ઉપવાસ એહ. ૯૪

હોય શક્તિ તો સાત દિન પશ્ચાત્તાપે તેમ,
પર્ણકૃચ્છ્ર એ આચરે; શમે પાપ સહુ એમ. ૯૫

બિલ્વાશ્વત્થાબ્જ[12] વા તથા [13]કુશદૂર્વોદક જાણ
રહે પીઈને સાત દિન, પર્ણકૃચ્છ્ર એ માન. ૯૬

૧. ઘરની ચીજો. ૨. ગોધો. ૩. સોનામહોર. ૪. પાપ. ૫. ચણોઠીભાર સોનાનું દાન. ૬. દશ હજાર. ૭. રાતે જમનાર (દિવસે તદ્દન નિરાહાર રહી). ૮. ઉપવાસ. ૯. પોશ. ૧૦. દૂધ. ૧૧. ધાણી. ૧૨. કમળ. ૧૩. દર્ભ.

અથવા ચાંદ્રાયણ કરેઃ- શુક્લપક્ષમાં તેમ
કુક્કુટાંડવત્ એક એક ગ્રાસ વધારે એમ; ૯૭
કૃષ્ણપક્ષમાં એક એક તેમ ઘટાડે જાણ;
પૂર્ણિમાએ પંચદશ, અમા[૧] ઉપોષણ માન. ૯૮
અથવા ભરી સભા મહીં પશ્ચાત્તાપે તેમ,
ઉચ્ચારે નિજ પાપ જો થાય પાપલય એમ; ૯૯
પ્રાયશ્ચિત્ત કરે તથા સભોક્ત[૨] એ નિર્માન,
થાય મુક્ત તેથી નકી પાપી અઘથી જાણ. ૧૦૦
તીર્થયાત્રા વા કરે, થાય પાપક્ષય તેમ;
કાશીસ્નાને માસમાં શમે પાપ સહુ એમ. ૧૦૧
હજાર જપ ગાયત્રીનો અન્ય તીર્થમાં જાણ
કર્યે પાપ ટળે સહુ, અગસ્ત્યવચન પ્રમાણ. ૧૦૨
સેતુબંધરામેશ્વરે સમુદ્રસ્નાને તેમ,
ભ્રૂણહત્યાકૃતઘ્નતાદિક નાસે અઘ એમ. ૧૦૩
વિધિપૂર્વક ગાયત્રીનો કરોડ જપ ત્યાં જાણ
કર્યે બ્રહ્મહત્યાદિનો થાએ વિનાશ માન. ૧૦૪
લક્ષ ગાયત્રી જપ્યે સુરાપાનઅઘનાશ;
સાત લાખથી સ્વર્ણહર્તા થાય [૩]શુચિ ખાસ. ૧૦૫
અષ્ટ લક્ષ ગાયત્રીથી થાય ગુરુતલ્પગ શુદ્ધ !
વેદપાઠશુદ્ધિ કહું, સૂણ ત્રિવિક્રમ બુદ્ધઃ- ૧૦૬
પાઠ કર્યે પવમાનનો બ્રહ્મહત્યાદિવિનાશ;
ઇન્દ્રં મિત્રં મંત્ર વા જપે માસ ત્યાં ખાસ. ૧૦૭
શાન્તિસૂક્તથી મદ્યપાનાદિક પાપવિનાશ;
શૌનઃશેપે સ્વર્ણહૃત્ થાએ વિમુક્ત ખાસ. ૧૦૮
હવિષ્યાન્ન ભક્ષી સદા માસમાત્ર જો તેમ
શાન્તિસૂક્ત પઢે, ટળે ગુરુતલ્પાદ્યઘ એમ. ૧૦૯
પંચમહાપાપી તથા મિતાહાર જો જાણ
પઢે પંચ ષણ્માસ વા [૪]પુંસૂક્ત, શુચિ માન. ૧૧૦
તેમ ભક્તિથી જો પઢે ત્રિસુપર્ણ વિખ્યાત,
જાણ ત્રિવિક્રમ નિશ્ચયે શમે સકલ [૫]અઘજાત. ૧૧૧
નારાયણોપનિષદનો કરે પાઠ સશ્રદ્ધ,
શમે પંચ મહાપાપ ને થાય પાપી વિશુદ્ધ. ૧૧૨
ત્રિપદાગાયત્રીજપે સર્વપાપવિનાશ;
અઘમર્ષણસૂક્તે શમે સપ્તજન્મ અઘ ખાસ. ૧૧૩
ભક્તિપૂર્વક વા પઢે વિષ્ણુસૂક્ત વિખ્યાત,
સાત જન્મનાં પાપ પણ શમે સુનિશ્ચિત તાત. ૧૧૪

અજ્ઞાને કૃત દોષ જે તન્નાશાર્થે તેમ
પંચગવ્યપ્રાશન કરે, થઈ અનુતપ્ત એમઃ- ૧૧૫
કરી ઉપોષણ પૂર્વ દિન, નીલધેનુનું ત્યાંય
[૬]પ્રસ્થમાત્ર ગોમૂત્ર લે પંચગવ્યની માંહ્ય; ૧૧૬
ગોમય કાળી ગાયનું અંગુષ્ઠાર્ધ પ્રમાણ,
ક્ષીર તામ્રધેનુ તણું સપ્તપ્રસ્થમિત માન. ૧૧૭
શ્વેતધેનુનું પ્રસ્થત્રય દહીં સુનિર્મલ તેમ;
ઘી પ્રસ્થ કપિલા તણું, પ્રસ્થ દર્ભજલ એમ. ૧૧૮
યથામંત્ર સત્પાત્રમાં કાંસ્યાદિકના જાણ,
કરી એકત્ર યથાવિધિ હોમે પ્રથમ સુજાણ. ૧૧૯
ઇરાવતી-મંત્રે કરી ઇદં વિષ્ણુ....થી તેમ,
માનસ્તોકે.....થી તથા પ્રજાપતે...થી એમ; ૧૨૦
સપ્રણવ વ્યાહૃતિ સહ ગાયત્રીથી જાણ,
યથાવિધિ અગ્નિ મહીં હોમે સમંત્ર માન. ૧૨૧
થઈ અનુતપ્ત અંતરે, પંચગવ્ય એ શુદ્ધ
યત્ત્વગસ્થિ....મંત્રે પીએ; થાય પાપી વિશુદ્ધ. ૧૨૨
એવી ગાયો ના મળે લેવી કપિલા ત્યાંય;
ધેનૂત્તમ યદ્દર્શને સર્વદોષલય થાય. ૧૨૩
પંચગવ્ય ત્યાં તેહનું લેવું તે જ પ્રમાણ;
સર્વોત્તમ એ જાણ તું, કરે પાપક્ષય માન. ૧૨૪
પ્રથમ બ્રહ્મહા[૭] ને વળી સુરાપેયી પણ એમ
ત્રીજો ગુરુતલ્પગ નકી, સુવર્ણસ્તેયી તેમ, ૧૨૫
તત્સંસર્ગી પાંચમો; મહાપાતકી એહ !
બીજાં ઉપપાતક બહુ; પંચ સુદુઃસહ તેહ. ૧૨૬
થાય કદાપિ એહ જો, પ્રાયશ્ચિત્તે એમ
થાય શુદ્ધ નર; ગુરુ તણા અનુગ્રહે પણ તેમ. ૧૨૭
સ્વધર્મરત જે સર્વદા વેદશાસ્ત્રજ્ઞ સુજાણ;
બ્રહ્મનિષ્ઠ એ પાપીને કરે સુપાવન માન. ૧૨૮
સૂણી વચન એ ગુરુ તણાં થયા વિપ્ર સંતુષ્ટ;
કહેઃ- પ્રકાશિત જ્ઞાન હા કર્યું ધન્ય ઉત્કૃષ્ટ. ૧૨૯
બોલે શ્રીગુરુઃ- પતિત હે ! પૂર્વે તું દ્વિજ જાણ;
માતૃપિતૃગુરુદ્વેષથી થયો ચાંડાલ માન ૧૩૦
માસસ્નાને સંગમે થઈશ શુદ્ધ તું પૂર્ણ;
થઈ નષ્ટ દોષો, પુનઃ થઈશ વિપ્ર તું તૂર્ણ. ૧૩૧
કહે પતિતઃ- ત્વદ્દર્શને થયો સ્વામી હું શુદ્ધ;
માનસસર જઈ કાગડો થાય હંસ જ્યમ બુદ્ધ. ૧૩૨

૧. અમાસ. ૨. સભાએ કહેલું. ૩. શુદ્ધ. ૪. પુરુષસૂક્ત. ૫. પાપસમૂહ. ૬. પાશેર. ૭. બ્રહ્મહત્યા કરનાર.

દૃષ્ટિમાત્રથી તાહરી થયો પૂત[1] હું તેમ;
શરણાગત હું સ્વામી હે ! તાર તાર ગુરુ એમ. ૧૩૩

પારસસ્પર્શે લોહનું થાએ સુવર્ણ નાથ !
ફરી સ્વર્ણ શું લોહ એ થાય કદાપિ તાત ? ૧૩૪

સુધાદૃષ્ટિથી તાહરી થયો જ્ઞાની હું તેમ;
અભિમંત્રિત કરી, [2]સર્વવિત્ ! ભેળવ દ્વિજમાં એમ. ૧૩૫

સૂણી શ્રીગુરુ એ વદે, કરી હાસ્ય પ્રસન્નઃ-
કોણ વિપ્ર કહેશે તને ? હીન દેહ તુજ સન્ન ! ૧૩૬

હીનરક્તરેતે અહા થયો દેહ આ, ચિંત !
વધ્યો નીચ ગેહે તથા, થાય વિપ્ર શેં હન્ત ! ૧૩૭

નિંદાસ્પદ આ બોલવું તારૂં નિશ્ચય એમ;
કરી તપસ્યા શી પુરા વિશ્વામિત્રો કેમ, ૧૩૮

થવા પ્રાપ્ત વિપ્રત્વ ત્યાં ? ના જાણે શું બોલ !
કાઢે આવા તોય કાં, અશક્ય દુષ્કર બોલ ? ૧૩૯

સાઠ સહસ્ર વર્ષો સુધી ભક્ષી [3]લોહચણક,
કરી તપસ્યા ઉગ્ર હા, થયા સુરનરો છક ! ૧૪૦

સૂર્યકિરણથી દેહને બાળી, નૂતન તેમ
ધરી વસિષ્ઠકૃપા થકી છૂટ્યો ત્યારે એમ !! ૧૪૧

થયો ક્ષત્ર બ્રહ્મર્ષિ એ વિશ્વામિત્ર સુજાણ;
શી કથા તારી તિહાં ? માટે મારૂં માન. ૧૪૨

થયો અનુતપ્ત તું અરે; માટે મૂકી એમ
દેહ અદ્યતન[4], પરભવે થઈશ વિપ્ર તું તેમ. ૧૪૩

જા માટે અહીંથી હવે પતિત ઘેર સુજાણ !
પુનઃ પુનઃ શ્રીગુરુ કહે એમ તથાપિ માન, ૧૪૪

ચાખ્યું સુખ તે છોડીને જાવા ત્યાંથી તેમ
ના ઇચ્છે એ હીનતા વરવા ફરીથી એમ. ૧૪૫

મળ્યું નિધાન[5] દરિદ્રને, ઇચ્છે ત્યજવા કેમ ?
પામી અમૃત મર્ત્ય કો ત્યજે મૂઢધી એમ ? ૧૪૬

ક્ષુત્પીડિત ગો દૈવથી પામે લીલું ઘાસ,
ના ઇચ્છે ત્યાંથી જવા મનથી પણ એ ખાસ. ૧૪૭

એમ પતિત એ પામીને જ્ઞાન, ત્યાં થકી જાણ
ના ઇચ્છે જાવા ગૃહે, માની 'વિપ્ર હું' માન. ૧૪૮

આવી ત્યાં તો તેહની ભાર્યા સુત સહ ત્યાંય;
જોઈ એમ એને કહેઃ- ચસક્યો આ શું હાય ! ૧૪૯

વારી સ્ત્રીને એ વદેઃ- મા અડ મુજને એમ !
એમ કહી ક્રોધે ધસે તાડન કરવા તેમ !! ૧૫૦

થઈ સુદુઃખિત સ્ત્રી તદા પ્રણમી શ્રીગુરુપાદ,
કહેઃ- પતિ મુજને ત્યજે; બોધ એહને તાત ! ૧૫૧

કન્યા પુત્ર બહુ મને; કોણ પાળશે હન્ત ?
જાય કહાં સહુને ત્યજી ? બોધ સ્વામી સત્પંથ. ૧૫૨

ના બોધે જો, પુત્ર સહ ત્યજું પ્રાણ હું એમ;
અનાથ હું, કો પાળશે ? આપ બોધ ગુરુ તેમ. ૧૫૩

સૂણી વચન એનાં વદે, કરી હાસ્ય ગુરુરાય;
બોલાવી એને કથે ધર્મરહસ્ય સુકાયઃ- ૧૫૪

સૂણી વચન મુજ ગુરુ તણાં, જા પતિત ગૃહ એમ;
સ્ત્રીપુત્ર ક્ષોભાવીને થશે ગતિ તુજ કેમ ? ૧૫૫

જન્મી આ સંસારમાં કરી ઇંદ્રિય સંતુષ્ટ,
થઈ ધર્મમય તે પછી તરે ભવાર્ણવ હૃષ્ટ. ૧૫૬

અથવા પહેલેથી જ ના કરવું લગ્ન સુજાણ;
પરણી સ્ત્રીને ત્યાગતાં લાગે દોષ મહાન. ૧૫૭

સૂર્યાદિક સાક્ષીથી તું પરણ્યો આને એમ;
માટે એને ત્યાગતાં દોષ, ના ગતિ એમ. ૧૫૮

ગુરુવચન એ સાંભળી, વદે જોડી એ હાથઃ-
થઈ જ્ઞાની પાછો ફરી થાઉં કેમ કુજાત ? ૧૫૯

વદે સ્વગત શ્રીગુરુ તદાઃ- ભસ્મ એહને અંગ;
ધોઈ નાખતાં એ નકી થશે જ્ઞાનનો ભંગ. ૧૬૦

એમ વિચારી શિષ્યને વદેઃ- એક ધનલુબ્ધ
બોલાવીને આણ રે ! સૂણી એહ અક્ષુબ્ધ. ૧૬૧

ગયો શોધવા ગામમાં; મળ્યો એક દ્વિજ ત્યાંય
વાણિજ્યે રત જે સદા દ્રવ્યલુબ્ધ હતકાય. ૧૬૨

બોલાવી એને તથા આણ્યો શ્રીગુરુ પાસ;
કહે શ્રીગુરુ એહનેઃ- ન્હવાડ આને ખાસ. ૧૬૩

ગતજ્ઞાન એ એ થકી થશે નિશ્ચયે એમ !
સૂણી વચન શ્રીગુરુ તણાં, કરે લુબ્ધ દ્વિજ તેમ. ૧૬૪

રેડી પાણી ઘટ ભરી પતિતદેહ પર જાણ,
ન્હવાડતાં એને તથા ગઈ વિભૂતિ માન. ૧૬૫

ધોવાતાં સહુ ભસ્મ ત્યાં ભૂલ્યો સઘળું એહ;
જોઈ સ્ત્રીસુત સંનિધે ગયો ભ્રાન્ત થઈ તેહ. ૧૬૬

આલિંગી સ્ત્રીસુત કહેઃ- થયો ભ્રાન્ત હું આમ;
આવ્યાં કેમ તમે અહીં ? પડ્યું કહો શું કામ ? ૧૬૭

વિસ્મિત થઈ સ્ત્રીપુત્ર સહ, ગયો સ્વગૃહે તેમ;
સૂણી સકલ વૃત્તાંત ત્યાં, થયો સાશંક એમ. ૧૬૮

૧. પવિત્ર. ૨. હે સર્વજ્ઞ ! ૩. લોઢાના ચણા. ૪. હમણાંનો. ૫. ખજાનો.

વદે સકૌતુક વિસ્મયે, જોઈ લોક સહુ ત્યાંયઃ
દીઠું અભિનવ છેક હા, જોયું સૂણ્યું ન ક્યાંય ! ૧૬૯
ચકિત ત્રિવિક્રમભારતી વદે વિનયનતઃ- દેવ !
ઊઠે સંશય મન વિષે, કરો દૂર તતખેવ. ૧૭૦
જાતિહીનને પણ અહા આપ્યું જ્ઞાન તેં એમ;
અંગક્ષાલને તત્ક્ષણે થયું નષ્ટ એ કેમ ? ૧૭૧
કૃપા કરી મમ રંક પર કહે સવિસ્તર એહ !
એમ કહી શ્રીગુરુપદે પડે ભક્તિથી તેહ. ૧૭૨
બોલે શ્રીગુરુઃ- સૂણ હે ! ભસ્મ દેહ પર જાણ
નાંખી આપ્યું જ્ઞાન તે ગયું ક્ષાલને માન. ૧૭૩
વિભૂતિમહિમા એ નકી, સીમા એની ન એમ;
માટે ઈશ્વર પણ સ્વયં, કરે વિભૂતિ તેમ. ૧૭૪
સંતહસ્તયોગે કરે બ્રહ્મરૂપ સંસાર;
ભસ્મમાહાત્મ્ય એ નકી જાણ અગમ્ય અપાર. ૧૭૫
ગુરુમુખપદ્મોદ્‌ગત સુધાવાક્ય સૂણીને એમ,
વદે ત્રિવિક્રમભારતીઃ- કહો સકલ પ્રભુ તેમ ૧૭૬
વિભૂતિમહિમા રંકને, કૃપા કરી ગુરુરાય;
વદે સવિસ્તર શ્રીગુરુ પ્રેમે જે વરકાય. ૧૭૭
આગળ અનુસંધાન એ, બોલે અલખ ગભીર;
શિષ્ય નિરંજન સાંભળે, કથે **રંગ** સુધીર ! ૧૭૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
કર્મવિપાકકથનં નામ દ્વ્યશીતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૮૨ ॥ દોહરા ૧૭૮

અધ્યાય ૮૩

બોલે શ્રીગુરુઃ- ભસ્મનો મહિમા અપરંપાર;
કહું ત્રિવિક્રમભારતી, સાંભળ સાવધ સાર. ૧
પૂર્વે કૃતયુગમાં મહાયોગી પ્રસિદ્ધ ત્યાંય
વામદેવ નામે ફરે મુક્તસંગ જગ માંહ્ય, ૨
વિચરે સ્વચ્છંદે બધે શુદ્ધ બુદ્ધ એ તેમ;
બ્રહ્મવેત્તા ગેહસ્ત્રીવર્જિત અસંગ એમ. ૩
કામક્રોધાદિક નહીં જેને સ્વપ્ને જાણ;
સદા સંતુષ્ટ મૌની એ, નિઃસ્પૃહ કેવળ માન. ૪
જટાધારી વિજિતાક્ષ[1] હા ભસ્મવિભૂષિત દેહ;
વલ્કલ વ્યાઘાંબર ધરી, ફરે ભૂતલે તેહ. ૫
ફરતાં ફરતાં એમ એ નાના ક્ષેત્ર સુતાર,
આવ્યા કૌંચારણ્યમાં જ્યાં ન મનુષ્યસંચાર. ૬
વસે બ્રહ્મરાક્ષસ તિહાં, ક્રૂર ભયાનક એક;
ભક્ષે નરપશ્વાદિને, ઘોર વિનિર્દય છેક. ૭
દેખી શાન્ત મુનિ એકલા ઘોરવને એ એમ,
દોડ્યો વેગે ભક્ષવા ભૂખ્યો વરૂ સમ તેમ. ૮
ફાડી મોઢું ક્રોધથી દાંત કચકચી જાણ,
ક્ષુધાક્રાંત વિકરાળ એ દોડ્યો મુનિ પર માન. ૯
જોયો એને આવતો છેક કાળ સમ વન્ય;
વામદેવ નિઃશંક એ ડગ્યા ન તોએ ધન્ય ! ૧૦
મહાજ્ઞાની સમર્થ એ ઊભા જ્યાંના ત્યાંય;
'ભલો ગ્રાસ' કહી ઊછળ્યો ત્યાં તો એ હતકાય ! ૧૧
ખેંચે મુનિને જ્યાં તિહાં, ભસ્મ અંગ પર જેહ,
લાગી રાક્ષસદેહને; થયો જ્ઞાની ખળ તેહ !! ૧૨
ગઈ ક્રૂરતા ક્ષણ મહીં, થયો શાન્ત એ દુષ્ટ;
સ્મરે પૂર્વજન્મૌઘ હા, બોલે જ્ઞાન પ્રકૃષ્ટ ! ૧૩
થયું દગ્ધ અઘ સર્વ ને થયું પૂર્વનું જ્ઞાન;
ચિંતામણિસ્પર્શે યથા થાય સ્વર્ણ અય[2] માન. ૧૪
વાયસ માનસસર જઈ થાય હંસલો જેમ,
પામી અમૃત મર્ત્ય પણ થાએ અમર્ત્ય જેમ; ૧૫
પડી જંબુનદ મૃત્તિકા થાએ સુવર્ણ જાણ;
મુન્યંગસ્પર્શે તથા પાપી સુપૂત માન. ૧૬
સુલભ સકળ અવની મહીં, દુર્લભ સદ્‌દર્શન;
કરે સુપાવન પાપીને જેહ પૂર્ણ તત્ક્ષણ. ૧૭
બ્રહ્મરાક્ષસ ઘોર એ, જેની ભૂખ અપાર;
ખાતાં પણ નર ગજ તુરંગ[3], શમે જે તલભાર ! ૧૮
પીતાં પાણી અબ્ધિનું છીપે તરસ ન તેમ;
મુન્યંગસ્પર્શે થયો શાન્ત પાપી એ એમ !! ૧૯
ક્ષુધાતૃષા તો શાં તિહાં ? શમ્યા ક્રુધાદિક સર્વ !
જ્ઞાની થઈ રાક્ષસ વદે, પડી મુનિપદે ખર્વ !! ૨૦
ત્રાહિ ત્રાહિ ગુરુશ્રેષ્ઠ હે ! તું ઈશ્વર સાક્ષાત્;
પડ્યો ઘોર સંસારમાં; તાર મુનીશ્વર તાત ! ૨૧
તું દાતા હું દીન છું, તું જગદીશ મહેશ;
કૃપાંબુધે ! કરુણા કરી ઉદ્ધર મુજને, [4]મેશ ! ૨૨
દર્શનમાત્રે માહરાં થયાં પાપ સહુ નષ્ટ;
જગદ્‌ગુરો ! પાવન કર્યું ચિત્ત માહરું દુષ્ટ. ૨૩
એમ મુનીશ્વરને સ્તવે ભક્તિભાવથી એહ;
વામદેવ મહામુનિ રીઝ્યા તત્ક્ષણ તેહ. ૨૪

૧. જિતેંદ્રિય. ૨. લોઢું. ૩. ઘોડો. ૪. માયાના પ્રેરક.

પૂછે રાક્ષસનેઃ- અરે કોણ ? જન્મ તુજ કુત્ર ?
રહે અરણ્યે એકલો મનુષ્યશૂન્ય શેં અત્ર ? ૨૫

મુનિવચન એ સાંભળી બોલે રાક્ષસ એહ,
વિનયનમ્ર કર જોડીનેઃ- સાંભળ ભો મુનિદેહ ! ૨૬

થતાં કૃપા તારી પ્રભો, થયું પૂર્વનું જ્ઞાન;
અનેક જન્મો પૂર્વના સ્મરૂં સર્વશઃ માન. ૨૭

તેમાં જન્મ પચીસમો સ્પષ્ટ સાંભરે તેહ;
હતો યવનદેશીય હું ભૂપ જન્મમાં તેહ. ૨૮

દુરાચારરત નિત્ય હા, દુર્જય મારૂં નામ;
માર્યા મેં બહુ લોકને, પીડી પ્રજા તમામ. ૨૯

વર્યો સ્ત્રીઓ અનેક ત્યાં મદોન્મત્ત હું જાણ;
હરી બળાત્કારે વળી અમિત કેટલી માન. ૩૦

નિત્ય એકને ભોગવી, જોયું ફરી ન મુખ
એનું કોઈ દિવસ મેં; શાપે એહ સુદુઃખ. ૩૧

ગોંધી અંતઃપુર મહીં ભુક્તત્યક્ત[1] એ જાણ;
શાપે અગણિત એહવી ક્રોધે મુજને માન. ૩૨

જીત્યા સમસ્ત ભૂપ મેં, હરી તત્સ્ત્રીઓ તેમ;
રાખી અંતર્ગૃહ મહીં, [2]સકૃત્ ભોગવી એમ. ૩૩

રૂપવતી જે જે સ્ત્રીઓ બલાત્કારથી તેહ,
દ્રવ્યાદિકથી વા હરી આણી ભોગવી એહ. ૩૪

વિપ્રો મારા દેશના ગયા વિદેશે તેમ;
તન્નારી આણી બળે સ્વૈર ભોગવી એમ. ૩૫

પતિવ્રતા સુવાસિની વિધવા તે જ પ્રમાણ
હરી મદે સહુ ભોગવી, રજસ્વલા પણ માન. ૩૬

અવિવાહિત પણ હરી બલાત્કારથી એમ;
પીડી સમસ્ત દેશની સ્ત્રીઓ દુર્મદે તેમ. ૩૭

ત્રિશત બ્રાહ્મણી, ચારસો ક્ષત્રસ્ત્રી સુકુમાર,
ષટ્શત વૈશ્યસ્ત્રી અહા, શૂદ્રસ્ત્રીઓ હજાર. ૩૮

સો ચંડાલજ્ઞાતિની, પુલિંદનાર હજાર,
મૈંદસ્ત્રી ત્યાં પાંચસો; રજક ચતુઃશત નાર. ૩૯

વેશ્યાઓનો પાર ના; મત્ત ચિત્તથી એમ
અમિત ભોગવી તોય ના થઈ તૃપ્તતા તેમ ! ૪૦

મદ્યપાનરત હું સદા વિષયસક્ત ઉન્મત્ત
દિવસરાત રમું કુધી, તોએ થયો ન સ્વસ્થ !! ૪૧

શમ્યો કામ ના ભોગથી, થયો ઊલટો રોગ;
દારુણ સઘળા રોગમાં, જીવલેણ ક્ષયરોગ ! ૪૨

મળી અન્ય નૃપ એકઠા, હર્યું માહરૂં રાજ;
થયો નષ્ટ વૈભવ અહા ! વાળી શત્રુએ દાઝ ! ૪૩

આવ્યું મોત ઓચિંતું ત્યાં, આવ્યા યમના દૂત;
લઈ ગયા યમપુર વિષે, કરી મને હડધૂત. ૪૪

નાંખ્યો દારુણ નરકમાં, દિવ્ય વર્ષ હજાર
દશ વાર પિતૃ સહ તિહાં સહ્યાં કષ્ટ અનિવાર. ૪૫

પ્રેતયોનિમાં તે પછી જન્મ્યો હું મુનિરાય,
સહસ્ર [3]શિશ્નો અંગમાં, [4]વિરૂપ કેવળ હાય ! ૪૬

દિવ્ય વર્ષશત હું તિહાં રહ્યો સુપીડિત એમ,
ક્ષુદ્વ્યાકુળ યમપથ વિષે ગયો તે પછી તેમ. ૪૭

પામી દુર્ગતિ ત્યાં રહ્યો લાંબો કાળ અધન્ય;
જન્મ્યો વ્યાઘ્ર થઈ ફરી હિંસારત હું વન્ય. ૪૮

તૃતીય જન્મ અજગર તણો, ચોથો [5]વૃકનો તેમ;
પંચમ ડુક્કરનો અહા, ષષ્ઠ [6]શરઠનો એમ. ૪૯

જન્મ સાતમો શ્વાનનો, શિયાળ અષ્ટમ જાણ;
નવમ હરિણ, દશમો વળી [7]શશકજન્મ તું માન. ૫૦

એકાદશ વાનર તણો, દ્વાદશ સાબર તેમ;
તેર નોળિયો, ચૌદમો વાયસ નિશ્ચય એમ. ૫૧

જન્મ પંચદશ રીંછનો, ષોડશ વનકુક્કુટ[8];
નેત્રહીન ગર્દભ તણો સત્તરમો, મુનિ પૂત ! ૫૨

અષ્ટાદશ [9]માર્જાર ત્યાં; ફરી દેડકો તેમ
જન્મ ઓગણીસમો અહા, વિંશ કાચબો એમ. ૫૩

એકવીસમો મત્સ્ય એ, મૂષક દ્વાવિંશક
ધાન્યચોર; દિવાંધ હા ઘૂક[10] ત્રયોવિંશક. ૫૪

હસ્તિજન્મ ચોવીસમો તામસ કેવળ જાણ;
થયો બ્રહ્મરાક્ષસ કુધી, પચીસમે ભવ માન. ૫૫

ક્ષુધાક્રાંત દિનરાત હું અરણ્યવાસી હન્ત;
નિરાહાર કષ્ટી ફરૂં 'ખાઉ ખાઉ' કરી પંથ ! ૫૬

જોઈ તુજને, હું કુધી દોડ્યો ખાવા આમ;
પાપરૂપ અતિવેગથી ભૂલી ભાન તમામ. ૫૭

અંગસ્પર્શે તાહરા થયું પૂર્વનું જ્ઞાન;
સહસ્ર જન્મોના થયું દુષ્કૃતનું હા ભાન. ૫૮

હવે જન્મ દેખાડ ના, કરી અનુગ્રહ તાર;
સંસારાર્ણવથી પ્રભો, ઉદ્ધર આ નિજ બાળ. ૫૯

વિશ્વતારક તું નકી મળ્યો દૈવથી જાણ;
ત્વત્પદમહિમા કો લહે ? થયું સ્પર્શથી જ્ઞાન ! ૬૦

૧. ભોગવીને ત્યજી દીધેલી. ૨. એકવાર. ૩. લિંગ. ૪. બેડોળ. ૫. વરૂનો. ૬. કાચિંડો. ૭. સસલું ૮. જંગલી મરઘો. ૯. બિલાડો. ૧૦. ઘુવડ.

ફરે બહુ નરો ભૂ વિષે, ના તત્સમ તું ધન્ય;
કહે કૃપા કરી અંગનું આ માહાત્મ્ય અનન્ય. ૬૧

મહાપાપી દુર્વૃત્ત હું ફરું અરણ્યે એમ;
અંગસ્પર્શે તાહરા થયું જ્ઞાન આ કેમ ? ૬૨

શો મહિમા તવ અંગનો ? તું જ ઈશ જગ માંહ્ય;
લાગે [1]નતજન તારવા થયો પ્રગટ મુનિકાય. ૬૩

સૂણી વચન રાક્ષસ તણાં વામદેવ સંતુષ્ટ;
બોલેઃ- મહિમા આ નકી ભસ્મ તણો ઉત્કૃષ્ટ. ૬૪

ભસ્મલિપ્ત સર્વાંગ આ મારૂં દેખ સુજાણ;
ચોંટ્યું કિંચિત્ દેહમાં તારા, તેથી જ્ઞાન ૬૫

અનેક જન્મોનું થયું, ભસ્મમાહાત્મ્ય અપાર
બ્રહ્માદિક પણ ના લહે ! કોણ મર્ત્ય ગમાર ? ૬૬

ધર્યું શંકરે જે સ્વયં આભૂષણવત્ એમ,
કોણ વર્ણવી એ શકે વિના ઉમાપતિ તેમ ? ૬૭

પૂછ્યું તેં તો લે કહું, જોયો દૃષ્ટાંત જેહ,
અપાર મહિમા ભસ્મનો, સાંભળ નિઃસંદેહ :- ૬૮

હતો વિપ્ર દ્રાવિડ ત્યાં, કર્મભ્રષ્ટ જે જાણ;
સદાચારવર્જિત સદા શૂદ્રીરત એ માન. ૬૯

ભ્રષ્ટ વિપ્ર એ દ્વિજ સહુ કરે બહિષ્કૃત તેમ;
માતપિતા બાંધવજનો ત્યજે સર્વ પણ એમ. ૭૦

નામમાત્ર બ્રાહ્મણ તથા હિનાચાર કુજાત;
રમી શૂદ્રી સહ નિર્ગમે કાલ એમ દિનરાત. ૭૧

કરે સંગ અનેકનો, ભરે ચૌર્યથી પેટ;
એમ પાપી દુર્વૃત્ત એ, બેઠો છેલ્લે ઠેઠ ! ૭૨

એક દિવસ રાતે તથા કરવા એ વ્યભિચાર
થઈ ઉદ્યુક્ત શૂદ્રના ઘૂસ્યો ઘરમાં જાર. ૭૩

પકડી અધવચ એહને, માર્યો શૂદ્રે એમ;
મરણતોલ વગડા મહીં ફેંક્યો બહાર તેમ. ૭૪

ભસ્મરાશિ પર દૂર ત્યાં હતું લેટતું શ્વાન;
મૃતપ્રાય દ્વિજ એ તથા જોઈ દોડ્યું માન. ૭૫

ભૂખે ખાવા એહને ચઢ્યું અંગ પર જ્યાંય,
ભસ્મ શ્વાનશરીરની પડી દ્વિજાંગે ત્યાંય. ૭૬

દૈવે ચોંટી લલાટમાં, પડી છાતી પર તેમ;
બાહુદ્વય પર ભસ્મ એ મરતાં મરતાં એમ. ૭૭

જતાં પ્રાણ યમદૂત ત્યાં આવ્યા દોડી હન્ત;
બાંધી એને મારતા લઈ જાય યમપંથ ! ૭૮

ત્યાં તો રજતગિરિ[2] થકી, ખડા આવી શિવદૂત;
ભસ્મવિભૂષિત એહને વદે જોઈઃ- આ પૂત ! ૭૯

[3]કૈલાસાર્હ જ એ નકી; લઈ જાય કો ક્યાંય ?
એમ કહી શિવદૂત એ ક્રોધે હણવા ધાય. ૮૦

બોલેઃ- યમકિંકર અરે ! આ તો શિવપુરયોગ્ય;
ક્યાં લઈ જાઓ એહને ? છોડો કર્મ અયોગ્ય. ૮૧

શિવદૂતોને જોઈ એ, ત્યજી વિપ્ર એ ત્યાંય;
બીકે યમદૂતો અહા, શીઘ્ર યમપુરે જાય ! ૮૨

વદે જઈ યમનેઃ- હવે ચાલે કાંઈ ન છેક;
ગયા આજ ભૂ પર અમે ઘોર પાપીને એક ૮૩

લઈ આવવા અત્ર જ્યાં, દોડ્યા ત્યાં શિવદૂત
ક્રોધે અમને મારવા; કહેઃ- અરે ! આ પૂત. ૮૪

બળાત્કારથી એહને લઈ ઝૂંટવી એમ,
દોડ્યા અમને બાંધવા ! કરીએ નાથજી કેમ ? ૮૫

મર્ત્યલોકમાં શી હવે ગતિ અમારી એમ ?
મારે શિવદૂતો, અમે કિંકર તારા તેમ. ૮૬

દૂતવચન એવાં સૂણી, થયો કુપિત યમ ત્યાંય;
દોડ્યો વેગે દંડધર, હતા શિવદૂત જ્યાંય. ૮૭

પૂછે યમઃ- શિવદૂત કાં માર્યા મમ કિંકર ?
કેમ પ્રેત ઝૂંટાવ્યું ? શેં લઈ જાઓ શિવપર ? ૮૮

પ્રબલ પાપ આનું નકી; ગંગાસિક્તા[4] જાણ,
તેથી પણ એ અધિક હા ! તત્સમ પાપી ન આન. ૮૯

કૈલાસાર્હ ન એ કદિ ! કેમ મૂઢવત્ ખાસ
બેસાડી સુરયાનમાં લઈ જાઓ કૈલાસ ? ૯૦

ક્રુદ્ધ વચન એ સાંભળી વદે શિવદૂતઃ- દેખ
ભસ્મચિહ્ન લલાટમાં પ્રગટ સૂર્યસમ છેક ! ૯૧

વક્ષઃસ્થળમાં બાહુ પર, [5]મણિબંધે પણ તેમ,
ભસ્મ સ્પષ્ટ ન શું અરે ? કાં લઈ જાઓ એમ ? ૯૨

અમને આજ્ઞા ઈશની, ભસ્માંકિત નર જેહ
લઈ જાઓ કૈલાસમાં, લોક તદ્યોગ્ય તેહ. ૯૩

ભસ્મ લલાટે જેહના, લેવા તેને એમ
આવ્યા દૂતો તાહરા; વધાર્હ કેવળ એમ. ૯૪

ધર્મ વિચારી તોય એ છોડ્યા જીવતા જાણ;
હવે પછી નિજ દૂતને આપ સન્મતિ માન. ૯૫

ભસ્મલિપ્ત નર જે ન તે પાપી પણ દંડાર્હ;
સ્પર્શે દોષ ન તેમને, શાશ્વત તે સ્વર્ગાર્હ. ૯૬

૧. ભક્તજન. ૨. કૈલાસ. ૩. કૈલાસ માટે જ યોગ્ય. ૪. રેતી. ૫. કાંડા પર.

ધર્મ્ય વચન શિવદૂતનાં સૂણી એહવાં [1]ધર્મ,
બોલાવી નિજ દૂતને વદેઃ- સૂણો રે મર્મ ! ૯૭

ભસ્માંકિત નર જે જગે, ત્યજો દૂરથી તેહ;
શિવભક્તો એ નિશ્ચયે, કૈલાસાર્હ સદેહ. ૯૮

અનેકદોષદૂષિત ભલે ત્રિપુંડ્રભૂષિત જેહ,
ના મત્પુરને યોગ્ય એ; ત્યાજ્ય દૂરથી તેહ. ૯૯

ગલે માળ રુદ્રાક્ષની, ભાલે ભસ્મ ત્રિરેખ;
ના છેડો તેને કદિ, એમ શિવાજ્ઞા છેક. ૧૦૦

માન્ય મને પણ દૂત હે, આજ્ઞા સુધર્મ્ય એહ;
રહો સુસાવધ આ પછી, ત્યજો સર્વ સંદેહ. ૧૦૧

વામદેવ બોલેઃ- અરે સાંભળ રાક્ષસ એમ
વિભૂતિમહિમા ધન્ય આ; ભક્તિભાવથી તેમ. ૧૦૨

ધરી દેહ પર મેં તથા, દેવસુદુર્લભ જાણ;
જો ઈશ્વરપ્રિય [2]ભૂતિ એ; કરે કોણ વખાણ ? ૧૦૩

બોલે રાક્ષસ કરગરીઃ- હે જગજીવન ઈશ !
ઉદ્ધર મુજને દેવ હે ! તું જ પ્રત્યક્ષ ત્રીશ ! ! ૧૦૪

દીઠા તારા પદ અહા, સ્મર્યા જન્મ હજાર;
કર્યું પુણ્ય કંઈ જે થકી થયો ત્વત્સંગ સાર. ૧૦૫

પૂર્વે રાજ્યે જે કર્યું પુણ્ય સાંભર્યું તેહ;
બાંધી વાવો વન વિષે, તેમ જીવિકા જેહ ૧૦૬

બાંધી આપી વિપ્રને, ફળ્યું આજ તે સર્વ !
કીધા અગણિત દોષ ત્યાં, પીડી પ્રજા સગર્વ ૧૦૭

પામી મૃત્યુ યમપુરે ગયો હું તિહાં જ્યાંય,
પૂછે યમ બોલાવીને ચિત્રગુપ્તને ત્યાંયઃ- ૧૦૮

પાપપુણ્યનો ચોપડો ખોલ્યો એણે તેમ;
સૂણ્યું પુણ્ય મેં આ તદા, જાણ મુનીશ્વર એમ. ૧૦૯

બોલ્યા ત્યારે યમ મને, પુણ્ય તાહરું એહ
ફળશે જન્મ પચીસમે; ફળ્યું આજ આ તેહ ! ૧૧૦

તત્પુણ્યે પદકંજ આ દેખ્યાં સ્વામી ધન્ય;
કર ઉદ્ધાર હવે પ્રભો ! આવ્યો શરણ અનન્ય. ૧૧૧

મહિમા કેવો ભસ્મનો ધારણવિધાન તેમ ?
કહે સવિસ્તર સ્પષ્ટ ભો મહામુનીશ્વર એમ. ૧૧૨

વામદેવ બોલેઃ- અરે ! સાંભળ રાક્ષસ એહ;
વિભૂતિધારણનો વિધિ કહું યથાસ્થિત તેહ. ૧૧૩

મંદરગિરિ પર એકદા ગિરિજાપતિ ક્રીડાર્થ
ગયા કોટિગણયુક્ત ત્યાં; બેઠા શિખરે તાત. ૧૧૪

તેત્રીસ કોટિ દેવતા, યમાગ્નિ વરુણ [3]સમીર
કુબેરાદિ સહ દેવરાજ[4] આવ્યો તેમ ગભીર. ૧૧૫

ચિત્રસેનાદિક સહુ ગંધર્વો પણ તેમ,
યક્ષ ખેચર પન્નગો વિદ્યાધર પણ એમ; ૧૧૬

કિંપુરુષ સિદ્ધો તથા સાધ્ય ગુહ્યકો જાણ,
દેવાચાર્ય બૃહસ્પતિ વસિષ્ઠ નારદ માન; ૧૧૭

આવ્યા પિતૃ સહ અર્યમા, ઋષિઓ નિર્મલ તેમ
દક્ષાદિક માનસસુતો, શિવસાન્નિધ્યે એમ, ૧૧૮

ઉર્વશ્યાદિક અપ્સરા, દ્વાદશાદિત્ય જાણ,
અષ્ટ વસુ વળી ચંડિકા સપ્ત માતૃ સહ માન; ૧૧૯

અશ્વિનીદેવો ને વળી વિશ્વેદેવો તેમ;
આવ્યા મરુદ્ગુણો અહા, ઈશ્વરસંનિધ એમ. ૧૨૦

મહાકાલ મહાનીલ ને નંદિકેશ ભૂતેશ,
બેઉ પાર્ષદ યષ્ટિધર આવ્યા જ્યાં શિવ સેશ[5]. ૧૨૧

વીરભદ્ર મણિભદ્ર ને તેમ વૃકોદર જાણ,
દેવમાન્ય ષટ્કર્ણ ને શંખકર્ણ પણ માન; ૧૨૨

આવ્યા કુંભોદર વળી મંદોદર પણ તેમ,
વિકટ કર્ણધારક અને ધારકેતુ પણ એમ ૧૨૩

ભૃંગીરટ મહાવીર એ ભૂતનાથ પ્રમથ;
શોભે નાનાકાર હા રુદ્રગણો એ સુભટ. ૧૨૪

નાના વર્ણો ગણ તણા, અંગ રૂપ વિચિત્ર;
કૃષ્ણવર્ણ કોઈ અહા, કોઈ પીત ત્યાં ચિત્ર. ૧૨૫

શ્વેતવર્ણ કોઈ દિસે કોઈ રક્ત કો ધૂમ્ર;
[6]હરિતવર્ણ કોઈ વળી, ચિત્રવિચિત્ર [7]સુકમ્ર. ૧૨૬

મંડૂકાભ[8] વળી બહુ, કોઈ અવર્ણ્યભેખ;
નાના આયુધ વાહનો નાનાભૂષણ છેક ! ૧૨૭

વ્યાઘ્રવદન કોઈ તિહાં, સૂકરાસ્ય વળી કોક;
હસ્ત્યાનન કોઈ વળી કો નક્રાસ્ય[9] અશોક ! ૧૨૮

કોઈ શ્વમુખ મૃગાસ્ય કો, કો ઉષ્ટ્રાનન તેમ;
શરભાનન સિંહાસ્ય કો [10]ચિલ્લબકાનન એમ. ૧૨૯

વદનહીન કોઈ વળી દ્વયાનન કોઈ વિચિત્ર;
એકવદન ચતુરાસ્ય કો, અનેકાસ્ય કો ચિત્ર ! ૧૩૦

એકહસ્ત કોઈ અહા, ચતુર્હસ્ત કો તેમ;
દ્વિપંચષટ્કર તથા શોભે શિવગણ એમ. ૧૩૧

પાદહીન કોઈ તિહાં, બહુપદ કોઈ જાણ;
કર્ણહીન બહુકર્ણ કો, એકકર્ણ કો માન. ૧૩૨

૧. યમ. ૨. વિભૂતિ; ભસ્મ. ૩. વાયુ. ૪. ઇન્દ્ર. ૫. પાર્વતીના નાથ. ૬. લીલો. ૭. અત્યંત મોહક. ૮. દેડકા જેવી કાન્તિવાળા. ૯. મગરના જેવા મુખવાળા. ૧૦. સમડી.

આવ્યા ઈશ્વરદર્શને ટોળાબંધ અનેક
એકનયન કોઈ અહા, અનેકનયન અલેખ. ૧૩૩

કોઈ સ્થૂલ તિહાં વળી, કોઈ કૃશાંગ ચિત્ર;
કોઈ [1]કુબ્જ સ્વાંગ કો, આવ્યા એમ વિચિત્ર. ૧૩૪

બેઠા સિંહાસન વિષે સપ્તપ્રભાવલિયુક્ત
એમ ગણો સહ ઈશ શું બ્રહ્મ મૂર્તિમત્ તૂર્ત ! ૧૩૫

પ્રથમ રત્નરંજિત અહા રક્ત પ્રભાવલિ એહ;
રત્નમયીથી ઓપતું શિવસિંહાસન તેહ. ૧૩૬

દ્વિતીય પ્રભાવલિ પીત એ સુવર્ણનિર્મિત તેમ;
રત્નમયીથી ઓપતું શિવસિંહાસન એમ. ૧૩૭

નીલવર્ણ ત્રીજી નકી ઉજ્વલ અમલ સુજાણ;
શોભે સિંહાસન અહા ગિરિજાપતિનું માન. ૧૩૮

શુભ્રવર્ણ ચોથી તિહાં અબ્જમંડિત એહ;
રત્નમયીથી ઓપતું શિવસિંહાસન તેહ. ૧૩૯

મૌક્તિકાંચિત પાંચમી વૈડૂર્યાભ સુરમ્ય;
રત્નજડિત છઠ્ઠી અને સપ્તમ તેમ સુકમ્ય. ૧૪૦

નિર્મી [2]ત્વષ્ટ્રાએ બધી પ્રભાવલિ એ જાણ;
રત્નજડિત શોભે તથા શિવસિંહાસન માન. ૧૪૧

એવા સિંહાસન વિષે બેઠા શિવશંકર;
કોટિ સૂર્યસમ તેજ શું શોભે ત્યાં મુખ પર ! ૧૪૨

મહાપ્રલયકાલે યથા સપ્તાર્ણવ એકત્ર
ગર્જે, તેમ ગભીર જે બોલે, બેઠા તત્ર. ૧૪૩

જ્વાલામાલી વહ્નિ જે [3]ભાલે નેત્ર સુહાય;
પૂર્ણચંદ્રભૂષણ અહા શોભે શિર પર ત્યાંય. ૧૪૪

રુણ્ડમાળ ગળા મહીં, હાથે ખપ્પર તેમ;
જટાધારી ગંગાપતિ શોભે શંકર એમ. ૧૪૫

યન્નેત્રે રત્નોસમી દીપ્તિ[4] કુંડલ તેહ;
દક્ષિણ કર્ણે વાસુકિ, વામે તક્ષક એહ. ૧૪૬

નીલકંઠ શોભે અહા નાગાભરણ વિશેષ;
સર્પકંકણો [5]મુદ્રિકા સર્પમયી જ અશેષ. ૧૪૭

સર્પમયી યન્મેખલા[6] વ્યાઘાંબર અંબર;
દર્પણ સમ ઓપે અહા તેજે કર્પૂરગૌર ! ૧૪૮

કર્કોટક મહાપદ્મ હા નૂપુર પગમાં તેમ;
નિષ્કલંક વિધુ સમ લસે વદન સુધામય એમ. ૧૪૯

ધરે યોગીઓ જેહનું નિત્ય હૃદયમાં ધ્યાન
બેઠા પશુપતિ ભકતવત્સલ સાક્ષાત્ એ જાણ. ૧૫૦

રત્નજડિત શિર પર લસે મુકુટ કુંડલાંચિત;
નાગહાર ઉર પર અહા શોભે ચંદનલિપ્ત ! ૧૫૧

સર્પવેષ્ટિત શોભતા નીલકંઠ એ ધન્ય;
અંગે ભૂષણ સર્પનાં કર્પૂરાભ સુધન્ય ! ૧૫૨

સાયુધ દશ ભુજ શોભતા ભુજંગસાર સુરમ્ય;
શુભ્રકમલપૂજિત દિસે ઈશ્વર ધન્ય સુકમ્ય. ૧૫૩

ત્રિશૂલ એક કરે અહા, બીજે ડમરુ તેમ;
તીક્ષ્ણ ખડ્ગ ત્રીજે, પ્રભુ શોભે શંકર એમ. ૧૫૪

કમંડલુ ચોથે ધર્યું, ચાપબાણ અન્યત્ર;
ખપ્પર સપ્તમ કર વિષે, પરશુ આઠમે તત્ર; ૧૫૫

અંકુશ નવમ કરે અહા, દશમે હરિણ સુહાય;
શોભે સાયુધ દશ ભુજા, ધન્ય પિનાકી[7] ત્યાંય ! ૧૫૬

શોભે સર્વેશ્વર તણાં પંચ વદન પણ તેમ,
સાલંકૃત [8]ભાસ્વત્ અહા ! સાંભળ સાવધ એમ. ૧૫૭

નિષ્કલંક વિધુ સમ દિસે ક્ષીરફેન[9] સમ ઈશ;
ભસ્મોદ્ધૂલિત અંગ શાં, [10]મન્મથદાહક ત્રીશ. ૧૫૮

નાગ જનોઈ કોટમાં, નેત્ર સૂર્યાગ્નિચંદ્ર;
વિરૂપાક્ષ શોભે અહા મન્મથદાહક [11]સાન્દ્ર. ૧૫૯

પશ્ચિમદિડ્મુખ એક ત્યાં શુભ્રતિલક સુહાય,
શુભ્રવર્ણ સુહાસ્ય એ ચંદ્રમૌલિ સિતકાય. ૧૬૦

બીજું મુખ ઉત્તર દિશા મહીં મનોહર એહ,
શોભે દાડિમપુષ્પવત્ તામ્રવર્ણ શુભ તેહ. ૧૬૧

શોભે રવિમંડલ અહા પ્રાતઃકાલે જેમ,
ઈશમુખાંબુજ દ્વિતીય આ શોભે સુદીપ્ત તેમ. ૧૬૨

પૂર્વદિશાગત તૃતીય ત્યાં અર્ધચંદ્રયુત જાણ,
ગંગાભૂષિત નાગવેષ્ટિત જટાધર માન. ૧૬૩

નીલવર્ણ ચોથું વળી દંષ્ટ્રાકરાલ એહ,
દક્ષિણદિગ્ગત જાણ તું શોભે વિશાલ તેહ; ૧૬૪

[12]જ્વાલાપતિવત્ જે થકી નીકળે જ્વાળા જાણ,
ભક્તાભયકર એ નકી તીવ્રમૂર્તિ તું માન. ૧૬૫

પંચમ મુખ મધ્યે તથા વ્યકતાવ્યક્તસ્વરૂપ;
નિરાકાર સાકાર એ નિર્ગુણસગુણસ્વરૂપ. ૧૬૬

પંચવક્ત્રા પરબ્રહ્મ એ સર્વેશ્વર સાક્ષાત્
શોભે લક્ષ્યાલક્ષ્ય એ જાણ જગતનો તાત. ૧૬૭

કાલવ્યાલાદિક અહિ[13] ગલે માળ સમ ધન્ય;
રક્તપદ્મ સમ પાદતલ શોભે બેઉ સુધન્ય. ૧૬૮

૧. ખુંધા, વક્ર અંગોવાળા. ૨. વિશ્વકર્માએ. ૩. કપાળમાં. ૪. તેજ. ૫. વીંટી. ૬. કંદોરો. ૭. શંકર. ૮. તેજસ્વી. ૯. દૂધનું ફીણ. ૧૦. કામદેવનું દહન કરનાર. ૧૧. ગાઢી કાંતિવાળું. ૧૨. અગ્નિની માફક. ૧૩. સર્પ.

અર્ધચંદ્ર સમ નખ અહા શોભે જેના જાણ,
સર્પાલંકૃત ઈશ એ ઓપે અતુલ પ્રમાણ. ૧૬૯

વ્યાઘ્રચર્મ ઓઢ્યું અહા, નાગબદ્ધ મહાદેવ
હરે સંકટો ભક્તનાં દર્શનથી તતખેવ. ૧૭૦

નાભિ ત્રિરેખ શું લસે જેમ [1]ગભીરાવર્ત;
રોમાંચિત હૃદ્ દર્શને હરે ભક્તાઘ તર્ત. ૧૭૧

શોભે સિંહાસન વિષે મૃત્યુંજય એ એમ;
વામાંગે ઉમિયા અહા, જન્મમૃત્યુહર તેમ. ૧૭૨

કોણ સૌંદર્ય વર્ણવે સર્વેશ્વરીનું એહ ?
સ્વતેજોરંજિત અહા શોભે ઉમિયા તેહ ! ૧૭૩

સુવર્ણચંપક સમ દિસે ગૌરવર્ણ એ જાણ;
મુક્તાહાર ગળે લસે, રત્નમુકુટ શિર માન. ૧૭૪

નાનાલંકારો થકી મંડિત ધન્ય શરીર;
નાગવિભૂષિત પાર્વતી, અવર્ણ્ય ચિન્મય ચીર ! ૧૭૫

ધર્યાં પુષ્પ મુકુટે અહા, યત્સૌગંધ્યાકૃષ્ટ
ગુંજારવ મધુકર કરે જેમ ગાયકોત્કૃષ્ટ. ૧૭૬

મુક્તામાલા મુકુટ પર શોભે તારા જેમ,
પૂર્ણચંદ્ર સમ પાર્વતીવક્ત્રા મધ્યમાં એમ. ૧૭૭

વિશ્વવંદ્ય પરમેશ્વરી જગન્માત એ જાણ,
મંદહાસ્યયુત વદનથી શોભે અનુપમ માન. ૧૭૮

સરલ નાસિકા જ્યાં લસે મૌક્તિક ઉજ્જ્વલ રમ્ય,
નાનારત્નાંચિત અહા શોભે નથણી કમ્ય. ૧૭૯

પ્રવાલવલ્લી સમ દિસે [2]અધર આરક્ત તેમ;
રત્નાવલિ સમ દંત શા ! ધન્ય ઈશ્વરી એમ !! ૧૮૦

કાને ભૂષણ રત્નનાં મહામાયાના જાણ;
સર્વાંગે રત્નો તણી શોભા અતુલ પ્રમાણ. ૧૮૧

પીતચોળી કુચતટ વિષે, કંઠે સુરત્નહાર;
શોભે અભિનવ અંબિકા, ચિન્મૂર્તિ નિર્ધાર. ૧૮૨

સ્રવે દુગ્ધ સ્તનથી અહા, પીએ સર્પ સુદૈવ !
કોણ વર્ણવે ભાગ્ય એ ? જુએ કૌતુકે દેવ !! ૧૮૩

પહેર્યું દાડિમપુષ્પ સમ વસ્ત્ર રક્ત સુહાય;
કુંકુમ અભય લલાટમાં, શોભે ગિરિજા માય. ૧૮૪

બાહુદંડ અતિસરલ એ, સ્ફુરદ્રત્નકંકણ
શોભે મણિબંધે અહા ! કરે કોણ વર્ણન ? ૧૮૫

રત્નરણન્નૂપુર[3] પગે શોભે તે જ પ્રમાણ;
કરે અનુગ્રહ ભક્ત પર, ધ્યાતાં સશ્રદ્ધ જાણ. ૧૮૬

મૌક્તિકતિલક લલાટમાં શોભે અનુપમ એહ,
જાણ અષ્ટમીચંદ્રવત્ રુચિર[4] અત્યંત જેહ. ૧૮૭

જગન્માત હિમવત્સુતા શંભુપ્રિયા એ એમ
નાનાલંકારે તથા શોભે ભૂષિત તેમ. ૧૮૮

કોણ વર્ણવે એહનું અનુપમ એ સૌંદર્ય ?
બેઠા તત્સહ ઈશ શું આત્મા ચિત્સહ [5]વર્ય ! ૧૮૯

ઇંદ્ર સગણ આવ્યો તિહાં, ઈશદર્શને તેમ;
અમિત દેવ ઋષિઓ તથા આવ્યા કુમાર એમ. ૧૯૦

સાષ્ટાંગ પ્રણતિ કરી પડી શંભુપદ માંહ્ય,
સનત્કુમાર ગભીર એ બોલે વિનમ્ર ત્યાંયઃ- ૧૯૧

જય વિશ્વેશ નમું તુને ઉમાકાંત મહાદેવ;
ચતુર્વર્ગપ્રદ એકલો તુંજ ત્રિલોકે દેવ. ૧૯૨

તરવા દુસ્તર ભવનિધિ પાપક્ષયાર્થ તેમ,
કથ્યા સકલ ધર્મો મને પુરા સ્વામી તેં એમ. ૧૯૩

યાચું તોએ એક હું સાધન અલ્પાયાસ;
ચતુર્વર્ગ જેથી ફળે, મહાફળદાયી ખાસ. ૧૯૪

અન્ય પુણ્ય સમસ્ત જે બહ્વાયાસ[6] ગિરીશ[7];
માટે મર્ત્યહિતાર્થ ભો કહે સુકર જે ત્રીશ ! ૧૯૫

સૂણી વચન સંતુષ્ટ એ બોલે ભોળાનાથ;
સાંભળતાં ઋષિસર્વના કુમારને એ તાત ! ૧૯૬

કહે ઈશઃ- ઋષિઓ સૂણો, સાધન જે ઉત્કટ
આપે ફળ ધર્માર્થ ને કામમોક્ષનું ઝટ. ૧૯૭

વેદશાસ્ત્રસંમત અને સ્વર્ગ્ય ધર્મપ્રદ એહ;
અનંતપુણ્યદ સુકર જે, વિભૂતિધારણ તેહ. ૧૯૮

સનત્કુમાર વદે સૂણીઃ- ધારણવિધિ શો નાથ ?
શું દ્રવ્ય ? ધારણ કંઈ કરવું એને તાત ? ૧૯૯

કોણ શક્તિ ? કો દેવતા ? કર્તા કોણ પ્રમાણ ?
શેં મંત્રે ધારણ કરે ? કહો સવિસ્તર [8]માન. ૨૦૦

એમ કહી ચરણે નમે ! બોલે શંકર ત્યાંયઃ-
દ્રવ્ય ગોમય[9] ભસ્મનું, દેવ અગ્નિ વરકાય. ૨૦૧

કરવું જાબાલોક્તવત્; પૂર્વયજ્ઞસંભૂત
લેવું ધારણકાજ વા, બહુપુણ્યદ એ પૂત. ૨૦૨

સદ્યોજાતં.....મંત્રથી લેવું હસ્તે એહ;
અગ્નિઃ....ઈત્યાદિ થકી મંતરવું શુભ તેહ. ૨૦૩

માનસ્તોકે.....મંત્રથી [10]સવ્યાંગુષ્ઠે તેમ,
મર્દન કરવું સ્વચ્છ એ થાય બલપ્રદ એમ. ૨૦૪

૧. ઊંડું વમળ. ૨. હોઠ. ૩. રત્નોથી રણકાર કરતાં નૂપુર. ૪. સુંદર ૫. શ્રેષ્ઠ. ૬. જેમાં બહુ કષ્ટ પડે તેવાં. ૭. હે મહાદેવ ! ૮. પ્રમાણ. ૯. છાણ. ૧૦. જમણા અંગુઠાએ.

ત્ર્યંબકં....મંત્રો કરે ધારણ શીર્ષે જાણ;
ત્ર્યાયુષં....મંત્રાદિથી યથાસ્થાનક્રમ માન. ૨૦૫

પ્રતિસ્થાન ભ્રૂકુટી સમું રેખાત્રિતય પ્રમાણ
કરવું સમંત્ર ભક્તિથી ત્રિપુંડ્ર, અધિક ન માન ૨૦૬

પ્રથમ મધ્યમાઽનામિકા અંગુષ્ઠે પણ તેમ
કરે લલાટે તે પછી યથાસ્થાન નર એમ. ૨૦૭

કરે દેવતાધ્યાન સહ ભાવે એમ સુજાણ;
પ્રતિરેખાએ દેવતાદિક નવ નવ ત્યાં માન. ૨૦૮

પ્રથમે અકાર વર્ણ અગ્નિ ગાર્હપત્ય તેમ,
સ્થૂલદેહ ભૂ તત્ત્વ ને કહ્યો રજોગુણ એમ; ૨૦૯

ક્રિયાશક્તિ ઋગ્વેદ ને પ્રાતઃસવન સુજાણ;
બ્રહ્મદેવ તદ્દેવતા; કહી [1]આદ્ય આ જાણ. ૨૧૦

બીજી રેખાનો કહ્યો વર્ણ ઉકાર જ એમ,
દક્ષિણાગ્નિ નભ તત્ત્વ ને સૂક્ષ્મદેહ પણ તેમ; ૨૧૧

યજુર્વેદ માધ્યંદિનસવન તે જ પ્રમાણ;
ઇચ્છાશક્તિ સત્ત્વગુણ, વિષ્ણુ દેવતા જાણ. ૨૧૨

ત્રીજી રેખાનો તથા વર્ણ મકાર જ એમ;
આહવનીયાગ્નિ વળી તેજ તત્ત્વ ત્યાં તેમ, ૨૧૩

દેહ કારણ ગુણ તમસ્ તૃતીયસવન સુજાણ;
સામવેદ શિવ દેવતા★ જ્ઞાનશક્તિ પણ માન. ૨૧૪

સ્મરી એમ અનુક્રમે કરવું ત્રિપુંડ્ર તેમ,
વેદશાસ્ત્રસંમત કહ્યું મહેશવ્રત આ એમ. ૨૧૫

મોક્ષેચ્છાથી જો ધરે, પુનરાવૃત્તિ ન જાણ;
થાય કામના સિદ્ધ ને અખિલ પુરુષાર્થ માન. ૨૧૬

બ્રહ્મચારી ગૃહસ્થ ને વાનપ્રસ્થ યતિ તેમ,
શ્રૌતસ્માર્ત કર્મે કરે ભસ્મધારણા એમ. ૨૧૭

ઉપપાપો નાસે સહુ, નાસે મહાપાતક;
થાય પુનિત નર શીઘ્ર ને નાસે સંચિત અધ. ૨૧૮

સ્ત્રીક્ષત્રિયવીરાત્મહા[2] ભસ્મધારણે એમ,
થાય શુદ્ધ ક્ષણમાં અહા ! ધરો ઋષિવરો તેમ. ૨૧૯

યથાવિધિ મંત્રો તથા શ્રદ્ધાપૂર્વક જાણ
ધારે, મહિમા તેહનો અવર્ણ્ય કેવળ માન. ૨૨૦

હોય જ્ઞાન ના વિધિ તણું તોએ સશ્રદ્ધ જેહ
કરે ભસ્મ વિમુક્ત તે, ના એમાં સંદેહ. ૨૧૨

પરદ્રવ્યહારી નકી પરસ્ત્રીરત પણ તેમ,
પરનિંદારત પાપી જે, તે પણ વિશુદ્ધ એમ. ૨૨૨

પરપીડક પરક્ષેત્રહર [3]સસ્યવિનાશક જાણ,
આરામાદિભંક્તા[4] તથા થાય પુનિત તું માન. ૨૨૩

અસત્યવાદી ચાડિયો ગૃહદાહક પણ તેમ,
વેદવિક્રયી પણ તરે જાણ ભસ્મથી એમ. ૨૨૪

ખોટી સાક્ષી જે પૂરે, દુર્ભાષી નર જેહ,
કૂડકપટપાપે ભરે પેટ, તરે પણ તેહ. ૨૨૫

કરે પ્રતિગ્રહ ગાયનો, ભૂમિ હિરણ્ય તેમ
તિલ કંબલ વસ્ત્રાદિ વા, લે મહિષી વા એમ; ૨૨૬

દ્વિદલ ધાન્યાદિક ગ્રહે નીચ થકી પણ જેહ
થાય શુદ્ધ એ ભસ્મથી; ના એમાં સંદેહ. ૨૨૭

વેશ્યા દાસી રજસ્વલા તેમ જારિણી સાથ
કરે સંગ વિધવાદિથી, વા કન્યા સંગાત; ૨૨૮

તે પણ જો અનુતાપથી કરે ભસ્મધારણ,
થાય શુદ્ધમતિ પલકમાં; ત્રિપુંડ્ર અઘભંજન. ૨૨૯

માંસ રામરસ ગોરસ વેચે જેહ હરામ,
તે પણ પશ્ચાત્તાપથી તરે ભસ્મથી આમ. ૨૩૦

જ્ઞાનાજ્ઞાને એમ જે પાતક કર્યા અપાર,
ભસ્મધારણે સર્વ એ થાય ભસ્મ નિર્ધાર. ૨૩૧

બાળે સમસ્ત પાપને ભસ્મ એમ એ જાણ,
ના શિવનિંદકને કદિ તારે એહ સુજાણ. ૨૩૨

શિવદ્રવ્યહર્તા કુધી, શિવનિંદક વા તેમ,
નિંદક વા શિવભક્તનો; થાય વિમુક્ત ન એમ. ૨૩૩

ગળે માળ રુદ્રાક્ષની ભાલે ભસ્મ સુહાય;
મહાપાપી પણ વંદ્ય એ થાએ ત્રિલોક માંહ્ય. ૨૩૪

જે જે તીર્થો અવનીમાં, ન્હાયો સઘળાં તેહ;
કર્યું ભસ્મ કપાળમાં જેણે એમ સુદેહ. ૨૩૫

અનંત કોટી મંત્રા જે વેદશાસ્ત્રમાં તેમ,
જપ્યા સર્વ તેણે નકી કરે ભસ્મ જે એમ. ૨૩૬

પાતક જન્મસહસ્રનાં ધોયાં તેણે જાણ,
ઉદ્ધાર્યા સહુ પિતૃઓ ભસ્મત્રિપુંડ્રે માન. ૨૩૭

સૌખ્ય અખિલ આ લોકમાં, શતાયુષ્ય પણ તેમ;
નાશ સર્વ વ્યાધિ તણો, પામ્યો ભસ્મે એમ. ૨૩૮

દિવ્યૈશ્વર્ય જ્ઞાન ને પામે દિવ્ય શરીર;
દેહાન્તે સદ્ગતિ તથા એમ ભસ્મથી વીર. ૨૩૯

બેસાડી સ્વર્યાનમાં, ભસ્મ યચ્છિરે ધન્ય,
લઈ જાય સ્વર્ગે અહા, જિહાં અપ્સરાગણ્ય ! ૨૪૦

૧. પહેલી (રેખા). ★ક્વચિત્ પ્રથમ રેખાની દેવતા મહાદેવ અને બીજીની મહેશ્વર - એમ પણ છે. ૨. હણનાર ૩. ધાન્યનાશક. ૪. બગીચાદિનો નાશ કરનાર.

વંદે એને સુરવરો વિદ્યાધર ગંધર્વ;
લોકપાલ ઇંદ્રાદિએ વંદે મૂકી ગર્વ. ૨૪૧

એમ સ્વર્ગસુખ ભોગવી લાંબો કાળ સુધન્ય
જાય બ્રહ્મલોકે; અહા વિભૂતિમહિમા સુધન્ય ! ૨૪૨

રહી કલ્પશત ત્યાં સુખે ભસ્મપ્રભાવે એમ,
જાય અહા વૈકુંઠમાં, બ્રહ્મકલ્પત્રાય તેમ ૨૪૩

રહી જાય કૈલાસમાં, અંતે શિવસાયુજ્ય
પામે ભસ્મપ્રભાવથી; ભસ્મ એમ સુપૂજ્ય ! ૨૪૪

માટે સનત્કુમાર હે, ભસ્મત્રિપુંડ્ર સુજાણ
કરવું ભાવે વેદશાસ્ત્રોપનિષત્ પ્રમાણ. ૨૪૫

ચતુર્વર્ગપ્રદ એ નકી, મા શંકા કર લેશ;
કહું સ્વાનુભવપૂર્ણ આ ! બોલી એમ મહેશ ૨૪૬

ગયા [1]ततः કૈલાસમાં સનત્કુમાર સુહૃષ્ટ
ગયા બ્રહ્મલોકે તથા વંદી શિવપદે તુષ્ટ. ૨૪૭

સૂણી વચન એવાં તદા વામદેવનાં એહ,
વંદે રાક્ષસ તોષથી તત્પદ ત્યાં નતદેહ. ૨૪૮

કહે મહામુનિ:-ભસ્મનો મહિમા આવો જાણ;
[2]મદંગભસ્મસ્પર્શથી થયું આ તને જ્ઞાન. ૨૪૯

એમ કહી અભિમંતરી, રાક્ષસને એ ત્યાંય
આપે ભસ્મ કૃપા કરી વામદેવ મુનિરાય. ૨૫૦

બ્રહ્મરાક્ષસ એ તિહાં હર્ષે ત્રિપુંડ્ર તેમ
કરતાં તેજ:પુંજ શું થયો ક્ષણ મહીં એમ. ૨૫૧

દિવ્યદેહથી સૂર્યવત્ શોભે અનુપમ એહ;
ચમકે બ્રહ્માનંદ હા મુખ પર નિ:સંદેહ. ૨૫૨

પ્રદક્ષિણા ભાવે કરે વામદેવની જ્યાંય,
ત્યાં તો ઝળહળ સૂર્ય સમ ઊતર્યું વિમાન ત્યાંય. ૨૫૩

બેસી દિવ્ય વિમાનમાં ગયો સ્વર્ગમાં તેમ;
આપે પરપદ એહને ધન્ય મુનીશ્વર એમ. ૨૫૪

વામદેવ પ્રત્યક્ષ એ મહાદેવ સાક્ષાત્;
કરે પર્યટન ભૂ વિષે, ભાસે નરવત્ તાત. ૨૫૫

નકી ત્રિમૂર્ત્યવતાર એ, તારક જગગુરુ જાણ;
જગદુદ્ધારાર્થે ફરે એમ ભૂતલે માન. ૨૫૬

શ્રેષ્ઠ ભસ્મમહિમા નકી, ગુરુહસ્તથી વિશેષ;
પામ્યો રાક્ષસ સદ્ગતિ ક્ષણમાં જો ગતક્લેશ. ૨૫૭

ભલે મંત્ર અનેક પણ સિદ્ધ ન ગુરુ વિણ એક.
માટે વેદાદિક કહે, શ્રેષ્ઠ તત્ત્વ ગુરુ છેક. ૨૫૮

કહે સૂત ઋષિવૃંદને વિભૂતિમહિમા એમ;
વિશેષ ગુરુહસ્તે નકી, મુખ્યહેતુ ગુરુ તેમ. ૨૫૯

વદે ત્રિવિક્રમને તથા શ્રીગુરુ સુધન્ય એહ;
મૂકે મસ્તક ગુરુપદે હૃષ્ટ ત્રિવિક્રમ તેહ. ૨૬૦

નમન કરી સદ્ભાવથી લઈ ગુર્વાજ્ઞા તેમ
આવ્યો સ્વસ્થાને મુદા; ગુરૂપદેશે એમ. ૨૬૧

થયા ભક્ત જ્ઞાની સહુ; વર્ત્યું આગે જેહ,
કથશે અલખમુખે સુધી **રંગ** યથામતિ તેહ. ૨૬૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
ભસ્મમાહાત્મ્યવર્ણનં નામ ત્રયશીતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૮૩ ॥ દોહરા ૨૬૨

અધ્યાય ૮૪

શિષ્ય નિરંજન એ સુધી ગ્રહી અલખપદ ધન્ય,
વિનવે કર જોડી ફરી ભક્તિયુક્ત અનન્ય:- ૧

જય યોગીશ્વર અલખ હે, તું ભવતારક દેવ;
ધ્વાંતાજ્ઞાન હરે અહા જ્યોતિરૂપ તતખેવ. ૨

અપાર અવિદ્યાસાગરે ડૂબ્યો'તો હું નાથ;
કાઢ્યો ત્યાંથી તેં કૃપા કરી ક્ષણ મહીં તાત. ૩

દેખાડ્યો નિજ પંથ તેં, પામ્યો હું પરમાર્થ;
વિશ્વત્રાતા તું નકી, જગદ્ગુરુ સાક્ષાત્. ૪

શ્રીગુરુલીલામૃત સુખે પીધું તોએ ચિત્ત
થાય તૃપ્ત ના આ હજી; વધે પિપાસા અમિત. ૫

વળે ન ગુરુ ઉપકાર એ તારો અનંત નાથ,
સેવા વંશપરંપરા કરૂં તોય, હે તાત ! ૬

દેખાડ્યું કરુણાનિધે કૃપા કરી નિજરૂપ,
કથી કથા અભિનવ અહા, પુરાતની નવરૂપ ! ૭

પતિત મુખે વેદો સહુ બોલાવીને તેમ,
ગર્વ ઉતારી વિપ્રનો, તાર્યો યતિવર એમ. ૮

કહ્યો ત્રિવિક્રમને મુદા ભસ્મમહિમા અગમ્ય;
બન્યું તે પછી શું પ્રભો ? કહે સવિસ્તર કમ્ય. ૯

શિષ્યવચન એ સાંભળી, થયા અલખ સંતુષ્ટ;
આલિંગી પ્રેમે વદે આશ્વાસીને હૃષ્ટ. ૧૦

૧. **(i)** ત્યાંથી **(ii)** પછીથી ૨. મારા શરીર પર રહેલ ભસ્મના સ્પર્શથી

ધન્ય ધન્ય [1]શિષ્યાગ્ર તું, પામ્યો તું સકલાર્થ;
તારી પર શ્રીગુરુકૃપા થઈ નિશ્ચયે તાત. ૧૧

તર્યો ભવાબ્ધિ તું નકી, ધન્ય ધન્ય તુજ વાક્;
ચિત્ત તાહરૂં ગુરુપદે થયું સંલગ્ન દ્રાક્. ૧૨

સૂણી પ્રશ્ન તારો મુને થાય અતિ સંતોષ;
અગમ્ય ગુરુમહિમા નકી, વદતાં ખૂટે [2]કોષ. ૧૩

એકૈકાખ્યાને તથા વધે ગ્રંથ અનિવાર;
માટે સંક્ષેપે કહું, સાંભળ સાવધ બાળ. ૧૪

રહ્યા ગાણગાપુર વિષે શ્રીગુરુ કિંચિત્ કાળ;
નિત્યનૂતનવત્ વધ્યો મહિમા અપરંપાર. ૧૫

ત્રિમૂર્ત્યવતાર એ નકી ભાસે નરવત્ તેમ;
અગમ્ય મહિમા એહનો જ્ઞાનીને પણ એમ. ૧૬

કોણ મંદ હું ત્યાં અહા કથવા લીલા ચિત્ર,
સ્વીકારી નરદેહ જે કરે ત્રિમૂર્તિ તત્ર ? ૧૭

થઈ ખ્યાતિ સહુ લોકમાં ગંધર્વનગરે એમ;
આવે ટોળાં દૂરથી દર્શનાર્થ ત્યાં તેમ. ૧૮

આવી ભાવે ભક્તજન સેવા કરે અખંડ;
દર્શનમાત્રે કામના થાય પૂર્ણ [3]ઉદંડ. ૧૯

પામે ગરીબ સંપદા, વંધ્યા પુત્ર સુજાણ;
થાએ કુષ્ઠી પલકમાં સુવર્ણાંગ ત્યાં જાણ. ૨૦

પામ્યા આંખો આંધળા, થયા બધિર [4]સુશ્રવ;
અપસ્મારાદિ [5]ગદો નાઠા કંઈક [6]અરવ. ૨૧

પારસસ્પર્શે લોહનું થાતાં હેમ ન ચિત્ર;
તેમ ગુરુકૃપાથી ફળે સર્વાભીષ્ટ ન ચિત્ર ! ૨૨

તોય નિદર્શન એક ત્યાં સાંભળ કહું વિચિત્રઃ-
વિપ્ર એક માહુરપુરે હતો ધનિક પવિત્ર ૨૩

ગોપીનાથ નામે સુધી, સુશીલ કેવળ એહ;
થઈ પુત્ર એના મરે, માટે દુઃખિત તેહ. ૨૪

મૃતાપત્યત્વદુઃખથી સ્ત્રી સહ ભાવે જાણ,
દત્તાત્રેયારાધના કરે સશ્રદ્ધ માન. ૨૫

પુત્ર એક મોટો થયો તેમાં દૈવે તેમ;
માતપિતા સંતોષથી પોષે એને એમ. ૨૬

દત્ત નામ પાડ્યું અહા, પુત્ર એકનો એક;
કરે પ્યાર એ પર બહુ, પ્રાણ થકી પણ છેક. ૨૭

થતાં પંચ [7]વત્સર તિહાં તાત પ્રેમથી જાણ
કરે વ્રતબંધ આદરે; ખરચે ધન બહુ માન. ૨૮

બાર વરસનો એ થતાં, થયું લગ્ન પણ એમ;
દૈવે સુલક્ષણા વધૂ મળી સુંદરી તેમ. ૨૯

જેમ રતિ મન્મથ તણી, જોઈ સતી વરદેહ,
માતપિતા હર્ષે અતિ પાળે બંને તેહ. ૩૦

પ્રેમ પરસ્પર દંપતી રાખે અનુપમ જાણ;
સમવયસ્ક બંને થયાં સોળ વરસનાં માન. ૩૧

ચક્રવાક સમ ધન્ય એ બેઉ સુલક્ષણ તેમ.
છૂટાં ક્ષણ પણ ના રહે, સહે વિરહ ના એમ. ૩૨

વ્યાધિગ્રસ્ત થયો તિહાં દૈવે દ્વિજસુત એહ,
અનેક યત્નૌષધ થકી થાય ન સાજો તેહ. ૩૩

અન્ન અરુચિથી ગ્રાસ પણ ખાઈ શકે ન તેમ;
ધન્ય સ્ત્રી સાવિત્રી એ, સેવે અન્ન ન એમ. ૩૪

જોઈ ઉપોષિત[8] નિજ પતિ, કરે ઉપોષણ જાણ;
સેવે પત્યૌષધ અહા ભુક્તોચ્છિષ્ટ સુજાણ. ૩૫

વર્ષત્રય પતિ સહ તથા થઈ ક્લિષ્ટ એ નાર;
તોય ન ગદ પતિનો હઠે બદ્ધમૂલ અનિવાર. ૩૬

ક્ષયરોગે પતિદેહ એ થયો જેમ જેમ ક્ષીણ,
તેમ દેહ સતી તણો; ધન્ય એહ પતિલીન ! ૩૭

પતિપાદોદકતીર્થનું કરી પ્રેમથી પાન,
સંતોષે દિન નિર્ગમે પતિવ્રતા એ માન. ૩૮

ગંધાઈ ઊઠી તનુ, જાય વૈદ્ય ના પાસ;
તોય સતી ક્ષણ નવ ખસે, ના કંટાળે ખાસ ! ૩૯

ખાય અન્ન જે જે પતિ, ખાય સ્વયં પણ તેહ;
સેવે ઔષધ કંથ જે, લે સાધ્વી પણ એહ. ૪૦

વારે જ્ઞાતિજન સગાં, ત્યજે ન પતિને તોય;
બોધે માતપિતા બહુ, તોય ન અળગી હોય. ૪૧

દિવ્ય વસ્ત્ર આભૂષણો ત્યાગ્યાં સમસ્ત જાણ;
માને અદકો પ્રાણથી પતિને, ના સુખ માન. ૪૨

માતપિતા બંને તણાં મહાધનિક શ્રીમંત;
જોઈ એવાં બેઉને, કરે દુઃખ બહુ હન્ત ! ૪૩

મંત્રતંત્રજપહોમમાં ખરચે બહુ ધન એમ;
અનુષ્ઠાન સદ્વિપ્રથી કંઈક કરાવ્યાં તેમ. ૪૪

રસાયનૌષધ વૈદ્યજન આપે કંઈક સુજાણ;
અસાધ્ય રાજ્યક્ષ્મા[9] ન એ શમે તોય અણુ માન. ૪૫

માાતપિતા જ્યોતિષીને પૂછી કુલદૈવત
પૂજે, તોય ન એ શમે વ્યાધિ; દૈવ [10]પ્રતિહત ! ૪૬

૧. શિષ્યશ્રેષ્ઠ. ૨. શબ્દકોષ ૩. મોટી. ૪. સારી રીતે સાંભળી શકે એવા. ૫. રોગ. ૬. ચૂં કે ચાં કર્યા સિવાય. ૭. વરસ. ૮. ઉપવાસી. ૯. ક્ષય. ૧૦. અવળું

વૈદ્યો બોલેઃ- ના હવે યત્ન અમારો અત્ર;
રક્ષે ઈશ્વર તો ભલે, શક્ત મનુષ્ય ન તત્ર. ૪૭

વૈદ્યવચન એવાં સૂણી દુઃખિત માતપિતર
કહેઃ- ગુરૂત્તમ દત્ત હે ! જગન્નાથ સત્વર ૪૮

દોડ હવે કરુણા કરી, ના તુજ વિણ આધાર;
ત્વદારાધનાફળ નકી પુત્ર એહ કુલતાર. ૪૯

આપ્યો તેં, પણ ભાગ્યમાં ના પાપીના એહ;
પ્રાપ્ત નિધિ પણ રંકને પચે ન નિઃસંદેહ. ૫૦

ધાગો એ અમ વંશનો એક જ પુત્ર સુજાણ;
રક્ષ દત્ત નહિ તો ત્યજીશું ત્વત્પદમાં પ્રાણ. ૫૧

માતપિતા બહુવિધ કરે દુઃખે વિલાપ એમ;
આલિંગી સુત એમને દે આશ્વાસન તેમ. ૫૨

કહે પુત્રઃ- જન્માંતરે લીધું જેટલું ઋણ,
રહી સાથ તે ભોગવ્યું; કોણ અધિક વા ન્યૂન ૫૩

કરે એહ ? સંબંધ આ ઋણાનુબંધે અત્ર;
થાતાં પૂરો નવ ટકે; જાવું છોડી પરત્ર. ૫૪

પુત્રવચન એ સાંભળી, માતપિતા મૂર્છિત
પડે પુત્ર પર હન્ત હા મહાદુઃખપીડિત ! ૫૫

વદેઃ- પુત્ર ! મા કર અરે અમને નિરાશ એમ;
તારક તું અમ વૃદ્ધનો, કર્યો સુનિશ્ચય તેમ. ૫૬

રક્ષે કો વાર્ધક્યમાં ? કેવો આ તુજ ધર્મ ?
છોડી અમને દુઃખમાં જાતાં થાય ન શર્મ. ૫૭

શોભે ના સુત આ તને ! સૂણી વચન એ દીન,
આક્રંદન કરી પુત્ર ત્યાં વદે પિતૃપદલીનઃ- ૫૮

ઈશાધીન બધું અહીં; કોણ મનુષ્યપ્રયત્ન ?
શેં ભૂલું ઉપકાર ભો માતપિતા તમ કૃત્સ્ન ? ૫૯

એકઘડી સ્તનપાનનું વળે ન ઋણ પણ જ્યાંય,
કેમ માતૃઋણથી અહીં થાય મુક્ત સુત ત્યાંય ? ૬૦

જન્મી તમ કૂખે અહા આપ્યું કષ્ટ મહાન્;
આપ્યું દુઃખ [1]પદે પદે, ના સુખ અલ્પપ્રમાણ. ૬૧

આપે સાંત્વન એમ એ માતપિતાને ધન્ય;
અર્ધાંગીને પ્રેમથી વળતી વદે સુધન્યઃ- ૬૨

પ્રિયે ! દિવસ મારા હવે થયા પૂર્ણ તું જાણ;
કીધાં મદર્થ કષ્ટ તેં, ગયાં વ્યર્થ તે માન. ૬૩

પૂર્વજન્મનો તાહરો વેરી હું નિશ્ચિત;
આપ્યાં માટે કષ્ટ આ; લહું ન અન્ય નિમિત્ત. ૬૪

રહીશ અત્ર તો પાળશે સુતવત્ તાત સુજાણ;
ગમે ન એ તો જા સુખે નિજપિતૃગૃહ માન. ૬૫

હતભાગી મુજને ન આ ત્વત્સૌંદર્ય સુયુક્ત;
દુરંગસ્પર્શે[2] આ થઈ તું સૌભાગ્યવિમુક્ત ! ૬૬

પતિવચન એ સાંભળી, પડી સુમૂર્છિત એહ;
મૂકી શિર તત્પદ મહીં, વદે સુદુઃખિત તેહઃ- ૬૭

હન્ત પ્રાણ ! ત્યાગો ન આ દાસી મૂઢ અજાણ;
દાતા કોઈ ન આપ સમ; સ્ત્રીની ગતિ ન આન. ૬૮

રહે દેહ જ્યાં આપનો, મારો પણ ત્યાં નાથ;
મા શંકા ઉરમાં કરો, થયો દૈવથી સાથ. ૬૯

સૂણી વચન એ બેઉનાં મૂર્છિત માતપિતર
ઢળી પડ્યાં ધરણી વિષે, ઘસે દુઃખથી કર. ૭૦

સાસૂસસરાને તદા ઊઠાડીને એહ.
આશ્વાસન આપી વદે સાવિત્રી નતદેહઃ- ૭૧

મા ચિંતા કરશો તમે; નકી જીવશે કાન્ત;
કરું પ્રાર્થના મા રડો, રક્ષક દત્ત પ્રશાન્ત. ૭૨

વસે નરસિંહસરસ્વતી ગાણગાપુર માંહ્ય;
કહે લોક તદ્દર્શને કાર્ય અનેરાં થાય. ૭૩

યતિવર [3]પુણ્યશ્લોક એ નકી ત્રિમૂર્ત્યવતાર;
જાવા દો પતિ સહ તિહાં, આપો આજ્ઞા સાર. ૭૪

થશે આરોગ્ય કંથને દર્શનમાત્રે ત્યાંય;
શીઘ્ર જવા દો ત્યાં મને ! વદે એમ નતકાય. ૭૫

સૂણી વાત બેઉ જણાં સાસૂશ્વશુર સુજાણ,
પુત્રપ્રેમે માન્ય એ કરે તત્ક્ષણે જાણ. ૭૬

બેસાડીને રોગીને બંધ પાલખી માંહ્ય,
કરે વ્યવસ્થા માર્ગની; બોલે સાધ્વી ત્યાંયઃ- ૭૭

કરી ચિત્ત સ્થિર ગૃહ વિષે રહો નિશ્ચિંત આપ;
પ્રાણ થકી પ્રિય પતિ મને, થશે એહ નિસ્તાપ. ૭૮

નિઃસંશય કુલદેવતા કરશે રક્ષા તેહ !
એમ કહી વંદન કરે સાસૂશ્વશુરને એહ. ૭૯

ગૃહલક્ષ્મી સામ્રાજ્ઞી તું ! આશ્વાસીને એમ
આપી આશિષ બેઉ ત્યાં વદે ગળગળાં તેમઃ- ૮૦

હે સૌભાગ્યવતી સતી ! ત્વદ્દૈવે સુત જાણ
જીવો [4]ચિર આ; એમ કહી આપે આજ્ઞા માન. ૮૧

આવ શીઘ્ર પતિ સહ સુખે, એમ કહીને એહ
આપી આશિષ મોકલે સાસૂશ્વશુર સસ્નેહ. ૮૨

૧. ડગલે ડગલે. ૨. ખરાબ અંગના સ્પર્શથી. ૩. નિષ્કલંક કીર્તિ છે જેની. ૪. લાંબો વખત.

એમ પતિ સહ પતિવ્રતા, શનૈઃ શનૈઃ[૧] તું જાણ
ક્રમી માર્ગ ભીમાતટે આવી સત્વર માન. ૮૩

લાંબો રસ્તો કાપતાં, થયા કુપિત ત્રિદોષ;
જાતાં ગ્રામસમીપમાં, થયો રોગી બેહોશ. ૮૪

કષ્ટે નીચે એહને, મૂકી સત્વર એમ,
પૂછે 'શ્રીગુરુ ક્યાં ?' સતી; વદે ગ્રામજન તેમઃ- ૮૫

ગયા સ્નાન માટે હવાં;[૨] સૂણી સતી પણ ત્યાંય
જાવા ઇચ્છી, પતિ કને અંતકાલમાં જાય. ૮૬

અકસ્માત ત્યાં તો અહા ગયા પ્રાણ સત્વર;
દેખે દિઙ્મૂઢ [૩]યોષિતા, ઘસે દુઃખથી કર. ૮૭

અહહ ! કહી આક્રંદતી થઈ મરવા તૈયાર
લઈ છરી કરમાં તદા; વારે લોક દયાળ. ૮૮

કહે સતીઃ- શું દૈવ આ ? થઈ શેં ગતિ આમ ?
આવી ત્વચ્છરણે પ્રભો ! છોડી આશ તમામ. ૮૯

રક્ષીશ તું મત્પ્રાણને, હતો એમ વિશ્વાસ;
થયો અફળ તે કાં હરે ? રૂઠ્યો કાં શિવ ખાસ ? ૯૦

પૂજાર્થે મંદિર મહીં જતાં પડે મંદિર,
કરે ચૂર્ણ મસ્તક અહા, સૂણ્યું ક્યાંય ન, ધીર ! ૯૧

જોયું તે પ્રત્યક્ષ આ; ઉષ્ણતપ્ત નર જેમ
જાતાં છાયાર્થે પડે વૃક્ષ શીર્ષ પર તેમ. ૯૨

થઈ તૃષાર્દિત[૪] નર યથા જળપાનાર્થે ધાય,
ગ્રસે નક્ર[૫] તેને; તથા થયું મને પણ હાય ! ૯૩

વ્યાઘ્રભયે ધેનુ જતાં શરણ યવનને એહ
કરે ઘાત અધવચ યથા, થયું મને પણ તેહ. ૯૪

[૬]દૈવહતક હું પાપિણી પતિઘાતિની હન્ત;
માતપિતા શ્વશુરાદિને ત્યજી, આવડો પંથ ૯૫

આવી અહીંયા આકમી ? રડે એમ દુઃખિત;
આપે સાન્ત્વન નગરજન બોધી નાના રીત. ૯૬

કહેઃ- સુવાસિની, કાં રડે ! મા શોક કર વ્યર્થ;
વિચાર કર; કો ભાવિને મટાડવા સમરથ ? ૯૭

બોધે નરનારી તથા વિધવિધ એમ સુજાણ;
સ્મરી પૂર્વ સુખ તેમ એ રડે દુઃખથી જાણ. ૯૮

કહેઃ- ભાઈબ્હેનો અરે ! શું બોલું હે માત ?
આવી આશાથી અહીં ગુરુસંનિધ હું, તાત ! ૯૯

થશે આરોગ્ય કંથને, દૃઢ વિશ્વાસે એમ
આવી અહીંયાં; કો કરે રક્ષા મારી તેમ ? ૧૦૦

જાઉં કોને શરણ હા ? કોણ બતાવે પંથ ?
ત્યજી પ્રાણપતિ જીવવું બને ન ક્ષણ પણ હન્ત ! ૧૦૧

છેક બાળપણમાં તથા વિવાહસમયે તેમ
પૂજ્યાં ગૌરીહર અહા, રાખી ઉરમાં પ્રેમ. ૧૦૨

સૌભાગ્યાર્થે ભક્તિથી અર્ચી મંગલાગૌર;
હરિતાલિકાદિ વ્રત સહુ કર્યા સૌભાગ્યદ ઘોર. ૧૦૩

ગયું વ્યર્થ શું એ બધું ? રૂઠ્યાં ગૌરી હાય !
ચોળી કંકણ કેશ મેં અર્પ્યાં વરપદ માંહ્ય !! ૧૦૪

તોડ્યું મંગલસૂત્ર હા, હરી સૌભાગ્યહરિદ્ર;
કાળચોર આવ્યો અહા, લૂંટી મને દરિદ્ર ! ૧૦૫

ગયું પુણ્ય ક્યાં માહરું ? ભજ્યાં ગૌરીહર વ્યર્થ !
કર્યો ઘાત શેં માહરો ? કહો બ્હેન બા સત્. ૧૦૬

જીવું કેમ હવે ? પતિપ્રાણ થયો એ નષ્ટ;
ના બીજા સમ મત્પતિ; હન્ત બહેન બા કષ્ટ ! ૧૦૭

નાના રીતે એમ એ કરે દુઃખ ત્યાં જાણ;
જોઈ પતિમુખ દુઃખથી વિલપે અધિક પ્રમાણ. ૧૦૮

ગતપ્રાણ પણ કંથને આલિંગીને એહ,
સ્મરી સ્નેહ પતિનો રડે પૂર્વકાલ પણ તેહ. ૧૦૯

કહેઃ- સ્વામી પ્રાણેશ્વરા ! ત્યજે કાં મુને હન્ત ?
ઉલ્લંઘ્યું ત્વદ્વચન શું, તેથી પકડ્યો પંથ ? ૧૧૦

ફૂટ્યું કપાળ શેં અરે ? હન્ત હન્ત હા નાથ !
નિધાન તું મુજ દીનનું, શેં ખોવાયું તાત ? ૧૧૧

પાડી વિખૂટો સ્વજનથી, વિનાશ માટે એમ
આણ્યો તુજને મેં હરી; દેખાડું મુખ કેમ ? ૧૧૨

શ્રવણને અધવચ યથા વધ્યો દશરથે હન્ત,
તેમ તને મેં અત્ર આ દેખાડ્યો યમપંથ ! ૧૧૩

માતપિતા છોડાવીને, હણ્યો મેં તને જાણ;
સૂણી વાત આ માહરી, ત્યજશે બન્ને પ્રાણ !! ૧૧૪

હત્યા મેં ત્રણ આ કરી, હું તુજ વેરી તેમ;
ના મત્સમ પતિઘાતિની, અન્ય પાણી એમ. ૧૧૫

હું ચંડાળણ એહવી નિંદાસ્પદ અત્યંત;
હર્યા પ્રાણ મેં તાહરા બળે પ્રાણપતિ હન્ત ! ૧૧૬

ના સ્ત્રી આ, તુજ દ્વેષ્ટ્રી હું; તીક્ષ્ણ છૂરિકા જેમ,
ભોંકાઈ ત્વદ્દેહમાં હર્યા પ્રાણ તુજ એમ ! ૧૧૭

માતપિતા ત્વદ્બાંધવો હોત અહીં જો જાણ;
થાત ન દુઃખિત તેટલા; કર્યું વિઘ્ન મેં માન. ૧૧૮

૧. ધીમે ધીમે. ૨. હમણાં. ૩. સ્ત્રી; પત્ની. ૪. તરસ્યો. ૫. મગર. ૬. હતભાગી.

આશા સાસૂશ્વસુરની થઈ પૂર્ણ ના હન્ત;
ત્યજી એમને ઘડપણે શેં પકડ્યો આ પંથ ? ૧૧૯

પાલક અન્ય ન એમને, પુત્ર એકનો એક;
હું પણ દીન અનાથ હા ! આ તો અધર્મ છેક !! ૧૨૦

ક્યાં જાઉં દુર્ભાગી હું ? રક્ષે કોણ અનાથ ?
કરી વાત ના એક પણ ? ધરી પાધરી વાટ !! ૧૨૧

પ્રાણેશ્વર તું માહરો; ભૂલું મહત્ત્વ કેમ ?
ના બીજા સમ તું નકી; રક્ષી મને સપ્રેમ ! ૧૨૨

પૃથક્ શયન ન સ્વપ્નમાં કીધું કદિએ નાથ;
ખાનપાન સાથે સદા; કેમ વિસ્મરું [1]તાત ? ૧૨૩

થતાં સ્મરણ એનું અહા, ચીરાએ આ સ્વાન્ત[2] !
જીવું તુજ વિણ કેમ હા ? સહું કેમ એ કાન્ત ? ૧૨૪

ના પતિ પણ મુજ પ્રાણ તું; સ્મરું કેટલા ગુણ ?
ત્યજી ધર્મસ્ત્રી જાય ક્યાં થઈ નિર્વિણ્ણ [3]તૂર્ણ ? ૧૨૫

જાઉં કોને શરણ હું ? કરે કોણ પ્રતિપાળ ?
ચોંટ્યો જનાપવાદ હા, બાળરાંડ એ ભાલ ! ૧૨૬

કહી ગોષ્ઠી ના એક પણ, ગયા પ્રાણપતિ હન્ત !
કેશવપન કરાવીને, જાઉં શેં મુખ પંથ ? ૧૨૭

હતો જ્યાં સુધી તાહરો પ્રેમ પૂર્ણ સુજાણ,
સંભાર્યા ના માત કે તાત કદિ પણ માન. ૧૨૮

તેડ્યાં છતાંય ના ગઈ ઘેર તેમને ત્યાંય;
જાઉં કેમ હવે લઈ કાળું મુખ આ હાય ? ૧૨૯

પડશે ત્વત્સેવા મહીં અડચણ, માની એમ
ગઈ પિતૃગૃહ ના તદા વર્તી ત્વદ્વશ તેમ. ૧૩૦

હતું છત્ર તારું શિરે, [4]તાવત્ હું સર્વત્ર
પવિત્ર; નિંદાસ્પદ હવે થઈ અત્ર પરત્ર ! ૧૩૧

જાઉં શ્વશુરસમીપ જો, જોઈ મન્મુખ એહ
મરશે બંને; પુણ્યગૃહ બન્યું વન હવે તેહ ! ૧૩૨

આરોગ્યાર્થે આણીને, છોડી તુજને એમ
જાઉં કેમ ફરી ગૃહે, દુષ્ટ રાક્ષસી જેમ ? ૧૩૩

નાના રીતે એમ એ કરે દુઃખ સ્ત્રી જાણ;
આવ્યો સહસા એક ત્યાં સિદ્ધ યોગિવર માન. ૧૩૪

ભસ્મલિપ્ત રુદ્રાક્ષધૃક્ ત્રિશૂલહસ્ત સુદેહ,
જટાધારી તાપસ અહા આવી ઊભો તેહ. ૧૩૫

આશ્વાસી સતીને કહેઃ- રડે મૂર્ખવત્ કેમ ?
લિખિત લલાટે ના ટળે; મા કર ક્રંદન એમ. ૧૩૬

પૂર્વકર્મફલ [5]પૃષ્ઠમાં ચોંટ્યું નિશ્ચલ જાણ;
ટળે ન એ કાલત્રયે; નિષ્ફળ શોક સુજાણ. ૧૩૭

ભલે રડે તું આઠ દિન, આવે શું ગતપ્રાણ ?
લખ્યા વિધિએ લેખ જે, થાએ તે જ પ્રમાણ. ૧૩૮

કરે દુઃખ તું મૂઢવત્; ચિરંજીવ કો તેમ ?
કોને મૃત્યુ નવ ગ્રસે ? બોલ સવિસ્તર એમ. ૧૩૯

બોલે તું 'આ મત્પતિ,' ગયો બોલ તો ક્યાંય;
આવ્યો ક્યાંથી ? કોણ તું ? કોણ પિતર તમ ત્યાંય ? ૧૪૦

કાષ્ઠકૂકડા પૂરમાં મળે દૈવથી જેમ,
રહી એકઠા ક્ષણ પછી થાએ વિભક્ત તેમ. ૧૪૧

મળે પક્ષિગણ વૃક્ષ પર રાતે ભેગાં જાણ,
પડે વિખૂટાં ફજરમાં; તેમ સર્વ આ માન. ૧૪૨

સંસારે ત્યમ આ કહે, જન્મ્યો કો ? મૃત કોણ ?
સ્ત્રીપુત્રાદિક ભ્રાન્તિ આ માયામય બહુકોણ ! ૧૪૩

ગંગાજળમાં વાયુથી થાય બુદ્બુદો જેમ,
તેમ દેહ આ કર્મથી; નશ્વર સઘળા તેમ. ૧૪૪

અજ અક્ષય આત્મા નકી ના જાણીને એહ,
કહે દેહને નિજ પતિ, જે જડ નિઃસંદેહ. ૧૪૫

પાંચભૌતિક ગૌણ એ થયો કર્મથી જાણ;
ગુણાનુબંધી કર્મ પણ સુખદુઃખપ્રદ માન. ૧૪૬

માયામય સંબંધ એ જાણ ગુણાત્મક એમ;
ભાસે તોએ સત્ય ના, [6]મરીચિકાજલ જેમ. ૧૪૭

ત્રિગુણાત્મક માયા નકી, આત્મા અસંગ એહ;
પ્રકૃતિસંભવ ગુણ બધા સત્ત્વ રજસ્ તમ તેહ. ૧૪૮

સંસારે પ્રાણી સહુ કર્માધીન સુજાણ;
ગુણાનુસારે સૌખ્ય ને પામે દુઃખ પ્રમાણ. ૧૪૯

કલ્પાયુષ દેવો અહા, તે પણ કર્માધીન;
કાલગ્રસ્ત બધા ! કથા કોણ મર્ત્યની દીન ? ૧૫૦

આવે સાથે કાળ એ, કાલાધીન શરીર;
કોણ કહે સ્થિર એહને પાંચભૌતિક અધીર ? ૧૫૧

કાલકર્મગુણવશ નકી, પંચાત્મક તું જાણ;
કરવો હર્ષ ન જન્મથી, મર્યે શોક ના માન. ૧૫૨

જ્યારે ગર્ભે ઉદ્ભવ્યો ત્યારે પણ નશ્વર;
ટકે પ્રારબ્ધ જ્યાં સુધી, પડે ન એ સત્વર. ૧૫૩

બાળપણે કોઈ મરે, કોઈ ઘડપણ માંહ્ય,
જેનું અર્જિત જેહવું, તેનું તેવું થાય. ૧૫૪

૧. પ્રેમવાચક શબ્દ છે. ૨. હૃદય. ૩. એકદમ. ૪. ત્યાં સુધી. ૫. પીઠમાં; પાછળ. ૬. મૃગજળ.

પૂર્વપુણ્યપાપે મળે સુખદુઃખાદિક તેમ;
સ્ત્રીપુત્રાદિયોગ પણ જાણ કર્મથી એમ. ૧૫૫

સુખદુઃખાદિક જે લખ્યાં વિધિએ લલાટ માંહ્ય
કર્મ પ્રમાણે, બોલ તે કેમ અન્યથા થાય. ૧૫૬

પુણ્યકર્મથી કો સમે થાય દુષ્કર્મ દૂર;
ટાળી શકે ન કાળને સુર નર દાનવ ક્રૂર; ૧૫૭

બોલ સંબંધ નિત્ય જો, પુરા કોની તું નાર;
થઈશ હવે કોની કહે; વ્યર્થ દુઃખ આ ખાળ. ૧૫૮

ગયા જન્મ વીતી કંઈ; હતી કોણ તું ત્યાંય ?
થઈશ કોણ હવે પછી ? બોલ વિચારી માય. ૧૫૯

[1]ત્વગ્રક્તાસ્થિ માંસ ને મજ્જા શ્લેષ્મ [2]પુરીષ-
મૂત્રાત્મક તનુ નિંદ્ય આ અંતર્બાહ્ય [3]અનીશ. ૧૬૦

આવા ગંદા દેહમાં શો સ્વારથ તું બોલ !
મલમૂત્રાત્મક ત્યાજ્ય એ; શોક એહનો ફોલ !! ૧૬૧

જેથી દુસ્તર ભવનિધિ તરાય સુખથી એહ,
કરવો વિચાર તેહનો; વદે એમ મુનિ તેહ. ૧૬૨

સૂણી બોધ એનો તથા પતિવ્રતા એ જાણ,
જાણી રહસ્ય ત્યાં ત્યજે માયિક શોક સુજાણ. ૧૬૩

જોડી કર તત્પદ વિષે મૂકી માથું તેમ,
વિનયનમ્ર બોલેઃ- પ્રભો ! ઉદ્ધર મુજને એમ. ૧૬૪

ઉપદેશે તું જેમ હું કરીશ તેમ સંપૂર્ણ;
તુંજ માતપિતા હવે, તાર દયાનિધિ તૂર્ણ. ૧૬૫

જે માર્ગે જાવા કહે, ગ્રહીશ રાહ હું તેહ !
એમ કહી તચ્ચરણમાં પડે સતી નતદેહ. ૧૬૬

સૂણી વચન એનાં વદે પ્રસન્ન મુનિવર જાણ
ધર્મ્યાચાર સ્ત્રીઓ તણા, ઉભયતાર જે માન. ૧૬૭

આગળ અનુસંધાન એ, બોલે **રંગ** ગભીર
સર્વાભીષ્ટદ એ નકી, સૂણો સંત સુધીર ! ૧૬૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે પતિવ્રતાશોકહરણં નામ ચતુરશીતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૮૪ ॥ દોહરા ૧૬૮ (સપ્તાહ પારાયણ ચોથો દિવસ)

અધ્યાય ૮૫

અલખ નિરંજનને કહેઃ- સાંભળ નિઃસંદેહ;
યોગીશ્વર કરુણાનિધિ વદે સ્ત્રીધર્મ તેહ. ૧

કહે યોગીવરઃ- હે સતી ! કહું સ્ત્યાચાર સ્પષ્ટ,
ભવસાગરતારક નકી સાંભળ સાધ્વી હૃષ્ટ. ૨

સધવા ને વિધવા તણા ઉભય ધર્મ સાચાર,
કહું સવિસ્તર સૂણ હે સશાસ્ત્ર સર્વ વિચાર. ૩

કથા સ્કંદપુરાણમાં કાશીખંડે એહ;
બહુવિધ સ્ત્રીધર્મો કહ્યા, સાંભળ સાવધ તેહ. ૪

અગસ્ત્ય ઋષિ કાશી મહીં વસે પરમ વિખ્યાત;
લોપામુદ્રા એહની પત્ની પરમ સુજાત. ૫

મહામતિ પ્રાજ્ઞી સતી પતિવ્રતાગ્ર્ય સુદેહ;
વર્તે બેઉ ધર્મથી, કાશીભૂષણ તેહ. ૬

વિંધ્યાચલ તચ્છિષ્ય એ પર્વતરૂપે જાણ,
વર્તે ભૂમંડલ વિષે પરમ ગુરુભક્ત માન. ૭

નાનાવનશોભાઢ્ય એ નાનાવૃક્ષાંકિત;
નાનાલતાચ્છાદિત અહા નદીનિર્ઝરમંડિત. ૮

નારદમુનિ બ્રહ્મર્ષિ જે, ફરતા ફરતા એહ
જઈ ચઢ્યા ત્યાં એકદા; જોઈ ગિરિવર તેહ, ૯

થઈ સંતુષ્ટ અંતરે કહેઃ- [4]ધરાધિપ ! જાણ;
દીઠો ત્વત્સમ અન્ય ના, ધન્ય વિંધ્ય તું માન. ૧૦

રત્નમયી ભૂમિ અહા, અમિત [5]નગો પણ છેક.
શોભે તુજમાં નિશ્ચયે ! તોય ન્યૂનતા એક. ૧૧

ના ઊંચો તું મેરુવત્, તેથી નીચત્વ જાણ !
સૂણી વચન નારદ તણાં, થયો કુપિત ગિરિ માન. ૧૨

કરવા સુતુચ્છ મેરુને, ક્રોધે વિંધ્યાચલ
વધવા લાગ્યો, ક્ષણ મહીં, પહોંચ્યો રવિમંડલ. ૧૩

રવિમંડલ ઓળંગીને, સ્વર્ગભુવન પણ તેમ
ક્રમે આક્રમી, ગગનમાં ચાલ્યો વધતો એમ. ૧૪

અંધકાર વ્યાપ્યો બધે દક્ષિણદેશે ઘોર;
સૂર્યકિરણ પેસે નહીં, મચ્યો [6]સર્વતઃ શોર ! ૧૫

થયા લુપ્ત યજ્ઞાદિ ને થંભ્યાં વૈદિક કર્મ;
પડે ચેન ના કોઈને ! જાણી આખર મર્મ, ૧૬

થઈ એકઠા ઋષિજનો દોડ્યા ઈન્દ્રભુવન;
કહે જઈ દેવેન્દ્રને વિંધ્યકર્મ ગહન. ૧૭

ક્રુદ્ધ થઈ દેવેન્દ્ર ત્યાં બ્રહ્મલોકમાં જાય;
વદે વિંધ્યવૃત્તાન્ત એ સર્વ [7]આદિથી ત્યાંય. ૧૮

૧. ચામડી. લોહી ને હાડકાં. ૨. વિષ્ઠા. ૩. અસમર્થ; પરાધીન. ૪. પર્વત. ૫. ડુંગરા. ૬. બધી તરફ. ૭. શરૂઆતથી.

બોલે બ્રહ્માઃ- [1]શક્ર હે ! જા કાશીપુર માન;
વસે બ્રહ્મવિદ્વર તિહાં તદ્‌ગુરુ અગસ્ત્ય જાણ. ૧૯

મોકલ પ્રાર્થી એહને દક્ષિણદેશે તેમ;
નિરાધાર દક્ષિણ દિશા થશે સાધાર એમ. ૨૦

માટે અગસ્ત્યને તથા જા મોકલ સત્વર;
જોઈ ગુરુને આવતા નમશે એ ગિરિવર. ૨૧

લાંબો થઈને ભૂ વિષે કરતાં એ દંડવત્,
[2]શિરોનમ્ર એને ઋષિ કે'શે રહે તદ્વત્. ૨૨

ના ઊંચો થા આવું હું જ્યાં લગ શિષ્ય સુજાણ !
બોધી એમ અગસ્ત્ય એ કરશે ભૂમિસમાન. ૨૩

માટે દેવો સહ હવે જા કાશીપુર માંહ્ય;
પ્રાર્થી મુનિવર દક્ષિણે મોકલ વેગે ત્યાંય. ૨૪

સૂણી વચન એ વિધિ તણાં વંદી તત્પદ તેમ,
ચાલ્યો ઇન્દ્ર, બૃહસ્પતિ દેવ ઋષિ સહ એમ. ૨૫

અવિમુક્તપુરી ધન્ય એ કાશી પરમ પુનિત;
આવ્યો વેગે એ તિહાં એમ [3]સુરર્ષ્યન્વિત. ૨૬

સ્થાપી આગળ દેવગુરુ બૃહસ્પતિને ત્યાંય,
પહોંચ્યો ઋષ્યાશ્રમ મહીં, દેખે એ મુનિરાય. ૨૭

જોઈ સુરવર બારણે દોડ્યા અગસ્ત્ય તેમ;
અર્ઘ્યપાદ્યાદિક થકી પૂજે ભાવે એમ, ૨૮

દેવો સહ ગુરુ ત્યાં સ્તવે પુણ્યકીર્તિ અગસ્ત્ય,
લોપામુદ્રાને તથા પતિવ્રતા [4]અનવદ્ય. ૨૯

કહે બૃહસ્પતિઃ- દેવ હે ! સૂણો સત્ય વચન;
લોપામુદ્રા સમ નહીં પતિવ્રતા કો [5]અન. ૩૦

અનસૂયા સાવિત્રી ને સતી અરુંધતી તેમ;
શાંડિલ્યસ્ત્રી સંમતા, પતિવ્રતા સહુ એમ. ૩૧

સ્વાયંભુવમનુપત્ની જે શતરૂપા વિખ્યાત,
હિમવત્પત્ની મેનકા, ઉમા રમા સાક્ષાત્; ૩૨

સુનીતિ માતા ધ્રુવ તણી, સંજ્ઞા સ્વાહા તેમ,
માને પતિને દેવ સહુ પતિવ્રતા આ એમ. ૩૩

સર્વોત્તમ વિખ્યાત આ લોપામુદ્રા આંહ્ય;
સૂણો દેવ ધર્મો કહું પતિવ્રતાના ત્યાંયઃ- ૩૪

શાસ્ત્રસંમત સર્વ આ પતિવ્રતા આચાર;
મુખ્યભોજન એહનું પત્યુચ્છિષ્ટ સુસાર. ૩૫

અખંડ પતિસેવા કરે, અતિથિપૂજન તેમ;
અન્ય દાનધર્માદિ ના પત્યાજ્ઞા વિણ એમ. ૩૬

ઊભે ઊભી, બેસતાં બેસે પતિ સહ એહ;
વર્તે આજ્ઞાથી સદા, કરે ન છણકો તેહ. ૩૭

સેવાકાલે કંથને માને ઈશ્વર એમ,
નિદ્રાકાલે ભક્તિથી સેવે અખંડ તેમ. ૩૮

થાતાં નિદ્રિત નિજ પતિ, સૂએ સાવધ પાસ;
સ્પર્શે જેમ ન કચુંકી ભર્તૃદેહને ખાસ. ૩૯

આયુર્હાનિ પતિ તણી થાતાં ચોળીસ્પર્શ,
પતિનામોચ્ચારે તથા થાય પત્યાયુર્ભ્રંશ. ૪૦

ઊઠ્યો જ્યાં લગ ના પતિ ઊઠી પૂર્વે તેમ,
ગૃહસંમાર્જનઆદિથી થાએ નિવૃત્ત એમ. ૪૧

કરી સ્નાન અર્ઘ્યાદિથી પૂજે પતિને નિત્ય;
માની શંકર તત્પદે મૂકે શીર્ષ સુપ્રીત્ય. ૪૨

પ્હેરે ભૂષણ દેહ પર હોય પતિ જો ઘેર;
બહારગામ જાતાં પતિ ત્યજે શણગાર તેલ. ૪૩

બોલે નિષ્ઠુર કંથ જો, કહે 'ક્ષમસ્વ' સદાય;
ક્રોધાદિક એનાં કદિ, ના લાવે ઉર માંહ્ય. ૪૪

કંથ આવતાં બ્હારથી જાએ સ્હામી તેમ;
મૂકી હજાર કામ પૂછે 'શી આજ્ઞા' એમ. ૪૫

પૂછી કુશલાદિક તથા વર્તે આજ્ઞા માંહ્ય,
સ્વતંત્ર રીતે ના કદિ ચાલે સાધ્વી ત્યાંય. ૪૬

પતિવ્રતાએ પરગૃહે ના જાવું કદિ તેમ;
જાતાં દોષ અનેક ત્યાં, રહેવું સાવધ એમ. ૪૭

કાર્યાર્થે જાવું ઘટે, ના જોવું પરમુખ;
જલદી પાછા આવવું, રહેવું સ્વગૃહે મૂક. ૪૮

જતાં બહાર સ્વાતંત્ર્યથી, [6]ઉલૂકયોનિમાં જાય.
લોપામુદ્રા ધન્ય આ, વર્તે એમ સદાય. ૪૯

પ્રાતઃકાલે ઊઠીને પૂર્વે પતિની એમ,
સંમાર્જનાદિકથી પછી પરવારીને તેમ; ૫૦

કરી સ્નાન, ગંધાક્ષતપુષ્પાદિક સામાન
સાફ કરી દેવોપકરણાદિક[7] તે જ પ્રમાણ, ૫૧

આપે પતિને નિત્ય એ; સેવે અખંડ એમ;
પરવારે પતિ જ્યાં સુધી, કરે પાકાદિ તેમ. ૫૨

મન વાચા ને કર્મથી સેવે પત્યુચ્છિષ્ટ,
હોય પતિ જો બ્હાર તો લે ધેનુનું શિષ્ટ. ૫૩

અન્ન સમર્પી અતિથિને કાઢી તેમ ગોગ્રાસ,
સાત્ત્વિક ભોજન સતી કરે સર્વાન્તે એ ખાસ. ૫૪

૧. ઇન્દ્ર. ૨. માથાથી નમેલો. ૩. દેવો અને ઋષિઓ સાથે ૪. નિષ્કલંક. ૫. અન્ય; બીજી. ૬. ઘુવડ. ૭. દેવનાં વાસણ વગેરે.

લીંપીગૂંપી સાફસૂફ રાખે ગેહ સદાય;
પૃથક્ ધર્મ ના આચરે, પત્યાજ્ઞા વિણ ત્યાંય. ૫૫

વ્રતોપવાસાદિક કરે ના પત્યાજ્ઞા વિણ;
નગરોત્સવાદિ દેખવા દોડે બ્હાર ન ક્ષણ. ૫૬

તીર્થયાત્રાદિક તથા કરે ન પૃથક્ કદાય;
ચાલે પતિની વૃત્તિ સમ સાધ્વી ધન્ય સદાય. ૫૭

થતાં કંથ સંતુષ્ટ ત્યાં થાએ ખિન્ન ન એહ;
હોય કંથ દુશ્ચિત જો, ના હરખાએ તેહ. ૫૮

થાતાં રજસ્વલા સતી, રાખે મૌન દ્રાક્;
ના દેખાડે મુખ તદા, ના સૂણે [૧]શ્રુતિવાક્. ૫૯

ત્રણ દિવસ વ્રત એહવું રાખે યત્ને એહ;
[૨]તુર્યદિને સુસ્નાત થઈ, દેખે પતિમુખ તેહ. ૬૦

હોય ઘેર જો ના પતિ, ધ્યાયે તન્મુખ તેમ;
રવિદર્શન અથવા કરી, પેસે ઘરમાં એમ. ૬૧

પત્યાયુર્વૃદ્ધ્યર્થ એ હળદર કંકુ કેશ
મંગલસૂત્ર વહે તથા સિંદૂર કજ્જલ લેશ. ૬૨

હોય કંથ જો ઘેર તો પ્હેરે કંકણ એમ;
ગૂંથે વેણી સુવાસિની, ગ્રહે તાંબૂલ તેમ. ૬૩

હલકી સોબત ના કરે, ભલે પડોશણ હોય;
ધોબણ ગાંયજી નીચસ્ત્રીની સોબતથી રોય ! ૬૪

નિંદ્યસ્ત્રી વા કુટ્ટિની પતિનિંદારત જેહ,
ભાષણથી પણ તત્સહ, થાય સુદૂષિત એહ. ૬૫

ત્યાગી સાસૂ શ્વસુર ને નણંદ દેવર[૩] તેમ,
ઈચ્છે વિભક્ત જે થવા, થાય કૂતરી એમ. ૬૬

નગ્ન સ્નાન ન આચરે, વર્જે [૪]દષદાસન;
[૫]મુસલ ઉલૂખલ[૬] પર તથા ના બેસે સતી ક્ષણ. ૬૭

ઘંટી ઉમરાદિક વિષે બેસે તેમ ન એહ;
વર્તે સાવધ સર્વદા પતિવ્રતા શુચિદેહ. ૬૮

કરે વિવાદ ન કંથ સહ, કરતાં દુઃખી થાય;
માની પતિને દેવ સમ, રે' તન્મતે સદાય. ૬૯

ભલે અભાગી નિજ પતિ; દુષ્ટ નપુંસક તેમ;
કુષ્ઠી રોગી કુબ્જ વા, માન્ય દેવસમ એમ. ૭૦

ફાવે તેવો નિજ પતિ, માને હરિસમ એહ;
વર્તે તદ્વાકયે સદા, થાય ઈશપ્રિય તેહ. ૭૧

ગમે કંથને તેહવાં સજે વસ્ત્રભૂષણ;
હોય પતિ દુશ્ચિત્ત તો વર્જે આભૂષણ. ૭૨

હોય અપેક્ષા ચીજની, વદે સ્વયં ના તેમ;
પ્રાર્થે કન્યાદિકમુખે યત્ને સાધ્વી એમ. ૭૩

પાસે કોઈ હોય ના, માગે તોય ન તેહ;
લાવો આ ના ચાલશે, કહે એમ ના એહ. ૭૪

કરે દુરાગ્રહ ના કદિ, રહે સદા સંતુષ્ટ;
દૈવે પતિને જે મળે, તેથી પરમ સુહૃષ્ટ. ૭૫

જોઈ સમર્થ અન્યને, ના નિંદે નિજ કંથ;
દેખી [૭]યાત્રિક, ના ચહે જાવા તીરથપંથ. ૭૬

પતિસેવા જાત્રા નકી, તચ્ચરણામ્બુ તીર્થ
માની, મનથી પણ કદિ ના ઈચ્છે પર તીર્થ. ૭૭

માની ગંગાજળ પીએ પતિપાદોદક તેમ;
દેખી પતિભક્તિ તથા રીઝે ત્રિમૂર્તિ એમ. ૭૮

નૈમિત્તિક વ્રતની કદિ થાએ ઈચ્છા ત્યાંય,
પત્યાજ્ઞાથી સર્વ એ સાધ્વી કરે સદાય. ૭૯

કરતાં સ્વબુદ્ધિથી તથા થાય પત્યાયુર્નાશ;
જાય નરકમાં કંથ સહ, વદે શ્રુતિસ્મૃતિ ખાસ. ૮૦

ક્રોધે સ્હામો કંથને આપે જવાબ જેહ,
થઈ કૂતરી તે પછી થાએ શિયાળ તેહ. ૮૧

રડે ગ્રામસમીપમાં ઉચ્ચસ્વરથી તેમ,
સંતાતી સઘળે ફરે, જાય રૌરવે એમ. ૮૨

માટે પતિપદ ભાવથી ધોઈ ચરણામૃત
પીએ નિત્ય પતિવ્રતા; ખાય ઉચ્છિષ્ટ તૃપ્ત. ૮૩

દૈવે આવી જે મળે રહે તેથી સંતુષ્ટ,
આપે અભીષ્ટ તેહને શંકર થઈ સુહૃષ્ટ. ૮૪

પૂજાએ સ્વર્ગે અહા પતિ સહ એહ સુજાણ;
અત્ર પરત્ર બધે સતી પામે એ સન્માન. ૮૫

જાય ન ઉજાણીએ તથા ભોજનાર્થ પરગેહ;
આમંત્રણાદિકઘેર પણ જાય નિત્ય ના એહ. ૮૬

વાતો શ્રીમંતો તણી ના સૂણે સપ્રેમ;
દુર્બલ ભ્રષ્ટ ભલે પતિ, નિંદે ના કદિ તેમ. ૮૭

ભલે દુષ્ટસ્વભાવનો, નિંદે તોય ન તેહ;
માની વિષ્ણુસમ ભાવથી પૂજે નિઃસંદેહ. ૮૮

સાસૂસસરા દેખતાં વદે ન ઉચ્ચસ્વર;
હસે ન મોટેથી તથા, વિશેષ જ્યાં નિજ વર. ૮૯

ક્રોધે પતિએ મારતાં કહે એહને મર,
વ્યાઘ્રી થઈ અરણ્યમાં પામે કષ્ટ પ્રખર. ૯૦

૧. વેદવાણી. ૨. ચોથે દિવસે. ૩. દિયર. ૪. પથ્થરનું આસન. ૫. સાબેલું. ૬. ખાંયણીઓ. ૭. જાત્રાળુ

દેખે પર નર કામથી, થાએ જન્માંધ તેહ;
છોડી પતિને ખાય જે, થાય સૂકરી એહ. ૯૧

થઈ વાગોળ એ પછી લટકે ઊંધી તેમ;
ભક્ષે નિજ વિષ્ઠા અહા, મહાપાપણી એમ ! ૯૨

બોલે નિષ્ઠુર કંથને ક્રોધે સ્હામું જેહ,
મૂક દરિદ્રી સપ્તજનિ[૧] થાય સુદુઃખી તેહ. ૯૩

કરે દ્વેષ [૨]સપત્નીનો મદોન્મત્ત જે તેમ,
સાત જન્મ દુર્ભાગી એ થાએ દુઃખિત એમ. ૯૪

જાણીને પરકંથને જોતાં વ્યંગ[૩] થવાય;
જોતાં કામ થકી તથા, હીનદીનઘર જાય. ૯૫

માટે પર નર દૃષ્ટિથી ના દેખે સતી એહ;
જોઈ સ્વપતિ આવતા જાએ સંમુખ તેહ. ૯૬

ધોઈ પગ એના પીએ, નાંખે પંખો એમ;
પાદ દબાવે પ્રીતથી, બોલે મંજુલ તેમ. ૯૭

થતાં તુષ્ટ ભર્તા નકી થાય ત્રિમૂર્તિ તુષ્ટ;
થતાં રુષ્ટ એ, દેવ પણ થાએ સકળ સુરુષ્ટ ! ૯૮

ભાઈભાંડુ માબાપ પણ રીઝ્યે સરે ન સ્વાર્થ;
થતાં તુષ્ટ પતિ એકલો, ઐહિકામુષ્મિકાર્થ ! ૯૯

તીર્થ દેવ ગુરુ સર્વ એ કંથ માહરો એક;
માને નિશ્ચય એમ જે, સતી વંદ્ય તે છેક. ૧૦૦

જીવે યાવત્, નિજ પતિ, તાવત્ સતી પવિત્ર;
મરતાં પતિ, એ પ્રેતસમ થાય અસ્પૃશ્ય ચિત્ર. ૧૦૧

પતિ વિના સ્ત્રી જાણવી સદા અમંગલ એહ;
પ્રેતસમી વિધવા નકી; વધુ અનપત્યા[૪] જેહ. ૧૦૨

પ્રયાણકાલે જો મળે વિધવા સ્હામી એમ,
મરણ સૂચવે એ નકી; પુત્રવતી શુભ તેમ. ૧૦૩

માતા સ્હામી જો મળે જતાં પુત્રને ત્યાંય,
કરે કલ્યાણ એ નકી; અશુભ લેશ ના થાય. ૧૦૪

નમસ્કારને યોગ્ય ના પુત્રહીન સ્ત્રી તેમ;
લેવી ન આશિષ તેહની; થાય અમંગલ એમ. ૧૦૫

એની ગાળોથી તથા થાય મોત નિશ્ચિત;
માટે એને ના કદિ છેડે બુદ્ધચન્વિત[૫]. ૧૦૬

શું વૈભવથી દેહથી ? સ્ત્રીનું સુખ નિજ કંથ;
મરતાં એ, સહગમનથી જાય સતી તત્પંથ. ૧૦૭

શમે મેઘ સહ વીજળી, જ્યોત્સ્નાના[૬] વિધુ[૭] સંગાત;
અગ્નિપ્રવેશ કરે તથા પતિવ્રતા પતિ સાથ. ૧૦૮

મહાધર્મ સહગમન આ શ્રુતિસ્મૃતિસંમત;
તારે બેંતાળીસ કુળો સતી એમ પતિભક્ત. ૧૦૯

મરતાં પતિ હર્ષે કરે સહગમન સતી જેહ,
અશ્વમેધસહસ્રફળ પામે પ્રતિપદ[૮] તેહ. ૧૧૦

હોય પાપી જો નિજ પતિ, મરતાં બાંધ્યો એમ
યમદૂતોએ નરકમાં લઈ જાવાને તેમ; ૧૧૧

તોએ નારી જો કરે સહગમન નિર્ધાર,
લઈ જાય સ્વર્ગે પતિ જેમ સર્પને [૯]ઘાર. ૧૧૨

જોઈ એનું સહગમન ભીતભીત યમદૂત,
છોડી એને દૂરથી જાય યમપુરે તૂર્ત. ૧૧૩

બેસાડી સ્વર્યાનમાં, કરી આરતી તેમ,
સુરાંગનાઓ સ્વર્ગમાં લઈ જાય સતી એમ. ૧૧૪

વદે પરસ્પર યમભટોઃ- કાળ થકી પણ ત્યાંય,
ના ડરીએ, જ્યમ દેખીને ડરીએ સતીને હાય ! ૧૧૫

જોઈ સતીને સૂર્ય પણ ડરે, તપે અતિ મંદ;
ત્યજી ઉષ્ણતા અગ્નિ પણ થાય શીત નિઃસ્પંદ[૧૦]. ૧૧૬

હરશે અમ પદ શું અહો, ડરે એમ નક્ષત્ર !
જાય ભર્તૃ સહ સ્વર્ગમાં એમ સતી એ તત્ર. ૧૧૭

સ્વર્ગપ્રાપ્તિ સહગમનથી અનાયાસથી એમ;
રહે સતી પતિ સહ તિહાં સુખે ચિરંતન તેમ. ૧૧૮

સાડા ત્રણ કરોડ જે કેશ અગ્નિની માંહ્ય,
હોમ્યા સ્વધર્મથી અહા તત્ફળ અગણિત ત્યાંય. ૧૧૯

કોટ્યબ્દ[૧૧] પ્રતિકેશ એ રહે સ્વર્ગમાં તેમ,
આનંદે સન્માનથી પતિવ્રતા આ એમ. ૧૨૦

પત્યનુગમને પુણ્યનું રચી દિવ્ય સોપાન[૧૨],
બેંતાળીશ કુળ સ્વર્ગમાં લઈ જાય સમાન. ૧૨૧

જન્મે જો આવી કુલે પૂર્વાપર[૧૩] કુલ તેમ
તારે સતી; માબાપ એ ધન્ય ! ધન્ય પતિ એમ !! ૧૨૨

ધન્ય પુણ્ય સહગમનનું, કહ્યું પાતિવ્રત્યફળ;
કહું પ્રસંગે દુર્ભગા[૧૪] લભે દુઃસહ જે ફળ. ૧૨૩

ઈહામુત્ર[૧૫] અનર્થ ત્યાં દુરાચારમાં હન્ત !
વ્યભિચારે ફળ શું મળે ? જાય નરકને પંથ !! ૧૨૪

પૂર્વાપર કુળ એકવીસ સ્વર્ગસ્થિત પણ તેમ,
લઈ જાય નરકે અહા દુરાચારિણી એમ. ૧૨૫

સાડા ત્રણ કરોડ જે રોમ દેહ પર ત્યાંય,
વર્ષ તેટલાં સહપતિ પૂર્વજ નરકે જાય. ૧૨૬

૧. જન્મ. ૨. શોક્ય ૩. અંગહીન. ૪. સંતાનરહિત. ૫. બુદ્ધિમાન. ૬. ચાંદની. ૭. ચંદ્ર. ૮. ડગલે પગલે. ૯. સમડી. ૧૦. સ્થિર. ૧૧. કરોડ વરસ. ૧૨. સીડી. ૧૩. પહેલાંના એકવીસ ને પછીના એકવીસ. ૧૪. વ્યભિચારિણી. ૧૫. આ લોકમાં ને પરલોકમાં.

પતિવ્રતાસ્પર્શે ધરા[૧] થાએ પવિત્ર તેમ;
માટે પાદસ્પર્શ ભૂ ઇચ્છે સતીનો એમ. ૧૨૭

દૈવે મત્કિરણો સતીને સ્પર્શે જો ધન્ય,
થાઉં પૂત હું એમ ઇચ્છે રવિ ચન્દ્ર સુધન્ય ! ૧૨૮

વાયુ વરુણ ને અન્ય પણ સતી સ્પર્શથી એમ
થાએ પવિત્ર, દૃષ્ટિ પણ એની પાવન તેમ. ૧૨૯

ઘેર ઘેર પડી સ્ત્રીઓ રૂપલાવણ્યયુક્ત !
શું એથી ? એક જ ભલી સતી, કરે કુલ મુક્ત !! ૧૩૦

પતિવ્રતા જેને ઘરે પુણ્યવાન એ ધન્ય;
સપ્તજન્મનાં પુણ્યથી સાધ્વી મળે સુધન્ય ! ૧૩૧

સતીયોગથી નર લભે ચતુર્વિધ પુરુષાર્થ;
હોય પુણ્ય તો સાંપડે એવી સતી [૨]સુહાર્દ. ૧૩૨

જેના ઘરમાં ના સતી, પુણ્ય તેહનું વ્યર્થ;
યજ્ઞાદિક કર્મો તથા; ના તદ્ધર્મે અર્થ. ૧૩૩

જેના ઘરમાં ના સતી, તદ્‌ગૃહ અરણ્ય ઘોર;
વૃથા જન્મ તેનો નકી, કર્મબદ્ધ એ ચોર ! ૧૩૪

યદ્‌ગેહે એવી સતી, સાર્થક તેનું પુણ્ય;
પુત્રલાભ તદ્યોગથી, તેમ પરલોક ધન્ય ! ૧૩૫

સતી વિના નર જે નકી, ધર્મ તેહનો વ્યર્થ;
પડે સ્વર્ગસ્થ પિતૃઓ, ના તત્કર્મે અર્થ. ૧૩૬

ગંગાસ્નાનાધિક નકી સતીદર્શને પુણ્ય;
[૩]સપ્તજન્માઘહૃત્ સતી પતિતપાવની ધન્ય ! ૧૩૭

કહે બૃહસ્પતિ દેવને આમ સુવાસિનીધર્મ;
વિધવાચાર હવે પછી, શ્રવણે **રંગ** સુશર્મ !! ૧૩૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
સ્ત્રીધર્મનિરૂપણે સુવાસિનીધર્મકથનં નામ પંચાશીતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૮૫ ॥ દોહરા ૧૩૮ (ખંડ પારાયણ ચોથો દિવસ)

અધ્યાય ૮૬

કહે **રંગ** આગળ સૂણોઃ- સૂણી ગુરૂક્તિ એહ
પૂછે દેવગણો કરી ભાવે વંદન તેહઃ- ૧

પતિવ્રતાસામીપ્યમાં મરે કંથ જો તેમ,
કરવું ધૈર્યે સહગમન સ્ત્રીએ બેશક એમ. ૨

હોય ગર્ભિણી પણ સતી, હોય ધાવણું બાળ,
મરે દૂર વા કંથ તો કરે કેમ તત્કાળ ? ૩

કહે દેવગુરુઃ- દેવ હે ! કહું સવિસ્તર સર્વ,
સાવધાન થઈ સાંભળો, ત્યજી વિતંડા ગર્વ. ૪

મરે સમીપે કંથ જો, કરે સહગમન તત્ર;
મળે ન શવ વા ગર્ભિણી હોય સતી જો અત્ર, ૫

હોય ધાવણું બાળ જો, દોષ અનુગમે તેમ;
મરે કંથ ત્યમ દૂર તો કરે ન [૪]અનુગમ એમ. ૬

યાવજ્જીવ યથાવિધિ પાળે વૈધવ્ય તેહ,
પામે પુણ્ય સતી તથા સહગમનનું એહ. ૭

વૈધવ્યાચારે કહ્યું મહાપુણ્ય ત્યાં એમ;
મરતાં કંથ સતી કરે શિરસા મુંડન તેમ. ૮

રાખે વિધવા વાળ જે પામે દુર્ગતિ તેહ;
બાંધી પતિને કેશથી નાંખે નરકે એહ. ૯

કેશવપન માટે કરે વિધવા નિત્ય સુજાણ;
દિવા સકૃત્ ભોજન તથા કરે મસ્તકે સ્નાન. ૧૦

એકધાન્યભોજન કહ્યું તેને વિશેષ એમ;
હોય શક્તિ તો ભક્તિથી ત્રિદિન ઉપોષણ તેમ. ૧૧

પાંચ દિવસ, પખવાડીયું કરે ઉપોષણ ધન્ય;
ભક્તિભાવથી વા કરે ચાંદ્રાયણ સુધન્ય. ૧૨

પડવે ચંદ્રોદય વિષે ભક્ષે એકજ ગ્રાસ;
રોજ એક વધારીને, પૂનમે પંદર ખાસ. ૧૩

કૃષ્ણપક્ષમાં તેમ એ રોજ ઘટાડે એક;
શૂન્ય અમાસે એક[૫] વા, એમ આચરે છેક. ૧૪

હોય વૃદ્ધ અશક્ત વા, ભક્ષે એ એકાન્ન;
ફલાહાર વા શક્તિથી, ગ્રહે સદા શાકાન્ન. ૧૫

પીએ થોડું દૂધ વા, ના ભીતિથી [૬]પ્રભૂત;
ટકે પ્રાણ જેથી અને ચાલે શ્વાસ અતૂટ. ૧૬

સૂએ સુખ શય્યા મહીં [૭]મંચક પર વા તેમ,
જાય રૌરવે કંથ સહ ! ઊંઘે ભૂ પર એમ. ૧૭

મંગલસ્નાન કરે નહીં, શરીરમર્દન ત્યાંય;
ગંધપુષ્પતાંબૂલતૈલ વિધવા ત્યજે સદાય. ૧૮

હોય અપુત્રા તો કરે નિત્ય પિતૃતર્પણ
તિલદર્ભોદકથી, કરી નામગોત્રોચ્ચારણ. ૧૯

કંથભાવનાથી તથા પૂજે વિષ્ણુ સદાય;
કહ્યો વિષ્ણુ પતિસ્થાનમાં વિધવાને સ્મૃતિ માંહ્ય. ૨૦

૧. પૃથ્વી. ૨. વિશુદ્ધ અંતઃકરણ (પ્રેમવાળી) ૩. સાત જન્મનાં પાપ હરણ કરનાર. ૪. સહગમન. ૫. એકાદ તિથિનો ક્ષય હોય તો જ અમાવાસ્યાએ એક ગ્રાસ ખાવાનો આવે, નહિ તો ઉપોષણ. ૬. ઘણું ૭. ખાટલો; પલંગ.

કંથ જીવતાં એહની પાળે આજ્ઞા જેમ,
વર્તે વૈધવ્યે તથા વિષ્ણ્વાજ્ઞાથી એમ. ૨૧

અથવા સુશીલ વિપ્ર વા સદ્‌ગુર્વાજ્ઞા માંહ્ય
રહી વ્રતાદિક આચરે, યાત્રાદિક વા ત્યાંય. ૨૨

સધવાવસ્થામાં હતી વસ્તુ પ્રિય જે તેમ,
તે તે સુપાત્ર વિપ્રને કરવી અર્પણ તેમ. ૨૩

વિષ્ણુસ્મરણ કરી તથા કરવું માઘસ્નાન;
દીપદાન કાર્તિક મહીં વૈશાખે જલદાન. ૨૪

દેવી દક્ષિણા વિપ્રને યથાશક્તિ ત્યાં તેમ;
ભોજનવસ્ત્રાદિક બધું કરવું અર્પણ એમ. ૨૫

આપે ઘૃતતિલ વિપ્રને માઘમાસમાં ત્યાંય;
વૈશાખે નિર્જલસ્થળે સ્થાપે પ્રપા[1] સદાય. ૨૬

મૂકે ગળતી શંકરે નિર્મળ જળથી તેમ;
ગંધપુષ્પપરિમલ[2] થકી પૂજે શિવ સપ્રેમ. ૨૭

ભરે પાણી દ્વિજઘેર એ યથાશક્તિ સુહૃષ્ટ;
વિપ્રાતિથિને શક્તિથી આપે અન્ન સુતુષ્ટ. ૨૮

આપે છતરી પાદુકા જાત્રાળુને તેમ;
ગૃહે આવતાં દ્વિજ તણા પ્રક્ષાળે પદ એમ. ૨૯

નાખે પંખો ભાવથી, કરે વસ્ત્રપ્રદાન;
ગંધપરિમલ વીટકાદિક[3] આપે સહ માન. ૩૦

યથાશક્તિ જલપાત્ર ને દ્રાક્ષા [4]કદલીફળ,
ઠંડું શરબત ગોળનું અર્પે એ સત્વર. ૩૧

ઉચ્ચારી પતિનામ ત્યાં મૂકી, સંકલ્પ તેમ,
આપે સાત્ત્વિક વિપ્રને તે તે દાન સપ્રેમ. ૩૨

ભક્ષે યવ કાર્તિક મહીં અથવા એકાન્ન ત્યાંય;
ત્યજે માષ[5] મધુ તૈલ ને લવણ વંતાક આંહ્ય. ૩૩

કાંસ્યપાત્રમાં ના જમે, વર્જે કઠોળ તેમ;
રાખી સ્વચ્છ મન એમ ત્યાં વર્તે મહિનો એમ. ૩૪

જમી [6]પલાશપત્રો કરે તેનું ઉદ્યાપન;
જે જે વ્રત એ આચરે કરે તદુદ્યાપન. ૩૫

કાંસ્યપાત્ર ઘૃતપૂર્ણ એ આપે દ્વિજને તેમ;
સૂઈ ભૂ પર વિપ્રને અર્પે મંચક એમ. ૩૬

જે ત્યાગે તે ભક્તિથી આપે દ્વિજને એહ;
ત્યજી માસ રસ, વિપ્રને અર્પે દક્ષિણા સહ. ૩૭

ચતુર્માસ પંચામૃતો ત્યજી, વ્રતોદ્યાપન
કરે વિપ્રને અર્પીને સાલંકૃત ગોધન. ૩૮

દીપદાન વિશેષ ત્યાં, આપે અનંત ફળ;
અન્ય સર્વ એની કદિ નાવે તોલે તલ. ૩૯

માઘે સૂર્યોદયે કરે માઘસ્નાન,
એક માસ નિયમે તથા; માઘવ્રત એ મહાન્. ૪૦

તિલલડ્ડુક ખજૂર ને પકવાન્નાદિક એમ
દે શક્તિથી; ના કરે વિત્તશાઠ્ય ત્યાં તેમ. ૪૧

મરી અપૂપ ઘૃતપક્વ ત્યાં આપે સાકર સાથ;
યથાશક્તિ દીવા, જમાડે તપસ્વી સુજાત, ૪૨

વસ્ત્રો કામળ, લાકડાં દે હેમંતે ત્યાંય,
શીતશાન્તિ માટે સતી યથાશક્તિ સદાય. ૪૩

આવે ઊંઘ નિરાંતથી એવો પલંગ તેમ;
આપે વિદ્વદ્વિપ્રને શાલ ગોદડાં એમ. ૪૪

શુંઠ્યાદિક ઉષ્ણૌષધો શીતનિવારક જેહ,
આપે તાંબૂલ વિપ્રને [7]એલાદિકયુત એહ. ૪૫

વર્ષ સુધી ચાલે યથા અન્નપૂર્ણ ગૃહ તેમ
આપે દ્વિજને, પાદુકા [8]તૈર્થિકજનને એમ. ૪૬

ગંધ પુષ્પ પરિમલ થકી પૂજે નારાયણ;
ગૌરીહર રુદ્રાભિષેકે અર્ચે ચિદ્‌ઘન. ૪૭

ધૂપ દીપ નૈવેદ્યથી પૂજે શિવહર તેમ;
વિશેષ પ્રીતિ શંભુની દીપમાલ પર એમ. ૪૮

સ્મરી પતિરૂપ અંતરે, ચિંતી નારાયણ;
એકભાવથી પૂજતાં શમે પાપ તત્ક્ષણ. ૪૯

વર્તે આ નિયમે સદા, ના બેસે વૃષ[9] પર;
રાખે ના ચોળી તથા, પ્હેરે [10]શ્વેતાંબર. ૫૦

રક્ત કૃષ્ણ ચિત્રાદિ વા વસ્ત્રો દૂષિત ત્યાંય;
હોય પુત્રવતી [11]ગતધવા, રહે સુતાજ્ઞા માંહ્ય. ૫૧

[12]'આત્મા પુત્ર' કહે શ્રુતિ, પિતૃપ્રતિનિધિ તેમ;
માટે વ્રતાદિમાં ગ્રહે પુત્રાજ્ઞા મા એમ. ૫૨

એમ વેદશાસ્ત્રોક્ત જે પાળે વિધવા ધર્મ,
શ્રદ્ધાભક્તિથી તથા પામે અનુગમશર્મ. ૫૩

સ્વપાપે યમલોકમાં હોય નરકમાં તેમ
નાનાપીડાર્દિત પડ્યો પાપી નિજપતિ એમ; ૫૪

૧. પરબ. ૨. અગરબત્તી, કર્પૂરાદિ સુગંધી દ્રવ્ય. ૩. પાન. ૪. કેળું ૫. અડદ. ૬. ખાખરાનું પાન. ૭. ઈલાયચી. ૮. તીર્થવાસી. ૯. બળદ. ૧૦. સફેદ વસ્ત્ર. (પુત્ર હોય તો રક્તવસ્ત્રમાં બાધ નથી.) ૧૧. વિધવા ૧૨. આત્મા વૈ પુત્રનામાસિ વગેરે શ્રુતિ.

તત્પત્ની વિધવા તથા પાળે ઉત્તમ શીલ,
મરણ પછી લઈ કંથને જાય સ્વર્ગમાં ધીર ! ૫૫

વદે બૃહસ્પતિ દેવનેઃ- લોપામુદ્રા ધન્ય;
પતિવ્રતાગ્રશિરોમણિ ધન્ય ધન્ય સુધન્ય !! ૫૬

જે જે પતિવ્રતા સતી ગંગાસમ તે ત્યાંય;
શંકર સમ તત્પતિ અહા, બંને વંદ્ય સદાય ! ૫૭

એમ ગુરૂક્ત કહ્યા સતી ઉભય ધર્મ મેં જાણ;
ગમે જેહ તુજ ચિત્તને, કર તું તેજ પ્રમાણ. ૫૮

દુઃખ સકલ ત્યાગી, હૃદે વિચાર આ મુજ વાક્;
બે માર્ગો પરલોકના કહ્યા તને મેં દ્રાક્. ૫૯

હોય ધૈર્ય તો અનુગમન કર સર્વોત્તમ તેહ;
પાળ વૈધવ્યધર્મ વા, [1]તુલ્યપુણ્ય પણ એહ. ૬૦

ગમે તને શું વદ સતી ! એમ કહીને ત્યાંય.
મૂકે પ્રેમે કર શિરે તાપસ એ વરકાય. ૬૧

સૂણી વચન એ, વિનયથી વદે નમ્ર સતી તેમ
ભક્તિયુક્ત ગદ્ગદ્ અહા, યોગીશ્વરને એમઃ- ૬૨

જય યોગેશ્વર, તું પિતા બંધુ સહોદર દેવ;
માતા તું કરુણાનિધે, હર્યો શોક તતખેવ. ૬૩

આવી હું પરદેશમાં, ન મળે બાંધવ પાસ;
મળ્યો અંતકાલે અહા, બંધુસુહૃત્ તું ખાસ. ૬૪

દેખાડ્યા બે માર્ગ તેં વૈધવ્યે બહુ કષ્ટ;
અસિધારોપમ ધર્મ એ, લાગે અશક્ય સ્પષ્ટ. ૬૫

અભિનવ મારૂં રૂપ આ નવજુવાની તેમ,
નિંદાપવાદાદિક થકી થશે કલંકિત એમ. ૬૬

ઘોર કલિ આ ચોદિશે વ્યાપ્યો દારુણ નાથ;
હરે પુણ્ય ડરૂં હૃદે; ગમે ન વૈધવ્યવાત. ૬૭

અનંતપુણ્યદ સહગમન ગમે અંતરે એમ;
કરૂં અગ્નિપ્રવેશ હું, પતિ સહ તોષે તેમ. ૬૮

એમ કહી વંદન કરી, મૂકે પગ પર શીર્ષ;
કહેઃ- સંસારમગ્ન હું, તાર તાર યતીશ ! ૬૯

ઊઠાડી એને તદા, વદે તાપસી એહ
મૂકી અભય કર મસ્તકેઃ- કર સહગમન, સુદેહ ! ૭૦

સ્થાન જેહ ત્વત્પતિ તણું તે જ તાહરૂં જાણ;
કર સહગમન સુખે, કહું બીજું વિશેષ માન. ૭૧

આરોગ્યાર્થે પતિ તણા આવી દૂરથી તેમ,
ભક્તિયુક્ત ગુરુદર્શને લઈ પતિને એમ. ૭૨

લખ્યું લલાટે તે થયું; જીતે કાળ ન કોય;
ઈશસંકલ્પવત્ બધું થાય, નાન્યથા હોય ! ૭૩

બ્રહ્મલિખિત ટળે નહિ, હોય ભાવિ નિર્માણ,
બને તથા તે તે સમે; શોક નિરર્થક માન. ૭૪

હરિશ્ચંદ્ર અંત્યજગૃહે વહે વારિ, હા હન્ત !
બલી ભૂપ બળીયો ગયો હાય પાતાલપંથ ! ૭૫

છ કોટી વર્ષો અહા જેનું આયુષ્ જાણ,
ગયો દશાનન તે ક્ષણે ! ગયો સુયોધન માન ! ૭૬

સ્વેચ્છામૃત્યુ ભીષ્મ પણ પડ્યા રણ મહીં તેહ;
કૃષ્ણગુપ્ત[2] પરીક્ષિતિ, કરડ્યો સર્પે એહ ! ૭૭

અનંત અવતારો થઈ, થયા લીન એ ક્યાંય !
દેવાસુર માનવ બધા કાલાધીન સદાય ! ૭૮

સુરનર દાનવ સર્વને જીતે દુર્જય એહ;
માટે ઈશ્વર કાળ એ અજેય નિઃસંદેહ. ૭૯

એક ગુરુ વિણ કાળને જીતે કોઈ ન જાણ;
જોઈ રીઝે ભાવને સદ્ગુરુ એ પણ માન. ૮૦

માટે ગુરુદર્શન કરી, પછી સંગમે એમ
પત્યનુગમન કરી સુખે થા પાવન તું તેમ. ૮૧

આવી તું અહીં દૂરથી, માટે ગુરુદર્શન
કરી વેગથી કંથ સહ કર [3]વહ્નિવેશન. ૮૨

એમ કહી શવમસ્તકે ચોળી ભસ્મ દ્રાક્,
આપી ચાર રુદ્રાક્ષ ત્યાં વદે એહ [4]વરવાક્. ૮૩

કહે તાપસીઃ- બે સતી બાંધ કર્ણે તત્ક્ષણ;
બાંધી કંઠે અન્ય, કર સુખે વહ્નિવેશન. ૮૪

બીજું, જા ગુરુદર્શને ! રુદ્રસૂક્તથી ત્યાંય
અભિષેકે ગુરુપદ જનો; લઈ તીર્થ એ આંહ્ય, ૮૫

સ્વદેહે પતિશવ તથા સર્વાંગે પણ તેમ
પ્રોક્ષી ભક્તિથી પછી કર બીજું તું એમઃ- ૮૬

સુવાસિનીને વાયનો આપી અમિત પ્રમાણ,
આપી બહુ ધન વિપ્રને, કર સહગમન સુજાણ. ૮૭

વદી એમ એ તાપસી આવ્યો જ્યાંથી ત્યાંય
ગયો વેગથી; બ્રાહ્મણી યથોક્ત તત્પર થાય. ૮૮

કરવા અંત્યેષ્ટિ તથા બોલાવી દ્વિજજન,
ઔપાસનાગ્નિ સિદ્ધ ત્યાં કરાવીને તત્ક્ષણ; ૮૯

પ્રાયશ્ચિત્તાદિક સહુ યથાવિધિ સંસ્કાર
કરે, સ્નાન કરી મોદથી પતિવ્રતા એ નાર. ૯૦

૧. સરખા જ પુણ્યવાળો. ૨. કૃષ્ણથી રક્ષાએલ. ૩. અગ્નિપ્રવેશ. ૪. ઉત્તમ વાણીવાળા

પ્હેરી સાડી રેશમી, લમણાં પર હળદર
ભાલે કુંકુમ ચર્ચીને, યથાવિધિ સત્વર ૯૧

ઔપાસનહોમાદિથી પરવારીને તેમ,
આચ્છાદી પતિશવ વ્હેવડાવે નદી પર એમ. ૯૨

લઈ અગ્નિ કરતલ વિષે, મંદમંદ આગળ
ચાલે સુંદરી ધન્ય એ ! કોણ વર્ણવે ફળ ? ૯૩

જોબનવંતી નાર એ, રૂપલાવણ્ય તેમ;
શોભે આભૂષણ થકી [1]ક્ષીરાબ્ધિદુહિતા જેમ. ૯૪

નારીનર ટોળે મળ્યાં જોવા માટે ત્યાંય;
જોઈ સતીને મોદથી ડોલાવે શિર કાય ! ૯૫

વદે પરસ્પરઃ- ધન્ય આ ! પૂર્વવયે પણ જેહ
પત્યનુગમન કરે અહા, અપૂર્વફલપ્રદ તેહ ! ૯૬

ના દેખ્યું પતિસુખ અહા, ના જોયો સુત તેમ;
પરમાનંદે જાય જો એકજીવ થઈ કેમ ! ૯૭

કહે અન્યઃ- આને કહો મા ત્યજ જીવન વ્યર્થ;
ફર પાછી, જા પિતૃગૃહે; સરે આમ શો અર્થ ? ૯૮

બોલે બીજાઃ- ધન્ય આ પતિવ્રતા નિશ્ચિત;
જગન્નાથ આવી મતિ દે સહુ સ્ત્રીને પુનિત ! ૯૯

ધન્ય એહની માત હા ! ધન્ય તાત પણ તેમ !
તાર્યા બેંતાળીસ અહા સહગમને આ એમ !! ૧૦૦

અશ્વમેધફળ પ્રતિપદે પામી નિઃસંદેહ !
એમ કહી જયજય રવે ગર્જે જનગણ[2] તેહ. ૧૦૧

પ્હોંચી એમ નદીતટે પતિવ્રતા એ શાન્ત;
અગ્નિકુંડસમીપમાં મૂક્યું શવ એકાન્ત. ૧૦૨

[3]કવ્યાદાગ્નિ યથાવિધિ પ્રગટાવીને તેમ,
આપે સૌભાગ્યવાયનો સુવાસિનીને એમ. ૧૦૩

ધાન્યપૂર્ણ છાબડી મહીં વસ્ત્રખંડ કજ્જલ,
કંઠસૂત્ર [4]આદર્શ ને હળદર કંકુ અમલ ૧૦૪

મૂકી, ગંધાદિક થકી પૂજી સ્ત્રીઓ સુજાણ,
આપે વિધવિધ વાયનો; બ્રાહ્મણને ધન માન. ૧૦૫

નમન કરી પ્રાર્થે મુદા મંદસ્મિત વરકાયઃ-
જાઉં પિતૃગૃહ દો સહુ આજ્ઞા પ્રેમે ત્યાંય. ૧૦૬

આજ દીવાળી માહરે, આવ્યું તેડું તેમ;
દો આજ્ઞા, માબાપ હે ! જાઉં પતિ સહ એમ. ૧૦૭

માતા મારી પાર્વતી, પિતા પરમ શંકર;
તેડ્યાં અમને પ્રીતથી; જઈએ ત્યાં સત્વર. ૧૦૮

આવેલાંને સહ કહેઃ- જાઓ નિજ નિજ ગામ;
ચિંતા મા કરશો કશી, અમને આનંદ આમ. ૧૦૯

પૂછે સાસૂ શ્વશુર વા કુશલ અમારૂં તેમ,
ના કે'શો આ વાત; નહિ તો મરશે એ એમ. ૧૧૦

કહો સુખે ભીમાતટે શ્રીગુરુસંનિધ ખાસ,
છે બેઉ આનંદમાં કરતાં તીર્થે વાસ. ૧૧૧

ગુરુદર્શનથી પામીને ક્ષેમ બેઉએ તેમ,
રહે નિરામય[5] હર્ષથી ! કહો સર્વને એમ. ૧૧૨

ઈષ્ટ આપ્ત સહુને તથા કહેજો એમ સુજાણ !
એમ કહી વળતી વદેઃ- જઈએ હવે સ્વસ્થાન. ૧૧૩

સૂણી વચન એનાં સહુ થયા સુદુઃખિત એહ;
હૃષ્ટવદન પોતે ખડી પ્રેતસંનિધે તેહ ! ૧૧૪

શુભ કાષ્ઠો કંડા[6] થકી કરી સચેતન આગ;
ત્યાં તો યોગેશ્વર તણાં વચન સાંભર્યાં દ્રાગ્. ૧૧૫

શવકર્ણે કંઠે તથા બાંધી રુદ્રાક્ષ તેમ,
વિનયનમ્ર પૂછે સતી દ્વિજગણને ત્યાં એમઃ- ૧૧૬

કર્યો સંકલ્પ મેં હૃદે, જઈ સંગમે તૂર્ણ,
શ્રીગુરુમૂર્તિ ચક્ષુથી જોઉં તારક પૂર્ણ. ૧૧૭

ગુરુદર્શન કરી શીઘ્ર હું આવી પાછી તેમ,
પત્યનુગમન કરીશ ભો ! દો આજ્ઞા જો એમ. ૧૧૮

સૂણી વચન એનાં તથા વદે દ્વિજગણો ત્યાંયઃ-
થાય દહન સૂર્યાસ્તની પૂર્વે ત્યમ કર, માય ! ૧૧૯

લઈ એમ દ્વિજસંમતિ, ગઈ સતી તતખેવ;
વસે નૃસિંહસરસ્વતી જ્યાં શ્રીસદ્ગુરુદેવ. ૧૨૦

નરનારી પાછળ સહુ જોવા કૌતુક એહ,
ચાલ્યાં પાતિવ્રત્યની કરતાં તારીફ તેહ. ૧૨૧

જાતાં માર્ગે સ્તુતિ કરે પતિવ્રતા એ ધન્ય;
કહેઃ- સ્વામી નરકેસરી ! કેવાં અમે અધન્ય !! ૧૨૨

કરે ઉપેક્ષા તું તથા સર્વેશ્વર પણ એમ;
શરણાગતરક્ષક અહા, દાતા અનન્ય તેમ ! ૧૨૩

કીર્તિ એવી તાહરી ! થયું આજ કાં આમ ?
કર્મ અમારૂં છેક શું વજ્રલેપ હરામ ? ૧૨૪

ઈચ્છામાત્રે જગ રચે રજોગુણે તું નાથ;
પાળે સત્ત્વે, લય કરે તમોગુણે સાક્ષાત્. ૧૨૫

ત્રિગુણાત્મક ત્રિમૂર્તિ તું એકરૂપ અભેદ;
ત્વચ્ચરણે આવ્યાં છતાં, રહ્યો કેમ આ ખેદ ? ૧૨૬

૧. લક્ષ્મી. ૨. લોકોનાં ટોળાં. ૩. એ. નામનો અગ્નિ. ૪. ચાટલું. ૫. નીરોગી. ૬. અડાયાં; છાણાં.

અષ્ટ સિદ્ધિ નવ નિધિ સદા ત્વત્સેવામાં નાથ;
જોઈ કુબુદ્ધિ શું અમારી ઉપેક્ષ્યાં, તાત ? ૧૨૭

દેખી [1]અનય લોકો કહે, જઈ નૃપને સત્વર;
સૂણી ભૂપતિ દંડ્યને દંડે શોધી ખળ. ૧૨૮

રોગી રોગગ્રસ્ત વા જાય વૈદ્યને ગેહ,
આપી ઔષધ વૈદ્ય પણ રોગ મટાડે તેહ. ૧૨૯

ત્રિમૂર્ત્યવતાર તું નકી, ખ્યાતિ તાહરી દૂર;
ભક્તાધાર કહે જનો, નામ એમ મશહૂર. ૧૩૦

સૂણી એમ આવી ઈહાં; શો મારો અપરાધ ?
વીસ ગામ ઓળંગીને, ધ્યાતી તુજને નાથ ! ૧૩૧

ભૂલી સગાં સહોદરો દેશ ગેહ પણ તેમ,
આવી ત્વચ્છરણે પ્રભો ! કરી ઉપેક્ષા કેમ ? ૧૩૨

સમી સ્ત્રીઓ પતિપુત્ર સહ ફરે મોજથી જાણ;
પથ્થર સમ હું દુર્ભગા ? ક્યાંથી સુતમ્હોંકાણ ? ૧૩૩

રોગગ્રસ્ત સદા પતિ; ક્યાંથી સુતનું નામ.
આવી તે માટે અહીં, સૂણી તાહરૂં નામ. ૧૩૪

થશે આરોગ્ય કંથને, પુત્ર મને પણ તેમ;
કૃપાસિંધુ, આશા થઈ પૂર્ણ માહરી એમ ! ૧૩૫

થઈ સફળ ઈચ્છા સહુ, થયા નીરોગ કંથ;
થયા પુત્ર બહુ, તાહરી થઈ પ્રસિદ્ધિ દિગંત ! ૧૩૬

માટે આજ્ઞા તાહરી લઈ, પતિ સંગાત;
જાઉં પરલોકે સુખે, લઈ કીર્તિ તુજ સાથ !! ૧૩૭

એમ ચિંતતી માર્ગમાં ચાલી [2]સુદતી એહ,
આવી સંગમસ્થાનમાં સત્વર એ વરદેહ. ૧૩૮

બેઠા'તા અશ્વત્થની નીચે શ્રીગુરુ ત્યાંય;
જોઈ દૂરથી દંડવત્ કરે સતી નતકાય. ૧૩૯

ભોગવ ધ્રુવ[3] સૌભાગ્ય તું, બોલે શ્રીગુરુ એમ;
સૂણી પુનઃ સાધ્વી નમે એકભક્તિથી તેમ. ૧૪૦

'અષ્ટપુત્રા ભવ' કહે શ્રીગુરુ પૂર્વસમાન;
સૂણી સહાસ્ય લોક ત્યાં વદે સવિસ્તર માનઃ- ૧૪૧

સ્વામી ! પતિ આનો અહીં થયો આજે જ શાન્ત;
રહે સૌભાગ્યવતી હવે કેમ એહ વિણ કાન્ત ? ૧૪૨

આણ્યું શબ સ્મશાનમાં; આવી એ આજ્ઞાર્થ,
કરવા પત્યનુગમન હા ! વચન આ અયથાર્થ. ૧૪૩

પામી આજ્ઞા તાહરી શીઘ્ર સૂર્યાસ્તપૂર્વ,
કરશે પતિ સહ ગમન એ યથાશાસ્ત્ર અપૂર્વ ! ૧૪૪

લોકવચન એ સાંભળી, બોલે શ્રીગુરુરાયઃ-
સ્થિર સૌભાગ્ય આનું નકી, મરે કેમ પતિ ત્યાંય ? ૧૪૫

આણો શબ એનું અરે સત્વર અહીંયાં એમ;
ગયા પ્રાણ એના કદા, જોઉં ચક્ષુથી તેમ. ૧૪૬

વાક્ય માહરું ના કદિ થાશે અસત્ય એહ;
સ્થિર આનું સૌભાગ્ય રે, ના મુજને સંદેહ. ૧૪૭

લાજ વાક્યની રાખશે નિશ્ચય શિવ શંકર;
મા સંસ્કારો પ્રેતને, લાવો અહીં સત્વર. ૧૪૮

સૂણી વચન શ્રીગુરુ તણાં, દોડ્યા લોકો ત્યાંય,
કૌતુકથી શબ આણવા ! અહીંયાં ત્યાં શું થાય ? ૧૪૯

આવ્યા બ્રાહ્મણ ચાર ત્યાં કરવા ગુરુપૂજન,
ભક્તિયુક્ત પૂજા તદા આરંભી તત્ક્ષણ. ૧૫૦

રુદ્રસૂક્તથી ગુરુપદે કરી અભિષેક તેમ,
ષોડશોપચારે કર્યું પૂજન ભાવે એમ. ૧૫૧

પાદતીર્થ ઉપચારથી પૂજે તે જ પ્રમાણ;
ત્યાં તો શવ લઈ બ્રાહ્મણો આવી પ્હોંચ્યા માન. ૧૫૨

મૂક્યું શબ ગુરુસંમુખે; બોલે શ્રીગુરુઃ- વિપ્ર !
તોડી બંધો દૂર આ કરો કફન સુક્ષિપ્ર. ૧૫૩

દોડ્યા બે ત્રણ ત્યાં તથા, કર્યું મુક્ત શબ ત્યાંય;
કહે શ્રીગુરુઃ- તીર્થથી પ્રોક્ષો આને આંહ્ય. ૧૫૪

પ્રોક્ષે દ્વિજ તીર્થાંબુથી ગુર્વાજ્ઞાથી તેમ;
સુધાદૃષ્ટિથી શ્રીગુરુ દેખે શબ ગમ એમ. ૧૫૫

સુધાદૃષ્ટિ શ્રીગુરુ તણી પડતાં મૃત પણ એહ;
ઊઠ્યો મરડી અંગ ત્યાં થઈ સજીવન તેહ ! ૧૫૬

નગ્ન અંગ જોઈ ખડો શરમે સાવધ એમ;
આપે વસ્ત્ર સતી તિહાં, પ્હેરી બેઠો તેમ. ૧૫૭

બોલાવી પાસે સતી, પૂછે :- આણ્યો ક્યાંય
તેં મુજને આ ભામિની ! કોણ યતીશ્વર આંહ્ય ? ૧૫૮

બેઠા'તા આ સર્વ ને પડ્યો ઊંઘમાં કેમ ?
કેમ જગાડ્યો ના અરે તેં પણ મુજને એમ ? ૧૫૯

પતિવચન એ સાંભળી કહે સ્મિતમુખી સર્વ;
ઊઠી બન્ને તેમ ત્યાં વંદે શ્રીગુરુ શર્વ. ૧૬૦

મૂકી શિર તત્પદ વિષે, કરે સ્તવન ગદ્ગદ્;
જયજયકાર કરે જનો, વહે આંસુ દડદડ ! ૧૬૧

કહે દંપતીઃ- પાપીઓ અમે દોષની ખાણ;
મળ્યો જન્મ અનુરૂપ[4] આ સ્વામી પાપસમ જાણ. ૧૬૨

૧. અન્યાય. ૨. સુંદર દાંતવાળી.. ૩. અખંડ. ૪. યોગ્ય.

કરી પાપ દુર્બુદ્ધિથી અહીંયાં પણ હા હન્ત,
પડ્યાં આમ દુઃખાર્ણવે ભૂલ્યાં ત્વત્પદપંથ ! ૧૬૩

જીવમાત્રનો તું નકી ત્રાતા શિવ શંકર;
શરણાગતવરપ્રદ પ્રભો ! ખ્યાતિ તારી અચલ. ૧૬૪

સચ્ચિદ્આનંદરૂપ તું જગદ્ગુરુ સાક્ષાત્;
તાર તાર ત્રિમૂર્તિ હે; હે કરુણાકર તાત ! ૧૬૫

રક્ષ પરાત્પર હે વિભો, રક્ષ વિશ્વકૃત્ નાથ;
ભક્તાભીષ્ટદ સ્વામી હે, રક્ષ રક્ષ જગતાત ! ૧૬૬

જય ગુરુમૂર્તે પશુપતિ તુંજ જટાધર ઈશ;
ભક્તજનોને તારવા ધર્યો નરદેહ ત્રીશ ! ૧૬૭

રક્ષે તું નિજ ભક્તને કરી સંકટો દૂર;
ત્રાહિ દેવશિરોમણે, [1]પિનાકપાણે શૂર ! ૧૬૮

સર્વભૂતનિવાસ તું વાસુદેવ સાક્ષાત્;
માયાપતિ જાણ્યો તને; નમીએ તુજને તાત ! ૧૬૯

સ્વેચ્છાથી સૃષ્ટિ રચે, તુંજ વિશ્વકૃત્ ઈશ;
જ્ઞાનરૂપ અગમ્ય તું, જાણ્યો તુજને ત્રીશ ! ૧૭૦

લીલા ત્રિભુવન તાહરી, મૂક્યું ત્વત્પદ શીર્ષ;
ઈચ્છા બીજી ના કશી, હર પુનર્ભવ ધીશ ! ૧૭૧

ના સૂણે ત્વદ્વચન જે, થાય તેહ પર ક્રુદ્ધ;
દીઠો શાન્ત અમે તને, નિરાવરણ પ્રબુદ્ધ. ૧૭૨

માયિક ક્રોધ તને નહીં, તું આનંદસ્વરૂપ;
ભાસે નાનાત્મક અહા, ભક્તાર્થે તદ્રૂપ. ૧૭૩

જીવમાત્ર પર તાહરી વરસે કૃપા સદાય,
આપે સુખ [2]શરણાપ્રને અત્ર પરત્ર, નૃકાય ! ૧૭૪

તું ચિન્મય કરુણાનિધે, રીઝે તું તતખેવ;
કર અપરાધ ક્ષમા પ્રભો, નૃસિંહસરસ્વતી દેવ !! ૧૭૫

નાના રીતે એમ એ સ્તવે દંપતી ત્યાંય.
આશ્વાસન આપે મુદા, થઈ તુષ્ટ ગુરુરાય. ૧૭૬

કહેઃ- અષ્ટ પુત્રો થશે પૂર્ણાયુષ શ્રીમંત;
પૂર્વદોષ નાઠા, જશો અંતે મુક્તિને પંથ. ૧૭૭

પામ્યાં [3]પુમર્થ સહુ તમે મદાશિષથી એમ;
રહો ગૃહે આનંદથી સદા નિઃશંક તેમ. ૧૭૮

સૂણી વચન એ ગુરુતણાં નરનારી સહુ ત્યાંય;
ગર્જે જય જય શબ્દથી, ઉર આનંદ ન માય. ૧૭૯

કરે સ્તવન વંદન સહુ, ગાય કીર્તિજશ એમ;
કરી આરતી ભક્તિથી, બોલાવે જય તેમ. ૧૮૦

હતો વિપ્ર શઠ એક ત્યાં અધમ કુબુદ્ધિ જાણ;
પૂછે શંકાશીલ એ શ્રીગુરુને ત્યાં માન. ૧૮૧

કહેઃ- શ્રીગુરુ સ્વામી હે ! શંકા મુજને થાય;
કરો દૂર કૃપા કરી, જેથી સંશય જાય. ૧૮૨

કહે વેદશાસ્ત્રો સહુ, ટળે ન બ્રહ્મલિખિત;
ઊઠ્યું શબ પ્રત્યક્ષ આ ! થયું કેમ વિપરીત ? ૧૮૩

ના અપમૃત્યુ એહને; ધોળે દિવસે તેમ
પામ્યો મહામૃત્યુ અહીં ! થયો જીવતો કેમ ? ૧૮૪

સત્ય બ્રહ્મલિપિ વા [4]મૃષા ? થાએ શંકા એહ;
કરો દૂર કરુણા કરી સ્વામી એ સંદેહ. ૧૮૫

વદે મૂર્ખદ્વિજને તદા શ્રીગુરુ સહાસ્ય ત્યાંયઃ-
સાંભળ વિપ્ર કહું તને સર્વ સવિસ્તર આંહ્ય. ૧૮૬

નિર્મ્યું વિધિએ એહને અગ્રજન્મમાં જાણ
શતાયુષ્ય; આ જન્મમાં તેમાંથી ત્રીસ માન. ૧૮૭

માગી મેં બ્રહ્મા કને લીધાં વધુ એ અત્ર;
ભોગવશે આગે તથા ત્રીસ ન્યૂન[5] આ તત્ર. ૧૮૮

પ્રાર્થી વિધિ ભક્તાર્થ મેં, કર્યો એમ [6]વ્યત્યાસ;
સાંભળ એમ દ્વિજ અરે, સત્ય બ્રહ્મલિપિ ખાસ ! ૧૮૯

સૂણી એહ વિસ્મિત જનો, કરી સાષ્ટાંગ નમન,
ગયા [7]સ્વ સ્વ સ્થાનમાં; પ્રસરી વાત તત્ક્ષણ. ૧૯૦

કરી સંગમે કંથ સહ સતી સ્નાન એ ત્યાંય,
હૃષ્ટાંતઃકરણે તદા પૂજે શ્રીગુરુરાય. ૧૯૧

દ્રવ્યવ્યય બહુ ત્યાં કરી સંતોષે દ્વિજ તેમ;
આવ્યાં ગુરુ સહ મઠ વિષે, થતાં અસ્ત રવિ એમ. ૧૯૨

અપૂર્વ મહિમા ગુરુ તણો; કોણ વર્ણવે એહ ?
અલખનિરંજનને કહે, આગળ અનુપમ તેહ. ૧૯૩

રસમય અનુસંધાન એ ભવજલનિધિતારક;
સૂણતાં શ્રદ્ધાભક્તિથી, રહે **રંગ** ના [8]અક. ૧૯૪

ઈતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
વિપ્રપ્રેતોજ્જીવનં નામ ષડશીતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૮૬ ॥ દોહરા ૧૯૪

૧. મહાદેવ. ૨. શરણાગતને. ૩. પુરુષાર્થ. ૪. અસત્ય. ૫. ઓછાં. ૬. ફેરફાર. ૭. પોતપોતાનાં. ૮. દુઃખ.

અધ્યાય ૮૭

શિષ્ય નિરંજન એ સુધી નમી અલખપદ ધન્ય,
બોલે કર જોડી ફરી ભક્તિયુક્ત અનન્યઃ- ૧

આવી સતી પતિ સહ તિહાં, શ્રીગુરુ સહ મઠ માંહ્ય;
બન્યું તે પછી શું કહો સ્વામી સવિસ્તર ત્યાંય. ૨

અલખ કહેઃ- સૂણ બાળ હે ! દંપતી થતાં સ્હવાર,
આવી શ્રીગુરુસંનિધે કરી નમન તત્કાળ. ૩

બોલે કર જોડીઃ- ગુરો ! થતાં શોક યતિ એક
આવી ઉપદેશે તિહાં નાના ધર્મવિવેક. ૪

આપી ચાર રુદ્રાક્ષ ત્યાં કહેઃ- કર્ણમાં દ્વંદ્વ[૧]
બાંધી કંઠે બે તથા, કર દાહ નિર્દ્વંદ્વ. ૫

કહ્યું અન્ય તેણે વળીઃ- રુદ્રસૂક્તથી વિપ્ર
શ્રીગુરુપદ સિંચે તિહાં લઈ તીર્થ એ ક્ષિપ્ર. ૬

સર્વાંગે શબના કરી તત્તીર્થે પ્રોક્ષણ,
કર દર્શન શ્રીગુરુ તણું; કહી એમ તત્ક્ષણ. ૭

ગયો સાધુ એ ! આ રહ્યા રુદ્રાક્ષો એ ધન્ય;
બાંધ્યા બે પતિકર્ણમાં, તેમ કંઠમાં અન્ય. ૮

સતી વચન એ સાંભળી, શ્રીગુરુ સહાસ્ય ત્યાંય
કહેઃ- મેં જ આપ્યા અરે અક્ષો[૨] એ ત્યાં માય ! ૯

જોઈ ભક્તિ તાહરી, અન્ય રૂપથી તેમ
થઈ પ્રગટ, ઉપદેશ ને આપ્યા રુદ્રાક્ષ એમ. ૧૦

અનુપમ મહિમા એહનો, આપે અભયપ્રદાન;
ભક્ત માહરી તું તથા કહું, રાખ અવધાન.[૩] ૧૧

ભાવ-કભાવે જે કરે સદા રુદ્રાક્ષ ધારણ,
સ્પર્શે પાપ ન તેહને ભલે નીચ એ જન. ૧૨

અક્ષધારણે પુણ્ય જે, કોણ વર્ણવે એહ ?
ના તત્સમ સંમત કંઈ શ્રુતિસ્મૃતિમાં, વરદેહ ! ૧૩

વહે સહસ્ર રુદ્રાક્ષ જે સદા દેહ પર જાણ,
દેવપૂજ્ય સુધન્ય એ સાક્ષાત્ રુદ્ર સમાન. ૧૪

મળે સહસ્ર ન જો તથા, સોળ સોળ ભુજ[૪] પર;
એક શિખામાં, કર વિષે બાર બાર સુંદર. ૧૫

બત્રીસ કંઠે, મસ્તકે ચાળીસ તે જ પ્રમાણ;
છ છ કર્ણે, નેત્ર પર એક એક તું માન. ૧૬

અષ્ટોત્તર શત ઉર વિષે ધારે જેહ સદાય,
રુદ્રપુત્ર સમ તે નકી; ના શંકા કર ત્યાંય. ૧૭

સ્ફટિક સ્વર્ણ પ્રવાલ ને રૂપું વૈડૂર્ય તેમ
મોતી સહ જે અક્ષસ્રગ્, અમિતપુણ્યપ્રદ એમ. ૧૮

અનેકવિધ રુદ્રાક્ષ આ; મળે જે સમે જેહ,
કરવા ધારણ તે તથા, અમિતપુણ્યપ્રદ એહ. ૧૯

યત્કંઠે રુદ્રાક્ષ તેને સ્પર્શે ના પાપ;
વસે રુદ્રલોકે જઈ અખંડ એ નિસ્તાપ. ૨૦

અક્ષમાળ લઈ જે કરે જપાનુષ્ઠાન તેમ,
અનંત ફળ તેને મળે; સાંભળ સાવધ એમ. ૨૧

વૃથા જન્મ તેનો નકી જે રુદ્રાક્ષવિહીન;
ભાલે ભસ્મ ન જેહના, થયો વ્યર્થ એ [૫]પીન ! ૨૨

બાંધી રુદ્રાક્ષ મસ્તકે અથવા કર્ણે જાણ
ન્હાતાં ગંગાસ્નાનનું મળે પુણ્ય ફળ માન. ૨૩

રુદ્રસૂક્તથી અક્ષ પર કરે અભિષેક જેહ,
પામે લિંગાર્ચન સમું ફળ સુનિશ્ચલ તેહ. ૨૪

એકવક્ત્ર વા પંચમુખ, એકાદશમુખ તેમ
ચૌદમુખી વા અધિકમુખ, હરે ભવામય[૬] એમ. ૨૫

ઉત્તમ આ રુદ્રાક્ષ વા યથાપ્રાપ્ત પણ જાણ,
ધારે શ્રદ્ધાભક્તિથી ચતુર્વર્ગપ્રદ માન. ૨૬

કહું કથા પ્રાચીન ત્યાં પાપનાશિની એક;
સાંભળ ધ્યાન દઈ અરે, નાસે દોષો છેકઃ- ૨૭

ભદ્રસેન નામે હતો રાજા કાશ્મીર માંહ્ય;
સુધર્મ નામે તેહનો સચિવ[૭] પ્રખ્યાત ત્યાંય. ૨૮

રાજપુત્ર તારક અને સદ્‌ગુણ સચિવકુમાર,
હતી મિત્રતા બેઉની એકજીવ નિર્ધાર. ૨૯

રહે એકઠા બેઉએ સમાનવય સંગાત,
વિદ્યાક્રીડાદિક મહીં ફરે સાથ ને સાથ. ૩૦

મહાજ્ઞાની કુમાર એ શંકરભક્ત મહાન;
શયનભોજનાદિક વિષે રહે સાથ સમાન. ૩૧

સર્વાંગે શણગારવત્ ધારે રુદ્રાક્ષ એહ;
ભસ્મત્રિપુંડ્ર કરે સદા, પૂજે શિવ સિતદેહ. ૩૨

સુવર્ણરત્નાભૂષણો માને લોહસમાન;
વિના અક્ષસ્રગ્ અન્ય ના પ્હેરે ભૂષણ માન. ૩૩

માતપિતા બાંધવજનો આપે જો શણગાર,
માની લોહપાષાણવત્ ફેંકી દે તત્કાળ ! ૩૪

એક દિવસ નૃપમંદિરે આવ્યા ત્યાં ઋષિરાય,
સાક્ષાત્ બ્રહ્મ સમા અહા ધન્ય પરાશર ત્યાંય. ૩૫

જોઈ ઋષિને આવતા વિનયનમ્ર નૃપ એહ,
જઈ સ્હામો પાદ્યાદિથી પૂજે ભાવે તેહ. ૩૬

૧. બે. ૨. રુદ્રાક્ષ. ૩. ધ્યાન. ૪. ઉપલા હાથ; બાહુ ૫. જાડો; પુષ્ટ. ૬. ભવરોગ. ૭. દિવાન.

બેસાડી સિંહાસને કરે સ્તવન અનેક,
આનંદાશ્રુપ્લુત અહા નમી દંડવત્ છેક. ૩૭

જોડી કર મુનિને કહેઃ- વળગ્યું પિશાચ હન્ત
પુત્રોને આ, દેવ હે ! કારણ કહો મહન્ત. ૩૮

રત્નાભરણો આપીએ, દે ફેંકી તો તેમ;
પ્હેરે રુદ્રાક્ષો સદા આભૂષણવત્ એમ. ૩૯

બાલ્યે ક્યાંથી જ્ઞાન આ ? કહ્યા છતાં પણ હન્ત,
ના લે આભૂષણ કદિ; ચાલે વિચિત્ર પંથ ! ૪૦

ભૂત ભવ્ય[1] જાણે બધું ત્રિકાલજ્ઞ તું તેમ;
અભિપ્રાય શો આપનો, કહે સવિસ્તર એમ. ૪૧

ભૂપવચન એ સાંભળી, હર્ષયુક્ત મુનિ એહ
બોલે હાસ્ય કરીઃ- અરે ! સાંભળ વિચિત્ર તેહ. ૪૨

કહું પૂર્વવૃત્તાંત એ પુત્રોનો આ જાણ
વિસ્મયકારક, જે થકી વર્તે આમ સુજાણ. ૪૩

હતી [2]વારવનિતા પુરા નંદિગ્રામે એક;
તેજે ચંદ્રસમી અહા લાવણ્યાંચિત છેક. ૪૪

પૂર્ણચંદ્રવત્ યચ્છિરે ઉત્તમ છત્ર સુહાય;
શોભે હેમાસન તથા રત્નજડિત શુભ ત્યાંય. ૪૫

હેમહવેલી એહની, સ્વર્ણપાદુકા તેમ;
નાનાવિધ આભૂષણો હેમરત્નમય એમ. ૪૬

રત્નખચિત પર્યંક હા, દિવ્યાંબર સોહાય;
ગોમહિષી હય દાસીઓ અગણિત એને ત્યાંય. ૪૭

નવયૌવન એ કામિની શોભે સુંદર એમ,
રત્નાલંકૃત [3]મારની પ્રિયા અન્ય શું તેમ ! ૪૮

દિવ્યગંધ કુસુમાદિની ગેહે રેલંછેલ,
કુંકુમ કસ્તૂરી તથા અમિત ભોગ [4]વરચેલ ! ૪૯

ધનધાન્યાદિક પાર ના !! એવી વેશ્યા એહ
હતી ખ્યાત એ નગરમાં સતી તરીકે તેહ. ૫૦

ચારુદેહ તન્વંગી એ, ધનવસ્ત્રાન્ને તેમ
સંતોષે દ્વિજ સર્વદા; ધર્મજ્ઞા પણ એમ. ૫૧

નાનારત્નાંચિત તથા ઉન્નત[5] એનો જાણ
હતો નૃત્યમંડપ અહા, કરે નૃત્ય ત્યાં માન. ૫૨

સર્વાભૂષણભૂષિતા નિત્ય સખી સહ ત્યાંય
કરે નૃત્ય આનંદથી, જોવા જન ઊભરાય ! ૫૩

બાંધ્યા કૌતુકથી તિહાં [6]કુક્કુટ મર્કટ જાણ;
રુદ્રાક્ષાલંકૃત અહા સર્વાંગે બે માન. ૫૪

નૃત્યકલા શીખવાડીને રાખ્યા'તા એ તેમ;
થયું એક દિન શું તિહાં, સાંભળ નૃપતે એમ. ૫૫

વૈશ્ય એક શિવભક્ત ત્યાં આવ્યો ધનિક અજાણ;
ભસ્મવિભૂષિત શાન્ત એ રુદ્રાક્ષાંચિત માન. ૫૬

કંકણયુક્ત તત્કર વિષે સૂર્યકાન્ત સમ એક
હતું રત્નમય લિંગ તેજે ઝગમગતું છેક. ૫૭

જોઈ વેશ્યા એહને કરી નમન સાદર,
લઈ જઈ નિજ મંદિરે બેસાડે સત્વર. ૫૮

દેખી એના હાથમાં તેજસ્વી કંકણ,
લિંગ રત્નમય એ તથા, થઈ મુગ્ધ તત્ક્ષણ. ૫૯

થઈ સુવિસ્મિત અંતરે, કહે સખીને ત્યાંય :-
તેજોમય આ વસ્તુ શું ? મન મારૂં ત્યાં ધાય ! ૬૦

પૂછ વૈશ્યને, મૂલ્યથી જો આપે એ તેમ;
થાઉં ધર્મસ્ત્રી ત્રિદિન વા, દે જો રતિથી એમ. ૬૧

ઈચ્છે કિંમત, દ્રવ્ય તો આપું લક્ષ પ્રમાણ;
શું મનમાં એના વસે, પૂછ સહચરી માન. ૬૨

પૂછે દાસી એ તથા; વદે વૈશ્ય સસ્મિતઃ-
લિંગ મનોહર આ નકી, એનું મૂલ્ય અમિત. ૬૩

આપું રતિ-ઈચ્છા થકી; ના ધનથી એ તેમ;
મુખ્ય તમારી વારસ્ત્રી પતિવ્રતા જે એમ ૬૪

થાય કુલસ્ત્રી માહરી ધર્મે ત્રિદિન પ્રમાણ,
આપું એને; ના ધને પ્રાણાન્તે પણ માન. ૬૫

વદે 'તથાસ્તુ' એ તિહાં વેશ્યા પ્રસન્ન તેમ;
પૂછે વૈશ્ય ફરી તદા, થઈ સાશંક એમઃ- ૬૬

વ્યભિચાર તમ ધર્મ ત્યાં ક્યાંથી સત્ય વચન ?
ક્યાં ધર્મ ? ક્યાં કર્મ વા ? ભ્રષ્ટ [7]પણ્યસ્ત્રીજન ! ૬૭

નફટ લોકથી સંગ ત્યાં, ક્યાં કરવો વિશ્વાસ ?
ધર્મવાત ક્યાં ? [8]પુંશ્ચલીમાં સતીત્વ ઉપહાસ ! ૬૮

કુલાચાર વ્યભિચાર હા, ચંચલ મનડું તેમ;
ઈચ્છો નૂત્ન પ્રતિક્ષણે છેલબટુક નર તેમ !! ૬૯

વૈશ્યવચન એ સાંભળી, મુખ્ય વારસ્ત્રી ત્યાંય
વદે સ્વયંઃ- દિન ત્રય નકી હું ત્વત્કુલસ્ત્રી આંહ્ય. ૭૦

આપ યથેપ્સિત પણ મને; તનમનધનથી તેમ
રતિપ્રસંગે ચિત્તને આપીશ આનંદ એમ. ૭૧

સેવા પાતિવ્રત્યથી કરીશ અખંડ જાણ;
કહે વૈશ્યઃ- જો તું સતી આપ દિવ્ય પ્રમાણ. ૭૨

૧. ભવિષ્ય. ૨ . (મહાનંદા નામે) વેશ્યા. ૩. કામદેવની. ૪. સુંદર વસ્ત્રો. ૫. ઊંચો ૬. કૂકડો; મરઘો. ૭. વેશ્યા ૮. વ્યભિચારિણી સ્ત્રી.

સૂણી વચન વારાંગના મૂકી લિંગ પર કર,
ચંદ્રસૂર્ય સાક્ષી તથા રાખી ત્યાં સત્વર, ૭૩

થઈ ત્રિદિન એ વૈશ્યની કાંતા સધર્મ તેમ;
બાંધે અભીષ્ટ તત્કરે કંકણ [૧]શ્રેષ્ઠી એમ. ૭૪

આપી કરપલ્લવ વિષે લિંગ તેજ પ્રમાણ,
કહે, પ્રાણથી અધિક આ લિંગ સત્ય તું માન. ૭૫

માટે હરેક યત્નથી કર એનું રક્ષણ;
થતાં લિંગહાનિ નકી ત્યજીશ પ્રાણ તત્ક્ષણ. ૭૬

સૂણી વચન વેશ્યા વદે, નહિ ભૂલું હું એહ;
લિંગ પ્રાણસમ આ સદા રક્ષીશ નિઃસંદેહ ! ૭૭

એમ ઉભય સંતોષથી બેઠાં મંડપ માંહ્ય;
થયો અસ્ત રવિનો તિહાં, કહે પણ્યસ્ત્રી ત્યાંયઃ- ૭૮

જઈએ અંતઃપુર મહીં ! વદે વૈશ્ય ત્યાં એમઃ
લિંગ ન પાસે રાખ આ ભોગસમે તું એમ ! ૭૯

રતિકાલે શુદ્ધસ્થલે રાખ એહને નિત્ય;
વૈશ્યવચન એ સાંભળી, વેશ્યા એમ સુરીત્ય. ૮૦

લિંગ રત્નમંડપ વિષે મધ્યસ્તંભે જાણ;
મૂકી અંતર્ગૃહ મહીં આવી તત્ક્ષણ માન. ૮૧

ક્ષણમાત્રે બેઉ જણાં થયાં ક્રીડનાસક્ત;
લાગી આગ પ્રચંડ ત્યાં સળગી ઊઠ્યું [૨]તપ્ત ! ૮૨

થયો દગ્ધ મંડપ અહા, ક્ષણે ભસ્મનો ઢેર;
કપૂર અગ્નિમાં યથા, લાગી તેમ ન દેર. ૮૩

જોઈ વૈશ્ય બેબાકળો કરે વિલાપ ત્યાંય;
કહેઃ- અહહ ઓ બાપરે ! ગયું લિંગ ક્યાં હાય ? ૮૪

દોડે ગાંડા સમ તિહાં, લિંગ લિંગ કહી એમ;
વારી એને નગરજન, આગ શમાવે તેમ. ૮૫

થયો શાંત અગ્નિ જિહાં, દીઠું લિંગ સુદગ્ધ;
મર્કટ કુક્કુટ પણ તથા થાય ખાખ સહ તપ્ત ! ૮૬

જોઈ દુઃખિત વૈશ્ય એ કરે કરુણ વિલાપ;
પ્રાણલિંગ ગયું કહે, જાય પ્રાણ આ બાપ ! ૮૭

ગયો બ્હાર રડતો તથા; કરી કાષ્ઠ એકત્ર;
પ્રજ્વાળ્યો અગ્નિ તિહાં ! ઊઠે જ્વાળા તત્ર. ૮૮

થયું લિંગ મમ દગ્ધ હા ! કહી એમ તત્ક્ષણ,
મારે ભૂસકો આગમાં; થયા સુવિસ્મિત જન ! ૮૯

જોઈ વેશ્યા અંતરે થઈ સુદુઃખિત ત્યાંય;
કહેઃ-અહહ આ શું થયું ? થઈ પતિહત્યા હાય ! ૯૦

થયું લિંગ શેં દગ્ધ હા, ક્ષણમાં મંડપ સાથ ?
હા હા કહી વેશ્યા રડે ! કહેઃ- ગયા ક્યાં નાથ ? ૯૧

પ્રાણેશ્વર મમ વૈશ્ય એ; થતાં એહનો નાશ,
રહેવું ક્ષણ પણ ના અહીં; પતિવ્રતા હું ખાસ. ૯૨

કરી સુનિશ્ચય એહવો, બોલાવી સદ્વિપ્ર;
સહગમને તત્પર થઈ, આપે દાનો ક્ષિપ્ર. ૯૩

વંદન કરી સદ્ભાવથી, પૂજી યથાવિધિ તેમ,
કોશ વસ્ત્ર ભૂષણ સહુ આપે દ્વિજને એમ. ૯૪

લાવી ચંદનકાષ્ઠ ત્યાં પ્રજ્વાળીને આગ,
કહે સગાંસંબંધીનેઃ- આપો આજ્ઞા દ્રાગ્. ૯૫

પત્યનુગમન કરીશ હું સત્યધર્મથી એમ;
જતાં કંથ હા જીવતું ના રે'વાએ તેમ ! ૯૬

સૂણી વચન બાંધવજનો કહે સુદુઃખિત એહઃ-
બગડી શું મતિ તાહરી ? ધર્મ કેહવો તેહ ? ૯૭

રત્યર્થે વેશ્યાગૃહે આવે લોક અનેક;
થયો કેમ આ ત્વત્પતિ ? બોલે ગાંડું છેક ! ૯૮

કેવું લિંગ ? કો વૈશ્ય વા ? કેવો અવળો ધર્મ !
ત્યજે દેહ આ વ્યર્થ ક્યાં ? શું એમાં વદ શર્મ !! ૯૯

નિત્ય નવો પતિ તાહરે, વેશ્યાધર્મ પ્રસિદ્ધ;
જાણી અજાણી કાં બને ? શી આ તારી રીત ? ૧૦૦

આવે આવા કેટલા ! [૩]સર્વસતી તું કેમ ?
હસે લોક તને બધા ! શેં સૂઝી મતિ એમ ? ૧૦૧

એમ બંધુજન લોક પણ વારે ફરીફરી ત્યાંય;
તોય ન માને વારસ્ત્રી સહગમનોદ્યત[૪] થાય ! ૧૦૨

કહે સર્વનેઃ- પ્રિય પતિ વૈશ્ય માહરો એમ;
સૂર્યચંદ્ર સાક્ષી તિહાં, કર્યું [૫]દિવ્ય મેં તેમ. ૧૦૩

સ્વીકાર્યું તત્સ્ત્રીત્વ મેં ભૂસાક્ષીથી ત્યાંય,
થઈ ત્રિદિન હું વૈશ્યની ધર્મસ્ત્રી ત્યમ આંહ્ય. ૧૦૪

દૈવે પતિ મૃત એ થયો ! શો જીવનમાં અર્થ ?
પતિવ્રતાનો ધર્મ આ વેદશાસ્ત્રસંમત. ૧૦૫

પ્રેમે પત્યનુગમન જે કરે સાધ્વી સુજાણ,
પદે પદે હયમેધફળ[૬] પામે એ નિર્વાણ. ૧૦૬

માતતાતપતિનાં અહા એકવીસ કુળ એહ,
લઈ વસે સ્વર્ગે સુખે, એમાં ના સંદેહ. ૧૦૭

હોય ભલે એ નરકમાં, તોય સ્વર્ગમાં તેમ
લઈ જાય સતી સર્વને ! કહે શ્રુતિસ્મૃતિ એમ. ૧૦૮

૧. શેઠ. ૨. સિંહાસન. ૩. બધાંની ધર્મપત્ની. ૪. તત્પર. ૫. દિવ્ય પ્રતિજ્ઞા. ૬. અશ્વમેધફળ.

એવું પુણ્ય સહગમનમાં; શું જીવીને વ્યર્થ ?
અસાર આ સંસારમાં, શાશ્વત એકુ ન અર્થ ! ૧૦૯

મરવું નિશ્ચિત સર્વને, કોઈ આજ કો કાલ;
માટે પ્રાર્થું ! એમ કહી અગ્નિ પાસ તત્કાળ ૧૧૦

આવી પ્રણમે ભાવથી [૧]હવ્યવાહને એહ;
સ્મરણ કરી સર્વેશનું, વંદે [૨]અર્ક સુદેહ. ૧૧૧

કરી અગ્નિપ્રદક્ષિણા અનુદ્વિગ્ન[૩] મન જાણ,
વંદી દ્વિજગણ પ્રેમથી કૂદી આગમાં માન ! ૧૧૨

બન્યું આશ્ચર્ય ત્યાં અહો ! અગ્નિ માંહ્યથી તેમ
સાક્ષાત્ શિવશંકર અહા પ્રગટ્યા [૪]સહસા એમ !! ૧૧૩

પંચવક્ત્રા દશહસ્ત ને નાગસૂત્રા સુહાય !
ભસ્મલિપ્ત જટા શિરે, નંદ્યારૂઢ સુકાય ! ૧૧૪

શૂલડમરુ કરમાં અહા, સામ્બ સદાશિવ એમ
ઉપર ને ઉપર ગ્રહે વેશ્યાને ત્યાં તેમ !! ૧૧૫

થયો શાન્ત અગ્નિ તિહાં ! ભક્તિપ્રિય ભગવાન
જોઈ ભક્તિ એહની થયા તુષ્ટ શિવ માન !! ૧૧૬

પકડી એને કર મહીં વ્યોમકેશ એ એમ
કહેઃ- પ્રસન્ન હું; માગ હે વેશ્યા ઈપ્સિત તેમ. ૧૧૭

કરવા પરીક્ષા તાહરી, ધર્મ ધૈર્ય પણ જાણ
જોવા ઈશ્વર હું સ્વયં આવ્યો ત્વદ્‌ગૃહ માન. ૧૧૮

થયો વૈશ્ય પોતે તથા, સ્વયં લિંગ પણ તેમ;
માયિક આગ લગાડીને બાળ્યો મંડપ એમ. ૧૧૯

મનોધૈર્ય જોવા કર્યો અગ્નિપ્રવેશ સુજાણ;
પાળ્યું વ્રત તેં તાહરું, સત્ય સતી તું માન. ૧૨૦

થયો તુષ્ટ ત્વદ્‌ભક્તિથી, માગ ઈષ્ટ વરદાન;
શ્રી આરોગ્યાદિક સુખે દીર્ઘાયુષ્ વદ આન. ૧૨૧

બોલે વેશ્યાઃ- ઈશ હે ! ભોગ નરકનું દ્વાર;
ના ભોગેચ્છા મુજ મને ત્રિલોકમાં નિર્ધાર. ૧૨૨

ત્વત્પાદામ્બુજમાં સદા રહું ભૃંગીવત્ એમ;
ઈષ્ટબંધુ ત્વત્સંનિધે રહે; આપ વર તેમ. ૧૨૩

દાસદાસીજન માહરાં સકળ સ્વર્ગમાં સ્થાપ;
રહીએ ત્વત્સંનિધ સદા એજ ઈષ્ટ વર આપ. ૧૨૪

ઉદ્ધર નાથ કૃપા કરી ભવાબ્ધિથી સત્વર;
ટાળ પુનર્ભવ ! એમ કહી પકડે ચરણકમલ. ૧૨૫

સૂણી વચન એનાં તથા પ્રસન્ન ઈશ્વર ત્યાંય;
છેદી તદ્‌ભવબંધ સહુને સ્વર્ગે લઈ જાય. ૧૨૬

મર્કટ કુક્કુટ એહના રુદ્રાક્ષાંચિત જેહ
થયા દગ્ધ મંડપ મહીં, આ તે નિઃસંદેહ. ૧૨૭

પુણ્યપ્રભાવે એ થયો મર્કટ ત્વત્સુત જાણ;
મંત્રિપુત્રા કુક્કુટ તથા, રુદ્રાક્ષો એ માન. ૧૨૮

થયા પૂર્વ સંસ્કારથી રાજપુત્રા એ એમ;
ઈશભક્ત જ્ઞાની નકી, ભૂતગ્રસ્ત ન તેમ. ૧૨૯

પૂર્વે અજ્ઞાને તથા કર્યા રુદ્રાક્ષ ધારણ;
તત્પુણ્યે નૃપકુળ વિષે જન્મ્યા આમ સધન. ૧૩૦

[૫]અધુના પ્રાક્‌સંસ્કારથી થઈ જ્ઞાની એ તેમ
ધારે રુદ્રાક્ષો અહા, પુણ્યપાર ના એમ ! ૧૩૧

કહે દંપતીને ગુરુઃ- એમ પરાશર એહ
પૂર્વચરિત્રા કુમારનું કથે ભૂપને તેહ. ૧૩૨

સૂણી વચન એ મુનિ તણાં [૬]બદ્ધાંજલિ નૃપ ત્યાંય
વદે પરાશરને ફરી, આગળ એ અધ્યાય ! ૧૩૩

સુધાપૂર્ણ કેવળ નકી શ્રુતિસ્મૃતિનો સાર;
સૂણતાં ભાવે **રંગ** કો થાય ન ભવજલપાર ? ૧૩૪

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે રુદ્રાક્ષમાહાત્મ્યકથનં નામ સમાશીતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૮૮ ॥ દોહરા ૧૩૪

અધ્યાય ૮૮

અલખ નિરંજનને કહે, ભદ્રસેન નૃપ તેમ
વદે પરાશરને ફરી જોડી કરદ્વય એમ. ૧

કહ્યું ધન્ય સ્વામી તમે, પામ્યા પુણ્ય અપાર
પૂર્વે રુદ્રાક્ષધારણે પુત્રદ્વય નિર્ધાર. ૨

અજ્ઞાને પ્રાગ્‌જન્મમાં કર્યા રુદ્રાક્ષ ધારણ,
તત્પુણ્યે નૃપકુળ વિષે જન્મ્યા બેઉ સધન. ૩

જ્ઞાને તેમ કરે હવે અક્ષધારણા એહ;
શું ભાવિ એ બેઉનું કહો સવિસ્તર તેહ. ૪

ભૂત ભવ્ય જાણો બધું, ત્રિકાલજ્ઞ મુનિ આપ;
કહો ભાવિ કુમારનું, જેથી રહે ન તાપ. ૫

ભૂપવચન એ સાંભળી; વદે પરાશર ત્યાંયઃ-
રાજન્ ભાવિ બન્યું જશે; શું જાણ્યેથી થાય ? ૬

૧. અગ્નિને. ૨. સૂર્ય. ૩. ખેદરહિત. ૪. એકાએક. ૫. હાલમાં; અત્યારે. ૬. હાથ જોડી.

દુઃખમાત્ર થાશે તને ! કહું કેમ હું એહ ?
પ્રાર્થે રાજા [1]નત ફરી, કહો સર્વ મુનિ તેહ. ૭

પ્રતીકાર પણ દુઃખનો કરશો આપજ નાથ;
ના શંકામાં રાખશો, કહો સકળ એ તાત. ૮

વદે ઋષીશ્વરઃ- સંતને અવાચ્ય કાંઇ ન જાણ;
બાર વરસ આયુ નકી કુમારનું તુજ માન. ૯

સાત દિવસ તેમાં રહ્યા જાણ અવશિષ્ટ તેમ;
અષ્ટમ દિવસે નિશ્ચયે મરશે ત્વત્સુત એમ ! ૧૦

સૂણી વચન એ મુનિ તણાં થયો ભૂપ મૂર્છિત;
ક્ષણમાત્રે સાવધ થઈ, રડે [2]અતીવ દુઃખિત. ૧૧

વદે પરાશરપદ ગ્રહીઃ- રક્ષ રક્ષ ગુરુનાથ !
આવ્યો શરણે તાહરા, કર ન ઉપેક્ષા તાત ! ૧૨

નાના રીતે એમ એ કરે દુઃખ નૃપ ત્યાંય;
પડી મુનિપદે પત્ની સહ કહે, કરૂં શું હાય ? ૧૩

કૃપાસિંધુ ઋષિવર તિહાં આશ્વાસી નૃપ તેમ,
કહેઃ- જગદ્‌ગુરુ સામ્બ જે જા તચ્છરણે એમ. ૧૪

ત્યજી ભીતિ મનની બધી, ચિંત સદાશિવ એહ;
કર આરાધન ભક્તિથી, કરશે રક્ષા તેહ. ૧૫

સાંભળ સાવધ ભૂપતે, કહું ઉત્તમ ઉપાય;
જેથી અજેય કાળ પણ સુખે જીતી શકાય. ૧૬

સ્વર્ગમૃત્યુપાતાળમાં એક દેવ શિવ જાણ;
સચ્ચિદ્‌આનંદરૂપ એ વ્યોમકેશ તું માન. ૧૭

સર્જે રજોગુણે તથા મૂર્તિમંત વિધિ એહ;
સૃષ્ટિક્રમજ્ઞાનાર્થ ત્યમ વેદચતુષ્ટય તેહ ૧૮

આપે સ્વયં વિરિંચિને; તેમાં ઉપનિષદ્‌
આત્મતત્ત્વસંગ્રહ જિહાં વેદસાર [3]બૃહત્. ૧૯

રુદ્રાધ્યાય રસાળ એ આપે તે પણ ત્યાંય,
બ્રહ્મદેવને શિવ તદા ભક્તપ્રિય સિતકાય. ૨૦

મહિમા રુદ્રાધ્યાયનો અનુપમ એ તું જાણ;
અવ્યય રુદ્ર નકી કહ્યો, નાશ ન એનો માન. ૨૧

શ્રેષ્ઠ તત્ત્વ રુદ્રાખ્ય એ, અધિક ન એથી ક્યાંય;
ચતુર્વેદ ચતુર્મુખે કરે પ્રગટ વિધિ ત્યાંય, ૨૨

દક્ષિણમુખથી નીસર્યો યજુર્વેદ જે જાણ
તદંતર્ગત ઉપનિષત્સારભૂત એ માન. ૨૩

કામધેનુસમ એ નકી સર્વાર્થપ્રદ તેમ;
વદે મુનીશ્વરને વિધિ રુદ્રાધ્યાય સપ્રેમ. ૨૪

મરીચ્યત્ર્યાદિક ઋષિ પઢે યથાવિધિ એહ;
વદે વિશ્વસૃટ્ વિધિ સ્વયં દેવર્ષિઓને તેહ. ૨૫

દેવર્ષિઓ નિજ શિષ્યને તેમ પઢાવે જાણ;
ઋષિઓ સ્વશિષ્યને તથા પરંપરાગત માન. ૨૬

રુદ્રાધ્યાય પ્રવૃત્ત એ થયો ભૂ વિષે એમ,
શીઘ્રસિદ્ધિપ્રદ મંત્ર ના અન્ય તત્સમો તેમ. ૨૭

ચતુર્વર્ગપ્રદ એ નકી [4]પાવનતમ તું જાણ;
મહાપાપી પણ યજ્જપે પામે પર પદ માન. ૨૮

કર્યું અદ્‌ભુત વિધિએ અહા રુદ્રતીર્થ નિર્માણ;
સ્નાને પાને જેહના તરે હીન મહાન ! ૨૯

ગુરૂક્તમાર્ગે ભજનથી થાય દુષ્કર્મનાશ;
ભયનિવૃત્તિ પલકમાં થાય મોક્ષ પણ દાસ ! ૩૦

વાવે તેવું સહુ લણે, કર્મકાયદો એમ;
સત્કૃત્યે સુખ ભોગવે, દુઃખ દુષ્કૃતે તેમ. ૩૧

સૃષ્ટિપ્રવૃત્ત્યર્થ પ્રાક્ નિર્મ્યા વિધિએ જાણ,
વક્ષઃસ્થળથી ધર્મ ને પૃષ્ઠે [5] અધર્મ માન. ૩૨

ધર્મસેવને સૌખ્ય ત્યાં, સદ્‌ગતિ અત્ર પરત્ર;
અધર્મસેવી દુઃખભાક્ થાય હન્ત ઉભયત્ર ! ૩૩

કામક્રોધલોભાદિ આ અધર્મપુત્રો જાણ,
મહાભયંકર નરકના માર્ગદર્શકો માન. ૩૪

જારકર્મ ગુરુતલ્પગાદિક કામુક જે ત્યાંય,
કામપુત્ર સુદુષ્ટ એ નરકનાયકો આંહ્ય. ૩૫

કામ થકી જે સંભવે, કામપુત્ર તે જાણ;
ક્રોધોદ્‌ભૂત ક્રોધસુત, લોભે લોભજ માન. ૩૬

માતૃપિતૃવધ જે કરે, બ્રહ્મઘાતકી તેમ,
ક્રોધી નંદન [6] ક્રોધના નરકદ્વારપતિ એમ. ૩૭

સ્વર્ણસ્તેયી [7]સુતાક્રયી બ્રહ્મસ્વાદિક ચોર,
દ્રવ્યસંચયી પાપ એ લોભપુત્ર અતિઘોર ! ૩૮

બોલાવી સહુ પાપને વદે યમધર્મ ત્યાંયઃ-
જઈ ભૂતલે સર્વને કરો સ્વગુણવશ આંહ્ય. ૩૯

ઉપપાતકાદિ ભૃત્યને લઈ સાથ નિઃશંક,
ભેજો [8]મર્ત્યોને અહીં મલ્લોકે નૃપ રંક. ૪૦

સૂણી યમાજ્ઞા સર્વ એ ગયા ભૂતલે એમ;
જોઈ રુદ્રજાપક નરો, નાઠા બીકે તેમ. ૪૧

જઈ કંપતા ડર થકી, બોલે યમને જાણઃ-
ગયા ત્વદાજ્ઞાથી અમે, થયા બેહાલ માન. ૪૨

૧. નમીને. ૨. અત્યંત. ૩. મોટો. ૪. સૌથી વધારે પવિત્ર. ૫. પીઠથી. ૬. પુત્ર. ૭. કન્યાવિક્રયી. ૮. મનુષ્યોને

જય સ્વામી મહારાજ હે, 'નમોઽસ્તુ તે' યમરાજ !
કિંકર પણ તારા અમે, થયા ભયભીત આજ. ૪૩

ગયા ત્વદાજ્ઞાથી અમે આજ ભૂ વિષે ત્યાંય;
દાઝ્યા રુદ્રાગ્નિ થકી, જેમ વહ્નિપુર માંહ્ય. ૪૪

ના હિંમત અમમાં હવે જાવા ભૂ પર તેમ;
જોઈ રુદ્રજાપક હરે દાઝ્યા અતિશે એમ. ૪૫

હવે અમારી શી ગતિ ? ના જઈ શકીએ ભોમ;
જપે રુદ્ર જ્યાં ગામ તે જોવા પણ ના જોમ. ૪૬

ગામેગામ નદીતટે નગરે મંદિર માંહ્ય;
પુણ્યક્ષેત્રો દ્વિજજનો પઢે રુદ્ર સદાય. ૪૭

યોજ્યા મહાપાપે અમે યત્ને સહુને જાણ,
મહાપાપીઓના યથા પાર ન અઘનો માન. ૪૮

પ્રાયશ્ચિત્તસહસ્રથી થાય શુદ્ધ ના જેહ,
પુણ્યવંત રુદ્રે થયા તે પણ નિઃસંદેહ ! ૪૯

યદાકદાચિત્ ભક્તિથી કરે રુદ્રનો પાઠ,
વેગે પુણ્યાત્મા બને ! શું કરીએ યમ તાત ? ૫૦

ઘોરપાપીઓ પણ તથા થાય રુદ્રથી પૂત;
શું કરીએ ભૂ પર જઈ ? થઈએ ત્યાં હડધૂત ! ૫૧

કષ્ટે પણ સંચાર ના એમ ભૂ વિષે જાણ;
કિંકર તોએ તાહરા ! આજ્ઞા દેવ પ્રમાણ. ૫૨

કાલકૂટ સમ રુદ્ર એ ભાસે અમને નાથ;
ના શક્તિ જાવા તિહાં; રક્ષ રક્ષ યમ તાત ! ૫૩

બ્રહ્મદત્ત મહારુદ્ર એ બાળે અમને, દેવ !
કર તચ્છાન્તિ હે પ્રભો, રક્ષ રક્ષ તતખેવ !! ૫૪

દુઃખાર્દિત પ્રાર્થે તિહાં એમ પાપકિંકર;
સૂણી ક્રોધથી ધ્રૂજતો ચાલ્યો યમ સત્વર. ૫૫

બ્રહ્મલોકમાં વેગથી આવ્યો ત્યાંથી જાણ;
વિનયનમ્ર વિધિને વદેઃ-હે જગકર્તૃ મહાન્ ! ૫૬

પદ્માસન પ્રણમું તને, જય ચતુરાનન ધન્ય !
શરણાગત તારા અમે, આજ્ઞાધારી અનન્ય. ૫૭

આજ સુધી પાપી બધા નાંખ્યા નરકે જાણ;
પાળી આજ્ઞા તાહરી અક્ષરશઃ પ્રમાણ. ૫૮

આજે કિંકર મોકલ્યા લેવા પાપી તેમ,
રુદ્રે એહ નસાડીયા; રુદ્ર પુણ્યકૃત્ એમ. ૫૯

મહાપાપી પણ રુદ્રથી થઈ સુપાવન નાથ,
જાય સ્વર્ગમાં ! શું હવે કરવું વિરિંચિ તાત ? ૬૦

પડ્યા શૂન્ય નરકો સહુ, ગયું માહરૂં રાજ્ય;
હર્યું પાપ રુદ્રે બધું; એને કાંઈ ન ત્યાજ્ય ! ૬૧

થતાં મુક્ત સઘળા પછી, આગળ સૃષ્ટિ કેમ ?
કર ઉપાય વેગે અહીં, ત્વદ્વિણ શક્ત ન તેમ. ૬૨

આપ્યું તેંજ મનુષ્યને રુદ્રાધ્યાયનિધાન;
કરી ભૂલ કાં એ વિભો ? રહેશે સૃષ્ટિ ન માન. ૬૩

ફાવે તેવો રુદ્રનો કરી પાઠ નર, બાપ !
થાય મર્ત્ય પણ અમર એ; બાળ્યું રુદ્રે પાપ !! ૬૪

પ્રાર્થ્યો ચતુરાનન તિહાં એમ યમે બહુ રીત;
વિચાર કરી કિંચિત્, વદે બ્રહ્મદેવ નિશ્ચિતઃ- ૬૫

ભક્તિહીન ઉન્મત્ત જે, અજ્ઞ તામસી તેમ,
સૂતાં ઊભે ચાલતાં, હોતાં અશુદ્ધ એમ, ૬૬

કરે પાઠ એ રુદ્રનો અધિક પાપી તે જાણ;
દંડયોગ્ય એ જાણવા, કદિ ન છોડવા માન. ૬૭

ભક્તિયુક્ત વિધિવત્ પઢે નિત્ય બેસીને તેમ,
પાપમુક્ત સુવંદ્ય એ; કહે દૂતને એમ. ૬૮

રુદ્રજાપથી અધિક ના પુણ્ય ત્રિલોકે જાણ;
શ્રદ્ધાભક્તિ મૂળ ત્યાં, તપાસ યત્ને માન, ૬૯

પૂર્વજન્મપાપે તથા અલ્પાયુ નર જેહ,
પાપમુક્ત રુદ્રે નકી થાય ચિરાયુ તેહ. ૭૦

સંપત્તિ આરોગ્ય ને જ્ઞાન તેજ ધૃતિ તેમ
પ્રજ્ઞા મેધાદિક વધે, રુદ્રજાપથી એમ. ૭૧

રુદ્રાભિષેક ઈશ પર કરી ભક્તિથી જેહ
સ્નાનપાન તત્તીર્થથી કરે સુપાવન તેહ. ૭૨

ના મૃત્યુભય તેહને ! સાંભળ બીજું તેમ;
પુણ્યાત્મા નર રુદ્રથી થાય ચિરાયુ એમ. ૭૩

રુદ્રાભિમંત્રિતવારિથી કરે જેહ સુસ્નાન
નાસે મોત ડરી [1]ततः થાય મુક્ત નર માન. ૭૪

શતરુદ્રે શિવને કરે ભક્તિયુક્ત અભિષેક,
થાય શતાયુષ એ નકી પાપનિર્મુક્ત છેક. ૭૫

જાણી સઘળું આ તથા કહે દૂતને તેમ;
રુદ્રજાપક બ્રાહ્મણો દંડાર્હ ન યમ એમ. ૭૬

બ્રહ્મવચન એ સાંભળી ધર્મરાજ એ જાણ,
જઈ સ્વસ્થાને દૂતને બોધે તે જ પ્રમાણ. ૭૭

કહે પરાશર ભૂપનેઃ- સુતાયુષ્યવૃદ્ધ્યર્થ
રુદ્રાયુતાભિષેક તું કર શંકર પર તર્ત. ૭૮

અખંડ ધારા ક્ષીરની [2]અયુત રુદ્રથી જાણ
કરતાં શિવ પર ભક્તિથી, નહીં મરે સુત માન. ૭૯

દશસહસ્રાબ્દ જીવશે; રાજ્યે સુસ્થિર તેમ
રહી, સ્વર્ગમાં ઇંદ્રવત્ ભોગવશે સુખ એમ. ૮૦

૧. તેનાથી. ૨. દશહજાર.

થશે એહની શ્રી તણો નાશ કદાપિ ન જાણ;
રાજ્ય અકંટક પુત્ર સહ ભોગવશે એ માન. ૮૧

કામક્રોધલોભાદિથી વર્જિત જ્ઞાની તેમ
બોલાવી દ્વિજ સેંકડો સદાચારયુત એમ. ૮૨

કરાવ એથી યથાવિધિ શિવાભિષેક સુજાણ;
પુત્રાયુર્વૃદ્ધિ થઈ થશે સકળ કલ્યાણ. ૮૩

સૂણી પરાશરવેણ એ, રાજા યથોક્ત તેમ
કરી સર્વ તૈયારી ત્યાં કર્મ આરભે એમ. ૮૪

મુન્યાજ્ઞાવત્ સેંકડો તેડી દ્વિજ વિદ્વાન
અખંડ [1]રસધારા થકી સો ગાગરે જાણ, ૮૫

શિવાભિષેક ભક્તિથી કરે યથાવિધિ તેમ;
તીર્થોદકથી પુત્રને નિત્ય ન્હવાડે એમ. ૮૬

એમ સાત દિન એ કરે ઈશારાધન ધન્ય;
રીઝ્યા ભોળા તત્ક્ષણે દેખી ભક્તિ અનન્ય. ૮૭

થતાં સાત દિન રાજસુત મૂર્છિત એકાએક
પડ્યો ઢળી ધરણી વિષે; રક્ષે મુનિવર નેક. ૮૮

અદૃશ્યરૂપે યમભેટો દંષ્ટ્રાકરાલ ત્યાંય
દંડપાશ હસ્તે ગ્રહી, આવ્યા ભીષણકાય. ૮૯

રુદ્રજાપક દ્વિજવરો મંત્રાક્ષત ત્યાં તેમ
નાંખે ક્ષિપ્ર કુમાર પર; બીધા યમભટ એમ. ૯૦

પાસે આવી ના શકે, ઊભા સુદૂર જાણ;
ફેંકે પાશ કુમાર પર, દૂર રહીને માન ! ૯૧

દોડ્યા શિવદૂતો તિહાં લઈ હાથમાં દંડ,
હણવા વેગે એમને પ્રલયાનલ સમ ચંડ ! ૯૨

નાઠા ભયાર્ત યમભટો ત્યાંથી સત્વર તેમ;
પૂંઠે શિવદૂતો અહા વેદપુરુષ સમ એમ !! ૯૩

રક્ષ્યો વિપ્રોએ તથા રાજપુત્ર એ જાણ;
આપે આશિષ મોદથી વેદમંત્રાથી માન. ૯૪

થયો પુત્ર સાવધ તિહાં, સ્થિરચિત્ત ક્ષણ માંહ્ય;
કરે મહોત્સવ ભૂપતિ આનંદે એ ત્યાંય. ૯૫

પૂજે ઋષિને ભાવથી, વિપ્ર જમાડે તેમ;
આપી તાંબૂલ દક્ષિણા, સંતોષે સહુ એમ. ૯૬

ભરી સભા મોટી તિહાં થઈ તુષ્ટ નૃપ એહ,
બેસાડી સિંહાસને મુનિ પરાશર તેહ, ૯૭

યોગ્ય સ્થાને અન્યને કરી યોગ્ય સત્કાર;
જમી રાણી પુત્રેષ્ટ સહ આવ્યો ત્યાં તત્કાળ. ૯૮

મહાનંદ વર્ત્યો તદા, આવ્યા નારદ ત્યાંય;
બ્રહ્મપુત્ર વીણા ખભે, હરિગુણ મુખથી ગાય ! ૯૯

દોડી સ્હામો ભૂપતિ, કરે સુપૂજન તેમ;
બેસાડી ઉચ્ચાસને, વદે વિનયનત એમઃ- ૧૦૦

ફરો ત્રિલોકે દેવ હે, જોયું આજે ક્યાંય
હોય અપૂર્વ કહો મને, કરી કૃપા મુનિરાય ! ૧૦૧

નારદ કહેઃ- કૈલાસથી આવ્યો આજે જાણ;
જોયું અપૂર્વ માર્ગમાં, કહું આપ અવધાન. ૧૦૨

મહામૃત્યુ નિજ દૂત સહ, લેવા ત્વત્સુત આંહ્ય
આવ્યો'તો તે શિવભટે મૂક્યો હાંકી ત્યાંય. ૧૦૩

પરાભૂત જઈ એ વદે યમને સત્વર તેમઃ-
મારે અમને શિવભટો ! જઈએ ભૂ પર કેમ ? ૧૦૪

થઈ ક્રુદ્ધ યમ જઈ વદે [2]વીરભદ્રને જાણઃ-
મારે શેં મમ દૂતને તવ દૂતો ઈશાન[3] ? ૧૦૫

ગતાયુષ્ય નૃપપુત્રને લેવા જાતાં ત્યાંય,
મારી કાઢ્યા ત્વદ્ભટે મુજ દૂતોને હાય ! ૧૦૬

વીરભદ્ર ક્રોધે વદેઃ- સાંભળ રે યમધર્મ !
અયુત વરસ આયુષ નકી એનું; તાવત્ શર્મ. ૧૦૭

ચિત્રગુપ્તને વિણ પૂછ્યે, દૂત મોકલ્યા કેમ ?
છોડ્યા જીવતા મદ્ભટે, કર્યું ઠીક ના એમ ! ૧૦૮

બોલાવી યમધર્મ ત્યાં ચિત્રગુપ્તને જાણ
પૂછેઃ- રાજકુમારનું આયુષ [4]કિયત્ પ્રમાણ ? ૧૦૯

ચિત્રગુપ્ત નિજ ચોપડે જોઈ બોલે ત્યાંયઃ-
દ્વાદશાબ્દમાં એહનું લખ્યું અપમૃત્યુ આંહ્ય ૧૧૦

લખ્યું ત્યાંજ, અપમૃત્યુ એ તરી જીવશે તેમ
અયુત વરસ ! સૂણી થયો યમ શંકિત ત્યાં એમ. ૧૧૧

માગી માફી કરગરી વીરભદ્રની જાણ,
ગયો સુલજ્જિત નિજ પુરે; જોયું મેં એ માન. ૧૧૨

રુદ્રાનુષ્ઠાનપુણ્યથી ત્વત્પુત્રાયુષ એમ
આજ વધાર્યું, ધન્ય એ મુનિ પરાશર તેમ ! ૧૧૩

મૃત્યુનાથ જીત્યો સ્વયં ! મહિમા અપરંપાર
જાણ રુદ્રનો એ નકી !! એમ કહી તત્કાળ, ૧૧૪

પૂછી રાજાને ગયા નારદ સ્વર્ગે ત્યાંય;
ગયા પરાશર સ્વાશ્રમે; યશોગીત નૃપ ગાય ! ૧૧૫

થઈ સંતુષ્ટ દ્વિજગણો ગયા યથાગત તેમ;
કરે રાજ્ય અયુતાબ્દ ત્યાં નિષ્કંટક સુત એમ. ૧૧૬

૧. દૂધ, શેરડીનો રસ કે પાણી. ૨. મહાદેવ. ૩. મહાદેવ. ૪. કેટલું.

થઈ હૃષ્ટ નૃપ અંતરે આપે અપાર દાન;
એવો મહિમા રુદ્રનો અનુપમ શિષ્ય સુજાણ. ૧૧૭

કહે દંપતીને ગુરુ કથા સવિસ્તર એમ;
બહુ પ્રીતિ શ્રીગુરુ તણી જાણ રુદ્ર પર તેમ. ૧૧૮

માટે ભક્તિથી સદા રુદ્રાભિષેક જાણ
કરતાં શ્રીગુરુપદ વિષે, ડરે કાળ પણ માન. ૧૧૯

અલખવચન એ સાંભળી, વદે નિરંજન ત્યાંય;
આગળ **રંગ** અપૂર્વ એ, સૂણતાં ભવભય જાય ! ૧૨૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
રુદ્રાધ્યાયમાહાત્મ્યવર્ણનં નામ અષ્ટાશીતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૮૮ ॥ દોહરા ૧૨૦

અધ્યાય ૮૯

વદે નિરંજનઃ-શ્રીગુરુ રુદ્રમાહાત્મ્ય ધન્ય
કહે દંપતીને, પછી બન્યું વૃત્ત શું અન્ય ? ૧

શ્રીગુરુચરિત્ર સાંભળી વીંધાયું મુજ સ્વાંત;[1]
તલસે સાંભળવા હજી લીલા રમ્ય નિતાંત. ૨

એમ કહી વંદન કરે અલખચરણમાં ત્યાંય !
કહે અલખઃ-સૂણ બાળ હે ! પતિવ્રતા વરકાય ૩

જોડી કરદ્વય ભક્તિથી પૂછે ગુરુને જાણઃ-
હવે અમારી શી ગતિ ? રહેવું કેમ સુજાણ ? ૪

ચરણસ્મરણ રહે સદા જેથી તારું નાથ,
બોધ એક શ્રુતિમંત્ર ભો શ્રેષ્ઠ સનાતન તાત ! ૫

બોલે શ્રીગુરુઃ- સ્ત્રી તણું સાધન એકજ જાણ;
પતિસેવા વિણ નારને તરણોપાય ન માન. ૬

શ્રુત્યધિકાર ન એહને, દેવો મંત્ર ન તેમ;
જાય સામર્થ્ય મંત્રનું દાતૃતેજ પણ એમ. ૭

શુક્રાચાર્યે નિજ સુતા દેવયાનીને જાણ
મંત્ર સંજીવની પુરા ઉપદેશ્યો જ્યાં માન, ૮

થયો લુપ્તસામર્થ્ય એ, પડ્યા શુક્ર પણ તેમ !
ના જાણે શું તું સતી ? કરે દુરાગ્રહ કેમ ? ૯

પતિસેવા સ્ત્રીનો નકી એકજ ધર્મ મહાન;
શું મંત્રે એને તથા ? મંત્ર પતિવાક્ય માન. ૧૦

માટે ગુર્વાજ્ઞા થકી કરવાં વ્રતોપવાસ;
સૂણી વાક્ય, પતિવ્રતા બોલે સુનમ્ર ખાસઃ- ૧૧

વાક્ય પ્રમાણ તાહરું મુજને અતીવ નાથ;
ત્વત્પદસ્મૃત્યર્થે કહે વ્રત એકાદું તાત. ૧૨

ત્વદ્વિણ અન્ય ન જાણું હું, મંત્ર તંત્ર વ્રત તેમ
ત્વત્પદસેવન નિશ્ચયે; ના શંકા ઉર એમ. ૧૩

તોએ ભક્તિ દૃઢ રહે અખંડ આ પદ માંહ્ય,
માટે આજ્ઞા કર કંઈ, કૃપા કરી ગુરુરાય ! ૧૪

એમ કહી પદકંજ પર મૂકે, માથું જાણ;
થઈ તુષ્ટ ગુરુ ઓચરે, દે સાધ્વી અવધાન. ૧૫

સૌભાગ્યાર્થે તાહરા પતિસૌખ્યાર્થે તેમ,
કથું એક વ્રત જે નકી ચતુર્વર્ગપ્રદ એમ. ૧૬

કહે દંપતીઃ-શ્રીગુરો ! આજ્ઞા તારી પ્રમાણ;
આપીશ આજ્ઞા જેમ તું, કરશું તેમજ માન. ૧૭

માને ના ગુરુવાક્ય જે, જાય નરકમાં તેહ;
વેદવાક્ય ત્વદ્વચન છે અમને ના સંદેહ. ૧૮

એમ કહી બંને જણાં નમે ચરણ ગ્રહી ત્યાંય;
શ્રદ્ધાભક્તિ દેખી એ થયા તુષ્ટ ગુરુરાય. ૧૯

બોલે શ્રીગુરુઃ-સાંભળો ! કહું પુરાતન વૃત્ત;
કહ્યું સૂતમુનિએ યથા ઋષીશ્વરોને પૂત. ૨૦

નારી અથવા પુરુષને પાવન અતિશે જેહ,
વિશ્વતારક વ્રત નકી; સૂણો ધ્યાનથી તેહ. ૨૧

સદાનંદ સ્વચ્છંદ જે નિર્વિકલ્પ નિષ્કલ,
ભજતાં તે સર્વેશને પામે અભીષ્ટ સકલ. ૨૨

વિરક્ત વિષયાસક્ત વા કામી ભાવે એમ
પૂજે જો સર્વેશને, કરે કૃપા શિવ તેમ. ૨૩

થાવા ભવાબ્ધિપાર જે ઇચ્છે વેગે આંહ્ય,
સોમવારવ્રત એ કરે; અર્ચે શંકર ત્યાંય. ૨૪

એમ ઈશ્વરાર્ચન થકી, થાય નિશ્ચયે પાર;
પામે સકલાભીષ્ટ નર, વેદવચન નિર્ધાર. ૨૫

સોમવારવ્રત આ નકી સર્વોત્તમ વ્રત એમ;
ઈશ્વરાર્ચનરૂપ જે સકલાભીષ્ટદ તેમ. ૨૬

[2]વર્ણી [3]ગૃહી [4]વની તથા સંન્યાસી વા અન્ય,
સધવા વિધવા કન્યકા કરે સર્વ આ ધન્ય. ૨૭

રહી ઉપોષિત વા જમી રાતે એકજ વાર,
વિજિતેંદ્રિય વિધિવત્ કરે વ્રત વૈદિક આ સાર. ૨૮

૧. મન. ૨. બ્રહ્મચારી ૩. ગૃહસ્થાશ્રમી ૪. વાનપ્રસ્થાશ્રમી.

વ્રતાખ્યાન પ્રાચીન ત્યાં કહું સવિસ્તર તેમ;
સ્કંદપુરાણે એ કથા, શ્રવણે સિદ્ધિદ એમ. ૨૯

પૂર્વે આર્યાવર્તમાં હતો ભૂપતિ એક
ચિત્રવર્મા નામથી; પુણ્યરાશિ જે છેક. ૩૦

સ્વધર્મે રત સર્વદા, ધાર્મિકરક્ષક તેમ;
અધાર્મિકશિક્ષક તથા, ન્યાયી જેતા[૧] એમ. ૩૧

પુણ્ય અખિલ સંપાદ્યું ને જીત્યા શત્રુ સર્વ;
સર્વ સંપદા મેળવી; એવો શૂર અગર્વ ! ૩૨

પુત્રાર્થે ચિરકાલ એ ધર્મપત્ની સહ, ત્યાંય,
સેવે શિવ ભક્તિ થકી; દૈવે કન્યા થાય ! ૩૩

રૂપલાવણ્યયુક્ત એ પાર્વતી સમ ધન્ય;
શોભે તેજે સુંદરી, સૂર્યપ્રભા શું અન્ય ! ૩૪

કરવા જાતક એહનું તેડાવ્યા બ્રાહ્મણ;
જોઈ લગ્ન જ્યોતિષીઓ, વદે ત્યાંય તત્ક્ષણઃ- ૩૫

ભૂપ, નામ સીમંતિની એનું યથાર્થ જાણ;
સુલક્ષણા એ સુંદરી, ભાગ્યશાળી તું માન. ૩૬

મંગલાઢ્ય ગૌરી સમી, દમયંતી સમ રૂપ;
સત્કીર્તિ ગંગા સમી એની નિશ્ચય, ભૂપ ! ૩૭

ગુણાન્વિતા લક્ષ્મી સમી, [૨]પ્રાજ્ઞી અદિતિવત્;
સીતાતુલ્ય પતિવ્રતા તેજસ્વી રવિવત્; ૩૮

શાન્ત ચંદ્રમા સમ અહા ! એવી અનુપમ એહ;
અયુત વર્ષ પતિ સહ નકી, કરશે રાજ્ય સુદેહ. ૩૯

સૂણી વચન એ ગણકનાં, થયો હૃષ્ટ નૃપ ત્યાંય;
આપી બહુ ધન તેમને, કર્યા તૂર્ત વિદાય. ૪૦

બેઠો'તો નૃપ એકદા સુખાસને ઘર માંહ્ય;
આવી નિર્ભય દ્વિજ તિહાં, વદેઃ- સૂણ હે રાય ! ૪૧

સુલક્ષણા આ કન્યકા તારી નિઃસંદેહ;
ચતુર્દશાબ્દે પણ થશે વિધવા તન્વી એહ !! ૪૨

વિપ્રવચન એ સાંભળી થયો ભૂપ મૂર્છિત;
આવી શુદ્ધિ પણ રહે સદૈવ ચિંતાન્વિત. ૪૩

દુખનિવેદન એમ ત્યાં કરી વિપ્ર સત્વર,
ગયો યથાગત ક્ષણ મહીં વિદ્યુદ્વત્ ચંચલ. ૪૪

ઈશાધીન બધું નકી; મનુષ્ય કોણજ માત્ર ?
એમ કહી દુઃખાર્ત એ કરે ક્ષીણ નૃપ ગાત્ર. ૪૫

સ્ત્રીરત્ન સીમંતિની વધે યથાક્રમ એમ;
થતાં સમ્પ્રાપ્ત નૃપ કહેઃ- પરણાવું આ કેમ ? ૪૬

કહ્યું દ્વિજે વિધવા થશે ચતુર્દશાબ્દે એહ;
રાજારાણી એમ ત્યાં કરે મુંઝાયાં તેહ. ૪૭

હતી ખેલતી ચોકમાં સુતા સહચરી સાથ;
સૂણ્યો વૈધવ્યયોગ એ વિપ્રેરીત[૩] સાક્ષાત્. ૪૮

ન્હાની પણ એ સાંભળી થઈ સુદુઃખિત એહ;
દૈવે આવી એકદા ત્યાં મૈત્રેયી ગેહ. ૪૯

યાજ્ઞવલ્ક્યની પત્ની એ, પ્રાજ્ઞી પવિત્ર એમ;
આવી જોઈ ગૃહ વિષે, ગ્રહે સુતા પદ તેમ. ૫૦

સાષ્ટાંગ પ્રણતિ કરી જોડી કરદ્વય ત્યાંય,
કહે કરુણ સીમંતિનીઃ- રક્ષ મને, હે માય ! ૫૧

સૌભાગ્યસ્થૈર્યાર્થ જે ઉત્તમ ઉપાય તેમ,
બોધ મને અતિ દીન હું; પ્રાર્થું તુજને એમ. ૫૨

બ્રહ્મવાદિની એ સૂણી કન્યાવચન સુધીર
વદેઃ-શરણ જા સામ્બને; થશે સૌભાગ્ય સ્થિર. ૫૩

બોલે કન્યાઃ- કેમ હું અર્ચું શિવ સાક્ષાત્ ?
કરું કેમ વ્રત ? એ બધું કહે કૃપા કરી માત. ૫૪

મૈત્રેયી બોલે ફરીઃ- સોમવારવ્રત તેમ
કર યથાવિધિ હે સુતે ! અર્ચી સોમ[૪] સપ્રેમ. ૫૫

રહી ઉપોષિત તદ્દિને, કરી સ્નાન વિધિવત્,
પ્હેરી સુવસ્ત્ર, ચિત્તને કરી સ્થિર તદ્વત્, ૫૬

યથોપચારે સામ્બને પૂજ ભક્તિથી તેમ;
થશે સૌભાગ્ય સ્થિર નકી, મા શંકા કર એમ. ૫૭

પાપક્ષય અભિષેકથી, પીઠપૂજને રાજ્ય;
ગંધાક્ષતપુષ્પાદિથી સૌખ્ય સૌભાગ્ય પ્રાજ્ય. ૫૮

ધૂપે સૌગંધ્યાગ્નિ ને દીપે કાન્તિ તેમ;
નૈવેદ્યે ભોગો બધા, તાંબૂલે શ્રી એમ. ૫૯

નમસ્કારમાત્રે મળે ચતુર્વિધ પુરુષાર્થ;
અષ્ટૈશ્વર્ય જપે નકી; એમ જાણ સકલાર્થ. ૬૦

કોશાપૂર્તિ[૫] હોમથી, પ્રદક્ષિણાથી તેમ
થાય સિદ્ધિ દાસી સહુ; સ્તવને ઋદ્ધિ[૬] એમ. ૬૧

[૭]તદર્થ દ્વિજભોજન થકી થાય દેવ સહુ તૃપ્ત;
ના દુર્લભ વ્રતથી કશું; કહ્યું આ તને ગુપ્ત[૮] ! ૬૨

સોમવારવ્રત ભક્તિથી કર કન્યા તું એમ;
થશે નષ્ટ કલેશો સહુ, હરશે ભય હર તેમ. ૬૩

ગૌરીહરપૂજન થકી, નાસે પાપ તમામ !
સૂણી સીમંતિની તથા, કરે સોમવ્રત આમ. ૬૪

૧. વિજયી. ૨. બુદ્ધિશાળી. ૩. વિપ્રે કહેલો. ૪. સામ્બ; મહાદેવ. ૫. ખજાનાની સંપૂર્ણતા. ૬. સમૃદ્ધિ. ૭. શિવવ્રતાર્થે ૮. રહસ્ય.

કહી એમ મૈત્રેયી ત્યાં, ગઈ પાછી સ્વસ્થાન;
સીમંતિની વ્રત આચરે, જોઈ ભૂપ સુજાણ ૬૫

થયો હૃષ્ટ નિજ અંતરે; વિવાહાર્હ ત્યાં એહ
થઈ કન્યકા જોઈને, વદે સ્વગત નૃપ તેહઃ- ૬૬

લખ્યું એહના ભાગ્યમાં, થાવા દો તે તેમ;
કરવો વિવાહ નિશ્ચયે કાલે વિધિવત્ એમ. ૬૭

એમ કહી રાષ્ટ્રાંતરે વરશોધાર્થે ત્યાંય
નિજ મંત્રીને મોકલે, કરી સુનિશ્ચય રાય. ૬૮

કરી શોધ બહુ મંત્રીએ, નલગોત્રોદ્ભવ તેમ
ઈન્દ્રસેનસુત યોગ્ય ત્યાં ચંદ્રાંગદ વર એમ ૬૯

તેડી આણ્યો ઠાઠથી; [1]વિવાહવિધિથી રાય
અર્પે એને કન્યકા, કરી મહોત્સવ ત્યાંય. ૭૦

ભૂમંડલના ભૂપ સહુ આવ્યા લગ્ને જેહ,
દાનમાનાદિક થકી સત્કારે નૃપ તેહ. ૭૧

પ્હેરામણી વરને તથા આપે અમૂલ્ય ત્યાંય
વસ્ત્રાલંકારો અને દાસદાસી વરકાય. ૭૨

અર્પે દ્વિજને દક્ષિણા, ઇપ્સિત ભોજન તેમ;
સંતોષી સહુને તથા ઘેર વળાવે એમ. ૭૩

જમાઈને ગેહે તદા રાખ્યો સ્નેહે ત્યાંય;
ભાર્યાસ્નેહે એ રહ્યો શ્વશુરાલયની માંહ્ય. ૭૪

એક દિવસ ક્રીડાર્થ ત્યાં ગયો રાજસુત એમ
[2]કાલિંદી નદી પર મુદા સહસૈન્યાનુગ[3] તેમ. ૭૫

ઊભું ઉભય તટે અહા સૈન્ય ચતુરંગ ત્યાંય;-
હર્ષે સાથી સહ તરે ચંદ્રાં એ માંહ્ય ! ૭૬

તરતાં દૈવે જળ મહીં ડૂબ્યો રાજકુમાર;
કાઢો કાઢો એમ ત્યાં વર્ત્યો હાહાકાર !! ૭૭

નોકરચાકર સૈન્ય સહ નાવિક જે ઉસ્તાદ,
થાક્યા સઘળા ખોળીને; લાગે એહ ન હાથ ! ૭૮

જઈ દોડતા ભૃત્યજન દુઃખે પીડિત તેમ,
ચિત્રવર્માને કહે ડૂબ્યો જમાઈ એમ. ૭૯

તરતાં જમુનામાં તથા અગાધ જળની માંહ્ય
ડૂબ્યો જે એ એકદા, ફરી ન દીઠો ક્યાંય. ૮૦

મારી ડૂબકી સર્વતઃ શોધ્યો યત્ને તેમ,
હાથ ન આવ્યો હન્ત એ; આવ્યા કહેવા એમ ! ૮૧

દૂતવચન એ સાંભળી થયો સુમૂર્છિત રાય;
પ્રાણ ત્યાગવા કન્યકા થઈ સમુદ્યત ત્યાંય. ૮૨

વારી એને ભૂપતિ રાજપત્ની સહ તેમ,
કાલિંદીતટ પર ગયો દુઃખે રડતો એમ. ૮૩

કરે શોક સીમંતિની, કહેઃ-દેવ [4]ત્રિપુરાંત !
આવી શરણે તાહરા; કરે કેમ પ્રાણાંત ! ૮૪

જાણીને વૈધવ્ય આ ચતુર્દશાબ્દે એમ,
આવી શરણે દીન હું ! રક્ષે કેમ ન તેમ ? ૮૫

સોમવાસરે જે કર્યું ત્વત્પૂજન શું વ્યર્થ ?
અક્ષય તારૂં દાન હા, આવી સૂણી તદર્થ. ૮૬

કેમ ઉપેક્ષે રંકને ? થશે અપકીર્તિ જાણ !
ભજશે કોણ હવે પછી ? બ્રીદ તારૂં તું જાણ !! ૮૭

મૈત્રેયી બ્રહ્મજ્ઞ એ; તદ્વાક્યે વ્રત એમ
સૌભાગ્યસ્થૈર્યાર્થ આ કીધું માની તેમ. ૮૮

પૂજ્યો ગૌરીહર તને ! કેમ ઉપેક્ષે નાથ ?
શિવ શિવ ! ક્યાં જાઉં હવે ? દુખમાં કો દે સાથ ? ૮૯

રડે કરુણ સીમંતિની ! મરણેચ્છાથી તેમ
મહાશોકપીડિત ધસે નદીનિકટ ત્યાં એમ !! ૯૦

જોઈ એને રાજવી, દોડી પકડે ત્યાંય;
આલિંગી વાત્સલ્યથી, દુઃખિત અતિશે થાય. ૯૧

કરે દુઃખ પુરોહિતો મંત્રી સેના તેમ;
આજ્ઞાપે શવ શોધવા પુનઃ ભૂપતિ એમ. ૯૨

કૂદ્યા નાવિક જળ મહીં; ઊંડા ધરા બધાય
શોધી થાક્યા તોય ના મળ્યું પ્રેત એ ક્યાંય. ૯૩

કૂટે છાતી શોકથી બાળા અતિશે તેમ;
બોધે ભૂપ ફરી ફરી, રડે અધિક એ એમ ! ૯૪

ભૃત્યો રાજકુમારના થઈ સુદુઃખિત જાય;
ઇંદ્રસેન તજ્જનકને કહે વૃત્ત એ ત્યાંય. ૯૫

ઇંદ્રસેન સૂણી તથા દોડ્યો શોકાકુલ;
આવ્યો રાજ્ઞી સહ તિહાં, ડૂબ્યો જ્યાં સુત શૂર. ૯૬

વેવાઈ બંને મળ્યા, કરે શોક અતિશય;
કૂટે છાતી મસ્તકો, પુત્ર પુત્ર કહી દ્વય ! ૯૭

હા પુત્રક ! હા ગુણનિધે ! એમ કહીને ત્યાંય,
માતા છાતીફાટ એ રડે અફાળી કાય. ૯૮

નગરજનો મંત્રી અને સૈન્ય સકળ પણ તેમ,
કરે દુઃખ હા હા કહી ! પુત્રવધૂ ત્યાં એમ, ૯૯

ગયો પ્રાણપતિ ક્યાં અરે ? એમ કહી તત્કાળ,
પડી સુમૂર્છિત ભૂ વિષે; વર્ત્યો હાહાકાર !! ૧૦૦

૧. લગ્ન (માત્ર વાગ્દાન નહિ). ૨. જમના. ૩. સૈન્ય અને સાથીઓ સાથે. ૪. હે ત્રિપુરાસુરનો નાશ કરનાર !

વદે તિહાં સીમંતિનીઃ- શું જીવનથી હન્ત ?
રાજ્યૈશ્વર્યે શું તથા ? પકડું પતિનો પંથ ! ૧૦૧

કરે નિવેદન વિપ્રને નૃપ કન્યેચ્છા તેમ;
વદે વિપ્રઃ- પતિશવ વિના થાય સહગમન કેમ ? ૧૦૨

શોધી શવ કાલિંદીમાં, કરે પછી ત્યમ ત્યાંય !
કહે ભૂપઃ-શવ ના જડે; શું કરવું દ્વિજ આંહ્ય ? ૧૦૩

બોલે દ્વિજગણઃ- કો લહે મૃત જીવિત[૧] વા એમ ?
માટે કરવું ના તથા ! આશ્વાસે નૃપ તેમ. ૧૦૪

પુરોહિતો મંત્રિજનો દુઃખે નૃપને ત્યાંય
કહેઃ- ભાવિ ટળે નહીં; ફરે લેખ ના ક્યાંય. ૧૦૫

દેવો પણ તદ્વશ નકી; વ્યર્થ દુઃખ આ તેમ;
માટે ભૂપદ્વય અરે, ચાલો નિજપુર એમ. ૧૦૬

ગયા બેઉ જણ તેમ એ; ભૂલે ના સુતદુઃખ
ઇંદ્રસેન બોધ્યા છતાં, રડે સ્વાંતમાં મૂક ! ૧૦૭

ત્યાગી રાજ્યાદિક બધું શોકનિમગ્ન સદાય
રહે પડી એકાંતમાં, ત્યજી ભોગાદિ ત્યાંય. ૧૦૮

લઈ લાભ એનો, હરે રાજ્ય ક્રૂર ભાયાત;
નાંખે કારાગૃહ મહીં એને મહિષી[૨] સાથ ! ૧૦૯

ચિત્રવર્મા નિજ ગૃહે રક્ષે પુત્રી એહ;
બચવા જનનિંદા થકી, થઈ મરણોદ્યત તેહ. ૧૧૦

આશ્વાસી એને વદે ભૂપઃ-સૂણ હે બાળ !
પુત્ર ન મારા કુળ વિષે, એક તુંજ આધાર. ૧૧૧

ના પુત્રી તું સુત નકી; સુતવત્ પાલન તેમ
કરશું, નિંદે જન ભલે મૂરખ કુત્સિત એમ. ૧૧૨

થતાં વરસ, વૈધવ્યનું કર પાલન નિર્ધાર;
શાસ્ત્રવિહિત સહગમનસમ એ વૈધવ્યાચાર. ૧૧૩

તાતવચન એ સાંભળી, વદે સુદુઃખિત એહઃ-
કેમ ઉપેક્ષે શિવ હજી, શૂલપાણ સિતદેહ ? ૧૧૪

શોકાર્દિત પણ એમ એ, સોમવાસરે ત્યાંય
કરી ઉપોષણ નિયમથી, અર્ચે સામ્બ સદાય. ૧૧૫

ડૂબ્યો કાલિંદી મહીં રાજપુત્ર જે આંહ્ય,
ગયો તણાતો જલ મહીં દૈવે પાતાલ માંહ્ય. ૧૧૬

નાગકન્યા હ્રદ[૩] વિષે ન્હાતી'તી ત્યાં એમ;
જોઈ પ્રવાહમગ્ન એ દોડી એ ગમ તેમ. ૧૧૭

દેખી મૃતોપમ[૪] એહને, સિંચે અમૃત એહ;
ઊઠ્યો અમૃતસ્પર્શથી [૫]મૃતપ્રાય પણ તેહ ! ૧૧૮

લઈ જાય [૬]વાસુકિ કને નાગકન્યકા એમ;
જોઈ વિચિત્ર નગર એ થયો દિગ્મૂઢ તેમ. ૧૧૯

રચના એ પાતાલની ઇંદ્રપુરીસમ કાન્ત[૭];
રત્નાંચિત ગોપુર[૮] અહા વિદ્યુદુજ્જ્વલ નિતાન્ત[૯] ! ૧૨૦

વૈડૂર્યનીલમાણિક્ય ને મૌક્તિકજડિત સુરમ્ય.
ગૃહો થકી ભાસે બધું નગર હિરણ્મય કમ્ય. ૧૨૧

ચંદ્રકાન્તિ સમ ભૂમિ એ, શોભે સ્વર્ણકપાટ;
નાનારત્નાંચિત ગૃહે પેસે એ સાક્ષાત્. ૧૨૨

દેખે મહાસભા તિહાં, બેઠા સર્પો જ્યાંય;
જોઈ અસંખ્ય સર્પ એ આશ્ચર્યાંકિત થાય. ૧૨૩

સિંહાસન પર મધ્યમાં નાગરાજ એ તેમ,
સૂર્યકાન્તિ સમ તેજથી શોભે ઊંચે એમ. ૧૨૪

ભાસ્વદ્રત્નાંચિત[૧૦] અહા શોભે ફણા અનેક;
પીત વસ્ત્ર કટિ પર લસે, કુંડલ અનુપમ છેક. ૧૨૫

અનેકરત્નાંચિત શિરે શોભે મંદીલ ત્યાંય;
ફણાછત્રાસહસ્રથી દીપે વાસુકિરાય ! ૧૨૬

નવયૌવનયુત કામિની સેવે અનેક તેમ
વસ્ત્રાલંકૃત વેષ્ટીને; દેખે નૃપસુત એમ. ૧૨૭

નાગરાજ એવો તિહાં તેજઃપુંજ અનન્ય
દેખી, રાજકુમાર એ કરે દંડવત્ ધન્ય. ૧૨૮

પૂછે વાસુકિઃ-કન્યકા ! કોણ ? [૧૧]કુતઃ નર એહ ?
શુભલક્ષણ દેખાય એ; ક્યાંથી આણ્યો તેહ ? ૧૨૯

વદે કન્યકાઃ-એહનો વંશ ન લહીએ દેવ;
જડ્યો કાલિંદીજલ મહીં, આણ્યો અહીં તતખેવ, ૧૩૦

સૂણી વાસુકિ એ વદે રાજપુત્રને તેમઃ-
જન્મ્યો ક્યાં ? તુજ નામ શું ? આવ્યો કિમર્થ એમ ? ૧૩૧

વદે રાજસુતઃ- ભૂતલે નૈષધપતિ વિખ્યાત
પુણ્યશ્લોક નલરાજ જે, તત્સુત મારો તાત. ૧૩૨

ઇન્દ્રસેન તન્નામ ભો, જન્મ્યો ત્યાંથી જાણ;
ગયો હતો શ્વશુરાલયે ચંદ્રાંગદ હું માન. ૧૩૩

કરતાં જલક્રીડા તહીં અગાધ જમુના માંહ્ય,
ડૂબ્યો હું દૈવે પ્રભો, થયો સુમૂર્છિત ત્યાંય. ૧૩૪

સર્પકન્યકાએ અહીં આણ્યો મુજને તેમ;
જન્મ સફળ આજે નકી ત્વદ્દર્શનથી એમ. ૧૩૫

પૂર્વાર્જિત પુણ્યે થયું સફળ અદ્ય જીવિત;
ત્વત્પદદર્શનથી થયો કૃતાર્થ હું નિશ્ચિત. ૧૩૬

૧. જીવતો. ૨. પટરાણી. ૩. ધરો. ૪. મરેલા જેવો. ૫. લગભગ મરી ગયેલો. ૬. શેષનાગ ૭. સુંદર. ૮. નગરના દરવાજા. ૯. અત્યંત. ૧૦. તેજસ્વી રત્નોયુક્ત. ૧૧. ક્યાંથી.

કરુણ વચન એ સાંભળી, વદે હૃષ્ટ [1]તક્ષકઃ-
બેસ નિશ્ચિંત તું અહીં; થા નિર્ભય, પુત્રક ! ૧૩૭

અતિનિર્મળ દેખાય તું, બોલ રાજસુત તેમ;
કોણ દેવ પૂજો તમો નિત્ય ઘેર સપ્રેમ ? ૧૩૮

રાજપુત્ર બોલે તદા થઈ હર્ષનિર્ભરઃ-
દેવ અમારો પશુપતિ, શરણદ શિવ શંકર. ૧૩૯

સર્વદેવનો દેવ જે, નામ સદાશિવ જાણ;
યદ્વામાંગે પાર્વતી, ભજીએ તે શિવ માન. ૧૪૦

યત્તોજે બ્રહ્મા થયો, સર્જે રજથી જગ;
દેવ સદાશિવ એ નકી, ભજીએ નિત્ય [2]અનઘ. ૧૪૧

લોકપાલ વિષ્ણુ થયો, યત્સત્ત્વાંશે જાણ;
ભજીએ તે શિવને નકી, નિત્ય પ્રેમથી માન. ૧૪૨

રુદ્રો એકાદશ થયા યત્તમોંશે તેમ,
સંહારે જગને તથા; ભજીએ તે શિવ એમ. ૧૪૩

પંચભૂત વ્યાપી વધ્યો વિરાડ્રૂપ જે જાણ;
સર્જે ઇચ્છામાત્રથી, ભજીએ તે શિવ માન. ૧૪૪

સર્વભૂતાસ્પૃષ્ટ જે અજ ચિન્મય નિર્મલ,
અરૂપ અચિંતન સદા ભજીએ તે શિવ [3]વર. ૧૪૫

શેષતક્ષક યત્કુંડલો [4]શાસ્ત્રયોનિ જે ધન્ય;
ચંદ્રમૌલિ ત્રિનેત્ર એ, ભજીએ શિવ અનન્ય ! ૧૪૬

સૂણી વચન એનાં તથા, થયો શેષ સંતુષ્ટ;
આલિંગી એને વદેઃ- રાજપુત્ર ! હું હૃષ્ટ. ૧૪૭

રાષ્ટ્ર સમૃદ્ધ માહરૂં આપું તુજને તેમ;
ભોગ યથેષ્ટ ભોગવી, રે' પાતાલે એમ. ૧૪૮

મુખ્ય રત્ન મલ્લોકનાં આપું તુજને સર્વ;
રહે સુખે અહીંયા જ તું, પૂજી ભાવે શર્વ. ૧૪૯

જો જો સુંદર લોક આ, અનુપમ સ્થાન અનૂન;[5]
રાજ્ય અકંટક માહરૂં કલ્પદ્રુમસંપૂર્ણ ! ૧૫૦

સ્વપ્રે પણ ભૂલોકમાં, ના અમૃતદર્શન;
ભર્યું જલસમું તે અહીં, કૂપતડાગે પૂર્ણ. ૧૫૧

ના રોગો ના દુઃખ પણ, ના મરણભય તેમ;
સ્વપ્નાવસ્થા પણ અહીં, દેખે કોઈ ન એમ. ૧૫૨

છોડી ચિંતા સર્વ તું, સુખે કર અહીં વાસ !
રાજપુત્રને એમ એ પ્રાર્થે પ્રેમે ખાસ. ૧૫૩

વદે રાજસુતઃ-તાતનો પુત્ર હું જ આ એક;
ઈશાર્ચનરત મત્સતી ચૌદ વરસની છેક. ૧૫૪

થયું લગ્ન હમણાં જ આ, ચોંટ્યું ત્યાં મમ ચિત્ત;
માતપિતાને મળું જઈ, હશે એહ દુઃખિત. ૧૫૫

જાણી મુજને મૃત તથા ડૂબી જળમાં તેમ,
માતતાત પત્ની સહુ મરશે શોકે એમ. ૧૫૬

દેખ્યાં ત્વત્પદકમલ આ, થયું હૃષ્ટ મમ ચિત્ત;
થયાં નષ્ટ કષ્ટો સહુ; જોઉં સ્વજન ત્વરિત ! ૧૫૭

સૂણી વચન અહિરાજ ત્યાં, પાય સુધા સપ્રેમ;
આપે પત્ન્યર્થે તથા; વસ્ત્રાભૂષણ તેમ. ૧૫૮

અપૂર્વ રત્નો ફળ વળી કલ્પવૃક્ષનાં ત્યાંય,
અમૂલ્ય દુર્લભ ભૂ વિષે, અર્પે વાસુકિરાય. ૧૫૯

રક્ષાર્થે નિજ પુત્રને આપી સાથે તેમ
કહે, મને સંભારતાં કાર્યસિદ્ધિ તુજ એમ. ૧૬૦

એમ કહી સંતોષથી, વાહનાર્થ [6]હય ત્યાંય
મનોવેગ અર્પી મુદા, આપે નાગ વિદાય. ૧૬૧

નમન કરી અહિરાજને ચાલ્યો નૃપસુત તેમ
મનોવેગ અશ્વે ચઢી, નાગપુત્ર સહ એમ. ૧૬૨

ડૂબ્યો'તો કાલિંદીમાં આવ્યો ક્ષણમાં ત્યાંય;
આવી બ્હાર નદીતટે ઊભો [7]નાગસહાય ! ૧૬૩

સોમવાર સીમંતિની સ્નિગ્ધ સખી સહ તેમ
આવી ન્હાવા; ભૂપને જોઈ વદે એ કેમ ? ૧૬૪

જો જો સખી આશ્ચર્ય આ ! આવ્યો જળથી બ્હાર
નાગપુત્ર સહ કોણ એ ! જુએ આમ નિર્ધાર ! ૧૬૫

રાક્ષસ વા નર વેષધર, હશે કોણ એ તેમ ?
આવે [8]તુરગારૂઢ હા ! ખેંચાએ મન કેમ ? ૧૬૬

અહો રૂપ ! શું તેજ એ ! ભાસે રવિસમ ત્યાંય !
દિવ્ય માલ્યાંબર અહા ! મ્હેંકે સુગંધ આંહ્ય !! ૧૬૭

દશયોજન પર્યંત હા પ્રસરે સુગંધ જાણ !
જોયો એવો રૂપવાન પૂર્વે ક્યાં પણ માન !! ૧૬૮

ભીતભીત તદ્રૂપને જુએ ફરી ફરી તેમ;
મત્પતિ સમ આ કો અહીં ? સ્મરે કંથને એમ ૧૬૯

જોઈ એને પણ તથા, બોલે સ્વગત કુમારઃ-
કોણ એહ મત્સ્ત્રી સમી, દેખે વારંવાર ? ૧૭૦

હોય પ્રિયા તો કંઠમાં મંગલસૂત્ર ન કેમ ?
દિસે ન મુક્તાહાર પણ ! નકી પ્રિયા ના તેમ. ૧૭૧

અંગલક્ષ્મ[9] નિહાળીને દેખે ફરી ફરી ત્યાંય;
કહે.:-લલાટે ના દિસે હળદર કંકુ ક્યાંય ! ૧૭૨

૧. શેષ. ૨. નિષ્પાપ. ૩. શ્રેષ્ઠ. ૪. શાસ્ત્રોનું ઉગમસ્થાન. ૫. વિશાળ; કોઈ જાતની ઉણપ વગરનું. ૬. ઘોડો. ૭. નાગની સાથે. ૮. ઘોડા પર બેસીને. ૯. ચિહ્ન.

નકી પ્રિયા ના, અન્ય એ ચિંતાન્વિત કો એમ !
એમ વિચારી અશ્વથી ઉતરે નીચે તેમ. ૧૭૩

નાગપુત્ર સહ તીર પર બેઠો વિચારગ્રસ્ત;
થતાં સ્મરણ નિજ સ્ત્રી તણું, થયો ચિત્તમાં ત્રસ્ત. ૧૭૪

પ્રેમે સીમંતિનીને બોલાવીને પાસ,
પૂછેઃ-તારૂં નામ શું ? થયો જન્મ ક્યાં ખાસ ? ૧૭૫

કોણ પતિ તારા ? પડ્યું બાલ્યે પણ શું દુઃખ ?
કરમાઈ તું શોકથી ! રડે આમ કાં મૂક ? ૧૭૬

કહે સવિસ્તર સર્વ એ, પૂછે સ્નેહે એમ;
સૂણી શરમાઈ સતી, વદે સખીને તેમઃ- ૧૭૭

કહે આમને હે સખી, સર્વ આદિથી એહ;
વદે સહચરી સાંભળી, સૂણ ભૂપતે તેહઃ- ૧૭૮

ચિત્રાવર્માની સુતા, ચંદ્રાગદની નાર;
નામ પુણ્ય સીમંતિની એનું, રાજકુમાર ! ૧૭૯

મન્મથસમ આનો પતિ તરતાં જલમાં આંહ્ય
ડૂબ્યો દૈવે, ના જડ્યો; કરે શોક આ ત્યાંય. ૧૮૦

વૈધવ્યે દુઃખિત અતિ, ઝૂરે શોકે તેમ;
થયું નષ્ટ લાવણ્ય હા, લાંબે ગાળે એમ ! ૧૮૧

કરે સોમવ્રત નિત્ય એ; આજ ઉપોષિત જાણ
આવી સ્નાનાર્થે ઈહાં કાલિંદીમાં માન. ૧૮૨

સાસૂસસરા એહના સુતદુઃખે દુઃખિત,
કર્યા કેદ નગરી હરી ભાયાતોએ ત્વરિત. ૧૮૩

સોમવાસરે એમ આ કરી ઉપોષણ નિત્ય.
આરાધે શિવ સામ્બને રાખી અનન્ય પ્રીત્ય. ૧૮૪

બોલે સીમંતિની તદાઃ- કામરૂપ કો આપ ?
પૂછો પ્રેમે આ બધું; હરો પ્રશ્નથી તાપ ! ૧૮૫

સિદ્ધ ગંધર્વ દેવ વા, કિન્નર વા નર તેમ ?
પૂછો કિમર્થ આ મને ? ભાસો નરવત્ એમ ! ૧૮૬

ભાસે પ્રશ્નો ગહન આ સ્નેહભાવથી આંહ્ય;
જોયા મેં તમને કંઈ ! ના જાણું પણ ક્યાંય !! ૧૮૭

પૂછો આપ્ત સમા તથા, સ્વજન જણાઓ એમ;
નામ તમારૂં શું ? કહી, સ્મરે કંથને તેમ. ૧૮૮

સંભારી પતિરૂપ એ રડે દીનવત્ ત્યાંય;
આંસુ ચોધારાં વહે ! પડી ધરણી પર હાય !! ૧૮૯

જોઈ દુઃખ એ એહનું, થયો ચકિત નૃપબાળ;
રોક્યું હૈયું પણ ક્ષણે ચાલી અશ્રુની ધાર !! ૧૯૦

કરી દુઃખ ચિરકાલ ત્યાં, ધોઈ મુખાશ્રુ તેમ,
કહેઃ- છાની થા; સિદ્ધ હું ! મા રડ સુભ્રૂ એમ. ૧૯૧

જઈ પાસ પ્રેમે તદા ઝાલી કરથી ત્યાંય,
વદેઃ-શોક મા કર હવે ! કાં કરમાવે કાય ? ૧૯૨

એમ કહી એકાંતમાં આપી સાંત્વન ખાસ,
કહેઃ- જોયો મેં ત્વત્પતિ; છે સુખી અહીં પાસ. ૧૯૩

વ્રતપ્રભાવે તાહરા શીઘ્ર આવશે એહ;
જોઈશ તું ત્રીજે દિને એને નિઃસંદેહ. ૧૯૪

સખા માહરો ત્વત્પતિ, જાણ માહરો પ્રાણ;
ખાઉં શિવપદશપથ[૧] હું, મા શંકા કર માન. ૧૯૫

એમ કહી વળતી વદે, પ્રગટ ન કર આ વાત;
સૂણી સુદુઃખિત એ રડે પ્રેમવિહ્વલ સુજાત. ૧૯૬

અખંડ પ્રેમાશ્રુ તણી ચાલી નયનથી ધાર;
માને પ્રથમથી સોગણો એને નિજ ભરથાર ! ૧૯૭

મુખારવિંદ [૨]સદશ નકી, લોચન[૩] અમલ સતેજ;
વાણી પણ એ મીઠડી, આસ્ય[૪] હાસ્યયુક્ ત જ ! ૧૯૮

કોણ એહવો અન્ય છે ? બોલે મૃદુ કો તેમ ?
પકડે અન્ય ન કર તથા, જાણ્યો સ્પર્શે એમ ! ૧૯૯

સર્વ ચિહ્ન પતિનાં તિહાં જોયાં મેં સાક્ષાત્;
માટે અન્ય ન એ નકી; નકી પ્રાણપ્રિય નાથ ! ૨૦૦

દર્શનમાત્રે એહના વહ્યાં પ્રેમાશ્રુનીર;
ના શંકા માટે અહીં ! કહી એમ સુધીર, ૨૦૧

સંશયગ્રસ્ત વદે ફરીઃ- હું હતભાગી હન્ત !
પુણ્ય ન મારૂં એહવું આવે પાછો કંથ, ૨૦૨

[૫]યમસ્વસા જમુના મહીં ડૂબ્યો જે તે એમ;
આવ્યો મૃત પાછો ફરી, કાને સૂણ્યું ન તેમ. ૨૦૩

દીઠું સ્વપ્નું શું અહા ? હશે ભ્રાંતિ વા એહ ?
બેમાંથી એકુય ના ? કો જાણે શું તેહ ? ૨૦૪

વેષધારી ઠગ વા હશે, કિન્નર રાક્ષસ તેમ ?
યક્ષ માનવી વા તથા, કપટી માયિક એમ ? ૨૦૫

અથવા [૬]મુનિપત્ન્યુક્ત એ આવ્યો વ્રતે સુજાણ ?
થતાં પ્રસન્ન ગિરિજાપતિ, દુર્લભ ના કશું માન ! ૨૦૬

શંકર પોતે રીઝતાં રહે દુઃખ ના તેમ;
આપે સુદગ્ધ પણ ફરી ! ચિંતે મનમાં એમ. ૨૦૭

રાજપુત્ર ત્યાં તો ચઢી ઘોડે નાગ સહિત,
પૂછી સીમંતિનીને ચાલ્યો ઘેર ત્વરિત. ૨૦૮

૧. સોગન. ૨. મળતું. ૩. નેત્ર. ૪. મુખ. ૫. યમની બહેન. ૬. મુનિયાજ્ઞવલ્કયની પત્ની મૈત્રેયીએ કહેલું.

મનોવેગથી અશ્વ એ આવ્યો તત્પુર માંહ્ય;
નાગપુત્રને મોકલે આગળ નૃપસુત ત્યાંય. ૨૦૯

જા અહિવર કથ શત્રુને આવ્યો હું આ એમ;
સૂણે ના તો વદ નકી હણીશ એને તેમ ! ૨૧૦

નાગપુત્ર આજ્ઞા સૂણી, દોડ્યો વેગે ત્યાંય;
કહે ક્રોધથી શત્રુનેઃ- શું બેઠો રે આંહ્ય ? ૨૧૧

જા ચંદ્રાંગદને તથા મળવા કુટુંબ સાથ,
ગયો જેહ પાતાલમાં જોવા વાસુકિનાથ. ૨૧૨

ડૂબ્યો કાલિંદી મહીં ! માની દુષ્ટો એમ,
સ્વામિઘાત કરી હર્યું પિતૃરાજ્ય આ કેમ ? ૨૧૩

કહું અદ્ય હિત જો ચહો, જાઓ એને શરણ;
ઇંદ્રસેનને સોંપીને રાજ્યાસન તત્ક્ષણ. ૨૧૪

મિત્ર નાગકુલ જેહનું કરશે ભૂકો તેહ;
પ્રાણાપેક્ષા હોય તો માનો નિઃસંદેહ. ૨૧૫

ચંદ્રાંગદના દર્શને જાઓ વેગે તેમ;
માનો મારૂં વચન નહિ તો હણશે એ એમ, ૨૧૬

અહિરાજે મુજને અહીં ભેજ્યો કરવા સહાય;
માનો મારૂં ! કાં મરો હાથે નાહક આંહ્ય ? ૨૧૭

સૂણી વચન, કંપે ભયે દાયાદો[૧] એ તેમ;
કહેઃ- ઠીક ના આ કર્યું; જઈએ શરણે એમ. ૨૧૮

કરતાં હઠ દુર્બુદ્ધિથી, હણશે તક્ષક હન્ત !
કરશે નિંદા જન સહુ; જશે પ્રાણ યમપંથ !! ૨૧૯

એમ વિચારી, ભૂપને વસ્ત્રાભૂષણ સાથ
સત્કારી, સિંહાસને સ્થાપે સ્ત્રીસંગાત. ૨૨૦

નમન કરી બોલે સહુઃ- કર ક્ષમા અપરાધ;
રક્ષ પ્રાણ અમ ! એમ કહી ગ્રહે ચરણ સાક્ષાત્. ૨૨૧

વદે નાગસુતઃ- ભૂપ હે ઇંદ્રસેન સુજાણ !
આવ્યો ત્વત્સુત જો તિહાં, ચંદ્રાંગદ એ માન. ૨૨૨

ગયો હતો પાતાલમાં શેષદર્શને એહ;
આવ્યો ત્વદ્રુગદ[૨] સાંભળી, થઈ કૃતકૃત્ય તેહ ૨૨૩

મૃતસંજીવન સમ અહા સૂણી વાક્ય એ તેમ.
સ્મરી દુઃખ મૂર્છિત પડ્યો ભૂપ સ્ત્રીસહ એમ. ૨૨૪

ઊઠાડી એને વદે અહિસુતઃ- દુઃખ વિસાર;
સ્વયં દર્શને આવશે શીઘ્ર એહ નિર્ધાર ! ૨૨૫

ત્યજી શોક ભૂપતિ તિહાં, વદે મંત્રીને તેમઃ-
શણગારો નગરી બધી, આવે કુમાર એમ. ૨૨૬

કરી એમ આજ્ઞા સ્વયં સહ મહિષી પરિવાર,
ગયો હૃષ્ટ થઈ તેડવા સ્હામો એ તત્કાળ. ૨૨૭

વૃદ્ધ મંત્રી પુરોહિતો નગરલોક પણ તેમ,
જોવા મૃત સુત આવતો થયા સમુત્સુક એમ. ૨૨૮

થયું કુતૂહલ સર્વને, દોડે લોક પ્રહૃષ્ટ;
થયો અધીરો ભૂપતિ જોવા સુતમુખ [૩]તુષ્ટ ! ૨૨૯

વાગે વાદ્યો જ્યાંતિહાં; આનંદે સહુ લોક,
જયજયકાર કરે અહા, ગયો સમૂળો શોક !! ૨૩૦

આવ્યા વેગે ત્યાં સહુ, જોયો રાજકુમાર;
ચંદ્રાંગદ પણ પ્રેમથી નમે પિતૃપદ સાર. ૨૩૧

આલિંગી સુત સ્નેહથી આનંદાપ્લુત રાય,
સાશ્રુનેત્ર થઈ ગળગળો આપે આશિષ ત્યાંય. ૨૩૨

કહે ફરી ફરીઃ-પુત્ર હે ! આવ્યો પ્રાણ સુધન્ય;
થયો હતો હું શવસમો ત્વદ્વિણ પુત્ર અધન્ય ! ૨૩૩

ક્ષીણ સુદુઃખિત માતને આલિંગીને ત્યાંય,
વદે રાજસુતઃ-કષ્ટ આ પડ્યું મદર્થે હાય ! ૨૩૪

પુત્ર ન હું, તુજ શત્રુ મા ! ગયો સુખાર્થે તેમ
હડસેલી દુઃખમાં તને; આપ્યું કાંઈ ન ક્ષેમ. ૨૩૫

ગયો દિવ્ય પાતાલમાં, કરી મોજ બહુ ત્યાંય;
રાતદિવસ આપ્યું તને મહાદુઃખ મેં હાય ! ૨૩૬

ક્યાં મૃદુ મન માનું અહા નિજપુત્રાર્થે એમ ?
ક્યાં પથ્થરસમ માહરૂં ? આપ્યાં કષ્ટો તેમ ! ૨૩૭

માતૃદુઃખ ના જે લહે, મલવત્ એ નિર્ધાર;
એક ઘડી સ્તનપાનનો વળે ન કદિ ઉપકાર !! ૨૩૮

ના પર દૈવત માતથી ! વળે માતૃઋણ કેમ ?
માતા સાક્ષાત્ પાર્વતી, પિતા સદાશિવ તેમ !! ૨૩૯

આપે માને દુઃખ જે જાય નરકમાં તેહ;
સપ્તજન્મ દારિદ્રયમાં સડે નિપુત્રિક[૪] એહ. ૨૪૦

આવ્યા ત્યાં તો બાંધવો, ભાઈ બ્હેનો તેમ;
પ્રધાનાદિક પૌરજન, જોવા કુમાર એમ. ૨૪૧

સર્વ સાથ આનંદથી પેઠો નગરી માંહ્ય,
આવ્યો નિજ મંદિર વિષે મહોત્સવે એ ત્યાંય. ૨૪૨

ઇંદ્રસેન પ્રેમે તિહાં, નાગપુત્ર સહ સર્વ
સત્કારી ધનવસ્ત્રથી કરે વિદાય અગર્વ. ૨૪૩

ચંદ્રાંગદ બોલેઃ- પિતા ! કર્યો મહાઉપકાર
અહિરાજે મુજ પર નકી રક્ષી [૫]અસુ નિર્ધાર. ૨૪૪

૧. ભાયાત. ૨. તારો રોગ (દુઃખ). ૩. સંતોષે ધરાઈને. ૪. નિઃસંતાન. ૫. પ્રાણ.

ધનવસ્ત્રાદિક પણ તથા આપ્યું અમૂલ્ય આમ !
એમ કહી તત્પદ વિષે અર્પી કરે પ્રણામ. ૨૪૫

નાગપુત્ર ભેટી તદા, ગયો હર્ષથી તેમ;
ભૂપ ચિત્રવર્મા કને ભેજે સ્વદૂત એમ. ૨૪૬

કહેઃ-સ્નુષા મારી સતી બડભાગી એ ધન્ય;
તત્પુણ્યે સુત જીવતો આવ્યો થઈ સુધન્ય ! ૨૪૭

આરાધ્યો તેણે અહા શિવ શંકર સહ યત્ન;
રક્ષ્યો સુત તેણેજ હા, સ્નુષાપુણ્ય આ કૃત્સ્ન !! ૨૪૮

એમ કહી વેગે તિહાં દૂત મોકલે એહ,
ચિત્રવર્મને સર્વ આ કરવા વિદિત સનેહ. ૨૪૯

ગયો દૂત વેગે તથા ચિત્રવર્મપુર માંહ્ય;
જામાત્રાગમનાદિ[૧] એ કર્યું નિવેદન ત્યાંય. ૨૫૦

સૂણી ચિત્રવર્મા થયો ચિત્તે પ્રહૃષ્ટ એહ;
વસ્ત્રાભૂષણ ભૃત્યને આપે મોદે તેહ. ૨૫૧

ઈંદ્રસેનને પુત્ર સહ તેડ્યો સહર્ષ ત્યાંય;
સ્ત્રીપુત્રાદિક સાથ એ આવ્યો વેગે રાય. ૨૫૨

સામૈયું કરી ઠાઠથી આણ્યાં પુરમાં તેમ;
જોઈ જામાતા ફરી, થયાં હૃષ્ટ સહુ એમ. ૨૫૩

ભેટ્યો સીમંતિનીને ચંદ્રાંગદ વર એહ;
હરી શોક એનો તદા, કથે [૨]વૃત્ત સહુ તેહ. ૨૫૪

લાવ્યો જે પાતાળથી દિવ્ય વસ્તુઓ ત્યાંય,
આપી આનંદે તિહાં અમૃત એને પાય. ૨૫૫

આપે વસ્ત્રાભૂષણો, કલ્પવૃક્ષફળ તેમ;
પ્હેરે [૩]સુહાગ સુંદરી, શોભે અનુપમ એમ. ૨૫૬

મહોત્સવે તત્સહ તદા ગયો સ્વનગરે રાય;
જોઈ મુહૂર્ત રાજ્ય પર સ્થાપે સુતને ત્યાંય. ૨૫૭

ચંદ્રાંગદ સીમંતિની અનુપમ જોડું એહ !
કરે રાજ્ય સૌભાગ્યથી અયુત[૪] વર્ષ સસ્નેહ !! ૨૫૮

શિવાર્ચને સીમંતિની પામી અપૂર્વ ફળ;
સોમવારવ્રતથી તથા મળે ઈષ્ટાર્થ વર. ૨૫૯

બોલે શ્રીગુરુઃ-દંપતી ! આવું વ્રત આ ધન્ય;
કહ્યું પ્રીતથી, આચરો રાખી ભાવ અનન્ય. ૨૬૦

ના દુર્લભ એથી કશું; થાય સ્થિર સૌભાગ્ય;
અખંડ શ્રી, સુત કન્યકા પામે નર સદ્‌ભાગ્ય. ૨૬૧

કહે દંપતીઃ- શું ગુરો અમને વ્રતથી ત્યાંય ?
તારક સેવા તાહરી અમને અઘહર[૫] આંહ્ય. ૨૬૨

પ્રાણનાથ અમ તું ગુરો ઈષ્ટદેવ સાક્ષાત્;
સ્મરણ અખંડ રહો ! કહી ગ્રહે પ્રેમથી પાદ. ૨૬૩

શ્રીગુરુ બોલેઃ- માહરી આજ્ઞાથી વ્રત એમ
કરો પ્રેમથી; એજ છે સેવા માનો તેમ. ૨૬૪

એમ કહી જાવા ગૃહે આપે આજ્ઞા જ્યાંય,
માતપિતા આવ્યાં તિહાં જોવા સુતને ત્યાંય. ૨૬૫

સ્નુષાપુત્રવાર્તા સૂણી થયાં હૃષ્ટ અતિ એહ;
ખર્ચી ધન બહુ આદરે સંતોષે દ્વિજ તેહ. ૨૬૬

પૂજી શ્રીગુરુને મુદા કરે મહોત્સવ ત્યાંય;
બ્રાહ્મણભોજન આરતી મંગલ કીર્તન થાય ! ૨૬૭

પ્રણમી શ્રીગુરુને, લઈ આજ્ઞા, ગયાં સ્વગ્રામ;
પ્રસરી કીર્તિ દિગંતરે શ્રીગુરુની ત્યાં આમ. ૨૬૮

થયા દંપતીને તદા આઠ પુત્ર ત્યાં એમ;
કહ્યું જેમ ગુરુએ તથા થયું સર્વ એ તેમ. ૨૬૯

ગાણગાપુર આવીને પ્રતિવર્ષે બંનેય,
ગુરુદર્શન સદ્‌ભાવથી કરે એમ અમેય. ૨૭૦

પામ્યા મુક્તિ આખરે ગાતાં શ્રીગુરુગાન;
સત્ય નિરંજન ગુરુસમું તીરથ ક્યાંય ન આન. ૨૭૧

ગુરુલીલામૃત આ નકી અનુપમ નિશ્ચય તેમ;
પીતાં નર અમૃત થઈ પામે સકલાર્થ એમ. ૨૭૨

કરકંકણ જોવા કંઈ ના આરસીનું કામ;
ગુરુલીલા વિસ્તારવા ગ્રંથ નિરર્થ તમામ ! ૨૭૩

ઉભયસાધન આ નકી ગુરુલીલામૃતગાન;
જુએ સ્વાનુભવથી સહુ, માની **રંગ** પ્રમાણ !! ૨૭૪

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
સોમવારવ્રતકથનં નામ એકોનનવતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૮૯ ॥ દોહરા ૨૭૪

૧.જમાઈનું પધારવું. ૨. બનેલી હકીકત. ૩. સુંદર વસ્ત્રાભૂષણો. ૪. દશ હજાર. ૫. પાપનું હરણ કરનાર.

અધ્યાય ૯૦

બોલે કર જોડી ફરી શિષ્ય નિરંજન એહઃ-
જયજય અલખ દયાનિધે, વરસ્યો અમૃતમેહ ! ૧

મોહમયી રાત્રી મહીં, સૂતો'તો હું તેમ;
ગુરુલીલારણશિંગ તેં ફૂંકી જગાડ્યો એમ. ૨

સાકરથી પણ મીઠડી ગુરુકથા આ જાણ;
થાય ન તૃપ્તિ શ્રવણથી, તૃષ્ણા વધે અમાન. ૩

ઊઠાડ્યું દ્વિજપ્રેત એ, આપ્યો વિધવિધ બોધ;
બન્યું તે પછી શું પ્રભો ? પ્રશ્ને મા કર ક્રોધ ! ૪

હું બાળક અતિ દીન છું, તું તારક ગુરુનાથ;
તુજ વિણ ઇચ્છા કોણ આ કરે સંપૂર્ણ તાત ? ૫

શિષ્યવચન એ સાંભળી, બોલે અલખ દયાળઃ-
ધન્ય ધન્ય શિષ્યાગ્ર તું ! ધન્ય મતિ તુજ બાળ ! ૬

કહું કેટલું તોય પણ ? શ્રીગુરુ ત્રિમૂર્તિ એહ;
મહિમા અપરંપાર ત્યાં, લહે સર્વ કો તેહ ? ૭

ક્ષણે ક્ષણે લીલા નવી, કહેતાં નાવે પાર;
સૂણ એકચિત્તે તથા, કહું અત્યલ્પ સાર. ૮

ત્યાંજ ગાણગાપુર મહીં હતો એક દ્વિજ જાણ,
વિરક્ત બહુશ્રુત વેદરત, કર્મવિશારદ[૧] માન. ૯

કરે પ્રતિગ્રહ ના કદિ, ખાય ન પરાન્ન તેમ;
ના બોલે જૂઠું, પ્રતિવાદ ના કરે એમ. ૧૦

સૂકી ભિક્ષા માગીને કરે ગુજારો એહ;
ક્રોધી તત્સ્ત્રી, એહને ગમે ન વૃત્તિ તેહ ! ૧૧

સંતોષી બ્રાહ્મણ સદા; આનંદે દિન એમ
કરે નિર્ગમન; ના જમે અતિથિ વિણ કદિ તેમ. ૧૨

થાય વિપ્રભોજન તિહાં ગામે પ્રતિદિન જાણ;
જમે હજારો બ્રાહ્મણો નિત્ય મિષ્ટાન્ન માન. ૧૩

વિધવિધ પકવાન્નો અને મળે દક્ષિણા તેમ;
આનંદે અન્યોન્ય ત્યાં ચાલે વાતો એમ. ૧૪

સૂણી વિપ્રસ્ત્રી મૂઢ એ થાય સુદુઃખિત ત્યાંય,
ચિંતાગ્રસ્ત વદેઃ-હરે ! હે પરમેશ્વર હાય ! ૧૫

સ્વપ્ને પણ હતભાગી હું દેખું ન આવું અન્ન;
પરણી દરિદ્રી કંથને, થાઉં કષ્ટથી [૨]સન્ન ! ૧૬

પૂર્વકર્મથી આ મળ્યો દૈવહીન પતિ હન્ત !
યદ્યોગે દારિદ્ર્ય વિણ દીઠો અન્ય ન પંથ !! ૧૭

જમે નિત્ય સસ્ત્રીક સહુ વિપ્ર મિષ્ટાન્ન એમ;
કીધાં સુકૃત એમણે, પામે વરાન્ન એમ ! ૧૮

દૈવહીન પતિ માહરો, બોલાવ્યો પણ એહ
જાય ન જમવા; શું કરૂં ? મીઠું પરાન્ન તેહ ! ૧૯

ચિંતા એમ કરે સદા; [૩]મહાલયે ત્યાં જાણ
આવ્યો વિપ્ર જમાડવા ધનિક એક સુજાણ. ૨૦

બોલાવે પતિ સહ તિહાં વિપ્રસ્ત્રીને એહ
જમવા માટે ભાવથી; થઈ હૃષ્ટ સ્ત્રી તેહ. ૨૧

જઈ હર્ષે પતિને કહેઃ- ત્વત્સહ મુજને એમ
આવ્યું નિમંત્રણ ધનિકનું જમવા માટે તેમ. ૨૨

અનેક પકવાન્નો અને દખણા ભારે ત્યાંય,
મળશે અમૂલ્ય વસ્ત્ર પણ; પ્રાણનાથ ! મન ધાય. ૨૩

સ્વીકારો એ નોંતરૂં, અથવા મુજને તેમ
જાવા દો; ઝંખે અતિ ચિત્ત મિષ્ટાન્ન એમ. ૨૪

દૈન્યવચન સ્ત્રીનાં સૂણી, ઉદાસીન દ્વિજ એહ
કહેઃ- જા સુખે તું ભલે; આવું ન પડતાં દેહ ! ૨૫

સૂણી વચન મૂઢા વદે જઈ ધનિકને જાણઃ-
નહિ આવે પતિ; એકલી આવીશ હુંજ સુજાણ. ૨૬

કહે ધનિકઃ- સંકલ્પ છે પૂજ્યું જોડું એમ;
માટે આવે કંથ જો, તોજ આવ તું તેમ. ૨૭

વચન એ તથા સાંભળી, થઈ ખિન્ન સ્ત્રી જાણ
કહેઃ- હન્ત હરિ ! શું કરૂં પ્રાક્ પ્રારબ્ધ પ્રમાણ !! ૨૮

દૈવ હીન મારૂં અહા ! શું કરવું ત્યાં આંહ્ય ?
પતિયોગે મુજને ન એ સ્વપ્ને સ્વાદ્વન્ન હાય ! ૨૯

વિચાર એમ કરી બહુ, નૃસિંહસરસ્વતી પાસ
આવી નમન કરી વદે વિનયનમ્ર ત્યાં ખાસઃ- ૩૦

કર સ્વામી હિત, ના મળે સ્વન્ન[૪] કદીએ એમ;
કહે કંથને, દ્વિજગૃહે જા જમવા તું તેમ. ૩૧

બોલાવે એ દંપતી, ના માને મુજ કંથ;
શું કરવું કદીએ ન એ ભક્ષે પરાન્ન હન્ત ? ૩૨

કરી કૃપા યત્ને પ્રભો મોકલ આજે એમ;
આવ્યું નિમંત્રણ સ્વન્નવસ્ત્રાદિક મળશે તેમ. ૩૩

સૂણી વચન એનાં તથા, કરી હાસ્ય ગુરુરાય,
બોલાવી તત્કંથને વદે આગ્રહે ત્યાંયઃ- ૩૪

આવ્યું નિમંત્રણ વિપ્ર હે ! જા જમવા દ્વિજગેહ;
ઝંખે ત્વત્સ્ત્રી ભક્ષવા નિત્ય મિષ્ટાન્ન તેહ. ૩૫

પત્નીની તુજ વાસના કર પૂરી તું તેમ;
ના મન કુલસ્ત્રીનું કદિ કરવું દુઃખિત એમ. ૩૬

૧. કર્મમાર્ગમાં પ્રવીણ. ૨. દુઃખી; ખિન્ન. ૩. શ્રાદ્ધપક્ષમાં ૪. મિષ્ટાન્ન; સ્વાદિષ્ટ ભોજન.

સૂણી વાક્ય એ ગુરુતણું, વદે વંદી બ્રાહ્મણઃ-
પરાન્ન ના લેવું કદી, એવો મારો નિયમ. ૩૭

તોએ ગુર્વાજ્ઞા ન જે માને નરકે જાય;
માટે આજ્ઞા શિર ગ્રહી જમવા જઈશ ત્યાંય. ૩૮

એમ કહી વંદન કરી ગયો સસ્ત્રીક ગેહ;
થઈ હૃષ્ટ કાન્તા; ગયાં ભોજનાર્થ બે તેહ. ૩૯

મૂકી સંકલ્પ ધનિક એ દ્વિજભોજનનો ત્યાંય.
અનેક પકવાન્ને જમાડી જોડાં હરખાય. ૪૦

વિપ્રસ્ત્રી ભોજનસમે જુએ વિપરીત ત્યાંય;
શ્વાનસૂકરો પંક્તિમાં આવી સાથે ખાય. ૪૧

થઈ ખિન્ન મનમાં અતિ, ત્યજી પાત્ર એ તેમ
ઊઠી, જમતા વિપ્રને કહે ઉચ્ચસ્વર એમ. ૪૨

આવી પતિસંનિધ તથા વદેઃ- ખાવ શું આમ ?
શ્વાનસૂકરોચ્છિષ્ટ આ અન્ન અશુદ્ધ હરામ ! ૪૩

વદે વિપ્રઃ- ત્વત્કારણે ફૂટ્યું નસીબ જાણ;
ભક્ષ્યું ત્યક્ત પરાન્ન હા, શ્વાનોચ્છિષ્ટ પ્રમાણ ! ૪૪

એમ કુપિત થઈ ગુરુ કને ગયો પત્ની સહ એહ;
કરે નમન ભક્તિ થકી ગુરુપદમાં નતદેહ. ૪૫

પૂછે ગુરુ સ્ત્રીને તદાઃ કેમ ધરાઈ આજ ?
જોયું સૌખ્ય પરાન્નનું ? પીડે પતિ શું કાજ ? ૪૬

સૂણી વચન શ્રીગુરુ તણાં, પડી ચરણમાં એહ;
દીનવદન કર જોડીને વદેઃ- ક્ષમા કર તેહ. ૪૭

મંદબુદ્ધિથી હન્ત મેં લોભે પતિને એમ
પાડ્યો પરાન્નદોષમાં; કર ક્ષમા પ્રભુ તેમ ! ૪૮

ચિંતાન્વિત દ્વિજ ઓચરેઃ- કરૂં સ્વામી શું આંહ્ય ?
લાગ્યો મહાન દોષ આ ! થયો વ્રતભંગ હાય !! ૪૯

લેવું પરાન્ન ના કદિ, હતો સંકલ્પ એમ;
કર્યો ભંગ વૈરિણીએ, કરી દુરાગ્રહ તેમ. ૫૦

રડે એમ અનુતપ્ત ત્યાં ! સૂણી વદે ગુરુરાયઃ-
થઈ પૂર્ણ સ્ત્રીકામના, થઈ તૃપ્ત એ આંહ્ય. ૫૧

સત્ય સંકલ્પ તાહરો ભાંગ્યો એથી ન જાણ;
ગયો મદાજ્ઞાથી તથા, એમાં દોષ ન માન. ૫૨

કહું અન્ય શાસ્ત્રાર્થ ત્યાં, સહજ ધર્મ એ તેમઃ-
દૈવ પિત્ર્ય કર્મે કદિ મળે ન દ્વિજ જો એમ, ૫૩

કર્મલોપાપત્તિમાં બોલાવે જો કોય,
જાવું જમવા; ના જતાં દોષો અનંત હોય. ૫૪

સૂણી વચન એ ગુરુ તણાં કરી સાષ્ટાંગ નમન,
પૂછે દ્વિજ અત્યાદરે પકડી બેઉ ચરણઃ- ૫૫

લેવું કોનું અન્ન ભો ? થાય જતાં ક્યાં દોષ ?
જવું ન કોને બારણે ? કહે સ્વામી સતોષ. ૫૬

વદે સવિસ્તર શ્રીગુરુ, વચન સાંભળી એહ;
સાંભળ સાવધ, શિષ્ય હે ! ટળે સકળ સંદેહ. ૫૭

બોલે શ્રીગુરુઃ- વિપ્ર હે ! કહું ગ્રાહ્ય જે અન્ન;
લેવું શિષ્યે ગુરુગ્રહે અન્ન સદાય પ્રસન્ન. ૫૮

શ્રોત્રિય દ્વિજને ત્યાં તથા માતુલગેહે તેમ,
શ્વશુર [1]સાધુ સોદરગૃહે લેવું અન્ન સપ્રેમ. ૫૯

વિપ્રાભાવે કર્મનો થતાં લોપ ત્યાં જાણ
લઈ અન્ન, ગાયત્રિકા જપ્યે દોષ ના માન. ૬૦

લોભે માતપિતા કને કામ કરાવે જેહ,
લેવું અન્ન ન તદ્‌ગૃહે યત્ને નિઃસંદેહ. ૬૧

પીડી સ્ત્રીપુત્રાદિને કરે ધર્મ જે જાણ,
તદન્નભોજનમાં કહ્યા દોષો અનેક માન. ૬૨

શસ્ત્રધારી ગર્વિત વળી મલ્લયુદ્ધરત જેહ,
વાદ્યાદ્યાસક્ત જે સદા, વર્જ્ય તદન્ન સદેહ. ૬૩

વિપ્ર બહિષ્કૃત અધમ જે, [2]યાંચાજીવી તેમ,
વૈશ્વદેવવિહીન વા, વર્જ્ય તદન્ન સનેમ. ૬૪

જેને તેને મંત્ર દે ધનલોભે જે જાણ,
કરે શિષ્ય સંગ્રહ બહુ, લેવું તદન્ન ન માન. ૬૫

ક્રોધી બ્રહ્મદ્વેષી વળી, ત્યજી કુલસ્ત્રી તેમ
રહે એકલો, તદ્‌ગૃહે લેવું અન્ન ન એમ. ૬૬

ક્રૂર તામસી કૃપણ વા દુરાચારરત જેહ,
ધનોન્મત્ત વા, તદ્‌ગૃહે લેવું અન્ન ન તેહ ૬૭

પતિપુત્રને જે ત્યજી રહે એકલી જાણ,
લેવું અન્ન ન તેહનું; લેતાં દોષ મહાન. ૬૮

વિપ્ર [3]સ્વર્ણકારિત્વ જે કરે કુયાચક તેમ;
સ્ત્રૈણ સ્ત્રીજિત વા તથા, લેવું તદન્ન ન એમ. ૬૯

[4]સ્તેયી [5]પરદારસ્થ વા અશ્વવિક્રયી વિપ્ર,
વેચે વિદ્યા જે તથા, ત્યજવું તદન્ન ક્ષિપ્ર. ૭૦

ધૂર્ત[6] જુગારી જે વળી, ખાય સ્નાન વિણ જેહ,
હરિકીર્તન ના યદ્‌ગૃહે વર્જ્ય તદન્ન સદેહ. ૭૧

કરે સ્નાનસંધ્યા ન જે, આપે દાન ન તેમ;
[7]પિતૃકર્મવિહીન જે, લેવું તદન્ન ન એમ. ૭૨

૧. કેવળ કંઠીબદ્ધ નહિ; પણ વૈરાગ્યાદિસાધનવાન. ૨. યાચનાથી પેટ ભરનાર. ૩. સોનીનો ધંધો. ૪. ચોર. ૫. પરસ્ત્રીથી લાગેલો. ૬. ઠગ; કપટી. ૭. શ્રાદ્ધતર્પણાદિ.

લોભે દંભે વા તથા જપે મંત્ર જે જાણ,
વ્યાજ ખાઈ ધન સંગ્રહે, લેવું તદન્ન ન માન. ૭૩

કરે ઘાત વિશ્વાસનો, પક્ષપાતકૃત્ જેહ,
ત્યાગે સ્વધર્મ [1]નીતિહા, વર્જ્ય તદન્ન સદેહ. ૭૪

કરે દ્વેષ જ્ઞાની તણો, નિંદે ગુરુને તેમ,
ત્યાગે કુલદૈવત કુધી, લેવું તદન્ન ન એમ. ૭૫

ગોદ્વિજહિંસક સ્ત્રીધ્ન વા, નિજાન્નદૂષક જેહ
પરાન્નસ્તુતિકૃત્ જે વળી, વર્જ્ય તદન્ન સદેહ. ૭૬

આશાબદ્ધ રહે સદા એક ઘેર જે જાણ,
વારે દાતાને તથા, લેવું તદન્ન ન માન. ૭૭

જાય શરણ જે સર્વને, ખાય બધાંનું તેમ.
થાય ચંડાલ તે નકી; લેવું તદન્ન ન એમ. ૭૮

કન્યાજમાઈને તથા ભાંડે ક્રોધે જાણ,
[2]વ્રાત્યપુત્ર જેનો વળી, લેવું તદન્ન ન માન. ૭૯

કરે વિવાહોત્તર ન જે હોમ, ખાય પરઘેર,
ત્યજવું તદન્ન નિશ્ચયે, થવા ન દેતાં દેર. ૮૦

પાળે આશ્રમધર્મ ના, વદે અદ્વૈત સદાય,
અનુભવ વિણ બકબક કરે, ત્યજવું તદન્ન આંહ્ય. ૮૧

ભરે પેટ કપટે સદા, [3]આંધ્ય તદન્ને ખાસ,
આયુર્હાનિ બધિરતા સ્મૃતિમેધાધૃતિનાશ. ૮૨

વસે નિત્ય જે પરગૃહે, ભક્ષે તદન્ન એમ,
આપી સ્વપુણ્ય એહને લે તદ્દોષો તેમ ! ૮૩

ગોભૂસ્વર્ણાદિક તણા પ્રતિગ્રહે પણ જાણ,
દોષ ન તેવો જેહવો પરાન્નમાં તું માન. ૮૪

સદા [4]પરાલયવાસથી થાય લક્ષ્મીનો નાશ;
દર્શે[5] પરાન્નભોજને માસપુણ્યક્ષય ખાસ. ૮૫

જાય નિમંત્રિત ભોજને, ના વિણ તેડ્યે તેમ;
આપત્કાલે દોષ ના, જાય ઈષ્ટગૃહે એમ. ૮૬

કરે નિમંત્રણ શૂદ્ર જો દ્વિજાલયે પણ જાણ,
ના જાવું જમવા કદિ; લાગે દોષ મહાન. ૮૭

થાય પુત્ર ના જ્યાં સુધી કન્યાગેહે તેમ
લેવું અન્ન ન; દોષ ના થતાં પૌત્ર ત્યાં એમ. ૮૮

સૂર્યચંદ્રગ્રહણે તથા વૃદ્ધિસૂતકે જાણ
લેવું દાન ન; તેમ ના તીર્થે પણ તું માન. ૮૯

રાજા શઠ ચાકર તથા ધોબી લુહાર તેમ,
સોની દાસી મદ્યપી, વર્જ્ય તદન્ન એમ. ૯૦

રહે સ્વધર્મે વિપ્ર જો અનાસક્ત સદાય,
દૈન્ય ન સ્વપ્ને તેમને; સદા સર્વ સુખ આંહ્ય. ૯૧

દેવ સર્વ તદધીન ને કામધેનુ એ ઘેર;
સિદ્ધિ સેવામાં ખડી, રહે ઈશની મ્હેર. ૯૨

મદોન્મત્ત થઈ જે અહીં ત્યજે સ્વધર્માચાર,
પાપી એ દારિદ્ર્યથી પીડાએ નિર્ધાર. ૯૩

વદે વિપ્રઃ-પ્રાર્થું પ્રભો ! કરી કૃપા ગુરુનાથ
કહે સવિસ્તર દાસને દ્વિજાચાર, હે તાત ! ૯૪

ત્રિમૂર્ત્યવતાર તું નકી કરુણાકર મહાદેવ,
ટાળે સંકટ ભક્તનાં કરી કૃપા તતખેવ. ૯૫

બોલે શ્રીગુરુઃ- ધન્ય તું ! ધન્ય પ્રશ્ન તુજ જાણ;
કહું શાસ્ત્રસંમત તને સદાચાર શુભ માન. ૯૬

કરે તપસ્યા જ્યાં મુનિ નૈમિષારણ્ય માંહ્ય,
ઋષિ પરાશર એકદા આવ્યા ત્યાં વરકાય. ૯૭

ઊઠ્યા મુનિગણ આદરે જોઈ વૃદ્ધ ઋષિ એહ,
વંદન કરી સદ્ભાવથી પૂછે સ્વધર્મ તેહઃ- ૯૮

ઊઠે શંકા પ્રતિપદે ધર્માચરણે નાથ;
બ્રહ્મઋષિ વિખ્યાત તું બોધ યથાસ્થિત તાત ! ૯૯

ગુરુ વિણ કર્માચાર ના, લેવો મંત્ર ન તેમ;
સદ્ગુરુ પવિત્ર તું મળ્યો, આપ ઉપદેશ એમ. ૧૦૦

સૂણી પ્રાર્થના એહવી, વદે પરાશર એહઃ-
કહું આચાર સાંભળો, સર્વસિદ્ધિપ્રદ જેહ. ૧૦૧

ઊઠી બ્રાહ્મ મુહૂર્તમાં સ્મરવા સદ્ગુરુ એમ;
બ્રહ્માવિષ્ણુમહેશનું કરવું ચિંતન તેમ. ૧૦૨

સ્મરી નવગ્રહ ભાવથી સનકાદિક પણ ત્યાંય,
સિદ્ધ યોગીઓ પિતૃઓ, સપ્તાર્ણવ ઋષિ આંહ્ય; ૧૦૩

નમન કરી ભૂમાતને કરી આચમન તેમ,
મૂત્રોત્સર્ગાદિક કરી ફરી આચમે એમ. ૧૦૪

સ્નાન પહેલાં ને પછી, થતાં વાછૂટ આંહ્ય,
શયન પછી દ્વિજ બેસીને કરે આચમન ત્યાંય; ૧૦૫

ભોજનાદિ ને અંતમાં, થતાં છીંક [6]જૂંભણ,
વિણમૂત્રોત્સર્ગાન્ત પણ યથાવિધિ તત્ક્ષણ. ૧૦૬

દુષ્ટશબ્દ ઉચ્ચારતાં, થતાં કુદર્શન તેમ,
આદિઅંતમાં કર્મના, કરે આચમન એમ. ૧૦૭

હોય ન પાસે તોય[7] જો, સ્પર્શે દક્ષિણ કર્ણ;
સપ્તદેવવાસો જિહાં, તત્સ્પર્શે આચમન. ૧૦૮

૧. નીતિનો નાશ કરનાર. ૨. સંસ્કારહીન. ૩. આંધળાપણું. ૪. બીજાને ઘેર રહેવાથી. ૫. દર્શશ્રાદ્ધે ૬. બગાસું. ૭. પાણી.

અગ્નિ આપ વરુણેંદ્ર ને વાયુ ચંદ્રાર્ક તેમ,
દક્ષિણ કર્ણે વિપ્રના સમ દેવતા એમ. ૧૦૯

મૂત્રોત્સર્ગ પછી થઇ શુદ્ધ યથાવિધિ આંહ્ય,
માનસ સ્નાન કરી કરે જપ બેસીને ત્યાંય. ૧૧૦

ગાયત્રી વિણ વેદનું કરે પઠન પણ એમ;
જાય લાલ વાદળ થતાં બહિર્દિશાએ તેમ. ૧૧૧

મૂકી જનોઈ કાન પર, ઢાંકી વસ્ત્રો શિર,
અધોવક્ત્ર નૈર્ઋતદિશામાં બેસે દ્વિજ ધીર, ૧૧૨

દિવા [1]ઉદક્‌મુખ રાતરે દક્ષિણમુખ નર તેમ,
બેસી મૂક અહીં તહીં જોયા કરે ન એમ. ૧૧૩

ચંદ્ર સૂર્ય નક્ષત્ર ને જુએ ન જન આકાશ,
મલમૂત્રોત્સૃતિ આચરે શુષ્ક ભૂમિ પર ખાસ. ૧૧૪

ઊભે ઊભે જે કરે મલમૂત્રોત્સૃતિ તેમ,
અંગરોમ સમ વર્ષ એ જાય નરકમાં એમ. ૧૧૫

કચ્છોત્સર્ગ[2] વિના કરે મૂત્રત્યાગ ત્યમ આંહ્ય,
મારે કચ્છ શુદ્ધિ વિના તે પણ નરકે જાય. ૧૧૬

મળે વારિ જો ના કદિ, સ્મરી જાહ્નવી તેમ
થાય શુદ્ધ માટી થકી; ખાયપીએ ન એમ. ૧૧૭

જલશુદ્ધિ વિણ વર્જ્ય છે જલપાનાદિક આંહ્ય;
પીતાં પાણી પણ તથા નિશ્ચય નરકે જાય. ૧૧૮

પુણ્યવૃક્ષ મંદિર અને માર્ગ જલાશય પાસ,
મલોત્સર્ગ નર ના કરે; [3]હરિત્તૃણે પણ ખાસ. ૧૧૯

શૌચાર્થે મૃદ્ શુદ્ધ જે લેવી યત્ને તેહ;
કીડીનાં દર રાફડો નદીમધ્યસ્થ જેહ, ૧૨૦

વર્જ્ય માર્ગસ્થ મૃત્તિકા [4]વૃક્ષાધસ્થા તેમ,
ક્ષેત્ર દેવાલય અને તીર્થમૃત્તિકા એમ. ૧૨૧

વાપીકૂપતડાગની માટી સારી ત્યાંય,
પ્રોક્ષી જળ લેવી તથા શૌચાર્થે એ આંહ્ય. ૧૨૨

એક [5]પિંડ લિંગે, ગુદે પાંચ, ત્રણ કર માંહ્ય,
[6]આર્દ્રમલક સમાન ત્યાં લઇ મૃણ્મય સદાય, ૧૨૩

ત્રણ ત્રણ પાદે તથા, મૂત્રશૌચકે એમ;
દ્વિગુણ મલોત્સર્ગે ત્રિગુણ [7]શુક્રોત્સર્ગે તેમ. ૧૨૪

શૌચ ગૃહસ્થી આચરે, [8]વર્ણી દ્વિગુણપ્રમાણ;
[9]વની ત્રિગુણ, સંન્યાસીને કહ્યું ચતુર્ગુણ [10]માન. ૧૨૫

રાતે અડધું, સંકટે, માર્ગે તદર્ધ તેમ;
શીઘ્ર ધર્મસિદ્ધિ તથા શૌચાચારે એમ. ૧૨૬

વ્રતબંધોત્તર દ્વિજ તણું શૌચ એહવું આંહ્ય,
સ્ત્રીશૂદ્રબાલાદિને મેલ જતા લગ ત્યાંય. ૧૨૭

શૌચોત્તર બ્રાહ્મણ કરે આઠ કોગળા તેમ;
છ ક્ષત્રિય, બે શૂદ્ર, ને ચાર વૈશ્ય ત્યાં એમ. ૧૨૮

થૂંકે ડાબી પાસ એ; પછી શુદ્ધ સ્થળ માંહ્ય
બેસી દ્વિવાર [11]આચમે; સ્મરે કુલદેવ ત્યાંય. ૧૨૯

વિપ્રદક્ષિણહસ્તમાં કહ્યાં પાંચ તીરથ;
વહ્નિતીર્થ કરમધ્યમાં, મૂલે બ્રાહ્મ પ્રકૃષ્ટ. ૧૩૦

તર્જન્યંગુષ્ઠમધ્યમાં પિતૃતીર્થ ત્યાં એમ;
અંગુલ્યગ્રે દેવતીર્થ, આર્ષ [12]કનિષ્ઠાધઃ તેમ. ૧૩૧

અનુક્રમે એથી કરે પ્રતિગ્રહાચમન
પિતૃદેવઋષિનું તથા નિત્ય તર્પણાર્ચન. ૧૩૨

કેશવ નારાયણ અને માધવ નામે તેમ
બ્રહ્મતીર્થથી આચમન કરી ત્રિવાર એમ; ૧૩૩

ગોવિંદ વિષ્ણુથી તથા પ્રક્ષાલી કર ત્યાંય,
મધુસૂદનત્રિવિક્રમે અંગુષ્ઠમૂલે આંહ્ય ૧૩૪

લૂછે હોઠ યથાવિધિ; પછી વામન શ્રીધર
અભિધાને મુખ વામકર પ્રોક્ષે દ્વિજ સત્વર. ૧૩૫

હૃષીકેશપદ્મનાભથી સ્પર્શે પદદ્વય તેમ,
દામોદરનામે તથા શીર્ષ યથાવિધિ એમ. ૧૩૬

સંકર્ષણે ત્ર્યંગુલિ થકી સ્પર્શે મુખ દ્વિજ ત્યાંય;
સાંગુષ્ઠતર્જની થકી નાસા બેથી આંહ્ય. ૧૩૭

વાસુદેવપ્રદ્યુમ્નથી સ્પર્શી નાસા તેમ,
સાંગુષ્ઠ અનામિકા થકી ચક્ષુશ્રુતિ[13] એમ, ૧૩૮

અનિરુદ્ધપુરુષોત્તમે સ્પર્શે ચક્ષુ ત્યાંય;
અધોક્ષજનૃસિંહથી કર્ણદ્વય પણ આંહ્ય. ૧૩૯

[14]સાલ્પાંગુષ્ઠે નાભિને અચ્યુતનામે તેમ,
જનાર્દને કરતલ થકી સ્પર્શે હૃદય સપ્રેમ. ૧૪૦

સર્વાંગુલિથી શીર્ષ ત્યમ ઉપેંદ્રનામે ત્યાંય;
બાહુમૂલ કરાગ્રથી હરિકૃષ્ણથી આંહ્ય. ૧૪૧

આચમનવિધિ એ કહ્યો દ્વિજાતિ માટે એમ,
સંધ્યાવંદન હોમ ને અન્ય કર્મમાં તેમ. ૧૪૨

૧. ઉત્તરમુખ. ૨. કાછડી કાઢ્યા વિના. ૩. લીલા ઘાસ પર. ૪. ઝાડના મૂળમાંની. ૫. લોંદો. ૬. લીલા આમળા જેવડો. ૭. વીર્ય જતાં. ૮. બ્રહ્મચારી. ૯. વાનપ્રસ્થ. ૧૦. પ્રમાણ; માપ. ૧૧. આચમન કરે. ૧૨. કનિષ્ઠિકાની નીચે. ૧૩. કાન. ૧૪. કનિષ્ઠિકા ને અંગુષ્ઠથી.

ચતુર્થ્યંત કેશવાદિથી [1]સંબુધ્યા વા આંહ્ય,
એકાચમન નમોન્તથી ચોવીસ નામે ત્યાંય, ૧૪૩

દ્વિરાચમન પણ એ થકી આદિઅંતમાં તેમ,
અસંભવે કેશવાદિથી ત્રણે પીએ જલ એમ. ૧૪૪

બેથી કર પ્રક્ષાળીને સ્પર્શે કર્ણ સદાય;
એમ સંધ્યાદિક વિષે કહ્યું સંક્ષિપ્ત આંહ્ય. ૧૪૫

શૂદ્રાદિકસ્પર્શે તથા સ્નાને [2]વાંતો તેમ,
ફલાશને ભોજન વિષે સ્મશાનાગમે એમ; ૧૪૬

પાદક્ષાલનાન્તે તથા કરે દ્વિરાચમ[3] આંહ્ય,
હોય ન પાણી પાસ તો સ્પર્શે કર્ણ સદાય. ૧૪૭

ભક્તિભાવથી જે કરે સદા આચમન તેમ;
પીડે દૈન્ય ન તેમને, થાય સુખી નર એમ. ૧૪૮

કહ્યું દંતધાવનવિધિ મુખશુદ્ધિયર્થે આંહ્ય;
ત્યજી પર્વદિન પ્રતિપદા ષષ્ઠી નોમ સદાય, ૧૪૯

રવિમંગલદિન દ્વાદશી, શ્રાદ્ધદિવસ પણ તેમ,
કરે કાષ્ઠદાતણ સુધી; મૃણ્મય [4]તદ્દિને એમ. ૧૫૦

કંટકિદ્રુમ કેતકી નારીકેલ [5]ખર્જૂર;
તત્કાષ્ઠે દાતણ કરે, થાય ચંડાળ ક્રૂર. ૧૫૧

ખેર ઉદુંબર વટ અને અપામાર્ગ [6]કરંજ.
લે દાતણમાં તો કદિ રહે ન એને રંજ. ૧૫૨

દ્વાદશાંગુલ બ્રાહ્મણે, ક્ષત્રે નવ આંગળ,
અષ્ટાંગુલ વૈશ્યે તથા શૂદ્રે છ આંગળ; ૧૫૩

લઈ કાષ્ઠ યથાવિધિ કરે દંતધાવનઃ
આયુર્બલં....મંત્રથી કરે કાષ્ઠછેદન; ૧૫૪

મુખદુર્ગંધિ....મંત્રથી ચાવી ચાવી તેમ
દાતણ કરી નૈર્ઋત્યમાં ફેંકે ચીરી એમ; ૧૫૫

કરી કોગળા બાર ત્યાં, દ્વિરાચમન પ્રસિદ્ધ;
પ્રાતઃસ્નાન કરે સુધી, થાય સકલાર્થ સિદ્ધ. ૧૫૬

વધે તેજ બળ આયુ ને પ્રજ્ઞા મેધા[7] તેમ;
થાય દેવતા વશ સહુ પ્રાતઃસ્નાને એમ. ૧૫૭

થાય નષ્ટ દુઃસ્વપ્ન ને પામે સૌભાગ્ય સુખ;
હૃષ્ટિ પુષ્ટિ આરોગ્ય; ને રહે ન ક્યાંએ દુઃખ. ૧૫૮

હરે દારિદ્રય શોક ને ચિંતા પાતક તેમ;
પ્રાતર્મધ્યાહ્ને કરે સ્નાન ગૃહસ્થી એમ. ૧૫૯

વાનપ્રસ્થ યતિ વ્રતી કરે સ્નાન ત્રિકાલ,
[8]સકૃત્ બ્રહ્મચારી તથા; કહ્યો શાસ્ત્રનિર્ધાર. ૧૬૦

સંકટકાલ અશક્તિમાં કરે મંત્રથી સ્નાન,
આપોહિષ્ઠા...દિ ત્રણથી માર્જન કરી વિદ્વાન. ૧૬૧

વાયુસ્નાન ગોરજ થકી, ભસ્મે અગ્નિસ્નાન;
ભૌમસ્નાન માટી થકી, કરે અશક્ત સુજાણ. ૧૬૨

સૂર્યકિરણવર્ષાબુથી દિવ્યસ્નાન પણ ત્યાંય;
માનસસ્નાન કહ્યું વળી વિષ્ણુધ્યાનથી આંહ્ય. ૧૬૩

પિતૃપાદજલપ્રોક્ષણે ગુરુદર્શનથી તેમ,
તીર્થસ્નાનફળ નિશ્ચયે, રોગાદિકમાં એમ. ૧૬૪

ચંડાલસ્પર્શે તથા મૈથુનાન્તમાં તેમ,
જલસ્નાન વિણ શુદ્ધિ ના શાસ્ત્રસંમત એમ. ૧૬૫

શૂદ્રસ્પર્શે દૃઢતનુ કરે વારિથી સ્નાન;
[9]રુગ્ણાશક્તાદિક તિહાં કરે મંત્રાદિસ્નાન. ૧૬૬

અશક્ત ઉષ્ણોદક થકી; અન્ય શીતથી ત્યાંય;
ઉષ્ણવારિ ગૃહસ્થને કહ્યું વિશેષે આંહ્ય. ૧૬૭

ગૃહસ્નાનમાં આચમન ના અઘમર્ષણ તેમ;
ના તર્પણ સંકલ્પ વા [10]વસ્ત્રનિષ્પીડન એમ. ૧૬૮

આપોહિષ્ઠા...દિ ત્રયે ગાયત્રીથી તેમ,
અભિમંત્રી શીતોષ્ણ જલ લે સ્નાનાર્થે એમ. ૧૬૯

અંતે માર્જન આચરે, ગૃહસ્નાનવિધિ એહ
કહ્યો શાસ્ત્રસંમત અહીં ના કરશો સંદેહ. ૧૭૦

પુત્રોદ્ભવ ગ્રહણાદિમાં સૂતકશ્રાદ્ધે ત્યાંય,
વ્રતપર્વાહે ઉષ્ણજલસ્નાન નિષિદ્ધ આંહ્ય. ૧૭૧

માંગલ્યોત્સવમાં તથા કરે ન શીતસ્નાન;
પ્રવાહાભિમુખ નદ વિષે, બીજે [11]પ્રાઙ્મુખસ્નાન. ૧૭૨

[12]સપવિત્ર મૌની સદા શિખાબદ્ધ દ્વિજે ન્હાય;
માર્જનાઘમર્ષણ કરે તર્પણાચમન ત્યાંય. ૧૭૩

પ્હેરે સમંત્ર તે પછી શુષ્ક વસ્ત્ર સપ્રેમ;
અપવિત્રઃ પવિત્રો વા...થકી સ્મરે વિષ્ણુને એમ. ૧૭૪

નિષિદ્ધ મંગલસ્નાનને રવિવાસર જ્વરપ્રદ;
કાન્તિહાનિ સોમે તથા [13]ભૌમે મરણ દુઃખદ. ૧૭૫

બુધવારે શ્રીલાભ ને હાનિપ્રદ ગુરુવાર;
પુત્રહાનિ શુક્રે, શનૌ સંપદ્લાભ અપાર. ૧૭૬

મંગલસ્નાન કરે સહુ જાણી સશાસ્ત્ર એમ;
ન્હાય ન સધવા શીર્ષથી હંમેશાં ત્યાં તેમ. ૧૭૭

સ્મરણ કરી ગંગા તણું, ભીને વસ્ત્રે દેહ
લૂછે અશક્ત ભક્તિથી; લભે સ્નાનફળ તેહ. ૧૭૮

૧. સંબોધને. ૨. વાંતિ થતાં. ૩. બે વખત આચમન. ૪. પર્વાદિદિને. ૫. ખજૂરી. ૬. કણઝી. ૭. ધારણશક્તિ. ૮. એકવાર. ૯. રોગી. ૧૦. વસ્ત્ર નિચોવવું. તે (જાતે). ૧૧. પૂર્વાભિમુખ. ૧૨. દર્ભ પવિત્ર સહ. ૧૩. મંગળવાર.

રક્ત મલિન કાષાય વા જીર્ણ દગ્ધ વાસસ્,[૧]
પ્હેરે એકજ શ્વેત વા, હરે પુણ્ય રાક્ષસ. ૧૭૯

શ્વેતવસ્ત્ર ઉપવસ્ત્ર સહ પ્હેરે બ્રાહ્મણ તેમ;
[૨]પરિધાનોત્તર ભસ્મ પણ કરે સમંત્ર એમ. ૧૮૦

ભસ્માભાવે મૃત્તિકા દ્વારાવતીની ત્યાંય;
તદભાવે ગંગા તણી, પુંડ્ર કરે લઈ આંહ્ય. ૧૮૧

[૩]પુષ્ટિકામ અંગુષ્ઠથી કરે પુંડ્રધારણ,
મધ્યમાંગુલિથી તથા આયુષ્કામ પ્રસન્ન. ૧૮૨

આપે અન્ન અનામિકા, મોક્ષ તર્જની તેમ;
થાય પાતકી નખ થકી કરતાં ધારણ એમ. ૧૮૩

પુંડ્ર દશાંગુલ શ્રેષ્ઠ ત્યાં, મધ્યમ અષ્ટાંગુલ;
અધમ ષડંગુલ નિશ્ચયે; જાણી કરે ન ભૂલ. ૧૮૪

[૪]યથાચાર મૃદ્ધારણા, કહું નિયમ પણ ત્યાંય;
કેશવનામે સર્વદા કરવી લલાટ માંહ્ય. ૧૮૫

નારાયણથી નાભિ પર, માધવ વક્ષઃસ્થલ;
ગલે ગોવિંદથી તથા વિષ્ણુ દક્ષકૂખ પર. ૧૮૬

મધુસૂદન નામે કરે દક્ષ બાહુ પર એમ;
દક્ષકર્ણ ત્રિવિક્રમે પુંડ્રધારણા તેમ. ૧૮૭

વામકુક્ષિ પર વામને, વામભુજે શ્રીધર;
વામકર્ણ હૃષીકેશથી, પૃષ્ઠ પદ્મનાભ વર. ૧૮૮

દામોદરથી મસ્તકે શુકલપક્ષમાં એમ;
સંકર્ષણાદિકથી તથા કૃષ્ણપક્ષમાં તેમ. ૧૮૯

ઊર્ધ્વપુંડ્ર [૫]માટી થકી કરી સપ્રેમ ત્યાંય,
કરે ભસ્મે યથાવિધિ; હરિહર સંતુષ્ટ થાય, ૧૯૦

મળે ભુક્તિ મુક્તિ તથા એકભક્તિથી એમ;
ના હરિહર જુદા નકી, એકરૂપ બે તેમ ! ૧૯૧

માંગલિક કાર્યાદિમાં કરે ભસ્મ ના ત્યાંય;
સૂતકાદિકમાં તથા વર્જ્ય મૃત્પુંડ્ર આંહ્ય, ૧૯૨

તર્પણસંધ્યાદિક મહીં લેવા દર્ભ પવિત્ર;
કહ્યા દશવિધ એ નકી, કહું સાંભળો ચિત્ર. ૧૯૩

કુશ કાશ યવ ને [૬]ઉશીર, ઘઉં વ્રીહિ તૃણ તેમ,
દૂર્વા કુંદર[૭] મુંજ એ દશવિધ દર્ભો એમ. ૧૯૪

નિત્ય નવા એ લાવવા; અથવા શ્રાવણઅમાસ
લાવી સમંત્ર સંગ્રહે, એ પણ તાજા ખાસ. ૧૯૫

પવિત્રાર્થ કરમાં ગ્રહે વિપ્ર ચાર, ત્રણ ક્ષત્ર;
વૈશ્ય બે તથા શૂદ્ર પણ એક દર્ભ શુભ અત્ર. ૧૯૬

અપાર મહિમા દર્ભનો; મૂલે રુદ્ર સદાય,
અગ્રે વિધિ મધ્યે હરિ, અઘહર પવિત્ર ત્યાંય. ૧૯૭

હણે દૈત્યને હરિ યથા ગ્રહી ચક્ર કર માંહ્ય,
હણે રાક્ષસોને ગ્રહી શૂલ સદાશિવ આંહ્ય; ૧૯૮

ગ્રહી વજ્ર દેવેંદ્ર ત્યાં પાડે પર્વત જેમ,
દર્ભપવિત્ર હણે તથા પાતક અશેષ એમ. ૧૯૯

તૃણાદ્રિને અગ્નિ યથા કરે સ્પર્શથી ભસ્મ,
તેમ દર્ભપવિત્ર આ કરે [૮]પાપાદ્રિ ભસ્મ. ૨૦૦

બ્રહ્મયજ્ઞાદિક વિષે ગ્રંથિયુક્ત મત તેમ,
ગ્રંથિવર્જિત ભોજને ધારે પવિત્ર એમ. ૨૦૧

ધારે બેઉ કર વિષે [૯]પ્રાદેશમાત્ર પવિત્ર;
કપૂરને અગ્નિ યથા, બાળે અઘને ચિત્ર. ૨૦૨

દાને જપહોમાદિમાં સ્વાધ્યાયમાં તેમ,
સ્વર્ણરૌપ્યમુદ્રા[૧૦] તથા સપવિત્ર વર એમ, ૨૦૩

દૈવે સૌવર્ણી કહી, રૌપ્ય પિતૃકર્મ માંહ્ય;
અનામિકામાં સ્વર્ણની, રૌપ્ય તર્જની માંહ્ય. ૨૦૪

[૧૧]ખડ્ગમુદ્રા ટચલીએ, રૌપ્ય તર્જનીએ તેમ,
[૧૨]જીવત્પિતૃકને નહીં; યોગપટ્ટ[૧૩] પણ એમ. ૨૦૫

ગયાશ્રાદ્ધ ને પાદુકા ઉત્તરીય પણ વર્જ્ય
જીવત્પિતૃકને કહ્યું, સૂણો હે ઋષિવર્ય ! ૨૦૬

નવરત્નાંકિત મુદ્રિકા, એકાન્વિત વા તેમ,
ધારે દ્વિજ કરમાં સદા; સર્વ પાપહર એમ. ૨૦૭

પ્રાતઃસંધ્યા ત્રિવિધ ત્યાં; નક્ષત્રયુત ઉત્તમ;
લુપ્તતારકા મધ્યમા, સૂર્યસહિત અધમ. ૨૦૮

સાયંસંધ્યા પણ તિહાં, ભાસ્કરયુત ઉત્તમ;
લુપ્તભાસ્કર મધ્યમા તારકોપેત[૧૪] અધમ. ૨૦૯

અર્ધયામ[૧૫] મધ્યાહ્નથી [૧૬]મધ્યસંધ્યા ઉત્તમ
એકયામ લગી મધ્યમા, સાર્ધયામે અધમ. ૨૧૦

વિહિતકાલથી અન્યથા સંધ્યાચરણ નિષ્ફળ;
ચૂકે કાળ ન સર્વદા માટે વિદ્વદ્વર. ૨૧૧

બાંધી શિખા, પવિત્ર સહ, દ્વિરાચમન કરી તેમ;
પાંચ આંગળથી ગૂહી ગ્રહે નાસિકા એમ. ૨૧૨

૧. વસ્ત્ર. ૨. વસ્ત્ર પહેર્યા પછી. ૩. પુષ્ટિની ઇચ્છાવાળો. ૪. પોતાના સંપ્રદાય પ્રમાણે. ૫. ગોપીચંદનાદિ. ૬. વાળો. ૭. પોઈ. ૮. પાપનો પહાડ. ૯. હથેલી જેવડું. ૧૦. વીંટી. ૧૧. જેમાં રત્નાદિ બેસાડેલું હોય તે. ૧૨. જેનો બાપ જીવતો હોય તેને. ૧૩. મૃગછાલાદિ યોગીઓને વાપરવા યોગ્ય વસ્ત્ર. ૧૪. તારાયુક્ત ૧૫. અડધા પહોર સુધી. ૧૬. મધ્યાહ્નસંધ્યા.

અનામિકાંગુષ્ઠે તથા અન્ય આશ્રમી ત્યાંય;
પ્રાણાયામ યથાવિધિ કરે સુસાવધ આંહ્ય. ૨૧૩

મૂકી સુપાત્ર જલભર્યું વામહસ્ત આગળ,
માર્જન અઘમર્ષણ પછી કરે યથાવિધિ નર. ૨૧૪

[1]ભિન્ન, દ્વિમુખ, મૃણ્મય કહ્યું પાત્ર વર્જ્ય ત્યાં તેમ;
સ્વર્ણરૌપ્યતામ્રાદિનું વિહિત[2] કાષ્ઠનું એમ. ૨૧૫

માર્જનાઘમર્ષણ થકી પરવારીને ત્યાંય,
ત્રણ અર્ઘ્ય ગાયત્રીથી આપે રવિને આંહ્ય. ૨૧૬

અધિક એક[3] કાલાત્યયે; સ્હાંજે બેઠાં એમ;
દ્વાદશાંગુલ જલાંજલિ ઊંચી કરીને તેમ. ૨૧૭

સૂણો અર્ઘ્યકારણ કહું: તે ત્રીસ કરોડ ત્યાંય
મન્દેહનામે રાક્ષસો કરે વિઘ્ન સદાય ૨૧૮

સૂર્યોદયમાં દુષ્ટ એ; થતાં વિઘ્ન ત્યાં એમ,
થાય લુપ્ત કર્મો; રહે દેવ ઉપોષિત તેમ. ૨૧૯

નાશ થાય જગનો તથા ! માટે અર્ઘ્યો આંહ્ય
દેવા, વજ્રોપમ થઈ હણે દૈત્યને ત્યાંય. ૨૨૦

બ્રહ્મકુલોદ્ભવ દૈત્ય એ, લાગે હત્યા તેમ;
માટે ભૂમિપ્રદક્ષિણા કરવી અંતે એમ. ૨૨૧

અસાવાદિત્યો બ્રહ્મ કહી ફરતાં વર્તુલ તેમ,
બ્રહ્મહત્યાથી તથા થાય મુક્ત નર એમ. ૨૨૨

સંધ્યાવંદનનું ગૃહે પુણ્ય એકગુણ આંહ્ય;
દશગુણ બ્હાર, નદી વિષે શતગુણ એથી ત્યાંય. ૨૨૩

પુષ્કરાદિક તીર્થમાં પુણ્ય સહસ્રગુણ તેમ;
ગંગાદિકમાં અમિતગુણ, કહે પરાશર એમ. ૨૨૪

સુરાપાન મૈથુન દિવા અનૃતાદિઅઘનાશ
થાય બહિઃસંધ્યા થકી; જપનું તેમજ ખાસ. ૨૨૫

ગૃહે એકગુણ ફલદ એ, નદીકિનારે [4]ત્રિઘ્ન;
દશગુણ વનગોષ્ઠાદિમાં, અગ્ન્યાલયે શતઘ્ન. ૨૨૬

તીર્થે સહસ્રગુણ નકી, અનંત હરિહર પાસ;
દુઃખ અયશ ઋણ નિશ્ચયે કાષ્ઠાસનફળ ખાસ. ૨૨૭

દારિદ્ર્ય પર્ણાસન થકી, વ્યાધિ શિલાથી થાય;
[5]વશીકાર કુશાસને, રોગપાપક્ષય ત્યાંય; ૨૨૮

પ્રજ્ઞાયુર્વૃદ્ધિ તથા ! ભસ્મે રોગવિનાશ;
સૌખ્ય કંબલે, જ્ઞાન [6]કૃષ્ણાજિનપીઠે ખાસ. ૨૨૯

મોક્ષશ્રી વ્યાઘ્રાંબરે ! વ્યાહૃતિથી ત્યાં એમ
બેસી સુસ્થિર, ભૂમિને પ્રાર્થે સાવધ તેમ. ૨૩૦

ભૂત નિવારી, આત્મને ધ્યાય આત્મમાં ત્યાંય;
તદાકાર ગાયત્રીમાં થાય એકધી આંહ્ય. ૨૩૧

સ્મરી છંદ દૈવત ઋષિ કરે ન્યાસ સપ્રેમ;
દેખાડી મુદ્રા તથા, કરી ધ્યાનાદિ એમ. ૨૩૨

બેસી પ્રાઙ્મુખ મંત્ર ને અર્થે અનુસંધાન
રાખી, સોંકારવ્યાહૃતિ જપે શનૈઃ સુજાણ. ૨૩૩

વસ્ત્રાચ્છન્ન [7]સ્રજે તથા ગાયત્રીને એમ
નાસાગ્રાર્પિત દૃષ્ટિથી જપે સુસાવધ તેમ. ૨૩૪

થતાં પૂર્ણ જપ ભક્તિથી કરવા હૃદાદિન્યાસ;
રક્ષે ગાનારને યથા, કહી ગાયત્રી ખાસ. ૨૩૫

સર્વસંમત મંત્ર એ, પાપતાપહર તેમ;
મકાર મન [8]ત્રાણે ત્રકાર, મંત્રશબ્દાર્થ એમ. ૨૩૬

જકાર જન્મઘાતક નકી, પકાર પાપઘ્ન ત્યાંય;
જન્મપાપહર જપ તથા, સાધન શ્રેષ્ઠ સદાય. ૨૩૭

વેદમૂલ ગાયત્રી આ, સર્વસંમતા તેમ;
વેદપાઠફલ તજ્જપે, કરો ન શંકા એમ. ૨૩૮

જપે ન દ્વિજ ગાયત્રી જે સૂકરવત્ તજ્જન્મ;
તજ્જાપે સકલાર્થ ને પામે અન્તે શર્મ. ૨૩૯

ત્રણ અગ્નિ બ્રાહ્મણમુખે, કહ્યું એમ શ્રુતિ માંહ્ય;
માટે જપતાં જળ મહીં પ્રજ્ઞાહાનિ થાય. ૨૪૦

બેસી તેથી શુભાસને, જપે મંત્ર સુસ્થિર;
નાભિપાસ માળા ધરી પ્રાતઃકાલે ધીર. ૨૪૧

મધ્યાહ્ને હૃદયે તથા; સ્હાંજે મુખસંનિધ
ધરી માળ જપ આચરે, કરી એકાગ્ર ચિત્ત. ૨૪૨

ઊભે પ્રાતઃકાલમાં; મધ્યાહ્ને ઉન્મુખ[9]
ઊભે અથવા બેસીને, જપતાં થાએ સુખ. ૨૪૩

બેસીનેજ સ્હાંજરે, વૃક્ષાગ્રદૃષ્ટિ તેમ;
જપે નાસાગ્રનયનથી, વૃક્ષાભાવે એમ, ૨૪૪

જપે એકસો આઠ ગૃહી ત્રિકાલ સંધ્યા માંહ્ય;
વાનપ્રસ્થ યતિ ભક્તિથી જપે હજાર ત્યાંય. ૨૪૫

અષ્ટોત્તરશત [10]આર્ત ત્યાં, અઠ્ઠાવીસ વા તેમ;
હોય શક્તિ તો વધુ જપે, ના સંખ્યાગ્રહ એમ. ૨૪૬

૧. તડ પડેલું. પાત્ર એક ધાતુનું ને આચમની અન્ય ધાતુની એમ બે જુદા. ૨. શાસ્ત્રસંમત ૩. એક (વધારાનો) અર્ઘ્ય. ૪. ત્રણ ગણું. ૫. જેમાં સર્વ ઈંદ્રિયો ને મન સંપૂર્ણ નિરુદ્ધ રહે તેવી સ્થતિ. ૬. કાળા મૃગચર્મના આસન પર. ૭. માળાથી. ૮. રક્ષણમાં. ૯. ઊંચે મોંએ. ૧૦. બીમાર.

માનસ જપ ઉત્તમ કહ્યો, ઉપાંશુ મધ્યમ ત્યાંય;
વાચિક મોટેથી તથા, માન્યો કનિષ્ઠ આંહ્ય. ૨૪૭

પ્રતિપાદે થોભી જરા જપે ભક્તિથી તેમ;
સોંકારવ્યાહૃતિ તથા સર્વપાપહર એમ. ૨૪૮

કરશાખાસંખ્યાનથી[૧] પુણ્ય એકગુણ ત્યાંય;
અંગુલીપર્વે દશગણું, શંખે શતગુણ આંહ્ય. ૨૪૯

પ્રવાલસ્રજે સહસ્રગુણ, સ્ફટિકે દશ હજાર;
લક્ષ મૌક્તિકે, પદ્મથી દશલક્ષગુણ સાર. ૨૫૦

સ્વર્ણમણિથી કોટિગુણ, રુદ્રાક્ષે ના અન્ત;
દર્ભગ્રથિત ઉત્તમ તિહાં સ્રગ્ બહુપુણ્યપ્રદ ૨૫૧

લેવી સંસ્કારી તથા; થાય શબ્દ ના જેમ,
અંગુષ્ઠમધ્યમા થકી ખસેડવો મણિ તેમ. ૨૫૨

મેરુ ના ઉલ્લંઘવો; થાય ભૂલ જો ત્યાંય
પ્રાણાયામ ત્રય કરે; તેથી અઘ એ જાય. ૨૫૩

કરે નિયત ત્રણ દિવસ જે ગાયત્રીજપ એમ,
ત્રિવિધ પાપથી મુક્ત એ થાય નિશ્ચયે તેમ. ૨૫૪

સંધ્યાતિરિક્ત એકસો આઠ ગાયત્રી આંહ્ય
જપતાં લઘુપાપો સહુ થાય નષ્ટ ક્ષણ માંહ્ય. ૨૫૫

સ્રહસ્રજપે ઉપપાપનો થાય તેમ વિનાશ;
કોટિજપે મહાપાપનો થાય સંહાર ખાસ. ૨૫૬

જે જે ઇચ્છા મન વિષે થાય પૂર્ણ તે એમ;
લઈ દ્રવ્ય જપતાં કહ્યા દોષો અનેક તેમ. ૨૫૭

દ્રવ્ય લઈને જે જપે થાય તેહ ચંડાલ;
માટે મન દૃઢ કરી જપે, ખસે ન જેમ લગાર. ૨૫૮

જપતાં ના બોલે કદિ, જપે ન શૂદ્રસંનિધ;
ખજવાળે ના દેહ પણ, જપે ન તેમ ત્વરિત. ૨૫૯

દોષ એક પણ થાય જો કદિ અજ્ઞાને આંહ્ય,
સ્પર્શી શ્રોત્ર સ્મરતાં હરિ, દોષમુક્ત થવાય. ૨૬૦

જપકાલે ચંડાલનું થાતાં દર્શન તેમ,
દ્વિરાચમન કરે તહીં; થાય શુદ્ધ દ્વિજ એમ. ૨૬૧

પતિતાદિ સહ ભાષણે, વિણ સ્નાને ના શુદ્ધ;
માટે રાખી મૌન ત્યાં જપે સર્વથા બુદ્ધ. ૨૬૨

ના છૂટકે ભાષણ થતાં સ્વજાતીય સહ આંહ્ય,
તદ્વિષ્ણોઃ..... મંત્રે કહી શુદ્ધિ તત્કર્મ માંહ્ય. ૨૬૩

આવે નિદ્રા જો જપે, થાય વાછૂટ તેમ,
છીંક બગાસું ક્રોધ વા, કહ્યો દોષ ત્યાં એમ. ૨૬૪

જ્ઞાનેઽજ્ઞાને વા તથા થાય દોષ જો ત્યાંય,
સૂર્યધેનુદર્શન કરી સ્પર્શે કર્ણ સદાય. ૨૬૫

इदं विष्णुः મંત્રનો કરે જાપ સુસ્થિર,
તો જ નાશ એ દોષનો; સૂણો મુનિવર ધીર. ૨૬૬

મૈત્રમંત્ર સ્હવારમાં, સૌર મધ્યાહ્ન માંહ્ય;
વારુણ ક્રમથી સ્હાંજરે ઉપસ્થાનમાં ત્યાંય. ૨૬૭

સ્વસૂત્રોદિત મંત્ર ત્યાં જપે યથાવિધિ તેમ;
યથાચાર ગુરુને કરે અભિવાદન પછી એમ. ૨૬૮

દિશાદિશાપતિને કરી પરિક્રમાવંદન,
ગોત્રપ્રવરાદ્યુચ્ચાર સહ કરે ગુરુને નમન. ૨૬૯

સંધ્યા એમ કરી, ગૃહી ઔપાસન[૨] પણ સાર
વિવાહોર્ધ્વ નિયમે કરે પ્રાતઃસાયં દ્વિવાર; ૨૭૦

સાયંકાલથી આરભી કરે હોમ દ્વિવાર;
ઉદિત અનુદિત એ તિહાં પક્ષદ્વયાનુસાર. ૨૭૧

મૂકી ઠીબું ભૂ વિષે કરે હોમ ના ત્યાંય;
સંસ્કારીને કુંડ વા [૩]સ્થંડિલ સ્થાપી, માંહ્ય ૨૭૨

કરી અગ્નિની સ્થાપના, અસ્તોદયથી પ્રાક્
વેણુધમની[૪] વા [૫]વ્યજનથી ધમે હુતાશન દ્રાક્. ૨૭૩

પર્ણે ધમતાં વ્યાધિ ને [૬]શૂર્પે ધનક્ષય થાય;
હસ્તે મૃત્યુ, મુખે તથા આયુઃક્ષય [૭]મત ત્યાંય. ૨૭૪

વેણુધમનીથી ધમી, કરે પ્રજ્વલિત તેમ
શુષ્કકાષ્ઠથી અગ્નિ એ; અર્ચે વિધિવત્ એમ. ૨૭૫

જ્યાંથી જ્વાળા નીસરે, દેવી આહુતિ ત્યાંય;
હોમી સમિધા તે પછી દ્રવ્ય[૮] સુસંસ્કૃત આંહ્ય. ૨૭૬

સમિત્પુષ્પદૂર્વાદિ ત્યાં [૯]શૂદ્રાનીત [૧૦]સુગર્હ્ય;
વેચાતાં પણ નિંદ્ય ત્યાં ! હોમદ્રવ્ય આ વર્યઃ-[૧૧] ૨૭૭

નીવાર શાલિ [૧૨]યાવનાલ [૧૩]ગોધૂમ યવ તંડુલ;
ગોરસ મુખ્ય કહ્યું તિહાં, લેવું જો અનુકૂળ. ૨૭૮

હોમી સમિધા તે પછી સાઠ ધાન્યથી તેમ
દેવી પ્રથમાહુતિ તિહાં ઘૃતાપ્લુત સપ્રેમ. ૨૭૯

બીજી મોટી એ થકી; હોય ન ઘી જો ત્યાંય,
લેવું તલનું તેલ પણ; કહ્યા હોમ્ય[૧૪] તિલ આંહ્ય. ૨૮૦

ઉપસ્થાનાદિક કરી, કરી હોમ સંપૂર્ણ,
બ્રહ્મયજ્ઞ તર્પણ તથા કરવાં વિધિવત્ તૂર્ણ. ૨૮૧

મધ્યાહ્નસંધ્યાની પછી બ્રહ્મયજ્ઞનો કાળ;
અથવા વૈશ્વદેવ પછી; કરવો એક જ વાર. ૨૮૨

૧. ગણવાથી. ૨. હોમ. ૩. વેદી. ૪. વાંસની ભૂંગળી. ૫. પંખો ૬. સૂપડાથી. ૭. માન્યું છે. ૮. ચીજ; વસ્તુ ૯. શૂદ્રે આણેલા. ૧૦. અતિનિંદ્ય. ૧૧. શ્રેષ્ઠ. ૧૨. જુવાર. ૧૩. ઘઉં. ૧૪. હોમવા યોગ્ય.

શ્રેષ્ઠ જલાશયસંનિધે, કરવો માટે એમ;
યથાશક્તિ સ્વાધ્યાયમાં પઢે વેદ દ્વિજ તેમ. ૨૮૩

અનધ્યાયે અલ્પ પણ, સૂક્ત ઋચા વા આંહ્ય
પઢી, અંતમાં ત્રણ વાર નમો બ્રહ્મણે.....ત્યાંય. ૨૮૪

વૃષ્ટિરસિ....કહી તે પછી મૂકે અંજલિ એમ;
કરે તર્પણ તે પછી, કહું ઋષ્યાદિક તેમ. ૨૮૫

દર્ભ મુખ્ય તર્પણ મહીં, દેવ પ્રતિષ્ઠિત જ્યાંય;
દેવ પિતૃ ઋષિ જે થકી થાએ તૃપ્ત સદાય. ૨૮૬

બ્રહ્મયજ્ઞ દિવસે કરે; હોય ન જો અવકાશ,[૧]
જપતાં ત્રણ ગાયત્રી ત્યાં વેદપાઠફળ ખાસ. ૨૮૭

દેવતીર્થથી તે પછી કરે દેવતર્પણ
સકુશાગ્રયવજલ થકી; તેમ અન્ય તર્પણ. ૨૮૮

ના કરવું પાત્રે તથા, ના જલાશય માંહ્ય,
ના ભૂમિ પર ગેહમાં; નિષિદ્ધ તર્પણ ત્યાંય. ૨૮૯

દર્ભ ભૂ વિષે પાથરી કરવું તર્પણ તત્ર,
કરી ઉચ્ચાર નામનો ભક્તિપુરઃસર અત્ર. ૨૯૦

દેવી તિલયુક્ત અંજલિ યથોક્ત પિતૃને તેમ;
શિલા ભૂમિ કાષ્ઠાદિ પર ન રાખવા તલ એમ. ૨૯૧

રોમકૂપાદિક મહીં રાખેલા તલ આંહ્ય,
કૃમિપ્રાય નિષિદ્ધ એ; શંકાલેશ ન ત્યાંય. ૨૯૨

ગેહે તર્પણમાં કદિ ના લેવા તલ તેમ;
જલાશયાદિક સ્થાનમાં લેવા અવશ્ય એમ. ૨૯૩

ધૂમ્રવર્ણ ઋષિને કહ્યા, શ્વેત દેવને ત્યાંય;
કાળા તલ તર્પણ વિષે વિહિત પિતૃને આંહ્ય. ૨૯૪

[૨]ઉપવીતી સુરકાર્યમાં, ઋષિકર્મે નિવીત;[૩]
[૪]પ્રાચીનાવીતી સદા પિતૃકાર્યમાં સિદ્ધ. ૨૯૫

એક અંજલિ દેવને, બે બે ઋષિને તેમ;
ત્રણ ત્રણ પિતૃને સદા, અર્પે દ્વિજ સપ્રેમ. ૨૯૬

એક અન્ય સ્ત્રીને તથા, ત્રણ માતૃને ત્યાંય;
બે આચાર્યપત્નીને [૫]સાપત્નમાને આંહ્ય. ૨૯૭

શુક્લભૌમરવિવાસરે [૬]નંદાતિથિમાં તેમ.
મઘાતારકજન્મર્ક્ષમાં[૭] વર્જ્ય તિલતર્પણ એમ. ૨૯૮

સ્નાન પાદક્ષાલન વિના, તર્પણ તિલ વિણ તેમ,
શ્રાદ્ધ દક્ષિણા વિણ તથા, નિષ્ફળ ત્રણેય એમ. ૨૯૯

આશ્વિન કૃષ્ણ ચતુર્દશી, સવ્યાપસવ્યે ત્યાંય
કરે તિલતર્પણ સુધી યમનિમિત્તે આંહ્ય. ૩૦૦

પ્રતિનામે ત્રણ અંજલિ અર્પે નિયમે એમ;
યમ ધર્મરાજ મૃત્યુને અંતકનામે તેમ. ૩૦૧

વૈવસ્વત ને કાલ પણ સર્વભૂતક્ષય ત્યાંય,
ઔદુંબર દધ્ન નીલ ને પરમેષ્ઠીથી આંહ્ય. ૩૦૨

વૃકોદર ચિત્ર પછી કહ્યો ચિત્રગુપ્ત પણ તેમ;
પ્રતિનામે નદ્યાદિમાં કરવું તર્પણ એમ. ૩૦૩

થાય નષ્ટ પાપો સહુ, પીડે રોગ ન આંહ્ય;
શનિબાધા અપમૃત્યુ ના યમતર્પણથી થાય. ૩૦૪

માઘશુકલાષ્ટમીદિને કરે ભીષ્મતર્પણ,
વર્ષપાપ નાસે સહુ; તર્પણ પરમ પાવન. ૩૦૫

બ્રહ્મયજ્ઞતર્પણ કરી, મધ્યાહ્નસંધ્યા પૂર્ણ
કરે, યથાવિધિ આપીને અર્ઘ્યાદિક પણ તૂર્ણ. ૩૦૬

દ્વિજાચાર અશેષ આ ભુક્તિમુક્તિપ્રદ જાણ;
કહે શ્રીગુરુ વિપ્રને, મા શંકા કર આન. ૩૦૭

અલખ નિરંજનને કહે, આગળ અપૂર્વ **રંગ**;
દેવપૂજનાદિકવિધિ કથે ગુરુવર અભંગ ! ૩૦૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે આચારાધ્યાયે પરાન્નદોષવર્ણનાદિ નામ નવતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૯૦ ॥ દોહરા ૩૦૮(ખંડ પારાયણ પાંચમો દિવસ)

અધ્યાય ૯૧

વદે નિરંજનઃ- અલખ હે ! થયું તે પછી કેમ ?
કહે શ્રીગુરુ વિપ્રને આગળ શું શું તેમ ? ૧

અલખ કહેઃ-શ્રીગુરુ નકી ત્રિમૂર્ત્યવતાર ખાસ;
ધર્મવર્ણને તેહને શો મોટો પ્રયાસ ? ૨

આપી જ્ઞાન જે હીનને વેદ વદાવે તેમ,
ભક્તકામકલ્પદ્રુમ વદે દયાર્ણવ એમ. ૩

કહે વિપ્રને શ્રીગુરુઃ- ગૃહી નિત્ય ઘર માંહ્ય
અગ્નિમંથનકાષ્ઠને રક્ષે અવશ્ય ત્યાંય. ૪

૧. વખત; ફુરસદ. ૨. હંમેશની માફક જનોઈ રાખીને. ૩. હાથ કાઢી નાંખી, માત્ર કોટમાં જનોઈ રાખીને. ૪. ડાબો હાથ અંદર ઘાલી. ૫. સાવકી મા. ૬. પડવો છઠ એકાદશી નંદા; બીજ સતામ ને બારસ ભદ્રા; ત્રીજ આઠમ ને તેરશ જયા; ચોથ નોમ ને ચૌદશ રિક્તા; પાંચમ દશમ ને પૂનમ પૂર્ણા. ૭. જન્મનક્ષત્રમાં

રાખે શાલગ્રામ ત્યાં, ઘી ચંદન તલ તેમ,
કૃષ્ણાજિનાદિ; તેહને બાધે દુરિત ન એમ. ૫

શુક પક્ષી ને યત્નથી રક્ષે સારસ જાણ;
સર્વપાપહંત્રી તથા પાળે ધેનુ સુજાણ. ૬

લીંપી [1]સંમાર્જન કરી નિત્ય ગેહને તેમ,
નિયત દેવપૂજન કરે; થાય સુખી નર એમ. ૭

કાંસ્યપાત્ર સંમાર્જને કીધું સુવર્જ્ય ત્યાંય,
મૃણ્મય તામ્રાદિક ભલું ધાતુપાત્ર સદાય. ૮

વામહસ્તથી ના કદિ કરવું લીંપણ તેમ;
કન્યાનવવધૂશૂદ્રના હાથે પણ કદિ એમ. ૯

આરંભે નૈર્ઋત્યથી રે' ન આંતરો જેમ;
જરૂર પડે જો રાતરે, કેવળ ભસ્મે તેમ. ૧૦

રંગોળીથી દેવઘર કરી સુશોભિત નિત્ય,
બેસી શુભાસને કરે દેવપૂજન સપ્રીત્ય. ૧૧

ત્રિકાલ સંધ્યા વિપ્રને, દેવપૂજન પણ તેમ;
અશક્તિમાં પ્રાતઃ કરે વિધિવત્ પૂજન એમ. ૧૨

મધ્યાહ્ને પંચોપચાર; રાતે નીરાજન
કરે, મંત્રપુષ્પાંજલિ અર્પે વિધિવત્ જન. ૧૩

ઉક્તકાલમાં ના બને ભોજનકાલે તેહ
દેવાર્ચન પ્રીતે કરે, યથાવકાશે એહ. ૧૪

કરે ન પૂજન જે તથા સહે ઉગ્ર યમદંડ,
નરક નિરંતર ભોગવે, પામે દુઃખ પ્રચંડ. ૧૫

જલાર્કાગ્નિપૂજન થકી રીઝે નારાયણ;
કરવું શ્રદ્ધાભક્તિથી વા માનસપૂજન. ૧૬

શ્રેષ્ઠ પૂજન એ નકી સ્વર્ગમોક્ષપ્રદ જાણ;
સ્થંડિલપૂજા મધ્યમા, કનિષ્ઠ પ્રતિમા માન. ૧૭

મંદબુદ્ધિને એ નકી પ્રતિમાપૂજન આંહ્ય;
અથવા પૂજે ધેનુને, બ્રાહ્મણને વા ત્યાંય. ૧૮

ગુર્વર્ચન ઉત્તમ નકી ચતુર્વર્ગપ્રદ એમ;
રીઝે ત્રિમૂર્તિ જે થકી, સકલાભીષ્ટદ તેમ. ૧૯

ગુરુ ત્રિમૂર્તિ શ્રુતિસ્મૃતિ કરે સકલ પોકાર;
માટે અનન્ય ભક્તિથી કરે તદર્ચન સાર. ૨૦

મનઃસ્થૈર્યાર્થે હરિ કલિમાં શાલગ્રામ
નિર્મે ચક્રાંકિત તિહાં; કરવું તદર્ચન આમ. ૨૧

અથવા ગુર્વાજ્ઞા લઈ પૂજે પ્રતિમા તેમ,
વેદમંત્રવિધાનથી નિષ્કપટે દ્વિજ એમ. ૨૨

પૌરાણિક મંત્રે તથા ગુરૂક્ત માર્ગે જાણ
પૂજે સ્ત્રીશૂદ્રાદિ એ, વેદાનધિકૃત[2] માન. ૨૩

ગુર્વાજ્ઞાથી કાષ્ઠ વા પૂજે, પથ્થર તેમ;
થાય દેવ એ નિશ્ચયે; રીઝે ભાવે એમ. ૨૪

બેસી શુદ્ધાસન વિષે કરવો પ્રાણાયામ;
યેભ્યો માતા....મંત્રથી ધોઈ ગંધ તમામ, ૨૫

મૂકી સંકલ્પ ન્યાસ પણ કરવા વિધિવત્ તેમ;
દેવદક્ષિણે [3]કલશને સ્થાપે યથોક્ત એમ. ૨૬

દેવવામભાગે તથા સ્થાપી શંખ સુજાણ,
ઘંટા દક્ષિણભાગમાં, અર્ચે ક્રમથી માન. ૨૭

નૈર્ઋત્યે [4]નિર્માલ્યનું કરી વિસર્જન ત્યાંય,
ધૌત વસ્ત્ર મૂકી, અખંડ દીપ ઉજાળે આંહ્ય. ૨૮

મન વચન કાયા થકી કરી ગુરુને વંદન,
પ્રથમ પીઠપૂજન કરી, કરે દ્વારપૂજન. ૨૯

સ્વાત્મસ્થ ચૈતન્ય ને દેવ એકસ્વરૂપ
ચિંતી ધ્યાને, ભક્તિથી પૂજે એ અનુરૂપ. ૩૦

પ્રથમ ઋચા પુંસૂક્તની, તેથી આવાહન;
બીજીથી આસન અને તૃતીયે પાદ્યાર્પણ. ૩૧

અર્ઘ્ય ચોથીથી, આચમન પાંચમીથી એમ;
સ્નાન છઠ્ઠીથી, હોય તો પંચામૃતથી તેમ. ૩૨

પુરુષરુદ્રસૂક્તાદિથી કરી અભિષેક આંહ્ય,
ઘંટારવ કરી આચમન અર્પે સ્નાનાંત ત્યાંય. ૩૩

સ્થાપી સ્નાનાંતે તથા પીઠે પ્રતિમા તેમ,
સપ્તમ ઋચાથી વસ્ત્ર ને દે આચમન એમ. ૩૪

આઠમીથી ઉપવીત ને આચમન સપ્રેમ;
ગંધાક્ષત નવમી થકી, પુષ્પ દશમીથી તેમ. ૩૫

ઉત્તમ [5]સ્વારામજ તિહાં, મધ્યમ વન્ય[6] કુસુમ;
વેચાતાં નિઃસંશયે જાણ પુષ્પ અધમ. ૩૬

અન્યાભાવે ગ્રાહ્ય એ લેવાં પ્રોક્ષી તેમ;
શ્વેત પુષ્પ ઉત્તમ તિહાં અર્પે ભાવે એમ. ૩૭

રક્ત પીત મધ્યમ કહ્યાં, કૃષ્ણ ચિત્ર કનિષ્ઠ;
વાસી સછિદ્ર નિંદ્ય ત્યાં, ત્યાજ્ય સ્વયં પતિત. ૩૮

પદ્મ બિલ્વ તુલસી તથા થાય ન વાસી જાણ;
સદા શુદ્ધ ગંગાબુવત્ કહ્યાં ગ્રાહ્ય એ માન. ૩૯

પદ્મ બકુલ ચંપક અને નાગકેસર પાટલ[7]
જાઈ મોગરો [8]કલ્હાર ને કરવીર[9] જાણ અમલ. ૪૦

૧. પાણીમાં નહીં જેવું છાણમાટી નાંખી આંગણા વગેરેમાં રોજ છાંટી આપવું તે. ૨. વેદને માટે અનધિકારી. ૩. લોટો. ૪. વાસી ફૂલ વગેરે. ૫. પોતાના બગીચામાં જાતે ઉછેરેલાં. ૬. પોતાની મેળે વનમાં થએલાં. ૭. લાલ ફૂલ. ૮. શ્વેત કમળ. ૯. કરણ.

અર્કપુષ્પ શ્રીવિષ્ણુને ચઢાવતાં સ્વનાશ;
ધત્તૂરે પ્રજ્ઞા અને થાય વિત્તનો નાશ. ૪૧

ગિરિકર્ણિકા[૧] પુષ્પથી થાય કુલક્ષય તેમ;
કંટાળીપુષ્પે તથા શોક કરણથી એમ. ૪૨

કુટજપુષ્પથી દુઃખ ને રોગ શાલ્મલી માંહ્ય;
એમ વિચારી વિષ્ણુને પુષ્પ ચઢાવે ત્યાંય. ૪૩

શંકરાર્ચનમાં કહ્યાં વર્જ્ય પુષ્પ આ તેમઃ-
કપિત્થ શ્યામા કેતકી શશાંક કરંજ એમ. ૪૪

ધાતકી નિમ્બ માધવી બકુલ દાડિમપુષ્પ;
કૃષ્ણરક્ત નાર્પે કદિ, પ્રેષ્ઠ[૨] શ્વેત ત્યાં પુષ્પ. ૪૫

ગણેશાર્ચને તુલસીને વર્જે યત્ને તેમ;
દૂર્વા દુર્ગાર્ચન મહીં કહ્યાં ત્યાજ્ય ત્યાં એમ. ૪૬

પુષ્પાર્પણ કીધા પછી ધૂપ અર્પવો જાણ
અગીયારમી ઋચા થકી; દીપ બારમીથી માન. ૪૭

તેરમીથી નૈવેદ્ય ને ચૌદમીથી તાંબૂલ
ફલ દક્ષિણા સહ અર્પીને, નીરાજન પ્રફુલ્લ ૪૮

અર્પે પંદરમી થકી; પુષ્પાંજલિ પણ તેમ
અર્પી સોળમીથી તિહાં, નમે દંડવત્ એમ. ૪૯

પૃષ્ઠે અંતર્ગૃહ વિષે સંમુખભાગે જાણ
કરે નમસ્કાર ન કદા; કહું ત્યાંય વિધાન. ૫૦

કરી પ્રથમ પ્રદક્ષિણા કરે પછી વંદન;
માતૃપિતૃગુરુસંનિધે જઈ નમે તત્ક્ષણ. ૫૧

જોઈ દ્વિજને આવતો સ્હામે જઈ પ્રણામ
કરે ભક્તિથી; એકધા ભરી સભામાં આમ. ૫૨

જ્ઞાનવૃદ્ધ સુવંદ્ય ત્યાં વયોવૃદ્ધ પણ એમ;
વિદ્યાવયથી ન્યૂન જે વંદનયોગ્ય ન તેમ. ૫૩

સમિત્પુષ્પાક્ષત અને કુશધર્તાને જાણ
નમે પ્રાજ્ઞ ન; જો સ્વયં તાદૃશ, વિશેષ માન. ૫૪

સ્નાનાદિકપ્રવૃત્ત જે, ક્રુદ્ધ દોડતો તેમ,
ધનગર્વિત ડાઘુ અને મૂરખ વંદ્ય ન એમ. ૫૫

એકહાથથી વિપ્રને નમે ન કદિએ જાણ;
જોડી કરદ્વયને નમે, યથા દેવને માન. ૫૬

ગીતવાદ્યનૃત્યાદિથી પછી દેવને તેમ
સંતોષી, સ્તોત્રાદિથી કરે પ્રાર્થના એમ. ૫૭

અર્ચી સનકાદિક પછી, કરે મંત્રજપ ત્યાંય;
ઉત્તરપૂજા આચરી, પછી વિસર્જન આંહ્ય. ૫૮

સ્થાપે સ્વસ્વાન્તે તથા દેવ ભક્તિથી તેમ;
ભુક્તિમુક્તિ પામે સહુ, કરતાં અર્ચન એમ. ૫૯

વૈશ્વદેવ કરે પછી પંચસૂનાઘ્ન આંહ્ય;
મૂકી સંકલ્પ ભાતને ઘૃતસંસ્કૃત કરી ત્યાંય, ૬૦

પ્રજ્વાળી અગ્નિ પછી કુંડે વિધિવત્ તેમ,
ધ્યાઈ હોમે એક ભાગ જ્વાળા માંહે એમ. ૬૧

દ્વિતીય ભાગથી બલિહરણ, તૃતીયે પિતૃદાન;
ચતુર્થથી શ્વકાકને કરે તૃપ્ત દ્વિજ જાણ. ૬૨

પંચમ ભાગ સનકાદિને અર્પે ભાવે એમ;
ઘૃતતંદુલફલઆદિથી અન્નાભાવે તેમ. ૬૩

વૈશ્વદેવકાલે તથા આવે, અતિથિ તેહ;
હોય ચોર ચંડાલ પણ, કરવો સુતૃપ્ત એહ. ૬૪

કહે દૂતને યમઃ- અરે ! વૈશ્વદેવ ના જ્યાંય,
ના આતિથ્ય અતિથિનું, અન્નદાન ના જ્યાંય, ૬૫

તદ્ગૃહસ્થ જનને અહીં લાવો સત્વર એમ;
દંડું સારી રીતથી ! છે વિષ્ણવાજ્ઞા તેમ. ૬૬

જે ગેહે અતિથિ તણો થાય નિત્ય સત્કાર,
ના જાવું ત્યાં સર્વથા; વંદ્ય એહ નિર્ધાર !! ૬૭

માતૃપિતૃઘાતક તથા આવે ભલે [૩]શ્વપાક,
અન્ન અર્પવું તેહને યથાશક્તિ ત્યાં દ્રાક્. ૬૮

ના જોતાં કુલગોત્ર ત્યાં કરવો બ્રાહ્મણ તૃપ્ત;
જતાં વિમુખ અતિથિ તથા, થાય પિતર સંતપ્ત[૪]. ૬૯

વૈશ્વદેવપૂર્વે યદિ આવે અતિથિ એમ,
દેતાં ભિક્ષા એહને વૈશ્વદેવફળ તેમ. ૭૦

સ્વયં વિસર્જે ના બલિ,[૫] કરે પરહસ્તે તેમ;
કરતાં સ્વહસ્તે તથા કરે ચાંદ્રાયણ એમ. ૭૧

બલિવિસર્જન વિણ જમે, થાય દોષી એ જાણ;
પ્રાણાયામ છ ત્યાં કરે દોષમુક્ત્યર્થ માન. ૭૨

નાખે કાકબલિ આંગણે, દે ગૈયાને ઘાસ;
નિત્યશ્રાદ્ધ કરે પછી, પિંડાદિક[૬] વિણ ખાસ. ૭૩

ગોદોહમાત્ર આંગણે જુએ રાહ સુસ્થિર
અતિથિની; એ આવતાં પૂજે ભાવે ધીર. ૭૪

શ્રાન્ત ક્ષુધિત જો હોય તો અર્પે સ્વન્ન સદાય;
સ્હાંજે પણ અતિથિ તણી જુએ રાહ એ ત્યાંય. ૭૫

આવે વિપ્રોત્તમ તિહાં, પૂજે યત્ને તેમ;
તત્તોષે અગ્ન્યાદિ સહુ થાય તુષ્ટ સુર એમ. ૭૬

૧. વિષ્ણુક્રાંતા. ૨. અત્યંત પ્રિય. ૩. કૂતરાનું માંસ રાંધી ખાનાર; અંત્યત નીચ અંત્યજ. ૪. ક્રુદ્ધ. ૫. બલિહરણ. ૬. પિંડ. અગ્નૌકરણ, દક્ષિણા, બ્રહ્મચર્યાદિ રહિત.

તત્પાદક્ષાલન થકી થાય પિતૃગણ તુષ્ટ;
તદ્‌ભોજનથી વિધિહરિહર તુષ્ટ ને હૃષ્ટ. ૭૭

બ્રહ્મચારી યતિ ગૃહ વિષે આવે જ્યારે તેમ,
અન્નાર્પણથી તેહને અમિત પુણ્ય ત્યાં એમ. ૭૮

ગ્રાસમાત્ર અન્નાર્પણે મેરુદાનસમ ત્યાંય;
આદ્યંતે સ્વલ્પાંબુ ત્યાં અબ્ધિદાનવત્ થાય. ૭૯

પ્રાપ્ત અતિથિને ત્યાગીને જમે દ્વિજાધમ જેહ,
પામી શ્વયોનિ તે પછી થાએ ગર્દભ એહ. ૮૦

અર્પી ભોજન અતિથિને, બાલવૃદ્ધ સહ તેમ
લે ભોજન; ના કદિ કરે પંક્તિભેદ ત્યાં એમ. ૮૧

હસ્તપાદમુખ ધોઈને આર્દ્રપંચકે[૧] ત્યાંય
કરતાં ભોજન મૌનથી થાય શતાયુ આંહ્ય. ૮૨

જમે પૂર્વમુખ સર્વદા, વાળી પલાંઠી તેમ;
ચતુષ્કોણ મંડલ કરી વિપ્ર ભસ્મથી એમ. ૮૩

ત્રિકોણ મંડલ ક્ષત્રાને, ગોળ વૈશ્યને જાણ;
અર્ધચંદ્રવત્ શૂદ્રને કહ્યું સુમંડલ માન. ૮૪

વસુરુદ્રાદિત્યાદિનું કરી આવાહન ત્યાંય,
મૂકી પાત્ર ઉપર પછી જમે સુસાવધ આંહ્ય. ૮૫

મંડલ વિણ જમતાં, હરે તદન્નરસ ત્યાં હન્ત
ભૂતપિશાચાદિક અહીં; માટે કરે મહન્ત. ૮૬

ભોજન પ્રાઙ્‌મુખ શ્રેષ્ઠ ત્યાં, મધ્યમ પશ્ચિમમુખ;
[૨]ઉદઙ્‌મુખ પિતૃકાર્યમાં, કામ્યે દક્ષિણમુખ. ૮૭

નિષિદ્ધ [૩]વિદિઙ્‌મુખ કહ્યું ! કહું પાત્ર પણ ત્યાંય;
સ્વર્ણરૌપ્ય સુશ્રેષ્ઠ પદ્મપલાશદલ આંહ્ય. ૮૮

તામ્રપાત્ર વર્જે ગૃહી, અન્ય ધાતુ યતિ તેમ;
તામ્રસ્ફટિકકાષ્ઠાશ્મમય શ્રેષ્ઠ યતિને એમ. ૮૯

ગર્ભપત્રો કેળના મધ્યપત્રા પાલાશ,
વલ્લીપત્રો જો જમે, કરે ચાંદ્રાયણ ખાસ. ૯૦

વટાર્કાશ્વત્થાદિના પત્રો જમતાં તેમ,
ચાંદ્રાયણ વિણ શુદ્ધિ ના; માટે વર્જે એમ. ૯૧

લોહમૃણ્મયપાત્રમાં ભૂવસ્ત્રો પણ જાણ,
જમે દ્વિજાતિ તે નકી જાય નરકમાં માન. ૯૨

મુખ્ય પાત્ર કાંસાતણું કહ્યું ગૃહીને આંહ્ય;
જમતાં ત્યાં બલ આયુ ને વધે પ્રજ્ઞા યશ ત્યાંય. ૯૩

પંચમાનથી અધિક એ લેવું, ન્યૂન ન એમ;
સ્વર્ણપાત્રસમ એ નકી ષોડશમાનક તેમ. ૯૪

યતિ [૪]વર્ણી વિધવાસ્ત્રીને કાંસ્યપાત્ર સુવર્જ્ય;
અભ્યંગસ્નાન તાંબૂલ પણ કહ્યું નિષિદ્ધ સુગર્હ્ય. ૯૫

એરંડપત્ર નિષિદ્ધ ત્યાં શ્વચર્મથી પણ જાણ;
ભિન્ન કાંસ્યભાજન તથા નિષિદ્ધતમ તું માન. ૯૬

પતિતસમીપે ના કરે ભોજન, સ્હાંજે તેમ;
શૂદ્રભુક્તશેષાન્ન ના જમે સદ્વિપ્ર એમ. ૯૭

શ્રાદ્ધદિને રાતે તથા જમે ન બચ્ચાં સાથ;
આપોશનજલ નિજ કરે લે કદિએ ન સુજાત. ૯૮

અભ્યંગાપોશન સ્વયં કરે ન નિજનું જાણ;
બુદ્ધિમાંદ્ય કહ્યું તિહાં; કરે પરકરે માન. ૯૯

તેમ સ્વમંડલ ના કદિ કરે સ્વહસ્તે આંહ્ય;
પુત્રઘાત કરતાં તથા, આયુઃક્ષય પણ થાય. ૧૦૦

[૫]પરિવેષણકાલે કરી નમન, પછી અભિઘાર[૬]
પીરસી [૭]પાયસ તે પછી અન્ય અન્ન નિર્ધાર. ૧૦૧

ગાયત્રીમંત્રે પછી પ્રોક્ષે અન્ન સકલ;
સમંત્ર પરિસિંચન કરે વિધિવત્ ત્યાં સત્વર. ૧૦૨

દક્ષભાગે ચિત્રાહુતિ અર્પે સમંત્ર તેમ;
કરી વિસર્જન તે પછી ધુએ હાથ દ્વિજ એમ. ૧૦૩

વામહસ્તની તર્જનીમધ્યમાંગુષ્ઠે ત્યાંય
પકડી ભોજનપાત્ર ત્યાં લે આપોશન આંહ્ય. ૧૦૪

પીએ સમંત્ર એ તથા; આપોશન વિણ તેમ,
લે બીજું જલ જો કરે, શ્વમૂત્રસમ એ એમ. ૧૦૫

આપોશન કરમાં ગ્રહી નમે ન તેજ પ્રમાણ;
ના આશિષ દે; અન્ય પણ નમે ન તેને માન. ૧૦૬

બેઉ દૂષિત થાય ત્યાં; માટે મૌને એમ
મંત્રપૂર્વ જલ પી, મુખે દે પ્રાણાહુતિ તેમ. ૧૦૭

આપોશન વિણ જે જમે થાએ દૂષિત તેહ,
ગાયત્ર્યષ્ટોત્તરશત જપે શુદ્ધ દ્વિજ એહ. ૧૦૮

પ્રાણાહુતિવિધાન ત્યાં કહું શ્રુત્યુક્ત જાણ;
પ્રાણાગ્નિહોત્ર આ નકી સર્વપાપહર માન. ૧૦૯

અહં વૈશ્વાનરો.....તથા અન્નં બ્રહ્મા.....એમ
પઢી, અર્થાનુચિંતને જમતાં સુમુક્ત તેમ. ૧૧૦

તર્જન્યંગુષ્ઠમધ્યમાથી પ્રાણાહુતિ જાણ;
મધ્યમાનામિકાંગુષ્ઠથી અપાનાહુતિ માન. ૧૧૧

કનિષ્ઠાનામિકાંગુષ્ઠથી દે વ્યાનાહુતિ તેમ;
કનિષ્ઠાંગુષ્ઠતર્જનીથી ઉદાનાહુતિ એમ. ૧૧૨

૧. બે હાથ, બે પગ ને મોઢું એ પાંચ ભીનાં રાખી-ધોઈને. ૨. ઉત્તરમુખ. ૩. એકે દિશામાં નહિ તેમ અવ્યવસ્થિત. ૪. બ્રહ્મચારી ૫. પીરસતી વખતે. ૬. ઘી. ૭. દૂધપાક; ખીર

હોમે પંચાંગુલિ થકી સમાનાહુતિ ત્યાંય;
સ્પર્શ ન કરતાં દાંતથી, ગળે જીભથી આંહ્ય. ૧૧૩

કહ્યું મૌન પંચસ્થળે સકલાર્થપ્રદ એહ;
સ્નાને મૌન ન જો ધરે, હરે વરુણ ફળ તેહ. ૧૧૪

ગ્રહે મૌન હોમે તથા, નહિ તો લક્ષ્મી જાય;
જમતાં મૌન ન જો ગ્રહે, અપમૃત્યુ ત્યાં થાય. ૧૧૫

અસંભવે, પ્રાણાહુતિ સુધી પણ ગ્રહે તેહ;
જીવત્પિતૃક ના ગ્રહે જયેષ્ઠભ્રાતૃક[૧] પણ એહ. ૧૧૬

શ્રાદ્ધભોજને સર્વને કહ્યું મૌન અવશ્ય;
માટે વર્તે જાણીને, રાખી જીભ સ્વવશ્ય. ૧૧૭

[૨]દ્રવમધુરાન્ન પ્રથમ લે, મધ્યે અમ્લકઠણ;
તિક્તદ્રવ અંતે તથા ખાતાં પચે તત્ક્ષણ. ૧૧૮

વ્યત્યાસે બલહાનિ ત્યાં; પીએ ધેનુ જલ જ્યાંય
તાવત્કાલ કહે સુધી ભોજન માટે આંહ્ય. ૧૧૯

આઠ ગ્રાસ સંન્યાસીને, સોળ વનીને આંહ્ય;
બત્રીસ ગૃહસ્થને કહ્યા, વર્ણી યથેષ્ટ ખાય. ૧૨૦

માય મુખ મહીં તેવડા લેવા મધ્યમ જાણ;
પડતાં ઉચ્છિષ્ટ પાત્રમાં, ઉચ્છિષ્ટભોજન માન. ૧૨૧

ભક્ષી ગ્રાસાર્ધ અર્ધ જે મૂકે પાત્રે તેમ,
ખાય ફરીથી એ તથા, કરે ચાંદ્રાયણ એમ. ૧૨૨

એક પાત્રમાં અન્ય સહ જમે ન તે જ પ્રમાણ;
બાળક સાથે દોષ ના, દોષ અન્યથા માન. ૧૨૩

ઘૃત પાયસ ને લવણ વિણ ખાવું સર્વ સશેષ;[૩]
પકડી પાત્ર ન છોડવું, નહિ તો ગ્રહે ન લેશ. ૧૨૪

વીંટી લુગડું મસ્તકે, જોડા આગળ તેમ,
જમવું ના કદિ; રાક્ષસો હરે અન્નરસ એમ. ૧૨૫

મૂકી કર [૪]વામાંઘ્રિ પર જમતાં રોગી તેહ;
પહોળી આંગળીથી જમે, માંસાશનવત્ એહ. ૧૨૬

ગજાશ્વરૂઢો ના જમે, દેવાલયમાં તેમ;
સ્મશાન શયનાગારમાં જમે ન કદિએ એમ. ૧૨૭

કરે અન્ન લઈ ખાય ના, આર્દ્રવસ્ત્ર પણ તેમ;
મૂકી કર ઘુંટણ બહાર જમે ન કદિએ એમ. ૧૨૮

સ્નાન વિના ન જમે કદિ, કીટાશનવત્ એહ;
પર્ણપૃષ્ઠ પર ના જમે; ના અંધારે તેહ. ૧૨૯

બૂઝાતાં દીવો તિહાં, સ્મરી સૂર્યને ત્યાંય
પ્રગટાવી ફરીથી તથા, જમે પૂર્વવત્ આંહ્ય. ૧૩૦

હોય અન્ન જે પાત્રમાં ખાય તેટલું તેમ;
બીજું લઈ જમતાં તહીં, થાય દોષી નર એમ. ૧૩૧

કેશસ્પર્શે અન્ન એ ત્યજવું તેજ પ્રમાણ;
કરવી વાતો ના તિહાં, જોવું ન આ તે માન. ૧૩૨

રાખે સ્ત્રી માટે તથા શેષ અન્ન ત્યાં એહ,
નહિ તો દૂષિત એ નકી; ના ખાતાં સ્ત્રી તેહ. ૧૩૩

દેવસંનિધે ના જમે, ના શૂન્યગૃહ માંહ્ય;
ના જલ પાસે, ના તથા સંધ્યાસમયે આંહ્ય. ૧૩૪

પીરસનારી સ્ત્રી તણું જુએ વદન ના તેમ;
વિવાહાન્યકાલે તથા જમે ન સ્ત્રી સહ એમ. ૧૩૫

પીતાવશિષ્ટ ફરી પીએ, જાણ મદ્યવત્ એહ;
પીએ વસ્ત્રે વારિ વા, જાય નરકમાં તેહ. ૧૩૬

પીએ સશબ્દ જલ તથા ફૂત્કારે વા તેમ,
ખાય પાયસાદિક તથા સુરાપાનસમ એમ. ૧૩૭

ઊભે પાણી જે પીએ, મુખે જઈ જલ માંહ્ય,
ખોબેખોબે વા પીએ; જાણ મદ્યસમ આંહ્ય. ૧૩૮

વામહસ્તસ્થપાત્રથી, બેસી [૫]શયને તેમ,
સભા મહીં એકાસને, જાણ મદ્યસમ, એમ. ૧૩૯

[૬]ભિન્નપાત્રમાં અન્ન ના અર્પે તે જ પ્રમાણ;
જમતાં શ્વાન રજસ્વલા જુએ ચંડાલ ન માન. ૧૪૦

હીન જાતિનો શબ્દ પણ સૂણે ન જમતાં એહ;
સૂણતાં મુખાન્ન ત્યાગીને ઊઠે તત્ક્ષણ તેહ. ૧૪૧

દળણખાંડણનો તથા સંભળાએ ધ્વનિ જ્યાંય,
ચાલે ગાળો કલહ વા, જમે ન તાવત્ ત્યાંય. ૧૪૨

અજાણ્યાને પંક્તિમાં લઈ જમે ના તેમ;
ભસ્માદિથી આંતરો કરતાં દોષ ન એમ. ૧૪૩

કૃષ્ણવસ્ત્રાર્પિત તથા અન્ન દોષકર જાણ;
કચ્છહીનાર્પિત કહ્યું ઉચ્છિષ્ટવત્ ત્યાં માન. ૧૪૪

એમ વિચારી જ્ઞાનીએ લેવું ભોજન આંહ્ય;
મૂકી ઉચ્છિષ્ટ ભૂ વિષે, લે આપોશન ત્યાંય. ૧૪૫

ઉત્તરાપોશનાર્ધજલ નાંખી ઉચ્છિષ્ટ પર,
ઊઠી બ્હાર જઈ કરે છ ગંડૂષ[૭] સત્વર. ૧૪૬

ધુએ હાથમુખ તે પછી, પૂર્વે ધોતાં દોષ;
કરતાં સાફ મુખ તર્જનીથી રૌરવ સુરરોષ. ૧૪૭

ધોઈ હાથ તથા કરી દાંત સાફ સત્વર,
દર્ભપવિત્ર નૈર્ઋત્યમાં દે ફેંકી દ્વિજવર. ૧૪૮

૧. જેનો મોટો ભાઈ જીવતો હોય તે. ૨. પ્રવાહી ને ગળ્યું; ખીર વગેરે. ૩. શેષ રાખીને. ૪. ડાબો પગ. ૫. બીછાના પર. ૬. ફૂટેલ. ૭. કોગળા;

ધોઈ હાથપગ આચમન કરી, હસ્તજલ અત્ર
ક્ષિપ્ર લગાડે નેત્રને, અક્ષિરોગ અન્યત્ર. ૧૪૯

દ્વિરાચમન કરી પછી યથોક્તમંત્રે જાણ,
હાથ ફેરવી નાભિ પર, દ્વિરાચમન ફરી માન. ૧૫૦

સ્મરણ અગસ્ત્યાદિક તણું કરી ભાવથી એમ,
હાથ તપાવે વહ્નિ પર; સાંભળ દ્વિજવર તેમ. ૧૫૧

હોય બાપ જો જીવતો, જ્યેષ્ઠ ભાઈ વા ત્યાંય,
લૂછી વસ્ત્રે કર તથા કરવા સુશુષ્ક આંહ્ય. ૧૫૨

સ્મરણ કરી શ્રીગુરુ તણું, સ્મરે કુલદેવ જાણ;
ભોજનવિધિ શાસ્ત્રોક્ત આ સુખકર તે જ પ્રમાણ. ૧૫૩

વદે વિપ્રઃ-શ્રીગુરુ કહો નિષિદ્ધાન્ન પણ તેમ;
બોલે શ્રીગુરુઃ- વિપ્ર હે ! સાંભળ તું સપ્રેમ. ૧૫૪

વૈશ્વદેવ વિણ અન્ન જે, બહુક્ષારયુત તેમ,
વર્જ્ય [1]ગણાન્ન કહ્યું વળી, શ્વેતવંતાક એમ. ૧૫૫

લસણ ડુંગળી ગાજરો, [2]કુત્સિતોત્થ છત્રાક;[3]
નૂતન જલ ત્રણ દિવસ ત્યાં વર્જે એમ સુદ્રાક્. ૧૫૬

નવપ્રસૂત ગવાદિનું દૂધ દશ દિન તેમ;
દગ્ધ અન્ન વર્જે તથા, નખકેશયુત એમ. ૧૫૭

ગોમૂષકમાર્જાર [2]મુખસ્પૃષ્ટ વર્જ્ય સદાય;
કુક્કુટાદિસ્પૃષ્ટ વા [4]ઉચ્છિષ્ટસ્પૃષ્ટ ત્યાંય. ૧૫૮

પીરસવાનું કડછીથી પીરસે હાથે એમ;
કડછીથી [5]કરદેય પણ, ત્યાજ્ય અન્ન એ તેમ. ૧૫૯

તીખું તમતમતું તથા વાસી સુત્યાજ્ય તેહ;
દુગ્ધતૈલઘૃતપકવ જે ના વાસીમાં એહ. ૧૬૦

વડાં લાડુ ઘાણી ચણા કંદમૂલાદિ તેમ
ના પર્યુષિત[6] તે કદિ, પાપડાદિ પણ એમ. ૧૬૧

વેચે ગોરસ વિપ્ર જે ત્યજવું યત્ને તેહ;
તિલમિશ્રાન્ન ભક્ષે દિવા, ત્યજે રાતરે એહ. ૧૬૨

[7]ધાત્રીફળ કૂષ્માંડ[8] ને પટોલ[9] બીલાં તેમ,
મૂળા પણ પડવે કદિ ના ભક્ષે દ્વિજ એમ. ૧૬૩

ત્યજે ઉદુંબર આઠમે; રાતે ધાત્રીફળ જાણ,
સમમીએ રવિવાસરે વિશેષ કરીને માન. ૧૬૪

ત્યજે બિલ્વ શુક્રે તથા, શનિવારે શમીફળ;
ખાતાં, લક્ષ્મી તેહની નાસે જો સત્વર. ૧૬૫

રાત્રે ધાત્રીફળ તથા ખાતાં પ્રજ્ઞાનાશ;
સાતમ રવિવારે કહ્યો વીર્યનાશ ત્યાં ખાસ. ૧૬૬

ભોજનોત્તર વિપ્રને આપી તાંબૂલ જાણ
સોપારી ચૂનાદિ સહ, ભક્ષે સ્વયં સુજાણ. ૧૬૭

એક ક્રમુક[10] દાને સુખી, કહ્યા નિષ્ફળ બે ત્યાંય;
ત્રણ મહાભાગ્યદ નકી, ચાર દુઃખપ્રદ આંહ્ય. ૧૬૮

પ્રજ્ઞાયુર્વર્ધક તથા પાંચ ક્રમુક ત્યાં એમ;
ના દેવા કદિ છ અહીં, જાણ મૃત્યુપ્રદ એમ. ૧૬૯

પર્ણમૂલ વ્યાધિદ કહ્યું, ખાવું ના કદિ જાણ;
અગ્રાશનથી પાપ ને જીર્ણે હાનિ પ્રમાણ. ૧૭૦

પર્ણપૃષ્ઠભક્ષણ થકી થાય બુદ્ધિનો નાશ;
પર્ણદ્વય ઐશ્વર્યનો કરે વિનાશ ખાસ. ૧૭૧

પર્ણ વિના [11]પૂગાશને પામે દુઃખ અપાર;
સપ્ત જન્મ દારિદ્રય ને અંતે અજ્ઞાન કાળ. ૧૭૨

વર્ણી યતિ વિધવા અને રજસ્વલા પણ તેમ,
ખાય પાન તે માંસમદ્યાશનવત્ ત્યાં એમ. ૧૭૩

પુરાણાદિ સૂણે પછી; સાયંસંધ્યા ક્ષિપ્ર
સ્હાંજે વિધિવત્ આચરી, કરે હોમાદિ વિપ્ર. ૧૭૪

હોય અપેક્ષા તો ગ્રહે ક્ષીરમિશ્રાન્ન ત્યાંય
મધ્યરાત પહેલાં સુધી; ના જડાન્ન કદિ આંહ્ય. ૧૭૫

રાતે પ્રહર સુધી પછી કરી વેદઅભ્યાસ,
સૂએ વિધિવત્ કર્મ સહુ અર્પી હરિને ખાસ. ૧૭૬

પીપળ ઔદુંબર તથા જંબૂપ્લક્ષ[12] ગજદંત
અસ્થિવિનિર્મિત ખાટલો કહ્યો નિંદ્ય અત્યંત. ૧૭૭

જીર્ણકાષ્ઠ ત્રિપાદ વા કહ્યો સુદૂષિત તેમ;
એ વિણ બીજું લાકડું લઈ શુભદિને એમ, ૧૭૮

કરવો યત્ને ખાટલો યથાનુકૂલ પ્રમાણ;
ધનિષ્ઠા ભરણી મૃગ તિહાં વર્જ્ય નક્ષત્ર માન. ૧૭૯

રવિવારે મહાલાભ ત્યાં, સોમે મહાસુખ થાય;
મહાદુઃખ ભૌમે તથા, પીડા બુધે સદાય. ૧૮૦

પુત્રલાભ ગુરુવાસરે, શુક્રે વિશેષ તેમ;
શનિવારે મૃત્યુ નકી; જોઈ ભરવો એમ. ૧૮૧

સૂએ પ્રાક્શિર નિજગૃહે, પ્રવાસે પશ્ચિમશિર;
દક્ષિણશિરે શ્વશુરાલયે, [13]વિદિક્ કદિએ ન ધીર. ૧૮૨

૧. ઘણાં પાસે એકઠું કરીને રાંધેલું. ૨. ખરાબ જગ્યાએ ઊગેલું. ૩. બિલાડીનો ટોપ વગેરે. ૪. એંઠાએ સ્પર્શ કરેલું. ૫. હાથથી પીરસવાનું ૬. વાસી. ૭. આમળાં. ૮. ભૂરૂં કોળું, કંટાળું ૯. પટોળાં; પંડોળા ૧૦. સોપારી-પાનબીડું. ૧૧. સોપારી ખાવાથી ૧૨. પીપળી. ૧૩. વિરુદ્ધ દિશા (i) ઉત્તર દિશા (ii) કોઈપણ દશા ન હોય તેમ વાંકાં. અવ્યવસ્થિત.

પાણીનો લોટો તથા રાખી મસ્તક પાસ;
રાત્રિસૂક્ત પઢે પછી, સ્મરે વિષ્ણુને ખાસ. ૧૮૩

અગસ્ત્ય હરિ મુચકુંદને આસ્તિક કપિલ સુજાણ
સ્મરી, સર્પસ્તુતિ આચરી, થાય શયનવશ માન. ૧૮૪

જીર્ણાલય તરુતલ વિષે, દેવાલયમાં તેમ,
દેવ આગળ, માર્ગમાં, ના સૂએ કદિ એમ. ૧૮૫

માતૃપિતૃગુરુના તથા શયનસ્થાનમાં જાણ,
[1]વલ્મીકજલસંનિધ વળી જલાશયાગ્રે માન; ૧૮૬

ઘોરસ્થલે સ્મશાનમાં ભગ્નગેહમાં તેમ,
[2]સ્વાદુ વસ્તુ પાસે તથા સૂએ ન ધાન્યે એમ. ૧૮૭

પલંગમાં ગુરુસંનિધે ના સૂએ કદિ એહ;
[3]અવેષ્ટિતશિર નગ્ન વા આર્દ્રવસ્ત્ર વા તેહ. ૧૮૮

સૂએ વ્યોમતળે ન એ, બળતે દીવે તેમ;
રજોદર્શનપ્રાક્ તથા પછી ચાર દિન એમ ૧૮૯

ના સૂએ સ્ત્રી સહ કદિ; સૂએ નિવીત જાણ;
જોતાં ભગ સ્ત્રીનું નકી, થાય આયુઃક્ષય માન. ૧૯૦

માટે દીપ ન રાખવો સૂતાં સ્ત્રી સહ તેમ;
શ્વેતવસ્ત્ર પહેરે સતી શયનકાળમાં એમ. ૧૯૧

નીલવસ્ત્રાવૃત્ત તણા સંગે ઉપજે જેહ,
પિંડ નિંદ્ય ચંડાલસમ; તેથી શ્વેત શુભ એહ. ૧૯૨

થયું રજોદર્શન ન જ્યાં, કરવો સંગ ન ત્યાંય;
વિના [4]સંસ્કાર સંગ ત્યાં કરતાં દૂષિત થાય. ૧૯૩

વંધ્યા બહુપ્રજ વૃદ્ધ વિણ અન્ય સ્ત્રીને તેમ
ત્યજી ઋતુકાલ વિષે જતાં કંથ પરગામ એમ, ૧૯૪

ભ્રૂણહત્યાદોષથી થાએ સુલિપ્ત જાણ;
વિરક્તને ના દોષ એ મુક્તિકામ જે માન. ૧૯૫

[5]તુર્યદિને સંગે તથા પુત્ર અલ્પાયુ થાય;
કન્યા પંચમ દિન વિષે, છઠ્ઠે પુત્ર સુકાય. ૧૯૬

કન્યા એકી દિવસમાં, પુત્ર બેકી દિન માંહ્ય;
સોળ દિવસ ઋતુકાળ ત્યાં જોવું ચંદ્રબળ ત્યાંય. ૧૯૭

મૂલ મઘા રેવતી વિષે વર્જ્ય સ્ત્રીસંગ જાણ;
પર્વદિને દિવસે તથા કરે ન બુધજન માન. ૧૯૮

કરવો ક્રોધ ન બેઉએ, રહેવું પ્રસન્ન ત્યાંય;
જેવી વૃત્તિ નિષેકમાં, પિંડ તેહવો થાય. ૧૯૯

બોલે શ્રીગુરુ વિપ્રને; દ્વિજાચાર આ શ્રેષ્ઠ;
કહે પરાશરમુનિ તથા, માને ઋષિમુનિ પ્રેષ્ઠ. ૨૦૦

વર્તે તત્સમ જે અહીં, દૈન્ય તેહને ક્યાંય ?
કામધેનુ શ્રી તદ્ગૃહે; દેવવંદ્ય એ આંહ્ય ! ૨૦૧

પુત્રપૌત્રયુત મોદથી જીવે શતાબ્દ એહ;
કાળભીતિ ન એહને, થાએ જ્ઞાની તેહ; ૨૦૨

કાળમૃત્યુ ન તેહને, ક્યાં અપમૃત્યુ ત્યાંય ?
માટે આચરી તું તથા, રહે સુખી દ્વિજ આંહ્ય ! ૨૦૩

સૂણી વચન એ ગુરુ તણાં, પડે ચરણમાં તેહ;
કહેઃ- ધન્ય ઉપદેશ આ ! ત્રિમૂર્તિ તું નરદેહ. ૨૦૪

કરુણાર્ણવ શ્રીગુરુ થયો ભક્તકાજ અવતીર્ણ;
જ્ઞાનજ્યોત ઉજાળી આ, કર્યું અજ્ઞાન વિદીર્ણ !! ૨૦૫

એમ કહી વંદન કરે ફરી ગુરુપદે એહ;
કહે સંતુષ્ટ શ્રીગુરુઃ- મા કર દ્વિજ સંદેહ. ૨૦૬

કહ્યો આચાર જે તને વર્તી તેમ સુજાણ,
ત્યજી પરાન્ન સુખી રહે; રહેશે દૈન્ય ન માન. ૨૦૭

જે જે ઇચ્છા ઉર વિષે થશે પૂર્ણ તે તેમ;
સુતકન્યાદિક પામીને અન્તે મુક્તિ એમ. ૨૦૮

એવો વર પામી તિહાં, ગયો તુષ્ટ દ્વિજ ઘેર;
કરી કર્મ તથા, અભીષ્ટ પામ્યો ન થતાં દેર. ૨૦૯

ગુરુલીલા પાવન નકી એવી નિઃસંદેહ;
તરે **રંગ** યચ્છ્રવણથી, ભલે મૂઢ હો તેહ ! ૨૧૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે આચારાધ્યાયે દ્વિજાચારકથનં નામ એકનવતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૯૧ ॥ દોહરા ૨૧૦

અધ્યાય ૯૨

વિનયનમ્ર બોલે ફરી, શિષ્ય નિરંજન ત્યાંયઃ-
ગુરુલીલા આગળ કહો, લાગું અલખજી પાય. ૧

કર્યો વિપ્ર કૃતાર્થ એ; થયું તે પછી કેમ ?
અગમ્ય ગુરુમાહાત્મ્ય એ, કહો કૃપા કરી એમ. ૨

૧. રાફડો. ૨. મીઠી; ખાંડ વગેરે. ૩. માથે લુગડું વીંટ્યા વિના. ૪. ગર્ભાધાન સંસ્કાર. ૫. ચોથે દિવસે

અલખ કહેઃ- શાબાશ હે શિષ્ય શિરોમણિ ધન્ય !
ત્વન્નિમિત્તે લાભ આ થાય મને પણ અનન્ય. ૩

થઈ હતી વિસ્મૃતિ મને કિંચિત્કાળ સુજાણ,
થયું સ્મરણ તે સર્વનું; કહું ચિત્ર જો આન. ૪

ભાવિક લોકો આવીને ગાણગાપુર માંહ્ય;
શ્રીગુરુપ્રીત્યર્થે કરે બ્રાહ્મણભોજન ત્યાંય. ૫

આવે ભક્ત અનેકશઃ, વિપ્રારાધન તેમ
ચાલે નિત્ય; ન એક ત્યાં પડે ખાલી દિન એમ. ૬

કાશ્યપગોત્રી એકદા ભાસ્કરનામે એક
આવ્યો શ્રીગુરુદર્શને વિપ્ર દરિદ્રી છેક. ૭

લાવ્યો ગુરુભિક્ષાર્થ એ અલ્પ સામગ્રી સાથ
ત્રણ જણા પુરતી તિહાં, તંદુલાદિ વરજાત. ૮

આવી ભક્તિથી નમે શ્રીગુરુચરણે એહ;
બોલાવ્યો જમવા તદા ભક્તોએ દ્વિજ તેહ. ૯

મૂકી પોટલી મઠ વિષે વસ્ત્રાચ્છાદિત તેમ,
ગયો ભુક્ત્યર્થ એ તિહાં વિપ્ર ભાવથી એમ. ૧૦

આવી મઠમાં સ્હાંજરે કૃતાહ્નિક સદાય,
મૂકી પોટલી ઓશીકે ઊંઘે [1]નિર્ભર ત્યાંય. ૧૧

ચાલે પ્રતિદિન એમ ત્યાં, રોજ નિમંત્રણ જાણ;
આરાધનાર્થે ભક્તજન આવે અસંખ્ય માન. ૧૨

જાય રોજ જમવા તિહાં ભાસ્કર પ્રેમે એહ;
જોઈ કુટિલ જન ઓચરેઃ- અરે પેટભરુ તેહ ! ૧૩

આવી ગુરુને જમાડવા, પોષે સ્વપિંડ જાણ;
એક જણા પુરતું ન એ લાવ્યો સીધું માન. ૧૪

અનેક શિષ્યો ગુરુ તણા; સમારાધના કેમ
કરશે ? લાજ ન એહને આવે બકતાં એમ ? ૧૫

એક કહેઃ- ભિખારી રે ! સ્વયંપાક કરી આજ,
આપ મધુકરી સર્વને ! આવે તને ન લાજ ! ૧૬

હરામનું ખાઈ અહીં, રહ્યો પડી ખરસમ !
કહે સમારાધન કરીશ ! કર મોઢું આ ગમ !! ૧૭

નાના રીતે એમ ત્યાં કરે વિપ્ર ઉપહાસ;
સહી સર્વ ભાસ્કર તિહાં રહ્યો તોય ત્રણ માસ. ૧૮

માસત્રાય એવા ગયા; એક દિવસ ગુરુરાય
સૂણી મશ્કરી એ સ્વયં વદે કૃપાંબુધિ ત્યાંય ૧૯

બોલાવી નિજસંનિધે ભાસ્કરને એ ક્ષિપ્રઃ-
સ્વયંપાક કરી દે મને ભિક્ષા આજ, સુવિપ્ર ! ૨૦

ગુરુવચન એ સાંભળી, થયો તુષ્ટ દ્વિજ એહ;
મૂકી માથું પગ વિષે, ગયો દુકાને તેહ. ૨૧

શાકદ્વય [2]ચાળીસ પળા લઈ ઘી તણા તેમ,
આવી સ્નાન કરી કરે પાક શુદ્ધ થઈ એમ. ૨૨

ભક્ત અન્ય આવી તિહાં વદે ગુરુનેઃ- શર્વ !
ભિક્ષા આજે માહરી; કર્યું સિદ્ધ મેં સર્વ. ૨૩

બોલે શ્રીગુરુઃ- આજ ના ! સૂણી અન્ય દ્વિજ ત્યાંય
કહેઃ- ગયું મિષ્ટાન્ન હા ! પહોંચ્યો અધન કો હાય ? ૨૪

ચાલો જઈએ ઘેર ! એ સૂણી વદે ગુરુનાથઃ-
ના જાશો, અહીંયાં જ સહુ જમજો કુટુંબ સાથ. ૨૫

વિપ્ર વિચારે, મઠ મહીં હશે સામાન અત્ર;
પાક કરાવી સર્વને જમાડશે ગુરુ તત્ર. ૨૬

એમ વિચારી, હા કહી ગયા સર્વ સ્નાનાર્થ;
બોલે ભાસ્કરને ગુરુઃ- કર રસોઈ યથાર્થ. ૨૭

બોલાવ્યા દ્વિજ આજ બહુ, કર વિલંબ ના એમ;
આજ્ઞા પ્રમાણ, કહી કરે પાક શીઘ્ર એ તેમ. ૨૮

આવી સત્વર ગુરુ કને કહેઃ- પાક તૈયાર;
બોલે શ્રીગુરુઃ-વિપ્રને જા નોંતર તત્કાળ. ૨૯

આવ્યો દ્વિજ ગંગાતટે; વદે વિપ્રને ત્યાંયઃ-
કર્યો પાક મેં, સર્વને બોલાવે ગુરુરાય. ૩૦

કહે એહઃ- સહુનો થતાં પાક થાય નિત સ્હાંજ;
નથી આવતા જા અમે; જમાડ ગુરુને આજ. ૩૧

સૂણી વચન એવાં તદા, આવ્યો દ્વિજ ગુરુ પાસ;
કહેઃ- ન આવે વિપ્ર એ; જમશે સ્વગૃહે ખાસ. ૩૨

કરે મશ્કરી માહરી ! બોલે શ્રીગુરુ ત્યાંયઃ-
જમીશ આજે પંક્તિમાં વિપ્રો સહ એ આંહ્ય. ૩૩

બ્રાહ્મણ સાથે જો મને આપીશ ભિક્ષા એમ,
અંગીકાર કરું સુખે; નહિ તો ન ગ્રહું તેમ. ૩૪

બોલે ભાસ્કરઃ-શ્રીગુરો ! આજ્ઞા તારી પ્રમાણ;
આપું ભિક્ષા વિપ્ર સહ, વચન વંદ્ય તુજ માન. ૩૫

સ્વગત વિચારે એમ કહીઃ- થયો તીર્ણ આ ત્રીશ;
કોણ જાણે ? કરશે નકી સત્ય [3]સ્વોક્ત એ ધીશ ! ૩૬

એમ વિચારી ફરી વદે બદ્ધાંજલિઃ- હે નાથ !
સૂણી વચન મારું હસે ! ના આવે એ, તાત ! ૩૭

વદે અન્યને ત્યાં ગુરુઃ- મદાજ્ઞા થકી જાણ
જઈ સર્વને શીઘ્ર તું લાવ ભુક્ત્યર્થ માન. ૩૮

૧. ગાઢ. ૨. લગભગ અઢી શેર. ૩. પોતાનું બોલેલું

ગયો શિષ્ય દોડી તથા કહી ગુર્વાજ્ઞા તેમ;
આવ્યા સ્નાન કરી સહુ વિપ્ર મઠ વિષે એમ ૩૯

કહે શ્રીગુરુ એમનેઃ- કરો પત્રાળાં ક્ષિપ્ર;
સહ કુટુંબ આજે સહુ જમજો અહીંયાં વિપ્ર. ૪૦

ચતુઃસહસ્ર પત્રાવળી કરો શીઘ્ર સહુ આંહ્ય !
એમ કહી સદ્‌ગુરુ વદે ભાસ્કરને એ ત્યાંયઃ- ૪૧

કરૂં આજ આરાધના, સહ કુટુંબ સહુ વિપ્ર
આવો જમવા; એમ તું પ્રાર્થ આમને ક્ષિપ્ર. ૪૨

ગુર્વાજ્ઞાથી એમ એ પ્રાર્થે દ્વિજને ત્યાંય;
ખીઃ ખીઃ હસતા દ્વિજ વદેઃ-રે બોલાવે ક્યાંય ? ૪૩

એકેકને એકેક કણ દેવા શક્ત ન તેમ !
નોંતરતાં સહુને અરે કાં લાજે ના એમ ? ૪૪

બોલે વૃદ્ધોઃ- ના કરો નિંદા નાહક આંહ્ય;
ગુર્વાજ્ઞાથી એ વદે, દોષ ન એનો ત્યાંય. ૪૫

એમ હા કહી સર્વ ત્યાં કરે પત્રાવળી જાણ;
યથોપચાર ભાસ્કર કરે પૂજન ગુરુનું માન. ૪૬

ભક્તિપૂર્વક અર્ચન કરે સાર્તિક્યાદિક[1] તેમ;
વદે શ્રીગુરુ એહનેઃ- માંડ પત્રાળાં એમ. ૪૭

લાવ પાક મત્સંનિધે ! સૂણી એમ એ વિપ્ર,
સર્વ પાક શ્રીગુરુ કને મૂકે લાવી ક્ષિપ્ર. ૪૮

આપી નિજ છાટી વદે શ્રીગુરુ એને એમઃ-
ઢાંક સર્વ આ યત્નથી મદ્વસ્ત્રે તું તેમ. ૪૯

આચ્છાદે દ્વિજ એ તથા, પ્રોક્ષે શ્રીગુરુ ત્યાંય
મંત્રિત કમંડલુજલે પાક સર્વ ક્ષણ માંહ્ય. ૫૦

બોલે ભાસ્કરને તિહાંઃ- વસ્ત્રતળેથી એમ
લઈ અન્ન, પાત્રો મહીં પીરસ ઝટઝટ તેમ. ૫૧

લઈ ઘી વગેરે તથા અન્ય પાત્રમાં જાણ,
પીરસ યથેષ્ટ વિપ્રને, મા કર તું અનુમાન. ૫૨

પાત્ર અનેક લઈ તિહાં, પીરસે ભાસ્કર એમ;
જોઈ મહદાશ્ચર્ય એ થયા ચકિત સહુ તેમ. ૫૩

ગુર્વાજ્ઞાથી અન્ય પણ ઊઠ્યા વેગે જાણ;
પીરસે ઉત્સાહે સહુ, ખૂટે અન્ન ન માન. ૫૪

ફરી ફરી પાત્રો ભરી લઈ જાય એ અન્ન,
પીરસે ઘી કુંડાં ભરી; થયા શ્રીગુરુ પ્રસન્ન. ૫૫

બેઠા ગુરુ સહ સર્વ ત્યાં જમવા માટે એમ;
ચાલ્યું પીરસણ વેગથી ! પ્રાર્થે ભાસ્કર તેમઃ- ૫૬

ક્ષમા કરો વિલંબની, થાક્યા છો સહુ આપ;
માગી લેશો જોઈતું; જમો સ્વસ્થ નિસ્તાપ. ૫૭

વિનવી એમ સ્વયં તિહાં, પીરસે ઘી સત્વર;
કહે વિપ્રઃ- આકંઠ ભો થયા તૃપ્ત; બસ કર. ૫૮

શાકપાન પકવાન્ન ને દધ્યાદિક સપ્રેમ
અર્પે યથેષ્ટ શર્કરા, વડાં રાઈતાં તેમ. ૫૯

થયા તૃપ્ત દ્વિજ સર્વ ત્યાં ધોઈ હાથમુખ ત્યાંય,
ફેંકી ઉચ્છિષ્ટપાત્ર સહુ કરે સાફ ક્ષણ માંહ્ય. ૬૦

આપે દ્વિજ તાંબૂલ ત્યાં; કહે શ્રીગુરુ વિપ્ર !
સ્ત્રીસુતાદિ અવશિષ્ટ જે, નોતર જમવા ક્ષિપ્ર. ૬૧

જમી ગયું દ્વિજકુલ બધું; વદે શ્રીગુરુ ત્યાંયઃ-
શૂદ્ર ગામના જે બધા જા, બોલાવી લાવ્ય. ૬૨

તેડી આણ્યા તે તથા, થયા તૃપ્ત સહુ એહ;
કહે શ્રીઃ- હવે કો રહ્યું ? વદે 'અંત્યજો' તેહ. ૬૩

બોલાવીને એમને આપો યથેષ્ટ અન્ન;
કરો તૃપ્ત સ્ત્રીપુત્ર સહ ! કહે શ્રીગુરુ પ્રસન્ન. ૬૪

ગુર્વાજ્ઞાથી સર્વને બોલાવીને એમ,
આપે યથેષ્ટ અન્ન એ; થયા તુષ્ટ સહુ તેમ. ૬૫

રહ્યું ન ભૂખ્યું કોઈ ત્યાં, થયાં સર્વ સંતુષ્ટ;
કહે શ્રીગુરુ, ગામમાં સાદ પડાવો હૃષ્ટઃ- ૬૬

હોય ક્ષુધિત જે કોઈ તે આવે જમવા આંહ્ય;
સૂણી ગુર્વાજ્ઞા તથા કરે વિપ્ર એ ત્યાંય. ૬૭

પ્રાણિમાત્ર ભૂખ્યું નહીં કરી ખાતરી એમ,
કહે ગુરુઃ- ભાસ્કર ! હવે કર ભોજન સપ્રેમ. ૬૮

જમ્યો વિપ્ર એ પણ તદા, પૂછે શ્રીગુરુ ત્યાંયઃ-
રહ્યું કેટલું અન્ન રે ? બોલ જોઈને માંહ્ય. ૬૯

વદે વિપ્રઃ- પૂર્વે હતું વધ્યું તેટલું, દેવ !
કહે ગુરુઃ- જા જલ મહીં નાંખ સર્વ તતખેવ. ૭૦

થાવા દે જલચર સહુ તૃપ્ત યથેષ્ટ સુજાણ !
કરે વિપ્ર સત્વર તથા; થયું આશ્ચર્ય મહાન. ૭૧

ચાર સહસ્ર મનુષ્ય ત્યાં જમ્યાં તે દિને તેમ;
થયા લોક વિસ્મિત સહુ, વદે પરસ્પર એમઃ- ૭૨

અહો ચિત્ર, અલ્પાન્નથી જમ્યો અમિત સમુદાય !
સૂણી ચકિત સઘળા કહેઃ- દીઠું આવું ન ક્યાંય ! ૭૩

કહે અન્યઃ- પરપુરુષ એ નૃસિંહસરસ્વતી જાણ;
સ્મરી અન્નપૂર્ણા નકી; ના અચરજ ત્યાં માન. ૭૪

૧. આરતી વગેરે સાથે.

વદે અન્યઃ- સૂણી કથા પૂર્વે ભારત માંહ્ય
આવ્યા પાંડવગૃહ વિષે દુર્વાસા મુનિરાય ૭૫
શિષ્યસંઘ સાથે લઈ; પ્રાર્થે દ્રૌપદી તેમ
સત્ત્વભંગભયથી તદા કૃષ્ણ યદુપતિ એમ. ૭૬
દોડ્યો ભક્તસખા તિહાં, પૂર્યું અન્ન તત્કાળ;
સૂણ્યું એ, જોયું અહીં અપૂર્વ આ નિર્ધાર ! ૭૭
ભલે દંડધર નર દિસે, નકી ત્રિમૂર્ત્યવતાર !
ના માણસ આ, કો લહે મહિમા એનો અપાર ? ૭૮
મનુષ્ય એને જે કહે, જશે નરકમાં તેહ;
શક્તિ ન તદ્‌ગુણવર્ણને; પરબ્રહ્મ ગુરુ એહ ! ૭૯
માંડ ત્રણ જણની હતી સામગ્રી અહીં એમ;
ચાર સહસ્ર જમાડીયા, ક્યાંથી નહિ તો તેમ ? ૮૦
જોયું અચરજ એક વળી સહુએ પ્રત્યક્ષ જાણ;
જીવાડ્યો સતીનો પતિ ગતપ્રાણ પણ માન. ૮૧
વિશ્વરૂપ યતિને તથા દેખાડ્યું જો કેમ !
કોણ વર્ણવે એહનો મહિમા અનુપમ એમ ? ૮૨
દોહી વંધ્યા ભેંસ જો જતાં ભિક્ષાર્થ ત્યાંય !
હીનમુખે વેદો અહા બોલાવ્યા જો આંહ્ય !! ૮૩
દર્શનમાત્રે રોગીઓ થયા સાંગ કંઈ તેમ;
ચરિત્ર એવાં કંઈ કંઈ કીધાં અનેક એમ. ૮૪
એવો સમર્થ અન્ય કો ? નકી ત્ર્યધીશ્વર એહ;
દર્શનમાત્રે ભક્તની પૂરે ઇચ્છા તેહ. ૮૫
આરાધિત સુર પણ તિહાં થાય આળસુ સુજાણ;
વાર ન અહીંયા પલકની, ઈશ એજ તું માન. ૮૬
એમ પરસ્પર એ વદે, માને કૌતુક તેમ;
શ્રીગુરુની ત્રિભુવન મહીં, થઈ ખ્યાતિ ત્યાં એમ. ૮૭
આપે ભાસ્કરને તથા શ્રીગુરુ આશિષ ત્યાંયઃ-
સ્ત્રી પુત્ર શ્રી સહ સુખી થા દ્વિજવર તું આંહ્ય ! ૮૮
ચરિત્ર એવું ગુરુ તણું પવિત્ર શિષ્ય સુજાણ;
માટે શિષ્ય અનેક ત્યાં થયા શ્રીગુરુના માન. ૮૯
દૂરદૂરથી આવીને કરે નિરંતર સેવ;
જોઈ દૃઢતા એમની રીઝે ગુરુ તતખેવ. ૯૦
આર્તબંધુ શ્રીગુરુ નકી, કલ્પવૃક્ષ સમાન;
ના વિસારે ભક્તને, માનો **રંગ** પ્રમાણ ! ૯૧
ભજો અહર્નિશ એહને છોડી કુતર્ક સર્વ;
થતાં તુષ્ટ શું દે ન એ, સાક્ષાત્ વિધિહરિશર્વ ? ૯૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
વિપ્રાન્નપૂરણં નામ દ્વિનવતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૯૨ ॥ દોહરા ૯૨

અધ્યાય ૯૩

અલખ કહેઃ- સાંભળ અરે, આગળ શિષ્ય સુધન્ય;
સાઠ વરસની વાંઝણી પ્રસવે સુપુત્ર ધન્ય. ૧
આપસ્તંબશાખીય ત્યાં શૌનકગોત્રજ જાણ,
સોમનાથ નામે હતો વિપ્ર વેદજ્ઞ માન. ૨
કરે કર્મ શાસ્ત્રોક્ત એ નિયત પ્રેમથી તેમ;
ભાર્યા એની પતિવ્રતા ગંગા નામે એમ. ૩
સાઠ વરસ એને થયાં, તોય ન સંતતિ નામ;
વંધ્યા નામે ગામમાં હતી પ્રસિદ્ધ એ આમ. ૪
પતિસેવારત સર્વદા ભોળી ભાવિક એહ;
આવી શ્રદ્ધાથી કરે ગુરુદર્શન નિત તેહ. ૫
પૂજે ઉપચારે તથા ધૂપદીપથી તેમ,
કરે આરતી પ્રેમથી; ગયો કાળ બહુ એમ. ૬
થયા સંતુષ્ટ શ્રીગુરુ, વદે એકદા ત્યાંય;
પૂછે હાસ્ય કરીઃ- અરે ! કાં આવે તું આંહ્ય ? ૭
બોલ બ્રાહ્મણી, નિત્ય કાં નીરાજનાદિ આમ
લાવે ? અભીષ્ટ શું કહે; કરે કષ્ટ શું કામ ? ૮
કહે સવિસ્તર ઉર વિષે વસે કામના જેહ;
ગુરુપ્રસાદે શ્રીહરિ કરશે પૂરણ તેહ. ૯
સૂણી વચન એ ગુરુ તણું, વદે વિનત એ ત્યાંયઃ-
'નાપુત્રસ્ય ગતિઃ' કહે શાસ્ત્ર સકળ ગુરુરાય ! ૧૦
કહે લોક, વંધ્યા તણું ના જોવું મુખ એમ;
મહાદોષિણી પાપી હું, નિંદે જન સહુ તેમ. ૧૧
ના ફળ યત્કુક્ષિ વિષે, જન્મ તેહનો વ્યર્થ;
પિતૃલોકમાં ઉભય કુલ જાુએ રાહ મુકત્યર્થ. ૧૨
ઝંખે પિતૃઓ નિત્ય એઃ- થતાં પુત્ર કુળ માંહ્ય,
અમને નિશ્ચય તારશે દુર્ગતિથી આ આંહ્ય. ૧૩
પુત્ર ન યદ્‌ગૃહમાં નકી, સ્મશાન તદ્‌ગૃહ જાણ;
દૂર અરણ્ય ન તેહને, યથાઽરણ્ય ગૃહ માન. ૧૪
ઝાલી આંગળીએ મુદા બાળકને એ નિત્ય,
આવે ન્હાવા સાધ્વીઓ રમાડતી સપ્રીત્ય. ૧૫
તેડી કેડે કૌતુકે, કરે સર્વ કલ્લોલ;
દૈવે મારા ના તથા ! મંદભાગ્ય હું ફોલ !! ૧૬

કેડે બાળ ન તેડવા, ધિક્ ભાગ્ય મમ મંદ;
જન્મ નિરર્થક માહરો, ના કન્યા સુત હન્ત ! ૧૭

પુત્ર વિના પરલોક ના; પડે પિતૃઓ તેમ
લુપ્તપિંડોદકક્રિયા ! ધિક્ ધિક્ મુજને એમ !! ૧૮

સાઠ વરસ એળે ગયાં, હવે ન જીવવું નાથ;
થાય જન્મ શુભ આ પછી, આપ એજ વર, તાત ! ૧૯

થાઉં પુત્રવતી તથા અગ્રજન્મમાં એહ
ઇચ્છા એક વસે ઉરે; નમે એમ કહી તેહ. ૨૦

સૂણી વચન એનાં તદા, કરે હાસ્ય ગુરુરાય;
કહેઃ-કોણ ભાવિ લહે ? રહે સ્મરણ શેં ત્યાંય ? ૨૧

નિત્ય ભક્તિથી આરતી કરે તું અહીં જાણ;
થયો તુષ્ટ હું, જા થશે કન્યા પુત્ર સુજાણ. ૨૨

આ જન્મે જ થશે નકી, મા કર શંકા નાર;
વદે એમ ગુરુ પ્રેમથી ! નમે સતી તત્કાળ. ૨૩

બાંધી ગ્રંથિ પાલવે; જોડી કરદ્વય તેમ,
કહેઃ- દયાસિંધુ ગુરો ! વચન વધાવું એમ. ૨૪

સાઠ વરસ મુજને થયાં, ના આવે અટકાવ;
થશે પુત્ર ક્યાંથી પ્રભો ? પવિત્ર મારો ભાવ. ૨૫

નાના વ્રત પુત્રાર્થ મેં કીધાં તીર્થ અનેક;
પૂજ્યો અશ્વત્થ કોડથી; ગયું વ્યર્થ તે છેક ! ૨૬

કહે સકળ, અશ્વત્થની પ્રદક્ષિણા કર એમ;
થશે પૂર્ણ ઇચ્છા અને થશે પુત્ર પણ તેમ. ૨૭

આજ સુધી વિશ્વાસથી ભજ્યું એમ અશ્વત્થ
પ્રદક્ષિણાદિકથી પ્રભો; ગયાં કષ્ટ એ વ્યર્થ. ૨૮

સ્વપ્ને પુત્ર ન આ ભવે ! થઈ નિરાશા છેક;
થશે અગ્રજન્મે તથા એ ઇચ્છાથી ટેક ૨૯

રાખી, હજીએ સેવું હું એમ અશ્વત્થ જાણ;
થયો પ્રસન્ન સ્વામી તું, આપીશ પુત્રનિધાન ! ૩૦

આ જ ભવે સુતમુખ હવે જોઇશ નિશ્ચિત તાત !
વાક્ય તાહરૂં ના વૃથા, નરહરિ તું સાક્ષાત્ !! ૩૧

આપ્યું તેં વરદાન આ, આવ્યો ઉર વિશ્વાસ;
કર્યું હાસ્ય તેં, ગાંઠ મેં વાળી સુદૃઢ ખાસ. ૩૨

ભાવિસુતેચ્છાથી વૃથા ભજ્યું અશ્વત્થ એમ,
સ્વામી પ્રસન્ન તું થયો, થશે અત્ર સુત તેમ. ૩૩

શું આપે અશ્વત્થ એ ! સેવ્યો મૌર્ખ્યે હન્ત !
કર્યાં કષ્ટ બહુ દિન વૃથા, ના જોયો સુખપંથ !! ૩૪

સૂણી વચન એનાં તદા, વદે હસી ગુરુરાયઃ-
અશ્વત્થસેવા ના વૃથા; નકી પુણ્યપ્રદ આંહ્ય. ૩૫

મા નિંદા કર એહની, પુણ્યદ તત્સેવન;
ભજ મત્સહ અશ્વત્થને, થાશે પુત્ર રતન. ૩૬

આચર વ્રત મદ્વાક્યથી; મળે બેઉ નદ જ્યાંય
ભીમાડમરજા, સ્થાન એ સંગમ પવિત્ર આંહ્ય. ૩૭

વસું તત્ર અશ્વત્થ પર નિત્ય હું સતી જાણ;
માટે મત્સહ એહનું કર અર્ચન તું માન. ૩૮

કલ્પદ્રુમ એ નિશ્ચયે કરશે પૂરણ કામ;
નારાયણ પ્રત્યક્ષ એ, વસું હું જિહાં આમ. ૩૯

અનુપમ મહિમા એહનો પુરાણાદિમાં તેમ
કહ્યો સવિસ્તર જાણ તું; મા શંકા કર એમ. ૪૦

સૂણી વાક્ય એ ગુરુ તણાં, વદે વિનત સ્ત્રી એહઃ-
અશ્વત્થમાહાત્મ્ય શ્રીગુરો કહો કૃપા કરી તેહ. ૪૧

સાંભળવા ઇચ્છું પ્રભો, મહિમા એનો એમ;
થાય ચિત્ત સ્થિર જે થકી; સેવું ભક્તિથી તેમ. ૪૨

કહે શ્રીગુરુઃ- વ્યર્થ તું નિંદે એને આંહ્ય;
અમિતમાહાત્મ્ય એહનું, વસે દેવ પણ ત્યાંય. ૪૩

બ્રહ્માંડપુરાણે એ કહ્યો અશ્વત્થમહિમા જાણ,
કહ્યો બ્રહ્મદેવે સ્વયં નારદમુનિને માન. ૪૪

ગમન ત્રિભુવને જેહનું, એક દિવસ મુનિ એહ
બ્રહ્મપુત્ર નારદ ગયા ઋષ્યાશ્રમમાં તેહ. ૪૫

જોઇ નારદને તદા પાદ્યાર્ઘ્યાદિક સાથ
પૂજી ઋષિગણ આદરે, સ્વાગત કરે સુજાત. ૪૬

વિનયનમ્ર પૂછે તિહાં અશ્વત્થમહિમા એહ;
બોલે નારદઃ-સાંભળો ! કહું ઋષીશ્વર તેહ. ૪૭

ફરતો ફરતો આજ હું બ્રહ્મલોકમાં એમ
ગયો હતો, ત્યાં ભાવથી પૂછ્યું મેં પણ તેમઃ- ૪૮

વિષ્ણુરૂપ અશ્વત્થ આ કહે સકલ જન તાત !
કરવું સેવન એહનું શી રીતે સાક્ષાત્ ? ૪૯

શું માહાત્મ્ય અશ્વત્થનું, કહો કૃપા કરી એમ;
પૂજ્ય દેવવત્ કેમ એ ? કહો સવિસ્તર તેમ. ૫૦

વદે વિધિઃ- અશ્વત્થના મૂલે મારો વાસ;
હૃષીકેશ મધ્યે વસે, અગ્રે શંકર ખાસ. ૫૧

દક્ષિણશાખામાં તથા મૃત્યુંજય સાક્ષાત્,
પશ્ચિમશાખામાં હરિ, હું ઉત્તરમાં તાત. ૫૨

વસે પૂર્વશાખા મહીં ઇંદ્રાદિક સુર તેમ;
અન્ય શાખામાં તથા વસ્વાદિત્યાદિ એમ. ૫૩

ગાયો ઋષિઓ બ્રાહ્મણો વેદ યજ્ઞાદિ જાણ,
વસે મૂલાંકુરાદિમાં નિત્ય એજ પ્રમાણ. ૫૪

નદીઓ સાગર તીર્થ પણ વસે પૂર્વમાં તેમ;
પુણ્યવૃક્ષ અશ્વત્થ એ પૂજ્ય ત્રિભુવને એમ. ૫૫

અકાર મૂલે, [1]સ્કંધમાં ઉકાર તે જ પ્રમાણ;
મકાર ફલપુષ્પે તથા; શ્રેષ્ઠ અશ્વત્થ માન. ૫૬

વસે ત્રિમૂર્તિ પણ જિહાં, સર્વ દેવ પણ તેમ;
વસુરુદ્રાદિત્યો સહુ શીઘ્ર કામપ્રદ એમ. ૫૭

માહાત્મ્ય અનુપમ એહનું, કોણ વર્ણવે આંહ્ય ?
કલ્પવૃક્ષ અશ્વત્થ એ શંકા લેશ ન ત્યાંય. ૫૮

સૂણી નારદને ફરી વદે મુનિગણો એહ:
અર્ચનવિધિ અશ્વત્થનો કહો કૃપા કરી તેહ. ૫૯

અથર્વાણને એકદા પૂછ્યું સહુએ એમ;
સેવાવિધિ સામાન્ય ત્યાં કહ્યો એમણે તેમ. ૬૦

સર્વધર્મવેત્તા તમે બ્રહ્મર્ષિ મુનિ ધન્ય,
કહો સવિસ્તર; એમ કહી પ્રાર્થે સર્વ અનન્ય. ૬૧

બોલે નારદ:- સાંભળો સૂણ્યું તાતથી જેહ;
સેવાવિધિ અશ્વત્થનો કહું સવિસ્તર તેહ. ૬૨

ચૈત્ર અષાઢ પૌષમાં, ગુરુશુક્રાસ્તે તેમ,
ચંદ્રાપ્રાતિકૂલ્યે તથા, કરે ન આરંભ એમ. ૬૩

[2]નિષિદ્ધાન્યમાસાદિમાં જોઈ શુભદિન ત્યાંય,
રહી ઉપોષિત આચરે સેવાવ્રત આ આંહ્ય. ૬૪

રવિમંગળભૃગુવાસરે સંક્રાંતિમાં તેમ,
પર્વવ્યતિપાતદુર્દિને વૈધૃતિ રાત્રે એમ, ૬૫

સ્પર્શે ના અશ્વત્થને; તેમ રિક્તતિથિ માંહ્ય,
ના અપરાણ્હે સંધિમાં, સ્પર્શે બુધજન આંહ્ય. ૬૬

નિંદા પાખંડ દ્યુત ને વાદાનૃતાદિ તેમ
ત્યજી, શુદ્ધ થઈ આચરે અશ્વત્થવ્રત આ એમ. ૬૭

સ્નાન સચૈલ[3] કરી, પછી પહેરી [4]શુદ્ધાંબર,
ગંગાયમુનાજલભર્યા કલશ [5]રંગભૂ પર ૬૮

સ્થાપી અર્ચા યથાવિધિ કરી પુણ્યાહવાચન,
ઉદ્દેશી નિજ કામના મૂકી સંકલ્પ તત્ક્ષણ; ૬૯

કલશજલે અશ્વત્થને સાત વાર અભિષેક
કરી ભક્તિયુત, આચરે ફરી સ્નાન એ નેક. ૭૦

પુંસૂકતે વિધિવત્ પછી પૂજે અશ્વત્થ એહ,
ષોડશોપચારે તથા વૃક્ષ દેવમય તેહ. ૭૧

શંખ ચક્ર વર ખડ્ગને ખેટક[6] ધનુષ્ય બાણ-
અભયવિભૂષિત અષ્ટભુજ વિષ્ણુમૂર્તિ મહાન્ ૭૨

નારાયણ શ્રીસહ તિહાં પીતવસ્ત્ર એ તેમ
ધ્યાઈ અશ્વત્થ અંતરે, પૂજે મૂલે એમ. ૭૩

સૂત્રે વા વસ્ત્રે તથા વેષ્ટી વૃક્ષને ત્યાંય,
યથાશક્તિ પ્રદક્ષિણા કરે મંદગતિ આંહ્ય. ૭૪

કાયા વાચા મન થકી રહી સુસંયત તેમ,
પુંસૂક્તે વા મૌનથી, સહસ્રનામે એમ; ૭૫

મંદ મંદ ભક્તિ થકી પ્રદક્ષિણા નર આંહ્ય
કરે, આદિમધ્યાંતમાં વંદી ભાવે ત્યાંય, ૭૬

પૂર્ણકુંભ શિર પર ગ્રહી ચાલે ગર્ભિણી જેમ,
તેમ મંદગતિથી કરે પ્રદક્ષિણા નર એમ. ૭૭

અશ્વમેધફળ પ્રતિપદે પામે નિશ્ચય તેહ;
પ્રદક્ષિણા અશ્વત્થની પાવન નિ:સંદેહ. ૭૮

પરિક્રમા બે લાખ જો કરે ભક્તિથી એમ,
ટળે બ્રહ્મહત્યા નકી, ભલે સુદુર્ધર તેમ. ૭૯

ત્રિમૂર્તિવાસ અશ્વત્થ જે તત્સેવાફળ આંહ્ય
કોણ વર્ણવે ? ક્ષણ મહીં મહાપાપ પણ જાય. ૮૦

પ્રદક્ષિણાથી નિશ્ચયે થાય વ્યાધિનો નાશ;
વળે દેવું લાખો તણું કરતાં સેવા ખાસ. ૮૧

જન્મ મૃત્યુ જરા અને નાસે ભીતિ તમામ;
ગ્રહબાધા પીડે નહીં; ફરતાં ફેરા આમ. ૮૨

પુત્રેચ્છા સત્વર ફળે કરતાં સેવા એમ;
અશ્વત્થસેવા આ નકી ચતુર્વર્ગપ્રદ તેમ. ૮૩

ધનાર્થીને ધન સાંપડે, વિદ્યાર્થીને જ્ઞાન;
પુત્રાર્થીને પુત્ર ને મુમુક્ષુને નિર્વાણ. ૮૪

શનિવારે અશ્વત્થને સ્પર્શી જપતાં તેમ
મૃત્યુંજય ભક્તિ થકી, જીતે કાળ નર એમ. ૮૫

ક્યાંથી અપમૃત્યુ નડે ? થાય પૂર્ણાયુ તેહ;
ગ્રહપીડા નાસે સહુ, એમાં ના સંદેહ. ૮૬

જપતાં અશ્વત્થસંનિધે [7]कोणस्थः...એ મંત્ર,
ટળે પનોતી નિશ્ચયે; થાય મનુષ્ય સ્વતંત્ર. ૮૭

દૃઢ વિશ્વાસે એમ જે ભજે અશ્વત્થ આંહ્ય,
થાય સિદ્ધ તત્કામના; શંકા લેશ ન ત્યાંય. ૮૮

અમાસ વા ગુરુવાસરે ન્હાતાં ભાવે તેમ
તચ્છાયાજલમાં, ક્ષણે બ્રહ્મહત્યાલય એમ. ૮૯

બ્રાહ્મણ એક જમાડતાં અશ્વત્થતળે ત્યાંય.
કોટિવિપ્રભોજન તણું પામે ફળ નર આંહ્ય. ૯૦

૧. થડમાં. ૨. નિષિદ્ધથી અન્ય. ૩. વસ્ત્ર સાથે. ૪. શુદ્ધ વસ્ત્ર. ૫. રંગવલ્લીથી શુશોભિત કરેલી ભૂમિ ૫૨. ૬. શક્તિ ૭. कोणस्थः पिङ्गलो बभ्रुः कृष्णो रौद्रोऽन्तकोयमः।
सौरिः शनैश्चरो मन्दः पिप्पलादेन संस्तुतः ॥

અશ્વત્થ નીચે બેસીને જપે એક મનુ[૧] તેમ,
અનંત ફળ તેને મળે; વેદપાઠફળ એમ. ૯૧

રોપે જે અશ્વત્થને, સ્થાપે સ્વર્ગે તેહ
બેંતાળીશ કુળ નિશ્ચયે; એમાં ના સંદેહ. ૯૨

કાપે અશ્વત્થવૃક્ષને મહાપાપી જે એમ,
જાય ચિરકાળ નરકમાં નકી પિતૃ સહ તેમ. ૯૩

પંચ યજ્ઞ અશ્વત્થની નીચે કરતાં ત્યાંય,
પામે અક્ષય પુણ્ય એ; પુત્રપ્રાપ્તિ પણ થાય. ૯૪

અશ્વત્થમાહાત્મ્ય આ વદે વિધિ નારદને તેમ;
સૂણે સમસ્ત ઋષિગણો નારદમુખથી એમ; ૯૫

વદે પુનઃ નારદ તથા [૨]આગમોક્ત વિધિ ત્યાંય;
પ્રદક્ષિણાદશાંશથી કરે હવન બુધ આંહ્ય. ૯૬

હોમદશાંશે ત્યાં કરે બ્રાહ્મણભોજન તેમ;
[૩]હવિષ્યાશી વ્રત આચરે, બ્રહ્મચર્યથી એમ. ૯૭

એવું વ્રત કરી અંતમાં કરે ઉદ્યાપન એહ;
સ્વર્ણાશ્વત્થ સુવિપ્રને આપે શક્તિવત્ તેમ. ૯૮

સવત્સ શ્વેતધેનુ તથા સાલંકૃત પણ તેમ,
સુશીલ કુટુંબી વિપ્રને અર્પે વિધિવત્ એમ. ૯૯

યથાશક્તિ અશ્વત્થની નીચે કરી મહાન
ઢગલો તલનો, વસ્ત્રથી આચ્છાદી ધીમાન, ૧૦૦

આપે દ્વિજને જે તિહાં પામે સકલાભીષ્ટ;
શ્રીગુરુ વંધ્યાને કહે, કહ્યું નારદે ઈષ્ટ. ૧૦૧

મૂકી સંશય સર્વથા આચર તું પણ એમ;
કલ્પદ્રુમ અશ્વત્થ ત્યાં છે સંગમ પર તેમ. ૧૦૨

એજ સ્થાન મારૂં નકી; કર ભાવે સેવન;
થશે કામના સિદ્ધ, કન્યાસુત શુભલક્ષણ. ૧૦૩

ગુરુવચન એ સાંભળી, કરી નમન નતકાય,
જોડી કરદ્વય ભક્તિથી, વદે બ્રાહ્મણી ત્યાંયઃ- ૧૦૪

સાઠ વરસની હું નકી, જાતિવંધ્યા તેમ;
થાય પુત્ર ક્યાંથી મને ? પ્રમાણ તોએ એમ ૧૦૫

માની તારૂં વચન આ ભજીશ ભક્તિથી જાણ;
કામધેનુ ગુરુવાક્ય છે, કથે સ્વયં શ્રુતિ માન. ૧૦૬

શું મુજને અશ્વત્થથી ? કામધેનુ તુજ વાકૂ;
સેવીશ ત્વત્પદ નિશ્ચયે યથોક્તવત્ હું દ્રાકૂ. ૧૦૭

એમ કહી જઈ સંગમે ષટ્કૂલતીર્થે ન્હાય;
ગુરૂક્તવત્ અશ્વત્થને સેવે ભાવે ત્યાંય. ૧૦૮

ત્રણ દિવસ આરાધના કરે ભક્તિથી એમ,
અશ્વત્થ સહ ગુરુપદ ભજે; થતાં દિનત્રય તેમ, ૧૦૯

દેખે રાતે સ્વપ્ન એ; આવી બ્રાહ્મણ ત્યાંય
વદે વચન આપીઃ- થઈ સિદ્ધ ત્વદિચ્છા આંહ્ય. ૧૧૦

જઈ ગાણગાપુર મહીં, ભાવભક્તિથી એમ
કરી સદ્‌ગુરુપ્રદક્ષિણા, કર વંદન નત તેમ. ૧૧૧

આપે જે ગુરુ ભક્ષ તે, થશે કામ તુજ જાણ;
મા શંકા કર ભામિની, જા ગુરુસંનિધ માન. ૧૧૨

જોઈ એવું સ્વપ્નમાં, જાગી તત્ક્ષણ તેહ;
સાક્ષાત્ કલ્પદ્રુમ જિહાં, ખાલી જાય ન નેહ. ૧૧૩

સેવા કરી ભક્તિ થકી, આવી શ્રીગુરુ પાસ;
પ્રદક્ષિણા કરી હર્ષથી, વંદે ગુરુપદ ખાસ. ૧૧૪

કરી હાસ્ય શ્રીગુરુ તિહાં, આપે ફલદ્વય જાણ;
કહેઃ-ભક્ષ આ ! કામના થઈ સિદ્ધ તુજ માન. ૧૧૫

જઈ પારણાં કર સુખે; કન્યાસુત ત્યાં તેમ
આપ્યાં તુજને નિશ્ચયે, મા શંકા કર એમ !! ૧૧૬

ગુર્વાજ્ઞાથી એમ એ કરે પારણાં જાણ;
આપી દાન યથોક્ત ત્યાં ભક્ષે ફળદ્વય માન. ૧૧૭

કરી સમાપ્તિ વ્રત તણી તેજ દિને એ તેમ
થઈ [૪]ઋતુમતી બ્રાહ્મણી ગુરુપ્રસાદે એમ. ૧૧૮

દિવસત્રય મૌને રહી હવિષ્યાન્ન પર ત્યાંય;
ધ્હેરી શ્વેતાંબર તથા ત્યજી ચાંચલ્ય આંહ્ય. ૧૧૯

ચોથે દિવસે ન્હાઈને થઈ શુદ્ધ ત્યાં તેમ,
ગુરુદર્શન આનંદથી કરે દૂરથી એમ. ૧૨૦

પંચમ દિવસે કંથ સહ આવી શ્રીગુરુપાદ
અર્ચે ભાવે; ગુરુ વદેઃ- થા પુત્રવતી, માત ! ૧૨૧

કરી નમન પતિ સહ તદા આવી ગેહે એહ;
થઈ ગર્ભિણી તદ્‌દિને પતિસંગે વરદેહ. ૧૨૨

જોઈ સગર્ભા એહને, થયા લોક વિસ્મિત;
કહે પરસ્પરઃ- શું અરે ? જો આશ્ચર્ય અમિત ! ૧૨૩

સાઠ વરસની વાંઝણી થઈ ગર્ભિણી જાણ;
અહો પાર ના ભાગ્યનો સોમનાથના માન !! ૧૨૪

સોમનાથ સંતોષથી ગુર્વાજ્ઞાથી તેમ
પુંસવનાદિક આચરે ક્રિયા શાસ્ત્રોક્ત એમ. ૧૨૫

કર્યું સીમંત[૫] આઠમે માસે તેજ પ્રમાણ;
આપ્યાં વાયન વિપ્રને ગુરૂક્તવત્ ત્યાં માન. ૧૨૬

૧. મંત્ર. ૨. શાસ્ત્રોક્ત. ૩. હવિષ્યાન્ન ખાઈને. ૪. રજસ્વલા. ૫. સીમંતોન્નયન; ખોળો ભરવો તે.

માથે પળિયાં જેહનાં, જાતિવંધ્યા જેહ;
થઈ ગર્ભિણી, કૌતુકે આપે વાયન તેહ ! ૧૨૭

એથી અન્ય આશ્ચર્ય શું ? વદે લોક સહુ એમ;
ધન્ય કૃપા શ્રીગુરુ તણી, યત્ફળ અપૂર્વ તેમ !! ૧૨૮

વરદ ત્રિમૂર્તિ એ નકી, નૃસિંહસરસ્વતી જાણ;
ભક્તોદ્ધારાર્થે થયો પ્રગટ ભૂતલે માન. ૧૨૯

નાના રીતે એમ એ કરે ગુરુસ્તવન,
ગંગા સુહૃષ્ટ અંતરે આપે શુભ વાયન. ૧૩૦

આનંદે ગુરુપદ વિષે આવી પ્રણમે તેમ;
ભક્તવત્સલ શ્રીગુરુ આપે આશિષ એમ. ૧૩૧

સાષ્ટાંગ પ્રણતિ કરી ફરી વિનયથી ત્યાંય,
કરે સ્તવન પતિવ્રતા, થઈ હૃષ્ટ ઉર માંહ્યઃ- ૧૩૨

જય જય વિશ્વેશ્વર નમું, બ્રહ્માહરિહરરૂપ !
થતાં અનુગ્રહ તાહરો, ફર્યું માહરૂં રૂપ !! ૧૩૩

અજ અવ્યય તું નિશ્ચયે; ભક્તાર્થે પણ આમ
થયો અવતીર્ણ ભૂતલે; કરૂં અનન્ય પ્રણામ. ૧૩૪

અમિતપરાક્રમ હે વિભો ! અનાથનો તું નાથ;
મહિમા તારો કો લહે ! કેમ વર્ણવું તાત ? ૧૩૫

એમ સ્તવન કરી બ્રાહ્મણી વંદે ગુરુપદ ત્યાંય;
ગુર્વાજ્ઞા લઈ નિજ ગૃહે સત્વર પતિ સહ જાય. ૧૩૬

થતાં માસ નવ, શુભ દિને પ્રસવે કન્યા તેમ;
આવી જ્યોતિષીઓ વદે જાતક ત્યાં સપ્રેમ. ૧૩૭

કહે ગણકઃ- દ્વિજ ! કન્યકા સુલક્ષણા આ જાણ;
કુલવૃદ્ધિ એથી થશે, થશે અષ્ટ સુત માન. ૧૩૮

સોમનાથ એ સાંભળી આનંદિત અતિ થાય;
આપે દ્વિજાદિને[૧] બહુ ધનધાન્યાદિક ત્યાંય. ૧૩૯

થતાં વૃદ્ધિ પૂરી તિહાં પતિવ્રતા સુસ્નાત,
આવી પતિ સહ પુત્રિકા લઈ ગુરુદર્શન માટ. ૧૪૦

મૂકી કન્યા ભક્તિથી ગુરુપદ પાસે તેમ,
કરી દંડવત્ ગુરુપદે અનન્યભાવે એમ. ૧૪૧

ઊઠ ઊઠ સતી ધન્ય તું, પુત્રવતી હે નાર !
આશ્વાસે અતિ હર્ષથી, એમ ગુરુ નિર્ધાર. ૧૪૨

ઊઠી એ ગુરુને કહેઃ- ના સુત એ, ગુરુનાથ !
જન્મી માતા; વાક્ય નિજ મા વિસ્મર, હે તાત ! ૧૪૩

સૂણી વચન એનાં તદા, વદે હસી ગુરુરાયઃ-
મા સંશય કર ભામિની, થશે પુત્ર પણ આંહ્ય. ૧૪૪

એમ કહી કરમાં લઈ કન્યા સસ્મિત તેમ,
કહે સર્વને એહનું ભાવિ લક્ષણ એમઃ- ૧૪૫

થશે શતાયુષ એહનું, પુત્રપૌત્ર બહુ આંહ્ય;
પૂર્ણસૌભાગ્યવતી સ્વયં થાશે આ વરકાય. ૧૪૬

મળશે પતિ જ્ઞાની તથા ચતુર્વેદવિદ્ તેમ;
અખંડૈશ્વર્ય કુળ મહીં રહેશે આના તેમ. ૧૪૭

પતિવ્રતા આ કન્યકા પુણ્યશીલ સુજાણ,
સર્વવંદ્ય ભૂમંડલે થશે પ્રખ્યાત જાણ. ૧૪૮

રાજા દક્ષિણદેશથી દર્શન માટે તેમ
આના નિશ્ચય આવશે ! વદે શ્રીગુરુ એમ. ૧૪૯

વળતી બોલેઃ- હે સતી ! થશે પુત્ર પણ જાણ;
બોલ જોઈએ કેહવો ! મૂરખ વા વિદ્વાન ? ૧૫૦

કહે શતાયુ મૂર્ખ વા યોગ્ય અલ્પાયુ થાય;
નમન કરી સાધ્વી વદેઃ- શું મૂર્ખે ગુરુરાય ? ૧૫૧

થાય પુત્ર સુયોગ્ય ને જ્ઞાની તેજ પ્રમાણ,
પંચપુત્રનો જે પિતા; દે એવું વરદાન. ૧૫૨

ભક્તવત્સલ શ્રીગુરુ વદે, પ્રેમે 'તથાસ્તુ' ત્યાંય;
વંદન કરી દંપતી તિહાં, આનંદે ગૃહ જાય. ૧૫૩

થયો પુત્ર સતીને તથા વેદશાસ્ત્રવિદ્ તેમ;
પાંચ પુત્ર તેને થયા ગુરુકૃપાથી એમ. ૧૫૪

કન્યાલક્ષણ જેહવું કહ્યું ગુરુએ ત્યાંય,
થયું સત્ય; વિખ્યાત એ થઈ સરસ્વતી આંહ્ય. ૧૫૫

સોમયાગ તત્પતિ કરે; ચારે રાષ્ટ્રે એમ
ફેલાઈ કીર્તિ અહા, થતાં ગુરુકૃપા તેમ ! ૧૫૬

જર્જર વંધ્યાને થયાં કન્યાસુત જ્યાં આમ,
થતાં મ્હેર ગુરુની તથા શું દુર્ઘટ ત્યાં કામ ? ૧૫૭

જેનો નિશ્ચય જેહવો, તેને સિદ્ધિ તેમ;
અનન્યનિષ્ઠાથી ભજો નિષ્કપટે ગુરુ એમ. ૧૫૮

આવી ગંગા આંગણે, જાય અભાગી દૂર;
છોડી અમૃતનીર આ, લેવા [૨]મૃગજલપૂર ! ૧૫૯

સકલાભીષ્ટદ[૩] આ નકી ગુરુલીલામૃત સાર;
કરતાં સેવન, **રંગ** કો જાય ન [૪]સંસૃતિપાર ? ૧૬૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
વંધ્યાપુત્રપ્રદાનં નામ ત્રિનવતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૯૩ ॥ દોહરા ૧૬૦

૧. બ્રાહ્મણો વગેરેને. ૨. ઝાંઝવાનાં જળનું પૂર. ૩. સર્વ ઇચ્છાઓ પૂરી કરનાર. ૪. સંસારને પેલે પાર.

અધ્યાય ૯૪

અલખ કહેઃ- સૂણ શિષ્ય હે ! આગળ કથા પ્રવિત્ર;
શુષ્કકાષ્ઠને પલ્લવો આણી હર્યો ગદ ચિત્ર ! ૧

હતા ગાણગાપુર મહીં રે'તા શ્રીગુરુ જ્યાંય,
આવ્યો દ્વિજ કુષ્ઠાર્ત ત્યાં યજુર્વેદી હતકાય. ૨

ગોત્ર ભાર્ગવ એહનું, નામ નરહરિ તેમ;
આવી વંદન ભક્તિથી કરે ગુરુપદે એમ. ૩

કરે સ્તવન બહુ આદરે જોડી કરદ્વય ત્યાંય;
કહેઃ- ભક્તવત્સલ ગુરો ! શરણાગત હું આંહ્ય. ૪

સૂણી નામ આવ્યો ઈહાં, પરમ પુરુષ તું એમ;
પરંજ્યોતિ જય જય નમું, તાર ત્રિમૂર્તે તેમ. ૫

જન્મી આ સંસારમાં થયો અશ્મવત્[1] હન્ત;
કુષ્ઠી કહી નિંદે સહુ મુજને દ્વિજવર, સંત ! ૬

પઢ્યો યજુઃશાખા બધી આપસ્તંબ સુજાણ;
ધિક્કારે દ્વિજ તોય એ અંગહીન કહી માન. ૭

પ્રાતઃકાલે ઉઠીને જુએ ન મોઢું તેમ;
ના તેડે જમવા કદિ; થાઉં દુઃખિત એમ. ૮

શું કરવું જીવી હવે ? કંટાળ્યો હું નાથ !
કર્યાં પાપ અસંખ્ય મેં નકી પરભવે તાત. ૯

તત્ફળ આ હું ભોગવું ! કાઢું કોનો વાંક ?
ના સ્હેવાય હવે પ્રભો ! ફેંક કૃપાદૃગ્ દ્રાક્ ! ૧૦

નાના વ્રત તીર્થો તથા કર્યાં ભક્તિથી તેમ,
પૂજ્યા દેવો સર્વ પણ શમ્યો ન વ્યાધિ એમ. ૧૧

નિશ્ચય કરી આવ્યો ઈહાં, કર કરુણા ગુરુદેવ;
નહિ તો પ્રાણ ત્યજું હવે ત્વત્પદમાં તતખેવ ! ૧૨

નિશ્ચય એવો નિજ કહી, વિનયનમ્ર ફરી એહ
કહેઃ- દયા કર શ્રીહરિ ! અર્પ્યો ચરણે દેહ. ૧૩

[2]લોહસ્પર્શવત્ આ થજો દર્શન તારું ધન્ય !
એમ કહી ફરી ફરી નમે, કરે સ્તોત્ર[3] અનન્ય. ૧૪

કરુણ વચન એનાં સૂણી, બોલે દીનદયાળઃ-
મહાદોષ પૂર્વે કર્યા તત્ફળ આ નિર્ધાર. ૧૫

થયો કોઢ દારુણ નકી તેથી તુજને જાણ;
મા ચિંતા કર તોય તું, થશે નષ્ટ એ માન. ૧૬

કહું સૂપાય એક ત્યાં, દોષનિવારક જેહ;
થઈ શુદ્ધ તું એ થકી, થશે દિવ્ય તુજ દેહ. ૧૭

ચાર વરસનું લાકડું સૂકું ત્યાં તો છેક
જાય લઈ નર બાળવા ઔદુંબરનું એક. ૧૮

જોઈ એને શ્રીગુરુ વદેઃ- વિપ્ર ! જા તેમ;
લઈ કાષ્ઠ એ, હું કહું કર વેગે તું એમ. ૧૯

જઈ સંગમે પૂર્વમાં ભીમાતટ પર જાણ
રોપ વૃક્ષવત્ એહને, મા શંકા કર આન. ૨૦

કરી સ્નાન વેગે પછી સંગમેશ અશ્વત્થ
પૂજી વિધિવત્, સંગમે ફરી સ્નાન કર ઝટ. ૨૧

ભરી કલશદ્વય વારિથી શુષ્કકાષ્ઠને તેમ,
રેડ ત્રિકાલ મદુક્તિથી, રાખી નિશ્ચલ પ્રેમ. ૨૨

જે દિવસે એ કાષ્ઠને ફૂટે પલ્લવ જાણ,
થઈશ શુદ્ધ તું ત્યાહરે સ્વંગદેહ પણ માન. ૨૩

આજ્ઞા શ્રીગુરુની તથા સૂણી વિપ્ર તત્કાળ,
ગયો કાષ્ઠ પાસે તદા વિશ્વાસે નિર્ધાર. ૨૪

લઈ કાષ્ઠ માથે ગયો ભીમાતટ પર તેમ
સંગમેશની પૂર્વમાં રોપ્યું એ સપ્રેમ. ૨૫

જેમ જેમ ગુરુએ કહ્યું, રાખી દૃઢ વિશ્વાસ
કર્યું તેમ તે બ્રાહ્મણે એક ભક્તિથી ખાસ. ૨૬

કરી ઉપોષણ પ્રેમથી સાત દિવસ એ જાણ,
ભરી ઘટદ્વય વારિથી, સિંચે સશ્રદ્ધ માન. ૨૭

ઘોર કર્મ એ એહનું જોઈ, અન્ય દ્વિજ તેમ
કહે, રહસ્ય ગુરુવચનનું કે'તા હોય ન જેમ ! ૨૮

કરે શું અરે વિપ્ર આ ? શુષ્ક કાષ્ઠ શું ક્યાંય
થાય સજીવન સિંચને, ભલે આયુ વહી જાય ? ૨૯

કૃપાસિંધુ ગુરુમૂર્તિ એ ભક્તવરદ તું જાણ,
કરે દયા તત્ક્ષણ નકી; ભાગ્ય હીન તુજ માન. ૩૦

ના નિષ્કૃતિ તુજ પાપની, માટે આપ્યું કાષ્ઠ !
માની સત્ય ગુરુવાક્ય એ, કરે વ્યર્થ કાં કષ્ટ ? ૩૧

સૂણી વચન એ એમનાં, વદે પ્રણત દ્વિજ ત્યાંયઃ-
કામધેનુ ગુરુવાક્ય હા ! કેમ અન્યથા થાય ? ૩૨

સત્યસંકલ્પ શ્રીગુરુ, વાક્ય ન એનું જૂઠ;
થશે વૃક્ષ આ કાષ્ઠનું; ધૈર્ય ઉરે મુજ અખૂટ ! ૩૩

છે વિશ્વાસ મને નકી, ફરશે વાક્ય ન એહ;
નહિ છોડું ગુરુવચન હું ભલે પડે આ દેહ !! ૩૪

કહી એમ સહુને તદા, ભજે પૂર્વવત્ એહ
શુષ્કકાષ્ઠને ભક્તિથી વાર્યા છતાંય તેહ. ૩૫

એક દિવસે શિષ્યો તિહાં, વદે જઈ ગુરુ પાસઃ-
કહ્યું ગુરો શું વિપ્રને ? કાષ્ઠ સેવવા ખાસ ? ૩૬

૧. પથ્થરના જેવો. ૨. પારસ અને લોઢાની માફક. ૩. સ્તુતિ.

સાત દિવસથી એ ભજે શુષ્ક્કાષ્ઠને તેમ
કરી ઉપોષણ, વચન પર રાખી ભરોસો એમ ! ૩૭

વ્યર્થ કષ્ટ આ કાં કરે મૂરખવત્ તું આમ ?
બોધી વાર્યો એમ પણ માને ના તલ નામ. ૩૮

કહે અમોનેઃ- શું મને કાષ્ઠ થકી એ કાજ ?
કામ મને ગુરુવાક્યથી; એને એની લાજ ! ૩૯

એવો નિશ્ચય ઉર કરી ભજે, કાષ્ઠને એહ;
જલ સરખું પણ ના પીએ સાત દિવસથી તેહ !! ૪૦

શિષ્યવચન એ સાંભળી, બોલે શ્રીગુરુરાયઃ-
જેનો જેવો ભાવ ત્યાં; સિદ્ધિ તેવી થાય. ૪૧

શિષ્યોને તારક અહીં ગુરુવચન નિર્ધાર;
હોય ભાવના શુદ્ધ તો પામે ફળ તત્કાળ. ૪૨

કહું પુણ્ય ઇતિહાસ ત્યાં, સ્કંદપુરાણે જેહ;
સૂતે ઋષિઓને કહ્યો, દૃઢભક્તિપ્રદ એહ. ૪૩

સૂત પૌરાણિક કને નૈમિષારણ્ય માંહ્ય,
ગુરુભક્તિપ્રકાર આ પૂછે ઋષિમુનિ ત્યાંય. ૪૪

કહે સૂતઃ-ઋષિઓ સૂણો ! સુગમ સાધન તેમ
ગુરુભક્તિ સમ અન્ય ના ભવતારક જે એમ. ૪૫

સદ્‌ગુરુ યોગ્ય અયોગ્ય વા કરે ન એમ વિચાર;
માની બ્રહ્મમય એહને સેવે જન નિર્ધાર. ૪૬

દૃઢ ભક્તિ જેની, લભે ક્ષણમાં સિદ્ધિ તેહ,
સાવધાન ગુરુને ભજે, માટે ત્યજી સંદેહ. ૪૭

જોવું ન્યૂન ન ગુરુ તણું, નરદૃષ્ટિથી તેમ;
માની ત્રિમૂર્તિ એહને કરવી સેવા એમ. ૪૮

એવો નિશ્ચય ઉર કરી ભજે જેહ ગુરુપાદ,
થાય પ્રસન્ન એ પર નકી શૂલપાણિ સાક્ષાત્ ! ૪૯

મંત્ર તીર્થ દ્વિજ દેવમાં, ગણક વૈદ્ય ગુરુ માંહ્ય,
જેવી જેની ભાવના સિદ્ધિ તેવી થાય. ૫૦

જેવી ભક્તિ મંત્રાદિમાં, તેવું ફળ સાક્ષાત્;
શિવ માની ગુરુને ભજ્યે, રીઝે શંકર તાત. ૫૧

સદ્યઃ ફલદાયી નકી, ગુરુભક્તિ આ એમ;
કહું નિદર્શન એક ત્યાં, સૂણો ઋષિ સપ્રેમ. ૫૨

હતો પુરા પાંચાલમાં સિંહકેતુ નૃપ એક;
પુત્ર ધનંજય તેહનો ધાર્મિક ન્યાયી નેક. ૫૩

નિર્જન વનમાં એકદા, મળે ન પાણી જ્યાંય;
ગયો શિકારે રાજસુત કેવળ શબરસહાય. ૫૪

ફરે ભિલ્લ સહ વન વિષે, થાક્યો અતિશે એહ,
તૃષાક્રાંત થયો તિહાં, દાહે પીડિત દેહ. ૫૫

ફરતાં ઘોર અરણ્યમાં, જીર્ણ શિવાલય એક
જુએ દૂરથી; ભિલ્લ સહ પહોંચ્યો પાસે છેક. ૫૬

પડ્યાં હતાં ભૂ પર તિહાં લિંગ અનેક સુરમ્ય;
લઈ એક કરમાં વદે શબર, આ અતિ [૧]કમ્ય ! ૫૭

દોડ્યો તત્ક્ષણ લિંગ સહ રાજપુત્રની પાસ;
જોઈ નૃપસુત એ વદેઃ- શું આણ્યું રે ખાસ ? ૫૮

કરીશ શું તું લિંગથી ? લીધું નાહક કેમ ?
પડ્યાં કેટલાં જો અહીં લિંગ મનોહર તેમ ! ૫૯

કહે દૂતઃ- પૂજા તણી ઇચ્છા મુજને થાય;
લીધું તદર્થ લિંગ એ, અન્ય હેતુ ના ત્યાંય. ૬૦

દૂતવચન એ સાંભળી, વદે સહાસ્ય કુમારઃ-
લિંગ અનુત્તમ[૨] આ નકી, શંકા ત્યાં ન લગાર. ૬૧

પૂજ એકભક્તિ થકી, પામીશ સિદ્ધિ એમ !
વદે દૂતઃ- અર્ચનવિધિ કહો કૃપા કરી તેમ. ૬૨

શબર જાતિનો મૂઢ હું, જાણું ન વિધિવિધાન;
થાઓ ગુરુ મારા પ્રભો, કહો અશેષ પ્રમાણ. ૬૩

બોલે નૃપસુતઃ- લિંગ એ લઈ ઘેર જા તેમ;
સ્થાપી શુદ્ધસ્થાનમાં, ભાવે સ્વસ્ત્રી સહ એમ. ૬૪

માની [૩]ગિરિજારમણ એ પૂજ ભક્તિથી ત્યાંય,
ગંધાક્ષતપુષ્પાદિથી એકનિષ્ઠ સદાય. ૬૫

નાના પુષ્પો બિલ્વદળ ગંધાદિક પણ તેમ;
ધૂપદીપનૈવેદ્યથી અર્ચ સદા સપ્રેમ. ૬૬

ચિતાભસ્મ નૂતન સદા લાવી, નિવેદ ત્યાંય.
અર્પી લિંગને, પત્ની સહ લેવો પ્રસાદ આંહ્ય. ૬૭

જે જે ભક્ષે તે બધું અર્પી એહને તેમ,
ખાવું ભાવે તે પછી; પૂજાવિધાન એમ. ૬૮

વદે રાજસુત એ તથા ! સૂણી શબર સુજાણ,
વંદન કરી ઉરમાં કરે દૃઢ નિશ્ચય ત્યાં માન. ૬૯

લઈ લિંગ સંતુષ્ટ એ ગયો ગૃહ વિષે તેમ;
કહે પત્નીને, શિવ થયા પ્રસન્ન મુજ પર એમ. ૭૦

સ્થાપી ગુરૂક્તવત્ તદા લિંગ શુદ્ધ સ્થળ માંહ્ય,
પૂજે અનન્ય ભક્તિથી નિત્ય સ્ત્રી સહ ત્યાંય. ૭૧

ચિતાભસ્મ અર્પે મુદા; જતાં દિવસ ત્યાં એમ,
એક દિવસ ક્યાંએ ન એ મળી શોધતાં તેમ. ૭૨

૧. સુંદર. ૨. શ્રેષ્ઠ. ૩. ભગવાન શંકર.

ચિતાભસ્મ ના સાંપડે, રખડ્યો ગામેગામ;
સાત ગામ ફરી ઘેર એ આવ્યો થાકી આમ. ૭૩

ચિંતાક્રાંત સુખિન્ન ત્યાં, પૂછે સ્ત્રીને તેમઃ-
પ્રિયે, શું કરૂં ! પ્રાણ આ ત્યજું નિશ્ચયે એમ. ૭૪

ચિતાભસ્મ વિણ થાય ના લિંગાર્ચન આ આંહ્ય;
સર્વ દિશામાં શોધતાં મળી ભસ્મ ના ક્યાંય. ૭૫

ગુરૂક્તવત્ નૈવેદ્ય વિણ, થાએ પૂજા કેમ ?
નિષ્ફળ પૂજન અન્યથા પ્રિયે ભસ્મ વિણ તેમ ! ૭૬

ગુર્વાજ્ઞાસમ ના કરે જાય નરકમાં તેહ;
પાતક દૂર ન તેહને, સદા દરિદ્રી એહ; ૭૭

થાય અધોગતિ તેહની, નરક અખંડિત ત્યાંય;
પાળે જે ગુરુવચન તે તરે ભવાર્ણવ આંહ્ય. ૭૮

વેદ શાસ્ત્ર એવું કહે, સૂણ્યું મેં પણ તેમ;
ત્યજીશ પ્રાણ લિંગાર્થ હું, શબરી નિશ્ચિત એમ ! ૭૯

પતિવચન એ સાંભળી, બોલે શબરી ત્યાંયઃ-
ચિંતા કેમ કરો ? ચિતાભસ્મ આપું હું આંહ્ય. ૮૦

પૂરી નાથ મુજને ગૃહે, દો સળગાવી દ્રાક્;
ભર્યા કાષ્ઠ ગૃહમાં બહુ, થશે દેહ આ ખાખ. ૮૧

લઈ ભસ્મ એ પ્રેમથી અર્પો શિવને તેમ;
કરો ભંગ ના વ્રત તણો, કહું હર્ષથી એમ. ૮૨

થયો દેહ ઉત્પન્ન જે તેનો નિશ્ચય નાશ;
માટે શિવકાર્યાર્થ હું અર્પું એને ખાસ. ૮૩

સૂણી વચન એ સ્ત્રી તણાં, બોલે ભિલ્લ સુખિન્નઃ
હરૂં પ્રાણ તારા પ્રિયે કેમ એમ અકિલન્ન[1] ? ૮૪

ભરજુવાની તાહરી, રૂપે અનુપમ તેમ;
જોયું સંતતિસૌખ્ય ના અદ્યાપિ તેં એમ ! ૮૫

ના મનમાં હજી તૃપ્ત તું, ના જોયું સુખ ત્યાંય;
અર્પી તુજ માવેતરે મને રક્ષાર્થ આંહ્ય. ૮૬

વર્યો હું તને સાક્ષીથી ચંદ્રસૂર્યની તેમ;
રક્ષીશ પ્રાણવત્ કહી આણી ઘરમાં એમ. ૮૭

માટે તુજને બાળતાં, થાય પાપ અનિવાર;
સ્ત્રીહત્યારો જન કહે ! હણું કેમ નિર્ધાર ? ૮૮

હણતાં તુજને કેમ એ રીઝે શંકર તેમ ?
જઈ પુણ્ય, પાતક તથા ચોંટે ઊલટું એમ. ૮૯

માતપિતા તુજ દુઃખથી આપે મુજને શાપ;
ભાસે નૂતનવત્ હજી ત્વદ્લાવણ્ય અમાપ ! ૯૦

કરે લોક દેહે જ આ વ્રતતીર્થાદિક તેમ;
બાળું જીવતો દેહ એ કેમ ક્રૂર થઈ એમ ? ૯૧

સૂણી વિનત શબરી વદેઃ- ક્યાંથી આ અજ્ઞાન ?
વૃથા મોહ આ દેહનો, જે દુર્ગંધની ખાણ ! ૯૨

સ્વપ્નોપમ નશ્વર નકી, જલતરંગવત્ એહ;
જન્મ્યો તે નિશ્ચય જશે, રહે ન સ્થિર કદિ તેહ. ૯૩

અર્પી માબાપે તથા, અર્ધાંગી હું નાથ;
ભિન્નભાવ ક્યાંથી રહ્યો ? ના હું એમ કુજાત ! ૯૪

આત્મા હું તુજનો નકી, તું પણ મારો તેમ;
સ્વાર્ધદેહને બાળતાં નડે દોષ ક્યાં એમ ? ૯૫

જન્મ્યો જે સંસારમાં, જાશે નિશ્ચય તેહ;
કર સાફલ્ય મદ્દેહનું, થશે તુષ્ટ શિવ એહ ! ૯૬

નાના રીતે એમ એ બોધી પતિને ત્યાંય,
જઈ સ્વયં ગૃહમાં કહેઃ- મૂક આગ પ્રિય આંહ્ય. ૯૭

થઈ શબર પણ તુષ્ટ ત્યાં, કરી બંધ ગૃહદ્વાર,
મૂકે અગ્નિ; ગેહ એ થયું દગ્ધ તત્કાળ ! ૯૮

થઈ દગ્ધ શબરી તથા ! લઈ ભસ્મ એ તેમ,
અર્પે શિવને ભક્તિથી શબર નિત્યવત્ એમ !! ૯૯

યથાસાંગ પૂજા થતાં, થયો હૃષ્ટ અતિ એહ;
થઈ ખાખ સ્ત્રી, ના રહ્યું સ્મરણ એહને તેહ !! ૧૦૦

લઈ હાથમાં નિત્યવત્ પ્રસાદ પ્રેમે તેમ,
બોલાવે સ્ત્રીને અહા શબર હર્ષથી એમ ! ૧૦૧

રહ્યું ભાન ના અગ્નિમાં થઈ ખાખ સ્ત્રી એહ;
લેવા પ્રસાદ એહને બોલાવે સસ્નેહ !! ૧૦૨

રીઝ્યા ભોળાનાથ ત્યાં, ઊઠી શબરી ત્યાંય !
આવી સસ્મિત દોડતી, ઉર આનંદ ન માય !! ૧૦૩

લઈ પ્રસાદ કરમાં ગઈ ઘરમાં સુહૃષ્ટ એહ;
આવ્યું ભાન ત્યાં શબરને, થયો સુવિસ્મત તેહ. ૧૦૪

જોઈ પૂર્વવત્ ગેહને સ્ત્રીને તે જ પ્રમાણ,
ડૂબી આશ્ચર્યે કહેઃ- પ્રિયે ! માન ના માન, ૧૦૫

બાળી ગૃહ સહ મેં તને; થઈ ખાખ તું તેમ !
આવી ક્યાંથી જીવતી ? થયું આ બધું કેમ ? ૧૦૬

બોલે શબરીઃ- નાથ હે ! સ્મરૂં યથાર્થ એક;
થયું દગ્ધ ગૃહ જ્યાહરે સૂતી'તી હું છેક. ૧૦૭

અકડાઈને ટાઢથી હતી ઊંઘતી ગાઢ;
જાગી તત્ક્ષણ સાંભળી પ્રસાદની આ રાડ ! ૧૦૮

૧. નિર્દય થઈ.

શી લીલા આ દેવની ? થયા પ્રસન્ન [1]પિનાક !
વદે એમ ત્યાં તો થયા પ્રગટ સદાશિવ દ્રાક્ !! ૧૦૯

પતિપત્ની આનંદથી આળોટે પગ માંહ્ય;
થઈ તુષ્ટ ભોળા વદેઃ- માગો વર કંઈ આંહ્ય. ૧૧૦

વદે દંપતીઃ- આ પદે રહેજો ભક્તિ સદાય;
આપો સેવા ચરણની અખંડ, હે સિતકાય ! ૧૧૧

એમ કહી વંદન કરે !! બોલે પશુપતિ તત્રઃ-
અખંડ સુખ અહીં ભોગવી, સ્વર્ગ કોટ્યબ્દ[2] પરત્ર ૧૧૨

ભોગવશો નિશ્ચય તમે; આપ્યું એ વરદાન !
એમ કહી તત્ક્ષણ થયા પોતે અંતર્ધાન. ૧૧૩

કહે સૂત ઋષિને તથા, કથા સવિસ્તર એમ,
હોય અચલ વિશ્વાસ તો પામે ફળ દ્રુત[3] તેમ. ૧૧૪

એમ કહી ગુરુ શિષ્યને વદેઃ- ધન્ય દ્વિજ એહ;
રાખી ભરોસો ભક્તિથી ભજે કાષ્ઠને તેહ ! ૧૧૫

જેની જેવી ભાવના તેને સિદ્ધિ તેમ;
એમ કહી ગુરુ સંગમે ગયા દયાર્ણવ એમ. ૧૧૬

કરી નિજાહ્નિક ત્યાં ગયા, જોયો કુષ્ઠી એહ;
જોઈ દૃઢતા એહની, થયા તુષ્ટ પ્રભુ તેહ. ૧૧૭

લઈ કમંડલુજલ કરે છાંટ્યું કાષ્ઠે જાણ;
ફૂટ્યા તત્ક્ષણ અંકુરો શુષ્ક્કાષ્ઠમાં માન ! ૧૧૮

ફૂટ્યા અગણિત પલ્લવો, જોયા સહુએ તેમ;
થયું ઉદુંબરવૃક્ષ એ શુષ્ક્કાષ્ઠનું એમ !! ૧૧૯

ચિંતામણિસ્પર્શે યથા થાય લોહનું હેમ;
સુધાદૃષ્ટિથી ગુરુ તણી, કાષ્ઠ ઉદુંબર એમ ! ૧૨૦

થયો વિપ્ર [4]વિકુષ્ઠ એ સુવર્ણાંગ તત્ક્ષણ;
આવી પ્રેમે ગુરુપદે કરે સાષ્ટાંગ નમન. ૧૨૧

હર્ષાશ્રુપ્લુત પ્રેમથી કરે સ્તવન નતકાયઃ-
વંદું દેવ દયાનિધે, હે નૃસિંહ યતિરાય ! ૧૨૨

સ્તોત્ર

કોટિસૂર્યશી પ્રભા શાંત કોટિચંદ્રવત્, ત્રીશ વિશ્વનાથ દેવપૂજિતાંઘ્રિ ભૃંગવત્ !
ભક્તિપ્રાપ્ય અત્રિપુત્ર, પાળ આત્મવત્ સદા; હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૧

અજ્ઞાનાંધકારસૂર્ય શ્રીપદાખ્ય હે ગુણેટ્, ગુણાતિગ પ્રભો વરેણ્ય સ્વીકૃતાત્ર- ભિક્ષુવેષ !
ભક્તસેવ્ય ઈષ્ટદામકામ કામકલ્પ હા, હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૨

કામક્રોધઆદિષટ્કમત્તવારણાંકુશ સચ્ચિદાત્મ સૌખ્યકંદ તત્ત્વ એક હે ગવીશ[5] !
ધર્મરક્ષણે ધર્યો નરાવતાર ધન્ય આ, હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૩

સૂર્યચંદ્રનેત્ર ભક્તકામધેનુ જે થકી પંચભૂત વિશ્વ આ થયું; રમે પદે નકી !
થાય અસ્ત અંતમાં યદાત્મમાં વિભો અહા, હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૪

રક્તપદ્મપત્રનેત્ર દંડપાત્રહસ્ત હે પૂર્ણચંદ્રકાંતવક્ત્ર, હાસ્ય શું મુખે લસે !
વેદ નિત્ય પાદધૂલિ શોધતા ફરે અહા, હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૫

નાદબિંદુપાર જે, કલાતિગાપ્રમેય જે, તાપતમકલ્પવૃક્ષ શાંતિસૌખ્યગેહ જે !
ભવાબ્ધિનાવ દૈન્યદાવ ભીતિહાર સાર હા, હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૬

યોગધામ પૂર્ણકામ સ્વાભિરામ, જે વિરામ જન્મમૃત્યુનો, [6]જ્ઞનો એક આશરો અનામ !
કૃષ્ણાવેણિપંચગંગસંગમસ્થ ધ્યાઉં હા, હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૭

આદિમધ્યઅંતહીન અપ્રમેયશક્તિ હે, વાગતીત વાગ્દ દૃષ્ટ્યગોચરાત્મક્રીડ હે !
અદ્વિતીય પૂર્ણબ્રહ્મ તોડ રંગપાશ[7] આ, હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૮

એમ સ્તવન કરી નરહરિ, કરે પુનઃ પ્રણામ;
કહેઃ- દેવ મુજ પર કરી કૃપા નૃસિંહ આમ. ૧૨૩

એમ કહી ફરી ફરી નમે લાંબો થઈને એહ;
જોઈ ભક્ત્યુદ્રેક એ થયા તુષ્ટ ગુરુ તેહ. ૧૨૪

ઊઠ જ્ઞાનરાશિ અરે ! આશ્વાસીને એમ,
મૂકી અભયકર મસ્તકે ઊઠાડે સપ્રેમ. ૧૨૫

જોઈ કાષ્ઠે પલ્લવો નિર્મલાંગ દ્વિજ તેમ.
લોક સકળ વિસ્મય કરે; વંદે ભાવે એમ, ૧૨૬

નમસ્કાર કરી આદરે, કરે સ્તવન નત ત્યાંય;
કુષ્ઠમુક્ત દ્વિજ શિષ્ય સહ, આવે ગુરુ મઠ માંહ્ય. ૧૨૭

સૂણી વૃત્ત એ નગરજન બ્રાહ્મણાદિક જાણ,
લઈ પૂજાપો આરતી ધાયા સ્હામા માન. ૧૨૮

૧. પિનાકી; શંકર. ૨. કરોડ વરસ. ૩. જલદી. ૪. કુષ્ઠહીન. ૫. ઈંદ્રિયોના નિયંતા. ૬. જ્ઞાનીનો. ૭. સંસારના. જન્મમરણના-પાશ.

પેઠા સર્વે સહ તિહાં શ્રીગુરુ મઠમાં તેમ;
પૂજે આનંદે સહુ વર્ત્યો ઉત્સવ એમ. ૧૨૯

થઈ શુદ્ધ દ્વિજ એ તદા, બ્રાહ્મણભોજન જાણ
કરી, જમાડે સર્વને સહ પરિવાર સમાન. ૧૩૦

બોલાવીને એહને પ્રીતે શ્રીગુરુ પાસ
કહે તુષ્ટ થઈઃ- ભક્ત તું મારો નરહરિ ખાસ. ૧૩૧

આપ્યું સ્ત્રીપુત્રાદિ જા, સૌખ્ય અત્ર પરત્ર;
ગોઅશ્વાદિક સંપદા, વંશવૃદ્ધિ પણ તત્ર ! ૧૩૨

એમ કહી યોગાદિ ત્યાં બોધી પ્રગટ ગુરુ તેમ,
કહેઃ- ત્વન્નામ આજથી પાડ્યું અમે સપ્રેમ. ૧૩૩

યોગેશ્વર ઉત્તમ નકી; સર્વ શિષ્યમાં જાણ
શ્રેષ્ઠ તું અહીં, પરમ પ્રિય ભક્ત અમારો માન. ૧૩૪

વેદશાસ્ત્રસંપન્ન સહુ થશે ત્વકુલે એમ
અધ્યાપક વિદ્વાન જે મત્પ્રસાદે તેમ. ૧૩૫

મા ચિંતા કર તું હવે; કહું અદ્ય જે જાણ
કર મારી આજ્ઞા થકી, મા શંકા કર આન. ૧૩૬

થયો કુષ્ઠનિર્મુક્ત તું, માટે જઈને ઘેર
સ્ત્રીપુત્રાદિક લઈ અહીં આવ; મા કર દેર. ૧૩૭

સ્ત્રીપુત્રાદિક સહ અહીં રહે ગામમાં એમ
મત્સંનિધ આનંદથી; થશે શ્રેય તુજ તેમ. ૧૩૮

ત્રણ પુત્ર મત્પૂજકો, એક યોગિસંજ્ઞિત;
ત્વત્કુલજ મદ્ભક્ત સહુ થશે માન નિશ્ચિત. ૧૩૯

એમ કહી બોધે મુદા એને વિધિવત્ ત્યાંય
વિદ્યાસરસ્વતી મંત્ર એ, થઈ તુષ્ટ ગુરુરાય. ૧૪૦

કહ્યું શ્રીગુરુએ યથા, થયું સર્વ ત્યાં તેમ;
એવી અગાધ ગુરુકૃપા, જાણ નિરંજન એમ ! ૧૪૧

અસાર આ સંસારમાં સાર ગુરુકથા જાણ;
લાગે દૈવે **રંગ** જો થાય દેવ હેવાન !! ૧૪૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
શુષ્કકાષ્ઠોજ્જીવનં નામ ચતુર્નવતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૯૪ ॥ દોહરા ૧૪૨. સ્તોત્ર ૧

અધ્યાય ૯૫

જોડી કરદ્વય ભાવથી, વદે નિરંજન એહઃ-
જય યોગેશ્વર અલખ હે ! અર્પું ચરણે દેહ. ૧

ભવતારક તું નિશ્ચયે અજ્ઞાનાંધ્યપ્રકાશ;
નાનાધર્માન્વિત કહી રમ્ય ગુરુકથા ખાસ. ૨

થયો ધન્ય હું તે થકી, પૂછું પ્રેમે તેમ;
સેવ્યા પૂર્વે શ્રીગુરુ પૂર્વજે મમ કેમ ? ૩

જ્ઞાની સર્વજ્ઞ તું નકી; પરમ ગુરુશિષ્ય ત્યાંય;
કહે કૃપા કરી સર્વ એ; કથા સવિસ્તર આંહ્ય. ૪

શિષ્યવચન એ સાંભળી, બોલે અલખ દયાળઃ-
પૂર્વે ગોદાતટ વિષે આવ્યો જે, હે બાળ ! ૫

સાયંદેવ શ્રીગુરુ કને, તે ત્વત્પૂર્વજ તેમ;
પૂજી ગુરુને પ્રેમથી, થયો તચ્છિષ્ય એમ. ૬

ત્યાંથી દક્ષિણભાગમાં ગાણગાપુર માંહ્ય
આવ્યા શ્રીગુરુ ને વધી કીર્તિ અગાધ ત્યાંય. ૭

સૂણી નામ આવે જનો, દર્શન માટે તેમ;
થાય કામના તેમની સિદ્ધ તત્ક્ષણે એમ. ૮

થઈ ખ્યાતિ સહુ દેશમાં, ભક્તવત્સલ એહ,
વસે નૃસિંહસરસ્વતી ગાણગગ્રામે તેહ. ૯

પૂર્વજ એ તારો તથા સાયંદેવ સુજાણ,
લોકશ્રુત માહાત્મ્ય એ સૂણે ગુરુનું જાણ. ૧૦

નિર્મલ યશ એ ગુરુ તણો સૂણી હર્ષનિર્ભર;
આવ્યો ગાણગાપુર મહીં ભક્તરાજ સત્વર. ૧૧

જોઈ દૂરથી નગર એ, ડગલે ડગલે તેમ;
કરતો દંડવત્ પ્રેમથી આવ્યો વેગે એમ. ૧૨

ફરી ફરી પ્રણમી તથા આવ્યો મઠમાં જાણ;
જોયા સાક્ષાત્ શ્રીગુરુ બ્રહ્મ પરાત્પર માન. ૧૩

સાષ્ટાંગ પ્રણતિ કરી, પડ્યો ચરણમાં તેમ;
ગુરુપદધૂલિ કેશથી કરે સાફ સપ્રેમ ! ૧૪

જોડી કર એકાગ્રમન કરે સ્તવન નત ત્યાંય;
બ્રહ્માહરિહર શ્રીગુરો એકરૂપ તું આંહ્ય. ૧૫

જન્મ સફળ મારો થયો, પિતર કૃતાર્થ સુહૃષ્ટ;
ત્વચ્ચરણસ્પર્શે થયું કોટિજન્માઘ નષ્ટ. ૧૬

જય પરમાત્મન્ જય નમું, જગજ્જ્યોતિસાક્ષાત્ !
જય નરસિંહસરસ્વતી ! જય કરુણાકર તાત !! ૧૭

મહિમા ત્વત્પાદાબ્જનો શકું ન વર્ણવી નાથ;
ભક્તવત્સલ હે વિભો, જોડું કેવળ હાથ ! ૧૮

ત્વચ્ચરણે તીર્થો સહુ, ત્વદ્વિણ દેવ ન આન;
ચરણં પવિત્રં...શ્રુતિ કહે; આ પ્રત્યક્ષ પ્રમાણ ! ૧૯

ત્રિમૂર્ત્યવતાર તું નકી; ભાસે નરવત્ તેમ
મૂઢદૃષ્ટિથી તો ભલે, જોઉં હું તો એમ ! ૨૦

બ્રહ્મદેવ તું નિશ્ચયે સુધાકમંડલુહસ્ત;
યત્સ્પર્શે મૃત જીવતો થઈ ફરે રસમસ્ત[1]. ૨૧

વિષ્ણુ દંડધર તેમ તું શરણાગતરક્ષક;
દૈન્ય નિવારી ભક્તનાં, સંહારે અઘ અક. ૨૨

ભસ્મરુદ્રાક્ષધર તથા શંકર ત્રિનેત્ર તેમ,
બાળે ક્રૂરદૃષ્ટિથી ત્રિતાપપુર તું એમ. ૨૩

ચતુર્વર્ગ નિજભક્તને દે નૃસિંહ સપ્રેમ;
રુદ્ર સંસૃતિરોગહૃત્ જગદ્ગુરો તું એમ. ૨૪

ક્ષમાશાંત્યાદિલક્ષણે તું શ્રીહરિ સાક્ષાત્ !
ભક્તકામધુક્ ત્વત્પદે તીર્થ સકળ, હે તાત ! ૨૫

આણ્યાં પલ્લવ કાષ્ઠને, દોહી વંધ્યા ભેંસ,
દીધા સુત વંધ્યોદરે; તું નિઃશંક મહેશ ! ૨૬

અન્નપૂર્ણા તવ સંનિધે !! વિષ્ણુરૂપ તું આંહ્ય;
કરવા પ્રગટ રહસ્ય એ, દેખાડ્યું શુભ ત્યાંય ૨૭

મુનિ ત્રિવિક્રમને તથા વિશ્વરૂપ તેં એમ;
બોલાવ્યા વેદો અહા અંત્યજમુખથી તેમ !! ૨૮

અપાર મહિમા તાહરો, તું ત્રિમૂર્તિ સાક્ષાત્ !
ભક્તકારણે અવતર્યો, કૃપા કેટલી તાત !! ૨૯

એમ સ્તવન કરી ગળગળો કરે દંડવત્ એહ,
રોમાંચિતતનુ ફરી ફરી સાયંદેવ સુદેહ. ૩૦

આનંદાશ્રુપ્લુત અહા ભીંજાઈ તનુ તેમ;
કરે સ્તવન શ્રીગુરુ તણું ભક્તિપૂર્ણ સપ્રેમ ! ૩૧

થઈ તુષ્ટ શ્રીગુરુ કહે આશ્વાસીને જાણ
મૂકી કર મસ્તક વિષેઃ- પરમ ભક્ત તું માન. ૩૨

થયો સંતુષ્ટ હું નકી, આપું વર સપ્રેમ;
વંશ સકળ તારો થશે મત્પૂજક જા એમ. ૩૩

કરી સ્નાન સંગમ વિષે, પૂજી અશ્વત્થ જાણ,
આવ મઠે જમવા અહીં; મા કર વિલંબ માન. ૩૪

ગુર્વાજ્ઞાથી એમ એ સાયંદેવ સુજાણ
કરી સ્નાનાદિ સંગમે આવ્યો સત્વર માન. ૩૫

ષોડશોપચારે તથા પૂજી ગુરુને તેમ,
ષડ્રસ પકવાન્ને મુદા અર્પે ભિક્ષા એમ. ૩૬

સકળ શિષ્ય સહ એહને બેસાડીને પાસ,
ભક્તવત્સલ શ્રીગુરુ લે ભોજન ત્યાં ખાસ. ૩૭

ભક્ત સાથ આનંદથી ભોજનોત્તર તેમ
બેસી સંતોષે વદે સાયંદેવને એમઃ- ૩૮

ક્યાં રે'છે સાંપ્રત[2] અરે ? પુત્રસ્ત્રી તુજ ક્યાંય ?
ચાલે કેમ બધું તિહાં ? ક્ષેમકુશળ સહુ ત્યાંય ? ૩૯

પૂછે પરમ કૃપા થકી શ્રીગુરુ પ્રેમે એમ;
બોલે સાયંદેવ ત્યાં વિનત સવિસ્તર તેમઃ- ૪૦

જાણે સઘળું તું પ્રભો ! છે કુશળ સહુ ત્યાંય;
રહીએ [3]ઉત્તરકાંચીમાં ત્વદાશિષે સુખ માંહ્ય. ૪૧

પુત્ર બંધુઓ ગૃહ વિષે જુએ સર્વ વ્યવહાર;
રહું ત્વત્પદે હું અહીં સેવા કરી નિર્ધાર, ૪૨

એવી ઇચ્છા ઉર વસે; આપ ચરણનું દાસ્ય !
સૂણી વચન એનાં તદા, શ્રીગુરુ વદે સહાસ્યઃ- ૪૩

સેવા કઠણ અતિ માહરી, ન એકત્ર મુજ વાસ;
રહું કદાચિત્ ગામમાં, કદિ અરણ્યે ખાસ. ૪૪

મત્સમાગમથી થશે અસહ્ય તુજને કષ્ટ;
રહું પડી જ્યાં ત્યાં તથા સદા સ્વાત્મમાં મસ્ત. ૪૫

ગુરુવચન એ સાંભળી, વદે પ્રણત દ્વિજ એમઃ-
શરણાગત હું, સ્વામી હે ! અંગીકાર કર તેમ. ૪૬

ગુરુસેવા જે આદરે કરે, થાય તે પાર;
ક્યાંથી તેને દુઃખ ? એ સદા સુખી નિર્ધાર. ૪૭

થતાં તુષ્ટ ગુરુ દે સ્વયં ચતુર્વિધ પુરુષાર્થ;
ક્યાંથી યમભીતિ પછી ? ગુરુભક્તિ જ યથાર્થ. ૪૮

પ્રાર્થે સાયંદેવ એ એમ ભક્તિથી ત્યાંય;
જોઈ વિનય એનો તદા થયા તુષ્ટ ગુરુરાય. ૪૯

કહેઃ-ચિત્તમાં જે વસે કર ભક્તિથી તેમ;
હોય ભાવ દૃઢ તો ભલે, કર સેવા તું એમ. ૫૦

કરી મન સ્થિર એમ એ સેવે શ્રીગુરુ ત્યાંય;
ભજતાં ભજતાં ત્રણ માસ એમ ઝટ વહી જાય. ૫૧

એક દિવસ સહુ શિષ્યને કાઢી પાછા તેમ,
ગયા શ્રીગુરુ સંગમે સાયંદેવ સહ એમ. ૫૨

જોવા નિષ્ઠા એહની કરે એમ ગુરુરાય;
ગયો વિપ્ર પણ ભાવથી સાથે નિર્ભય ત્યાંય; ૫૩

હતો વખત એ સ્હાંજનો, આવ્યા સંગમસ્થાન;
બેસી અશ્વત્થની તળે, કરે ગોષ્ઠી બે માન. ૫૪

થયો અસ્ત ત્યાં સૂર્યનો; ભક્તપ્રિય ગુરુનાથ
જોવા દૃઢતા એહની, કરે ઉપાય સુજાત. ૫૫

અકસ્માત વંટોળીઓ આવ્યો પ્રચંડ ત્યાંય;
પડ્યાં વૃક્ષ ઊખડી કંઈ, ઊડે ધૂળ નભ માંહ્ય. ૫૬

૧. બ્રહ્માનંદમાં મસ્ત. ૨. હાલમાં. ૩. હાલ એને કડગંચી કહે છે, જે ગાણગાપુરશી નવ દશ કોશ દૂર છે.

મુશળધાર વરસાદની વરસે હેલી તેમ;
વખત રાતનો, ના સૂઝે દિશા વગેરે એમ. ૫૭

સાયંદેવ સુધન્ય એ; સહી શીત [1]પર્જન્ય,
ઊભો શ્રીગુરુસંમુખે સેવા કરે અનન્ય ! ૫૮

ધરી વસ્ત્ર આડું તિહાં શ્રીગુરુશીર્ષે જાણ,
નિવારવા પર્જન્યને કરે પ્રયત્ન મહાન !! ૫૯

બે પહોર પર્યંત એ ચાલી ઝડીઓ તેમ;
વાયો ઠંડો તે પછી વાયુ હિમવત્ એમ. ૬૦

વદે 'ટાઢ અતિ ચઢી' ગુરુ, સાયંદેવ સુજાણ !
જઈ ગામમાં શેકવા લાવ અગ્નિ દ્રુત માન. ૬૧

સૂણી શિષ્ય તત્ક્ષણ ગયો લેવા અગ્નિ તેમ,
આજ્ઞા શિર પર ભાવથી ધરી ગુરુની એમ. ૬૨

જતો જોઈને એહને, વદે હસી ગુરુરાયઃ-
આમતેમ જોયા વિના જાજે સીધો ત્યાંય ! ૬૩

ઠીક કહી વેગે તિહાં ચાલ્યો માર્ગે એહ;
રસ્તો ના સૂઝે [2]તમે, જાય આશરે તેહ. ૬૪

પડે પર્જન્ય મસ્તકે, વાયુ શીત અતિ વાય;
વ્યાપ્યું અંધારૂં બધે; બાંધી અટકળ જાય ! ૬૫

ધ્યાય શ્રીગુરુ અંતરે; થતાં વીજચમકાર
ઊભો રહી ક્ષણ, માર્ગનો કરે ફરી નિર્ધાર !! ૬૬

આવ્યો ગાણગાપુરના દરવાજે એ એમ;
દ્વારપાલને સર્વ ત્યાં કહ્યો વૃત્તાંત તેમ. ૬૭

સૂણી, વાસણમાં તદા આપે અગ્નિ એહ;
લઈ વિપ્ર એ વેગથી ચાલ્યો તત્ક્ષણ તેહ. ૬૮

વિદ્યુત્તેજે પૂર્વવત્ કરી માર્ગનિશ્ચય,
ધ્યાતો ગુરુને [3]ધ્વાંતમાં જાય એમ નિર્ભય. ૬૯

ચિંતે મનમાંઃ- ના કહ્યું જોવા ગુરુએ કેમ
બે બાજુએ ? શું હશે કારણ તેનું તેમ ? ૭૦

એમ વિચારી જ્યાં જુએ જમણે પાસે જાણ,
મહાફેણયુત સર્પ ત્યાં દેખી બીધો માન. ૭૧

દોડે ડાબી પાસ જ્યાં થઈ ભયભીત એમ,
મહાભુજંગમ ત્યાં દિસે ! થયો ગાભરો તેમ. ૭૨

પંચફણાયુત બેઉ એ મહાભયંકર નાગ;
દોડે પાછળ વિપ્રની, જાય જ્યાં જ્યાં એ દ્રાક્. ૭૩

નાઠો જીવ લઈ તિહાં, છોડી રસ્તો એહ
પેઠો વનમાં; નાગ પણ દોડે પાછળ તેહ ! ૭૪

સ્મરણ કરી ગુરુનું હૃદે, દોડ્યો સત્વર તેમ;
મૂકે કેડો નાગ ના ! ગભરાયો અતિ એમ !! ૭૫

ધારી ધીરજ ઉર વિષે ધ્યાતો ગુરુપદ ત્યાંય,
આવ્યો સંગમ પાસ એ સાયંદેવ સુકાય. ૭૬

જુએ દૂરથી શ્રીગુરુ, દીપ હજારો તેમ;
વિપ્રો અનેક જોરથી કરે વેદધ્વનિ એમ. ૭૭

સૂણી સુવિસ્મિત એ થયો, ગયો શ્રીગુરુ પાસ;
જોઈ ગુરુ ત્યાં એકલા, થયો દિઙ્મૂઢ ખાસ ! ૭૮

પ્રજ્વાળી અગ્નિ તિહાં શ્રીગુરુસંનિધ તેમ,
ભીતભીત ગુરુને નમે જોઈ સઘળું એમ. ૭૯

આવ્યા સર્પો એ તથા, નમી ગુરુપદે ત્યાંય,
ગયા યથાગત; વિપ્ર એ બીધો પૂર્વેજ આંહ્ય ! ૮૦

પૂછે શ્રીગુરુ વિપ્રનેઃ- કાં બીધો રે એમ ?
ત્વદ્રક્ષાર્થે મોકલ્યા ભુજંગદ્વય મેં તેમ. ૮૧

મા ડર, સેવા માહરી કઠણ એહવી જાણ;
માટે વિચારી મૂળથી અંગીકારવી માન. ૮૨

દુષ્કર ગુરુભક્તિ નકી; દૃઢવૃત્તિથી જેહ
સ્વીકારે, ના તેહને કાલભીતિસંદેહ. ૮૩

સાયંદેવ વદે તદા પડી ગુરુપદે તેમઃ-
કરી કૃપા મુજ પર પ્રભો, કહે સવિસ્તર એમ ૮૪

ગુરુભક્તિપ્રકાર એ; જેથી સુસ્થિર ચિત્ત
રહી ત્વત્સંનિધ કરૂં સેવા તુજ નિશ્ચિત. ૮૫

વદે શ્રીગુરુઃ- કહું તને કથા સરસ સૂણ ત્યાંય;
કાલક્ષેપ થશે વળી બ્રાહ્મમુહૂર્તતક આંહ્ય. ૮૬

બેઠા'તા કૈલાસમાં પૂર્વે શંકર જાણ,
અર્ધાંગે ગિરિજા લઈ એકાંતે તું માન. ૮૭

વદે પાર્વતી શંભુનેઃ- કૃપા કરી હે નાથ !
પ્રકાર ગુરુભક્તિ તણો કહો મને સાક્ષાત્. ૮૮

કહે ઈશઃ-ગુરુભક્તિ એ સર્વસિદ્ધિપ્રદ જાણ;
કરવી ભાવે સર્વદા; ગુરુ સાક્ષાત્ શિવ માન. ૮૯

કહું પુરાતન ત્યાં કથા; સૂણ ભવાની તેહ
ભાવે એકાગ્રચિત્તથી, રહેશે ના સંદેહ. ૯૦

સુલભ ગુરુભક્તિ આ નકી, આપે ફળ તત્કાળ;
તપોનુષ્ઠાનાદિક ફળે વિલંબથી નિર્ધાર. ૯૧

દુષ્કર[4] વ્રતદાનાદિ એ, તેમ યજ્ઞાનુષ્ઠાન;
દુર્લભ સિદ્ધિ ત્યાં નકી, વિઘ્ન પ્રતિક્ષણ માન. ૯૨

૧. વરસાદ. ૨. અંધારે. ૩. અંધારામાં. ૪. અતિકઠણ.

ગુરુભક્તિ નર જે કરે, પામે ફળ સત્વર;
જાણ તદંતર્ગત સહુ વ્રતયજ્ઞાદિફળ. ૯૩

માટે ગુરુ પાસે રહી કરવી સેવા જાણ
અનન્ય ભક્તિથી સદા; [1]શીઘ્રફલદ એ માન. ૯૪

કહું નિદર્શન[2] એક ત્યાં, સાંભળ ગિરિજા સ્વસ્થ !
બ્રહ્મકુલોદ્ભવ લોકમાં ત્વષ્ટા[3] જે વિશ્રુત, ૯૫

રૂપલાવણ્યયુક્ત એ કુશલ કર્મમાં તેમ;
થતાં વ્રતબંધાર્હ ત્યાં પિતા સંસ્કાર એમ ૯૬

કરી, મોકલે ગુરુગૃહે કરવા વિદ્યાભ્યાસ;
રહ્યો પ્રેમથી એ તિહાં, શીખે ખંતે ખાસ. ૯૭

એકનિષ્ઠ ભક્તિ થકી, સેવે ગુરુને તેમ
બ્રહ્મચર્યવ્રતે રહી; થયું ચિત્ર ત્યાં એમ. ૯૮

એક દિવસ વરસાદ ત્યાં પડ્યો અતિશય જાણ;
જીર્ણ પર્ણશાળા બધી; [4]ગળ્યું વારિ બહુ માન. ૯૯

બોલાવી એને કહે સદ્‌ગુરુ પ્રેમે ત્યાંયઃ-
ફેલાયું જો પાણી આ; બાંધ ગેહ દૃઢ આંહ્ય. ૧૦૦

પર્ણકુટી પ્રત્યબ્દ[5] આ થાય જીર્ણ જો એમ;
બાંધ રમ્ય ગૃહ જે સદા દિસે [6]નૂતનવત્ તેમ. ૧૦૧

ભાંગે ના કદિએ યથા એવું સુસ્થિર જાણ,
સર્વસોપસ્કરયુક્ત[7] ગૃહ બાંધ વેગથી માન. ૧૦૨

ગુરુપત્ની ત્યાં ઓચરે, જઈ પ્રેમથી પાસઃ-
મારે માટે કંચુકી આણ શિષ્ય તું ખાસ. ૧૦૩

ના ગૂંથી ના સીવી જે, ના રંગી પણ તેમ;
રમ્ય મનોહર અંગસમ, ના ન્યૂનાધિક એમ. ૧૦૪

આવી ગુરુસુત ત્યાં વદેઃ- મારે માટે જાણ
આણ પાવડી પગસમી, ના ન્યૂનાધિક માન. ૧૦૫

અડે ન કાદવ જેહને, ચાલે જલ પર તેમ;
જાવા ઇચ્છું ત્યાં લઈ જાય પલકમાં એમ. ૧૦૬

આવી ગુરુપુત્રી તિહાં, બોલે સાગ્રહ ખાસ
ખેંચી વસ્ત્રઃ-સુબંધુ હે ! મા કર મને નિરાશ. ૧૦૭

કર્ણભૂષણો બે મને આણ મનોહર જાણ,
રમવા માટે ઘર તથા હસ્તિદંતનું માન; ૧૦૮

એક સ્તંભ પર જે રચ્યું, અનુપમ કેવળ તેમ;
ના ભાંગે ના જીર્ણ જે થાય કદાપિ એમ. ૧૦૯

રમવા માટે જ્યાં લઈ જાવા ઇચ્છા થાય,
લઈ જવાય સ્હેલાઈથી એવું હલકું આંહ્ય. ૧૧૦

[8]ક્રીડોપસ્કર સહિત જે ભાસે નૂતન નિત્ય !
આણ વાસણો રાંધવા મણિમય તેમ સપ્રીત્ય; ૧૧૧

રાંધેલું જેમાં કદિ થાય ન વાસી જાણ;
પડે ન ઠંડું; સર્વદા રહે ઉષ્ણ પ્રમાણ. ૧૧૨

થાય ન કાળાં રાંધતાં અગ્નિથી જે તેમ,
વાસણાદિ સહ ગૃહ તથા દે આણી તું એમ. ૧૧૩

સૂણી માગણી ચારની, સ્વીકારીને તેમ
ગયો શિષ્ય અરણ્યમાં ગુરુકાર્યાર્થે એમ. ૧૧૪

ચિંતે મનથીઃ- બાળ હું બ્રહ્મચારી અજાણ;
ક્યાંથી શક્તિ આ બધી ? કરૂં કેમ નાદાન ? ૧૧૫

પત્રાળું પણ ના કરી જાણું સ્વપ્રે આંહ્ય !
કેમ કરીશ આ ? એમ કહી સ્મરે ગુરુને ત્યાંય. ૧૧૬

કહેઃ-ગુરુ વિના આશરો મુને અન્ય કો તેમ ?
કરૂં તદુક્ત ન તો નકી થશે ક્રુદ્ધ ગુરુ એમ. ૧૧૭

જાઉં કોને શરણ હું ? કોણ રાખશે પ્રાણ ?
ગુરુકૃપાર્ણવ વિણ અહીં [9]શરણ અન્ય ના માન. ૧૧૮

સૂણું ન જો તદ્વાક્ય તો, દેશે શાપ તત્ક્ષણ;
બ્રહ્મચારી હું બાળ છું ! સૂણું ન કેમ વચન ? ૧૧૯

કામધેનુ ગુરુવાક્ય એ, કરીશ સર્વથા તેમ;
કરીશ પૂર્ણ ગુરુકાર્ય હું, અર્પી પ્રાણ પણ એમ. ૧૨૦

ગતિ માહરી શી હવે ? જાઉં કોની પાસ ?
શક્ત ન હું કરવા, છતાં અગીકાર્યું મેં ખાસ ! ૧૨૧

એમ અરણ્યે એ કરે ચિંતા શિષ્ય સુજાણ;
થયો શ્રાન્ત ચાલી અતિ; ઊભો ક્ષણ ત્યાં જાણ. ૧૨૨

થઈ નિર્વિણ્ણ અંતરે ચાલ્યો આગળ તેમ,
દીઠો એક અવધૂત ત્યાં આનંદમૂર્તિ એમ. ૧૨૩

ચિંતાન્વિત એને તથા જોઈ વદે અવધૂતઃ-
કોણ તું અરે ? ક્યાં થકી આવ્યો અત્ર સુપૂત ? ૧૨૪

ચિંતા તુજને શી અરે ? શાનો કરે વિચાર ?
કહે સવિસ્તર હે [10]બટો, સત્ય મને નિર્ધાર. ૧૨૫

સૂણી બ્રહ્મચારી વદે, વંદન કરીને ત્યાંયઃ-
ડૂબ્યો હું ચિંતાર્ણવે ! તાર તાર મુનિરાય ! ૧૨૬

મળ્યો નિધાન તું અહીં; ધેનુ વત્સની પાસ,
આવ્યો વાત્સલ્યે તથા; ગયું દુઃખ મુજ ખાસ !! ૧૨૭

જોઈ ચાંદની ચિત્તમાં ચકોર અતિ હરખાય;
તેમ જોઈ તુજને, મને થયો હર્ષ પ્રભુ આંહ્ય. ૧૨૮

૧. સત્વર ફળ આપનારી. ૨. દૃષ્ટાંત. ૩. વિશ્વકર્મા. ૪. પાણી ટપક્યું. ૫. દર વરસે. ૬. નવા જેવું. ૭. બધા રાચરચીલાવાળું. ૮. રમવાનો સામાન. ૯. આધાર; આશરો. ૧૦. બાળક; બ્રહ્મચારી

પૂર્વાર્જિતપુણ્યોદયે આવ્યો નિધિ તું હાથ,
કરુણાસાગર નિશ્ચયે પરમ પુરુષ સાક્ષાત્. ૧૨૯

નિર્જન આ વનમાં અહીં, આવ્યો ક્યાંથી એમ !
કૃપા કરી મુજ દીન પર ! કહે નામ તુજ તેમ. ૧૩૦

લાગે તું ગુરુવત્ મને; ગુરુકૃપાથી આંહ્ય
આવ્યો પ્રત્યક્ષ ઈશ તું; જોઈ ચિત્ત સ્થિર થાય. ૧૩૧

ભક્તવત્સલ તું નકી સદ્‌ગુરુ, ના સંદેહ;
બાળ તાહરો દાસ હું ! એમ કહી બટુ તેહ ૧૩૨

ગ્રહે ચરણ અવધૂતના; નમે ફરી ફરી તેમ !
ઊઠાડી એને યતિ, દે આલિંગન એમ. ૧૩૩

આશ્વાસી હર્ષે તથા બેસાડીને પાસ,
પૂછે સઘળું પ્રેમથી; વદે તેમ બટુ ખાસ. ૧૩૪

માગ્યું જે ગુર્વાદિએ, કથે સર્વ એ જાણ;
કહેઃ-બાળ નાદાન હું; દુષ્કર તોએ માન ૧૩૫

સ્વીકાર્યું સઘળું મુદા; શક્ત ન કરવા તેમ;
ડૂબું ચિંતાર્ણવ મહીં, તાર યતીશ્વર એમ. ૧૩૬

સૂણી અભય આપી વદે પ્રેમે ત્યાં અવધૂતઃ-
કહું એક હિત, કર નકી; થશે સિદ્ધ સહુ તૂર્ત. ૧૩૭

મહાક્ષેત્ર કાશીપુરી સકલાભીષ્ટદ જાણ;
વિશ્વનાથનું ત્યાં જઈ કર આરાધન માન. ૧૩૮

કોટિ [1]પંચાશત્ યોજનો ધરતી, તદધિક એહ;
પામ્યા વરદાનો જિહાં બ્રહ્માદિક સહુ તેહ. ૧૩૯

જગત્સર્જવા વર વિધિ પામ્યા જ્યાં ઉત્તમ;
પાલનાર્થ વિષ્ણુ તથા પામ્યા વર [2]સત્તમ. ૧૪૦

દર્શનમાત્રે સિદ્ધિ ત્યાં, કાશીપુર મહાસ્થાન;
જા સત્વર, તુજ કામના થશે સિદ્ધ ત્યાં માન. ૧૪૧

જે જે તુજ મનમાં વસે, થશે સિદ્ધ એ ત્યાંય
થઈશ વિશ્વકર્મા નકી ખ્યાત લોકમાં આંહ્ય. ૧૪૨

ચતુર્વિધ પુરુષાર્થ જ્યાં થાય સિદ્ધ સત્વર;
વિશેષ શું કહું ? કાશીથી ના ક્ષેત્ર અહીં પર ! ૧૪૩

અલ્પ ક્ષીરની યાચના કરતાં [3]પયોબ્ધિ એહ
આપે જે ઉપમન્યુને, જાગે ત્યાં શિવ તેહ. ૧૪૪

આનંદકાનન નામ જ્યાં સ્થાન સુમંગલ જાણ,
સર્વ કામના સિદ્ધ ત્યાં થાય નિશ્ચયે માન. ૧૪૫

કાશી સમસ્ત ધર્મની રાશિ નિઃશંક એમ;
મોક્ષસ્થાન સહુ લોકનું, આશાપૂરક તેમ. ૧૪૬

કાશીવાસીના દર્શને નાસે દોષ તમામ;
નિવાસપુણ્ય કો વર્ણવે ? થાય નર આપ્તકામ. ૧૪૭

વિદ્યમાન કાશી છતાં, ચિંતા તુજને કેમ ?
કાશીમાહાત્મ્યવર્ણને શક્તિ ન મુજમાં એમ ! ૧૪૮

તીર્થમયી કાશી તણી કરે પરિક્રમા જેહ,
પામે અશ્વમેધફળ ડગલે ડગલે તેહ. ૧૪૯

ધર્માર્થકામમોક્ષમાં જે જે ઇચ્છા અત્ર,
ગમનમાત્રથી સિદ્ધ એ થશે સર્વ; જા તત્ર. ૧૫૦

સૂણી બ્રહ્મચારી કરે નમન સાષ્ટાંગ ત્યાંય;
કહેઃ-કાશી એ ક્યાં હશે ? હું તો આ વન માંહ્ય ! ૧૫૧

આનંદકાનન ક્યાં વળી ? પાતાલે ? ભૂ પર ?
સ્વર્ગે વા ? ના જાણું હું; કહે તુંજ યતિવર. ૧૫૨

ભવાબ્ધિમાંથી તારનાર તુંજ એક ગુરુનાથ;
બોધી જ્ઞાન મુને અહીં તાર અદ્ય, હે તાત ! ૧૫૩

ત્વદ્વિણ મુજને કાશીમાં કોણ એ લઈ જાય ?
પ્રાર્થું તુજને કેમ હું, 'જા લઈ' એમ આંહ્ય ? ૧૫૪

હોય તત્ર ત્વત્કાર્ય જો, જા લઈ મુજને સાથ;
જેમ બુદ્ધિ આપીશ તું, કરીશ તેમ હું નાથ ! ૧૫૫

એમ કહી ચરણે નમે; વદે હૃષ્ટ યતિ જાણઃ-
લઈ જઈશ તને, થશે મુજને લાભ મહાન. ૧૫૬

કાશીયાત્રાથી અહીં અન્ય લાભ શો તેમ ?
વૃથા જન્મ મનુષ્યનો કાશીવાસ વિણ એમ. ૧૫૭

ત્વદ્યોગે કાશી તણું થશે મને દર્શન;
'ચાલ' એમ કહી તત્સહ ચાલ્યો યતિ તત્ક્ષણ. ૧૫૮

મનોવેગથી એહને લાવી કાશીમાં જાણ,
કહે યોગીઃ-બટો ! હવે કર યાત્રા તું માન. ૧૫૯

બાળ કહેઃ- હું ના લહું યાત્રાવિધાન તેમ;
કહે તુંજ કાશી તણી કરૂં યાત્રા હું કેમ. ૧૬૦

બાળક હું અજ્ઞાન છું, અનાથનો તું નાથ;
કહે સવિસ્તર વિધિ સહુ કૃપા કરી, હે તાત ! ૧૬૧

કાશીયાત્રાવિધાન એ તાપસ ક્રમશઃ જાણ
કથે બટુકને પ્રેમથી આગળ એ સંધાન. ૧૬૨

સાયંદેવને શ્રીગુરુ કહે સવિસ્તર તેમ;
થાય કૃત્યકૃત્ય શ્રવણથી નિઃસંશય નર એમ. ૧૬૩

રંગ અભાગી આથડે, પાસે નિધાન તોય;
પૂર્વપુણ્ય વિણ ના જડે ! કર્મરૂપ મતિ હોય !! ૧૬૪

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
ગુરુભક્તિપ્રકારવર્ણને કાશીયાત્રોપક્રમો નામ પંચનવતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૯૫ ॥ દોહરા ૧૬૪

૧. પચાસ. ૨. શ્રેષ્ઠ. ૩. દૂધનો સમુદ્ર.

અધ્યાય ૯૬

કહે શ્રીગુરુઃ- તાપસી વદે બટુકને જાણ
વિશ્વનાથદર્શનવિધિ સકળ પ્રેમથી માન. ૧

અંતર્ગૃહયાત્રા તથા પંચક્રોશી પણ તેમ;
દક્ષિણોદઙ્મદમાનસાખ્ય[1] યાત્રા સઘળી એમ. ૨

સ્નાનદાનાર્ચનવિધિ શ્રાદ્ધાદિક સહ જાણ;
પક્ષયાત્રાદિક બધું કહે સવિસ્તર માન. ૩

અન્નપૂર્ણા વિશ્વનાથ બિંદુમાધવ તેમ,
ઢુંઢિરાજ ગણપતિ અને દંડપાણિ પણ એમ; ૪

સહ ભૈરવ કાશી ગુહા ગંગા લિંગ અનેક,
દેવદેવીપૂજનવિધિ સકળ નિવેદે નેક. ૫

વદેઃ-બટો ! કાશી તણી યાત્રા આ વિસ્તૃત
કરી, સ્વનામાંકિત તિહાં સ્થાપ લિંગ તું તૃપ્ત. ૬

યાત્રા વિધિવત્ એ કર્યે થશે વાસના પૂર્ણ;
મા શંકા કર લેશ ત્યાં; ઊઠ સ્નાન કર તૂર્ણ. ૭

છે તુજ પર ગુરુની કૃપા, થશે પ્રસન્ન શંકર;
કરી નિશ્ચય ઉરમાં સુધી, સ્મર ગુરુને સત્વર. ૮

કહી એમ બટુને યતિ થયો અદૃશ્ય ત્યાં જાણ;
જોઈ વિસ્મય બટુ કરે; કહેઃ- ગુરુ જ આ માન. ૯

અથવા આવ્યો ઈશ શું ગુરુકૃપાથી એમ ?
થયો સુનિશ્ચય અંતરે થશે કાર્ય મુજ તેમ. ૧૦

વિણ આરાધન ઈશ આ આવ્યો મારી પાસ,
ગુરુભક્તિફળ એ નકી; ના શંકા ત્યાં ખાસ. ૧૧

લઈ કાંઈ પણ દેવ સહુ પૂરે ઈચ્છા જાણ;
વિણ દાને રીઝયો વિભુ, ગુરુકૃપા એ માન. ૧૨

યજ્ઞદાનતપઆદિથી યત્પ્રાપ્તિ દુર્લભ,
ગુરુપ્રસાદે ઈશ એ થયો અયત્ન સુલભ. ૧૩

ફરીફરીથી એમ એ સંભારી ગુરુ ત્યાંય,
ગુરૂક્તવત્ કાશી તણી યાત્રા કરે સુકાય. ૧૪

જોઈ ભક્તિ એહની, વિશ્વનાથ પ્રસન્ન
સ્વસ્વરૂપે પ્રગટ ત્યાં થયા સામ્બ તત્ક્ષણ. ૧૫

કહેઃ-માગ વર ઈષ્ટ જે, મા શંકા કર આન;
બોલે ત્વષ્ટા હર્ષથી સ્વવૃતાંત સુજાણ. ૧૬

માગ્યું જે ગુર્વાદિએ, કથે સકળ ત્યાં તેમ;
વદે સામ્બઃ-નિર્ભય રહે ! થશે સિદ્ધ સહુ એમ. ૧૭

થયો તુષ્ટ હું, જા તને આપ્યું સમસ્ત જાણ;
મદ્વરદાને શીઘ્ર તું થઈશ વિદ્યાબ્ધિ માન. ૧૮

ગુરુભક્તિથી તાહરી થયો તુષ્ટ હું એમ;
વિશ્વકર્મા તું નકી થા વિદ્યાનિધિ તેમ. ૧૯

કર્યા પ્રાપ્ત ચારેય તેં પુરુષાર્થો અહીં જાણ;
સૃષ્ટિકર્તા વિરિંચિવત્ થઈશ નિશ્ચયે માન. ૨૦

પામી વર એવો તિહાં, ત્વષ્ટા સુહૃષ્ટ એહ
સ્વનામાંકિત લિંગ ત્યાં સ્થાપે વિધિવત્ તેહ. ૨૧

માગ્યું જે ગુર્વાદિએ કર્યું સર્વ નિર્માણ;
થાતાં ઈશ પ્રસન્ન ત્યાં ના દુર્લભ કશું માન. ૨૨

આવી વેગે ગુરુગૃહે, ચીજો સમસ્ત ત્યાંય
અર્પી ગુર્વાદિકપદે કરે નમન નતકાય. ૨૩

આલિંગી ગુરુ શિષ્યને વદે હર્ષથી જાણઃ-
રીઝયો હું તુજ ભક્તિથી, જ્ઞાનાર્ણવ તું માન. ૨૪

કર્યું ગેહ નિર્માણ આ, કહ્યું હતું મેં જેમ;
લાવ્યો ચીજો અવનવી; ચિરંજીવ થા તેમ ! ૨૫

સ્વર્ગમૃત્યુપાતાળમાં સ્વચાતુર્ય પ્રસાર;
રચી શિલ્પસૃષ્ટિ નવી અમર કીર્તિ વર, બાળ ! ૨૬

જાણે વિદ્યા તું બધી, કળા સકળ પણ તેમ;
આચંદ્રાર્ક[2] રહે સુખી; આશિષ મારી એમ ! ૨૭

અષ્ટ સિદ્ધિ નવ નિધિ ગૃહે રે'શે અખંડ જાણ;
ચિંતાકષ્ટાદિક તને નડે ન સ્વપ્ને માન !! ૨૮

પામી વર ગુરુથી તથા ગયો જ્ઞાની થઈ ઘેર
કહે ઈશ ભવાનીનેઃ- એવી ગુરુની મ્હેર. ૨૯

એક ભાવથી જે ભજે ગુરુને નિઃસંદેહ,
પામે સકલાભીષ્ટ ને થાય મુક્ત નર તેહ. ૩૦

ભવનિધિ પાર ઉતારવા, ગુરુ વિણ શક્ત ન આન.
ગુરુભજને ત્રિમૂર્તિ પણ થાય સ્વાધીન માન. ૩૧

સ્વયં ત્રિમૂર્તિ પણ અહીં વંદે ગુરુને તેમ;
ગુરુ વિણ ના ગતિ નિશ્ચયે, કહે શ્રુતિસ્મૃતિ એમ. ૩૨

જેવી નિષ્ઠા દેવમાં, અનન્ય ગુરુમાં તેમ
હોય, તોજ તત્ત્વાર્થ આ સ્ફુરે અંતરે એમ. ૩૩

નહિ તો અથડાઈ મરે પંડિત પોથાં માંહ્ય;
તર્કકુતર્ક કરે વૃથા; કલ્પે મુક્તિ ન થાય ! ૩૪

વદે પાર્વતીને તિહાં ઈશ્વર પ્રેમે એમ;
સાયંદેવને શ્રીગુરુ કહે સવિસ્તર તેમ. ૩૫

થઈ વ્યતીત રાત્રિ તદા, ઊગ્યો સવિતા જાણ;
ગુરુકૃપાજ્યોતિ થકી, નાઠું ભક્તતમ માન. ૩૬

૧. દક્ષિણમાનસ અને ઉત્તરમાનસ નામે. ૨. ચાંદોસૂરજ તપે ત્યાં સુધી.

પ્રસન્નચિત્તો વિપ્ર એ વંદે ગુરુપદ ત્યાંય;
કહેઃ-કૃપાનિધિ તું નકી ધીપ્રેરક ગુરુરાય ! ૩૭

વળતી નમન કરી ફરી વદેઃ- શ્રીગુરો એક
કથા સૂણતાં અદ્ય મેં દીઠું અપૂર્વ છેક. ૩૮

ત્વત્સહ કાશીમાં તદા હતો દાસ આ, નાથ !
જોયું એવું; સ્વપ્ન વા જાગ્રત્ ન લહું, તાત ! ૩૯

કાશીયાત્રા સર્વ એ કહી યથાસ્થિત જેમ,
જોયું સર્વ એ પ્રત્યક્ષ મેં ક્ષેત્ર ત્વત્સહ તેમ !! ૪૦

એમ કહી શ્રીગુરુપદે કરે વિનત પ્રણામ;
ભક્તિયુક્ત ગદ્‌ગદ્ ગિરા કરે સ્તવન ત્યાં આમઃ- ૪૧

પુરુષ પરાત્પર તું નકી, નૃસિંહસરસ્વતી દેવ !
ભક્તમાનસવાસી તું પરમહંસ ગુરુદેવ !! ૪૨

એમ સ્તવન કરી આદરે, પુનઃ નમન કરી એહ, થઈ હર્ષથી ગળગળો કરે સ્તોત્ર; સૂણ તેહઃ- ૪૩

સ્તોત્ર

પૂર્વ એક અદ્વિતીય બ્રહ્મ તુંજ શ્રીહરે, થાઉં નૈક[1] ઇચ્છી એમ સર્જ્યું વિશ્વ અંડ હે !
ગુણાત્મકે ગુણે રમાડી સંત, દુષ્ટને દમે; વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૧

કર્મત્યક્ત લોકભ્રષ્ટ [2]તિષ્યમાં વિલોકી તું, તીર્ણ સૂર્યવત્ થઈ સ્વભક્તધ્વાંત સંહર્યું !
ભગ્નપ્રાય ધર્મસેતુ સ્થાપી સ્થિર તું રમે, વંદું હે નૃસિંહસરસ્વતીશત્વત્પદાબ્જ એ !! ૨

સર્વનંદરૂપ શુદ્ધ સત્ત્વમૂર્તિ તું વિભો, ભીતિગ્રસ્ત લોક ત્રસ્તને સ્વત્રાતૃવત્ ગમ્યો !
[3]તુર્ય આશ્રમ સ્વીકારી તારું હીનદીનને; વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૩

આપે મૂકને તું, વાફ્; દૃષ્ટિ અંધને અહો ! પુત્ર વંધ્ય સ્ત્રી લભે, નવીન પ્રાણ પ્રેત હો !
ત્વત્પ્રભાવ કો લહે ? તું કાષ્ઠનેય પત્ર દે ! વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ ! ૪

મુક્તઆશરો તું, કલ્પ[4] મોક્ષ ઇચ્છનારને; સકામને તું કામધુક્, તું દૈન્યદાવમેઘ હે !
દુષ્કૃતાગ્નિ વેદ સર્વ ભાટ તાહરા અરે, વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૫

યોગિધ્યેય તીર્થતીર્થ સંતજીવન પ્રભો, [5]કામિદૈવત શ્રીકેલિસ્થાન નિર્મલ [6]જ્ઞ ભો !
વિદ્વદાશ્રય સ્વભક્તતાતગેહ ત્રીશ હે ! વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૬

વેદ મૂક ! કોણ શક્ત [7]કૃત્સ્નશઃ લહે તને ? વિશ્વરૂપ ત્વદ્વિનાત્ર નાન્ય, અષ્ટમૂર્તિ હે !
ૐ સ્વરૂપ તું અરૂપ મૂર્ત્યમૂર્તિભિન્ન રે, વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૭

દંડપાત્રહસ્ત મસ્ત શાંત સ્વામિરૂપ આ ભીમાડમરજાસંગમસ્થ ધ્યેય ચિત્તમાં સદા !
થાય સ્થિર એજ ધીર માગું જ્ઞાન તાર હે, વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૮

એમ સ્તવી, એ ગુરુપદે કરે દંડવત્ જાણ;
રોમાંચિતતનુ ગળગળો વદે પ્રેમયુત માનઃ- ૪૪

ત્રિમૂર્તિનો અવતાર તું દેવદેવ ગુરુનાથ;
મૂઢદૃષ્ટિથી લોકને ભાસે નરવત્, તાત ! ૪૫

વિશ્વનાથ તું નિશ્ચયે, કાશી તુજ સંનિધ;
દેખાડ્યો પરમાર્થ તેં કરી અન્ય નિમિત્ત. ૪૬

એમ ભક્તિથી એ સ્તવે શ્રીગુરુને ત્યાં જાણ;
વદે હર્ષથી શ્રીગુરુઃ-સાયંદેવ સુજાણ ! ૪૭

દેખાડી કાશી તને આજે સમ્યક્ જેમ,
[8]ત્વદેકવિંશ મનુષ્યને મળશે તત્ફળ તેમ. ૪૮

પરમ ભક્ત તું માહરો; દેખાડ્યો દૃષ્ટાંત
તેમ પાસ રહી સર્વદા કર સેવા નિતાંત. ૪૯

મત્સેવેચ્છા હોય તો ત્યાગ મ્લેચ્છસેવન;
પુત્રસ્ત્રીને લાવીને, કરાવ મમ દર્શન. ૫૦

એમ કહી એને તદા, ગયા મઠે ગુરુરાય;
ડૂબ્યો ભક્ત આનંદમાં ગુરુસહવાસે ત્યાંય. ૫૧

ગુર્વાજ્ઞાથી ઘેર જઈ આવ્યો પાછો તેમ,
સ્ત્રીપુત્રાદિકને લઈ શ્રીગુરુ સંનિધ એમ. ૫૨

ભાદ્રમાસ [9]સિતપક્ષમાં ચતુર્દશીએ જાણ,
આવ્યો કુટુંબ સહ તિહાં પરમભક્ત એ માન. ૫૩

કરી દંડવત્ પ્રતિપદે આવ્યો સાયંદેવ;
થઈ ગળગળો ગુરુપદે પડે જઈ તતખેવ ! ૫૪

જોડી કરદ્વય ભાવથી કરે સ્તવન સપ્રેમ;
કહેઃ-ચંદ્રમૌલે નમું ! ત્રિમૂર્તિ તું ગુરુ એમ. ૫૫

૧. ન + એક = બહુ ૨. કલિયુગમાં. ૩. ચોથો; સંન્યાસ. ૪. કલ્પવૃક્ષ. ૫. સકામ મનુષ્યોનું દૈવત. ૬. જ્ઞાની. ૭. સંપૂર્ણ રીતે. ૮. તારાથી એકવીસ પેઢી સુધીના મનુષ્યોને. ૯. શુકલપક્ષ.

બ્રહ્મા હરિહરરૂપ તું જગદ્‌ગુરુ સાક્ષાત્ !
દેખાએ નરવત્ અહા ! લહે પાર કો, તાત ? ૫૬

મહિમા ગાવા તાહરો ક્યાંથી શક્તિ તેમ ?
આદિપુરુષ, દૈવે થયું ત્વત્પદદર્શન એમ. ૫૭

જોઈ ચંદ્ર ચકોરને થાય આનંદ ત્યાંય,
તેમ ત્વત્પદદર્શને થયો અમોને આંહ્લા. ૫૮

પૂર્વજન્માર્જિત બધો પાપપુંજ નિર્ધાર
નાઠો દર્શનમાત્રથી; થયાં પુનિત સહુ બાળ ! ૫૯

ચિંતામણિસ્પર્શે યથા થાય લોહનું હેમ,
જંબુનદીમાં મૃત્તિકા પડી સ્વર્ણ વા જેમ; ૬૦

માનસસર જઈ કાગડો થાય હંસલો જાણ;
તેમ અમે ત્વદ્‌દર્શને થયાં પુનિત સહુ માન. ૬૧

ગંગા પાપ હરે, શશી તાપ, કલ્પતરુ દૈન્ય;
શ્રીગુરુદર્શન એકદમ પાપ તાપ ને દૈન્ય ! ૬૨

એક એક ગુણ એકમાં, સકળ ત્વત્પદે તેમ;
પાપ તાપ ને દૈન્ય સહુ નાઠાં મારાં એમ. ૬૩

ચારે પુરુષાર્થો તણો દાતા સદ્‌ગુરુ જાણ;
સર્વશાસ્ત્રસિદ્ધાન્ત એ અદ્ય અનુભવ્યો માન. ૬૪

એમ કહી આનંદથી ગાય ગુરુકથા તેમ;
કર્ણાટક ભાષા મહીં મધુર રાગથી એમઃ- ૬૫

ગીત ૧
(ગુરુઘર આવ્યા.....એ રાહ)

જોયો આજે, યતિવર ત્રિભુવનમાં રાજે !..ટેક

ભક્તસુભાગ્યોદયકર સવિતા, મહીતલે નિજભક્તત્રાતા;
નૃસિંહસરસ્વતી જનિમૃતિહર્તા, કીર્તિ ગાજે !... યતિવર૦ ૧

દીઠો આજે નજરે એવો; યત્પદકંજસુવાસે દેવો
દોડે; સ્મરતાં અઘહર તેવો, સુખદ વિરાજે !... યતિવર૦ ૨

દીનબંધુ ભક્તેષ્ટદ સદ્વર સગુણ બ્રહ્મ પ્રત્યક્ષ મૂર્તિધર;
દંડકમંડલુશોભિતવરકર, ભક્તને કાજે !... યતિવર૦ ૩

યત્પદસ્પર્શે ગાણગપુર આ, થયું કૈલાસ સમું ભૂપર હા;
વસે ભક્તપ્રિય જ્યાં નરહરિ આ ! વૈખરી લાજે !! ... યતિવર૦ ૪

૨
(સુખદુઃખ મનમાં ન આણીએ....એ રાહ)

જય જય સ્વામી સદ્‌ગુરુ વંદું વારંવાર;
જગદુદ્ધારે તેં ધર્યું નરરૂપ આ સાર ! ટેક.

કૃપાનિધે કીર્તિ તાહરી ગાતાં આવે ના પાર;
દયા કરી, દોષ વિસરી, બાળ તારૂં આ તાર !... જય જય૦ ૧

વિશ્વ વ્યાપીને તું વધ્યો સચ્ચિદાનંદપૂર્ણ;
જય ત્રિમૂર્તિ નમું તને ! દોડ વ્હારે તું તૂર્ણ !...જય જય૦ ૨

માયા [1]દુરત્યય તાહરી નકી ત્વદુક્તિ પ્રમાણ;
ઘેરાયો હું એ થકી; શરણ કોઈ ન આન !... જય જય૦ ૩

તારક નામ તારૂં ભજું; માયાદુર્ગ ભેદાય;
કર કૃપા એવી પ્રભો, લાગું ફરી ફરી પાય !... જય જય૦ ૪

આપ ભક્તિસુખ તાહરું, તેમ સત્સંગ તદર્થ;
દોડ હવે નૃસિંહસરસ્વતી, જાય જન્મ આ વ્યર્થ !!... જય જય૦ ૫

સાયંદેવ સુભક્ત એ ગાય એમ સપ્રેમ;
કર્ણાટક ભાષા મહીં; કહ્યો સાર આ તેમ. ૬૬

પ્રેમલક્ષણા ભક્તિથી સ્તવે એમ એ ત્યાંય;
આશ્વાસે એને તદા થઈ તુષ્ટ ગુરુરાય. ૬૭

૧. ઓળંગવાને મુશ્કેલ

પ્રેમભાવથી સર્વને બેસાડી સંમુખ,
માતૃવત્ વાત્સલ્યથી પૂછે ત્યાં સુખદુઃખ. ૬૮

રાખે માતા બાળ પર જેમ સ્નેહ સુજાણ,
તેમ સર્વ પર એ ગુરુ ! ધન્ય દિવસ એ માન !! ૬૯

પૃથક્ પૃથક્ સહુને પૂછે ક્ષેમ આદરે તેમ,
ભક્તવત્સલ શ્રીગુરુ પ્રસન્નવદને એમ. ૭૦

ગૃહવાર્તા સઘળી તથા યોગક્ષેમપ્રકાર
પૂછે સઘળું પ્રેમથી, આણી અદકું વ્હાલ ! ૭૧

પ્રેમે સાયંદેવ ત્યાં કથી કુશળવૃત્તાંત,
પુત્રદ્વય ગુરુપાદ પર મૂકે હૃષ્ટસ્વાંત. ૭૨

નાગનાથ મોટો તિહાં; તચ્છીર્ષે સપ્રેમ
મૂકી કર ગુરુ ઓચરે કરુણાસાગર એમઃ- ૭૩

જ્યેષ્ઠ પુત્ર આ તાહરો, સાયંદેવ સુજાણ !
થશે ભક્ત મારો નકી પૂર્ણાયુષ્ય પ્રમાણ. ૭૪

વંશવૃદ્ધિ પણ એ થકી થશે નિશ્ચયે એમ;
અખંડ વાસો લક્ષ્મીનો રહેશે વંશે તેમ. ૭૫

મ્લેચ્છસેવા આ પછી કરવી ન તારે જાણ;
ભજીશ મ્લેચ્છને તો નકી થાશે હાનિ માન. ૭૬

પતિવ્રતા સ્ત્રી તાહરી, સદ્ભાગી એ તેમ;
ચાર પુત્ર એને થશે, રે'શે સુખમાં એમ. ૭૭

જ્યેષ્ઠ પુત્ર આ તાહરો, સેવક મારો જાણ;
મત્પ્રસાદે એહની કીર્તિ દિગંત માન. ૭૮

ફેલાશે, માટે ત્યજી મ્લેચ્છનોકરી તેમ,
રે' મત્સેવામાં અહીં, અખંડ ભજને એમ. ૭૯

એમ કહી વળતી વદેઃ- કરી સંગમે સ્નાન,
સર્વ સાથ વિધિવત્, અહીં આવ વેગથી માન. ૮૦

સૂણી વિપ્ર સ્ત્રીપુત્ર સહ ગયો સંગમે તેમ;
કરી સ્નાન, અશ્વત્થને અર્ચી, આવ્યો એમ. ૮૧

ગામલોક તે દિન બધા કરી અનંતવ્રત ત્યાંય,
આવી પૂજે ભક્તિથી શ્રીગુરુપદ નતકાય. ૮૨

સાયંદેવને ગુરુ વદેઃ- અનંતવ્રત છે આજ;
પૂજે લોક અનંતને મૂકી બીજાં કાજ. ૮૩

કર તું પણ પૂજા તથા ! સૂણી વદે દ્વિજ એમઃ-
તુંજ અનંત મારો પ્રભો, વ્રત પદસેવા તેમ. ૮૪

વદે પુનઃ શ્રીગુરુ તદાઃ-ઋષિ કૌણ્ડિણ્યે જાણ
અનંતવ્રત પૂર્વે કર્યું કામપ્રદ આ માન. ૮૫

પૂછે સાયંદેવ એ, પુનઃ નમન કરી ત્યાંયઃ-
શી રીતે ઋષિએ કર્યું પૂર્વે એ ગુરુરાય ? ૮૬

અનંતવ્રત કરવાથી એ, થાય પુણ્ય શું તેમ ?
સર્વ સવિસ્તર વદ વિભો, કૃપા કરીને એમ. ૮૭

સૂણી વચન એનાં તદા, વદે તુષ્ટ ગુરુરાય;
આગળ અનુસંધાન એ સૂણતાં પાતક જાય. ૮૮

અલખ નિરંજનને કહેઃ-મા ખો ધીરજ બાળ;
આગળ હેલી રસ તણી ! નકી નાસશે કાળ ! ૮૯

ગુરુલીલાનો પાર ના ! લહે સર્વ કો તેમ ? ખોદે મેરુ નખ થકી, કથે **રંગ** આ એમ !! ૯૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે ગુરુભક્તિપ્રકારકથનં નામ ષણ્ણવતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૯૬ ॥ દોહરા ૯૦. સ્તોત્ર ૧. ગીત ૨

અધ્યાય ૯૭

કહે શ્રીગુરુઃ- ભક્ત હે ! અનંતવ્રત આ જાણ
કર્યું પુરા બહુએ, કહું સાંભળ આપી ધ્યાન. ૧

પાંડુપુત્ર યુધિષ્ઠિરે કર્યું વ્રતોત્તમ એહ;
નષ્ટ રાજ્ય પાછું મળ્યું વ્રતપ્રભાવે તેહ. ૨

સૂણી વાક્ય એ ગુરુ તણું, વદે વિનત દ્વિજ એમઃ
મળ્યું કેમ ગત રાજ્ય એ ? કોણ યુધિષ્ઠિર તેમ ? ૩

શ્રીગુરુ બોલેઃ-કૌરવો કપટદ્યૂતે જાણ
હરે રાજ્ય પૂર્વે બધું પાંડુસુતોનું માન. ૪

ભ્રાતૃ સ્ત્રી સહ વન મહીં ધર્મરાજ ત્યાં જાય;
ભ્રષ્ટરાજ્ય રખડે તથા બાર વરસ વન માંહ્ય. ૫

ઘોર અરણ્યે બંધુ સહ થાય સુદુઃખિત તેમ;
ચિંતાવ્યાકુલ ચિત્તથી ધ્યાય હરિને એમ. ૬

હરી રાજ્ય પણ કૌરવો ના ઠરવા દે જાણ;
પીડે પાંડવને તિહાં નાના વિઘ્ને માન. ૭

દુર્વાસાને મોકલે કરવા સત્ત્વહરણ;
ભક્તસખા શ્રીકૃષ્ણ ત્યાં રક્ષે જઈ તત્ક્ષણ. ૮

નાના વ્રત તીર્થો કર્યા પાંડુસુતોએ ત્યાંય;
સહ્યાં કષ્ટ અપાર હા વનચર સહ વન માંહ્ય. ૯

ભક્તવત્સલ શ્રીહરિ તદા જાણી તેમનાં કષ્ટ,
ગયાં સ્વયં દોડી જિહાં હતા પાંડવો ત્રસ્ત. ૧૦

જોઈ કૃષ્ણને આવતા ધર્મરાજ સપ્રેમ
દોડે સંમુખ આદરે, લેવા હરિને તેમ. ૧૧

પ્રક્ષાળે નિજ કેશથી તત્પદધૂલિ જાણ;
સગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણને પૂજે સુહૃષ્ટ માન. ૧૨

ગંધાક્ષતપુષ્પાદિથી પૂજી હરિને તેમ,
માને પુનિત સ્વાત્મને કૃષ્ણદર્શને એમ. ૧૩

પૂજી ભક્તિથી તથા સ્તવે યુધિષ્ઠિર ત્યાંયઃ-
હૃષીકેશ જય જય નમું, લાગું ફરી ફરી પાય. ૧૪

જય નારાયણ શ્રીપતે ! ભક્તવત્સલ નાથ !
ભવતારક તુજને નમું, શેષશયન હે તાત ! ૧૫

પરંજ્યોતિ પરમાત્મ તું, નકી ત્રિમૂર્તિ તેમ;
સર્જે પાળે વિશ્વને સંહારે પણ એમ. ૧૬

વિશ્વજીવન તું નકી, ઓતપ્રોત સહુ માંહ્ય;
સ્થૂલ સૂક્ષ્મ તૃણકાષ્ઠમાં રહ્યો સર્વમાં આંહ્ય. ૧૭

હૃષીકેશ ત્રિગુણાત્મ તું વંદું ત્વત્પદ તેમ;
સર્જી રજથી, તમ થકી સંહારે તું એમ. ૧૮

કરવા શિક્ષા દુષ્ટને, સંતરક્ષણે તેમ,
થયો તીર્ણ તું સત્ત્વથી; વદે શાસ્ત્ર સહુ એમ. ૧૯

ઉતારવા ભૂભાર તું થયો અવતીર્ણ આંહ્ય;
ભારભૂત અમને પ્રભો કાં રક્ષ્યા હતકાય ? ૨૦

પ્રાણ પાંડવો માહરા કહી એમ સર્વત્ર,
નાખી વનમાં કષ્ટ કાં આપે આવું અત્ર ? ૨૧

હોય દયા જો તાહરી, રહે કષ્ટ આ કેમ ?
કરી ઉપેક્ષા વન મહીં કાં ભટકાવે એમ ? ૨૨

તુજ વિણ કોને આ કહું ? કહે તુંજ એ આંહ્ય;
કરે ઉપેક્ષા તુંજ જો, શું જીવીને હાય ! ૨૩

ભીમસેન પણ આવી ત્યાં, વદે ચરણ ગ્રહી તેમઃ-
પ્રભો દયાબ્ધે, ભક્તને કેમ વિસારે એમ ? ૨૪

વદે ધનંજય[૧] પગ વિષે મૂકી માથું ત્યાંયઃ-
મુરવૈરી કરુણાનિધે ! થયો વિમુખ કાં આંહ્ય ? ૨૫

કૃપાદૃષ્ટિ જો તાહરી હોય કૃષ્ણ અમ પર
વનવાસાદિક કષ્ટ આ ક્યાંથી રહે પ્રખર ? ૨૬

[૨]પાર્થ પ્રાણપ્રિય માહરો, એવું તારૂં બ્રીદ
કરી સત્ય, હર કષ્ટ આ ! અથડાવે તું શીદ ? ૨૭

નકુલ અને સહદેવ પણ, દ્રૌપદી તે જ પ્રમાણ,
આવી વંદન ભક્તિથી કરી વદે ત્યાં જાણ :- ૨૮

પક્ષપાતી તું અમ તણો, દે અમને વન ઘોર !
કરે રાજ્ય વેરી અહા ! શું કરવું ? હરિ બોલ. ૨૯

છત્ર તુજ સમું તોય આ રહ્યાં કરમમાં કષ્ટ ?
મિત્ર અમારો તું નકી, યોજ ઉપાય પ્રકૃષ્ટ; ૩૦

જેથી રાજ્ય મળે તથા પાછું કૃષ્ણ કૃપાળ !
સૂણી વચન બોલે હરિ સાર્દ્રહૃદય તત્કાળઃ- ૩૧

વદે કૃષ્ણઃ-વ્રત એક હું કહું, સાંભળો તેમ;
જેથી રાજ્ય તણી થશે પ્રાપ્તિ સત્વર એમ. ૩૨

સર્વોત્તમ વ્રત એ નકી અનન્તનામક આંહ્ય,
યદાચરણથી રાજ્યની પ્રાપ્તિ સુશીઘ્ર થાય. ૩૩

હું જ અનંત બધે રહ્યો વ્યાપી સઘળું તેમ;
અનંત વ્રત મદ્‌વ્રત નકી, રાજ્યપ્રાપ્તિકર એમ. ૩૪

કલાકાષ્ઠમુહૂર્તમાં[૩] દિવસરાત્રિમાં આંહ્ય,
પક્ષમાસઅયનાબ્દમાં યુગકલ્પાદિક માંહ્ય. ૩૫

સચરાચર વ્યાપી રહ્યો નારાયણ હું એમ;
દુષ્ટહનનસદ્રક્ષણે [૪]થયો યદુકુલે તેમ. ૩૬

વાસુદેવ અનંત હું, મા શંકા કર ધર્મ;
બ્રહ્મા હરિ હર માહરી મૂર્તિ ત્રય ઉત્તમ. ૩૭

રાશિ ગ્રહ ભુવનો બધાં હુંજ ચતુર્દશ જાણ;
દ્વાદશાર્ક વસુ અષ્ટ જે ભિન્ન ન મુજથી માન. ૩૮

એકાદશ રુદ્રો અને સપ્ત સમુદ્રો તેમ;
સપ્ત પાતાલ પર્વતો લોક હુંજ સહુ એમ. ૩૯

લતાગુલ્મ તૃણ વૃક્ષ ને નક્ષત્રો આકાશ,
દિશા ઉપદિશા સર્વ હું રહ્યો વ્યાપી અજ ખાસ ! ૪૦

વિશ્વાત્મા હું નિશ્ચયે, મદ્વિણ અન્ય ન ક્યાંય;
અણુમેરુ વ્યાપી વધ્યો અજ અવ્યય હું આંહ્ય. ૪૧

માટે અનંત જાણ તું મુજને શાશ્વત એમ;
પૂજ યથાવિધિ, ધર્મ હે ! કરી મદ્‌વ્રત આ તેમ. ૪૨

કૃષ્ણવચન એ સાંભળી, વદે યુધિષ્ઠિર ત્યાંયઃ-
કહે વ્રતવિધિ, હે પ્રભો ! દાનાર્ચન સહુ આંહ્ય. ૪૩

કરવું ક્યારે એ કહે, કર્યું કોણે વદ તેમ;
બોલે કૃષ્ણઃ-સુધન્ય તું ! સાંભળ સઘળું એમ.. ૪૪

ભાદ્રશુક્લ ચતુર્દશી મધ્યાહ્ને પણ ત્યાંય,
કરવું વ્રત આરાધી એ અનંત સશ્રદ્ધ આંહ્ય. ૪૫

કર તું પણ દૃઢ નિશ્ચયે, પામીશ રાજ્ય સત્વર;
પૂર્વે ઋષિએ આચર્યું, સાંભળ હે સદ્વર ! ૪૬

હતો વિપ્ર સુમંતુ ત્યાં પુરા કૃતયુગે જાણ;
વસિષ્ઠગોત્રી ધર્મવિદ્ મહામુનિ એ માન. ૪૭

તત્પત્ની દીક્ષા સતી ભૃગુગોત્રોદ્‌ભવ તેમ;
સુતા સુશીલા તેહની હતી સુલક્ષણ એમ. ૪૮

૧. અર્જુન. ૨. કુંતીપુત્ર અર્જુન ૩. આંખનો પલકારો = ૧ નિમેષ, ૧૮ નિમેષ = ૧ કાષ્ઠા, ૩૦ કાષ્ઠા = ૧ કલા ૩૦ કલા = ૧ ક્ષણ, ૧૨ ક્ષણ = ૧ મુહૂર્ત. ૪. જન્મ્યો.

પતિવ્રતા સાધ્વી સતી દીક્ષા સુમંતુનાર
સ્વલ્પ કાળમાં દૈવથી પામી મરણ નિર્ધાર. ૪૯

સુતા સુશીલા ઊછરી એમ તાતગૃહ માંહ્ય;
રંગોળીથી સાથિયા પૂરે વિધવિધ ત્યાંય. ૫૦

ચિત્રાવિચિત્ર તોરણે શણગારી ગૃહ તેમ,
સંમાર્જનાદિ પ્રેમથી કરી નિત્યશઃ એમ; ૫૧

પંચવર્ણ રંગોળીથી શંખપદ્માદિ ત્યાંય
કાઢી અર્ચે દેવને વંદનાદિથી આંહ્ય. ૫૨

ભાર્યાહીન સુમંતુ એ લુપ્તગૃહક્રિય જાણ,
બીજું લગ્ન કરે તિહાં અગ્ન્યર્ચનાર્થ માન. ૫૩

દૈવે દ્વિતીય પત્ની એ મળી કર્કશા તેમ;
કરે કલહ ઘરમાં સદા, જાણ [1]દુઃશીલ એમ. ૫૪

પતિપુત્રીથી વૈરકૃત્ સ્વૈરચારિણી એહ;
વર્તે સ્વચ્છંદે સદા, પજવે પતિને તેહ. ૫૫

વિવાહાર્હ કન્યા થઈ, ચિંતે સુમંતુ ત્યાંયઃ-
કોને દેવી આ હવે ? દાનકાળ વહી જાય ! ૫૬

દૈવે ઋષિ કૌણ્ડિણ્ય ત્યાં આવ્યા વિદ્યાસ્નાત;[2]
કરતાં વિનંતિ એહને સ્વીકારે એ વાત. ૫૭

આપી વિધિવત્ તેહને કન્યા પ્રેમે તેમ,
રાખે જમાઈને ગૃહે અખાડ શ્રાવણ એમ. ૫૮

મા સાવકી નિત્ય એ લડે પુત્રીથી ત્યાંય;
વદે જમાઈ શ્વશુરનેઃ રહીએ બીજે આંહ્ય. ૫૯

બાંધી નોખું ઝુંપડું; થાય ઉભયને સુખ !
સૂણી સુમંતુ એ વદે કરી અતિશય દુઃખઃ- ૬૦

ના ભાર્યા આ વૈરિણી; વર્યો પાપણી કેમ ?
થશે વિરહ જમાઈ ને કન્યાનો આ એમ ! ૬૧

શાન્ત પત્ની ના યદ્ગૃહે, અરણ્ય તદ્ગૃહ જાણ;
દોડ, [3]પુરારે ! ભવજલે ડૂબું હું નાદાન. ૬૨

કર્મતપોર્હ ન કર્કશા, સૂણે ન મારું એહ;
જશે જમાઈ કન્યકા, અલ્પ સૌખ્ય જે તેહ ! ૬૩

કરે સુમંતુ એમ ત્યાં ચિંતા અતિશય જાણ;
વારી કૌણ્ડિણ્ય એહને વદેઃ- સુજ્ઞ તું માન. ૬૪

બે તાપસીએ એકઠા રહેવું ના કદિ એમ,
યોગહાનિ બંને તણી; કહ્યું શાસ્ત્રમાં તેમ. ૬૫

આશ્રમ બીજે બાંધીને, કરીશ તપશ્ચરણ;
થોડે દૂર રહીશ હું, થશે નિત્ય દર્શન. ૬૬

કહે સુમંતુઃ-બાર દિન રહો વધારે આંહ્ય;
સર્વસિદ્ધિ[4] ત્રયોદશી, કરો પ્રસ્થાન ત્યાંય. ૬૭

સૂણી વચન, કૌણ્ડિણ્ય એ રહ્યા બાર દિન તેમ;
ભાર્યા સહ સુમુહૂર્તમાં ઉપડ્યા ત્યાંથી એમ. ૬૮

વદે સુમંતુઃ-કર્કશા ! જાય પુત્રી પતિ સાથ;
આપ દાળચોખા કંઈ, ભાતું અલ્પ સંગાત. ૬૯

સૂણી કર્કશા ગૃહ મહીં જઈ, પથ્થરે દ્વાર
કરી બંધ, દઈ આગળો, વદેઃ- દઉં ન તલભાર ! ૭૦

બેઠી ઝાલી કમાડને ! શીર્ષ અફાળે કંથ;
વારી બોલે કન્યકાઃ-જઈશ એમ હું પંથ. ૭૧

ભલે ન આપે એ કંઈ, કરો ન બાપુ ચિંત !
એમ કહી વંદન કરી, ચાલે પતિ સહ ત્વરિત. ૭૨

ગયા રસોડામાં ઋષિ, ઘઉંનો કુશકો ત્યાંય
મળ્યો; આપીને પુત્રીને પતિ સહ કરે વિદાય. ૭૩

બેસી રથમાં બેઉ એ ચાલ્યાં ત્યાંથી એમ,
આવ્યાં મધ્યાહ્ને તથા નદીકિનારે તેમ. ૭૪

કરવા ઋષિ આહ્નિક તિહાં બેઠા કૌણ્ડિણ્ય એહ;
જોઈ સ્ત્રીજન ત્યાં તદા ગઈ સુશીલા તેહ. ૭૫

રક્ત વસ્ત્ર પ્હેરી બધી ચતુર્દશીએ જાણ,
કરતી'તી વ્રત આદરે અનંતનું એ માન. ૭૬

પૃથક્ પૃથક્ કલશો બધી પૂજતી'તી હતી એમ;
જોઈ સુશીલા મૃદુસ્વરે પૂછે સહુને તેમઃ- ૭૭

પ્રેમે વ્રત આ શું કરો મળી એકઠી આંહ્ય ?
વદે સ્ત્રીઓઃ- અનંતનું વ્રત ઉત્તમ, વરકાય ! ૭૮

કરીએ હે સૂણ બ્હેનડી, સકલાભીષ્ટદ એહ;
કહે સુશીલાઃ- વદો મને વ્રતવિધાન અહીં તેહ. ૭૯

બોલે સ્ત્રીજનઃ-બેસીને સાંભળ સાવધ તેમ;
ભાદ્રમાસ સિતપક્ષમાં ચતુર્દશીએ એમ, ૮૦

અનંતવ્રત આ આદરે કરવું શ્રેષ્ઠ સુજાણ;
સકલકામપ્રદ એ નકી, મા કર તું અનુમાન. ૮૧

ચૌદ ગાંઠનો ઊનનો લેવો દોરો લાલ;
કરી સ્નાન યથાવિધિ, રક્ત વસ્ત્ર તત્કાળ. ૮૨

કરી પરિધાન પ્રેમથી, કુંકુમાદિક તેમ
ધારણ કરી, જલપૂર્ણ બે લેવા સુકલશ એમ. ૮૩

પંચપલ્લવયુત તિહાં સ્થાપી બાજઠે જાણ,
યથાશક્તિ રત્નાદિ ત્યાં નાંખી પૂજે માન. ૮૪

૧. ખરાબ સ્વભાવની. ૨. વિદ્યા પૂરી કરીને સમાવર્તનસ્નાન કરેલો; વિદ્યાપારંગત. ૩. હે ત્રિપુરાન્તક મહાદેવ. ૪. ભાદરવા સુદ ૧૩.

પૂર્ણપાત્ર ઉપર મૂકી, નવા વસ્ત્ર પર ત્યાંય
કાઢી અષ્ટદલ કમલ શુભ પૂજે વિધિવત્ આંહ્ય. ૮૫

પદ્મસ્વસ્તિકાદિક તથા કાઢી કલશ આગળ,
પંચવર્ણ રંગોળીથી શણગારે એ સ્થળ. ૮૬

પૂર્ણપાત્ર પર તે પછી મૂકી દર્ભમય શેષ,[૧]
પૂજે યથોપચારથી ધ્યાનાદિથી અશેષ.[૨] ૮૭

કરવું ધ્યાન અનંતનું શેષશાયીનું ત્યાંય;
સર્વપાપહર જે વિભુ એક પરાત્પર આંહ્ય. ૮૮

શંખ ચક્ર ગદા અને પદ્મ હસ્તમાં તેમ;
ઘનશ્યામ પિંગાક્ષ જે ચતુર્હસ્ત પ્રભુ એમ. ૮૯

સર્વવ્યાપી અનંતને ધ્યાઈ એમ સપ્રેમ,
[૩]નૂત્ન સૂત્ર અર્પી તિહાં પૂજે વિધિવત્ એમ; ૯૦

દ્વાદશાક્ષર મંત્રથી પુંસૂક્તે વા જાણ,
અથવા વિષ્ણુસૂક્તથી નિજાધિકાર પ્રમાણ. ૯૧

પૂજી એમ યથાવિધિ, બાંધી સમંત્ર તેમ
નૂત્ન સૂત્ર દક્ષિણ કરે; ત્યજે જીર્ણ પણ એમ. ૯૨

આપે ફળ સહ દક્ષિણા, ગોધૂમ પ્રસ્થ[૪] પ્રમાણ;
વાયન અપૂપ[૫] ખીરનું વિધિવત્ દ્વિજને માન. ૯૩

જમે સ્વેષ્ટજન સહ પછી; એમ ચતુર્દશ વર્ષ
કરી યત્નથી વ્રત, કરે ઉદ્યાપન સહ હર્ષ. ૯૪

ચૌદ કલશ આપે તિહાં બ્રાહ્મણને સપ્રેમ,
બ્રાહ્મણભોજન દક્ષિણા સકલ શાસ્ત્રોક્ત એમ. ૯૫

ચતુર્વર્ગસિદ્ધિ તથા થાય નિશ્ચયે જાણ;
આજ અનંતચતુર્દશી, કર તું પણ વ્રત માન ૯૬

પૂજી અનંત ભક્તિથી ! એમ કહી સપ્રેમ,
એક એક દોરો બધી દે સૂત્રાર્થે તેમ. ૯૭

કરે સુશીલા પણ તથા અનંતવ્રત એ જાણ
યથોપદિષ્ટ ભક્તિ થકી પૂજી સ્ત્રી સહ માન. ૯૮

અડધાં પેલાં ઘઉં તણાં છોડાં દ્વિજને તેમ
આપી વાયનાર્થે મુદા; લઈ આજ્ઞા સપ્રેમ, ૯૯

બાંધી અનંત હાથમાં ચૌદગ્રંથિયુત એહ,
કરી નમન સર્વસ્ત્રીને ચાલી ત્યાંથી તેહ. ૧૦૦

આવી રથ પાસે તથા; કરી નિજાહ્નિક ત્યાંય
બેઠા'તા કૌણ્ડિણ્ય પણ ! ચઢી બેઉ રથ માંહ્ય, ૧૦૧

ચાલ્યાં આગળ વેગથી; દેખી માર્ગે તેમ
પુરી એક અમરાવતી સમી સુશોભિત એમ. ૧૦૨

આવી સ્હામા નગરજન પ્રાર્થે મુનિને ત્યાંયઃ-
તપોનિધે સુસ્વાગતમ્ ! કરો સ્વસ્થ સ્થિતિ આંહ્ય. ૧૦૩

લઈ બેઉને નગરમાં ગયા એમ સપ્રેમ;
શ્રીમદનંતકૃપા થકી સર્વૈશ્વર્યયુત તેમ ૧૦૪

રહ્યા ત્યાંજ કૌણ્ડિણ્ય એ અલ્પકાળ સુખ માંહ્ય;
જુએ એકદા પત્નીના કરમાં અનંત ત્યાંય. ૧૦૫

પૂછે ઋષિઃ-કરમાં પ્રિયે બાંધ્યું શું આ એમ ?
રક્તસૂત્રથી વા કર્યું વશીકરણ શું તેમ ? ૧૦૬

વદે સુશીલાઃ- કંથ હે ! અનંતદોરક એહ;
યત્પ્રસાદે આ મળ્યું ઐશ્વર્ય નિઃસંદેહ. ૧૦૭

જે દિવસે વ્રત આ કર્યું તે દિનથી પ્રભુ એમ
થયા પ્રસન્ન અનંત એ; મળ્યું ઐશ્વર્ય તેમ. ૧૦૮

સૂણી વચન એનાં તદા થઈ ક્રુદ્ધ ઋષિ ત્યાંય,
તોડી અનંત જોરથી ફેંકે અગ્નિ માંહ્ય. ૧૦૯

કહેઃ-અનંત ક્યાંનો વળી ! કર્યું ઉગ્ર તપ જેહ
આજ સુધી મેં, તે થકી મળ્યું ઐશ્વર્ય એહ ! ૧૧૦

ના શંકા મુજને કશી; બાંધ્યો દોરો દુષ્ટ
કરવા વશ તેં આ મને ! થાઉં કેમ ન રુષ્ટ ? ૧૧૧

જો ફેંકયો એ અગ્નિમાં, કરવા દે તપ ત્યાંય !
સૂણી વચન દોડી સતી, કરતી હાય હાય !! ૧૧૨

હન્ત નાથ શેં અગ્નિમાં નાંખ્યો અનંત એહ !
એમ કહી યત્ને લઈ નાંખે દુગ્ધે તેહ. ૧૧૩

થયું નષ્ટ ઐશ્વર્ય ત્યાં અનંતત્યાગે તેમ;
આવ્યું દારિદ્ર્ય તત્ક્ષણે, થયા દીન ઋષિ એમ. ૧૧૪

ગોધન વસ્ત્રાભૂષણો ગયા ચોરી તસ્કર;
થયા મિત્ર પણ શત્રુઓ, થયા દીન ઋષિવર. ૧૧૫

અનંતકોપે ગેહ પણ થયું દગ્ધ તત્કાળ;
થયું ખાખ સર્વસ્વ ત્યાં ! રડે ઋષિ ચોધાર !! ૧૧૬

કહે અનુતમ અંતરેઃ કોપ્યા નકી અનંત;
નાંખ્યો દોરો અગ્નિમાં વૃથા મદે થઈ અંધ !! ૧૧૭

માટે શ્રીમદનંત એ થઈ શ્રીપતિ પ્રસન્ન,
દે દર્શન ત્યારેજ હું ખાઉં; નાન્યથા અન્ન. ૧૧૮

અનંત અનંત ઓચરે ! ચાલ્યો વનમાં તેમ;
ફલપુષ્પાન્વિત આમ્રતરુ દેખે માર્ગે એમ. ૧૧૯

સ્પર્શે કોઈ ન એહને કીટ પક્ષી પણ ત્યાંય;
પૂછે કૌણ્ડિણ્યઃ-આમ્ર હે ! દીઠો અનંત ક્યાંય ? ૧૨૦

૧. શેષનાગ-અનંત અને શેષપત્ની-અનંતી એમ બે. ૨. સંપૂર્ણ. ૩. નવું. ૪. પાશેર. ૫. અનારસા; એક જાતનું માલપૂડા જેવું ખાદ્ય.

વદે આમ્રઃ-અનંત મેં ના દીઠો દ્વિજ કાન્ત;
જુએ તું યદિ, એહને કહેજે મદ્વૃત્તાન્ત. ૧૨૧

જાતાં આગળ, તૃણ મહીં ફરતી સવત્સ ગાય
દેખે દુઃખિત, યન્મુખે અલ્પ ઘાસ ના જાય. ૧૨૨

પૂછે કૌણ્ડિણ્ય એહને, કરી કૃપા વદ આંહ્ય
દીઠો અનંત ધેનુ જો ફરતાં તેં વન માંહ્ય. ૧૨૩

કહે ધેનુઃ-અનંત એ ના દીઠો મેં જાણ;
દેખે તું તો માહરી કહેજે દશા સુજાણ ! ૧૨૪

જાતાં આગળ, ધેનુવત્ જુએ આખલો ત્યાંય;
પૂછે ઋષિઃ-ભો વૃષભવર ! દેખ્યો અનંત ક્યાંય ? ૧૨૫

વદે વૃષભઃ-જોયો ન મેં; જુએ તું યદિ એમ,
કષ્ટદશા આ માહરી કહેજે તેને તેમ. ૧૨૬

જતાં તેમ આગળ સરોવર દેખે બે જાણ;
મળ્યાં ઉદક અન્યોન્યનાં, શોભે બેઉ માન. ૧૨૭

ખીલ્યાં કુમુદોત્પલ તિહાં, સ્વાદુ સુધાસમ નીર;
સ્પર્શે તોય ન હંસપક્ષ્યાદિક કોઈ નીર ! ૧૨૮

જોઈ કૌણ્ડિણ્ય એમને પૂછે આશાભેરઃ-
દીઠો અનંત ક્યાંય ભો ? કહો મને કરી મ્હેર. ૧૨૯

વદે સરોવરઃ- ના અમે દીઠો અનંત વિપ્ર;
જુએ તું યદિ, અમ દશા કહેજે એને ક્ષિપ્ર. ૧૩૦

દેખે ગર્દભને તથા, આગળ કુંજર એમ;
પૂછે અનંતની કથા ! વદે બેઉ ના તેમ !! ૧૩૧

થયો નિર્વિણ્ણ અંતરે, કહે ત્યજું દ્વિજ પ્રાણ;
અનંત ! અનંત ! કહી પડ્યો મૂર્છિત ભૂપર માન. ૧૩૨

વૃદ્ધ વિપ્રવેષે તિહાં આવી અનંત જાણ
કહેઃ-ઊઠ ઋષિવર અરે ! ઊઠ ભક્ત હે માન. ૧૩૩

પૂછેઃ-અનંત ? ઊઠ તો, ચાલ બતાવું તેમ !
એમ કહી, કર સાહીને ઊઠાડે સપ્રેમ. ૧૩૪

ઊઠાડી સ્નેહે તથા લઈ જાય વન માંહ્ય;
નગર અલૌકિક એક એ જુએ કૌણ્ડિણ્ય ત્યાંય. ૧૩૫

પેસી પુરમાં વૃદ્ધ એ, રત્નાસન પર તેમ;
બેસી સ્વસ્વરૂપે તિહાં પ્રગટે અનંત એમ. ૧૩૬

જોઈ રૂપ કૌણ્ડિણ્ય એ, મૂકે પગ પર શિર;
વિનયનમ્ર સ્તુતિ આદરે જોડી કરદ્વય ધીરઃ- ૧૩૭

નમું સચ્ચિદાનંદ હે ! હે ગોવિંદ રમેશ !
ત્વદ્દર્શનમાત્રે ગયાં સકળ પાપ ને ક્લેશ. ૧૩૮

જાય દોષ યત્સ્મરણથી તું વિધિહરિહર તેહ;
આવ્યો શરણે તાહરા, હે અનંત [1]વિભુદેહ ! ૧૩૯

નારાયણ તુજને નમું, શ્રીવત્સાંકિત નાથ !
વૈકુંઠાધિપ શ્રીશ હે ! આવ્યો શરણે તાત ! ૧૪૦

અનંતબ્રહ્માંડેશ હે ! હું પાપી અતિ હીન;
કર પરમાત્મન્ હે ક્ષમા, આવ્યો શરણે દીન !! ૧૪૧

દૈવત અન્ય ન જાણું હું, ગ્રહ્યા ચરણ આ તેમ;
શરણાગતવત્સલ પ્રભો ! તાર કૃપા કરી એમ. ૧૪૨

લીન ત્વત્પદે ભૃંગવત્, સફળ જન્મ મુજ આજ;
ધન્ય જીવિત માહરું, મળ્યો ગરીબનિવાજ ! ૧૪૩

સૂણી સ્તવન એ મુનિ તણું રીઝ્યા અનંત જાણ;
ભક્તચિંતામણિ મુદા આપે ત્રાણ વરદાન. ૧૪૪

ધર્મપ્રાપ્તિ, દારિદ્રયનો નાશ, વૈકુંઠવાસ
આપે શાશ્વત શ્રીહરિ, જાણ યુધિષ્ઠિર ખાસ. ૧૪૫

કહે કૌણ્ડિણ્યઃ-માર્ગમાં દીઠું અચરજ એક;
આમ્રવૃક્ષ અમૃતફળે લચી પડ્યો જે છેક. ૧૪૬

પક્ષી પણ ના તેહને સ્પર્શે ! વિચિત્ર અન્ય,
દેખી સવત્સ ધેનુ ત્યાં દુઃખિત એ અધન્ય; ૧૪૭

એક સળી પણ ઘાસની જાય ન યન્મુખ માંહ્ય !
દીઠાં સરવર બે વળી નિર્મલોદક ત્યાંય; ૧૪૮

ભળ્યું અન્યોન્ય ઉદક ત્યાં, સ્પર્શે પ્રાણી ન તોય !
જોયો આગળ આખલો; જોતાં અચરજ હોય. ૧૪૯

તન્મુખે પણ ઘાસનો જાય ન એકે ગ્રાસ !
મદોન્મત્ત કુંજર વળી જોયો આગળ ખાસ. ૧૫૦

જોયો ગર્દભ તેમ ત્યાં ફરતાં અગ્રે એક;
વૃદ્ધ બ્રાહ્મણ તે પછી જોયો જર્જર છેક. ૧૫૧

સ્થિતિ એમની એમ શેં ? જાણું કાંઈ ન નાથ !
જગન્નાથ વદ એ મને ! ગ્રહે એમ કહી પાદ. ૧૫૨

સૂણી વચન એ ભક્તનાં વદે કૃપાનિધિ એમઃ-
આમ્રવૃક્ષ કૌણ્ડિણ્ય જે જોયો તેં ત્યાં તેમ. ૧૫૩

પૂર્વે[2] વેદશાસ્ત્રજ્ઞ એ હતો મત્ત દ્વિજ જાણ;
વિદ્યા ગર્વે શિષ્યને દે ન અલ્પ પણ દાન. ૧૫૪

થયો વૃક્ષ એ પાપથી, લે ન કોઈ ફળ તેમ !
નિષ્ફળ ભૂમિ વિપ્રને આપી પૂર્વે એમ; ૧૫૫

થઈ ગાય એ પાપથી, ખાઈ શકે ન જાણ !
દીઠો વૃષભ જે તેં, પુરા હતો એહ ધનવાન. ૧૫૬

૧. સર્વવ્યાપી. ૨. પૂર્વે.

કોડી પણ ના દાનમાં ખરચી, તેથી એમ
થઈ હીન [1]વૃષ અન્નનો ના પામે કણ તેમ ! ૧૫૭
સરવર બે બહેનો હતી; લઈ પરસ્પર દાન
પામી આવી ગતિ અહીં નિશ્ચય મનમાં માન. ૧૫૮
ક્રોધી પૂર્વનો ખર થયો, મદાંધ કુંજર તેમ;
થતાં શુદ્ધ મન તાહરૂં આવ્યો દ્વિજ હું એમ. ૧૫૯
જે જે જોયા દુઃખી તેં, કર્યા મુક્ત મેં જાણ;
ઐશ્વર્ય ઈહ તું ભોગવી, પામીશ સદ્‌ગતિ માન. ૧૬૦
કરીશ વાસ નક્ષત્રમાં પુનર્વસુ થઈ તેમ;
આપે વર કૌણ્ડિણ્યને એમ અનંત સપ્રેમ. ૧૬૧
એમ પામી વર, ભોગવી સૌખ્ય અનુત્તમ આંહ્ય,
ગયો વ્રતે આ સ્વર્ગમાં જાણ કૌણ્ડિણ્ય ત્યાંય. ૧૬૨
એમ અનંતવ્રતની કથા કહે ધર્મને કૃષ્ણ;
કરી વ્રત એ, [2]અરિ હણી પામ્યો રાજ્ય પ્રણષ્ટ ! ૧૬૩
અનેક ઋષિઓએ તથા કર્યું વ્રતોત્તમ એહ;
કરે જે કોઈ ભક્તિથી પામે પુરુષાર્થ તેહ. ૧૬૪
નાગનાથ ત્વત્પુત્ર જે જ્યેષ્ઠ સર્વથી જાણ,
અનંતવ્રત આ તેહને આપ સૌખ્યપ્રદ માન. ૧૬૫

કૌણ્ડિણ્યે એ આચર્યું અનંતપુણ્યપ્રદ તેમ;
કૌણ્ડિણ્યગોત્રજ તું નકી આચર પ્રેમે એમ. ૧૬૬
સાયંદેવ, મદુક્તિથી પ્રતિવર્ષે એ જાણ
કર ઉત્તમ વ્રત નિશ્ચયે; થઈશ સુખી તું માન ! ૧૬૭
ગુર્વાજ્ઞાથી એ કરી સાયંદેવ સપ્રેમ,
નાના ઉપચારે તિહાં પૂજે ગુરુને એમ. ૧૬૮
ગીતવાદ્ય સહ આરતી કરે ભાવથી ત્યાંય;
જોઈ ભાવ એનો થયા તુષ્ટ શ્રીગુરુરાય. ૧૬૯
દે આજ્ઞા જાવા ગૃહે; સાયંદેવ સુહૃષ્ટ
ગયો સ્વગામ કુટુંબ સહ, વંદી ગુરુપદ તુષ્ટ. ૧૭૦
મૂકી સ્ત્રીસુત ગૃહ વિષે, આવ્યો પાછો તેમ;
શ્રીગુરુસેવામાં રહ્યો અનન્યશરણે એમ. ૧૭૧
રહી શ્રીગુરુસંનિધે કરે નિરંતર સેવ;
ત્વત્પૂર્વજ પર એમ ત્યાં રીઝ્યા ગુરુ તતખેવ. ૧૭૨
એમ નિરંજન ત્વત્કુલે પરંપરાગત જાણ
નિધાન શ્રીગુરુભક્તિ આ ! ક્યાં શોધે તું આન ? ૧૭૩
શો તોટો ગુરુભક્તને, મોક્ષ કરતલે જ્યાંય ?
તાર્યો તંતુક ભક્તને આગળ ગુરુએ ત્યાંય ! ૧૭૪

સૂણી નિરંજન એ વદે, કહો અલખ એ સર્વ; આગળ **રંગ** અપૂર્વ એ, સૂણતાં રીઝે શર્વ !! ૧૭૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે અનંતવ્રતાખ્યાપનં નામ સપ્તનવતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૯૭ ॥ દોહરા ૧૭૫ (ખંડ પારાયણ છઠ્ઠો દિવસ)

અધ્યાય ૯૮

અલખ કહેઃ-શ્રીગુરુ તણો સેવક એક સુજાણ
હતો [3]કુવિંદક જાતિનો તંતુક નામે માન. ૧
થઈ નિવૃત્ત ગૃહકૃત્યથી ત્રીજે પ્હોરે એહ,
આવી નિત્ય શ્રીગુરુપદે પ્રણમે ભાવે તેહ. ૨
ઝાડી આંગણું પ્રેમથી છાંટી પાણી તેમ,
રહી દૂર વંદન કરે; ગયો કાળ કંઈ એમ. ૩
આવી શિવરાત્રિ તિહાં, ચાલ્યા બાંધવજન
યાત્રાર્થે શ્રીશૈલની; હર્ષે ઉછળે મન. ૪
તંતુકને પણ પ્રેમથી બોલાવે સહુ એહ;
કહે એહઃ-કાં વ્યર્થ આ કષ્ટાવો છો દેહ ? ૫
જાય નકામા શૈલ પર મૂઢબુદ્ધિ આ લોક;
ગુરુસ્થાન શ્રીશૈલ છે; એ વિણ તીરથ ફોક ! ૬

મલ્લિકાર્જુન શ્રીગુરુ, ના મુજને સંદેહ;
ના જાવું મારે કંઈ, અર્પ્યો ગુરુને દેહ. ૭
સૂણી વચન એનાં તદા, હસે લોક સહુ જાણ;
માની મૂરખ એહને, ગયા શૈલ પર માન. ૮
અન્ય લોક પણ ગામના ગયા શૈલ પર તેમ;
આવી તંતુક નિત્યવત્ નમે ગુરુપદે એમ. ૯
બોલે શ્રીગુરુઃ- કાં અરે ગયો ન બાંધવ સાથ
શ્રીશૈલે ? તંતુક વદેઃ-અહીં જ સર્વ મુજ, નાથ ! ૧૦
ત્વચ્ચરણે સહુ તીરથો, નાના ક્ષેત્રો તેમ;
દોડે મૂર્ખા વ્યર્થ આ જોવા પથરા એમ !! ૧૧
એમ કહી શ્રીગુરુપદે નમી નિત્યવત્ જાણ,
ગયો ઘેર સુભક્ત એ તંતુક ભાવે માન. ૧૨

૧. આખલો. ૨. શત્રુ ૩. વણકર.

માઘ વદ્ય ચતુર્દશી શિવરાત્રિ વ્રતદિન,
કરી ઉપોષણ સંગમે ગયો ભક્ત ગુરુલીન.[1] ૧૩

સ્નાન કરી સંગમ વિષે, આવ્યો શ્રીગુરુ પાસ;
કરી દંડવત્ સંમુખે ખડો જોડી કર ખાસ, ૧૪

રે તંતુક ! શ્રીગુરુ કહેઃ- ગયા શૈલ પર સર્વ;
રહ્યો બાકી તું એકલો વિણ જોયે શ્રીશર્વ. ૧૫

જોયો તેં શ્રીશૈલ વા ના જોયો વદ છેક;
કહે એહઃ-લહું અન્ય ના ત્વત્પદ વિણ આ એક. ૧૬

જાત્રા સઘળી ત્વત્પદે; સર્વ તીરથો આંહ્ય !
સૂણી વચન હૃદ્ ઓળખી, બોલે શ્રીગુરુરાયઃ- ૧૭

દેખાડું શ્રીશૈલ જો ! મીંચી આંખો એમ,
પકડ પાદુકા માહરી સખત હાથથી તેમ. ૧૮

એમ કહી સ્નેહે તદા બોલાવીને પાસ,
પકડાવી નિજ પાદુકા; ક્ષણ ન થતામાં ખાસ, ૧૯

લાવી શ્રીગિરિ પર તથા પાતાલગંગાતીર,
કહેઃ-નેન ઉઘાડ જો શ્રીશૈલ આ ધીર ! ૨૦

ક્ષણ નિદ્રિતવત્ થઈ પુનઃ જગાડતાં તંતુક
જુએ નેત્ર ખોલી તિહાં સ્હામે પર્વતટૂક.[2] ૨૧

કહે સુવિસ્મિત, સ્વપ્ન વા જોઉં સત્ય આ તેમ ?
બોલે શ્રીગુરુઃ- કેમ રે જુએ ભ્રાન્તવત્ એમ ? ૨૨

વેગે ક્ષૌરાદિક કરાવીને, મંદિર માંહ્ય
જઈ મલ્લિકાર્જુન તણું કર દર્શન જા ત્યાંય. ૨૩

ગુર્વાજ્ઞાથી એમ એ ગયો ક્ષૌરાર્થ જાણ,
દેખે ત્યાં નિજ બાંધવો; એ પણ એને માન. ૨૪

જોઈ પૂછેઃ-કેમ રે આવે પાછળ એમ ?
કરે સાથ ના હન્ત કાં ? કયો ધર્મ આ તેમ ? ૨૫

બોલે તંતુકઃ-નીકળ્યો આજ મધ્યાહ્ન માંહ્ય;
સંગમથી ગુરુસહ નકી આવ્યો ઘડીમાં આંહ્ય ! ૨૬

કહે કેટલાઃ-ના બને ! બોલે જૂઠું એહ;
વદે કોઈઃ-સંતાઈને આવ્યો પાછળ તેહ ! ૨૭

ના બોલે તંતુક વધુ; ક્ષૌરાદિકથી તેમ
થઈ નિવૃત્ત પૂજાર્થ જ્યાં જાય એહ સપ્રેમ ૨૮

પુષ્પચંદનાદિક લઈ ભાવે મંદિર માંહ્ય,
ગુરુ વિણ બીજો દેવ ના દેખે ક્યાંએ ત્યાંય ! ૨૯

થયો સુવિસ્મિત લિંગસ્થાને જોઈ ગુરુ એમ;
અર્ચે સર્વે એહને, લે પૂજા ગુરુ તેમ ૩૦

જોઈ એવું અંતરે માની સદ્ગુરુ શર્વ,
પૂજી ગુરુને ભક્તિથી, લઈ પ્રસાદ સગર્વ ૩૧

આવ્યો શ્રીગુરુસંનિધે તંતુક એ સંહૃષ્ટ;
જોઈ એને ગુરુ વદેઃ- કેમ થયોને તુષ્ટ ? ૩૨

આવીશ પાછો વા અહીં રહીશ આજ સુજાણ ?
બોલે તંતુકઃ- દેવ હે ! દીઠું વિચિત્ર માન. ૩૩

જોયું ન દેવાલય મહીં લિંગ ક્યાંય પણ તેમ;
પૂજે તુજને સર્વજન લિંગસ્થાને એમ. ૩૪

જોયું નજરે એમ મેં, થયું આશ્ચર્ય નાથ;
સમીપસ્થ તુજને ત્યજી, કાં અથડાવું તાત ? ૩૫

છોડી નિધાન હાથનું, કરી કષ્ટ કાં એમ
આવે લોક સુદૂર આ ? લહું ન કારણ તેમ. ૩૬

પરમેશ્વર તું નિશ્ચયે ભાસે નરવત્ આંહ્ય;
દુષ્ટદૃષ્ટિને તાહરો કળે ન મહિમા ક્યાંય. ૩૭

ગુપ્તરૂપ નરવત્ અહીં, જાણે વિરલા કોક;
બીજા અથડાઈ મરે પૂજી પથ્થર ફોક. ૩૮

મૂઢજનો આ તાહરો લહી ન મહિમા તેમ,
ત્યજી તને, શ્રીશૈલ પર આવે કિમર્થ એમ ? ૩૯

બોલે શ્રીગુરુઃ-ઈશ એ સમાન સઘળે જાણ;
તોય સ્થાનમાહાત્મ્ય આ વિશેષ ભૂ પર માન. ૪૦

પૂર્ણ બ્રહ્મ તું શ્રીગુરો ! બોલે તંતુક એમ;
સ્થાનમાહાત્મ્યવૈશિષ્ટ્ય આ કહે કૃપા કરી તેમ. ૪૧

સ્કંદપુરાણે એ કથા, કહે શ્રીગુરુ જાણ
સાંભળ સાવધ, ભક્ત હે ! કહું સવિસ્તર માન. ૪૨

માઘ વદ્ય ચતુર્દશી શિવરાત્રિએ આંહ્ય
અપાર મહિમા શૈલનો; સૂણ નિદર્શન ત્યાંયઃ- ૪૩

પૂર્વે કિરાતદેશમાં પરાક્રમી નૃપ એક
હતો વિમર્ષણ નામથી, જિતશત્રુ જે છેક. ૪૪

બુદ્ધિમાન શિકારનો શોખીન તે જ પ્રમાણ;
શૂર રાજનીતિજ્ઞ ને ઈશભક્ત પણ માન, ૪૫

જોઈ પરસ્ત્રી ચિત્તમાં થાયે ચંચલ એહ;
ગ્રાહ્યાગ્રાહ્ય લહે નહીં, ભક્ષ્યાભક્ષ્ય ન તેહ. ૪૬

ભાસે સ્ત્રીલંપટ તથા તોએ ઈશ્વરભક્ત;
પૂજે શિવને ભક્તિથી નિત્ય નિયમથી સપ્ત. ૪૭

વિશેષ શિવરાત્રિદિને સંતોષે શિવ તેમ,
ગીતવાદ્યનૃત્યાદિથી સદા ભક્તિથી એમ. ૪૮

૧. ગુરુ પ્રત્યે જેની લગની લાગી છે તે. ૨. ટેકરી; ટોચ

બ્હાર દુરાચારી દિસે; અંતર્ભક્તિ અખંડ
રાખે શિવ પર સર્વદા, જ્યાં ન કપટનું બંડ. ૪૯

રાજ્ઞી સુશીલ એહની નામ કુમુદ્વવતી જાણ
પતિવ્રતા મનમાં સદા ચિંતે એમ સુજાણઃ- ૫૦

પરનારીરત કંથ આ, તોય શિવભક્ત કેમ ?
ગુંચાએ મનમાં સતી જાણ નિરંતર એમ. ૫૧

એક દિવસ વિનયે તથા પૂછે પતિને જાણઃ-
પ્રાણનાથ શંકા ઉરે વસે એક મહાન. ૫૨

ક્ષમા કરો દુર્બુદ્ધિ એ, કહો સવિસ્તર એક;
સર્વભક્ષી લંપટ તમે, દુરાચારી પણ છેક. ૫૩

તોએ સદ્ભક્તિ શિવે ઉપજી ચિત્તે કેમ ?
કરો ક્રોધ ના કંથ હે ! ટાળો શંકા તેમ. ૫૪

બોલે ભૂપતિઃ-ઠીક તેં પૂછ્યું આજે જાણ;
થઈ પૂર્વસ્મૃતિ, જો કહું પૂર્વજન્મ મમ માન. ૫૫

કર્મયોગથી હું પુરા હતો આભીરશ્વાન;[૧]
આવી શિવરાત્રિ તિહાં એક દિવસ તું જાણ. ૫૬

હતું શિવાલય ગામમાં; કરવા શિવપૂજન
ગયા લોક સહુ ત્યાં ગયો હું પણ ક્ષુધિતવદન. ૫૭

અર્ચે શિવને લોક સહુ ગીતવાદ્ય સહ માંહ્ય;
કરી આરતી પ્રદક્ષિણા કરે ભાવથી ત્યાંય. ૫૮

જોવા કૌતુક હું ગયો મુખ્યદ્વારમાં તેમ;
પેઠો અંદર જોઈને દોડ્યા લોકો એમ. ૫૯

શ્વાન ! શ્વાન ! મારો ! હણો ! કહી એમ સુક્રુદ્ધ,
દોડ્યા મુજને મારવા; થયો હુંય પણ બુદ્ધ. ૬૦

દોડ્યો મૃત્યુભીતિથી; દોડ્યા જન પણ તેમ,
ઘેરી ચોદિશ બારણું ખડા મારવા એમ. ૬૧

દોડ્યા પાછળ કેટલા ! દોડ્યો હું પણ જાણ;
જાવા મારગ બ્હાર ના મળ્યો અલ્પ પણ માન. ૬૨

ફરીફરીથી મંદિરે ફર્યો ચક્રવત્ તેમ;
જાવા મારગ બ્હાર ના મળ્યો ક્યાંય પણ એમ. ૬૩

સંતાવા પણ સ્થાન ના મળ્યું મંદિરે ક્યાંય;
ફરી પ્રદક્ષિણા, ફરી આવ્યો દ્વારે ત્યાંય. ૬૪

દોડે પાછળ લોક પણ પાડી બૂમો તેમ
હણવા મુજને ક્રોધથી; નાસું હું પણ એમ. ૬૫

મળે શેષ ખાવા કંઈ એ ઇચ્છાથી જાણ,
દોડ્યો અંતર્ગૃહ મહીં લિંગસંનિધે માન. ૬૬

કરી ત્રણ પ્રદક્ષિણા પેઠો અંદર તેમ;
જોઈ શિવપૂજા તિહાં, રહ્યો લપાઈ એમ. ૬૭

આવી લોકો ક્રોધથી રોકી નિર્ગમદ્વાર.
હણી મુને શસ્ત્રે તદા દે ફેંકી ત્યાં બ્હાર. ૬૮

મળ્યું પુણ્ય પ્રદક્ષિણા તણું અયત્ને એમ,
જોઈ શિવપૂજા તથા; થયો અત્ર નૃપ તેમ. ૬૯

મળ્યો ન ખાવા ટૂકડો, ત્યજ્યા ઉપોષિત પ્રાણ;
શ્વાનયોનિમાં પુણ્ય એ મળ્યું એમ મહાન. ૭૦

દીપમાળ જોઈ વળી સોજ્જ્વલ મંદિર માંહ્ય;
ત્યજ્યા પ્રાણ શિવદ્વારમાં, તત્પુણ્યે નૃપ આંહ્ય. ૭૧

થયો જાણ પ્રિયે નકી, જ્ઞાનવાન પણ તેમ;
દુરાચારનું પણ કહું કારણ સાંભળ એમ. ૭૨

શ્વાનપ્રકૃતિથી નહીં ભક્ષ્યાભક્ષ્યવિવેક,
સ્ત્રીલોલુપતા પણ તથા પ્રાક્સંસ્કારે છેક. ૭૩

કંથવચન એ સાંભળી બોલે રાજ્ઞી એહઃ-
કહ્યો સવિસ્તર નાથ હે, પૂર્વજન્મ નિજ જેહ. ૭૪

આપ સર્વવિદ્ નિશ્ચયે, પરમ શૈવ પણ ત્યાંય;
કરી કૃપા મુજને કહો પૂર્વજન્મ મમ આંહ્ય. ૭૫

એમ કહી ચરણે નમે ! વદે ભૂપ સૂણ અત્રઃ-
હતી કપોતી તું નકી પૂર્વજન્મમાં તત્ર. ૭૬

ગઈ કદાચિત્ વન વિષે ઉદરનિમિત્તે જાણ;
મળ્યો માંસકટકો તિહાં; લઈ ચાંચમાં માન ૭૭

વ્યોમમાર્ગથી તું જતી હતી જાણ જ્યાં એમ
દોડી સમડી મારવા તુજને વેગે તેમ. ૭૮

હરવા કટકો માંસનો થઈ સમુદ્યત જ્યાંય.
વેગે પ્રાણ બચાવવા દોડી તું પણ ત્યાંય. ૭૯

પેઠી મહાઅરણ્યમાં ભીતભીત તું તેમ;
આવી શ્રીશૈલે તથા મલ્લિકાર્જુને એમ. ૮૦

પાછળ સમડી પણ તહીં જોઈ આવતી જાણ,
પ્રદક્ષિણા મંદિર તણી ફરી થાકી તું માન. ૮૧

આવ્યા કંઠે પ્રાણ જ્યાં બેઠી શિખરે ત્યાંય;
માંસેચ્છાથી [૨]ચિલ્લીએ મારી તુજને હાય ! ૮૨

હરી માંસ સમડી ગઈ; પામી તું [૩]પંચત્વ;
પ્રદક્ષિણાપુણ્યે થઈ નૃપાંગના વરસત્ત્વ.[૪] ૮૩

સૂણી વચન રાજ્ઞી વદેઃ-પરમ શૈવ છો આપ;
[૫]ભવદાજ્ઞાથી હું હવે પૂજીશ શિવ જગબાપ. ૮૪

૧. ભરવાડનો કૂતરો. ૨. સમડીએ. ૩. મોત. ૪. શ્રેષ્ઠ સ્વભાવવાળી. ૫. આપની આજ્ઞાથી.

આગળ ક્યાં જન્મીશ હું ? હશો આપ પણ ક્યાંય ?
કહો સર્વ રાજેન્દ્ર એ, કરી કૃપા વરકાય ! ૮૫

વદે ભૂપઃ- સૂણ સુંદરી ! સિંધુદેશમાં જાણ
અગ્રજન્મમાં નૃપકુળે થશે જન્મ મુજ માન. ૮૬

સંજયદેશે નૃપસુતા થઈશ જાણ તું એમ;
ભાર્યા મારી નિશ્ચયે થઈશ ત્યાંય પણ એમ. ૮૭

ત્રીજે જન્મે ભૂપ હું થઈશ સૌરાષ્ટ્ર માંહ્ય;
કલિંગદેશે જન્મી તું થઈશ મત્સ્ત્રી ત્યાંય. ૮૮

ગાંધારાધિપ થઈશ હું ચોથે જન્મે તેમ;
માગધવંશે જન્મી તું થઈશ સ્ત્રી મુજ એમ. ૮૯

પંચમજન્મે હું પ્રિયે અવંતિરાજા જાણઃ
દશાર્ણરાજોદ્‌ભૂત તું થઈશ મત્પ્રિયા માન. ૯૦

અનંતનામે ભૂપ હું છઠ્ઠે જન્મે તેમ;
યયાતિવંશોદ્‌ભૂત તું કાન્તા મારી એમ. ૯૧

પાંડ્યદેશનો ભૂપતિ સપ્તમ જન્મે જાણ,
રૂપલાવણ્યયુક્ત હું થઈશ સ્મરોપમ[1] માન. ૯૨

પદ્મવર્ણ નામે નકી, જ્ઞાની પ્રસન્ન તેમ;
તેજસ્વી ભાસ્કર સમો થઈશ નિશ્ચયે એમ. ૯૩

તું પણ વૈદર્ભકુળે જન્મીશ સુમુખી જાણ,
સ્વર્ણમૂર્તિ સમ તેજમાં લાવણ્યલતા માન. ૯૪

[2]સુદતી વસુમતી નામથી; ફરી સ્વયંવર માંહ્ય
નળ દમયંતીને યથા, વરીશ હું તને ત્યાંય. ૯૫

કરીશ રાજ્ય ચિરકાલ ત્યાં વેદશાસ્ત્રપ્રવીણ;
જીતી ચારે દિશ, કરીશ યજ્ઞો, રાખ યકીન, ૯૬

દેવદ્વિજાર્ચનરત સદા દાનધર્મપર તેમ,
વાર્ધક્યે સોંપી તથા રાજ્ય પુત્રને એમ ૯૭

તુર્યાશ્રમ[3] લઈ પ્રેમથી, અગસ્ત્ય પાસે જાણ;
બ્રહ્મજ્ઞાને સ્વાત્મનો કરી સ્વાનુભવ માન. ૯૮

દેહાન્તે ત્વત્સહ નકી પામીશ મુક્તિ તેમ;
પુનરાવૃત્તિ જ્યાં નહીં, વિગતવાસના એમ. ૯૯

ઈશાર્ચનદર્શન તણું આવું માહાત્મ્ય જાણ !
એમ કહી નૃપ રાજ્ઞી સહ જાય શૈલ પર માન. ૧૦૦

બોલે તંતુકને ગુરુઃ-સ્થાનમાહાત્મ્ય એમ;
સપ્ત જન્મ નૃપ પત્ની સહ થયો ભૂપતિ તેમ. ૧૦૧

અંતે મુક્તિ બેઉએ પામ્યાં નિઃસંદેહ !
ગુરૂપદેશ થયો તને, જા પૂજ શિવ તેહ. ૧૦૨

ગાણગાપુરમાં વળી કલ્લેશ્વર જે જાણ,
મલ્લિકાર્જુનતુલ્ય એ માની પૂજ સ્થિર માન. ૧૦૩

સંગમેશ સંગમ વિષે નિત્ય પૂજવો તેમ;
મલ્લિકાર્જુન એ નકી; મા શંકા કર એમ. ૧૦૪

બોલે તંતુકઃ-કાં પ્રભો બોલે એવું અત્ર ?
મલ્લિકાર્જુનપૂજને ગયો ! હતો તું તત્ર !! ૧૦૫

કલ્લેશ્વર ને સંગમેશ કહે પૂજવા કેમ ?
વ્યાપક સઘળે એક તું સર્વસૂત્રાધર તેમ. ૧૦૬

બોલે સસ્મિત ત્યાં ગુરુઃ- પકડ પાદુકા ચાલ,
મીંચી આંખો પૂર્વવત્; મા કર નાહક વાર. ૧૦૭

એમ કહી લાવે ક્ષણે એને સંગમસ્થાન
પકડાવી નિજ પાદુકા, હસતા હસતા માન. ૧૦૮

તત્પૂર્વે ગ્રામસ્થ ત્યાં ના જોઈ ગુરુ તેમ,
વદે પરસ્પર ખિન્નઃ-ક્યાં ગયા શ્રીપ્રભુ એમ ? ૧૦૯

એક કહે હમણાં હતા; વદે અન્ય, ના અત્ર;
એમ વિરહવ્યાકુળ સહુ કહેઃ-ગયા પ્રભુ કુત્ર ? ૧૧૦

ગયા એમ સહુ ગામમાં, આવ્યા શ્રીગુરુ આંહ્ય;
તેડી લાવવા વિપ્રને ભેજે તંતુક ત્યાંય. ૧૧૧

દોડ્યો વેગે એ તથા; ખાળી વિપ્રો તેમ,
કરે નિવેદન ગુરુ તણી આજ્ઞા પ્રેમે એમ. ૧૧૨

વદે લોકઃ-કાં ક્ષૌર આ આમ કરાવ્યું આંહ્ય ?
કહે વૃત્ત યાત્રા તણું તંતુક સઘળું ત્યાંય. ૧૧૩

પ્રસાદપુષ્પાદિક બધું દેખાડે સપ્રેમ;
જોઈ પરસ્પર જન વદેઃ-અરે, બને આ કેમ ? ૧૧૪

હતો બપોરે એ ગૃહે ! ગયો કદા યાત્રાર્થ !
કહે એક, જૂઠું વદે; અન્ય, બોલ યથાર્થ ! ૧૧૫

વદે એહઃ- ગુરુ સાથ હું ગયો પર્વતે સત્ય;
આવ્યો ક્ષણમાત્રે અહીં, લેશ પણ ન અસત્ય. ૧૧૬

બેઠા છે ગુરુ સંગમે, મને મોકલી અત્ર
તેડી લાવવા સર્વને; રહેશે આજે તત્ર. ૧૧૭

કહે કેટલા, સત્ય આ; વદે મૂર્ખ, સબ જૂઠ !
શિષ્યવર્ગને જઈ કથે તંતુકોક્ત એ વૃત્ત. ૧૧૮

જાણી સઘળું શિષ્યજન ગયા સંગમે જાણ;
પ્રેમે શિવરાત્રિ વિષે પૂજે ગુરુને માન. ૧૧૯

માને જૂઠું જે નકી, જાય નરકમાં તેહ !
પંદર દિવસે યાત્રિકો આવ્યા સહુ નિજ ગેહ. ૧૨૦

પૂછી જોતાં તેમને, થઈ ખાતરી ત્યાંય;
થયા સુવિસ્મિત જન સહુ, પ્રેમે ગુરુજશ ગાય. ૧૨૧

અનુપમ એવી ગુરુ તણી લીલા, શિષ્ય સુજાણ !
સૂણતાં ભક્તિથી, ન કો તરે **રંગ** અજ્ઞાન ? ૧૨૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
તંતુકાય શ્રીશૈલયાત્રાદર્શનં નામ અષ્ટનવતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૯૮ ॥ દોહરા ૧૨૨

૧. કામદેવ જેવા. ૨. સુંદર દાંતવાળી. ૩. ચોથો આશ્રમ; સંન્યાસ.

અધ્યાય ૯૯

વદે નિરંજન એ ફરીઃ સૂણ્યું ચરિતોત્તમ;
ધન્ય વચન તારાં ગુરો ! દેખાડ્યું પરબ્રહ્મ ! ૧

લાભ્યું અમૃતપાન આ દેવસુદુર્લભ જાણ;
રહે કષ્ટ ક્યાંથી પછી ? પામ્યો અભીષ્ટ માન. ૨

તારક તું મુજને મળ્યો, ગયું દૈન્ય તત્ક્ષણ;
થયું સ્વાંત પ્રહૃષ્ટ આ, કરી ચરિત્રશ્રવણ. ૩

રહ્યા સંગમે શ્રીગુરુ; વર્ત્યું આગળ કેમ ?
કહે સવિસ્તર નાથ એ ! ગ્રહે પાદ કહી એમ. ૪

વદે અલખઃ-સૂણ બાળ હે, બન્યું અન્ય દિન જેહ;
ગુરુલીલાનો પાર ના ! કોણ વર્ણવે તેહ ? ૫

હતો એક દ્વિજ નંદિ ત્યાં કુષ્ઠવ્યાપ્ત શરીર,
આવી તુળજાપુર મહીં, પૂજે દેવી ધીર. ૬

કરી ઉપોષણ ત્રયબ્દ[1] એ અર્ચે અનન્ય તેમ;
વદે દેવી સ્વપ્ને તિહાં, જા અહીંથી દ્વિજ એમ. ૭

વસે જિહાં પરમેશ્વરી માત ચંદલા જાણ;
જગદંબાજ્ઞાથી ગયો વિપ્ર ચંદલાસ્થાન. ૮

થઈ ક્ષીણ બુદ્ધિ અહા, કરે ઉપોષણ તેમ
સાત માસ કષ્ટે તિહાં પુરશ્ચરણ વળી એમ. ૯

વદે દેવી સ્વપ્ને તદાઃ- જા ગંધર્વગ્રામ
માની આજ્ઞા માહરી; થશે તાહરું કામ. ૧૦

વસે નૃસિંહસરસ્વતી ત્રિમૂર્ત્યાત્મક ત્યાંય,
ભિક્ષુવેષધર એ નકી તને તારશે આંહ્યા. ૧૧

જાગી દ્વિજ બોલેઃ-અહા ! કાં આપ્યું આ કષ્ટ
વ્યર્થ માસ ષટ્ ? કાં ન એ કહ્યું પ્રથમથી સ્પષ્ટ ? ૧૨

જગદંબાજ્ઞાથી અહીં આવ્યો ત્વત્સંનિધ;
જાણી શક્તિમતી તને, આવ્યો સશ્રદ્ધ દીન. ૧૩

જાણ્યું દેવપણું હવે ! થઈ દેવતા એમ,
મનુષ્ય પાસે મોકલે; હન્ત દૈવ બળી તેમ ! ૧૪

જગન્માત જો તું તથા, કાં નાવે વદ લાજ
મોકલતાં નર પાસ હા ! રૂઠ્યું દૈવ મુજ આજ ! ૧૫

દૈવી શક્તિ તાહરી જાણી આજે એમ;
સાત માસ કષ્ટાવીને ત્યજે શરણાપ્ત તેમ !! ૧૬

કહ્યું હોત પૂર્વેજ જો, કરત કષ્ટ કાં વ્યર્થ ?
ભાંગી મારી આશ તેં ! રડે એમ સંતપ્ત. ૧૭

નાના રીતે એમ એ કરે દુઃખ ત્યાં જાણ;
કહેઃ-પુરશ્ચર્યા ફરી કરીશ ઉગ્રતર માન. ૧૮

થશે પ્રાપ્ત નારોગ્ય જો, ત્યજીશ પ્રાણ હું આંહ્ય;
થઈ નિર્વિણ્ણ એમ એ ત્યજે અન્નજળ ત્યાંય. ૧૯

વદે દેવી સ્વપ્ને ફરી એને પૂર્વસમાન;
કહે સેવકોનેઃ-અરે ! કાઢો પકડી કાન. ૨૦

વદે ભક્તજન એહને સ્વપ્નવૃત્તાંત એહ;
કહેઃ-જા હવે શીઘ્ર તું, માની આજ્ઞા તેહ. ૨૧

નહિ તો કાઢીશું તને બલાત્કારથી જાણ !
સૂણી વચન દ્વિજ શીઘ્ર એ કરે પારણાં માન. ૨૨

પૂજી અંબિકા ભાવથી, વંદન કરીને તેમ,
ચાલ્યો ત્યાંથી વેગથી નંદિવિપ્ર એ એમ. ૨૩

આવ્યો ગાણગાપુર મહીં, પૂછે મઠમાં જાણઃ-
ગયા યતીશ્વર ક્યાં ? કહે સેવકઃ-સંગમસ્થાન. ૨૪

ગઈ કાલ શિવરાત્રિનો હતો ઉપવાસ ત્યાંય;
પારણાર્થ વેગે પ્રભુ હશે આવતા આંહ્યા. ૨૫

આવ્યા ત્યાં તો શ્રીગુરુ પરબ્રહ્મ સાક્ષાત્;
વદે ગ્રામજન વિપ્રનેઃ-રહે દૂર બે હાથ ! ૨૬

રહ્યો દૂર દ્વિજ એ તથા, પેઠા ગુરુ મઠ માંહ્ય;
કહે ભક્તજનઃ-વિપ્ર કો આવ્યો ગુરુવર આંહ્ય. ૨૭

શ્વેતકુષ્ઠ સર્વાંગ પર વ્યાપ્યું એના દેવ;
આવ્યો ત્વદ્દર્શન મિષે; કર આજ્ઞા તતખેવ. ૨૮

બોલે શ્રીગુરુઃ-જાણું હું, આવ્યો સંશયગ્રસ્ત;
બોલાવો એને અહીં, થશે સર્વ એ સ્પષ્ટ. ૨૯

દોડ્યા શિષ્યો વેગથી, આણ્યો દ્વિજ સંગાત;
જોઈ ગુરુને દૂરથી કરે એહ પ્રણિપાત. ૩૦

ડગલે ડગલે દંડવત્ કરતો પ્રેમે તેમ,
આવ્યો ગુરુ પાસે મુદા નંદિ દ્વિજ એ એમ. ૩૧

પૂછે શ્રીગુરુ એહનેઃ-જઈ દેવતા પાસ,
આવ્યો કાં રે તું અહીં ? હું તો મનુષ્ય ખાસ ! ૩૨

જાણ્યું હૃદ્ગત માહરું, પરમાત્મા આ તેમ;
નિશ્ચય એવો ઉર કરી નમે નંદિ સપ્રેમ, ૩૩

સાષ્ટાંગ પ્રણિપાતથી યાચી ક્ષમા સુજાણ,
કહેઃ-સ્વામી તમોંધ હું; થયો શુદ્ધ [2]અજી માન ૩૪

ત્વદ્દર્શનથી નિશ્ચયે ! તું કેવલ પરબ્રહ્મ;
જાણું મંદ ન હું અહા અજ્ઞાનાંધ સુજિહ્મ[3] ! ૩૫

ધન્ય સુદિન આ આજનો ! દર્શનથી પાવન
થયો મૂઢ હું; દેવ હે ! કર, કૃપાવલોકન. ૩૬

૧. ત્રણ વર્ષ. ૨. આજે. ૩. અતિકપટી.

પાપકર્મ હું પાપસંભવ પાપાત્મા તેમ,
આવ્યો દૈવે ત્વત્પદે શરણ કૃપાબ્ધે એમ. ૩૭

ભક્તજનોનો આશરો શરણાગતરક્ષણ;
નૃસિંહસરસ્વતી ખ્યાતિ એ ગાય તારી સહુ જન. ૩૮

ગયું દુષ્કર્મ માહરૂં, દીઠું પરંપદ એમ;
થયા પૂર્ણ મનોરથો, કૃપા તાહરી તેમ. ૩૯

ભક્તકામધુક્ તું નકી, ધર્યો મનુષ્ય અવતાર !
લહે પાર કો તાહરો ? ત્રિમૂર્તિ તું કલિતાર. ૪૦

સગરોદ્ધારે જાહ્નવી આવી ભૂતલે જેમ,
તેમ ભક્તને તારવા થયો તીર્ણ તું એમ. ૪૧

જારકર્મથી થઈ શિલા, તોય અહલ્યા એહ
રામપાદસ્પર્શે થઈ દિવ્યદેહ ફરી તેહ. ૪૨

થયો પૂત હું પણ તથા ત્વદ્દર્શનથી નાથ;
રહે દુઃખ ક્યાંથી હવે ? મળ્યો ત્રીશ સાક્ષાત્ ! ૪૩

વ્રતસ્નાત પરણ્યો જિહાં ભાર્યા ત્યાંથી એમ
વ્યાપ્યું કુષ્ઠ બધે; ગઈ પત્ની પિતૃગૃહ તેમ. ૪૪

માતપિતા પણ દૂર જા વદે એમ ગુરુરાય;
ત્યજી ગેહ ભટકું બધે, દુઃખિત આમ સદાય. ૪૫

જગન્માત પાસે ગયો, કર્યા બહુ ઉપવાસ;
વદે એહઃ- જા ! ના અહીં થાશે પાપવિનાશ. ૪૬

ચંદલેશ્વરીસંનિધે જા મદ્વાક્યે એમ,
થશે રોગનિવૃત્તિ ત્યાં; વદે અંબિકા તેમ. ૪૭

જઈ તેમ ત્યાં પણ તથા સહ્યાં કષ્ટ અપાર;
દે આજ્ઞા એ આવવા અહીં, કૃપાનિધિ તાર. ૪૮

હીન દૈવ મારૂં અહા, માટે દેવી એમ
કહે ધકેલો એહને બળાત્કારથી તેમ. ૪૯

કંટાળે દેવો તિહાં મનુષ્ય કોણજ માત્ર ?
થશે ફજેતી ક્યાં લગી ? અરપું ચરણે ગાત્ર ! ૫૦

પાપી હું એવો પ્રભો, કુષ્ઠી અમંગલ એમ;
ના દેખે મુખ કોઈ હા ! મરવું સારૂં તેમ !! ૫૧

થાશે [1]અઘનિષ્કૃતિ ન વા, કહે શીઘ્ર એ નાથ;
એજ પ્રાર્થના, આશમાં મા સપડાવીશ તાત. ૫૨

ના દેહાપેક્ષા પ્રભો, ત્યજીશ ત્વદગ્રે પ્રાણ;
આવ્યો શરણે દીન હું; ઈચ્છા તારી પ્રમાણ ! ૫૩

કરુણ વચન એ સાંભળી, વદે હસી ગુરુદેવઃ-
સોમનાથ ! આને લઈ જા સંગમ તતખેવ. ૫૪

મૂકી સંકલ્પ તીર્થમાં ન્હવાડ એને તેમ;
અશ્વત્થાર્ચન તે પછી કરાવ વિધિવત્ એમ. ૫૫

ખ્હેરેલાં વસ્ત્રો બધાં ફેંકાવીને દૂર,
નવું વસ્ત્ર ખ્હેરાવીને આણ શીઘ્ર અહીં શૂર ! ૫૬

સોમનાથ એને લઈ ગયો સંગમે તેમ;
સ્નાનમાત્રથી તત્તનુ થઈ શુદ્ધ ત્યાં એમ. ૫૭

પ્રદક્ષિણા અશ્વત્થની કરતાં તે જ પ્રમાણ,
સુવર્ણાંગ કુષ્ઠી થયો ક્ષણમાં એહ સુજાણ. ૫૮

ખ્હેરી નૂતન વસ્ત્ર જ્યાં ફેંકે જૂનું એહ,
થઈ [2]ક્ષારમૃદ્ ભૂમિ એ; હરખાયે દ્વિજ તેહ. ૫૯

સોમનાથ એને લઈ અર્પે ગુરુપદ માંહ્ય;
જોઈ વિશુદ્ધ અંગ એ, લોક સુવિસ્મિત થાય. ૬૦

થઈ તુષ્ટ દ્વિજ નંદિ ત્યાં, હર્ષોત્સાહે તેમ
આળોટે ગુરુપદ વિષે; કહે, ધન્ય હું એમ. ૬૧

પૂછે શ્રીગુરુઃ-સિદ્ધ વા ના તુજ ઈચ્છા બોલ;
જોઈ શીઘ્ર સર્વાંગ તું ભેદ સૂક્ષ્મ એ ખોલ. ૬૨

જાુએ વિપ્ર એ ત્યાં રહ્યું કુષ્ઠ જાંઘ પર લેશ;
થયો ખિન્ન જોઈ હૃદે ! કહેઃ- હે હૃષીકેશ ? ૬૩

કૃપાદૃષ્ટિથી તાહરી ગયું સર્વ, પણ અલ્પ
રહ્યું શેષ કાં ના લહું; કર દયા, [3]નતકલ્પ ! ૬૪

બોલે શ્રીગુરુ - [4]મર્ત્ય શું કરશે મત્કલ્યાણ ?
સંશય એવો જે થયો, તેનું ફળ આ માન. ૬૫

સૂણ ઉપાય કહું અહીં; નૂતન કાવ્યે આંહ્ય
કર સ્તુતિ તું માહરી, થશે શુદ્ધિ પણ ત્યાંય. ૬૬

બોલે નંદિઃ- સ્વામી હું મંદબુદ્ધિ કુજાત,
લખવું પણ જાણું નહીં ! ક્યાં કવિત્વની વાત ? ૬૭

કાવ્યરીતિ ના લહું, ના વ્યુત્પત્તિ તેમ;
કરૂં સ્તોત્ર શું કરમ હું ! ગ્રહે ચરણ કહી એમ. ૬૮

'ઉઘાડ મુખ' ગુરુ ઓચરે; ઉઘાડતાં ક્ષણ માંહ્ય,
નાંખે ભભૂતિ જીભ પર; થયો જ્ઞાની દ્વિજ ત્યાંય. ૬૯

મૂકી મસ્તક પગ વિષે, કરે સ્તુતિ ત્યાં એમઃ-
સ્વામી મૂઢ હું ના કરી સેવા તારી તેમ. ૭૦

ડૂબ્યો હું ભવસિંધુમાં માયાજાલે જાણ;
ભૂલ્યો તારક ત્વત્પદો, સ્મરૂં ન તુજને માન. ૭૧

હતો સ્થાવરોદ્ભિજ્જ ને સ્વેદજ અંડજ જ્યાંય,
પશ્વાદિની યોનિમાં વિસર્યો ત્વત્પદ ત્યાંય. ૭૨

૧. પાપનો નાશ. ૨. ખારી માટીવાળી ૩. ભક્તોનો કલ્પવૃક્ષ ૪. મનુષ્ય

જારજ મર્ત્યોમાં યદા શૂદ્રાદિક થઈ તેમ
જન્મ્યો ત્યારે પણ સ્મર્યા ના તારક પદ એમ. ૭૩

જાતિશ્રેષ્ઠ બ્રાહ્મણ થઈ, અજ્ઞાને પદ એહ
ના સેવ્યા તારક ગુરો; થાય દુઃખ બહુ તેહ. ૭૪

ગર્ભવાસનાં કષ્ટ એ કહ્યાં ન કેમે જાય;
માતૃરક્ત પિતૃરેત જ્યાં બંને એકત્ર થાય. ૭૫

પંચાહે બુદ્‌બુદ્‌ બન્યો, પક્ષે પેશી તેમ;
[1]નિરયોપમ કુક્ષિ મહીં રહ્યો નિર્જીવ એમ. ૭૬

માસે પિંડ થયો અહા, શીર્ષાદિક બે માસ;
ત્રીજે અવયવ, દ્વાર નવ ચતુર્થ માસે ખાસ. ૭૭

પંચભૂત ભેગાં મળ્યાં પંચમ માસે જ્યાંય
આવ્યો પ્રાણ, ન હા રહ્યું સ્મરણ તાહરું ત્યાંય ! ૭૮

ત્વચા રોમ નખ શ્વાસ ત્યાં આવ્યાં છઠ્ઠે માસ;
સપ્તમ માસે ઇંદ્રિયો, ચિત્ત્વ[2] આઠમે ખાસ. ૭૯

નવ માસ નરકે રહ્યો માતૃકુક્ષિમાં એમ;
હન્ત કષ્ટ એ કો લહે ? રહે સ્મરણ ત્યાં કેમ ! ૮૦

ક્ષારોષ્ણાદિક ખાય મા, થાય દુઃખ બહુ ત્યાંય;
અસહ્ય કેવળ વેદના ! રહે સ્મરણ ત્યાં ક્યાંય ? ૮૧

પક્ષી પિંજરમાં યથા, જરાયુવેષ્ટિત તેમ;
દીઠા ના તવ પાદ ત્યાં, રહે સ્મરણ પછી કેમ ? ૮૨

નવ માસ કષ્ટે રહ્યો માતૃગર્ભમાં ત્યાંય;
પડ્યો કીટવત્ યોનિથી, રહે સ્મરણ ત્યાં ક્યાંય ? ૮૩

સો વરસ આયુષ્ય ત્યાં લખ્યું લલાટે જેહ,
ગયું અર્ધ નિશા મહીં વૃથા ઊંઘમાં તેહ. ૮૪

બાકીનું બાલ્યાદિમાં પરવશતાથી એમ
ગયું વ્યર્થ; કર્યું ન ત્યાં સ્મરણ તાહરું તેમ. ૮૫

પર્યંકે મલમૂત્રમાં રહ્યો પડી જ્યાં ત્યાંય,
બાળપણનું કષ્ટ એ કોણ વર્ણવે આંહ્ય ? ૮૬

સ્મરણમાત્રથી કમકમે છાતી મારી એહ;
પરવશતામાં દુઃખ જે, કેવળ અવર્ણ્ય તેહ. ૮૭

રહ્યો પથારીમાં પડ્યો મલમૂત્રાદિક માંહ્ય;
અજ્ઞાને ખાધી તિહાં સ્વવિષ્ઠા પણ હાય ! ૮૮

દુખે પેટમાં જ્યાહરે, રડું કષ્ટથી તેમ;
ધવરાવે માતા લઈ, લહે દુઃખ ના એમ. ૮૯

થાઉં ભૂખ્યો ને રડું ત્યારે માતા જાણ,
નાંખી મ્હોંમાં અંગુલિ પાય ઔષધો માન. ૯૦

બાળાગોળી લીમડો કટ્વાદિક પણ તેમ,
ચગદી ઘાલે મ્હોં મહીં બલાત્કારથી એમ ! ૯૧

ભૂખ્યો છું એ ના લહી, નાંખે ઝોળી માંહ્ય,
ઊંઘાડે યત્ને તિહાં; જાણે દુઃખ ન ત્યાંય ! ૯૨

'રડે અરેરે' એમ કહી, નાંખે મુખમાં રાખ;
બાંધે રક્ષા મંત્રથી, જાણે ભૂખ ન દ્રાક્ ! ૯૩

કરડે વીંછી પણ યદિ, લહે ન કોઈ તેમ;
રડતો જાણી ઘોડિયામાં હીંચોળે એમ; ૯૪

થોભ જરા મા રડ અરે, પંપાળે કહી એમ;
પાય દૂધ પણ ના લહે વિષપીડા આ તેમ ! ૯૫

દુઃખે દૂધ ન જો પીઉં, ફરી પથારી માંહ્ય
નાંખે વીંછીવાળી એ ! દુઃખ વર્ણવું ક્યાંય ? ૯૬

ખાટું ખારું ખાય મા, બગડે ધાવણ જાણ;
શ્વાસ [3]કાસ એ ધાવતાં થાય કષ્ટપ્રદ માન. ૯૭

ના જાણી દે ઔષધો, આવે આંખો તેમ !
આંજે દૂષિત અંજનો, થાય કષ્ટ વધુ એમ. ૯૮

બાલ્યે અતીવ કષ્ટ ત્યાં અજ્ઞાનોત્થ[4] સદાય;
આગળ ક્રીડાદિક મહીં વ્યર્થ આયુષ્ય જાય. ૯૯

તારુણ્યે મદને અતિ પીડાઈને તેમ,
પતંગ અગ્નિમાં યથા, પડ્યો [5]સ્ત્યનલે એમ. ૧૦૦

નિંદ્યા મૌર્ખ્યે ગુરુજનો, તરછોડ્યાં માબાપ;
દેવમાયા સ્ત્રી તણાં જોઈ લોલ ભ્રૂચાપ, ૧૦૧

કાર્યાકાર્યવિવેક ને કુલશીલાદિક તેમ
ભૂલી દુર્માર્ગે ચઢ્યો ભોગોત્સુક થઈ એમ. ૧૦૨

નિંદ્યા બ્રાહ્મણ વૃદ્ધજન, સેવ્યા સંત ન ક્યાંય;
થઈ મત્ત તારુણ્યથી, સ્મર્યા ન ત્વત્પદ હાય ! ૧૦૩

માંસાશાથી મત્સ્ય જ્યમ મરે નિરર્થક તેમ,
થઈ ઇંદ્રિયાધીન હું પડ્યો કાળમુખ એમ. ૧૦૪

નાનાજાતિની સ્ત્રીઓ મત્ત ભોગવી જાણ;
હર્યું પરદ્રવ્ય યત્નથી; નિંદ્યા સંત મહાન ! ૧૦૫

મોહે એમ મદાંધ ત્યાં ભૂલ્યો સ્વાનુસંધાન;
પડ્યો જઈ કામાનલે પતંગવત્ બેભાન. ૧૦૬

વીંધાયો સ્મરબાણથી, સૂણ્યાં ન સંતવચન;
ના સંભાર્યા ત્વત્પદો, આવ્યું ત્યાં ઘડપણ ! ૧૦૭

૧. નરક જેવું. ૨. ચૈતન્ય. ૩. ઉધરસ ૪. અજ્ઞાનથી ઉત્પન્ન થએલાં ૫. સ્ત્રીરૂપી દેવતામાં.

પરાધીન વાર્ધક્યમાં ત્યજે, સ્ત્રીસુતો હાય !
શ્વાસકાસકફાદિથી પીડાઉં અતિ ત્યાંય. ૧૦૮

આવ્યાં પળિયાં મસ્તકે, ઇંદ્રિય પરવશ તેમ;
પડ્યા દાંત, દૃષ્ટિ ગઈ, આવી બધિરતા એમ. ૧૦૯

હણવા રોગો શત્રુવત્ આવ્યા દોડી સર્વ;
ના કીધી સેવા પ્રભો, તાર હવે હે શર્વ ! ૧૧૦

મા જો શઠતા માહરી, આવ્યો શરણે તેમ;
નારાયણ તું અવતર્યો, જગદુદ્ધારે એમ. ૧૧૧

ધાર્યો માનુષવેષ પણ વિશ્વતાર તું દેવ;
ગુણાતીત ત્રિગુણાત્મ તું પરબ્રહ્મ ગુરુદેવ ! ૧૧૨

જાણે ઉલ્લુ ન અર્કને, તેમ તને હું નાથ
વિશ્વનિયંતા ના લહું; બાળક તાર અનાથ. ૧૧૩

કરી ગુરુસ્તુતિ એહવી, જોઈ ચોદિશ તેમ
બેઠેલા સહુ લોકને કહે એમ સપ્રેમઃ- ૧૧૪

સૂણો સમસ્ત લોક હે ! પાપનો ન મમ પાર;
પરબ્રહ્મ ગુરુદર્શને નાઠાં એ તત્કાળ. ૧૧૫

અગ્નિસ્પર્શે તૃણગિરિ થાય ભસ્મ જ્યમ ત્યાંય,
થતાં કૃપા ગુરુની થયો સર્વપાપલય આંહ્ય. ૧૧૬

ચરણં પવિત્રં...શ્રુતિ કહે, સત્ય સત્ય એ વાત;
કોણ દેવ બીજો અહીં ? ગુરુ ત્રીશ સાક્ષાત્ ! ૧૧૭

લખ્યા લલાટે લેખ જે, ભલે હોય વિપરીત;
[1]ગુર્વંઘ્રિસ્પર્શે નકી થાય શુભદ આ રીત. ૧૧૮

નિધાન સંનિધમાં અહીં; ભમે લોક કાં વ્યર્થ ?
ભજો નૃસિંહસરસ્વતી ભક્તકામધુક્ તર્ત. ૧૧૯

ઐહિક આમુષ્મિક બધું આપે એ તત્કાળ;
ના શંકા ઉરમાં કરો, સત્ય વચન નિર્ધાર ! ૧૨૦

સ્તવે એમ નંદિ તિહાં !! થયા તુષ્ટ ગુરુરાય;
કહેઃ-કવીશ્વર આ નકી જાણો ભક્તો આંહ્ય. ૧૨૧

નામ કવીશ્વર એહને આપ્યું મેં નિશ્ચિત !
સૂણી વચન નંદિ નમે ચરણે મોદાન્વિત. ૧૨૨

શેષ કુષ્ઠ નાઠું તદા ગુરુસ્તુતિથી એમ;
સેવક થઈ સદ્ભાવથી રહ્યો ગુરુ કને તેમ. ૧૨૩

આવ્યો બીજો પણ તથા જાણ કવીશ્વર એક;
થઈ ભક્ત રહ્યો કને રાખી અનન્ય ટેક. ૧૨૪

સૂણી વચન સચ્છિષ્ય એ પૂછે, કો એ અન્ય ?
વદે અલખગુરુ, **રંગ** એ આગળ વર્ણન ધન્ય ! ૧૨૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે કુષ્ઠિવિપ્રોદ્ધરણં નામ નવનવતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૯૯ ॥ દોહરા ૧૨૫

અધ્યાય ૧૦૦

અલખ કહેઃ-સૂણ બાળ હે ! કહું સવિસ્તર એહ;
આવ્યો ક્યાંથી કોણ એ અન્ય કવીશ્વર તેહ. ૧

રહ્યા ગાણગાપુર મહીં શ્રી ગુરુ જ્યારે એમ,
ફેલાઈ કીર્તિ બધે; થયા ભક્ત બહુ તેમ. ૨

અન્ય ગામમાં એકદા ભક્ત કોઈ સુજાણ
લઈ ગયો ગુરુને ગૃહે મહોત્સવે તું જાણ. ૩

[2]હિપ્પરિગ્રામે એમ એ લઈ ગયો ગુરુરાય;
પૂજે વિધિવત્ મોદથી ગુરુપદ ભાવે ત્યાંય. ૪

હતું શિવાલય ગામમાં; કલ્લેશ્વર-અભિધાન
લિંગ એક પ્રખ્યાત ત્યાં આજુબાજુએ માન. ૫

આગંતુક દ્વિજ એક ત્યાં નામ નરહરિ તેમ
નિત્ય પંચ પદ્યો કરી, ભજે કલ્લેશ એમ. ૬

કલ્લેશ્વર વિણ અન્યને માને ન કદિ એહ;
ભજે એકાગ્રમાનસે સામ્બ સદાશિવ તેહ. ૭

કહે લોક સહુઃ-હે કવે ! કવિત્વ તારું રમ્ય;
પ્રીતિ કાવ્યે ગુરુ તણી, વર્ણવ તદ્ગુણ કમ્ય. ૮

વદે કવિઃ- બહુ દેવ, પણ કલ્લેશ્વરને આંહ્ય
અર્પી જીભ; ન હું કરું મનુષ્યસ્તવન કદાય. ૯

એમ કહી કલ્લેશની પૂજા કરવા જાણ
બેઠો જ્યાં, ત્યાં ગાઢ નિદ્રાથી વ્યાપ્યો માન. ૧૦

દેખે સમણું ઊંઘમાં દેવગૃહે એ ત્યાંય;
બેઠા ગુરુવર લિંગ પર, અર્ચે એ નતકાય. ૧૧

દેખે લિંગ ન ક્યાં એ, પૂજે ગુરુને તેમ;
પૂછે ગુરુઃ-નર કાં ભજે કાવ્યાયોગ્ય તું એમ ? ૧૨

ષોડશોપચારે તથા પૂજે તો પણ એહ;
જાગ્યો શબ્દે શીઘ્ર ત્યાં જોઈ અચરજ તેહ. ૧૩

કહે સુવિસ્મિત અંતરેઃ-નૃસિંહસરસ્વતી ધન્ય
થયો તીર્ણ શિવ એ નકી; પૂજ્યો આજ અનન્ય. ૧૪

ત્રિમૂર્ત્યવતાર શ્રીગુરુ, ના એમાં સંદેહ;
કરવું દર્શન, એમ કહી ગયો તત્ક્ષણે તેહ. ૧૫

ડગલે ડગલે દંડવત્ કરતો શ્રીગુરુ પાસ
આવી લેટે ચરણમાં; કહેઃ-અજ્ઞ હું ખાસ. ૧૬

૧. સદ્ગુરુના ચરણ સ્પર્શથી. ૨. હિપ્પરગી.

માયામગ્ન ન હું લહું રૂપ તાહરૂં તેહ;
માયાધિપ શિવ તું નકી, થયું પ્રત્યક્ષ એહ. ૧૭

કર્પૂરાભ કલ્લેશ તું જગદ્‌ગુરુ સાક્ષાત્;
કરી ચિત્ત સુસ્થિર પદે આવ્યો શરણે નાથ. ૧૮

વિશ્વાધાર વિશ્વેશ તું પ્રણતપાળ ભગવંત;
ત્વત્પાદાબ્જરસે થયો લીન ભૃંગવત્, સંત ! ૧૯

નિધાન પાસે તોય કો ભમે [1]કાનને એમ ?
કામધેનુ ગૃહ આવતાં, રહે દૈન્ય ક્યાં તેમ ? ૨૦

કરે તપશ્ચર્યા મુનિ પૂર્વે વર્ષ હજાર,
થાય ન દર્શન તેમને સ્વપ્ને પણ નિર્ધાર. ૨૧

અનાયાસ તે તું અહીં થયો પ્રત્યક્ષ જાણ;
રીઝ્યો કલ્લેશ્વર નકી, સફળ કામના માન. ૨૨

કલ્લેશ્વર તું નિશ્ચયે, ના શંકા ઉર તેમ;
કર કરુણા ગુરુનાથ હે ! ગ્રહે ચરણ કહી એમ. ૨૩

બોલે શ્રીગુરુઃ-નિત્ય તું નિંદે મને યથેષ્ટ;
આજે ક્યાંથી આ હૃદે આવી ભક્તિ પ્રેષ્ઠ ? ૨૪

બોલે કવિવર એ તિહાંઃ-અજ્ઞાનાવૃત નાથ
હતો, આજ પ્રકાશનો પ્રકાશ તું સાક્ષાત્ ૨૫

થયો ઉદિત અંતર મહીં; કલ્લેશાર્ચન જેહ
કીધું તત્પુણ્યે નકી જોયા ત્વત્પદ એહ. ૨૬

કલ્લેશ્વરને પૂજતાં આજે રોજ પ્રમાણ,
લિંગસ્થાને સ્વપ્નમાં દીઠો તુજને માન. ૨૭

દૈવે સ્વપ્ને પાદ આ જોયા ત્યાં ગુરુનાથ;
થયું પ્રત્યક્ષ આ અહીં ત્વદ્‌દર્શન સાક્ષાત્ ! ૨૮

ભેળવ મુજને શિષ્યમાં ! કહી એમ તત્કાળ
રચી મનોહર પદ્ય ત્યાં, પૂજે ગુરુપદ સાર. ૨૯

ષોડશોપચારે તથા અર્ચી ગુરુને જાણ,
માનસપૂજન પદ્યથી કરે ભાવથી માન. ૩૦

કહે શ્રીગુરુ સર્વનેઃ-સ્વપ્ને મુજને જેમ
પૂજ્યો કવિએ તેમ આ પૂજે સાક્ષાત્ એમ. ૩૧

શુદ્ધ ભાવ એનો નકી, કરો ન શંકા આંહ્ય;
એમ કહી પાસે કવિને બોલાવી ત્યાંય, ૩૨

આપે વર એને મુદા ! થયો એહ પદલગ્ન;
કહેઃ-શિષ્યમાં હે પ્રભો કરો મને સંલગ્ન. ૩૩

વદે શ્રીગુરુઃ-શ્રેષ્ઠ છે મને માન્ય કલ્લેશ;
પૂજ, વસું હું પણ તિહાં, ભક્તિયુક્ત મહેશ. ૩૪

કહે કવિઃ-દુર્લભ તને ત્યજી આમ પ્રત્યક્ષ,
પૂજું કાં શિવલિંગ એ ? ત્વદ્વિણ અન્ય ન ત્ર્યક્ષ.[2] ૩૫

તું કલ્લેશ ત્રિમૂર્તિ આ લીલામાનવવેષ;
નિશ્ચય મારો ના ચળે, ત્યજું ન તુજને લેશ. ૩૬

થયો શિષ્ય પ્રાર્થી તથા; ગાણગાપુર માંહ્ય
આવી, કીર્તનભક્તિથી સેવે ગુરુપદ ત્યાંય. ૩૭

ભક્તદ્વય કવિવર તિહાં શ્રીગુરુ પાસે એમ
રહે કવિત્વાદિક થકી ગુરુભજને રત તેમ. ૩૮

થતાં તુષ્ટ ગુરુવર, કશું ના દુર્લભ તું જાણ;
કલ્પદ્રુમ તદ્‌ગેહમાં; ના શંકા કર આન. ૩૯

સુલભ નાવ આ ગુરુકથા, થવા **રંગ** ભવપાર;
સૂણી નિરંજન જે વદે, આગળ એ વિસ્તાર. ૪૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
કવીશ્વરોદ્ધરણં નામ શતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૦૦ ॥ દોહરા ૪૦

અધ્યાય ૧૦૧

વદે નિરંજન એ ફરી, જોડી કરદ્વય તેમઃ-
રહ્યા કવીશ્વર બેઉ ત્યાં, બન્યું તે પછી કેમ ? ૧

કૃપા કરી સઘળું કહો અલખ યોગિવર એહ !
કહે અલખ સૂણ બાળ હે, કથા સવિસ્તર તેહ. ૨

એવું પાવન ચરિત એ, સૂણતાં સશ્રદ્ધ જાણ,
થાય પતિત પણ ક્ષણ મહીં પવિત્ર નિશ્ચય માન. ૩

હતા ગાણગાપુર મહીં શ્રીગુરુ જ્યારે એમ,
આવી દીવાળી તિહાં ત્હેવારોત્તમ તેમ. ૪

આવ્યા ભક્તો તેડવા શ્રીગુરુને ત્યાં જાણ,
સાત શિષ્ય પ્રિય જે અતિ બોલે પ્રણમી માનઃ- ૫

દીવાળી કરવા પ્રભો આવો અમ ઘર ત્યાંય !
પૃથક્ ગામ દરેકનું જાણી વદે ગુરુરાયઃ- ૬

૧. જંગલમાં. ૨. ત્રિનેત્ર, શંકર.

એકીસાથ બધા ઘરે આવું કેમ સુજાણ ?
વિચાર કરી અન્યોન્ય એ તમે ઠેરવો સ્થાન. ૭

જઈશ તે ગૃહે સર્વથા, ના એમાં સંદેહ;
શિષ્યાધીન રહું સદા, માટે બોલો ગેહ. ૮

કહે એકઃ-પ્રભુ માહરા; લઈ જાઉં મુજ ઘેર !
વદે અન્યઃ-શું મુજ નહીં ? કાં નાવે મુજ ઘેર ! ૯

એમ પરસ્પર એ લડે, હું હું કરતા જાણ;
વારી એમને શ્રીગુરુ કહેઃ-વૃથા અભિમાન. ૧૦

સઘળાનો ગુરુ એક હું, જઈશ એક ગૃહ તેમ !
સૂણી વચન, બદ્ધાંજલિ બોલે સહુ સપ્રેમઃ- ૧૧

સમર્થ આ, આ દુબળો, મા જો એવો ભેદ;
સમદૃષ્ટિ તારી પ્રભો, સઘળે એક અભેદ. ૧૨

ન્યૂનાધિક તારે નહીં, રાયરંક પણ તેમ;
ઉપેક્ષતાં દુર્બલ પડીશું ગંગામાં એમ. ૧૩

ખાધી ભાજી વિદુરની કૃષ્ણે પ્રેમે જાણ,
દુર્યોધનમેવા ત્યજી ભક્તવત્સલે માન. ૧૪

ઉદાસીન ના થા પ્રભો, અમે સર્વ તુજ દાસ;
આજ્ઞા પ્રમાણ તાહરી, શિરોવંદ્ય એ ખાસ. ૧૫

એમ કહી સર્વે તિહાં, કરે દંડવત્ જાણ;
વદે નમ્ર સઘળા ગુરો ! મા તરછોડ, સુજાણ ! ૧૬

કહે શ્રીગુરુ સર્વનેઃ-જાઓ સત્વર ગેહ;
આવીશ, મા શંકા કરો; સત્ય પ્રતિજ્ઞા એહ ! ૧૭

સૂણી વચન ગુરુ તણાં, વદે સાત જણ ત્યાંયઃ-
સામાન્યોક્તિ આ પ્રભો ! કરવો નિશ્ચય ક્યાંય ? ૧૮

અહો અજ્ઞ આ ના લહે લીલા મારી એમ;
એકએકને કહું કહી, વદે શ્રીગુરુ તેમ. ૧૯

બોલાવી પાસે તથા પૃથક્ પૃથક્ સહુ જાણ,
વદે કાનમાં શ્રીગુરુ આવીશ ત્વદ્ગૃહ માન. ૨૦

ના કે'વું આ કોઈને ગુપ્ત રાખવું એહ !
એમ કહી એકાંતમાં એકએકને તેહ, ૨૧

ઘેર મોકલે મોદથી હૃષીકેશ એ જાણ;
થઈ તુષ્ટ સાતેય એ ગયા સ્વગૃહે માન. ૨૨

કહ્યા વિના અન્યોન્યને ગયા સાત એ તેમ;
આવ્યા શ્રીગુરુ મઠ મહીં સંગમથી સપ્રેમ. ૨૩

સૂણી વૃત્ત એ ગામના વદે ભક્ત નતકાયઃ-
છોડી અમને ક્યાં પ્રભો જાવા ધાર્યું ત્યાંય ? ૨૪

બોલે શ્રીગુરુ મા કરો ચિંતા ભાવિક જન;
રહીશ અત્ર હું નિશ્ચયે સાથ તમારી પણ. ૨૫

ધનતેરશની સ્હાંજ ત્યાં આવી કરતાં એમ;
મંગલસ્નાનદિને થયું મહાશ્ચર્ય ત્યાં તેમ. ૨૬

જગન્નાટકી શ્રીગુરુ અષ્ટરૂપધર જાણ,
રહી મઠે સાતેયના ગયા ગામમાં માન ! ૨૭

લીલા એની કો લહે ? નારાયણ સાક્ષાત્
વિશ્વરૂપ સઘળે રહ્યો; ક્યાં સંખ્યાની વાત ? ૨૮

આઠ ગામમાં અષ્ટરૂપે લઈ ભિક્ષા એમ,
આવ્યા મઠમાં શ્રીગુરુ; જાણે કોઈ ન તેમ. ૨૯

કાર્તિક માસે પૌર્ણિમા ત્રિપુરોત્સવ ત્યાં જાણ
આવ્યા કરવા ભક્તજન શ્રીગુરુ પાસે માન. ૩૦

કહે નમી દશદિન પછી થયું પુનર્દર્શન;
હતા શ્રીગુરુ મદ્ગૃહે, વદે અન્યોન્ય જન. ૩૧

કાં બોલે જૂઠું અરે ? હતા મદ્ગૃહે એહ;
જો પેલી છાટી તહીં આપી મેં જે તેહ ! ૩૨

એમ પરસ્પર એ કહે; વસ્ત્રાદિક સહુ ત્યાંય
ગુરુનિકટસ્થ બતાવીને, હર્ષે અડધા થાય. ૩૩

થયા ચકિત સઘળા સૂણી; વદે ગ્રામજન તેમઃ-
હતા દીવાળીએ ગુરુ નકી અહીંયાંજ એમ ! ૩૪

બોલે વિસ્મિત સર્વ ત્યાં નકી ત્રિમૂર્તિ એહ,
નારાયણઅવતાર આ શ્રીગુરુ નિઃસંદેહ. ૩૫

એમ કહી સર્વે તિહાં કરે સ્તવન નિર્ધાર
નાના સ્તોત્રે ગુરુ તણું, અખંડ જયજયકાર. ૩૬

વેદાત્મન્ ગુરુનાથ હે ! લહે કોણ ત્વત્પાર ?
વિશ્વવ્યાપક તું હરે, નારાયણ જગતાર. ૩૭

ત્રિરૂપ કાર્યાર્થે દિસે એક પરાત્પર એમ !
એમ સ્તવન કરી આદરે દીપમાળ સપ્રેમ ૩૮

પ્રગટાવી સોજ્જ્વળ બધે અનેક ભક્તો જાણ,
બ્રાહ્મણભોજન ભક્તિથી કરે નિત્ય પ્રમાણ. ૩૯

એવો મહિમા ગુરુ તણો ફેલાયો સર્વત્ર;
થયા પ્રખ્યાત શ્રીગુરુ ભૂમંડલમાં અત્ર. ૪૦

કલ્પદ્રુમ પાસે પડ્યો; ના જાણીને જેહ
અજ્ઞાનાંધ ભમે બધે, દૈન્યભાગી નર તેહ. ૪૧

ભજો શ્રીગુરુ નિશ્ચયે, થશે કામના પૂર્ણ;
કાર્યસિદ્ધિ સત્વર નકી, આવ્યો અનુભવ તૂર્ણ. ૪૨

સુધાતૃપ્તને ક્ષીરનું વૃથા પ્રયોજન જેમ,
નામામૃતથી તૃપ્તને જ્ઞાનયત્ન પણ તેમ. ૪૩

ઠોકી નોબત જોરથી, કહું ભજો ગુરુ અત્ર;
વેદશાસ્ત્રાદિક કહે, ગુરુ ત્રિમૂર્તિ સર્વત્ર. ૪૪

ગુરુ વિણ દેવ ન દૂસરો, વેદશાસ્ત્ર પ્રમાણ;
જાય [1]સૌકરી યોનિમાં ગુરુનિંદક નાદાન. ૪૫

[2]કપોલકલ્પિત આ નહીં વચન માહરૂં આંહ્ય;
હોય શાસ્ત્રપ્રમાણ તો કરો સ્વીકાર ત્યાંય. ૪૬

અસાર દુસ્તર સંસૃતિ તરવા સુલભ ઉપાય.
ગુરુભજન વિણ અન્ય ના અત્ર પરત્ર સદાય. ૪૭

નિર્જલ આ ભવકાનને સુલભ કથામૃતરૂપ;
બેસાડી મેં પરબ આ, પીઓ સહુ સુખરૂપ. ૪૮

ત્રિમૂર્તિનો અવતાર એ નૃસિંહસરસ્વતી ત્યક્ષ;
વસે ગાણગાપુર મહીં આજે પણ પ્રત્યક્ષ. ૪૯

કામ માત્ર શ્રદ્ધા તણું, દેખે પરચો સંત;
રંગ વલગના તર્કની નિરર્થ અહીંયાં હન્ત ! ૫૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
અષ્ટરૂપધારણં નામ એકોત્તરશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૦૧ ॥ દોહરા ૫૦

અધ્યાય ૧૦૨

અલખ કહેઃ-આગળ કહું સૂણ કથાવિસ્તાર;
ગુરુલીલા ગાતાં મને થાએ હર્ષ અપાર. ૧

રહ્યા ગાણગાપુર મહીં, ગુરુ ખ્યાત સર્વત્ર;
શૂદ્ર એક શ્રીગુરુ તણો થયો ભક્ત વર તત્ર. ૨

જાય શ્રીગુરુ સંગમે નિત્ય અનુષ્ઠાનાર્થ;
માર્ગે ખેડૂત શૂદ્ર એ કરે ખેતી પ્રશાન્ત. ૩

જોઈ ગુરુને આવતા, દોડી ભક્તિથી ત્યાંય,
કરી સાષ્ટાંગ દંડવત્, પુનઃ ક્ષેત્રમાં જાય. ૪

મધ્યાહ્ને પાછા જતાં શ્રીગુરુ મઠમાં તેમ,
નમે ફરી સદ્ભાવથી; ગયા કંઈક દિન એમ. ૫

ચૂપચાપ શ્રીગુરુ તથા જાય સર્વવિદ્ જાણ;
ના બોલે મુખથી કંઈ ! કરતાં એમ સુજાણ, ૬

ગયો કાળ લાંબો વહી; એકભક્તિથી એહ.
નમે શૂદ્ર આવી સદા શ્રીપદકંજે તેહ. ૭

વદે એકદા શૂદ્રને શ્રીગુરુ નમતાં તેમઃ-
કેમ કષ્ટ કરે અરે, નિત્ય આવીને એમ ? ૮

કહે સ્પષ્ટ સઘળું મને, હોય કામના જેહ !
વદે શૂદ્ર બદ્ધાંજલિઃ-થાય પાક બહુ એહ. ૯

શું વાવ્યું રે ખેતમાં ? પૂછે શ્રીગુરુ ત્યાંય;
બોલે શૂદ્રઃ- જુવાર આ વાવી શ્રીગુરુરાય. ૧૦

નિત્યનમનપુણ્યે કરી દિસે પાક ઉત્કૃષ્ટ;
થશે તૈયાર માસમાં ત્વત્પુણ્યે એ પ્રેષ્ઠ. ૧૧

સુધાદૃષ્ટિ તારી પ્રભો ફેંક આવીને તત્ર,
મા ઉપેક્ષા કર ગુરો, શૂદ્ર માનીને અત્ર. ૧૨

સમદૃષ્ટિ તારી બધે, ઊંચ નીચ સહુ એક !
સૂણી વચન, જઈ ક્ષેત્ર પર વદે શ્રીગુરુઃ- દેખ ! ૧૩

હોય વિશ્વાસ તો કહું વચન એક સુજાણ;
અંગીકાર કરીશ જો ખોલું તોજ જબાન. ૧૪

વદે શૂદ્રઃ-વદ સ્વામી હે ! તારક શ્રીગુરુવેણ;
અન્ય ભાવ ના મુજ હૃદે, પ્રમાણ તારું કે'ણ. ૧૫

જાણે સઘળું તું પ્રભો, સર્વસાક્ષી તું નાથ;
એમ કહી વંદન કરે ! બોલે ત્યાં જગતાતઃ- ૧૬

મધ્યાહ્ને સંગમ થકી આવું પાછો જ્યાંય;
કાપ ક્ષેત્ર આ તું બધું, ભલે અપક્વ આંહ્ય. ૧૭

એમ કહી સ્નાનાર્થ એ ગયા સંગમે જાણ;
ગુરૂક્તવત્ કરવા કરી શૂદ્ર સુનિશ્ચય માન, ૧૮

આવી સત્વર ગામમાં કહે શેઠને એમઃ-
[3]ગતાબ્દવત્ કરનો કરી નિશ્ચય દે ખત તેમ. ૧૯

કહે ક્ષેત્રપતિઃ-ધાન્ય આ દિસે અત્યંત જાણ;
માટે પહેલેથી ન એ કરું નક્કી હું માન. ૨૦

'આપીશ દ્વિગુણ ગતાબ્દથી' પ્રાર્થી વિનયે એમ,
કરી સુનિશ્ચય દાણનો, લે શૂદ્ર લખી તેમ. ૨૧

અભયપત્ર લઈ, માણસો બોલાવી સત્વર,
સંતોષે ત્યાં આરભે પાકકાપણી વર. ૨૨

વારે સ્ત્રીસુતબાંધવો કરતાં એને એમ;
મારી પથ્થર સર્વને કાઢે સુભક્ત તેમ. ૨૩

મારી સ્ત્રીને, પુત્રને માર્યા તે જ પ્રમાણ;
ગયા સર્વ ભયભીત એ રાજદ્વારે માન. ૨૪

કહે જઈ હાકેમનેઃ-વર્તે પિશાચવત્
તાત અમારો મૂઢધી; ના સૂણે જડવત્. ૨૫

થયો પાક બહુ ખેતમાં, તોએ અપક્વ જાણ
કાપી નાખે; વારતાં મારે પથ્થર માન. ૨૬

૧. ડુક્કરની. ૨. ગપ્પું. ૩. ગયા વરસની માફક.

સંન્યાસીનાં વાક્યથી કાપે ખેતર તેમ;
વૃથા મૂઢવત્; નાથ હે ! કાં બેઠો તું એમ ? ૨૭

માસ પછી પાકી થશે જુવાર સહુ તૈયાર;
ખાઈશું સઘળું વરસ, ગયો એહ આધાર. ૨૮

વદે ક્ષેત્રપતિઃ- છો કરે ફાવે એને તેમ;
દાણ દ્વિગુણ મારી ઠરી ગતાબ્દથી આ એમ. ૨૯

આપ્યું ખત એણે લખી; શી મારે પંચાત ?
વદે એહઃ- વારો પ્રભો તોયે કરી યથાર્થ ૩૦

વિચાર અમ ગરીબનો ! સૂણી ક્ષેત્રપતિ એમ,
દૂત મોકલે; શૂદ્ર ત્યાં વદેઃ- ફરો છો કેમ ? ૩૧

આપું ઘરમાં જે ભર્યું ધાન્ય સર્વ એ આંહ્ય !
ફરી દૂત પાછો વદે જમીનદારને ત્યાંયઃ- ૩૨

કહે શૂદ્ર, કાં ભય ધરો ? હોય ન ધીરજ તેમ,
બાંધું ઢોરો દ્વારમાં; પાળીશ બોલ્યો એમ ! ૩૩

આપ્યું ગણોત મેં કરી, આપીશ તદ્વત્ સર્વ;
મા ચિંતા ઉરમાં કરો; મારે પડખે શર્વ ! ૩૪

કહે ક્ષેત્રપતિઃ- જાણું હું ભર્યું ધાન્ય ગૃહ માંહ્ય;
શી ચિંતા મારે પછી ? કરે ગમે તે ત્યાંય ! ૩૫

કાપી ખેતર ત્યાં બધું મૂકી દાત્રા[૧] સુદૂર,
જોઈ રાહ ગુરુની ખડો માર્ગે ખેડૂત શૂર. ૩૬

આવ્યા જ્યાં ગુરુ ત્યાં બધું [૨]છિન્ન બતાવે એહ;
કહે શ્રીગુરુઃ-વ્યર્થ કાં કાપ્યું ખેતર તેંહ ? ૩૭

કીધી મેં મશ્કરી તથા; માન્યું કેમ યથાર્થ ?
વદે શૂદ્રઃ- ત્વદ્વાક્ય એ કામધેનુ [૩]પર્યાપ્ત. ૩૮

બોલે શ્રીગુરુઃ- ભાવના જેવી તારી જાણ,
થશે સિદ્ધિ તેવી નકી; મા ચિંતા કર આન. ૩૯

એમ કહી મઠમાં ગયા ગુરુવર સ્વતંત્ર એહ;
ભક્ત શૂદ્ર પણ સ્વગૃહે ગયો મોદથી તેહ. ૪૦

વદે ગ્રામજન આવી ત્યાંઃ-કર્યું મૂર્ખ શું આમ ?
ગયો ગ્રાસ કહી સ્ત્રીસુતો કરે વિલાપ તમામ ! ૪૧

વારી સર્વને શૂદ્ર એ કહેઃ-કરો કાં ચિંત ?
થશે સૌખ્ય ધીરજ ધરો; રહો સર્વ નિશ્ચિંત. ૪૨

કામધેનુ ગુરુવાક્ય છે; જાણે મૂઢ ન તેહ;
એક એક કણના પ્રભુ દેશે હજાર એહ. ૪૩

અનંત શ્રીગુરુ નિશ્ચયે, અનંત એનું દાન;
મન સુસ્થિર મારું, થશે સ્વપ્ને ના નુકસાન. ૪૪

ના યતિવર નર એ નકી, શિવ શંકર સાક્ષાત્;
જોઈ સુદૈવ માહરું, વદે પ્રથમથી વાત. ૪૫

જેના પર શ્રીગુરુકૃપા, ક્યાંથી દૈન્યભય ત્યાંય ?
નિધાન મુજને સાંપડ્યું જાણો એ ગુરુરાય. ૪૬

એમ સ્ત્રીસુતને તિહાં સ્વેષ્ટબંધુને એહ
બોધે પ્રહૃષ્ટ અંતરે શૂદ્ર દૂરદૃક્[૪] તેહ. ૪૭

રહ્યા ચૂપ સર્વે તદા, ગયા આઠ દિન એમ;
વાવાઝોડું ત્યાં થયું, થયો પાકક્ષય તેમ. ૪૮

મૂળનક્ષત્રે થયો અકાળ બહુ વરસાદ;
સર્વગામનાં ખેતરો કોહી ઊઠ્યાં રાત. ૪૯

થયો નાશ સહુ પાકનો સર્વ ગામમાં જાણ;
શૂદ્રક્ષેત્રો છિન્નમૂલે અંકુર [૫]નવ માન, ૫૦

ફૂટ્યા એકાદશ અહીં એકએકમાં તેમ;
થયો પાક જવારી તણો અતીવ સમૃદ્ધ એમ. ૫૧

જોઈ વિસ્મય જન કરે ચમત્કાર એ જાણ;
શૂદ્રસ્ત્રીના હર્ષનો રહ્યો પાર ના માન. ૫૨

પૂજી ખેતર સર્વતઃ જોઈ ચોગમ તેમ;
નિશ્ચલ દૃષ્ટિથી તિહાં, હર્ષઘેલી એ એમ. ૫૩

આવી શૂદ્રપદે નમે; બોલે મંજુલ વાક્ઃ-
પ્રાણનાથ ! દૌરાત્મ્યની યાચું ક્ષમા મુજ દ્રાક્. ૫૪

બોલી ફાવે તે તને અજ્ઞાને જે ત્યાંય,
નિંદ્યા શ્રીગુરુને તથા, કર ક્ષમા સહુ આંહ્ય. ૫૫

માગી માફી પતિ કને, ક્ષેત્રદેવતા તેમ;
પૂજી પતિ સહ દર્શને આવી ગુરુના એમ. ૫૬

પૂજે ગુરુને શૂદ્ર ત્યાં સ્ત્રી સહ ભાવે જાણ;
પૂછે, અદ્ભુત શું અરે ? શ્રીગુરુ એને માન. ૫૭

વદે બેઉઃ- જય જય ગુરો ! કામધેનુ તું ધન્ય;
કુલદૈવત અમ તું નકી, દેવરાજ અનન્ય. ૫૮

વચન સુધાસમ તાહરું, પગ ચિંતામણિ તેમ;
થઈ પૂર્ણ ઇચ્છા અમે આવ્યાં શરણે એમ. ૫૯

ભક્તવત્સલ ખ્યાત જે ત્વદ્બિરુદાવલિ આંહ્ય,
સ્વયં અનુભવી ! એમ કહી પડે બેઉ પગ માંહ્ય. ૬૦

કરી આરતી ગુરુ તણી, સ્તવે શૂદ્રી પ્રહૃષ્ટ;
અખંડ લક્ષ્મી ત્વદ્ગૃહે રહો, વદે ગુરુ તુષ્ટ. ૬૧

લઈ [૬]અનુજ્ઞા એમ એ ગયાં ઘેર સપ્રેમ;
પાક્યું ધાન્ય અતીવ ત્યાં જતાં માસ વહી એમ. ૬૨

૧. દાતરડું. ૨. કાપેલું. ૩. સંપૂર્ણ. ૪. દૂર દૃષ્ટિવાળો.. ૫. નવા. ૬. રજા.

પાક્યું શતગુણ ધાન્ય હા ગતાબ્દથી એ સાલ;
બોલાવી હાકેમને વદે શૂદ્ર તત્કાળઃ- ૬૩

ધાન્યવૃદ્ધિ અપાર આ, આપીશ અડધું તેમ;
દ્વિગુણ કબૂલ્યું પણ અહીં પાક્યું શતગુણ એમ. ૬૪

લે અડધું તું નિશ્ચયે મા કર ઉર અનુમાન !
વદે ક્ષેત્રપતિઃ-લોભથી ત્યજું ધર્મ ના માન. ૬૫

ગુરુકૃપા તુજ પર નકી, થયો લાભ આ એમ;
સુખે લઈ જા ગૃહ વિશે, રહે મોજથી તેમ. ૬૬

સૂણી વચન તદ્‌ભાગ ત્યાં આપી શૂદ્ર સુજાણ,
આપી બહુ વિપ્રાદિને, સ્વયં શેષ લે માન. ૬૭

ભર્યું સર્વ ગૃહ ધાન્યથી, પાક્યું અપાર એમ;
દૃઢ ભક્તિ જો ગુરુ વિષે, રહે દૈન્ય ત્યાં કેમ ? ૬૮

સકલાભીષ્ટદ ગુરુકથા, સુલભ [1]તરણિ જગ માંહ્ય;
સૂણતાં લક્ષ્મી અખંડ ને પીડે દૈન્ય ન ક્યાંય ! ૬૯

સૂણી વચન સચ્છિષ્ય એ વદે નિરંજન કેમ,
આગળ અનુસંધાન એ; વદે **રંગ** સપ્રેમ !! ૭૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
શૂદ્રધાન્યવિવર્ધનં નામ દ્વયધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૦૨ ॥ દોહરા ૭૦

અધ્યાય ૧૦૩

વદે નિરંજન શિષ્ય ત્યાં ગ્રહી અલખપદ જાણ,
જોડી કરદ્વય વિનયથી ભક્તિયુક્ત સુજાણઃ- ૧

ત્રિમૂર્તિના અવતાર એ નરરૂપે ગુરુ તેમ,
રહ્યા ગાણગાપુર મહીં કિંકારણ પ્રભુ એમ ? ૨

અસંખ્ય તીર્થો ભૂતલે, અતીવ જે પ્રખ્યાત;
ત્યજી સર્વ એ આ સ્થળે રહ્યા કેમ ગુરુનાથ ? ૩

સ્થાનમાહાત્મ્ય એ બધું કહો સવિસ્તર દેવ;
એમ કહી પ્રણમી ફરી ગ્રહે ચરણ તતખેવ. ૪

સૂણી વચન એનાં તદા, બોલે અલખ દયાળ;
સૂણો સવિસ્તર સંત એ, શ્રવણે નાસે કાળ ! ૫

આશ્વિનકૃષ્ણચતુર્દશી દીપોત્સવમાં ત્યાંય,
વદે એકદા શિષ્યને પ્રેમે શ્રીગુરુરાયઃ- ૬

કરો સ્નાન ત્રિસ્થલી તણું, કાશી ગયા પ્રયાગ;
જાઓ કુટુંબ સહ તિહાં, યાત્રાર્થે સહુ દ્રાગ્. ૭

કહે શિષ્યઃ-તૈયારીઓ પાથેયાદિક તેમ
કરી શિઘ્ર જઈએ પ્રભો; આજ્ઞા પ્રમાણ એમ. ૮

સૂણી વદે શ્રીગુરુ હસીઃ- ગ્રામસંનિધે આંહ્ય
છે ત્રિસ્થલી, પાથેયનું વ્યર્થ પ્રયોજન ત્યાંય. ૯

ચાલો હું પણ આવું છું; કહી એમ સહુ સાથ
આવી સંગમસ્થાનમાં કરે સ્નાન જગતાત. ૧૦

માહાત્મ્ય આ સંગમતણું અમિત, વદે ગુરુરાય
પ્રયાગ સમ, એથી અધિક ષટ્‌કુલતીર્થે ત્યાંય. ૧૧

ભીમાઽમરજાયોગ[2] આ વિશેષ નિશ્ચય એમ
ગંગાયમુના યોગથી; [3]તીર્થરાજ એ તેમ. ૧૨

પાર પુણ્યનો ના અહીં વહે અમરજા યત્ર;
ઉત્તરવાહિની જ્યાં નકી કાશ્યધિક એ તત્ર. ૧૩

આઠ તીર્થ અહીંયા કહ્યાં, એકએકથી શ્રેષ્ઠ;
મહિમા કોણ કથે બધો, પાવનતમ જે પ્રેષ્ઠ ? ૧૪

સૂણી વચન એ ગુરુ તણાં, વદે ભક્ત નત તેમઃ-
નદ્યુત્પત્તિ શેં થઈ ? કહે અમરજા કેમ ? ૧૫

બોલે શ્રીગુરુઃ-ઠીક આ પૂછયું નિઃસંદેહ;
કથા પુરાણે વર્ણવી કહું સવિસ્તર તેહ. ૧૬

જાલંધર રજનીચરે[4] જીતી [5]વસુધા આંહ્ય,
કરી પરાજય દેવનો હર્યું સ્વર્ગ પણ ત્યાંય. ૧૭

થયું યુદ્ધ દારુણ તિહાં, દેવ હણાયા એમ;
કહે ઇંદ્ર શિવને જઈ, વૃત્ત સકળ એ તેમ. ૧૮

વદે ઇંદ્ર-શિવ સામ્બ હે ! પડ્યા દેવ રણ માંહ્ય;
આવ્યા શરણે તાહરા, કર ઉપાય તું આંહ્ય. ૧૯

વીંધાતાં અસુરો પડે ભૂપર [6]યાવત્ દેવ
રક્તબિંદુઓ, દૈત્ય [7]તાવત્ જન્મે તતખેવ. ૨૦

વ્યાપ્યું ત્રિભુવન તેમણે, કરે કારમો કેર;
થયું પરાજિત દેવકુલ, કર ભોળા કંઈ મ્હેર ! ૨૧

સૂણી વચન દેવેન્દ્રનાં, ક્રોધે ત્રિનેત્ર ત્યાંય.
રૌદ્રરૂપ ધારણ કરી રાક્ષસ હણવા જાય. ૨૨

વદે ઇંદ્રઃ-ભોળા પ્રભુ વધીશ દૈત્યને જેમ,
ઊઠાડવા સુરને તથા કર ઉપાય કંઈ એમ. ૨૩

સૂણી, તુષ્ટ શિવ ઇંદ્રને આપે તત્ક્ષણ ત્યાંય.
સુરસંજીવન કારણે સુધાકુંભ સિતકાય. ૨૪

૧. નાવ ૨. ભીમા અને અમરજાનો સંગમ. ૩. પ્રયાગ. ૪. રાક્ષસે. ૫. પૃથ્વી. ૬. જેટલા. ૭. તેટલા.

લઈ ઇંદ્ર સિંચે તદા દેવો પર એ એમ;
[1]સુમોત્થિતવત્ સુર સહુ ઊઠ્યા મૃત પણ તેમ. ૨૫

શિષ્ટ સુધા લઈ શક્ર જ્યાં જતો હતો નભ માંહ્ય,
પડ્યું કુંભમાંથી અહીં અમૃત કિંચિત્ ત્યાંય. ૨૬

ચાલ્યો પ્રવાહ તેહનો, નદી અમરજા એહ;
સંજીવની ભૂ પર નકી, ત્રિવિધપાપહર તેહ. ૨૭

માટે નદીમાં અત્ર જે કરે ભક્તિથી સ્નાન,
કાળમૃત્યુ ના તેહને ! ક્યાં અપમૃત્યુ આન ? ૨૮

થાય શતાયુ નર તથા દુઃખરોગવર્જિત;
બ્રહ્મહત્યાદિક અઘો નાસે સહુ નિશ્ચિત. ૨૯

નદી અમરજા આ જિહાં મળે ભીમરથી સાથ,
ત્રિવેણીસંગમ એ નકી પ્રયાગવત્ સાક્ષાત્. ૩૦

માઘરાધ[2] કાર્તિક મહીં કરે સ્નાન જે અત્ર,
ઇહ લોકે સુખ ભોગવી, પામે મુક્તિ તત્ર. ૩૧

નિત્યસ્નાનાસંભવે ગ્રહણસક્રાંતિ માંહ્ય,
પર્વૈકાદશીમાં કરે સ્નાન પુણ્યપ્રદ આંહ્ય. ૩૨

પાર ન એ પણ પુણ્યનો; નિત્યસ્નાન અગણ્ય;
સકલદોષહર એ નકી, શતાયુષ્યપ્રદ ધન્ય. ૩૩

સંગમમહિમા એહવો, તીર્થશ્રેષ્ઠ એ તેમ;
અગ્રે અશ્વત્થસંનિધે તીર્થ મનોરથ એમ. ૩૪

સ્નાનમાત્રથી કામના થાય સફળ સહુ ત્યાંય;
કલ્પવૃક્ષ અશ્વત્થ જ્યાં, શું શું સિદ્ધ ન થાય ? ૩૫

કલ્પદ્રુમ અશ્વત્થ એ, ના શંકા ત્યાં લેશ;
જે જે ઇચ્છા ઉર વિષે, થાય પ્રાપ્ત નિઃશેષ. ૩૬

એવું મનોરથતીર્થ એ અશ્વત્થાગ્રે ત્યાંય;
સકલકામપ્રદ નિશ્ચયે સર્વલોકમાં આંહ્ય. ૩૭

વસું અત્ર હું સર્વદા; ભજે ભક્તિથી જેહ,
થાશે દર્શન તેહને, કલિમાં પણ આ દેહ. ૩૮

અર્ચી પ્રથમ અશ્વત્થને, જાય શિવાલય માંહ્ય;
સંગમેશ આગળ જપે મંત્ર સમાહિત ત્યાંય. ૩૯

મલ્લિકાર્જુન શૈલ પર, સંગમેશ ત્યમ અત્ર;
પ્રદક્ષિણા ભાવે કરે સકલાર્થપ્રદ તત્ર. ૪૦

પ્રથમ નંદિકેશે નમી, ચણ્ડીસ્થાને તેમ
પ્રણમી પ્રદક્ષિણા કરી, સોમસૂત્ર સહ એમ ૪૧

નમી નંદીને ચંડીસ્થાને આવી ફરી ત્યાંય,
જઈ સોમસૂત્રે ફરી કરે પરિક્રમા આંહ્ય. ૪૨

ત્રણ વાર શિવસામ્બની; વૃષભસ્થાને એમ
આવી શિવદર્શન કરે, પાપમુક્ત નર તેમ. ૪૩

વામહસ્તથી વૃષભના ઝાલી વૃષણો ત્યાંય,
સ્થાપી શૃંગે અંગુઠો તર્જન્યંગુલિ[3] આંહ્ય; ૪૪

શિવદર્શન તન્મધ્યથી કરે પ્રેમથી જેહ,
ધનધાન્યાદિક ઇંદ્રવત્ પામે નિશ્ચય તેહ. ૪૫

અખંડ લક્ષ્મી તદ્ગૃહે રહે સુનિશ્ચલ તેમ;
સંગમેશઅર્ચન થકી વંશવૃદ્ધિ પણ એમ. ૪૬

મહાતીર્થ આગળ તથા વારાણસી સમ જેહ;
નાગેશ્યાખ્ય[4] સુગ્રામથી અર્ધકોસ પર એહ. ૪૭

વૃત્ત સત્ય એનું કહું; દંતકથા ના, ભક્ત !
ભારદ્વાજગોત્રી હતો વિપ્ર એક વિરક્ત. ૪૮

સર્વસંગવર્જિત સદા, ઈશભક્ત પણ તેમ;
અનુષ્ઠાનરત સામ્બનું ધરે ધ્યાન સપ્રેમ. ૪૯

થઈ તુષ્ટ શિવ એહને થાય પ્રત્યક્ષ ત્યાંય;
આનંદે એ દેહનું ભૂલી ભાન દ્વિજ આંહ્ય, ૫૦

ફરે મત્તવત્ સર્વદા ! જોઈ વિચિત્ર એમ,
પિશાચ માની એહને નિંદે જન સહુ તેમ. ૫૧

ભાઈ બે એના હતા; ઈશ્વર નામે એક,
પાંડુરંગ બીજો તિહાં; અજ્ઞ કર્મઠો છેક. ૫૨

કાશીયાત્રાએ જવા થયા પ્રવૃત્ત એહ,
પાથેયાદિક બાંધીને બંધુદ્વય સસ્નેહ. ૫૩

જ્યેષ્ઠ બંધુ બ્રહ્મજ્ઞ જે, તેને મૂરખ એમ
માની ગાંડો, ઠેકડી કરતા પૂછે તેમઃ- ૫૪

કાશીયાત્રાર્થે અરે આવીશ જડસા બોલ !
બોલે પેલોઃ- આ રહી કાશી, જાવું ફોલ. ૫૫

વિશ્વનાથ મમ નિકટ છે જુઓ બતાવું આંહ્ય;
માની આશ્ચર્ય એ વદેઃ-બતાવ જો, છે ક્યાંય ! ૫૬

વિશ્વેશ્વર જો અત્ર તો કોણ કાશીએ જાય ?
બતાવીશ તો યત્ન કાં કરીએ નિરર્થ ત્યાંય ? ૫૭

સૂણી વિપ્ર એ ન્હાઈને કરે ઈશનું ધ્યાન;
થયા સામ્બ પ્રત્યક્ષ ત્યાં, કહે માગ વરદાન. ૫૮

વદે વિપ્રઃ-કાશી તણી છે ઇચ્છા ઉર માંહ્ય;
નિત દર્શન વિશ્વેશનું જેથી અયત્ન થાય. ૫૯

એમ કહી ચરણે નમે ! રીઝ્યા ભોળાનાથ;
દેખાડે કાશી તિહાં વિશ્વનાથ સાક્ષાત્ !! ૬૦

૧. ઊંઘીને ઊઠેલાની માફક. ૨. વૈશાખ. ૩. ટચલી આંગળી. ૪. નાગેશી નામે.

કુંડ મહીં મણિકર્ણિકા; તન્મધ્યેથી તેમ;
વિશ્વનાથમૂર્તિ તદા થઈ પ્રગટ ત્યાં એમ. ૬૧

[1]ઉદગ્વાહિની જ્યાં તથા ભીમા, કાશી ત્યાંય;
ગંગાજલ સમ કુંડથી વહે વારિ ક્ષણ માંહ્ય. ૬૨

કાશીપુરમાં ચિહ્ન જે, થયાં પ્રગટ સહુ એમ;
ભીમાડમરજાસંગમે કાશીક્ષેત્ર ત્યાં એમ. ૬૩

જોઈ હર્ષોત્ફુલ્લ એ કરે બંધુદ્વય સ્નાન;
માની જ્ઞાની પિશાચને આપે સહુ સન્માન. ૬૪

વદે એહઃ- વિશ્વેશ્વરે આપી કાશી આંહ્ય;
સ્નાનાદિક કરવું અહીં; જાવું અન્ય ન ક્યાંય. ૬૫

થયો ભ્રાન્ત હું, બંધુ હે ! ગોસ્વામી મુજ નામ;
કરો ઈશ્વરારાધના તમે ભક્તિથી આમ. ૬૬

પ્રતિવર્ષે આવી અહીં, કાશીયાત્રા એમ;
કરવી વિધિવત્, બંધુ હે ! કહે વિપ્ર એ તેમ. ૬૭

સૂણી વચન એ ગુરુ તણાં, કરે સ્નાનાદિ સર્વ;
ભક્તો સહ આગળ તથા ચાલ્યા શ્રીગુરુ શર્વ. ૬૮

કહે શ્રીગુરુઃ-કાશી આ પુણ્યરાશિ મહાન;
વારાણસી પ્રત્યક્ષ એ, કરો ન શંકા આન. ૬૯

આગળ પાપવિનાશ ત્યાં તીર્થ બતાડે તેમ;
યત્સ્નાને પાપાદ્રિ પણ બળે ક્ષણ મહીં એમ. ૭૦

રત્ના પૂર્વાશ્રમસ્વસા[2] શ્રીગુરુની ત્યાં જાણ;
પતિત્યક્ત આવી તિહાં યથોક્ત પૂર્વે માન. ૭૧

બોલે શ્રીગુરુઃ- આવી તું દર્શનાર્થ અહીં એમ;
પૂર્વપાપનું ચિત્તમાં થાય સ્મરણ કદિ કેમ ? ૭૨

સૂણી વચન રત્ના વદે કરી દંડવત્ જાણ :-
અબળા મૂઢ અજાણ હું ! ક્યાંથી એવું જ્ઞાન ? ૭૩

જ્ઞાનદીવડો તું નકી, જગદાત્મા વિભુ એમ;
જાણે સર્વ, કૃપા કરી કહે સવિસ્તર તેમ. ૭૪

બોલે શ્રીગુરુઃ- પાપ તું પૂછે છે યદિ આંહ્ય,
કર્યો ઘાત [3]માર્જારનો પંચ ! સ્મરે છે ક્યાંય ? ૭૫

વીયાઈ માર્જારી ત્યાં વાસણમાં તું જાણ;
બચ્ચાં સહ ના જાણી તેં મૂક્યું આધણ માન. ૭૬

શેકાઈ પાંચે મર્યાં, લાગી હત્યા તેમ;
બીજું [4]પુરા કહ્યું તને ! છે યાદ કંઈ કેમ ? ૭૭

બોલે શ્રીગુરુ એમ જ્યાં, વ્યાપ્યો કુષ્ઠે દેહ;
દેખી બીધી અંતરે; પડે ગુરુપદે તેહ. ૭૮

વદે વિનત વંદન કરી :- કર કરુણા ગુરુનાથ;
આવી શરણે તાહરા, કાઢ ન મારી લાત. ૭૯

કરી પાપરાશિ જનો જાય કાશીમાં જેમ,
આવી હું ત્વદ્દર્શને પાપમુક્ત્યર્થ એમ. ૮૦

મહાપાપ જે તેં કર્યાં, પૂછે શ્રીગુરુરાય;
ભોગવીશ આ જન્મમાં કે બીજામાં ત્યાંય. ૮૧

બોલે રત્નાઃ-જન્મ બહુ કાઢ્યા કષ્ટે એમ;
આવી કંટાળી અહીં જાણ મુક્ત્યર્થ તેમ. ૮૨

થાકી લખચોરાશીથી આવી શરણે નાથ;
પાપ સર્વ અહીં ભોગવી, થવા વિપાપ[5] સુજાત. ૮૩

સૂણી વચન એનાં તદા, બોલે શ્રીગુરુ એમ :-
પાપનાશતીર્થે અહીં કર સ્નાન નિત તેમ. ૮૪

સપ્તજન્માર્જિત બધા થાશે દોષ વિનષ્ટ;
શો હિસાબ આ કુષ્ઠનો ? રે'શે અલ્પ ન કષ્ટ. ૮૫

એવું પાવન તીર્થ એ પાપવિનાશક જાણ;
સપ્ત જન્મનાં પાપ પણ નાસે ક્ષણમાં માન. ૮૬

તીર્થમાહાત્મ્ય જાણીને રત્ના પ્રહૃષ્ટ એમ,
તીર્થસંનિધે ઝૂંપડી બાંધી રહી ત્યાં તેમ. ૮૭

સ્નાનમાત્રથી કુષ્ઠનો થયો નાશ તત્કાળ;
એવું અનુપમ તીર્થ એ જાણ નિરંજન બાળ. ૮૮

કોટિતીર્થ આગળ ગુરુ, એમ બતાવે જાણ;
સર્વદોષહૃત્ જે નકી સ્નાનમાત્રથી માન. ૮૯

જે જે તીર્થો છે અહીં જંબુદ્વીપમાં એમ,
વસે સકળ એ જાણ તું કોટિતીર્થમાં તેમ. ૯૦

ગ્રહણપર્વસંક્રાન્તિમાં પડવે તે જ પ્રમાણ,
કરતાં સ્નાન યથાવિધિ પુણ્યપાર ના માન. ૯૧

સવત્સ સાલંકૃત કરે કોટિધેનુનું દાન,
પુણ્ય તત્તુલ્ય એકથી લભે અત્ર નર જાણ. ૯૨

એક એક દાને અહીં કોટિદાનફળ એમ;
તીર્થમાહાત્મ્ય એહવું, મા શંકા કર તેમ. ૯૩

એથી આગળ ત્યાં કહ્યું રુદ્રપાદ શુભ તીર્થ;
ગયાતીર્થસમ એ નકી, શ્રીગુરુ વદે સુકીર્તઃ ૯૪

ગયાતીર્થમાં જે કહ્યું કરવું તે તે અત્ર;
કોટિજન્માર્જિત ટળે પાપ પલકમાં તત્ર. ૯૫

ચક્રતીર્થ અગ્રે તથા કેશવસંનિધ તેમ;
પુણ્યરાશિસ્થાન એ જાણ નિશ્ચયે એમ. ૯૬

૧. ઉત્તરે વહેતી. ૨. બહેન. ૩. બિલાડી. ૪. પહેલાં ૬૮ મા અધ્યાયમાં. ૫. પાપમુકત.

સ્નાનમાત્રથી હીન પણ થાય સજ્ઞાન આંહ્ય;
અસ્થિ ચક્રાંક્તિ બને; પુણ્ય ચોગણું ત્યાંય ૯૭

દ્વારિકાંથી નિશ્ચયે ! સૂણી ગુરૂક્તિ એહ,
કરે સ્નાન સહુ મોદથી; આપે દાનો તેહ. ૯૮

મહાબળેશ્વર જેમ છે ગોકર્ણે અતિ રમ્ય;
ગ્રામપૂર્વભાગે તથા કલ્લેશ્વર અતિ કમ્ય. ૯૯

પાસે મન્મથતીર્થ ત્યાં; કરી સ્નાન જે ત્યાંય
યથાવિધિ કલ્લેશને અર્ચે સશ્રદ્ધ આંહ્ય, ૧૦૦

પામે અષ્ટૈશ્વર્ય એ; ના એમાં સંદેહ;
અક્ષયફલપ્રદ એ નકી કલ્લેશ્વર સિતદેહ. ૧૦૧

અખંડ અભિષેકે તથા શ્રાવણમાસે એમ,
દીપોત્સવથી કાર્તિકે, લભે સકલાર્થ તેમ. ૧૦૨

પામે અંતે મોક્ષ પણ ! વદે એમ ગુરુરાય
તુષ્ટ થઈ પ્રેમે તિહાં; હૃષ્ટ શિષ્ય સમુદાય ૧૦૩

બોલેઃ-ન્હોતું જ્ઞાત આ અત્ર કોઈને એમ;
કરી કૃપા તેં સ્વામી હે, કરી પ્રગટ સહુ તેમ. ૧૦૪

હોતાં સમીપ તીર્થ કો કરે દૂર જઈ કષ્ટ ?
કહી એમ, સહુ આચરે સ્નાનદાન પ્રહૃષ્ટ. ૧૦૫

અષ્ટ તીર્થનું એમ ત્યાં કહી માહાત્મ્ય જાણ,
આવ્યા શ્રીગુરુ મઠ મહીં; વર્ત્યો આનંદ માન. ૧૦૬

બ્રાહ્મણભોજન પ્રેમથી કરે ભક્તજન તેમ;
વર્ત્યો જયજયકાર ત્યાં, સ્થાનમાહાત્મ્ય એમ ! ૧૦૭

રહ્યા ગાણગાપુર મહીં તેથી શ્રીગુરુ એહ;
કીધી લીલા **રંગ** જે કોણ વર્ણવે તેહ ? ૧૦૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે ગાણગાપુરમાહાત્મ્યવર્ણનં નામ ત્ર્યધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૦૩ ॥ દોહરા ૧૦૮ (સપ્તાહ પારાયણ પાંચમો દિવસ)

અધ્યાય ૧૦૪

અલખ કહેઃ-સૂણ શિષ્ય હે, આગળ કથા પવિત્ર;
થયો રજક સેવક પુરા, કર સ્મરણ એ ચિત્ર. ૧

આપ્યું શ્રીગુરુએ તિહાં એને જે વરદાન,
આપીશ રાજ્ય તને કહ્યું, અગ્રજન્મમાં માન. ૨

થયો મરણ પછી એ તથા મ્લેચ્છજાતીય તેમ
ભૂપ સમૃદ્ધ બેદરપુરે, પુત્રપૌત્રયુત એમ. ૩

રહે સંતુષ્ટ સર્વદા ગજાશ્વધનસંયુક્ત;
પાર ન પદાતિસૈન્યનો, એમ સુખી સમૃદ્ધ. ૪

જાતિહીન પોતે છતાં, પ્રાક્સંસ્કારે જાણ
દાનધર્મરત સર્વદા પુણ્યેચ્છુ એ માન. ૫

વિશેષ ભક્તિ વિપ્ર પર પૂર્વસ્વભાવે તેમ;
દેવાલયતીર્થાદિમાં કરે ઉપાધિ ન એમ. ૬

વદે મુરશિદો[1] એહનેઃ-મ્લેચ્છ આપણે જાણ;
દેવદ્વિજને નિંદવા, ધર્મ એહ તુજ માન. ૭

તું તો વિરુદ્ધ આચરે ! ભજે વિપ્રને કેમ ?
મહાપાપ એ નિશ્ચયે ભજતાં કાફર તેમ. ૮

જેનો જેવો ધર્મ તેણે કરવું તદ્વત્;
માર્ગ એજ કલ્યાણનો ! કાં વર્તે જડવત્ ? ૯

મૂઢ દ્વિજ અજ્ઞાની એ કાષ્ઠપથ્થરો દેખ
પૂજે માની દેવતા, ગમારબુદ્ધિ છેક ! ૧૦

માને ગોને દેવતા, અગ્ન્યર્કાદિક તેમ;
નદીતોયવૃક્ષાદિમાં ક્યાંથી દૈવત એમ ? ૧૧

એમ નિરાકારેશને કલ્પે સાકાર એહ;
ભજે મ્લેચ્છ જે એમને, જાય નરકમાં તેહ. ૧૨

સૂણી વચન એ એમનાં, વદે ભૂપ સાદર;
પ્રાક્સંસ્કારે જેહની ધર્મે બુદ્ધિ અચલઃ- ૧૩

તૃણકાષ્ઠાદિક સર્વમાં અણુમેરુ પર્યંત,
રહ્યો ઈશ વ્યાપી બધે એક ગૂઢ અત્યંત. ૧૪

સ્થાવરજંગમભેદથી સર્જી સ્વયં સુજાણ,
થયો સ્વાત્મરૂપે બધે અનુપ્રવિષ્ટ મહાન. ૧૫

નાના કુતર્કથી દિસે ભેદ અભેદે એમ;
વ્યર્થ મતાગ્રહ નિશ્ચયે ! સઘળે અભેદ એમ; ૧૬

રહ્યો એક સર્વત્ર એ વ્યાપી સ્વયંપ્રકાશ;
અજ અવિચળ અક્ષય નકી [2]હેત્વાત્મા એ ખાસ. ૧૭

ધર્મમર્યાદાદિ સહ જગત સર્વ આ એમ
પંચભૂતામક બધું ઉપજ્યું એથી તેમ. ૧૮

કુંભાદિક મૃદ્ધેતુતા[3] ત્યજે ન વિકૃત આંહ્ય;
તેમ જગદ્વિકાર એ ત્યજે સત્ત્વ ના ત્યાંય. ૧૯

નાના રંગો ગાયના, ક્ષીર એક ત્યાં જેમ;
અનેકરૂપે ચિત્ત તથા એક અભિન્ન જ એમ. ૨૦

૧. ગુરુઓ; ગોર. ૨. કારણરૂપ આત્મા. ૩. માટીનું કારણપણું.

આભૂષણથી હેમની હાનિ અલ્પ ના થાય,
[1]ભૂમાત્માની વિશ્વથી તેમ હાનિ ના આંહ્ય. ૨૧

ઘટાદિથી આકાશમાં થાય ભેદ ના જેમ,
આત્મામાં દેહાદિથી થાય વિકાર ન એમ. ૨૨

ઘટોદકે [2]વિધુ ના ચળે, ભલે ડો'ળાય નીર;
તેમ બુદ્ધ્યાદિક થકી આત્મા અખંડ ધીર. ૨૩

દીવે દીવો પ્રગટતાં, ના એકત્વે બાધ;
અખંડૈકરસ બ્રહ્મ ત્યમ સચ્ચિત્સુખ નિર્બાધ. ૨૪

સૂત્રે મણિવત્, વિશ્વ આ નામરૂપાત્મક ત્યાંય
ઓતપ્રોત તદ્વશ તથા; શંકાલેશ ન આંહ્ય. ૨૫

નાના જાતિમાં અહીં ઈશ્વર તેમજ એક,
વ્યાપક સઘળે વ્યોમવત્ અસંગ અભિન્ન છેક. ૨૬

રહ્યો ભેદ ક્યાંથી પછી ? લડો વ્યર્થ કાં એમ ?
થાય ન આત્મજ્ઞાન એ ચિત્તશુદ્ધિ વિણ તેમ. ૨૭

માટે ઈશ્વરભાવના કરી શિલાદિક માંહ્ય,
ધ્યાનાદિકથી ચિત્તને કરે જનો સ્થિર આંહ્ય. ૨૮

વિશ્વાત્મા સઘળે રહ્યો, તોય એમ ધ્યાનાર્થ
પ્રતિમાર્ચા કરી અલ્પધી લે સાધી પરમાર્થ. ૨૯

આત્મપૂજન જ્ઞાનીને; બને ન સહુથી એહ !
મન સુસ્થિર ના જેહનું, પ્રતિમાદિકમાં તેહ ૩૦

કરી ભાવના દેવની, સાધે સ્થૈર્ય સુજાણ;
નારાયણ સઘળે રહ્યો, કાં ન પૂજ્ય પાષાણ ? ૩૧

જેની જ્યાં નિષ્ઠા યથા; પામે ત્યાં ફળ તેમ;
માટે નિંદ્ય ન સર્વથા સ્વમતનિષ્ઠ દ્વિજ એમ. ૩૨

જેનો રસ્તો તે લહે, એને હિતકર એહ;
માટે સ્વધર્મનિષ્ઠ ના દ્વેષ્ય બ્રાહ્મણો તેહ. ૩૩

એમ સવિસ્તર એ વદે નિજ મુરશિદને જાણ;
માને દેવદ્વિજ બહુ, કરે પુણ્ય ને દાન. ૩૪

કરે રાજ્ય ધર્મે સદા વૈડૂર્યપુરે એમ;
દૈવે સ્ફોટક[3] ઉદ્ભવ્યો રાજશરીરે તેમ. ૩૫

કરે ચિકિત્સા વૈદ્યજન, મંત્રતંત્ર બહુ ત્યાંય;
શમે ન સ્ફોટક તોય એ, અતિ દુઃખિત નૃપ થાય. ૩૬

ગાણગાપુરમાં શ્રીગુરુ એમ વિચારે ત્યાંયઃ-
મ્લેચ્છરાજ અહીં આવશે, થશે ઉપાધિ આંહ્ય. ૩૭

પીડા થાશે વિપ્રને, યવન આવતાં એમ;
થયો પ્રગટ મહિમા બધે, રે'વું અત્ર ન તેમ. ૩૮

થઈ ખ્યાતિ મુજ ચોદિશે; મ્લેચ્છ ભ્રષ્ટ અજ્ઞાન
નકી આવશે, થાઉં હું માટે અંતર્ધાન. ૩૯

બહુધાન્યસંવત્સરે સિંહરાશિમાં આંહ્ય
આવ્યો ગુરુ, યાત્રામિષે ફરું ગોદાતટ ત્યાંય ! ૪૦

એમ વિચારી, શિષ્યને કહેઃ- આવશે ઝટ
મ્લેચ્છરાજ લેવા મને, જાઉં ગૌતમીતટ !! ૪૧

સૂણી શિષ્ય ચિંતે તિહાંઃ-મ્લેચ્છ આવતાં એમ,
ધર્મહાનિ અમ શું અહીં ના થાશે [4]બત તેમ ? ૪૨

ફિકર એહને સર્વ છે; કરવો કેમ વિચાર ?
વસે દત્ત સાક્ષાત્ અહીં નૃસિંહસરસ્વતી તાર ! ૪૩

કરશે રક્ષા એ નકી; કરવી ચિંતા કેમ ?
એમ વિચારી અંતરે, રહ્યા ચૂપ સહુ તેમ. ૪૪

પ્રાક્સંસ્કારે શુદ્ધમતિ યવનરાજ પણ જાણ,
દૈવે સ્ફોટકકષ્ટથી થયો સુદુઃખિત માન. ૪૫

નાના ઔષધલેપથી થઈ વ્યથા ના શાન્ત;
વદે ભૂપઃ- સ્ફોટક અતિ પીડે આ દુર્દાન્ત. ૪૬

થાક્યા હકીમ વૈદ્યજન, પડે અલ્પ ના ફેર;
શું કરવું ? પૂછું જઈ દ્વિજને; કરશે મ્હેર ! ૪૭

બોલાવી દ્વિજને તદા, પૂછે સ્વાસ્થ્યોપાય;
વદે એહઃ- સૂણ ભૂપતે ! પૂર્વજન્મકૃત આંહ્ય ૪૮

પાપ વ્યાધિરૂપે ખડું, પીડે તુજને તેહ;
તીર્થસુરાર્ચનદાનથી થશે શાન્ત ગદ એહ. ૪૯

અથવા સત્પુરુષાર્ચને દર્શનામૃતે તેમ
થશે આરોગ્ય, ભૂપતે ! મા શંકા કર એમ. ૫૦

કૃપાદૃષ્ટિ સત્પુરુષની થાતાં દૈવે આંહ્ય,
સાઠ જન્મનું અઘ ટળે; સ્ફોટક કોણ જ ત્યાંય ? ૫૧

સૂણી વચન નૃપ ઓચરે કરી નમનઃ-દ્વિજદાસ
માનો હું; ગણી મ્લેચ્છ ના કરો ઉપેક્ષા ખાસ. ૫૨

પૂર્વજન્મમાં ગુરુ તણી કીધી સેવા તેમ,
પામ્યો આવું રાજ્ય પણ પાપે મ્લેચ્છજ[5] એમ ! ૫૩

કહો પુરાતન વૃત્ત ત્યાં, આવે ઉર વિશ્વાસ;
ગયો રોગ કોનો તથા સદ્દર્શનથી ખાસ ? ૫૪

સૂણી વચન, દ્વિજ એ વદે કરી સુવિચાર ત્યાંયઃ-
અત્ર બોલવું ના ઘટે, ચાલ એકાંત માંહ્ય. ૫૫

મ્લેચ્છ નિંદશે સહુ તને; અમે બ્રાહ્મણો જાણ;
ના કહીએ એકાંત વિણ, કરે દ્વેષ એ માન. ૫૬

---

૧. સર્વવ્યાપી આત્મા. ૨. ચંદ્ર. ૩. ફોલ્લો, ફોડો. ૪. અફસોસ. ૫. મ્લેચ્છકુળે જન્મેલો.

સૂણી વિનત નૃપ એ વદેઃ શું જાતિથી એમ ?
વિપ્રદાસ હું, ઉદ્ધરો કૃપા કરીને તેમ. ૫૭

જાણી અનુતપ્ત એહને, વદે વિપ્રજન ત્યાંય
લઈ જઈ એકાંતમાંઃ-સૂણ તીર્થ છે આંહ્ય. ૫૮

પાપવિનાશક નામથી; રહઃસ્થાન[૧] એ જાણ;
ફાવે તેમ જઈ તિહાં રહે ગુપ્ત તું માન. ૫૯

સ્નાનમાત્રથી ત્યાં થશે કાર્ય તાહરૂં એમ;
માન સુનિશ્ચિત, ભૂપ હે ! રહે ગુપ્ત જઈ તેમ. ૬૦

વિપ્રવચન એ સાંભળી થયો ભૂપ સંતુષ્ટ;
પાપવિનાશક તીર્થમાં ગયો એકલો હૃષ્ટ. ૬૧

કરી દૂર સહુને તથા, ગયો એકલો જાણ;
સ્નાન કરી ઊભો જિહાં, જુએ એક યતિ માન. ૬૨

જોઈ એને નૃપ તદા નમે ભાવથી તેમ;
દેખાડી સ્ફોટક કહે, થશે શાન્ત આ કેમ ? ૬૩

સૂણી વચન યતિ એ વદેઃ-સાંભળ ભૂપ સુજાણ !
સાધુદર્શને એ થશે શાન્ત, નિશ્ચયે માન. ૬૪

પૂર્વે અવંતિકાપુરે હતો એક દ્વિજ ત્યાંય;
જન્મમાત્રથી વિપ્ર એ, ધર્મભ્રષ્ટ હતકાય. ૬૫

મદોન્મત્ત તારુણ્યથી પરનારીરત એહ;
સ્નાનસંધ્યાદિક ત્યજી વર્તે યથેચ્છ તેહ. ૬૬

દુરાચારરત સર્વદા વિપ્રાચારવિહીન;
[૨]પિંગલાખ્યવેશ્યાગૃહે રહે ભોગમાં લીન. ૬૭

ખાય અન્ન વેશ્યા તણું, ડરે ન દિલમાં તેમ;
અહોરાત્ર તત્સંગથી કાળ નિર્ગમે એમ. ૬૮

હતો વિપ્ર વેશ્યાગૃહે; દૈવયોગથી ત્યાંય;
ઋષભ યોગિવર એકદા આવ્યા ત્યાં મુનિરાય. ૬૯

જોઈ યોગીશ્વર તિહાં નમે બેઉ જણ તેમ;
કરી પ્રાર્થના ભક્તિથી લાવે ગૃહમાં એમ. ૭૦

બેસાડી ઉચ્ચાસને પૂજે બંને જાણ,
ષોડશોપચારે કરી ભક્તિયુક્ત ત્યાં માન. ૭૧

નાના પરિમલ ગંધથી નાના પુષ્પે તેમ,
પૂજે આનંદે તિહાં વેશ્યા દ્વિજ બે એમ. ૭૨

લે ચરણામૃત મોદથી અખિલપાપહર જાણ;
નાના પક્વાન્ને જમાડે મુનિવરને માન. ૭૩

હાથમોઢું ધોવાડીને આપી તાંબૂલ તેમ,
નરમ બિછાનું કરી સૂવાડે પર્યંકે એમ. ૭૪

પગચંપી બેઉ કરે સૂઈ જતાં એ જાણ;
નાંખે પંખો ભાવથી દેવબુધ્ધિથી માન. ૭૫

થતાં ગાઢ નિદ્રિત મુનિ ખડાં બેઉ જણ તેમ
ત્રણ પહોર બદ્ધાંજલિ, આનંદે ત્યાં એમ. ૭૬

થતાં ઉદય રવિનો તિહાં ઋષભ યોગિવર એહ,
ગયા યથાગત પૂછીને સ્વૈર[૩] મોજથી તેહ. ૭૭

રહ્યો વિપ્ર વેશ્યાગૃહે અલ્પકાળ એ જાણ;
ગતયૌવન સત્સંગથી થયો શુદ્ધમતિ માન. ૭૮

જતાં વખત દૈવે તદા પામ્યો મૃત્યુ એહ;
વેશ્યા પિંગલા પણ તથા પામી પંચત્વ તેહ. ૭૯

પૂર્વકર્માનુબંધથી જન્મ્યાં નૃપકુળ માંહ્ય !
દશાર્ણદેશાધિપ સુધી વ્રજબાહુ જે ત્યાંય ૮૦

જયેષ્ઠ મહિષી જે તેહની સુમતિ નામે જાણ,
તદ્‌ગર્ભે દ્વિજ એ ગયો સત્સેવાથી માન. ૮૧

જ્યેષ્ઠપત્નીને ગર્ભિણી જોઈ ભૂપતિ તેમ,
પુસંવનાદિક ઠાઠથી કરે સંસ્કાર એમ. ૮૨

જોઈ રાણી ગર્ભિણી, શોક્ય એહની જાણ;
થઈ ક્રુદ્ધ માત્સર્યથી તન્નાશોદ્યત[૪] માન. ૮૩

સર્પગરલ[૫] ગર્ભિણીને આપે યત્ને એહ;
ફૂટી નિકળ્યું અંગ પર રાજમહિષીના તેહ. ૮૪

અત્યુત્કટ વિષ એ નકી, વ્યાપ્યું સર્વ શરીર;
પામી કષ્ટ અતીવ પણ મરી ન દૈવે ધીર. ૮૫

પ્રસવે આખર પુત્ર ત્યાં, પામી દુઃખ અપાર;
સર્વાંગે વ્રણ જેહના, દુઃખિત અતીવ બાળ. ૮૬

વહે રક્ત પરુ વ્રણ થકી, રડે એહ દિનરાત;
ઘડી માત્ર ઊંઘે નહીં, ના ધાવે દુઃખાર્ત. ૮૭

વિષવ્યાપ્ત સુતને તથા કાન્તા યુવતી તેમ;
દુઃખે ચીસો પાડતાં જોઈ ભૂપતિ એમ. ૮૮

ચિંતાકાંત રહે સદા; કરે ચિકિત્સા જાણ,
દેશાંતરથી વૈદ્યને બોલાવીને માન. ૮૯

ખરચે વિત્ત અપાર ત્યાં આરોગ્યાર્થે તેમ;
થાય ન સારૂં અલ્પ પણ, દૈવ વક્ર જ્યાં એમ. ૯૦

સર્વાંગે વ્રણ બેઉના; પડ્યા જીવ ત્યાં હન્ત !
નિદ્રાહાર ત્યજી તથા પામે દુઃખ અનંત !! ૯૧

રાજા રાણીપુત્રની જોઈ એ સ્થિતિ ત્યાંય,
ના ઊંઘે ક્ષણમાત્ર પણ; સ્વયં સુદુઃખિત થાય. ૯૨

૧. એકાંત સ્થાન. ૨. પિંગલા નામે. ૩. યથેચ્છ. ૪. એના નામ માટે તૈયાર. ૫. સાપનું ઝેર.

થયો ક્ષીણ બાળક અતિ, રાજ્ઞી દુઃખે તેમ;
ખાનપાનવર્જિત સદા પાડે ચીસો એમ. ૯૩

ગંધાઈ ઊઠી તનુ, ચઢે ચીતરી જાણ;
જોઈ એકદા ભૂપ ત્યાં દુઃખદ એ સ્થિતિ માન. ૯૪

કહેઃ-કેમ કરવું હવે ? કર્યા ઔષધો આંહ્ય;
અલ્પ ફેર પણ ના પડે, દિન દિન વધતું જાય ! ૯૫

દશા સુકષ્ટદ એમની, જીવચ્છવ આ તેમ;
ના આશા આરોગ્યની ! કરૂં હવે હું કેમ ? ૯૬

ચઢે ચીતરી જોઈને, ના મન જોવા ચ્હાય;
થશે ન સારાં એ કદિ, હન્ત જુગુપ્સિત[1] આંહ્ય; ૯૭

કંટાળ્યું મન માહરું, ગમે ન જોવું એમ;
મહાદોષયુત બેઉ એ ત્યાજ્ય યત્નથી તેમ. ૯૮

જીવતે મુએ પાપીઓ દુઃખ ભોગવે આંહ્ય;
વિના ભોગવ્યે પાપનો થાય ક્ષય ન ક્યાંય. ૯૯

માટે પાપી બેઉ એ ત્યજવાં નિઃસંદેહ !
એમ વિચારી [2]સૂતને વદે તેડી નૃપ તેહઃ- ૧૦૦

લઈ જઈ સ્ત્રીપુત્રને મહારણ્યમાં જાણ
આવ ત્યજી નિઃશંક તું, સૂત ! મદાજ્ઞા માન. ૧૦૧

વનમાં જ્યાં સંચાર ના મનુષ્યનો ત્યાં એમ,
ત્યજી પુત્રસ્ત્રીને, અહીં આવ શીઘ્ર તું તેમ. ૧૦૨

'આજ્ઞા માન્ય' કહી તિહાં; બેસાડી રથ માંહ્ય
રાજ્ઞીસુતને સારથિ નગરબ્હાર લઈ જાય. ૧૦૩

દાસદાસીઓ રાણીનાં સગાંસંબંધી તેમ
થયાં સુદુઃખિત જોઈ એ; રડે વિરહથી એમ. ૧૦૪

નગરજનો પણ દુઃખથી વદે સુપીડિત ત્યાંયઃ-
ક્યાંથી રાજા ક્રૂર આ હણે સ્ત્રીપુત્ર હાય ! ૧૦૫

ગયો સારથિ રથ મહીં લઈ બેઉને તેમ;
આવ્યો મૂકી અરણ્યમાં જ્યાં નરનામ ન એમ. ૧૦૬

વદે આવી નૃપાળનેઃ- ત્વદનુજ્ઞાથી ત્યાંય
આવ્યો બેઉને ત્યજી, ભૂપ ! વિજન વન માંહ્ય. ૧૦૭

સૂણી વચન નૃપ અન્ય સ્ત્રીને બોલે સંતુષ્ટઃ-
ત્યજી શોક્ય તારી વને ! સૂણી થઈ એ હૃષ્ટ. ૧૦૮

આ ગમ રાણી પુત્ર સહ કષ્ટે દુઃખિત એહ,
અન્નોદક વિણ વન મહીં રહી નૃવર્જિત તેહ. ૧૦૯

રાજપત્ની સુકુમાર[3] એ દુઃખિત કુમાર સાથ
કાંટાપથ્થરમાં અહા, અથડાએ અજ્ઞાત ! ૧૧૦

લઈ કેડ પર પુત્રને, મંદ મંદ સતી જાય;
સંભારી નિજ કર્મને, કહેઃ- કરૂં શું હાય ! ૧૧૧

એક વનેથી અન્યમાં જાય એકલી એમ;
વ્યાઘ્ર સિંહ સર્પાદિને દેખે અબલા તેમ. ૧૧૨

કહેઃ-એકલી શું કરું નિર્જન વનમાં આંહ્ય ?
શું જીવીને ? વ્યાઘ્ર જો ભક્ષે તો સુખ થાય ! ૧૧૩

એમ કહી મૂર્છિત પડે; ક્ષણે ઊઠીને તેમ;
જાય આગળ અરણ્યમાં દુઃખે રડતી એમ. ૧૧૪

તૃષાર્ત પણ જળ ના મળે; પીડે વ્રણ અતિ હાય;
વ્યાઘ્ર સર્પ પદે પદે જોઈ ભયભીત થાય ! ૧૧૫

સિંહ વરૂ વેતાલ ને બ્રહ્મરાક્ષસો તેમ;
જોઈ મુક્તકેશી રડે, થાય ગાભરી એમ. ૧૧૬

એમ મહારણ્યે સતી ફરતાં, ગાયો ત્યાંય;
દેખી આગળ, શાન્ત થઈ મંદ મંદ ત્યાં જાય. ૧૧૭

ગોરક્ષક ભરવાડને વદે દુઃખથી તેમ;
જાય જીવ આ તરસથી, મળશે જળ ક્યાં એમ ? ૧૧૮

વદે ગોપજનઃ- ગામ આ પાસે જો દેખાય;
અન્ન ઉદક મળશે તને; છે બહુ ઘરો ત્યાંય. ૧૧૯

એમ કહી રસ્તો તદા દેખાડે એ જાણ;
મંદ મંદ સુત સહ સતી આવી ગામમાં માન. ૧૨૦

નરનારી એ નગરમાં દેખી મનોહર એહ;
સમાધાન પામી હૃદે વદે સ્ત્રીઓને તેહઃ- ૧૨૧

રાજા કોણ અહીં ? પ્રજા દેખાએ અતિ હૃષ્ટ !
કહે એહઃ- નૃપ વૈશ્ય છે મહાધનિક સંતુષ્ટ. ૧૨૨

પદ્માકર નામે નકી, દયાબ્ધિ કેવળ જાણ;
કરશે રક્ષણ તાહરૂં પુત્ર સાથ આ માન. ૧૨૩

વદતાં એમ સ્ત્રીઓ તિહાં, રાજમ્હેલથી તેમ;
આવી દાસીઓ તહીં દૈવયોગથી એમ. ૧૨૪

પૂછી સહુ વૃત્તાંત ત્યાં રાજસ્ત્રીનો એહ,
લઈ જઈ સ્વામી કને કથે સવિસ્તર તેહ. ૧૨૫

જોઈ એને ભૂપ પણ દ્રવ્યો અંતરે જાણ;
અંદર લઈ જઈ પત્નીને સોંપે પ્રેમે માન. ૧૨૬

પૂછી વૃત્ત એનું સ્વયં વૈશ્યરાજ એ તેમ,
પરમ કૃપાળુ કૃપા થકી રાજમંદિરે એમ. ૧૨૭

પાળે એને માતૃવત્; અન્નવસ્ત્રાદિ ત્યાંય,
આપી સ્નેહે, રોગના કરે અનેક ઉપાય. ૧૨૮

૧. ઘૃણા ઉપજે એવાં; નિંદ્ય ૨. સારથિને. ૩. કોમળ; નાજુક.

રહી વૈશ્યનગરે તથા નૃપપ્રિયા એ જાણ
વ્રણત્રસ્ત, ના ઔષધે થયા શાન્ત વ્રણ માન. ૧૨૯

પામે પ્રાણાંતક વ્યથા, પડે ચેન ના તેમ;
રક્ષે વૈશ્ય કૃપા થકી; ગયો કાળ કંઈ એમ. ૧૩૦

એક દિવસ નૃપબાળ ત્યાં વ્રણે સુપીડિત એહ,
પામ્યો પંચત્વ દૈવથી; રડે નૃપસ્ત્રી તેહ. ૧૩૧

પડી સુમૂર્છિત ભૂ વિષે, દુઃખિત અતિશય તેમ;
સાવધ થઈ સંભારીને રડે પૂર્વસુખ એમ. ૧૩૨

વણિક્ સ્ત્રીઓ આવી તિહાં આપે સાંત્વન જાણ;
બોધે સ્નેહે, પણ ન હા શમે શોક એ માન ! ૧૩૩

જેમ જેમ બોધે સ્ત્રીઓ, રડે નૃપસ્ત્રી તેમ;
સ્મરી પૂર્વસુખ ત્યાં કહે, ગયો બાળ ક્યાં એમ ? ૧૩૪

રાજવંશપૂર્ણેન્દુ તું કરુણાકર નૃપબાળ;
સૌખ્યકંદ ! ત્યજી ક્યાં મને ગયો એમ તત્કાળ ? ૧૩૫

માતૃપિતૃપતિબંધુઓ ત્યજી, રાખી તુજ આશ;
આવી આ પરદેશમાં રક્ષીશ માની ખાસ. ૧૩૬

અનાથ મુજને એકલી ત્યજી જતાં તું એમ,
કોણ રક્ષશે અહીં ? ત્યજું પ્રાણ નૃપાત્મજ તેમ ! ૧૩૭

એમ નૃપસ્ત્રી એ તિહાં રડે શોકથી જાણ;
જોઈ દુઃખિત એહને; કરે દુઃખ જન માન. ૧૩૮

સકલ દુઃખથી પુત્રનો શોક મહાનલ[૧] એમ;
કરે ભસ્મ જીવતાં નકી માતપિતાને તેમ. ૧૩૯

છાતીફાટ રડે સતી ! જાણી સર્વજ્ઞ એહ,
સ્વેચ્છાએ આવ્યા તિહાં પૂર્વોપકૃત તેહ ૧૪૦

ઋષભ યોગિવર તત્ક્ષણે; જોઈ આવતા એમ,
જઈ વૈશ્ય સ્હામો કરે વંદનપૂજન તેમ. ૧૪૧

પૂછે મુનિવરઃ-કોણ આ કરે શોક અહીં એમ ?
રડે કેમ ઉચ્ચસ્વરે ? કહે સર્વ વિટ્[૨] તેમ, ૧૪૨

વૈશ્યનાથ સઘળું વદે વૃત્ત આદિથી ત્યાંય;
કરુણાસાગર યોગિવર સૂણી સંનિધ જાય. ૧૪૩

પૂછેઃ-રાણી મૂઢવત્ કરે શોક આ કેમ ?
કો જાયો ! મૃત કો ? કુતઃ[૩]આવ્યો, ગયો ક્વ[૪]તેમ ? ૧૪૪

આત્મા અદૃશ્ય ના તથા; દૃશ્ય દેહ ભૌતિક,
ગંગોદકમાં ફેનવત્ વ્યક્તાવ્યક્ત અલીક.[૫] ૧૪૫

પંચભૂતવિકાર આ સ્થૂલદેહ તું જાણ;
યાવત્ પ્રારબ્ધ રે' અહીં લિંગદેહ સહ માન. ૧૪૬

ભળે પાંચમાં પાંચ ત્યાં, કર્મ ખૂટતાં તેમ;
પડે દેહ જડ, આત્મ ના; વ્યર્થશોક આ એમ. ૧૪૭

ગુણે ગુણોત્પત્તિ તથા નિજકર્મો અનુસાર;
ભમે કાળવેગે તદા લિંગ વાસનાસાર. ૧૪૮

સત્ત્વરજસ્તમ ત્રિગુણ એ પ્રકૃતિસંભવ તેમ,
કર્મસંગથી જીવને, બાંધે દેહે એમ. ૧૪૯

સત્ત્વે દેવપણું મળે, રજથી નરતનુ આંહ્ય;
તમોગુણે તિર્યકત્વ,[૬] મુક્તિ [૭]ગુણાત્યયે થાય. ૧૫૦

અંતે પ્રવૃદ્ધ જે અહીં તદ્ગુણસમ ગતિ જાણ,
દૈવ મનુષ્ય રાક્ષસી પામે નશ્વર માન. ૧૫૧

સંસારે નિજકર્મસમ સુખદુઃખો પણ તેમ
સ્વાર્જિત ભોગવવાં રહ્યાં; છૂટે કોઈ ન એમ. ૧૫૨

કલ્પાયુષ પણ નિશ્ચયે મરે અંતમાં આંહ્ય;
અલ્પાયુષ મર્ત્યો તમે ! ક્યાં સ્થિરતા તમ ત્યાંય ? ૧૫૩

માટે જ્ઞાની જન્મથી કરે હર્ષ ના જાણ;
થતાં મરણ દુઃખે કદિ રડે ન તે જ પ્રમાણ. ૧૫૪

જન્મ્યો જ્યારે ગર્ભમાં, આવ્યો મૃત્યુ સાથ;
બાલ્યે તારુણ્યે નકી વાર્ધક્યે વા ઘાત. ૧૫૫

જેનું પ્રારબ્ધ જેટલું, જીવે તેટલું તેહ;
પુત્રાદિકમોહે વૃથા થાય બદ્ધ નર એહ. ૧૫૬

વિધિલેખોલ્લંઘન વિષે શક્ત ન દેવો જાણ,
પામર કોણ મનુષ્ય ત્યાં ? કર્મ અલંઘ્ય, સુજાણ ! ૧૫૭

કેમ શોક માતા કરે, ઝાલી મડદું એમ ?
ઈચ્છે જો નિજ શ્રેય તો જા હરિશરણે તેમ. ૧૫૮

કોઈ કોઈનું ના સગું, મિથ્યા દેહાધ્યાસ;
હોય નિયત સંબંધ જો, કહે તું મને ખાસઃ- ૧૫૯

પૂર્વજન્મમાં કોની તું માતા સ્ત્રી વા તેમ ?
કોણ સગાં તારાં તિહાં ? બોલ સવિસ્તર એમ. ૧૬૦

વિચાર એવો ઉર કરી, મા કર નિષ્ફળ શોક;
જો ઈચ્છે નિજ શ્રેય તો જા હરિશરણે, ચોંક ! ૧૬૧

સૂણી વચન યોગીશનાં વદે નમન કરી એહઃ-
ભ્રષ્ટરાજ્ય પ્રભુ હું અહીં પામી દુઃસ્થિતિ તેહ. ૧૬૨

પિતૃબંધ્વાદિવિયુક્ત હું પડી અરણ્યે હાય,
જીવી પુત્રાશા થકી; રહી આવીને આંહ્ય ! ૧૬૩

થઈ આ સ્થિતિ માહરી ! શું જીવીને એમ ?
યાચું મરણ પ્રભો ! કહી ગ્રહે તત્પદો તેમ. ૧૬૪

૧. મોટો અગ્નિ. ૨. હે વૈશ્ય. ૩. ક્યાંથી. ૪. ક્યાં. ૫. અસત્ય. ૬. હીન પશ્વાદિ યોનિ. ૭. ગુણાતીત થતાં.

એમ નિર્વિણ એહને જોઈ યોગિવર ત્યાંય.
સ્મરી પૂર્વઉપકાર એ થયા તુષ્ટ ક્ષણ માંહ્ય. ૧૬૫

નાંખે ભસ્મ શિરે મુખે શવના મંત્રિત તેમ;
આવ્યા સહસા પ્રાણ ત્યાં ઊઠ્યો મૃત પણ એમ ! ૧૬૬

ઊઠી બેઠો બાળ એ દિવ્યદેહ ક્ષણ માંહ્ય;
થયા નષ્ટ વ્રણ તત્ક્ષણે માતૃપુત્રના ત્યાંય. ૧૬૭

નમે રાણી સુત સહ તિહાં ઋષભયોગીને તેમ;
આપે ભસ્મ કૃપાનિધિ યોગિરાજ એ એમ. ૧૬૮

સ્વર્ણકાન્તિ તનુ બેઉની થઈ પલકમાં જાણ;
શોભે દેવ સમાં તદા માતૃપુત્ર બે માન. ૧૬૯

થઈ પ્રસન્ન યોગીશ ત્યાં, આપે વર વરદાન;
રે'શે દૃઢ તનુ આ સદા, નાવે [1]જરા પ્રમાણ. ૧૭૦

પુત્ર ભદ્રાયુ આ નકી કીર્તિમાન વિખ્યાત;
કરશે સુરાજ્ય ચિર અહીં [2]ગુણૈશ્વર્યજિતતાત. ૧૭૧

એમ તુષ્ટ વર આપીને ગયા યોગિવર એહ;
પડતાં દૃષ્ટિ સંતની થયાં નીરોગ તેહ ! ૧૭૨

સાધુસેવને, ભૂપ આ શમશે સ્ફોટક એમ;
મા ચિંતા કર, ભક્તિથી પકડ સાધુપદ તેમ. ૧૭૩

યતિવચન એ સાંભળી, વદે નમી નૃપ ત્યાંયઃ-
કહો કૃપા કરી, હે મુને ! હશે સત્પુરુષ ક્યાંય ? ૧૭૪

જઈશ દર્શનાર્થે નકી તદ્દર્શનથી તેમ
થશે આરોગ્ય નિશ્ચયે, લાગે મુજને એમ. ૧૭૫

સૂણી વચન મુનિ ત્યાં વદેઃ-ગાણગાપુર માંહ્ય,
ભીમાતીરે પ્રભુ વસે, પરમ પુરુષ એ આંહ્ય. ૧૭૬

દર્શનમાત્રે એહના થશે આરોગ્ય જાણ !
સૂણી વચન ભૂપ નીસર્યો વિના વિલંબે માન ૧૭૭

જવા ગાણગાપુર મહીં ગુરુદર્શનાર્થ એમ,
લઈ સૈન્ય ચતુરંગ ત્યાં ખડી સ્વારીએ તેમ. ૧૭૮

પૂછે આવી ગામમાંઃ-વસે તાપસી આંહ્ય
સંન્યાસી વેષે તથા; કહો, હશે એ ક્યાંય ? ૧૭૯

સૂણી પરસ્પર જન વદે ભીતભીત એ તત્રઃ-
પૂછે શ્રીગુરુવૃત્ત એ ! થશે હવે શું અત્ર ? ૧૮૦

વદે ક્રુદ્ધ યવનેશ ત્યાંઃ-આવ્યો દર્શનમાટ;
કહો કુત્ર પ્રભુ મને; કરો ન આડી વાત. ૧૮૧

વદે લોકઃ-સંગમ વિષે ગયા અનુષ્ઠાનાર્થ;
મધ્યાહ્ને મઠમાં અહીં નકી આવશે તાત. ૧૮૨

સૂણી ભૂપ એ અન્યને કરી દૂર ત્યાં તેમ,
ચાલ્યો શિબિકામાં ગુરુદર્શન માટે એમ. ૧૮૩

જોઈ દૂરથી આવતા ગુરુને, ચાલી ત્યાંય
જઈ પગે, વંદન કરી ખડો દૂર નતકાય. ૧૮૪

જોઈ એને ગુરુ વદેઃ-કેમ રજક રે ભૃત્ય ?
વસે કહાં ? આવ્યો નકી બહુ કાળે આ રીત્ય ! ૧૮૫

સૂણી વચન એ ગુરુ તણાં, થયો જ્ઞાની યવન
સ્મરી પૂર્વભવ તત્ક્ષણે કરે સાષ્ટાંગ નમન. ૧૮૬

થયા ખડા રોમાંચ ત્યાં; થઈ ગળગળો એહ
આનંદાશ્રુપ્લુત અહા, લેટે પગ પર તેહ ! ૧૮૭

સ્મરી પૂર્વભવ પ્રેમવશ રડે અતીવ સુજાણ;
જોડી કર આનંદથી, કરે સ્તવન નત જાણ. ૧૮૮

કહેઃ-ગુરો! કાં માહરી કરી ઉપેક્ષા એમ ?
ત્વત્પદસેવાવિમુખ હું ભમું વિદેશે તેમ ! ૧૮૯

ગૃહાંધકૂપે હું પડ્યો, ઘોર તમિસ્રા[3] માંહ્ય;
પ્રમાદમદ્યે મત્ત હું, ભૂલ્યો ત્વત્પદ હાય ! ૧૯૦

અગાધ આ ભવસાગરે ડૂબ્યો કુબુદ્ધિ એમ;
માયાજાલાવૃત અહા ! દુર્લભ ત્વત્સ્મૃતિ તેમ. ૧૯૧

નિધાન પાસે તું છતાં ના જાણું મતિમંદ;
ચરણસ્મરણ અજ્ઞાનહૃત્ થાય ન તારૂં હન્ત ! ૧૯૨

ન ઉપેક્ષે નિજ ભક્તને, માનું નિશ્ચય એમ;
નાંખે અજ્ઞાનસિંધુમાં મને તોય તું કેમ ? ૧૯૩

આવ્યો તદર્થ આ અહીં; તાર તાર ગુરુનાથ !
થાઉં ત્વત્પદદાસ હું; હવે જન્મ બસ, તાત ! ૧૯૪

એમ સ્તવન કરી આદરે, નમે યવનપતિ ત્યાંય;
બોલે શ્રીગુરુઃ-કામના થશે સિદ્ધ તુજ આંહ્ય. ૧૯૫

કહે ભૂપઃ-સ્ફોટક ગુરો થયો જાંઘ પર હન્ત !
કૃપાદૃષ્ટિથી જો પ્રભો ! પીડે એ અત્યંત. ૧૯૬

ભૂપ વચન એ સાંભળી, વદે હસી ગુરુ ત્યાંયઃ-
ના સ્ફોટક અંકે દિસે; બતાવ એ છે ક્યાંય ! ૧૯૭

સૂણી ચકિત નૃપ ત્યાં જુએ, દિસે ન સ્ફોટક તેમ;
થઈ સુવિસ્મિત અંતરે, નમે ગુરુપદે એમ. ૧૯૮

વદે ભૂપઃ-ગુરુનાથ હે ! તવ પ્રસાદે જાણ
રાજૈશ્વર્ય આનંદથી ખૂબ ભોગવ્યું માન. ૧૯૯

પુત્રપૌત્ર જોયા દગે, થયું તુષ્ટ મન તેમ;
ઇચ્છા એક રહી પ્રભો, જો મદૈશ્વર્ય એમ. ૨૦૦

૧. ઘડપણ. ૨. ગુણ અને ઐશ્વર્યમાં બાપથી અધિક. ૩. રાત્રિ.

ભક્તવત્સલ નાથ હે, કર ઇચ્છા પરિપૂર્ણ;
ત્યજી સંસાર ત્વત્પદે થાઉં લીન સુતૂર્ણ. ૨૦૧

બોલે ગુરુઃ-સંન્યાસી હું; મ્લેચ્છપુરે તુજ ત્યાંય
આવું કેમ, જિહાં મહાપાપ અહર્નિશ થાય ? ૨૦૨

યવન તમે મારો બહુ જીવ પ્રતિદિન તેમ;
ગોહત્યા પણ આચરો ! નાવું પુરમાં એમ ! ૨૦૩

મા કર હત્યા તું તથા પ્રાણાંતે પણ જાણ !
અંગીકાર કરી બધું, વદે ભૂપ નત માનઃ- ૨૦૪

રહી દૂર જો, નાથ હે ! દાસ પુરાતન તેમ
રજક પૂર્વનો હું નકી; ત્વદ્વાક્યે નૃપ એમ. ૨૦૫

થઈ સૌખ્ય આ ભોગવું, જાતિ માત્ર નિંદિત;
ત્વત્પદદર્શનથી થયું તુષ્ટ માહરું ચિત્ત. ૨૦૬

પુત્રાદિક વૈભવ તને એમ બતાડી તાત,
થઈશ દાસ ત્વત્પદ તણો; કર કરુણા ગુરુનાથ ! ૨૦૭

વિનયનમ્ર પ્રાર્થે તિહાં ફરીફરીથી એમ,
નમન કરી સદ્‌ભાવથી દયાર્હ કેવળ જેમ. ૨૦૮

સ્વગત વિચારે શ્રીગુરુઃ-થઈ ખ્યાતિ બહુ આંહ્ય;
નીચ લોક પણ દર્શને આવે એમ સદાય. ૨૦૯

રે'વું ના કલિમાં અહીં; થાઉં સુગુપ્ત તેમ,
સિંહસ્થે ગોદાતટે જઈ યાત્રાર્થ એમ. ૨૧૦

એમ વિચારી ભૂપને કહી 'ઠીક' ગુરુરાય,
ચાલ્યા સંગમથી મઠે મ્લેચ્છરાજ સહ ત્યાંય. ૨૧૧

લઈ પાદુકા હાથમાં ચાલે ભૂપ સુજાણ;
બેસાડી શિબિકા મહીં શ્રીગુરુને ત્યાં માન. ૨૧૨

બોલે શ્રીગુરુ એહનેઃ- બેસ અશ્વ પર એમ;
નિંદા કરશે જન સહુ જોઈ ચાલતો તેમ. ૨૧૩

જન્મ્યો મ્લેચ્છકુળે ભલે, રાષ્ટ્રાધિપ તું આંહ્ય;
હસશે દ્વિજદાસ્યે જનો; નાતિદોષ પણ ત્યાંય. ૨૧૪

વદે એહઃ- નૃપ કો વિભો ? દાસ રજક હું તેમ;
થયો શુદ્ધ ત્વદ્‌દર્શને, સ્પર્શે અય[1] જ્યમ હેમ. ૨૧૫

રાજા તુંજ બધાંયનો, હું ધોબી ત્વદ્‌દાસ;
આપ્યું દર્શન આ ફરી, થઈ પૂર્ણ સહુ આશ ! ૨૧૬

એમ કહી બહુ વેગવાન અશ્વ બતાવે ત્યાંય;
મદોન્મત્ત હાથી તથા ચિત્રાવિચિત્ર સુકાય. ૨૧૭

સૈન્ય બધું ચતુરંગ ત્યાં દેખાડે સપ્રેમ;
નમન કરી, ઐશ્વર્ય સહ જાણ બતાવે એમ. ૨૧૮

બોલે શ્રીગુરુ એહનેઃ- જાવું સુદૂર જાણ;
માટે મદનુજ્ઞા થકી ચઢ ઘોડા પર માન. ૨૧૯

સૂણી વેણ એ ગુરુ તણાં, આપી વાહન તેમ
સકલ શિષ્યને, અશ્વ પર ચઢ્યો સ્વયં નૃપ એમ. ૨૨૦

ગુરુદર્શનથી એહને થયો આનંદ મહાન;
માય ન ગગને પણ અહા ! ધન્ય ભૂપ એ માન. ૨૨૧

બોલાવી એને વદે શ્રીગુરુ પ્રેમે ત્યાંયઃ-
ભક્ત માહરો તું નકી, અધમ જન્મ પણ આંહ્ય. ૨૨૨

સંન્યાસી હું તાપસી, કરું સ્વકર્મ ત્રિકાલ;
ત્વત્સંગે એ ના બને; કહું સૂપાય, બાળ. ૨૨૩

જાઉં હું આગળ, તમે આવો પાછળ તેમ;
ધીમે ધીમે સ્વજન સહ, કર સ્વીકાર એમ. ૨૨૪

પાપનાશતીર્થે થશે દર્શન મારું જાણ;
એમ કહી તત્ક્ષણ થયા શ્રીગુરુ અંતર્ધાન. ૨૨૫

યોગબળે સહુ શિષ્ય સહ મનોવેગથી તેમ,
થઈ અદૃશ્ય, બેદર કને થયા પ્રગટ ગુરુ એમ. ૨૨૬

પાપનાશતીર્થે તિહાં રહ્યા અનુષ્ઠાનાર્થ;
દોડ્યા લોકો દર્શને પુત્ર સ્ત્રી સંગાત. ૨૨૭

સાયંદેવસુપુત્ર એ નાગનાથ પણ તેમ,
આવી પરમાનંદથી પૂજે ગુરુને એમ. ૨૨૮

પ્રાર્થી શ્રીને શિષ્ય સહ લઈ જઈ નિજ ગેહ;
પૂજી યથોપચારથી અર્પે ભોજન તેહ. ૨૨૯

સાયંકાલે એહને વદે જગદ્‌ગુરુ જાણઃ-
પાપનાશતીર્થે કહ્યું આવ મ્લેચ્છને માન. ૨૩૦

માટે જાઉં હું હવે, થાય ઉપાધિ ન જેમ;
રહું અહીં તો ત્વદ્‌ગૃહે મ્લેચ્છ આવશે એમ. ૨૩૧

પાપનાશતીર્થે ગયા શિષ્યો સહ કહી એમ;
ભદ્રાસન પર બેસીને ધ્યાય સ્વાત્મને તેમ. ૨૩૨

આ ગમ ગુરુને સૈન્યમાં ના જોઈ નૃપ તેહ,
આમતેમ શોધી વદે ચિંતાન્વિત ત્યાં એહઃ- ૨૩૩

હન્ત ઉપેક્ષ્યો કાં મને શ્રીગુરુનાથે એમ ?
થયો અપરાધ શો અહા, ગયા શ્રીગુરુ તેમ ! ૨૩૪

પાપનાશતીર્થે થશે દર્શન, એવું ત્યાંય
થતાં સ્મરણ વળતી વદેઃ- ગયા ત્યાંજ ગુરુરાય. ૨૩૫

મહિમા એનો કો લહે ? પામે કો તત્પાર ?
દૈવ શ્રેષ્ઠ મુજ, જે થકી જોયા તત્પદ સાર ! ૨૩૬

૧. લોઢું.

સ્ફોટવ્યથાશાંત્યર્થ હું આવ્યો દર્શન માટ;
મહાપુણ્યથી ગુરુ મળ્યા કૃપાંબુધિ સાક્ષાત્ ! ૨૩૭

ગયા નકી આગળ તથા, જાઉં વેગે એમ !
એમ કહી દિવ્યાંશ્વ પર ચઢ્યો યવનપતિ તેમ. ૨૩૮

માપ્યા ચુંવાળીસ ત્યાં કોસ એક દિન માંહ્ય,
પાપનાશતીર્થે તદા દીઠા શ્રીગુરુરાય. ૨૩૯

થયો હૃષ્ટ અતિ અંતરે, વંદે ગુરુપદ તેમ;
પ્રાર્થે ભક્તિથી પ્રભો ! કર પાવન પુર એમ. ૨૪૦

વદે તથાસ્તુ ગુરુ, ભૂપ ત્યાં શણગારે પુર જાણ
ધજા પતાકા મોતીનાં તોરણથી એ માન. ૨૪૧

બેસાડી શિબિકા મહીં ભાવે ગુરુને તેમ,
ચાલે પગપાળો સ્વયં આનંદે ભૂપ એમ. ૨૪૨

રત્નદીપથી આરતી કરી પ્રેમથી ત્યાંય,
મહોત્સવે ગુરુનાથને લઈ જાય પુર માંહ્ય. ૨૪૩

જોઈ કર્મ એ ભૂપનું, વદે મલેચ્છ વિસ્મિતઃ-
અર્ચે દ્વિજને હન્ત આ કેવો મોદાન્વિત ! ૨૪૪

અનાચારી નૃપ આ નકી ત્યાગી સ્વધર્મ એમ,
જોવું ના મુખ જેહનું અર્ચે તેને તેમ !! ૨૪૫

ધર્મભ્રષ્ટ એ નિશ્ચયે આવ્યો એનો નાશ;
માટે ચાળા અવનવા સૂઝે આવા ખાસ !! ૨૪૬

થઈ હૃષ્ટ દ્વિજકુલ વદેઃ- પુણ્યવાન નૃપ એહ;
થયો વિપ્રસેવક તથા, સૌખ્ય પામશે તેહ. ૨૪૭

સુશીલ ધાર્મિક એ નકી, બ્રહ્મદ્વેષી ન એમ,
જ્ઞાનવાન નિઃશંક એ પુણ્યશ્લોક નૃપ તેમ. ૨૪૮

આવી પૌરજન ભક્તિથી વંદે ગુરુપદ ત્યાંય;
જોઈ નૃપને ચાલતો વિસ્મિત સઘળાં થાય. ૨૪૯

વદે કોઈઃ- નર આ નહિ; નકી દેવ સાક્ષાત્,
ભજે યવનનૃપ જે થકી ! વિચિત્ર કલિમાં વાત !! ૨૫૦

કરે સ્તવન બંદિજનો; વાદ્યઘોષ સહ ત્યાંય,
લાવે નૃપ પુરદ્વારમાં શ્રીગુરુને નતકાય. ૨૫૧

દિવ્ય વસ્ત્ર ત્યાં પાથરી માર્ગે માર્ગે તેમ,
પ્રેમે પુરમાં ફેરવે રત્ન ઉછાળી એમ. ૨૫૨

વીણી દરિદ્ર એ થયા શ્રીમંતો ત્યાં જાણ;
એમ વાજતે ગાજતે લઈ જાય નૃપ માન. ૨૫૩

યોગિવંદ્ય પદથી પ્રભુ, ધીમે ધીમે એમ,
અમૂલ્યવસ્ત્રાચ્છન્ન માર્ગે ચાલે સપ્રેમ. ૨૫૪

આવ્યા અંતઃપુર મહીં આમકામ ગુરુ ત્યાંય;
રાખી બ્હાર સર્વને ચાર શિષ્ય સહ રાય ૨૫૫

લઈ જઈ અંતઃપુરે રત્નપીઠ પર તેમ
બેસાડી ગુરુને નમી નાંખે પંખો એમ. ૨૫૬

ભૂષિતાંગ રાજાંગના સુશીલ સઘળી ત્યાંય,
મૃગનેની આવી નમે પુત્ર સાથ નતકાય. ૨૫૭

લાગી પાય, નૃપ સર્વને પગે લગાડી તેમ,
વદે ભક્તિનતઃ-હે પ્રભો ! થયો કૃતકૃત્ય એમ. ૨૫૮

ત્વદાગમે હું નિશ્ચયે, જાતિબહિષ્કૃત તોય;
પારસસ્પર્શે લોહનું જેમ સ્વર્ણ શુભ હોય ! ૨૫૯

થઈ સંતુષ્ટ શ્રીગુરુ તદ્ભક્તિથી જાણ,
બોલાવી પાસે તદા આપે આશિષ માન. ૨૬૦

પૂછી કુશલાદિક તિહાં પ્રેમભાવથી તેમ
કહેઃ-ભક્ત વદ, ચિત્ત આ થયું હૃષ્ટ તુજ કેમ ! ૨૬૧

થયું તુષ્ટ વિષયે ન વા ? શું ઇચ્છે વદ અન્ય;
મા શંકા કર ઉર વિષે; કરીશ સર્વથા ધન્ય ! ૨૬૨

વદે ભૂપઃ-આ ભોગવ્યું રાજ્ય પ્રાજ્ય[1] ચિરકાળ,
થયો તોય સંતોષ ના; કર સ્વામી પ્રતિપાળ ! ૨૬૩

દે પદસેવા પૂર્વવત્ માગું અન્ય ન તેમ;
કરી કૃપા ગુરુનાથ હે ! યાચું અનન્ય એમ. ૨૬૪

બોલે ગુરુઃ-શ્રીશૈલ પર થશે પુનર્દર્શન;
સોંપી રાજ્ય સુતને તહીં આવ ભક્ત તત્ક્ષણ. ૨૬૫

અશ્રુપૂર્ણ નૃપ ત્યાં વદે, વિરહે વ્યાકુળ જાણ;
આપ જ્ઞાન પ્રભુ જે થકી રહે સતત સ્મૃતિ માન. ૨૬૬

થશે જ્ઞાન શાંતિદ તને ! વદી કૃપાનિધે એમ,
આવ્યા શિષ્યો સહ મુદા ગોદાતટ પર તેમ. ૨૬૭

કરતા પાવન એહને સ્વસ્પર્શે શું જાણ,
કરે સ્નાન નિર્મળ જળે અઘહર પોતે માન ! ૨૬૮

ભીમાડમરજાસંગમે આવ્યા અસંગ તેમ
સકળ શિષ્ય સહ; કો લહે મહિમા અપાર એમ ? ૨૬૯

જોઈ, ભક્તજન વિરહનું ભૂલી દુઃખ તત્કાળ,
પૂજનનીરાજન કરે નરનારી આબાલ. ૨૭૦

કરી દંડવત્ ભક્તિથી, પ્રાર્થે ત્યાં સાદર,
જવા ગામમાં મઠ મહીં ! વદે સદા ગુરુવરઃ- ૨૭૧

થઈ ખ્યાતિ બહુ ચોદિશે, થઈશ [2]તિરોહિત તેમ;
કલિયુગમાં આ ગુપ્ત હું રહીશ આ સ્થળે એમ. ૨૭૨

૧. વિશાળ; મોટું. ૨. અંતર્ધાન

જઈશ શૈલયાત્રામિષે; ગુપ્તરૂપથી આંહ્ય
રહીશ ગાણગાપુર મહીં ભક્તહિતાર્થ સદાય. ૨૭૩

ગાણગાપુર પ્રિય મને જાણો અતીવ એમ;
યાત્રાર્થે જાવા છતાં, રહું ગુપ્ત અહીં તેમ. ૨૭૪

જોશે ભક્તો નિશ્ચયે, થાશે સાક્ષાત્કાર;
ઉદ્ધરવા નિજ ભક્તને રહું અત્રા કલિતાર. ૨૭૫

આવ્યો નાજુક સમય આ, થશે ધર્મનો હ્રાસ;
કરશે ક્રૂર કુકર્મ જન; અગ્રે કષ્ટો ખાસ. ૨૭૬

યવનરાજ મદ્દર્શને આવ્યો જાણી એમ,
અન્ય મ્લેચ્છ પણ આવશે; માનું ઠીક ન તેમ. ૨૭૭

થશે ઉપદ્રવ વિપ્રને; માટે સુગુપ્ત આંહ્ય
થાઉં કલિમાં; ભક્તને દર્શન થશે સદાય. ૨૭૮

અલખ કહેઃ- સૂણ બાળ હે ! સૂણી શ્રીગુરુવાક્ય,
ચિંતાકાંત થઈ જનો ખડા ચિત્રવત્ વ્રાક્ ! ૨૭૯

અગ્રે માઠા દિન બહુ, થશે હીન નૃપ આંહ્ય;
જાણી એવું શ્રીગુરુ ગુપ્ત તત્સ્થળે થાય !! ૨૮૦

ઉપરથી જનને ગયા એમ બતાવી એહ,
રહ્યા ગાણગાપુર મહીં સુગુપ્ત નિઃસંદેહ !! ૨૮૧

અનન્ય નિષ્ઠા જેહની, જુએ પ્રત્યક્ષ તેહ;
દેખે પરચો **રંગ** જો હોય શુદ્ધ મન એહ !! ૨૮૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
યવનરાજોદ્ધરણં નામ ચતુરધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૦૪ ॥ દોહરા ૨૮૨

અધ્યાય ૧૦૫

કર જોડી પ્રાર્થે તિહાં શિષ્ય નિરંજન એહઃ-
કહો અલખ આગળ કથા પાવન અતિશય જેહ. ૧

મ્લેચ્છસદનથી શ્રીગુરુ આવ્યા પાછા તેમ;
ગાણગાપુરક્ષેત્રમાં થયું તે પછી કેમ ? ૨

અલખ કહેઃ-સૂણ બાળ હે શ્રીગુરુલીલાસાર
સકલદોષહર જે નકી કામધેનુ ભવતાર. ૩

આપી દર્શન ભૂપને, આવ્યા ગુરુવર તેમ;
કાલમાન જાણી ચહે થવા અદૃશ્ય એમ. ૪

થયો પ્રગટ મહિમા બધે, આવ્યો યવનનૃપાળ;
ધાશે તેમ સુનીચ પણ દર્શનાર્થ તત્કાળ, ૫

માટે અદૃશ્ય થાઉં હું, કરી યાત્રા નિમિત્ત !
એમ સુનિશ્ચય કરી પ્રભુ જાય સંગમે પ્રીત. ૬

સકળ શિષ્ય સહ નીસર્યા જ્યારે શ્રીગુરુ એમ,
વદે ભક્તજન દુઃખથી આવી આગળ તેમઃ- ૭

અહો શ્રીગુરો ! તું નકી સર્વજીવનાધાર;
ચિંતાહર ! ચિંતાનલે ત્યજી એમ નિર્ધાર ૮

ત્વદ્ભક્તોને જાય ક્યાં, પાદલગ્ન જે એમ ?
કર રક્ષણ ગુરુનાથ હે ! મા રીસાઈશ તેમ !! ૯

છોડી શોકાર્ણવ મહીં આમ દીન અનાથ
અકસ્માત જાવું ઘટે ના, કરુણાકર તાત ! ૧૦

સન્નિધાન નિધાન તું ભક્તકામધુક્ આંહ્ય;
ત્યજી વત્સસમ અજ્ઞને કેમ દૂર પ્રભુ જાય ? ૧૧

પાવન આ ત્વદ્દર્શને ટળે અમારાં પાપ;
જાય ભયત્રાતા કહીં, ઈષ્ટદ દગ્ધત્રિતાપ ? ૧૨

ત્યજી બાળને માત હે, અકસ્માત કાં જાય ?
તું મા, તું ગુરુ, બાપ તું; થા ન નિઃસ્નેહ આંહ્ય ! ૧૩

નાના રીતે એમ એ પ્રાર્થે કરુણ સકળ;
આશ્વાસી સહુને વદે કરી હાસ્ય ગુરુવરઃ ૧૪

રહું નિત્ય આ ગામમાં; કરી સંગમે કર્મ,
આવીશ મધ્યાહ્ને મઠે; જાણો સુભક્ત મર્મ. ૧૫

ભાવિક જે મત્સેવકો ભજે અનન્ય સદાય,
નિત્ય પ્રત્યક્ષ તેમને હું કલિમાં પણ આંહ્ય. ૧૬

સ્નાન કરી કૃષ્ણાજળે પ્રાતઃકાલે એમ,
કરી કર્મ ઔદુંબરે; મધ્યાહ્ને હું તેમ. ૧૭

આવી ભીમાતટ વિષે, કરી સંગમે સ્નાન
નિત્ય અહીં નિર્ગુણમઠે પૂજા લઈશ સુજાણ. ૧૮

સત્યવચન આ માહરૂં, કરો ન ચિંતા તેમ;
ચિંતામણિ જ્યાં અભય દે, રહે દૈન્યભય કેમ ? ૧૯

ત્રિવાર આશ્વાસન દઉં, કરો ન શંકા ત્યાંય;
રહી ગાણગાપુર મહીં; કરીશ ભક્તહિત આંહ્ય. ૨૦

ભક્તો મત્પદસક્ત જે નિત્યયુક્ત પ્રિય તેમ,
કાર્યસિદ્ધિ તત્ક્ષણ થશે નકી તેમની એમ. ૨૧

કલ્પવૃક્ષ અશ્વત્થ આ શીઘ્ર ફલપ્રદ આંહ્ય;
ભજતાં ભાવે નિશ્ચયે સિદ્ધ કામના થાય. ૨૨

કરી સ્નાન સંગમજલે, અર્ચી અશ્વત્થ તેમ
મઠે પાદુકા માહરી અર્ચે વિધિવત્ એમ. ૨૩

ના દુર્લભ તેને કશું, થશે સર્વ ભ્રમ નષ્ટ;
વિઘ્નરાજને પૂજતાં નાસે વિઘ્ન સમસ્ત. ૨૪

ચિંતામણિ ગણરાજ એ આપે ચિંતિત અર્થ;
અષ્ટતીર્થસ્નાને મળે મોક્ષ અત્ર સદર્થ. ૨૫

પૂજી ત્રિકાલ પાદુકા મારી ભાવે તેમ
આરાર્તિક કરી જે સ્મરે મને નિત્ય સપ્રેમ, ૨૬

કરું પૂર્ણ તત્કામના; ના એમાં સંદેહ !
નૃસિંહસરસ્વતી શ્રીગુરુ વદી એમ સસ્નેહ, ૨૭

ગયા શૈલયાત્રામિષે મુખ્ય શિષ્ય સહ ત્યાંય;
ધ્યાતા તત્પદપદ્મ સહુ આવ્યા મઠમાં આંહ્ય. ૨૮

જોઈ શ્રીગુરુને તિહાં, થયા સુવિસ્મિત એહ;
કહેઃ-અત્ર પણ છે ગુરુ; નકી ત્રિમૂર્તિ તેહ ! ૨૯

કહે જેહ નર એહને, જશે નરકમાં તેહ;
અનંત મહિમા એહનો; ત્રીશ પ્રત્યક્ષ એહ ! ૩૦

વદે એમ અદૃશ્ય ત્યાં થયા તત્ક્ષણે જાણ;
રહ્યા ગુપ્તરૂપે તહીં, જાુએ સાધુજન માન. ૩૧

'નથી અત્ર' ના બોલવું માટે નાસ્તિક વેણ;
દેખે સંતો આજ પણ, હોય નિરામિષ નેન ! ૩૨

એવું પ્રત્યક્ષ લોકમાં દેખાડીને ત્યાંય,
આવ્યા વેગે શિષ્ય સહ શ્રીશૈલે ગુરુરાય. ૩૩

પાતાલગંગામાં કરી સ્નાન, કર્મ નિજ તેમ
કરી પૂર્ણ, બોલાવીને વદે શિષ્યને એમઃ- ૩૪

પુષ્પાસન તૈયાર ભો કરો મદર્થે આંહ્ય,
થયું કાર્ય પૂરું હવે જાવું મારે ત્યાંય; ૩૫

દેખે ખલ જ્યાં ના કદિ, ઈશકલામાં તેમ !
સૂણી શિષ્યવર પુષ્પ ત્યાં પદ્માદિક સપ્રેમ ૩૬

કરી એકઠાં, કેળનાં પત્રો વેષ્ટિત ત્યાંય
કરી સુખાસન રમ્યતર, મૂકે ગંગા માંહ્ય. ૩૭

વદે શ્રીગુરુ એમનેઃ-જાઓ સુખે સ્વગામ;
જોઈ સુદુઃખિત એમને વદે ફરીથી આમ. ૩૮

આશ્વાસી પ્રેમે તિહાં ફરીફરીથી એમ,
વદેઃ-ગાણગાપુર મહીં જાઓ સત્વર તેમ. ૩૯

રહો ભજનરત ત્યાં સુખે; વાસ માહરો ત્યાંય;
લીલા કીધી આ નકી લોકાર્થે મેં આંહ્ય. ૪૦

જાુએ અભાવિક ના કદિ, ભાવિકને દર્શન
થાય નિત્ય, સૂપાય આ કર્યો તદર્થ ગહન. ૪૧

મદ્ભક્તગૃહમાં સદા વસું પ્રેમથી એમ !
કહી એમ પુષ્પાસને નિજાનંદમાં તેમ. ૪૨

બહુધાન્યસંવત્સરે કન્યાગત ગુરુ માંહ્ય,
કુંભરાશિમાં રવિ જિહાં, ઉત્તરાયણે ત્યાંય; ૪૩

માઘમાસ [1]શિશિરર્તુમાં કૃષ્ણપક્ષમાં તેમ,
શુક્રવાર પડવે તદા [2]પુષ્યર્ક્ષે શુભ એમ; ૪૪

બેસી શ્રીગુરુ ઓચરે નદીમધ્યથી ત્યાંય;
કરે સુમનવૃષ્ટિ સુરો હૃષ્ટ વ્યોમથી જ્યાંયઃ- ૪૫

જઈ નિજસ્થાને તહીં પ્રસાદપુષ્પો જેહ
મોકલીશ, મદ્ભક્ત હે ! લેજો ભાવે તેહ. ૪૬

રાખી ભક્તિ મુજ વિષે, મત્પાદુકા સુજાણ
નિત્ય પ્રેમથી પૂજતાં થાશે કાર્ય મહાન. ૪૭

સકલાભીષ્ટદ એ નકી ! સૂણો અન્ય પણ તેમઃ-
પ્રીતિ ગાયન પર મને; મન્નિમિત્તે એમ ૪૮

નિત્ય મધુર ગાયન કરે શુદ્ધ ભક્તિથી આંહ્ય,
ગાય સુલીલા માહરી વસું તદ્ગૃહે ત્યાંય. ૪૯

દૈવભીતિ ના તેહને, લક્ષ્મી અખંડ તેમ
વસે તદ્ગૃહે; એ કદિ પડે ન મોહે એમ. ૫૦

કરું કૃપા મદ્ભક્ત પર; થાય ન દુઃખી એહ;
આધિવ્યાધિદૈન્યાદિ ના દેખે સ્વપ્ને તેહ ! ૫૧

પુત્રપૌત્રયુત મોદથી થાય ચિરાયુ તેમ;
સકળ સૌખ્ય અહીં ભોગવી, અન્તે સુમુક્ત એમ !! ૫૨

પવિત્ર લીલા માહરી પઢે સૂણે વા જેહ,
લક્ષ્મી અખંડ તત્કુલે; ના એમાં સંદેહ. ૫૩

એમ કહી અદૃશ્ય ત્યાં થયા શ્રીગુરુ જાણ
જોતાંજોતાંમાં અહા ! ભક્ત સુવિસ્મિત માન ૫૪

ચિંતાયુક્ત [3]સરિત્તટે ઊભા કરે વિચાર;
આવ્યા નાવિકજન તિહાં, વદે એહ તત્કાળઃ- ૫૫

દેવદેવ સાક્ષાત્ અમે દીઠો સરિતા માંહ્ય;
બેઠો પુષ્પાસન વિષે યતિસ્વરૂપ સુકાય. ૫૬

દંડકમંડલુ હાથમાં શોભે સુરમ્ય તેમ;
કહ્યું અમોને શિષ્યને કે'જો મારા એમઃ- ૫૭

નૃસિંહસરસ્વતી આમ હું જાઉં કદલીવન માંહ્ય;
તમે શિષ્યજન ગાણગાપુરમાં જાઓ ત્યાંય. ૫૮

ત્યજી દુઃખ ભ્રાંતિ બધી જાઓ ભક્તો એમ;
કહ્યું એમ ! ગુરુનાથ એ જોયો નજરે તેમ. ૫૯

સ્વર્ણપાદુકા પગ મહીં હતી એહના ત્યાંય;
કહી જવા તમને તથા, વદે ફરી ગુરુરાયઃ- ૬૦

૧. શિશિર ઋતુમાં. ૨. પુષ્ય નક્ષત્રમાં. ૩. નદી તીરે.

રાખી ભક્તિ ઉર વિષે ભુક્તિમુક્તિપ્રદ તેમ,
રહો સ્વગૃહે શિષ્ય સહુ મદ્‌ભજને રત એમ. ૬૧

પ્રસાદપુષ્પો આવશે, લેજો પ્રેમે તેહ !
કહી સંદેશ એમ ત્યાં, ગયા નાવિકો એહ. ૬૨

સૂણી નાવિકોક્તિ તથા સ્મરી શ્રીગુરુવેણ,
પ્રસાદપુષ્પોની જુએ રાહ શિષ્ય સ્થિરનેન. ૬૩

આવ્યાં પુષ્પો ચાર ત્યાં શ્રીગુરુપ્રેષિત જાણ,
મુખ્ય શિષ્ય જે સાથ તે લે એકેક સુજાણ. ૬૪

સૂણી વચન સંદિગ્ધ એ વદે નિરંજન ત્યાંયઃ-
મુખ્ય શિષ્ય એ કોણ ભો પુષ્પભાગી જે થાય. ૬૫

કહે અલખઃ-ગુરુના હતા શિષ્યો અનેક જાણ;
કેટલાક યતિઓ તિહાં, કંઈક ગૃહી પણ માન. ૬૬

સંન્યાસીને મોકલ્યા તીર્થયાત્રાર્થ તેમ;
કરે ભજન ઘરબારી ત્યાં રહી ગૃહે સપ્રેમ. ૬૭

ગયા શૈલયાત્રાર્થ જ્યાં જગન્નાટકી એહ,
હતા ચાર સાથે તદા; સૂણ નિરંજન તેહ - ૬૮

સાયંદેવ સુભક્ત એ નંદિ કવીશ્વર જાણ;
નરહરિ કવિ બીજો તથા સિદ્ધ ચતુર્થ સુજાણ. ૬૯

એક એક ભાવે ગ્રહે પ્રસાદસુમ એ ત્યાંય,
પૂજી એને ભક્તિથી ગુરુલીલામૃત ગાય. ૭૦

ત્યાંથી ચાલી આ કથા પરંપરાથી એમ;
સિદ્ધે સ્વશિષ્ય નામધારકને કીધી તેમ. ૭૧

મહારાષ્ટ્રભાષા મહીં સરસ્વતીદ્વિજ એહ
પ્રાસાદિક વાણી થકી કરે ગ્રથિત સહુ તેહ. ૭૨

કહ્યો તને તત્સાર આ ! લહે સર્વ કો તેમ ?
વિચિત્ર લીલા એહની, ત્રીશ સ્વયં જે એમ ! ૭૩

મહારાષ્ટ્રકર્ણાટકે કરી સુલીલા જાણ,
લૌકિક દૃષ્ટિએ થયો સુગુપ્ત પોતે માન. ૭૪

વ્યાપ્યો કલિયુગ ચોદિશે, થયા ભ્રષ્ટ જન આંહ્ય;
થયો લોપ દ્વિજ કર્મનો, વર્ત્યું પાખંડ ત્યાંય. ૭૫

થયું રાજ્ય અંગ્રેજનું, ગઈ ભક્તિ પરદેશ !
લોક સ્વૈરપંથી થયા ! વધ્યો તેટલો કલેશ !! ૭૬

વધી વ્યર્થ વાચાળતા; જ્યાં ત્યાં વિતંડવાદ;
કર્મભક્તિની ઠેકડી થાય સર્વત્ર તાત ! ૭૭

વિદ્યાવિક્રય જન કરે; વેચે અન્ન કુજાત;
દાનધર્મ જાણે નહીં, થયો ધર્મનો ઘાત !! ૭૮

ડોલી ઊઠી લોકની શ્રદ્ધા સઘળે તેમ;
જોઈ અનવસ્થા બધે, ફરી ત્રિમૂર્તિ એમ. ૭૯

ભક્તજનોને તારવા ધરે અન્ય અવતાર;
ધર્મબીજ રક્ષે ફરી, કરી બધે સંચાર. ૮૦

અત્ર્યનસૂયાભાવથી રીઝ્યો પૂર્વે જેમ,
વિપ્રદંપતીભક્તિથી થયો તુષ્ટ ફરી એમ. ૮૧

કર્મોપાસનમાર્ગનું રહસ્ય સુગૂઢ જેહ,
કરવા પ્રસ્થાપિત તથા પુનઃ અવતરે એહ ૮૨

અત્રિવંશમાં પૂર્વવત્ પુણ્યશ્લોક સુજાણ !
વાસુદેવાનંદસરસ્વતી અભિધાન !! ૮૩

સ્વયં આચરી ધર્મનો કરે મૂક ઉપદેશ;
કર્માકર્માતીત એ લીલામાનુષવેષ ! ૮૪

સેવું તચ્ચરણો મુદા, ગાઉં મુખે તદ્‌ગાન;
અનન્યભાવે એહમાં થાઉં સુલીન માન. ૮૫

અલખ નિરંજનને કહેઃ- લીલા એની અગાધ;
ના જન્મી જન્મ્યો અહા, એ તો સદા અજાત ! ૮૬

રહ્યો એહ સઘળે તથા, ગયો કદલીવન માંહ્ય;
થયો પ્રગટ ત્યાં દ્વિજ ગૃહે ! નેતિ નેતિ શ્રુતિ ગાય !! ૮૭

વાસુદેવ સર્વત્ર એ, વાસુદેવ તું તેમ !
લીલા આ તારી બધી; સ્મરે કેમ ના એમ ? ૮૮

હું તું તે જૂઠું બધું ! સત્ય એક નિર્વાક્ !!
એમ કહી તત્ક્ષણ થયા અલખ એહ અવાક્ ! ૮૯

જાણે મડદું જીવતું, ભાસે જડવત્ તેમ !
જોઈ નિરંજન એ થયો ક્ષણૈક વિમૂઢ એમ !! ૯૦

ખોલે દૃષ્ટિ અલખ ત્યાં, આગળ એ વિસ્તાર;
સ્વયં વદાવે શ્રીગુરુ ! કોણ **રંગ** ભૂભાર ! ૯૧

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
નૃસિંહસરસ્ત્યવતારતિરોધાનં નામ પંચાધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૦૫ ॥ દોહરા ૯૧

કુલ દોહરા ૬૭૭૨. સ્તોત્ર ૨. ગીત ૨.

॥ અવધૂતચિંતન શ્રીગુરુદેવદત્ત ॥

૧. આરતી

જય જય મુનિવર દત્ત દિગંબર શ્રીપાદ સ્વામી ।
નૃસિંહસરસ્વતી જય ગુરુમૂર્તિ (૨) જય સ્મર્તૃગામી !! ટેક.
જોઈ દ્વિજસ્ત્રી કેરી પ્રીતિ, થયો તું તદ્‌બાળ;
સ્મરતાં તુજને ભક્તજનોને ન નડે કળિકાળ;
લીલા તારી અવર્ણ્ય કેવળ અપરંપાર;
રહી મૂગી નેતિ કહી જ્યાં શ્રુતિ (૨) કો મર્ત્યબાળ !...જય૦ ૧
બોધ્યા યદુ પિંગલ નૃપ અર્જુન દઈ આત્મજ્ઞાન;
તાર્યા ધોબી તંતુક દ્વિજસ્ત્રી કરી કૃપેક્ષણ;
ભક્ત ચતુર્વિધ તાર્યા બહુવિધ બોધી સાધન;
ભેદાભાસ સગુણનિર્ગુણનો (૨) ટાળી ચિદ્‌ઘન !! ...જય૦ ૨
વસ્ત્રહીન દિગંબર તુજને કહે ભાવિક લોક;
વેષ્ટી દિશાઓ અંબરરૂપે રહ્યો તુંજ એક,
પૂર્ણ બાહ્ય અભ્યંતર સઘળે એમ તું નિઃશંક;
'રંગ' અરંગી તું નિઃસંગી (૨) હે પુણ્યશ્લોક !!...જય૦ ૩
બાલોન્મત્તાપિશાચકવેષે કીડે અવધૂત,
વર્ણી અવર્ણી જાણે જ્ઞાની એ અંતર્નિષ્ઠ;
કર્માકર્મ થકી છે ન્યારો એ તુજનો પંથ;
ભેદે ગોથાં ખાય વિમૂઢો (૨) માની સત્ તૂત !!!... જય૦ ૪

૨. આરતી

(મરાઠી ઉપરથી)

કૃષ્ણાપંચગંગાસંગમ નિજ સ્થાન । ચરિત્ર બતાવી કીધું ગાણગાપુર ગમન । તિહાં ભક્તશ્રેષ્ઠ ત્રિવિક્રમયતિ જાણ । વિશ્વરૂપે એને આપ્યું દર્શન ॥ જય દેવ જય દેવ જય સદ્‌ગુરુદત્તા ॥ નૃસિંહસરસ્વતી નામે જય વિશ્વંભરતા ॥ જય૦ ૧ ॥ સાઠે વરસે પુત્રનિધાન । મૃત બ્રાહ્મણ ઊઠાડ્યો કરી તીર્થસિંચન । વંધ્યા ભેંસનું કીધું દુગ્ધદોહન । અંત્યજમુખ વદાવ્યા નિગમ સંપૂર્ણ ॥ જય૦ ૨ ॥ શુષ્ક-કાષ્ઠે પલ્લવ આણ્યાં તત્કાળ । કુષ્ઠી બ્રાહ્મણ કીધો સુદેહ નિર્ધાર । અભિનવ લીલા વર્ણવું હું શું અપાર । આવી મ્લેચ્છનૃપ વંદે ત્વત્પદ સુકુમાર ॥ જય૦ ૩ ॥ દીવાળીને દિવસે ભક્ત આવીને । આઠે જણ મૂકે મસ્તક તવ ચરણે । આઠે ગ્રામે ભિક્ષા કીધી તે દિને । નિમેષ માત્રે તંતુક ભેજ્યો શિવચરણે ॥ જય૦ ૪ ॥ ચરિત્ર એવું બતાવી જડમૂઢ ઉદ્ધર્યા । ભક્તવત્સલ એવાં બ્રીદ શોભાવ્યાં । અગાધ મહિમા તેથી વેદશ્રુતિ બોલ્યા । ગંગાધરતનયે વંદી ભાવે પદ ધર્યા ॥ જય૦ ૫ ॥

શ્રીનૃસિંહસરસ્વત્યષ્ટકમ્ ।

ઈંદુકોટિતેજકિરણસિંધુભક્તવત્સલમ્ । નંદનાત્રિસૂનૂદત્તમંદિરાક્ષશ્રીગુરુમ્ । ગંધમાલ્યઅક્ષતાદિ-દેવવૃંદવંદિતમ્ । વંદયામિ નારસિંહસરસ્વતીશ પાહિ મામ્ ॥ ધ્રુ.૦ ॥ મોહપાશઅંધકારજાત-દૂરભાસ્કરમ્ । આયતાક્ષ પાહિ શ્રીયતિવલ્લભેશનાયકમ્ । સેવ્યભક્તવૃંદવરદ ભૂયો ભૂયો નમામ્યહમ્ ॥ વંદયામિ૦ ॥ ૧ ॥ ચિત્તજાદિવર્ગષટ્‌કમત્તવારણાંકુશમ્ । તત્ત્વસારશોભિતાત્મદત્ત-શ્રીયતિવલ્લભમ્ । ઉત્તમાવતારભૂતકર્તૃભક્તવત્સલમ્ । વંદયામિ૦ ॥ ૨ ॥ વ્યોમવાયુતેજ-આપભૂમિકર્તૃમેશ્વરમ્ । કામક્રોધમોહરહિતસોમસૂર્યલોચનમ્ । કામિતાર્થદાતૃભક્તકામધેનુ-શ્રીગુરુમ્ ॥ વંદયામિ૦ ॥ ૩ ॥ પુંડરીકઆયતાક્ષકુંડલેન્દુતેજસમ્ ॥ ચંડદુરિતખંડનાર્થદંડ-ધારિશ્રીગુરુમ્ । મંડલીકમૌલિમાર્તંડભાસિતાનનમ્ ॥ વંદયામિ૦ ॥ ૪ ॥ વેદશાસ્ત્રસ્તુત્યપાદ-માદિમૂર્તિશ્રીગુરુમ્ । નાદબિન્દુકલાતીતકલ્પપાદસેવ્યયમ્ । સેવ્યભક્તવૃંદવરદ ભૂયો ભૂયો નમામ્યહમ્ ॥ વંદયામિ૦ ॥ ૫ ॥ અષ્ટયોગતત્ત્વનિષ્ઠતુષ્ટજ્ઞાનવારિધિમ્ । કૃષ્ણાવેણિતીરવાસ-પંચનદીસંગમમ્ । કષ્ટદૈન્યદૂરભક્તતુષ્ટકામ્યદાયકમ્ ॥ વંદયામિ૦ ॥ ૬ ॥ નારસિંહસરસ્વતીશ-નામમષ્ટમૌક્તિકમ્ । હારકૃત્ય શારદેન ગંગાધરાખ્યસ્વાત્મજમ્ । ધારણીકદેવદીક્ષગુરુમૂર્તિતો-ષિતમ્ । પરમાત્માનંદશ્રીયપુત્રપૌત્રદાયકમ્ ॥ વંદયામિ૦ ॥ ૭ ॥ નારસિંહસરસ્વતીશઅષ્ટકં ચ યઃ પઠેત્ । ઘોરસંસારસિંધુતારણાખ્યસાધનમ્ । સારજ્ઞાનદીર્ઘઆયુરારોગ્યાદિસંપદમ્ । ચારુવર્ગકામ્યલાભનિત્યમેવ યઃ પઠેત્ ॥ ૮ ॥-

મરાઠી ગુ. ચ. માંથી ઉદ્‌ધૃત

(ગાણગાપુરમાં દેવની પરિક્રમા કરતી વખતે નિત્ય ગવાય છે.)

સમાપ્ત